Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

"સહજ ઉપયોગ સ્વરૂપ હમારા,
સ્વચ્છ સ્વભાવ જ્ઞેયાકારા,
જિસમેં વર્તે જ્ઞાનકી ધારા,
વહ તો દેખન – જાનનહારા"

# મંગલ જ્ઞાન દર્પણ

## ભાગ-૧

"શું ખરેખર જ્ઞાન પરને જાણે છે? કે ખરેખર જ્ઞાનની સ્વચ્છતામાં પર જ્ઞેયાકારો પ્રતિભાસે છે તેવા પ્રતિભાસમયી જ્ઞેયાકાર જ્ઞાનને જ્ઞાન જાણે છે? આ વિષયને સ્પષ્ટ કરતા અમૃતમય વચનામૃતોનું સંકલન"

: સંકલન :
બા. બ્ર. શોભનાબેન જે. શાહ
( રાજકોટ )

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :
**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
"સ્વીટ હોમ" જાગનાથ પ્લોટ શેરી નં.– ૬,
જીમખાના રોડ, રાજકોટ. – ૩૬૦ ૦૦૨ ( ગુજરાત )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & our Request

This shastra has been kindly donated in "electronic form" to AtmaDharma.com by Shree Digambar Jain Kund Kund Kahanamrut Prabhavna Mandir Trust, Rajkot, who have allowed it to be made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Mangal Gnaan Darpan is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
| --- | --- | --- |
| 001 | 8 Sept 2005 | First electronic version. |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| કહાન સંવત | વીરસંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૫ | ૨૫૩૧ | ૨૦૬૧ | ૨૦૦૫ |

પ્રકાશન

પૂ. "ભાઈ શ્રી" લાલચંદભાઈ મોદીના ૯૬ માં જન્મદિન પ્રસંગે
તા. ૧૬-૬-૨૦૦૫ જેઠ સુદ નોમ

પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦ પડતર કિંમત - રૂા.૧૫૦/- મૂલ્ય - રૂા.૪૦/-

'મંગલ જ્ઞાન દર્પણ' પ્રાપ્તિ સ્થાન

રાજકોટ : શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ, 'સ્વીટ હોમ', જાગનાથ પ્લોટ શેરી નં.- ૬, જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦૦૦૨

રાજકોટ : શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦ ૦૦૧.
ટેલી. નં. ૨૨૩૧૦૭૩

મુંબઈ : શ્રી શાંતિભાઈ સી. ઝવેરી
૮૧- નિલામ્બર, ૩૭ - પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬.
ટેલી નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨

સોનાગિર: શ્રી પરમાગમ શ્રાવક ટ્રસ્ટ
આચાર્ય કુંદકુંદ નગર, મુ. પો. સોનાગિર, જી. દતીયા ( મધ્ય પ્રદેશ )
ટેલી. નં. ૦૭૫૨૨ - ૨૬૨૩૦૭

સોનગઢ : ડો. માધુરીબેન એસ. નંદુ "ધ્રુવધામ", રાજકોટ-ભાવનગર મેઈન રોડ, મુ.પો. સોનગઢ, જી. ભાવનગર. ટે.નં. ૦૨૮૪૬/૨૪૪૧૩૨

| | | |
|---|---|---|
| | | |
| | | |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રકાશકીય નિવેદન

**"અહો! ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો ;**
**જિન કુંદ ધ્વનિ આપ્યાં; અહો! તે ગુરુ કહાનનો."**

શાસન નાયક ભગવાન મહાવીર સ્વામી અને ગૌતમ ગણધરદેવથી ચાલી આવતી જિનમાર્ગની પરંપરામાં ચારણઋદ્ધિધારી શ્રી કુંદકુંદાચાર્યદેવ થયા. તેઓશ્રી દ્વારા દ્રવ્યાનુંયોગની ધારા પુનઃ પ્રવાહિત થઈ. સમયસાર આદિ પંચ પરમાગમો ઉપલબ્ધ હતા; પરંતુ તેમા રહેલ ચૈતન્યદેવના નિધાનને ખોલનાર કોઈ જ નહોતું. અનેક ભવ્યજીવોની યોગ્યતાનો સુકાળ પાક્યો અને આપણા અનંત પુણ્યોદયે મહાપ્રતાપી અધ્યાત્મ ક્રાંતિ સર્જક પૂજ્ય શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો અને પંચમકાળે જન–મનના હૃદય કમળમાં શુદ્ધાત્માની પ્રાણ પ્રતિષ્ઠા થઈ. ચારેબાજુ અધ્યાત્મના વાયરા વાયા અને અનેક આસન્નભવ્ય જીવો નિશ્ચય રત્નત્રયધર્મથી અલંકૃત થયા... તેમાનું એક રત્ન પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈ થયા. સમયસાર પાંચમી ગાથામાં કુંદકુંદાચાર્યદેવે કહેલું કે–તું તારા નિજ વૈભવથી શુધ્ધાત્માને પ્રમાણિત કરજે! આપે છઠ્ઠી ગાથાના આધારે...તે વાતને પરમ પ્રમાણિત કરી.

આપશ્રી પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૫ વર્ષના દોહનનો ટૂંકસાર બે વાક્યમાં બતાવતા કે–આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું તે છે. અભેદનો ભેદ કરીને સમજાવ્યું ન સમજાવ્યું કે તરત જ ભેદને અભેદ કરી દીધો.

પૂ. ગુરુદેવશ્રીના ઉપકારની તો શી વાત કરીએ!! તેમના કરુણાભીના ઉપદેશ ઉપર તો હૃદય જ વારી જાય છે. કોઈક જ પ્રવચન એવું હશે કે જેમાં ૧૭–૧૮ ગાથાનો ઉલ્લેખ ન કરે! આ રેફરન્સમાં કેટલો મર્મ અને રહસ્ય ભરેલું છે જેનો તાગ તો લેવો જ રહ્યો. આબાળ–ગોપાળ સૌને સદાકાળ તેના વર્તમાન જ્ઞાનમાં તેનો પરમાત્મા જ જણાય રહ્યો છે–આ સ્વાભાવિક વસ્તુ સ્થિતિ છે...અને જો આ વસ્તુ વ્યવસ્થાનો સ્વીકાર આવી જાય તો આત્માનુભવ થવામાં વાર લાગતી નથી. વર્તમાન જ્ઞાન સ્વ–પર પ્રકાશક હોવાથી સ્વ તો જણાય જ રહ્યો હોવા છતાં...તેનું લક્ષ સ્વપ્રકાશક ઉપર જતું નથી અને રાગ જણાય છે તેનું લક્ષ કરીને ત્યાં રોકાઈ જાય છે તો તેનું જ્ઞાન એકાન્ત મિથ્યા પરપ્રકાશકમાં ચાલ્યું જાય છે.

પૂ. ગુરુદેવશ્રીએ હજારો વખત આ વાત કરી અને આગમમાં પણ તેને સ્વ–પર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રકાશક જ્ઞાન કહ્યું છે. આ 'સ્વ-પર પ્રકાશક' માં ઘણું રહસ્ય સમાયેલું હતું અને તેનું સ્પષ્ટીકરણ પૂ. 'ભાઈશ્રી' આપે કર્યું ત્યારે સમજાયું કે-જ્ઞાનની પર્યાયમાં સ્વ-પર બેનો પ્રતિભાસ થાય છે...અને તે જ સમયે જે બાજુ લક્ષ છે તે બાજુ જ્ઞાનનો પર્યાય વળી જાય છે... અર્થાત્ વિષયભેદે તેના ભેદ પડી જાય છે.

આપશ્રી તો વર્ષોથી ચાર પોઈન્ટ બતાવતા અને તેમાં ચોથા પોઈન્ટે... જીવનો પુરુષાર્થ કઈ બાજુ છે તે ઉપર સંસાર-મોક્ષના પરિણામ પ્રગટે છે. -ચાર પોઈન્ટ-

( ૧ ) જ્ઞાયક ધ્રુવ પરમાત્મા અનાદિ અનંત છે.

( ૨ ) ચૈતન્ય અનુવિધાયી ઉપયોગ જે આત્માનું જ્ઞેયભૂત લક્ષણ છે તે પણ અનાદિ અનંત છે.

( ૩ ) એ ઉપયોગની સ્વચ્છતામાં સ્વ-પરનો પ્રતિભાસ પણ અનાદિ અનંત થયા જ કરે છે. આ ત્રણ પોઈન્ટે તો સ્વભાવિક વસ્તુની સ્થિતિના હોવાથી...અહીં ન કોઈ બંધાય છે ન કોઈ મુકાય છે. હવે ભેદજ્ઞાનનો પુરુષાર્થ ચોથા પોઈન્ટે છે.

( ૪ ) સ્વ ઉપર લક્ષ ગયું તો મોક્ષમાર્ગમાં આવ્યો; રાગ ઉપર લક્ષ ગયું તો બંધમાર્ગમાં ગયો-આમ ચોથા પોઈન્ટે જ્ઞાની કે અજ્ઞાની એક સમય પૂરતો થાય છે.

આપશ્રી કહેતા કે-પૂ. ગુરુદેવના પ્રતાપે દરેક જીવોને દૃષ્ટિનો વિષય ખ્યાલમાં આવી ગયો હોય તેમ લાગે છે, તો પણ અનુભવ કેમ થતો નથી ? તેનું કારણ છે...કે તેને સ્વપર પ્રકાશકના વ્યવહારનો પક્ષ છે. વ્યવહારના પક્ષના બે પ્રકાર છે – માટે

卐 દ્રવ્યના પ્રમાણમાંથી દ્રવ્યનો નિશ્ચય કાઢવો...અને

卐 જ્ઞાન પર્યાયના પ્રમાણમાંથી જ્ઞાનની પર્યાયનો નિશ્ચય કાઢવો.

દ્રવ્યનો નિશ્ચય શું ? ઉત્પાદ્ વ્યય ધ્રુવ યુક્તમ્ સત્ કહ્યું તેમાં ભેદજ્ઞાન કરવાનું છે... કે ધ્રુવ તે હું અને ઉત્પાદ-વ્યય તે હું નહીં. પદાર્થમાં જ એક ઉપાદેય તત્ત્વ છે અને એક હેય તત્ત્વ છે. આમ અંદરમાં જ હેય-ઉપાદેય થતાં દ્રવ્યનો નિશ્ચય હાથમાં આવે છે. અહીં મિથ્યાત્વ ગળ્યું છે પણ ટળ્યું નથી.

જ્ઞાન પર્યાયના પ્રમાણમાં હેય-ઉપાદેય કરવાનું છે. સ્વ-પર પ્રકાશક એવી જ્ઞાનની પર્યાયમાં જ સ્વ જણાય છે અને પર જણાતું નથી...આ રીતે વિધિ-નિષેધ કરતાં જ્ઞાન પર્યાયનો નિશ્ચય પ્રગટ થાય છે. સેટિકાની ગાથામાં આ વાત લીધી છે. જ્ઞાનની પર્યાયનો વ્યવહાર શું ? અને જ્ઞાનની પર્યાયનો નિશ્ચય શું ? આત્મા આત્માને જાણે તેવા ભેદમાં પણ આત્માનુભવનો નાશ થાય છે તો ઉપચરિત સદ્ભૂત વ્યવહારમાં અટકે તેને અનુભવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્યાંથી થાય? અનુપચરિત સદ્ભૂત વ્યવહારનયની તો કબુલાત આવે પણ તેનાથી સૂક્ષ્મ ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય છે કારણ કે-તેને અનાદિનું શલ્ય પડયું છે કે જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે એટલે સ્વને જાણતાં પર જણાય જાય છે. આ વ્યવહારનો પક્ષ જ્ઞાનની પર્યાયના નિશ્ચયમાં આવ્યા વિના ઓળંગી શકાતો નથી.

જેમ મોક્ષમાર્ગ એક હોવા છતાં તેનું નિરૂપણ બે પ્રકારે કરેલ છે તેમ પરમાર્થભૂત જ્ઞેય તો જ્ઞાયક જ છે, એક જ પ્રકારનું જ્ઞેય હોવા છતાં...પરનો પ્રતિભાસ દેખીને પરને પણ જ્ઞાનનું જ્ઞેય કહ્યું છે.....તે તો ઉપચારથી કહ્યું છે. કેમકે પોતાના જ્ઞેયાકાર જ્ઞાનને જાણે તો યથાર્થ છે; પરંતુ પ્રતિભાસના નિમિત્તને જાણે તો યથાર્થ નથી. નિમિત્તને જાણે છે તેમ કહેવું તે અસદ્ભૂત ઉપચરિત વ્યવહાર છે.

સાધક હો કે સિદ્ધ પરમાત્મા હો! તેનાં જ્ઞાનમાં સ્વ-પર પ્રકાશકપણું કઈ રીતે છે-તે સમજવું ઘણું જરૂરી છે. એક જ જ્ઞાનની પર્યાયમાં નિશ્ચય અને વ્યવહાર રહેલો છે. જ્ઞાન પર્યાયની બહાર વ્યવહાર નથી. પોતાના જ્ઞાનમાં જ્ઞેયાકારનું જ્ઞાન થવું તે પરપ્રકાશકતા છે અને જ્ઞાનનું જ્ઞાનાકારે જાણવું થવું તે સ્વપ્રકાશકતા છે. જ્ઞેયાકાર અને જ્ઞાનાકાર એવા બે ધર્મોમયી એક જ જ્ઞાનની પર્યાય જ્ઞેયપણે જણાય છે.

"પૂ. ભાઈશ્રી" આપની એ ભાવના રહેતી કે-આ 'પ્રતિભાસ' માં ઘણો માલ ભર્યો છે. તેમાં સ્વ-પર પ્રકાશકનો ઉકેલ છે તેથી તેનું સ્વરૂપ બહાર આવે તો મિથ્યાત્વના ભૂક્કા થઈ એવો વિસ્ફોટ થાય અને-તેના ફળ સ્વરૂપે ક્ષાયિકવત્ સમ્યગ્દર્શન થાય એવું છે. "પ્રતિભાસ બેનો અને લક્ષ એકનું-" આ મહાસિદ્ધાંતનું સેવન થતાં...જ્ઞાન જ્ઞેયોથી વ્યાવૃત થઈ અને જાનનહારની સન્મુખ થઈને સાક્ષાત અમૃતના ભોજી થશે- **"અમૃત વરસ્યા રે પંચમકાળમાં."**

**"મંગલ જ્ઞાન દર્પણ"** ભાગ-૧ એ અનુપમ કૃતિનું સંકલન કરવાનું કાર્યભાર આત્માર્થી **બા.બ્ર.શોભનાબેન જે. શાહ (રાજકોટે)** સહર્ષ સ્વીકારી અને ત્વરાએ કાર્ય પૂર્ણ કરવા બદલ આ સંસ્થા તેમનો ખૂબ-ખૂબ આભાર માને છે. આ પુસ્તકમાં અજાણતા કોઈ ક્ષતિ કે તૃટિ રહી હોય તો તે અમારી પ્રજ્ઞાનો દોષ છે અને પાઠકગણ મુમુક્ષુને વિનંતી કે-એ ઉપર અમારું લક્ષ જરૂર ખેંચે...જેથી ભવિષ્યમાં અમો વિશેષ કાળજી લઈ શકીએ. આ પુસ્તકના સંકલનમાં લખાણમાં અને પ્રુફરીડિંગમાં જેમણે સહયોગ આપ્યો છે તે સર્વેનો સંસ્થા આભાર માને છે.

**દાનરાશિ :-** "મંગલ જ્ઞાન દર્પણ" ભાગ-૧ એ પુસ્તક પ્રકાશન પેટે નીચેના નામે દાનરાશિ પ્રાપ્ત થયેલ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



| | |
|---|---|
| (૧) **રૂ. ૫૦,૦૦૦/-** | **સ્વ. કુ. હેતલ( ટવીન્સી ) કમલેશભાઈ ટીમ્બડીયાના** સ્મરણાર્થે હ. રેવાબેન નાગરદાસ ટીંબડીયા પરિવાર રાજકોટ |
| (૨) **રૂ. ૫૦,૦૦૦/-** | **સ્વ. બાલચંદભાઈ કસ્તુરચંદ શાહના સ્મરણાર્થે** - શ્રી શાંતાબેન બાલચંદભાઈ શાહ પરિવાર ( થાણા ) |
| (૩) **રૂ. ૫૦,૦૦૦/-** | **કુ. નિલમબેન જૈન તથા કુ. સંધ્યાબેન જૈનના આભાર અર્થે- પૂ. લાલચંદભાઈ અમરચંદભાઈ મોદી- જેઠ સુદ નોમના જન્મદિન નિમિત્તે** હ. એક મુમુક્ષુ તરફથી મળેલ છે. |
| (૪) રૂ.૨૫૦૧/– | સરોજબેન ચંદુલાલ મહેતા–રાજકોટ. |
| (૫) રૂ.૧૫૦૦/– | સ્વ. કિશોરભાઈ સોભાગચંદભાઈ શેઠ તેમજ સ્વ.જયવંતભાઈ શાંતિલાલ વાધર–હ. નિર્મળાબેનશેઠ –રાજકોટ |
| (૬) રૂ.૧,૦૦૦/– | શ્રી કપુરચંદજી જૈન –કરેલી |
| (૭) રૂ.૧૦૦૦/– | ડૉ. શ્રુતિબેન –અમેરીકા |
| (૮) રૂ.૧૦૦૦/– | શ્રીમતી મંજુબેન શાંતિકુમાર ડગલી –અમદાવાદ |
| (૯) રૂ.૧૦૦૦/– | સ્વ. કનકરાય મણીલાલ પુનાતર |
| ૧,૫૮,૦૦૧/– | હ. ચંદનબેન કે. પુનાતર –રાજકોટ |

સર્વે દાતાઓએ અમારી સંસ્થાને પુસ્તક પ્રકાશન માટે જે સહયોગ કર્યો છે તે બદલ સંસ્થા સર્વેનો હૃદયપૂર્વક અત્યંત આભાર માને છે.

**"મંગલ જ્ઞાન દર્પણ" ભાગ-૧** નું સમગ્ર કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટિંગનું કાર્ય શ્રી નિલેશભાઈ તથા દેવાંગભાઈ વારિયા–રાજકોટ દ્વારા; પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું કાર્ય ચંદ્રકાન્તભાઈ મહેતા, રાજકોટ દ્વારા અને કલર પેઈજનું કાર્ય 'ડોટ એડ' વાળા શ્રી કમલેશભાઈ સોમપુરા, રાજકોટ દ્વારા થયું હોવાથી સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.atmadharma.com પર મુકેલ છે.

શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ
રાજકોટ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ માંથી પ્રકાશિત થયેલા પુસ્તકો-

(૧) ઈન્દ્રિયજ્ઞાન.... જ્ઞાન....નથી

(૨) દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ

(૩) ભેદજ્ઞાન ભજનાવલી

(૪) જ્ઞાનથી... જ્ઞાનનું.... ભેદજ્ઞાન

(૫) દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવની ચર્ચા

(૬) જાણનારો જણાય છે

(૭) ચૈતન્ય વિલાસ

(૮) આત્મ જયોતિ

(૯) શુધ્ધ અંતઃ તત્ત્વ

(૧૦) મંગલ જ્ઞાન દર્પણ ભાગ-૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રિડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુકહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુના.

**(શિખરિણી)**

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંત તિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# જિનજીની વાણી

(રાગ–આશાભર્યા અમે આવિયા)

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર–સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

ગૂંથ્યા પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો,
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.

જિનેશ્વરદેવની વાણીના વાયરા,
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| ક્રમ | શાસ્ત્રનું નામ | રચયિતા તથા ટીકાકાર | પેઇજ નં. |
|---|---|---|---|
| १ | श्री प्रवचनसार - प्राभृत | श्रीमद् भगवत् कुन्दकुन्दाचार्यदेव प्रणीत-<br>श्री जयसेन आचार्यदेवकृत टीका- | १ |
| २ | श्री प्रवचनसार भाषा टीका | श्री कुंदकुंदाचार्य देव प्रणीत<br>ब्र. शीतलप्रसादजी कृत | ६ |
| ३ | समयसार: | श्री कंदकुंदाचार्य प्रणीत<br>श्री जयसेनाचार्यकृत तात्पर्यवृति: टीका | १४ |
| ४ | श्री समयसार टीका | श्री कुंदकुंदाचार्य देव प्रणीत<br>ब्र. शीतलप्रसादजी- | १७ |
| ५ | "परमाध्यात्म तरंगिणी" | टीकाकार श्री शुभचन्द्राचार्य<br>अनु॰ पं॰ कमलकुमारजी शास्त्री | १८ |
| ६ | परमाध्यात्म तरंगिणी | श्री शुभचंद्राचार्य प्रणीत टीका<br>हिन्दी - पं. जयचंद्रकृत | २१ |
| ७ | लघुतत्त्वस्फोट<br>अपरनाम "शक्ति मणितकोश" | श्रीमद् आचार्य अमृतचंद्र सूरिकृत<br>डॉ. उतमचंदजी शिवनीकृत | २३ |
| ८ | लघुतत्त्वस्फोट | आचार्य अमृतचंद्रसूरिकृत<br>अनु.:- डो पन्नालाल जैन [ साहित्याचार्य ] | ३४ |
| ९ | "अष्टपाहूड" | भगवत् कुंदकुंदाचार्य विरचित<br>वचनीकार पं. जयचन्दजी छाबडा | ४४ |
| १० | "श्री ज्ञान समुच्चयसार" | अनुवादक-ब्र. शीतलप्रसादजी<br>श्री तारणस्वामी विरचित | ४४ |
| ११ | "तत्वसार - टीका" | श्री देवसेनाचार्य विरचित<br>ब्र - शितलप्रसादजी कृत टीका | ४५ |
| १२ | "नयचक्र" | आचार्य श्री माई धवल विरचित | ४६ |
| १३ | ज्ञानार्णव | श्रीमत् आचार्य शुभचन्द्र विरचित-<br>संस्कृत टीकाकार पं- नयविलास | ४७ |
| १४ | परीक्षामुख | श्री माणिक्यनन्दिस्वामि विरचित | ४८ |
| १५ | तत्त्वानुशासन | श्री नागसेनमुनि विरचित - | ४९ |
| १६ | रत्नकरंड श्रावकाचार | श्रीमद् भगवत् समंतभद्राचार्य विरचित<br>पं. सदासुखदासजीकृत - टीका | ५० |
| १७ | स्याद्वाद् मंजरी | श्री हेमचंद्राचार्य विरचित | ५२ |

| ક્રમ | શાસ્ત્રનું નામ | રચયિતા તથા ટીકાકાર | પેઈજ નં. |
|---|---|---|---|
| १८ | "न्याय दीपिका" | श्री धर्मभूषणयति विरचित | ५३ |
| १९ | अमृताशीतिः | श्रीमद् आचार्य योगीन्दुदेव विरचित | ५४ |
| २० | आप्तमीमांसा | श्री समंतभद्राचार्य विरचित | ५४ |
| २१ | युक्तानुशासन | श्रीमद् स्वामी समन्त भद्राचार्यवर्य प्रणीत | ५५ |
| २२ | श्री जयधवला | श्री वीरसेनाचार्य विरचित<br>कषायपाहुड टीका | ५५ |
| २३ | तत्त्वार्थ राजवार्तिक | आचार्य - अकंलकदेव विरचित | ५६ |
| २४ | मूलाराधना<br>अपरनाम-भगवती आराधना | श्री शिवकोटी आचार्य विरचित<br>टीकाकार पं. सदासुखजी कासलीवाल | ५६ |
| २५ | -गोम्मटसार जीवकांड-<br>सम्यकज्ञान चंद्रिका भाषा टीका | आ॰ नेमीचंद्र सिध्धांत चक्रवर्ती विरचित<br>पं॰ प्रवर टोडरमलजीकृत भाषा टीका | ५७ |
| २६ | अध्यात्म पंच संग्रह | पं॰ दीपचंदजी काशलीवाल रचित | ५७ |
| २७ | अध्यात्म कमलमार्तण्ड भाग-२ | पंडित राजमल्लजी विरचित | ५७ |
| २८ | स्वात्मानुभवमनन | रचियता - श्री धर्मदासजी क्षुलक<br>ज्ञानानन्द श्रावकाचार | ५८ |
| २९ | ज्ञानानन्द श्रावकाचार | श्री समंतभद्राचार्य प्रणत | ५९ |
| ३० | सहज-सुख-साधन | लेखक - ब्र. शीतल प्रसादजी कृत | ५९ |
| ३१ | स्वतंत्रता का सोपान | ब्रह्मचारी शीतल प्रसादजी कृत | ६० |
| ३२ | समाधि शतक | जैनधर्म भुषण - ब्र- शीतलप्रसादजी टीका | ६१ |
| ३३ | "श्री सुदृष्टि तरंगिणी" | पंडित प्रवर टेकचन्दजी विरचित | ६२ |
| ३४ | ध्यानामृत | लेखक एवं संकलन<br>पं. ज्ञानचन्द जैन, जयपुर | ६३ |
| ३५ | "जैन तत्व मीमांसा" | पं॰ फूलचंदजी सिध्धांत शास्त्री | ६५ |
| ३६ | जयपुर रवानिया तत्त्वचर्चा | पं. फूलचंदजी सिद्धांत शास्त्री | ६८ |
| ३७ | 'आत्म प्रबोध' | श्री कुमार कवि विरचित | ६९ |
| ३८ | तत्त्वज्ञान पाठमाला भाग - २ | पं॰ भागचंदजी कृत | ६९ |

| ક્રમ | શાસ્ત્રનું નામ | રચયિતા તથા ટીકાકાર | પેઈજ નં. |
|---|---|---|---|
| ૩૯ | પુરુષાર્થસિદ્ધિ - ઉપાય | શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત<br>ટીકાકાર- પં.પ્રવર ટોડરમલજી | ૭૦ |
| ૪૦ | શ્રી પ્રવચનસાર | શ્રીમદ્ ભગવત કુંદકુંદ આચાર્યદેવ પ્રણીત<br>શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત સંસ્કૃત ટીકા | ૭૨ |
| ૪૧ | શ્રી સમયસારજી | આચાર્ય શ્રી કુંદકુંદદેવ પ્રણિત<br>આચાર્ય અમૃતચંદ્રસૂરિકૃત આત્મખ્યાતિ ટીકા<br>ભાવાર્થકર્તા– પં. જયચંદજી છાબડા | ૭૮ |
| ૪૨ | નાટક સમયસાર | કવિવર પં. શ્રી બનારસીદાસજી રચિત | ૮૭ |
| ૪૩ | શ્રી પંચાધ્યાયી | પં. શ્રી રાજમલ્લજી<br>અનુવાદ :- શ્રી મખનલાલજી | ૯૩ |
| ૪૪ | શ્રી પંચાધ્યાયી-ભાગ-૧ | પં. શ્રી રાજમલ્લજી કૃત<br>અનુવાદ :- પં. - દેવકીનંદનજી કૃત | ૯૮ |
| ૪૫ | શ્રી પંચાધ્યાયી ભાગ - ૨ | “ “ | ૯૯ |
| ૪૬ | કાર્તિકૈયાનુપ્રેક્ષા- | શ્રી કાર્તિકૈય સ્વામી વિરચિત | ૧૦૧ |
| ૪૭ | પદ્મનંદિ પંચ વિંશતિ | -શ્રી પદ્મનંદિ આચાર્ય વિરચિત | ૧૦૨ |
| ૪૮ | શ્રી પંચાસ્તિકાય | શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત<br>ટીકાકાર– શ્રી અમૃતચંદ્રદેવ | ૧૦૪ |
| ૪૯ | યોગસાર પ્રાભૃત | આચાર્ય શ્રી અમિતગતિ વિરચિત | ૧૦૫ |
| ૫૦ | શ્રી પરમાત્મ પ્રકાશ | શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત | ૧૧૨ |
| ૫૧ | તત્ત્વાનુશાસન | શ્રી રામસેનાચાર્ય વિરચિત | ૧૧૪ |
| ૫૨ | સમાધિ તંત્ર | આચાર્ય શ્રી પૂજ્યપાદ સ્વામી વિરચિત<br>ટીકાકાર- આચાર્ય પ્રભાચંદદેવ | ૧૧૬ |
| ૫૩ | બૃહદ દ્રવ્ય સંગ્રહ | આચાર્ય શ્રી નેમીચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી રચિત | ૧૧૮ |
| ૫૪ | શ્રી નિયમસાર | શ્રી કુંદકુંદાચાર્યદેવ કૃત<br>ટીકાકાર:- શ્રી પદ્મપ્રભમલધારિદેવ | ૧૧૯ |
| ૫૫ | તત્ત્વાર્થસૂત્ર | શ્રી ઉમાસ્વામી વિરચિત | ૧૨૦ |
| ૫૬ | યોગસાર ટીકા | શ્રી યોગીન્દુદેવ વિરચિત<br>હિન્દી ટીકાકાર - બ્ર. શીતલપ્રસાદજી | ૧૨૧ |

| ક્રમ | શાસ્ત્રનું નામ | રચયિતા તથા ટીકાકાર | પેઈજ નં. |
|---|---|---|---|
| ૫૭ | ઇષ્ટોપદેશ | શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત<br>ટીકાદાર : પં. આશાધરજીકૃત | ૧૨૨ |
| ૫૮ | આત્માનુશાસન | સ્વામીશ્રી ગુણભદ્રાચાર્યકૃત | ૧૨૨ |
| ૫૯ | મોક્ષમાર્ગ પ્રકાશક | આચાર્યકલ્પ- પં. ટોડરમલ્લજી | ૧૨૪ |
| ૬૦ | શ્રી કલશટીકા | શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ રચિત<br>-ટીકાકાર પં. રાજમલ્લજી પાંડે | ૧૨૫ |
| ૬૧ | ચિદ્ વિલાસ | પં. દીપચંદજી કાશલીવાલ રચિત | ૧૨૮ |
| ૬૨ | અધ્યાત્મ રહસ્ય | વિદ્વવર્ય પં. શ્રી આશાધરજી વિરચિત | ૧૨૯ |
| ૬૩ | આત્મ અવલોકન | પં. દીપચંદજી કાશલીવાલ રચિત | ૧૩૦ |
| ૬૪ | શ્રી જૈન સિધ્ધાંત પ્રવેશિકા | પં. ગોપાલદાસજી બરૈયા | ૧૩૬ |
| ૬૫ | સમ્યગ્જ્ઞાન દીપિકા | ક્ષુલ્લક બ્ર. ધર્મદાસજી વિરચિત | ૧૩૭ |
| ૬૬ | છ ઢાળ | પં. દોલતરામજી કૃત- | ૧૩૯ |
| ૬૭ | અનુભવ પ્રકાશ | પં. દીપચંદજી કાશલીવાલા રચિત | ૧૩૯ |
| ૬૮ | શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ | શ્રીમદ્ રાજચંદ્રજી | ૧૪૦ |
| ૬૯ | સ્વાનુભૂતિ દર્શન | પૂ. બહેનશ્રી ચંપાબેન | ૧૪૧ |
| ૭૦ | પૂ. બહેનશ્રીનાં વચનામૃત- | પ્રશમમૂર્તિ પૂ. ચંપાબહેન | ૧૪૨ |
| ૭૧ | દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશ | પૂ. શ્રી નિહાલચંદ્ર સોગાનીજી | ૧૪૩ |
| ૭૨ | ભેદ જ્ઞાન | પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો -આત્મધર્મ અંકમાંથી | ૧૪૫ |
| ૭૩ | પ્રવચનસાર પ્રવચનોમાંથી | પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો -પ્રવચન પ્રસાદમાંથી | ૧૬૭ |
| ૭૪ | સમયસાર શાસ્ત્રજી ૫૨ પ્રવચનો<br>ભાગ-૧ થી ૪ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૧૭૬ |
| ૭૫ | પ્રવચન રત્નાકર ભાગ-૧ થી ૧૧ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૧૮૪ |
| ૭૬ | પ્રવચન સુધા- ભાગ-૧ થી ૩ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૨૪ |
| ૭૭ | ધ્યેયપૂર્વક જ્ઞેય- | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૪૭ |
| ૭૮ | મોક્ષમાર્ગ પ્રકાશક પ્રવચન ભાગ-૧ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૫૩ |
| ૭૯ | સમયસાર સિદ્ધિ ભાગ-૧ થી ૩ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૬૪ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| ક્રમ | શાસ્ત્રનું નામ | રચયિતા તથા ટીકાકાર | પેઈજ નં. |
|---|---|---|---|
| ૮૦ | કલશામૃત ભાગ-૧ થી ૪ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૭૫ |
| ૮૧ | કળશટીકાનું પ્રવચન | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૮૦ |
| ૮૨ | પ્રવચન નવનીત ભાગ-૧ તથા ૪ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૮૧ |
| ૮૩ | આત્મ વૈભવ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૮૪ |
| ૮૪ | ભાવશ્રુતજ્ઞાનમાં અરિહંતના દર્શન | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૮૭ |
| ૮૫ | ભક્તામર-સ્તોત્ર પર પ્રવચનો | પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો | ૨૯૦ |
| ૮૬ | કાર્તિકેયાનુંપ્રેક્ષા પ્રવચન ભાગ-૧ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૯૧ |
| ૮૭ | સમયસાર નાટક પ્રવચન ભાગ-૧ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૯૨ |
| ૮૮ | પરમાત્મ પ્રકાશ પ્રવચન ભાગ-૧ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૨૯૪ |
| ૮૯ | -પરમાગમસાર- | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૩૦૧ |
| ૯૦ | દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાય દ્રષ્ટિ વિનશ્વર | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૩૦૩ |
| ૯૧ | પ્રવચન રત્નો ભાગ-૨ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૩૦૯ |
| ૯૭ | શ્રી નિયમસારના પ્રવચનમાંથી | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૩૧૬ |
| ૯૨ | જ્ઞાન ભાવના | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૩૨૦ |
| ૯૩ | સાધકના જ્ઞાનનું સ્વરૂપ | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૩૩૧ |
| ૯૪ | આત્મધર્મના અંકો | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૩૩૮ |
| ૯૫ | પરિશિષ્ટ વિભાગ( ૧ ) | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૩૬૨ |
| ૯૬ | પરિશિષ્ટ વિભાગ( ૨ ) | પૂ. ગુરુદેવશ્રી ના પ્રવચનો | ૩૯૫ |
| ૯૭ | પરિશિષ્ટ વિભાગ( ૩ ) | શ્રી યુગલકિશોરજી 'યુગલ' | ૪૦૩ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈના હૃદયોદ્ગાર-

### સ્વ-પર પ્રકાશક અને સ્વ-પરના પ્રતિભાસનો તફાવતઃ-

જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે તે આગમનું વચન છે. આગમનું બીજું વચન એવું છે કે- જ્ઞાનમાં સ્વ-પરનો પ્રતિભાસ થાય છે. આ બન્ને વાત આગમથી જ પ્રસિદ્ધ છે. 'સ્વ-પર પ્રકાશક' વિષય ઘણો જ ગહન અને અત્યંત પ્રયોજનભૂત વિષય છે. આ 'સ્વ-પર પ્રકાશક' નો કોયડો ઉકેલવો અસાધારણ હોવાથી તે સદૈવ ચર્ચિત રહ્યો છે. આ મહત્ત્વપૂર્ણ વિષયની ગંભીરતા શું છે? તેની ઉપર થોડો દૃષ્ટિપાત કરીએ.

એજન્ડા ઉપર એ વિષય છે કે સ્વ-પર પ્રકાશક અને સ્વ-પરનો પ્રતિભાસ એ બે વચ્ચે શું તફાવત છે? તે આપણે વિચાર વડે નક્કી કરીએ. જૈન જગતમાં એ વાત અધિક પ્રચલિત છે કે જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક હોવાથી જ્ઞાન સ્વનેય જાણે અને પરનેય જાણે છે. આ 'સ્વ-પર પ્રકાશક' શબ્દનો બીજો અર્થ અપ્રચલિત રહ્યો છે કે— જ્ઞાનની સ્વચ્છતામાં સ્વ-પરનો પ્રતિભાસ થાય છે તેને પણ આગમમાં સ્વ-પર પ્રકાશક તરીકે ઓળખાવ્યો છે.

આત્મા જ્ઞાનમય હોવાથી આત્મામાં જ્ઞાન થાય છે-આવા સ્વીકારવાળા જીવને આત્મામાં રાગ થાય છે તે ભ્રાંતિ તો નીકળી ગઈ. આત્મામાં જ્ઞાન થાય છે અને એ જ્ઞાનની સ્વચ્છતામાં સ્વ-પરનો પ્રતિભાસ થાય છે આવું સ્વરૂપ હોવા છતાં અજ્ઞાનીને એવી ભ્રાંતિ થઈ ગઈ છે કે- આત્મા સ્વનેય જાણે છે અને આત્મા પરનેય જાણે છે, આવો વ્યવહારનો પક્ષ અનાદિથી ધારાપ્રવાહ ચાલ્યો જ આવે છે. તો શું ખરેખર જ્ઞાન સ્વ-પર બેયને જાણે છે? કે જ્ઞાનમાં સ્વ-પરનો પ્રતિભાસ થાય છે? આ પ્રમાણે 'સ્વ-પર પ્રકાશક' શબ્દ એક અને તેના વાચ્ય બે થયા. આ બન્ને પ્રકારમાં પૂર્વ-પશ્ચિમ જેટલો તફાવત રહેલો છે. ઉપર ઉપરથી જોનારને બન્ને સરખું લાગે પણ તેના પેટાળમાં જતાં આ બન્નેમાં અસાધારણ તફાવત જોવા મળે છે. માટે સૌ પ્રથમ તેણે સ્વ-પર પ્રકાશક એટલે શું? અને સ્વ-પરનો પ્રતિભાસ એટલે શું? તે બન્નેમાં પરીક્ષા કરવી જોઈએ. તેણે નિર્ણય તો કરવો પડશે કે—જ્ઞાનમાં બે પ્રતિભાસે છે? કે બે જણાય છે? આ જાણવા માટે તેણે સૌ પ્રથમ વસ્તુ સ્થિતિને અગ્ર કરવી પડશે.

પં. બનારસીદાસજીએ સમયસાર નાટકમાં 'સ્વ-પર પ્રકાશક' ને કોયડો કહ્યો છે. જો જ્ઞાન સ્વ અને પર બન્નેને જાણતું હોત તો તેઓ તેને (પેંચ) -દાવ કહેત ખરા!! આગમમાં જે જ્ઞાનને સ્વ-પર પ્રકાશક કહ્યું તે જ્ઞાનનો મૂળ સ્વભાવ છે; તેથી તેનો વ્યવચ્છેદ કે અભાવ થઈ શકતો નથી. આ સ્વ-પર પ્રકાશકનું રહસ્ય ન સમજે તો જીવ ગોથું પણ ખાઈ જાય છે. આ જે સ્વ-પર પ્રકાશક કહ્યું તે 'ભા' ના કાગળ છે. કેમ કે એ તો પ્રમાણજ્ઞાનથી કહ્યું છે... માટે હજુ નયથી સ્વ-પર પ્રકાશક બાકી છે અને સ્વભાવથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ સ્વ-પર પ્રકાશક બાકી છે. પ્રવચન રત્નાકરના અગિયાર ભાગમાં ૧૭-૧૮ ગાથાના આધારે પૂ. ગુરુદેવે સેંકડો વખત કહ્યું કે— જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે, એ પ્રતિભાસની અપેક્ષાએ કહ્યું છે જયારે લક્ષની અપેક્ષાએ જ્ઞાન પર પ્રકાશક તો નથી પરંતુ સ્વપર પ્રકાશક પણ નથી... પરંતુ સ્વ પ્રકાશક જ છે.

શ્રી પ્રવચનસાર ગાથા-૧૨૪ માં કુંદકુંદદેવ કહે છે કે- **"અર્થ વિકલ્પાત્મક જ્ઞાનમ્ પ્રમાણમ્".** ટીકાકાર જયસેન આચાર્યદેવ લખે છે કે-આવું અર્થ વિકલ્પપણું આઠેય જ્ઞાનોમાં રહેલું છે. **જ્ઞાન ત્રણેકાળ અર્થ વિકલ્પાત્મક હોય છે. આ જ્ઞાનનો એવો સ્વચ્છ સ્વભાવ છે કે અભવી મિથ્યાદૃષ્ટિ હો તો પણ તેના જ્ઞાનની પર્યાયમાં સ્વ-પરનો પ્રતિભાસ થાય છે. સાધકની જ્ઞાનની પર્યાયમાં પણ સ્વ-પરનો પ્રતિભાસ થાય છે. કેવળજ્ઞાન પર્યાયમાં પણ સ્વ-પરનો પ્રતિભાસ થાય છે. આ રીતે જોતાં એમ જણાયું કે- સ્વ-પરનો પ્રતિભાસ થાય છે તે એક વાત થઈ અને સ્વ-પર બન્નેને જ્ઞાન જાણે છે તે બીજી વાત થઈ.**

જો જ્ઞાન સ્વ-પર બન્નેને જાણતું હોય તો નિગોદના જીવો પણ સમ્યગ્દૃષ્ટિ છે તેમ સિદ્ધ થયું. કેમકે નિગોદિયા જીવના જ્ઞાનમાં નિરંતર સ્વ-પરનો પ્રતિભાસ થયા જ કરે છે- આ સ્થિતિ તો ત્યાં પણ રહેલી છે. અર્થ વિકલ્પાત્મક જ્ઞાન જે કહ્યું તેનો અર્થ સ્વ-પર બેયને જાણે છે એવો કરો તો સ્વ-પર પ્રતિભાસના સ્વરૂપનું શું થયું ? જો નિગોદનો જીવ સ્વ-પર બેયને જાણતો હોય તો વસ્તુની મર્યાદા જ તૂટી જાય છે. આ ઉપરથી નક્કી થાય છે કે- જ્ઞાન સ્વ-પર પદાર્થને વિષય કરે છે અર્થાત્ તેના જ્ઞાનમાં સ્વપર બેનો પ્રતિભાસ થાય છે જેને આગમમાં સ્વ-પર પ્રકાશક સ્વભાવ કહ્યો છે; તે સમ્યક્ એકાન્તરૂપ પણ નથી અને સમ્યક્ અનેકાન્ત પણ નથી; તેમજ મિથ્યા-અજ્ઞાનરૂપ પણ નથી; પરંતુ તે સ્વભાવરૂપ છે.

આ સ્વ-પર પ્રકાશક સ્વભાવમાં પ્રતિભાસની મુખ્યતા રહેલી છે. તેથી સ્વનો પ્રતિભાસ થાય તો કંઈ સુધારો થયો... તેમ નથી અને પરનો પ્રતિભાસ થાય તો કંઈ બગાડો થયો તેમ નથી. આ જે વાત છે તે લોકોત્તર વાત છે- વસ્તુ વ્યવસ્થાના આ લોકમાં એમ સિદ્ધ થયું કે સ્વ-પર પ્રકાશક એટલે સ્વ-પરનો પ્રતિભાસ ત્યાં પૂર્ણ વિરામ છે. કેમકે સ્વ-પરના પ્રતિભાસ માત્રથી કોઈ જીવ જ્ઞાની-અજ્ઞાની થતો જ નથી. આ જ્ઞેયાકાર જ્ઞાનની સહજ સ્થિતિનું અવલોકન છે. આવી સ્થિતિ પ્રત્યેક જીવને પ્રત્યેક સમયે રહેલી જ છે.

અનાદિથી તેણે આત્માને સ્વજ્ઞેય ન બનાવતાં; પરના પ્રતિભાસને જ્ઞેય બનાવતાની સાથે જ પર પદાર્થ સાથે એકત્વ થઈ ગયું. તો જે સ્વ-પર પ્રકાશક જ્ઞાન હતું તે એકાન્ત મિથ્યા પર પ્રકાશકમાં ચાલ્યું ગયું. હવે ખૂબી તો એ છે કે-પર લક્ષવાળી અજ્ઞાનદશામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ સ્વપ્રકાશકપણું અર્થાત્ જ્ઞાયકનો પ્રતિભાસ ગૌણપણે રહી જાય છે. હવે તે જ જીવ બીજા સમયે જ્ઞાયકના પ્રતિભાસને ઉપયોગાત્મક કરે તો સમ્યક્ સ્વપ્રકાશકપણું પ્રગટ થાય છે. એ સમ્યગ્જ્ઞાનના કાળે પણ પરનો પ્રતિભાસ અર્થાત્ પરપ્રકાશકપણું ગૌણપણે રહી જાય છે. આમ બન્ને સ્થિતિમાં સ્વ-પરપ્રકાશકપણું તો રહે જ છે.

તારે 'સ્વ-પર પ્રકાશક' જોઈએ છીએ ને ? તો સાંભળ ! સ્વ-પર પ્રકાશક કેવી રીતે છે.

ૐ **અજ્ઞાન દશામાં સ્વ પ્રકાશક રહી જાય છે અને પરનું લક્ષ થઈ જાય છે.**

ૐ **જ્ઞાન દશામાં પર પ્રકાશક રહી જાય છે અને આત્માનું લક્ષ થઈ જાય છે.**

આ બન્ને અવસ્થામાં 'સ્વ-પર પ્રકાશકતા' તો રહે જ છે. લોકાલોકનો પ્રતિભાસ રહી જાય છે અને આત્માનો અનુભવ થઈ જાય છે. લોકાલોકનો પ્રતિભાસ આત્માનો અનુભવ થવામાં કોઈ રુકાવટ ઉપજાવતો નથી. તેમ અજ્ઞાનીને સમયે સમયે આત્માનો પ્રતિભાસ રહી જાય છે અને પરના લક્ષે ઇન્દ્રિયજ્ઞાનનો જન્મ થઈ જાય છે. આ ભાવેન્દ્રિય પ્રગટવામાં આત્માનો પ્રતિભાસ બાધા ઉપજાવતો નથી. **તેથી એમ સિદ્ધ થયું કે- સ્વ-પર બે પ્રતિભાસતા હોવા છતાં તેને બન્નેનું એક સાથે લક્ષ થતું નથી. એક સમયે લક્ષ એક ઉપર હોવા છતાં બીજાનો પ્રતિભાસ રહી જાય છે.** પરનું લક્ષ નથી તો પરનો પ્રતિભાસ... પ્રતિભાસ કહેવાય છે, જો પરનું લક્ષ હોય તો તે પ્રતિભાસરૂપ ક્યાં રહ્યું.. ? તે તો અજ્ઞાન થઈ ગયું. જ્ઞેયો પ્રતિભાસે તો પ્રતિભાસો ! પરંતુ મને તો જ્ઞાયક જ અનુભવમાં આવે છે -આ રીતે તેનું લક્ષ જ્ઞેયના પ્રતિભાસ ઉપરથી પણ છૂટી જાય છે. પરનો પ્રતિભાસ નથી છોડાવવો પરંતુ પરના પ્રતિભાસનો વિશ્વાસ છોડાવવો છે. આથી જ પંચાધ્યાયની ૫૫૮ ગાથામાં ભેદજ્ઞાનનો પ્રાણ સમાયેલો છે. **"स्वपरावभासक"** તેનો અર્થ સ્વ-પર બન્નેને જાણે છે તેવો કરે તો; બંધ માર્ગ; મોક્ષમાર્ગ એવી પરિસ્થિતિનો લોપ થતાં-બધા જ જીવો સમ્યગ્દ્રષ્ટિ હોવા જોઈએ અથવા તો બધા જ જીવો મિથ્યાદ્રષ્ટિ હોવા જોઈએ. ન કોઈ બાધક, ન કોઈ સાધક, ન કોઈ સંસારી અને ન કોઈ સિદ્ધ હોવા જોઈએ; અને જો આમ હોય તો સમયસાર બીજી ગાથામાં-સ્વ સમય, પર સમયની જે વ્યાખ્યા કરી તે અસત્યાર્થ ઠરતાં... ભેદજ્ઞાનનો ઉપદેશ જ નિરર્થક નિવડે છે.

જ્ઞાનમાં સ્વ-પર પ્રતિભાસે છે તે સમયે જ જ્ઞાન કોને વિષય બનાવે છે તેના ઉપર પરિસ્થિતિ વળાંક લે છે. બધા જીવોને સામાન્ય જ્ઞાન પ્રગટ થાય છે અને વિશેષ વિશેષ વિષયોના ભેદથી તે ઉપયોગના બે પ્રકાર પડી જાય છે. ઉપયોગ અંદરમાં વળીને સ્વને જ્ઞેય બનાવે તો તે જ સમયે સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ થતાં જીવ મોક્ષમાર્ગમાં આવી જાય છે. અથવા ઉપયોગ પરના પ્રતિભાસને ગ્રહણ કરે તો જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ થતાં તે જ સમયે જીવ બંધમાર્ગમાં ચાલ્યો જાય છે. આ પ્રમાણે એક સમયમાત્રમાં આવી પરિસ્થિતિ ભજે છે. જો પ્રથમથી જ એમ લઈએ કે- જ્ઞાન સ્વ ને પરને બન્નેને જાણે છે;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો સ્વ-પર પ્રતિભાસનું સ્વરૂપ ન રહેતાં તેને સંસાર, મોક્ષ એવું વિશેષપણું પણ રહેતું નથી. તો તો વસ્તુ વ્યવસ્થાની સ્થિતિ જ તૂટી જાય છે.

માટે બાળ-ગોપાળને સ્વ-પરનો પ્રતિભાસ અવશ્ય થાય છે, પરંતુ જ્ઞાન બેને જાણતું નથી. સ્વનો પ્રતિભાસ હોવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી ? પ્રતિભાસરૂપ જ્ઞાયક તો બધાને જણાઈ જ રહ્યો છે, છતાં લક્ષ અનાદિથી પર ઉપર પડયું હોવાથી તેને એવું મિથ્યા શલ્ય થઈ ગયું છે કે- હું પરને જાણું છું. પરને હું નથી જાણતો તેમ તેને નિષેધ પણ આવતો નથી. કેમકે તેને એવી ભ્રમણા થઈ ગઈ છે કે-સ્વ-પરને જાણવું તે તો જ્ઞાનનો સ્વભાવ છે. સ્વથી વિમુખ અને પરની સન્મુખ થવાનો ધર્મ ભાવેન્દ્રિયનો છે; જ્ઞાનનો નહીં. જ્ઞાન ભેદની સન્મુખ નથી થતું તો પરની સન્મુખતાની તો વાત જ કયાં રહી ! આ રીતે ઇન્દ્રિયજ્ઞાનના નિષેધ વિના અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થતું નથી.

જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક હોય તો ધર્માસ્તિકાયને જાણતાં અજ્ઞાન ન થવું જોઈએ. પરંતુ સ્વને જાણ્યા વિના પરને જાણવા જતાં... જાણેલાનું શ્રદ્ધાન થતાં તે અજ્ઞાની થઈ જાય છે. સમયસાર બંધ અધિકારમાં કહ્યું કે- જ્ઞાન ધર્માસ્તિકાયને જાણે છે અને જ્ઞાનમાં ધર્માસ્તિકાય જણાય છે તો જા તને અધ્યવસાન થઈ ગયું. હવે પરને જાણતાં વિભાવ થતો હોય તો 'સ્વ-પરપ્રકાશક' એ સ્વભાવ ન રહ્યો !? જો સ્વ-પર પ્રકાશક એ સ્વભાવ હોય તો પરને જાણતાં મિથ્યાત્વ ન થવું જોઈએ. અજ્ઞાનીએ તેનો એવો અર્થ કર્યો કે— એકાન્ત પરને જાણે તો તો ભ્રાંતિ થાય, પણ સ્વ-પર બેને જાણવામાં શું દોષ ? આગમમાં જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક કહ્યો છે. 'સ્વ-પર પ્રકાશકમાં તે 'સ્વ' તો નામ માત્ર- ભાષામાં બોલે છે, પરંતુ તેના અભિપ્રાયમાં તો ત્યારે પણ એમ જ પડયું છે કે- હું પરને જાણું છું; આથી તેને ભાવેન્દ્રિયમાં અહમ વર્તે છે.

રાગનો પ્રતિભાસ થાય છે તેમાં રાગની સ્વીકૃતિ પણ આવી ગઈ. હવે એ રાગના જ પ્રતિભાસને સ્વજ્ઞેય માને તો રાગની સાથે એકત્વબુદ્ધિ થતાં તેને એવી ભ્રાંતિ થઈ કે- હું રાગી. હવે સ્વ-પર પ્રકાશકના પક્ષપાતીનો એવો તર્ક છે કે- જેનો પ્રતિભાસ થાય તેને જ્ઞાન જાણે... જાણે ને જાણે જ, જો પરનો પ્રતિભાસ ન થતો હોય તો તો બરોબર જ છે કે તેને ન જાણે; પણ પ્રતિભાસ થાય અને ન જાણે એમ કેમ બને ? તેની દલિલ એ છે કે- જ્ઞાન એકને જાણે અને એકને ન જાણે તે વાત અમને મંજૂર નથી. તેને જ્ઞાની ઉત્તર આપે છે કે સ્વ-પરનો પ્રતિભાસ એવું જ્ઞાન પર્યાયનું પ્રમાણ એવો વ્યવહાર તેમાં એવી તાકાત જ નથી કે તે અક્રમે, યુગપદ્ એક સમયે સ્વ-પર બેને જાણે. કેમકે તેનું એક સમયમાં બે ઉપર લક્ષ હોતું જ નથી. તેથી તેની એ દલિત સત્યાર્થ જ નથી. વળી રાગનો પ્રતિભાસ થયો માટે રાગને જાણવું જ પડે તેવો કોઈ નિયમ નથી. રાગનું લક્ષ કરવું જ પડે તેવું ફરજિયાત નથી. જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે માટે તેણે રાગને જાણવું જ જોઈએ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેવું અનિવાર્ય પણ નથી. અજ્ઞાનીને સ્વનો પ્રતિભાસ થાય છે તેથી તેને સ્વ જાણવું જોઈએ તેવું અનિવાર્ય નથી. કેવળી ભગવાનને લોકાલોકનો પ્રતિભાસ થઈ રહ્યો છે પણ લોકાલોકને જાણવું જ જોઈએ તેવું અનિવાર્ય નથી. વળી એવો કોઈ જ પ્રતિબંધ નથી કે જે પ્રતિભાસે તેને જાણવું જ જોઈએ. સ્વ-પર પ્રતિભાસના કાળે ઉપયોગ કોને વિષય બનાવે છે! સ્વને કે પરને! જો સ્વને વિષય બનાવે તો તે જ ક્ષણે શુદ્ધોપયોગ અને પરને વિષય બનાવે તો તે ક્ષણે જ અશુદ્ધોપયોગ થાય છે.

**પ્રશ્ન-** સ્વનો પ્રતિભાસ અને સ્વનું જાણવું એક જ છે?

**ઉત્તર-** સ્વનો પ્રતિભાસ થઈ રહ્યો છે તે હકીકત છે અને તેણે આજ દિવસ સુધી સ્વને લક્ષગત્ કરીને જાણ્યો નથી તે પણ હકીકત છે. બાળ-ગોપાળ સહુને જ્ઞાયકનો પ્રતિભાસ હોવા છતાં અનુભવ તો કોઈક ને જ હોય છે. માટે પ્રતિભાસ અને જાણવું એક નથી.

અજ્ઞાનીના જ્ઞાનોપયોગમાં સ્વ-પર બન્ને વિષયનો પ્રતિભાસ તો થાય જ છે... અને તેમાં 'સ્વ' શબ્દ પહેલો છે. હવે આનો અર્થ એવો કરવામાં આવે કે— જ્ઞાન 'સ્વ' ને જાણે છે તો તે અજ્ઞાની ન કહેવાતાં તે જ્ઞાની કહેવાય. પરંતુ અજ્ઞાની 'સ્વ' ને ક્યાં જાણે છે? માટે સ્વ-પર પ્રકાશકનો અર્થ જ્ઞાન સ્વનેય જાણે અને પરનેય જાણે તેવો થતો જ નથી. માટે- સૌ પહેલાં 'સ્વ-પર પ્રકાશકની' જગ્યાએ સ્વ-પરનો પ્રતિભાસ થાય છે તેમ રાખો. 'સ્વ-પર પ્રકાશક' એમાં જે 'પ્રકાશક' શબ્દ છે તેનો અર્થ જ 'પ્રતિભાસ' થાય છે. અહીં 'પ્રકાશક' નો અર્થ જાણવું એવા વાચ્યમાં થતો નથી. હવે કોઈ સ્વ-પર પ્રકાશકને સમજતો નથી તેને દર્પણના દૃષ્ટાંતે સમજાવ્યું કે—જ્ઞાનમાં સ્વ પણ જણાય છે અને પર પણ જણાય છે. આ અર્થ પણ તે ન સમજી શક્યો એટલે જ્ઞાનીઓએ કરુણા કરીને તેનાથી સરળ અર્થ કર્યો કે- જ્ઞાન આત્માને પણ જાણે છે અને જ્ઞાન પરને પણ જાણે છે. જે જીવો સ્વ-પર અવભાસનનો અર્થ ન સમજતાં હતાં તેને વ્યવહાર દ્વારા પરમાર્થ બતાવ્યો.

## પ્રમાણમાંથી શુદ્ધનય કાઢનાર જૈનદર્શનમાં કુશળ છે.

પ્રવચનસાર ૧૨૪ ગાથામાં કહ્યું કે— "અર્થ વિકલ્પ જ્ઞાનમ્ પ્રમાણમ્" અર્થ વિકલ્પ એટલે સ્વ-પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક એક સાથે અવભાસન-જાણવું તે જ્ઞાન છે. આમાં જે સ્વ-પર પ્રતિભાસમયી જ્ઞાન છે તે જ્ઞાન પર્યાયનું પ્રમાણ છે તેથી આ પ્રમાણમાં અટકવું નહીં-તે ન્યાયે તેણે સ્વ-પર પ્રકાશક પ્રમાણમાંથી નયમાં આવવું રહ્યું. કેમ કે પ્રમાણ પૂજ્ય નથી, નય પૂજ્ય છે. જ્ઞાન સ્વ-પર પ્રકાશક હોવાથી તે સ્વ-પર બન્નેને જાણે છે તો શું બન્ને ઉપાદેય છે? આ તો મૂળમાં ભૂલ છે કે- જ્ઞાન સ્વને જાણે અને પરને જાણે. આવું માનનારો ઉભયાભાસી છે. સ્વ-પર પ્રકાશક એ જ્ઞાન પર્યાયનું પ્રમાણ એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહાર છે. આ વ્યવહાર જેને સત્યાર્થ લાગે છે તેને ભેદજ્ઞાન કરવાની શક્તિ બિડાઈ જાય છે તેથી તેને સમયે સમયે સ્વ છૂટે છે અને પર સાથે એકત્વ થઈ જાય છે.

કેમ કે સ્વ-પર પ્રકાશકમાં સ્વને જાણુ અને પરને જાણુ એમ આવ્યું ને ? તો અનુભવ કયાંથી થાય ? પરનું જાણવું ચાલુ રાખવું છે અને આત્માનો અનુભવ કરી લેવો છે ! સ્વ-પર પ્રકાશક પાછળ તેનો એ હેતુ રહેલો છે ! સ્વ-પર પ્રકાશક એવું પ્રમાણ જ્ઞાન તો ભેદજ્ઞાન માટે હતું એટલે કે વિધિ-નિષેધમાં આવે તો ભેદજ્ઞાન થાય અને તેને નયપૂર્વક સમ્યક્ પ્રમાણજ્ઞાનનો જન્મ થાય, આ પ્રમાણજ્ઞાનમાં ભેદજ્ઞાન વર્તતું હોવાથી તે ખરેખર પ્રમાણ છે.

આ પ્રમાણે જ્ઞાનના પ્રમાણમાં વ્યવહારનો નિષેધ કરવાની અસમર્થતા હોવાથી તે નિશ્ચયનયના પક્ષમાં આવી શકતો નથી. નિશ્ચયના પક્ષમાં આવ્યા વિના કોઈ જીવને કદી પક્ષાતિક્રાન્ત થતો નથી. આ રીતે જ્ઞાનના સ્વચ્છત્વમાં અને જ્ઞાનના જ્ઞાનત્વમાં મોટો તફાવત રહેલો છે. પર પદાર્થનો માત્ર પ્રતિભાસ જ થાય છે પરંતુ પર પદાર્થને જ્ઞાન જાણતું નથી. તો પણ જ્ઞાનની સ્વચ્છતામાં પરનો પ્રતિભાસ રહી જાય છે અને પરનું જાણવું બંધ થઈ જાય છે અને આત્માનું જાણવું ઉદય થઈ જાય છે. સ્વ-પર પ્રકાશક એવો વ્યવહાર જે જ્ઞાનનું પ્રમાણ છે તેમાં જ ભેદજ્ઞાનની પ્રોશેસ ઘટાવતાં એટલે કે પ્રમાણજ્ઞાનમાં વિધિ-નિષેધ કરતાં શુદ્ધ નિશ્ચયનય પ્રકાશમાન થાય છે. જ્યારે જ્ઞાન પર્યાયનો નિશ્ચય પ્રગટ થાય છે ત્યારે જ પ્રયોજનની સિદ્ધિ થાય છે. ઉપયોગની સ્વચ્છતામાં સ્વ-પરનો પ્રતિભાસ અવશ્ય થાય છે, પરંતુ તે પ્રતિભાસને ન દેખો. આવું જ્ઞેયાકાર જ્ઞાન તે જ્ઞાન પર્યાયનો પ્રમાણરૂપ વ્યવહાર છે. કેમકે સ્વ-પર પ્રતિભાસમાં તે લક્ષરૂપ સ્વનેય જાણતો નથી અને લક્ષરૂપ પરનેય જાણતો નથી. આથી આ પ્રમાણજ્ઞાન ન નિશ્ચયરૂપ છે ન નિશ્ચયપૂર્વકના વ્યવહારરૂપ છે કે ન તો અજ્ઞાનરૂપ છે.

સંતો કહે છે કે- છદ્મસ્થ જીવોને પ્રતિભાસ સ્વ-પર બન્નેનો હોવા છતાં તેનું લક્ષ બે ઉપર નથી. પ્રતિભાસની અપેક્ષાએ જ્ઞાનને સ્વ-પર પ્રકાશક કહ્યું. લક્ષની અપેક્ષાએ તો જ્ઞાન સ્વપ્રકાશક જ છે અને તેમાં જ અનુભવ છે અજ્ઞાનીનું 'સ્વ-પર પ્રકાશક' તે એકાન્તે પરપ્રકાશક જ છે. જ્ઞાનીનું સ્વ-પર પ્રકાશક તે એકાન્તે સ્વપ્રકાશક જ છે. જો બન્ને જ્ઞેય ઉપર લક્ષ હોય તો સ્વ-પર પ્રકાશકની હા પાડું ! મને તો લક્ષપૂર્વક મારો પરમાત્મા જ જણાય છે; બીજું જ્ઞેય જણાતું જ નથી. બે જ્ઞેયની સિદ્ધિ વિના સ્વ-પર પ્રકાશક જ્ઞાનની સિદ્ધિ થતી નથી. આ રીતે સિદ્ધાંતની કસોટીએ કસતાં એમ સિદ્ધ થયું કે સ્વ-પર પ્રકાશક જ્ઞાનથી સાધ્યની સિદ્ધિ થતી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ઉપચરિત સદ્ભૂત વ્યવહારનયનું સ્વરૂપ

એક અખંડ પદાર્થમાં તેના અસાધારણ ગુણો વડે ભેદ કરીને તેને પર આલંબન વિશેષણ સહિત ઓળખાવવો તે જ ઉપચરિત સદ્ભૂત વ્યવહાર છે. હેતુવશ પોતાના જ ગુણોને પર વડે ઉપચરિત કરવામાં આવે છે. નયનું જ્ઞાન કરવામાં આત્માને લાભ શું થાય ? આત્માને આત્માનો અનુભવ થાય એ પ્રયોજન છે. ઉપચાર પણ કયારે આવે ? જેને અનુપચાર પ્રગટયું હોય એટલે કે જ્ઞાયકને જાણ્યા પછી ઉપચાર લાગુ પડે. આત્માને જાણ્યા વિના પરને જાણે છે–તો ઉપચાર પણ આવતો નથી. જ્ઞાન જ્ઞાનને જાણતું ન હોય તો પરને જાણે છે તે ઉપચાર ન લાગે અર્થાત્ સ્વરૂપ સિદ્ધિ વિના પરની સિદ્ધિ થઈ શકતી નથી. જ્ઞાન જ્ઞાનને જાણે છે અને જ્ઞાનને જાણતાં તે જ્ઞાનમાં પરનો પ્રતિભાસ થાય છે તો તેને જ્ઞાન જાણે છે તેવો ઉપચાર કરવામાં આવે છે, આ ઉપચાર સત્યાર્થ લાગે તો તે મિથ્યાદૅષ્ટિ થઈ જાય છે.

પંચાધ્યાય ભાગ–૧ ગાથા ૫૪૨–૫૪૩ માં કહે છે કે– "નિશ્ચયથી તત્ત્વનું સ્વરૂપ કેવળ સત્માત્ર માનવા છતાં, નિર્વિકલ્પતાના કારણથી જો કે ઉક્ત લક્ષણ ઠીક નથી તો પણ આલંબન વિના નિર્વિષય જ્ઞાનનું સ્વરૂપ કહી શકાતું નથી"–અનુભવી શકાય છે.

*** જ્ઞાન સ્વ-પર બેને જાણે છે તે લક્ષણ ઠીક નથી.**

*** જ્ઞાનમાં સ્વ-પર બેનો પ્રતિભાસ થાય છે તે લક્ષણ ઠીક નથી.**

*** આત્માને જાણવા છતાં જ્ઞાન સત્ છે.**

*** આત્માને ન જાણવા છતાં જ્ઞાન સત્ છે.**

પોતાના સત્ ગુણમાં સ્વ–પરના સાપેક્ષપણાથી ઉપચાર કરવામાં આવે તો ઉપયોગ લક્ષણ સિદ્ધ થતું નથી. આત્માને જાણે છે માટે જ્ઞાન છે તેમાં પણ નિર્વિષય જ્ઞાનનું સ્વરૂપ સિદ્ધ થતું નથી.

આ રીતે સ્વ–પરના આલંબન વિના નિરાલંબી જ્ઞાનનું કથન કરવું અશક્ય છે. હવે સ્વ–પર બન્ને વિષયને બાદ કરી નાખો તો તે જ્ઞાનની પર્યાય સત્ છે. જ્ઞાનમાં સ્વ–પર બે જણાય છે તો તે જ્ઞાનની પર્યાયને અસત્ લક્ષણ કહ્યું. ઘણી જ સૂક્ષ્મ વાત છે. પ્રવચનસાર ગાથા ૧૦૭ માં કહ્યું કે— "દ્રવ્ય સત્, ગુણ સત્'' પર્યાય સત્ આ સત્નો વિસ્તાર છે. સમયસાર બંધ અધિકારમાં ''સત્ અહેતુક એક જેની જ્ઞપ્તિ ક્રિયા કહી છે.'' જ્ઞાન પોતાના સ્વરૂપથી સિદ્ધ હોવા છતાં તેને સિદ્ધ કરવા માટે સ્વ–પર વડે ઉપચાર કરવામાં આવ્યો તો સાપેક્ષતા લાગુ પડતાં તે જ્ઞાન પર્યાયનો વ્યવહાર થયો. જે જ્ઞાન સ્વરૂપથી જ સિદ્ધ છે તે જ્ઞાનના સત્પણાની સિદ્ધિ કરવા માટે પરની તો અપેક્ષા નથી પણ તેને જ્ઞાયકનીય અપેક્ષા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

*** જ્ઞાન સદાત્મક હોવાથી તે સ્વરૂપથી જ સિદ્ધ છે.**

*** જ્ઞાન નિરપેક્ષ હોવાથી તેમાં સાપેક્ષપણું નથી.**

*** જ્ઞાન સત્-અહેતુક હોવાથી તેનો હેતુ અન્ય નથી.**

*** નિર્વિકલ્પ જ્ઞાન મુખ્ય-ગૌણ કર્યા વિના જેમ છે તેમ જાણે તેવું જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ થઈ ગયું છે.**

સાધક, ઉપચારને ઉપચાર જાણતો હોવાથી તેને તે નિશ્ચયપણે સેવતો નથી, તેથી તેને દોષ પણ લાગતો નથી. પરના પ્રતિભાસને સ્થાપીને પછી તે એમ જાણે કે— જ્ઞાનમાં પર જણાય છે તો તેને કોઈ દોષ લાગતો નથી. તેના ખ્યાલમાં છે કે પોતાને જાણતાં-જાણતાં જ્ઞાન પરને જાણે છે તે હેતુવશ કરેલો ઉપચાર છે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી બહારની ચીજને જાણે છે તેમ કહેવું તે ઉપચાર છે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની અંદરમાં જે એક વસ્તુપણે છે તેને જાણવું તે તો નિશ્ચયથી છે.

જ્ઞાન કોને કહેવાય ? જે જ્ઞાનને સમજતો નથી તેને ઉપચરિત કરી અને કહે છે કે- સ્વ-પરને જાણે તેને જ્ઞાન કહેવાય. આત્માને જાણતાં-જાણતાં... લોકાલોક જણાય જાય તેને જ્ઞાન કહેવાય. તો અજ્ઞાનીને એવું શલ્ય થઈ ગયું કે આત્માને જાણતાં જાણતાં રાગ જણાય જાય છે. જ્ઞાન એકાન્તે રાગની સન્મુખ થાય તે તો જ્ઞાનનો દોષ છે-તે તો અજ્ઞાન છે. પરંતુ સ્વને જાણતાં-જાણતાં પરને જાણે છે તે જ્ઞાન સાચું છે. જ્ઞાની કહે છે- ઊભો રહે ! એ જ્ઞાન સાચું નથી; તેમાં તો તારું અજ્ઞાન દૃઢ થાય છે. કેમકે અમે જે હેતુવશ ઉપચાર લગાડીને જ્ઞાનનું સ્વરૂપ સમજાવ્યું હતું તે વ્યવહારનો તો તને નિષેધ ન આવ્યો !! જિનાગમમાં સ્વપર પ્રકાશક સ્વભાવ કહ્યો છે તે વાત તો તારી સાચી; પણ તે કેવી રીતે કહ્યો છે તે સાંભળ ! ત્યાં પ્રમેય છે અને અહીંયા પ્રમાણ તેવો જ્ઞાન-જ્ઞેયનો વ્યવહાર રહ્યો છે, તો પણ પદાર્થોના આકારોને ઝલકાવતો ચૈતન્યપ્રભામય આત્મા પોતાના ગુણ-ગુણીના અભેદપણાથી તે જ્ઞાન સ્વભાવને ત્યાગતો નથી. જ્ઞાનમાં જે જ્ઞેયાકૃતિઓ ઝળકી છે તે પણે તો પોતાના જ્ઞાન દર્પણની પ્રભા પરિણમી છે અને તે જ્ઞેયપણે જણાય છે. વસ્તુનો ગુણ વસ્તુથી અનન્ય રહે છે. સાધકને જ્ઞાનની પર્યાયનો ભેદ પડયો તો પર જણાય છે તેવો ઉપચાર લાગુ પડયો. હવે એ ભેદનો નિષેધ કરીને જ્ઞાની ફરી અભેદમાં ચાલ્યા જાય છે. તેથી અજ્ઞાની પણ જ્યારે ઉપચરિત વ્યવહારનો નિષેધ કરશે ત્યારે તેને અંદરમાં જ્ઞાતા-જ્ઞેયનો નિશ્ચય પ્રગટ થશે.

ઉપચરિત વ્યવહારનયમાં તો જે ગુણ-ગુણીનો ભેદ કહ્યો તેને વ્યવહારમાં નાખ્યો; કારણ કે તે અભેદનો ભેદ છે. જ્યારે પર જણાય છે તેને ઉપચારમાં નાખ્યું કેમ કે વાસ્તવિકપણે તો તેને જ્ઞાન જ જણાય છે, પર નહીં. આનાથી સૂક્ષ્મ એવી વાત કરી કે-જ્ઞાન પરને જાણે છે-તો તે નયાભાસ છે. આ રીતે નયાભાસ, ઉપચાર અને વ્યવહારમાં તફાવત છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાનીને ઉપચરિત સદ્ભૂત વ્યવહારનયનું સ્વરૂપ કેમ જલ્દી સમજાતું નથી તેનું એક કારણ છે કે– તેને અનાદિનું એવું શલ્ય પડયું છે કે– જ્ઞાન સ્વ–પર બન્નેને જાણે છે. આ શલ્ય નીકળવું ઘણું કઠિન છે. કારણકે– સ્વને જાણતાં–જાણતાં પર જણાય જાય છે તે ઉપચાર સત્યાર્થ લાગતો હોવાથી તેના જ્ઞાનમાંથી નિશ્ચય છૂટી જાય છે અને તે મિથ્યાદૃષ્ટિ રહી જાય છે. સેટિકાની ગાથામાં લખ્યું કે–જ્ઞાન વ્યવહારે પર દ્રવ્યોને જાણે છે તો પરમાર્થે જ્ઞાનની શું સ્થિતિ છે તે વિચારીએ. જ્ઞાન વ્યવહારે પરદ્રવ્યોને જાણે છે તેમ જો તું માનીશ તો તારી દૃષ્ટિમાંથી આત્માનો નાશ થઈ જશે. "પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું જ્ઞેય છે એટલે કે– પર્યાયમાં પર દ્રવ્યોનો પ્રતિભાસ દેખી ને કહેવામાં આવે છે કે– પરદ્રવ્યો વ્યવહારે જ્ઞેય છે. હવે જો પરદ્રવ્યો તેના જ્ઞેય હોય તો આત્મા ત્રણકાળમાં જ્ઞાનનું જ્ઞેય થઈ શકે નહીં.

અનુપચરિત સદ્ભૂત વ્યવહારનયનું સ્વરૂપ તો જલ્દીથી સમજાય જાય તેવું છે— આત્મા આત્માને જાણે છે તેવા ભેદમાં આવ્યો તેથી શું ? તેમાં પણ સાધ્યની સિદ્ધિ થતી નથી. જ્ઞાયક તો જ્ઞાયક છે તેમાં અભેદનો અભેદભાવે અનુભવ થાય છે. આ રીતે જોતાં તો એમ લાગે છે કે– તેને ઉપચરિત સદ્ભૂત વ્યવહાર સાચો લાગે છે–આત્માને જાણતાં–જાણતાં પર જણાય જાય છે. તેને સંતો કહે છે કે– મારા જ્ઞાનની બહાર કંઈ જ પ્રતિભાસિત થતું નથી. તેથી અંતર્જ્ઞેયની અપેક્ષાએ તો બધું જ્ઞાનનું જ પરિણમન છે. જ્ઞેયો અનેક છે અને પ્રતિભાસ પણ અનેકના છે તેવું અનેકાકાર જ્ઞાન હોવા છતાં; જ્ઞાન અનેકરૂપ થતું નથી. જ્ઞાન પોતે સ્વયં અનેક વિશેષતાને પ્રાપ્ત થતું હોવા છતાં પરમાર્થે તો જ્ઞાન સ્વભાવ સદા એકરૂપ જ રહે છે. ખરેખર જ્ઞાનની બહાર અમને નિશ્ચય કે વ્યવહાર કંઈ જ દેખાતું નથી.

## સ્વ-પર પ્રકાશક જ્ઞાનનું સ્વરૂપ અને તેના પ્રકારો :-

"સ્વ–પર પ્રકાશક શક્તિ સદા હી જ્ઞાન કી;
કિન્તુ ન હોય કદાપિ જ્ઞાન મેં ખંડ હી.
સ્વ ભી જ્ઞાનમય પર ભી જ્ઞાનમય જ્ઞાનમેં
સદા જનાવે જ્ઞાન મેં જ્ઞાન અખંડ હી."

જ્ઞાન ગગનમાં વિચરતાં પહેલાં એ નિર્ણિત કરવું પડશે કે– જૈનદર્શનમાં પર પદાર્થને ડાયરેકટ જાણવાની કોઈ જ વિધિ નથી. ઈનડાયરેકટ જાણે છે એટલે કેમ જાણે છે ? પરના પ્રતિભાસનો જે આવિર્ભાવ થયો છે તેવા જ્ઞેયાકાર જ્ઞાનને જ જાણે છે પરને નહીં. એ વિષયને જ્ઞેય–જ્ઞાયક સંબંધ લક્ષણમાં સ્પષ્ટ કરેલ છે. જે જ્ઞાનને ડાયરેકટપણે પરને જાણનારું માને છે તેણે તો અંતર્મુખ દશા પ્રગટવાનો માર્ગ જ બંધ કરી દીધો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેમ કે તેને ન તો જ્ઞાનના સ્વભાવની ખબર છે અને ન તો જ્ઞાનના સામર્થ્યની ખબર છે.

જીવનું પ્રયોજન વિશુદ્ધ હોય તો તેને જ્ઞાન સ્વભાવ સર્વ તરફથી... સર્વ અપેક્ષાએ અંતર્મુખ જ દેખાય છે. જ્ઞાન સ્વભાવ કોઈપણ વિવિક્ષાથી બહિર્મુખ છે જ નહીં. આવો જ્ઞાન સ્વભાવ સમજે તેને જ્ઞાન અપ્રગટ રહે? ગુપ્ત રહે? સ્વભાવ ક્યાં જાય? જ્ઞાન સ્વભાવ હર હાલતમાં સ્વભાવને જ પ્રસિદ્ધ કરતો પ્રગટ થાય છે. જ્ઞાનની પ્રત્યેક પર્યાય સ્વકાર્ય કરવામાં પરમુખની અપેક્ષા રાખતી જ નથી. જ્ઞાન પોતાનું કાર્ય કરવામાં પોતે પોતાથી જ શક્તિશાળી અને સક્ષમ છે. તેણે જ્ઞાન સ્વભાવની નૈસર્ગિક લીલાને જોવી તો પડશે જ. જ્ઞાન સ્વભાવમાં ડૂબકી મારતાં જણાયું કે– ત્યાં માત્ર જાણવું.. જાણવું... જાણવું સિવાય અન્ય કંઈ જ નથી. તેમાં નથી જ્ઞેયોની આહટ કે નથી જ્ઞેયાકારોની તરંગાવલિ; ત્યાં એકરૂપ અખંડ જાણનભાવમાં તો માત્ર જાણનભાવ જ છે.

## (૧) સ્વપ્રકાશક જ્ઞાનનું સ્વરૂપઃ-

આ સ્વપ્રકાશકતા તે જ્ઞાનનો ઉપાદેય સ્વભાવ છે. જ્ઞાન પર્યાયને સામાન્ય દ્રવ્યનું જ અવલંબન છે અને જેનું અવલંબન છે તેનું જ અવલોકન છે. ''સામાન્યને અવલોકતો અને વિશેષને નહીં અવલોકતો.'' જ્ઞાનને જેનું લક્ષ છે તેમાં જ તેનું અહમ્ હોવાથી ત્યાં માત્ર સ્વલક્ષ સ્વભાવાત્પણું જ વર્તે છે.

સ્વપ્રકાશક જ્ઞાનનો વિષય અપરિણામી ધ્રુવ તત્ત્વ હોવાથી તેને પરમ શુદ્ધ નિશ્ચયનય પણ કહેવાય છે. આ નિર્વિકલ્પ નિશ્ચયનયની અપેક્ષાએ નિશ્ચય સ્વ-પર પ્રકાશક જ્ઞાન પણ પ્રમાણની કોટિમાં ચાલ્યું જાય છે. માત્ર સર્વોપરી તત્ત્વમાં જ ઉપાદેયતા હોવાથી સ્વપ્રકાશકની અપેક્ષાએ અંદરનું સ્વ-પર પ્રકાશક પણ હેય કોટિમાં ચાલ્યું જાય છે. કેમ કે– જ્ઞાન પર્યાયનો અનંતો પુરુષાર્થ જ્ઞાયકની સન્મુખ વર્તતો હોવાથી તેનાં ફળમાં બાકીના સ્વ-પર પ્રકાશક જ્ઞાનના પ્રકારો વિના પુરુષાર્થે આપોઆપ પ્રગટી જાય છે. સ્વ પ્રકાશકતા તે જ્ઞાનનો મૂળ સ્વભાવ છે. નિયમસાર શુદ્ધોપયોગ અધિકારમાં કહ્યું કે– ''સ્વપ્રકાશક લક્ષણથી આત્મા લક્ષિત થાય છે.'' આ જ્ઞાન પર્યાયનો નિશ્ચય સ્વભાવ હોવાથી તે કેવળ શુદ્ધાત્માને જ જાણતું પરિણમે છે. "કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન" પ્રવચનસારમાં કહ્યું કે–કેવળજ્ઞાન વડે કેવળ શુદ્ધાત્માને જાણે છે માટે તેને કેવળી કહીએ છીએ.

## (૨) નિશ્ચય સ્વ-પર પ્રકાશક જ્ઞાનનું સ્વરૂપઃ-

શ્રી પંચાધ્યાય કર્તાએ આ જ્ઞાનને સ્વ-પર વ્યવસાયાત્મક કહ્યું છે. તેના બે પ્રકાર છે– (૧) નિશ્ચયથી સ્વ-પર પ્રકાશક અને (૨) વ્યવહારથી સ્વ-પર પ્રકાશક.

નિશ્ચય સ્વ-પર પ્રકાશક જ્ઞાન જે નિર્વિકલ્પ ધ્યાનના કાળે પ્રગટ થાય છે તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અકલંકદેવે- **"આત્માર્થ ગ્રાહક વ્યવસાયાત્મક જ્ઞાનને પ્રમાણ લક્ષણ નિર્મિત કર્યું છે."** આ નિશ્ચય સ્વ-પર પ્રકાશક જ્ઞાનને નિર્વિકલ્પ પ્રમાણ એટલા માટે કહ્યું કે- જ્ઞાને જ્ઞાયકને જાણ્યો છે અને સાથે આનંદ આવ્યો તેને પણ જાણ્યો. નિર્વિકલ્પ ધ્યાનના કાળે સામાન્ય વિશેષાત્મક આખો પરિણામી આત્મા જ્ઞાનમાં સ્વજ્ઞેયપણે જણાય છે. જ્ઞાને જ્ઞાનને જાણ્યું તે 'સ્વ' અને બીજા ગુણોની નિર્મળ પર્યાયને જાણી તે 'પર' આમ અંદરમાં ને અંદરમાં સ્વ-પર પ્રકાશકપણું છે. આ જે નિશ્ચયથી સ્વ-પર પ્રકાશક જ્ઞાન પ્રગટયું તેમાં જાણવાની મુખ્યતા રહેલી છે જાણવાના સ્વભાવમાં વિષયનો પ્રતિબંધ છૂટી ગયો હોવાથી યુગપદ્ અક્રમે અનંતગુણ-પર્યાયો સહિતનું પૂર્ણ સ્વજ્ઞેય જણાય છે. આ સ્વ-પર પ્રકાશક જ્ઞાનને નિશ્ચય એટલા માટે કહ્યું કે-તે એક દ્રવ્યાશ્રિત છે. **''સ્વાશ્રિતો નિશ્ચય''**, નિશ્ચય સ્વાશ્રિત છે. વસ્તુવૃત્તિએ અખંડ હોવાથી તેમાં લક્ષ-લક્ષણનો ભેદ દેખાતો નથી. નિર્વિકલ્પતામાં ધ્યેયપૂર્વક જ્ઞેય થયું અને તે સમયે જ્ઞાન સ્વ-પર વ્યવસાયાત્મક હોવાથી ખબર પડી કે મને સમ્યગ્દર્શન થયું છે.

નિયમસાર ગાથા ૧૫૯ માં સ્વ-પર પ્રકાશકની આગળ ટીકાકારે ''કથંચિત્'' શબ્દ મૂક્યો. સ્વાનુભવના કાળે પ્રગટ થતું નિશ્ચય સ્વ-પર પ્રકાશક જ્ઞાન જેનાથી જગતના જીવો અજાણ છે. **''પરાશ્રિતો વ્યવહાર''** વ્યવહારે સ્વ-પર પ્રકાશકપણું સર્વથા નથી. પોતાના દ્રવ્ય-ગુણ અને નિર્મળ પર્યાયને જાણે છે તે નિશ્ચય સ્વ-પર પ્રકાશક છે. ''કથંચિત્'' માંથી નિશ્ચય અને વ્યવહાર બે પ્રકાર પાડયા.

**"સ્વ-પર પ્રકાશક શક્તિમેં ભેદ નહીં ભાસતું હૈ;**
**સ્વ-પર પ્રકાશક શક્તિ અખંડ રીતિ ધરી હૈ."**

આ જે નિશ્ચય સ્વ-પર પ્રકાશક જ્ઞાન છે તે અખંડ જ્ઞાન છે. સ્વ-પર બે જણાય છે તેવા ભેદ પણ નહીં. તે સ્વ-પર પ્રકાશક જ્ઞાનને અખંડ જ્ઞાન કરતો તે પોતે પોતાથી જ અખંડપણે અનુભવાય છે-જણાય છે. આ અખંડ જ્ઞાન જ્ઞાયકથી તાદાત્મ્ય હોવાથી તેમાં જ્ઞાયક જ સ્વજ્ઞેયપણે જણાય રહ્યો છે. આ અતીન્દ્રિય સ્વ-પર પ્રકાશક જ્ઞાનને ભાવેન્દ્રિયની બિલકુલ અપેક્ષા નથી. તે પરના આલંબન વિના, પરની અપેક્ષા વિના, પરની સન્મુખતા વિના, પરથી તન્મય થયા વિના પરપ્રકાશક એવા જાણકભાવ સ્વરૂપે પોતે જ પોતાથી પરિણમી જાય છે. આ પરપ્રકાશક સ્વભાવને કોઈ ટાળી શકતું નથી. આ પરપ્રકાશકના કાળે પણ જ્ઞેયપણે તો એક જ્ઞાયક જ દેખાય છે. જ્ઞાનશક્તિ મારી અને પ્રમેયત્વ શક્તિ પણ મારી હોવાથી દ્રવ્ય-ગુણ-પર્યાય એવા પ્રમેયમયી આત્માને જ્ઞાનશક્તિમયી આત્મા જાણે છે. નામ ભેદ હોવા છતાં વસ્તુભેદ નથી; તેથી આત્મા જ આત્માને જાણવારૂપે પરિણમે છે. **જાણનાર પણ હું અને જણાવા યોગ્ય પણ હું તેવો અભેદ ચેતના સર્વસ્વ હું છું.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**આ પ્રમાણે જે જ્ઞાન સ્વપ્રકાશક છે તે જ જ્ઞાન પર પ્રકાશક છે. જે જ્ઞાન પર પ્રકાશક છે તે જ જ્ઞાન સ્વપ્રકાશક છે. તેથી આ નિશ્ચય સ્વ-પર પ્રકાશક જ્ઞાન પણ સ્વ પ્રકાશક જ છે.**

## (૩) સાધકની સવિકલ્પ દશાનું સ્વ-પર પ્રકાશકઃ-

સમયસર ગાથા ૧૧–ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થયું; સ્વરૂપમાં ટકાયું નહીં તો સાધક સવિકલ્પમાં આવ્યા. ઉપયોગ અભેદથી છૂટી ગયો છે, અતીન્દ્રિય જ્ઞાનની પરિણતિ અંદરમાં નિરંતર આત્માને અભેદપણે જાણતી પરિણમી રહી છે. અને સંયોગમાં ઈન્દ્રિયજ્ઞાનના પરાશ્રિત પરિણામ પણ ઉભા થયા છે. બારમી ગાથામાં એમ કહ્યું કે કોઈ કોઈને કોઈ વખતે વ્યવહાર જણાયેલો પ્રયોજનવાન છે. સવિકલ્પદશાામાં ભેદને જાણનારું જ્ઞાન ઉભુ થયું છે— એ વાત સાચી છે. હવે પ્રશ્ન છે કે– સાધકનું કયુ જ્ઞાન ભેદને જાણે છે?

*** ભેદને, મન અને ઇન્દ્રિયજ્ઞાન જાણે છે?**

*** અતીન્દ્રિયજ્ઞાનની પરિણતિ પ્રગટી તે ભેદને જાણે છે?**

*** ભેદને જાણવા માટે શુદ્ધોપયોગની જરૂરત છે?**

*** ભેદ છે એ જ્ઞાનનો વિષય છે કે બુદ્ધિનો વિષય છે?**

*** સાધક ભેદને કઈ વિધિથી જાણે છે?**

**ઉત્તર-** સાધકને સવિકલ્પ દશામાં જે વ્યવહાર ઊભો થયો છે તેને જાણવાના બે પ્રકાર છે. આ બન્ને પ્રકાર વ્યવહારમાં જાય છે. નિશ્ચયનયના પ્રકારમાં તો જ્ઞાન આત્માને જ જાણે છે અને જ્ઞાનમાં આત્મા જ સ્વજ્ઞેય પણે જણાય છે.

(૧) ભેદોના પ્રતિભાસના કાળે જાણે છે તો જ્ઞાન જ્ઞાનને જ; પણ પ્રતિભાસનું નિમિત્ત દેખીને જ્ઞાન ભેદોને જાણે છે તેવો ઉપચાર કરવામાં આવે છે. પરમાર્થે ભેદનો નિષેધ તે વ્યવહાર છે અને અભેદનો અનુભવ તે નિશ્ચય છે.

(૨) સમયસાર ગાથા ૩૭૩ થી ૩૮૨ ની ટીકામાં કહે છે કે– જે ભેદો છે તે મનના અને બુદ્ધિના વિષયમાં જાય છે. ''આત્મા જ્ઞાન ગોચર છે અને ભેદ બુદ્ધિ ગોચર છે.''

(૩) સમયસાર ગાથા–૭૫ માં કહ્યું કે–સાધક સવિકલ્પ ભૂમિકામાં છે ત્યારે પણ તેને જ્ઞાન જ કર્મ બને છે. તે કેવી રીતે ? પુદ્ગલ પરિણામના જ્ઞાનને એટલે કે જે જ્ઞાનમાં પુદ્ગલના પરિણામ પ્રતિભાસે છે તેવા જ્ઞાનને આત્માના કર્મપણે કરાતા એવા પોતાના આત્માને જાણે છે–તેવું જ્ઞાન જ આત્માનું કર્મ છે.

(૪) સાધકને શુદ્ધ પરિણતિમાં પણ આત્મા જણાય છે અને શુદ્ધોપયોગમાં પણ આત્મા જણાય છે–આટલું જ સાધકનું સ્વજ્ઞેય છે. સવિકલ્પ દશામાં જે ઉપયોગ બહિર્મુખ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય છે તે આત્માનો ઉપયોગ જ નથી, તે ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર છે. સાધકને ભાવેન્દ્રિયથી ભેદજ્ઞાન થઈ ગયું છે માટે તેને તેમાં અહમ્ થતું નથી. અહમ્ હંમેશા એક જગ્યાએ હોય છે.

પરમાગમસાર બોલ નં-૪૮૨ માં પૂ. ગુરુદેવશ્રી ફરમાવે છે કે-

ૐ **પ્રશ્ન-** સમ્યગ્દૃષ્ટિને ખંડજ્ઞાન અને અખંડ જ્ઞાન બન્ને એક સાથે હોય ?

**ઉત્તર-** સમ્યગ્દૃષ્ટિને અખંડની દૃષ્ટિ છે તેમ ખંડ-ખંડ જ્ઞાન જ્ઞેયરૂપ છે. એક જ્ઞાનની પર્યાયમાં બે ભાગ છે. જેટલું સ્વલક્ષી જ્ઞાન છે તે સુખરૂપ છે અને જેટલું પરલક્ષી પરસત્તાવલંબી જ્ઞાન છે તે દુઃખરૂપ છે. સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ પરમાં ગયો તે ખંડજ્ઞાન છે. ત્યારે જ અંતરંગમાં પરિણતિમાં અખંડના અનુભવરૂપનું અતીન્દ્રિયજ્ઞાન છે. એક જ પરિણામ છે માટે બન્ને સાથે છે. આ વિષયનું સ્પષ્ટીકરણ કરતા વચનામૃતોનો એક અલગ વિભાગ કરી તેને આ પુસ્તકમાં વણી લીધેલ છે.

## ( ૪ ) વ્યવહાર સ્વ-પર પ્રકાશક જ્ઞાનનું સ્વરૂપ :-

જેને નિશ્ચય સ્વ-પર પ્રકાશક જ્ઞાન પ્રગટ થાય છે તેને વ્યવહાર સ્વ-પર પ્રકાશક જ્ઞાન પણ પ્રગટ થાય છે... તેથી તેને સ્વ-પરનો બોધ સહજ સમ્યક્ થઈ જાય છે. આ પ્રમાણે જૈન દર્શનમાં પ્રયોજનપૂર્વક જ પદાર્થની સિદ્ધિ થાય છે. નિયમસારમાં એક ગાથા એવી મૂકી કે જેમાં કેવળી ભગવાનમાં વ્યવહાર ઉતાર્યો. કેવળી ભગવાન વ્યવહારનયે લોકાલોકને જાણે છે તેમાં શું દોષ છે ? કંઈ જ દોષ નથી; કેમકે પરમાં તન્મય થયા વિના અને લોકાલોકની સન્મુખ થયા વિના જાણે છે. ખરેખર તો આત્માને આત્માની સન્મુખ થઈને જાણે છે તો મારામાં લોકાલોકની નાસ્તિ છે તેવું જ્ઞાન સહજ થઈ જાય છે. નજર તો પોતાના આત્મદળ ઉપર છે અને આત્માને જાણતાં-જાણતાં જ્ઞાનના સ્વચ્છત્વમાં લોકાલોકના આકારો જે પ્રતિભાસે છે તે પ્રતિભાસમય જ્ઞેયાકાર જ્ઞાન જ્ઞાનમાં જણાય જાય છે— તો અસદ્ભૂત વ્યવહારનયે કહેવામાં આવે છે કે- જ્ઞાન લોકાલોકને જાણે છે. નિશ્ચયપૂર્વક વ્યવહારનું જ્ઞાન કરાવ્યું તેથી આ જ્ઞાનને પણ સ્વ-પર વ્યવસાયાત્મક કહ્યું. નિર્વિકલ્પ પૂર્ણ કેવળજ્ઞાન પર્યાયમાં ઉપર કહ્યાં તે ત્રણેય જ્ઞાન એક સાથે પ્રગટ થયા છે. તે જ્ઞાનના વિષય ભેદથી પ્રકારો પડી જાય છે. ( ૧ ) સ્વપ્રકાશક ( ૨ ) નિશ્ચિય સ્વ-પર પ્રકાશક ( ૩ ) વ્યવહાર સ્વ-પર પ્રકાશક

( ૧ ) જ્ઞાનની પર્યાયનો નિશ્ચય બતાવવો હોય ત્યારે સ્વભાવથી કથન કરે.

( ૨ ) પરની સન્મુખતા છોડાવવી હોય ત્યારે નિશ્ચયથી કથન કરે.

( ૩ ) આખા પૂર્ણ પરિણામી દ્રવ્યનું જ્ઞાન કરાવવું હોય ત્યારે જાણન સ્વભાવની મુખ્યતાથી કથન કરે.

( ૪ ) નિમિત્તને સિદ્ધ કરવું હોય ત્યારે પરપ્રકાશક ધર્મથી કથન કરે. આમ વિવિક્ષા ભેદે એક જ શુદ્ધોપયોગના આવા પ્રકારો પડી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સ્વ-પર પ્રકાશકના પ્રકારો

ॐ બાળ-ગોપાળ ને જે સ્વ-પર પ્રકાશક જ્ઞાન પ્રગટ થાય છે તેમાં પ્રતિભાસની મુખ્યતા રહેલી છે.

ॐ સ્વ-પર પ્રતિભાસમયી જ્ઞાન પર્યાયના પ્રમાણમાં હેય-ઉપાદેય કરી અને શુદ્ધાત્માના લક્ષે નિશ્ચય સ્વપ્રકાશક જ્ઞાન પ્રગટયું-આમાં ઉપાદેય સ્વભાવની મુખ્યતા રહેલી છે- જેને ધ્યેયરૂપ સ્વપ્રકાશક જ્ઞાન પણ કહેવાય છે.

ॐ નિર્વિકલ્પ ધ્યાનમાં જે નિશ્ચય સ્વ-પર પ્રકાશક જ્ઞાન પ્રગટે છે તેમાં લક્ષની વિવિક્ષા ગૌણ છે અને અક્રમે જાણવાના સ્વભાવની એટલે કે જ્ઞેયરૂપ સ્વપ્રકાશકની મુખ્યતા રહેલી છે.

ॐ સાધકને સવિકલ્પ દશામાં જે સ્વ-પર પ્રકાશક જ્ઞાન રહે છે તેમાં નિશ્ચયપૂર્વક વ્યવહારની સંધિ રહેલી છે. અહીં પણ ભેદથી જ્ઞાનની પર્યાય જ જ્ઞેયપણે જણાય છે, પર નહીં.

ॐ કેવળી ભગવાનના સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં જ્ઞાનત્વની પ્રધાનતા રહેલી છે. અહીં જ્ઞાનનું પૂર્ણ જ્ઞાનત્વ ખીલી ગયું છે.

આ પ્રમાણે સામર્થ્યને સમજે તો પર સન્મુખતા છૂટી જાય અને સ્વભાવને સમજે તો સ્વસન્મુખતા થઈ જાય છે. પરના પ્રતિભાસની અપેક્ષાએ જ્ઞાનને સ્વ-પર પ્રકાશક કહ્યું છે. અભેદ જ્ઞેય પણે તો એકરૂપ જ્ઞાન જ અભેદપણે જણાય છે તે અપેક્ષાએ તો સ્વપ્રકાશક જ છે.

## પ્રતિભાસના સ્વરૂપમાં ગહનતા અને સાર્થકતાઃ-

સ્વ-પરના પ્રતિભાસનું સ્વરૂપ બતાવી અને સંતોએ આપણા ઉપર કરુણાનો ધોધ વહાવ્યો છે. મોક્ષમાર્ગમાં મહાલવા માટે ઊંચામાં ઊંચો, સહેલામાં સહેલો અને ટૂંકામાં ટૂંકો ભેદજ્ઞાનનો માર્ગ પ્રકાશિત કર્યો છે.

'પ્રતિભાસ' એ શબ્દમાં ઘણી ગહનતા અને મર્મ ભરેલો છે. એમાં એવો અતિશય અને ચમત્કાર રહેલો છે કે- તે જ્ઞાયકનો સાક્ષાત્કાર કરાવી અને કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિના નાશનો રામબાણ ઉપાય દર્શાવે છે.

પર્યાય મારા કરવાથી થઈ કે જે થવાની હતી એ થઈ ? જ્ઞાનમાં તેનો જે પ્રતિભાસ હતો તેનો તેના સ્વકાળે ઉત્પાદ થયો કે- મેં કરી તો થઈ ? બીજું-જ્ઞાનમાં તેનો જે પ્રતિભાસ પડયો હતો તેનો આવિર્ભાવ થયો કે કંઈ બીજું થયું ? શું થયું ? ભવિષ્યમાં થનારી પર્યાયનો જ્ઞાનમાં આવિર્ભાવ થશે... પરંતુ પર્યાયને હું કરું છું તેવી કર્તાબુદ્ધિ કદી નહીં થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારા સ્વચ્છ જ્ઞાનમાં પ્રથમથી જ બધું પ્રતિભાસિત થઈ રહ્યું છે તો મારે કોને જાણવું બાકી રહે છે? સ્વ-પર પ્રતિભાસમયી મહાજ્ઞાનસામાન્યનો વિશ્વાસ આવે છે તો... પરને જાણવાની આકાંક્ષા જ થતી નથી. એ પ્રતિભાસરૂપ જ્ઞેયાકારમાં અન્વયપણે જાનનભાવ જ વર્તે છે એવું એકાકાર જ્ઞાન આત્માથી અભેદ હોવાથી તે આત્મા જ છે. આ રીતે અખંડ જ્ઞેયાકાર જ્ઞાન પરિણત એક આત્માને જાણે છે તેને કંઈ જ જાણવાનું બાકી રહેતું નથી. આ પ્રમાણે પ્રતિભાસના સ્વરૂપમાં બાર અંગના સારને સંક્ષેપમાં સમાવિષ્ટ કર્યો છે.

આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવની એક વિશિષ્ટતા છે કે– તેઓશ્રી 'પ્રતિભાસ' શબ્દનો પ્રયોગ અધિકાંશપણે કરતા માલુમ પડે છે. લઘુતત્ત્વસ્ફોટમાં કહે છે કે– **"નિર્મલ ચૈતન્ય સ્વભાવમાં સમસ્ત પદાર્થોનો સમૂહ પ્રતિબિંબિત થઈ રહ્યો છે જે નિજ અને પરના પ્રકાશ સમૂહની ભાવનાથી તન્મય છે અને તે અકૃત્રિમ છે, તે કોઈનું કર્યું નથી.''**

**ભાવાર્થઃ- તે જ્ઞાનમાં સ્વભાવથી જ લોક-અલોકના સમસ્ત પદાર્થો પ્રતિબિમ્બિત થઈ રહ્યાં છે. કેમ થઈ રહ્યાં છે? તેનો ઉત્તર એ છે કે-તે સ્વ-પર પ્રકાશક ભાવનાથી તન્મય છે. તેની એ વિશેષતા છે કે-તેમાં નિજ અને પર પદાર્થોનું પ્રતિફલન સ્વયમેવ થાય છે તે અકૃત્રિમ છે—અનુભવમાં આવે છે પણ વચનો દ્વારા કહી શકાતું નથી.** અમૃતચંદ્રદેવના આધારે પ્રતિભાસના સ્વરૂપને કહેવું વચનાતીત છે. છતાં પણ સંતોએ તેનો પરિચય જેટલી માત્રામાં આપ્યો છે તેટલો પર્યાપ્ત છે.

"પ્રતિભાસ" એ શબ્દના અનેક પર્યાયવાચી નામનો ઉલ્લેખ જોવા મળે છે. જેવા કે– સ્વચ્છત્વ–ઝલક–અવભાસન–નિર્મળતા–ઉજ્જવળતા–પ્રતિબિંબિત–પ્રતિફલન–વિકલ્પ –જ્ઞેયાકારજ્ઞાન–પ્રકાશન વગેરે એકાર્થ વાચક છે.

આ 'પ્રતિભાસ' શબ્દનો પ્રયોગ ક્યાંય તો લક્ષના રૂપમાં જોવા મળે છે, ક્યાંય જ્ઞાનત્વના રૂપમાં, ક્યાંય ભ્રાંતિના રૂપમાં, ક્યાંય ભાવેન્દ્રિયના રૂપમાં વપરાયેલો જોવા મળે છે. સામાન્યપણે તેનો અર્થ સ્વ-પર પ્રતિભાસકપણામાં જોવા મળે છે.

જિનવાણીમાં સમ્યગ્દર્શન કેમ પ્રગટે? તેના માટે ભેદજ્ઞાનનો માર્ગ બે પ્રકારે પ્રતિપાદિત કરેલ જોવા મળે છે. ( ૧ ) દૃષ્ટિ પ્રધાન કથન દ્વારા અને ( ૨ ) જ્ઞાન પ્રધાન કથન દ્વારા પણ શુદ્ધાત્માના જ દર્શન કરાવે છે. તેથી આ પ્રતિભાસ માત્ર અનેકાન્તની જ સિદ્ધિ કરાવનારો નથી પરંતુ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં જ્ઞાયક જ છે. આ પ્રકારે જ્ઞાનપ્રધાન માર્ગ પણ દૃષ્ટિપૂર્વક જ્ઞાનની સંધિ કરાવનાર છે.

સ્વ–પરના પ્રતિભાસ પાસે લાલબત્તી ધરી છે.. થોભો ! વિચારો ! જ્ઞાનની સ્વચ્છતામાં સ્વ–પર બે જણાય છે કે બે પ્રતિભાસે છે? અકાટય ન્યાયઃ– પ્રતિભાસ કદી એકનો ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હોય અને લક્ષ કદી ( સ્વ-પર ) બેનું ન હોય; એટલે કે- ''પ્રતિભાસ બેનો અને લક્ષ એકનું'' આ મહાસિદ્ધાંત છે. સ્વ-પરનો પ્રતિભાસ થવો એ વસ્તુની સ્થિતિ છે અને આ વસ્તુ સ્થિતિને કોઈ મિટાવી શકતું નથી. લક્ષ અનેકનું કે અનંતનું ન હોય પરંતુ એકના લક્ષે અનંતા પદાર્થો જણાય જાય. જ્યાં લક્ષની વાત છે ત્યાં પ્રતિભાસને ગૌણ કરીને વાત છે; નહીં કે પ્રતિભાસનો અભાવ કરીને. પરનો પ્રતિભાસ છે તેમાં નિમિત્તની વિશ્વની સિદ્ધિ થઈ પરંતુ લક્ષ એક અખંડ પરમાત્માનું છે તેમાં આત્માનુભવ સિદ્ધ થયો. આ પ્રમાણે વિવિક્ષા સમજે તો તેને કોઈ વિરોધ રહેતો નથી.

સ્વ-પર પ્રતિભાસમયી જ્ઞાન જો બહિર્મુખ થવાનું કારણ હોય તો આવો જ્ઞેયાકાર સ્વભાવ તો આઠે જ્ઞાનમાં છે; આ જ્ઞેયાકાર ધર્મનો તો કદી અભાવ થતો નથી અને આવી સ્થિતિમાં તો કોઈ જીવને કદી અંતર્મુખ થવાનો અવકાશ જ રહેતો નથી... તો વસ્તુનું વસ્તુપણું પણ રહેતું નથી અર્થાત્ વસ્તુ જ નષ્ટ થઈ જાય છે. માટે જ્ઞાનનો જ્ઞેયાકાર સ્વભાવ પરલક્ષ થવાનું કારણ નથી. એ પણ વાસ્તવિકતા છે કે- જ્ઞેયાકાર જ્ઞાન પ્રતિ સમય જ્ઞાયકની પ્રસિદ્ધિ કરી જ રહ્યું છે, આ વસ્તુ સ્થિતિ હર હાલતમાં મોજૂદ છે- તેને કંઈ કરવા ફેરવવાપણાની ગુંજાઈશ નથી. કોઈ માનો કે ન માનો; કોઈનું માનવું ન માનવું એ વસ્તુ સ્થિતિને ક્યાં લાગુ પડે છે!

* જ્ઞાયક અનાદિ અનંત
* જ્ઞાયકનું લક્ષણ ઉપયોગ તે અનાદિ અનંત
* તે સ્વચ્છ ઉપયોગમાં સ્વ-પરનો પ્રતિભાસ અનાદિ અનંત.

આ ત્રણેય સ્વભાવ અનાદિ અનંત છે તેથી જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે તેવો વિશ્વાસ આવતાં જ તે વિધિમાં આવી જાય છે. પર નથી જણાતું તેવો નિષેધ કરવાની જરૂરત જ ઊભી થતી નથી. જ્યારે સ્વ-પર પ્રકાશકમાં તો તેને વિધિ-નિષેધ કરવો પડે છે કે- જાણનારો જણાય છે અને ખરેખર પર જણાતું નથી. આ પ્રમાણે પ્રતિભાસમાં ભેદજ્ઞાનની જીવંતતા છે. સમયે સમયે આ વસ્તુ સ્થિતિ અને દરેક સમયે... તે સ્વભાવનો સ્વીકાર કરે તો તેને માટે માર્ગ ખુલ્લો જ છે.

જ્ઞાન જ્ઞાયકથી કથંચિત્ અભિન્ન હોવાથી તેનો અનુભવ હોય છે અને ભિન્નનો માત્ર પ્રતિભાસ જ હોય છે. ભિન્નમાં શું લેવું ? ગુણસ્થાન, માર્ગણાસ્થાન વગેરેનો માત્ર પ્રતિભાસ જ હોય, પરંતુ તેનો અનુભવ ન હોય કારણકે તે અચેતન છે. નિમિત્તભૂત જ્ઞેયાકારોના પ્રતિભાસથી જ્ઞાનમાં કિંચિત્ મલિનતા આવતી નથી... આથી જ્ઞાન અનાદિ અનંત મંગલ છે. જ્ઞાન જ્ઞેયાકારે પરિણમવા છતાં જ્ઞેયકૃત અશુદ્ધતા જ્ઞાનને નથી. આ પ્રકારે સ્વ-પરની જુદાઈ રાખતો પ્રતિભાસ પોતે વચ્ચે અડીખમ ઊભો છે. તે કેવળજ્ઞાન અને કેવળજ્ઞાનનો વિષય લોકાલોક તેને કદી એકમેક થવા દેતો નથી. લોકાલોક જ્ઞાનમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન આવે અને લોકાલોકનો પ્રતિભાસ જ્ઞાનમાં આવ્યા વિના રહે નહીં... આ જ વિસ્મયતા છે.

આ પ્રતિભાસના ગર્ભમાં એવી સૂક્ષ્મતા રહેલી છે કે– પ્રતિભાસમયી ઉપયોગ જે છે તે ઉપયોગવાન દ્રવ્યને પણ અંદરમાં પ્રવેશ કરવા દેતો નથી. ઉપયોગમાં દ્રવ્યનું સામર્થ્ય આવે પણ ઉપયોગનો વિષય ન આવે–આ ભેદજ્ઞાનની પરાકાષ્ટા છે. જો પર્યાયમાં દ્રવ્ય આવી જાય તો ઉપયોગ તો પલટે છે તો દ્રવ્ય પણ પલટી જાય.આ પ્રમાણે પ્રતિભાસના સ્વરૂપમાં અનેક રહસ્યો સમાયેલા છે.

**ગોમ્મટસાર ગાથા-૨ માં કહ્યું કે- "નિગોદિયાના જઘન્યજ્ઞાનમાં આવરણ હોતું નથી. તે સદા પ્રગટેલું રહે છે અને સદા નિરાવરણ રહે છે. તેમાં જો આવરણ આવી જાય તો જીવમાં જડતાનો પ્રસંગ આવશે, એવી સ્થિતિમાં વસ્તુની વસ્તુતા જ ચાલી જાય છે."** આ પ્રમાણે જોતાં તો નિગોદિયાના નિરાવરણ જ્ઞાનમાં ત્રણેકાળના દ્રવ્યો અને ત્રિકાળવર્તી પર્યાયોનો પ્રતિભાસ થયેલો છે જૂનો પ્રતિભાસ જાય નહીં અને નવો પ્રતિભાસ થાય નહીં અને તેનું આકારાન્તર પણ થાય નહીં તેવો અનાદિ અનંત સ્વભાવ છે. વળી પ્રતિભાસની એ વિશેષતા છે કે– તેમાં લબ્ધ અને ઉપયોગ તેવા બે ભેદ નથી. આ રીતે સ્વ–પરને પ્રકાશનારી એક જ્ઞાતૃતા જ પ્રગટ થાય છે. તેથી સ્વ–પર બે પદાર્થોની હૈયાતીની સિદ્ધિ આપોઆપ થઈ ગઈ.

## ઉપયોગની સ્વાભાવિક મંગલતા:-

ચૈતન્ય અનુવિધાયી પરિણામ જેને ઉપયોગ કહે છે; ઉપયોગની આ નિરપેક્ષ વ્યાખ્યા છે. આ જે ઉપયોગ પ્રગટ થાય છે તે શુદ્ધ પણ નથી અને અશુદ્ધ પણ નથી... પરંતુ તે સ્વચ્છ છે. આ સ્વચ્છ ઉપયોગનો જે ત્રીજો પ્રકાર કહ્યો તે શાસ્ત્રોમાં જોવા મળે છે. આ અનાદિ અનંત વસ્તુની સ્થિતિનું સ્વરૂપ છે. ધ્યેયપૂર્વક જ્ઞેય થાય તે જુદી વાત છે, તેમાં તો પર્યાયને સ્વ સન્મુખ કરવાની છે. આ તો પ્રથમથી ધ્યેય સ્વરૂપે અને જ્ઞેય સ્વરૂપે રહેલો છે. ત્રણેકાળે પ્રકાશમાં સૂર્ય પ્રતિષ્ઠિત જ છે. પ્રકાશથી સૂર્ય અનાદિ અનંત અભેદ જ છે. તેમ જાનનક્રિયા અને આત્મા તેવો ભેદ નથી; જો ભેદ પાડે તો મિથ્યાત્વનો દોષ લાગે છે. આ વાત સમ્યગ્જ્ઞાન પ્રધાન ચાલે છે– તેથી એ ખ્યાલ રાખવો કે– જ્ઞાન, દૃષ્ટિના વિષયને પોષે છે, પરંતુ દૃષ્ટિના વિષયનું ખંડન કરતું નથી.

**શ્રી જયસેન આચાર્યદેવ પ્રવચનસાર ગાથા-૧૩૭ ની ટીકામાં લખે છે... "उवजोगमयो- ઉપયોગમય છે. નિશ્ચયથી અખંડ એક પ્રતિભાસમય ( જ્ઞાન સ્વરૂપ ) પરિપૂર્ણ શુદ્ધ કેવલજ્ઞાન કેવલદર્શન લક્ષણથી પદાર્થોને જાણવાની ક્રિયારૂપ એવા શુદ્ધોપયોગથી ( રચિત જીવ ઉપયોગમય છે. ) વ્યવહારથી મતિજ્ઞાનાદિ અશુદ્ધોપયોગથી નિવૃત્ત હોવાના કારણે તે ઉપયોગમય છે." આ ઉપયોગ લક્ષણ નવું પ્રગટ થતું નથી પરંતુ તેનું ભાન નવું થાય છે. ઉપયોગનો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ક્યારેય નાશ થયો નથી... કેમકે જ્ઞાન તો થઈ જ રહ્યું છે– તેથી જ્ઞાનમાં જ્ઞાન જણાય જાય છે.**

''વર્તમાન જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ થાય છે''– એટલે કે જણાય જ રહ્યો છે. જ્ઞાન તેને ન જાણે તોય જણાય, જાણવાના પ્રયત્ન વિના જણાયા જ કરે... જ્ઞાન જાણે અને આત્મા જણાય તેવું ફકંશન કોઈનું કર્યું કરાતું નથી અને કોઈ રોકવા માગે તો રોકાતું નથી. આવું જાણવું અને પરિણમવું થાય તેને સમયસાર ગાથા–ર માં 'સમય' નામનો પદાર્થ કહ્યો છે. પૂ. ગુરુદેવશ્રી પ્રવચન રત્નાકર ભાગ–૧ માં કહે છે– આ દષ્ટિનો વિષય નથી. દષ્ટિનો વિષય આગળ કહેશે.

આ ઉપયોગનું સ્વરૂપ અદ્‌ભૂત છે. સ્વ–પરની પૂર્ણ સત્તા ને અભેદપણે સામાન્ય નિરાકારભાવને દેખવારૂપ દર્શનોપયોગ અને તે જ સમયે સ્વ–પરની સત્તાને છિન્ન–ભિન્ન કરીને વિશેષભાવને દેખવારૂપ એવો સાકાર જ્ઞાનોપયોગ લક્ષણ તેવો અદ્‌ભૂતાતીત ભાવરસ જેમાં પ્રગટ ભર્યો છે તેવું નિરપેક્ષ લક્ષણ છે. ?

શ્રી સમયસાર શ્લોક ૧૮૩ ના ભાવાર્થમાં કહ્યું છે કે–સમસ્ત વસ્તુઓ સામાન્ય વિશેષાત્મક છે. તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ સામાન્ય પ્રતિભાસરૂપ ( દર્શનરૂપ ) અને વિશેષ પ્રતિભાસરૂપ ( જ્ઞાનરૂપ ) હોવી જોઈએ. જો ચેતના પોતાની દર્શન જ્ઞાન રૂપતાને છોડે તો ચેતનાનો જ અભાવ થતાં, કાં તો ચેતન આત્માને જડપણું આવે અથવા તો વ્યાપકના અભાવથી વ્યાપ્ય એવા આત્માનો અભાવ થાય અને ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય– માટે ચેતના દર્શનજ્ઞાન સ્વરૂપ જ માનવી. પર પદાર્થના પ્રતિભાસથી દ્રવ્ય–ગુણમાં તો હાનિ વૃદ્ધિ ન થાય પણ ચેતના શક્તિની સ્વચ્છતામાં પણ હાનિ–વૃદ્ધિ ન થાય. તે બધા પદાર્થો પ્રત્યે સમાન ભાવે વર્તે છે. વિશ્વમાં એવું કોઈ દ્રવ્ય નથી કે જે જ્ઞાનમાં પ્રતિભાસ ન થયું હોય. સ્વ–પરના પ્રતિભાસને પાછો ખેંચી શકાતો નથી, જો તેને પાછો ખેંચવા જાય તો આ સ્વાભાવિક સ્વચ્છતાનો ઉચ્છેદ થઈ જાય તો જ્ઞાન–દર્શન લક્ષણનો જ ઉચ્છેદ થઈ જાય છે અને લક્ષણ ન રહેતાં લક્ષ્યનું પણ હોવાપણું રહેતું નથી. તેથી સર્વ જીવોને ચેતના લક્ષણ પ્રગટ થાય છે. સ્વ–પરનો પ્રતિભાસ કરનારી ચેતના તે પદાર્થોને કહેતી નથી કે–તમે મારામાં પ્રતિભાસો ! તો પણ ઉપયોગનો તેવો સહજ સ્વચ્છ સ્વભાવ હોવાના કારણે તેમાં સ્વ–પરનો પ્રતિભાસ વગર પુરુષાર્થે થયા જ કરે છે. ત્રણકાળ ત્રણલોક સહિત સમસ્ત પદાર્થો પ્રતિભાસે તેવી અપરિમિત ચેતના શક્તિ છે. આ તો પોતાના સ્વભાવિક જ્ઞેયાકારોથી રચાયેલ જ્ઞાનની સૃષ્ટિ છે. આવા જ્ઞેયાકાર ચૈતન્યમય ઉપયોગને ન માને તે અજૈન છે અને માત્ર જ્ઞેયાકારનું લક્ષ કર્યા કરે તે પણ અજૈન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સ્વભાવ જે પ્રગટ છે તે દેખન જાનનરૂપ સદૃશ્ય ધ્રુવ પ્રવાહરૂપ છે. આ પ્રગટ અંશ કર્મોપાધિ નિરપેક્ષ હોવાથી તે પારિણામિક ભાવે છે અને તેવું સમયે-સમયે ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન હોવાથી તે પર્યાયાર્થિકનયનો વિષય છે. આ રીતે જોતાં **"દર્શન જ્ઞાનમય ઉપયોગ લક્ષણ છે તે પર્યાયાર્થિકનયનો પારિણામિક ભાવ છે." જે નિરપેક્ષ પ્રમાણજ્ઞાનનો વિષય છે.**

દ્રવ્યસંગ્રહમાં સામાન્ય ઉપયોગનું સ્વરૂપ દર્શાવતાં કહે છે કે- પાંચ સમ્યગ્જ્ઞાન પર્યાયો અને ત્રણ મિથ્યાજ્ઞાન પર્યાય એવી આઠે પ્રકારની સાપેક્ષ પર્યાયોથી રહિત જે સામાન્ય ઉપયોગ છે તે જીવનું નિરપેક્ષ લક્ષણ છે. પંચાસ્તિકાય ૧૨૧ ગાથાની ટીકામાં કહ્યું કે- સ્વ-પરની જ્ઞપ્તિરૂપ પ્રકાશતું જ્ઞાન તે જ ગુણ-ગુણીના કથંચિત્ અભેદને લીધે તે જીવ જ છે.

મોક્ષમાર્ગ પ્રકાશક કર્તાએ ઉપયોગને અબાધિત લક્ષણ કહ્યું છે. કેમ કે જીવ નિત્ય નિરાવરણ છે તો તેનું જ્ઞેયભૂત લક્ષણ પણ નિત્ય નિરાવરણ જ છે. જીવ અનાદિ અનંત છે તો તેનું લક્ષણ પણ અનાદિ અનંત છે. જીવ નિરપેક્ષ છે તો તેનું લક્ષણ પણ નિરપેક્ષ છે. જીવ બંધ-મોક્ષનું કારણ નથી તો તેનું લક્ષણ પણ બંધ મોક્ષનું કારણ નથી. આવા સ્વભાવિક મંગલ ઉપયોગનું સ્વરૂપ સમજતાં સ્વચ્છતાનો પિંડ જે જ્ઞાનમય આત્મા છે તેની મહિમા આવે છે. આ પ્રમાણે લક્ષણનો નિર્ણય થતાં લક્ષ્યભૂત તત્ત્વનો નિર્ણય થઈ અને તે અભેદનો અનુભવ કરાવે છે. ઉપયોગનું સામર્થ્ય પરને જાણવાનું હોવા છતાં તે પરમાં તન્મય થઈને જાણતું નથી. ઉપયોગનો સ્વભાવ ઉપયોગવાનને જાણવાનો હોવાથી તે જ્ઞાયકને તન્મય થઈને જ જાણે છે.

**પં. દીપચંદજી સાહેબ આત્મ અવલોકનમાં છદ્મસ્થ જીવોને પરમાત્મપણાની પ્રાપ્તિની ટૂંકી અને સફળ રીત બતાવતાં કહે છે કે- દર્પણને વ્યાપ્ય-વ્યાપક અંગથી દેખવામાં આવે તો તે એક સ્વચ્છતાનો જ પિંડ છે, તે અપેક્ષાએ તેમાં અન્ય કંઈ જ નથી અને તે સ્વચ્છતાનો ભાવ જેમ છે તેમ છે. તેવી જ રીતે ચેતન પરિણામ તમે દેખો. તાદાત્મ્ય વ્યાપ્ય વ્યાપકપણે તો નિર્મળ કેવળ એક ચેતના વસ્તુનો પિંડ બંધાયો છે. તે પિંડ બાંધવામાં તો અન્ય શુદ્ધ-અશુદ્ધ, સંસાર-મુક્તિ, ભેદ-અભેદ, નિશ્ચય-વ્યવહાર, નય-નિક્ષેપાદિ, જ્ઞેયાકાર-પ્રતિભાસાદિ સર્વે ભાવો છે તેમનો રંચમાત્ર ભાવ મળ્યો નથી.**

## સ્વ-પરના પ્રતિભાસ કાળે ટર્નિંગ પોઈન્ટ:-

"જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે." જ્ઞેયાકાર અવસ્થા એટલે સ્વ-પરના પ્રતિભાસવાળી અવસ્થા... એટલે સ્વચ્છ ઉપયોગ. આચાર્યદેવે 'જ્ઞાનાકાર'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ ન કહેતાં તેને જ્ઞેયાકાર અવસ્થા કહેવાનું પ્રયોજન શું છે? જ્યાં સુધી સ્વ-પરનો પ્રતિભાસ થાય છે ત્યાં સુધી તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન કે મિથ્યાજ્ઞાન નામ પામતું નથી- માટે તેને જ્ઞાનાકાર ન કહેતાં 'જ્ઞેયાકાર' કહ્યું. જ્ઞેયાકારમાં સ્વ અને પર બે આવે. તે બન્ને એક સાથે અનાદિ અનંત પ્રતિભાસે છે. સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાય અને તેના ત્રયકાલિન પર્યાયો બધું જ પ્રતિભાસે તેવો અખંડ જ્ઞેયાકાર ઉપયોગ પ્રગટ થાય છે. જ્ઞેયાકારપણે થવું તે જ્ઞાનના સ્વચ્છત્વનો મૂળ સ્વભાવ છે. આખું વિશ્વ ઈચ્છા વિના, વિકલ્પ વિના, તેની સન્મુખ થયા વિના બધા જ પદાર્થો પ્રતિભાસે છે. જ્ઞાન જ્ઞાનના સ્થાનમાં છે અને જ્ઞેયો જ્ઞેયના સ્થાનમાં છે, તેમાં જ્ઞેયત્વ છે અહીંયા જ્ઞાનત્વ છે, આથી તે બધાના વિશેષાકારે જ્ઞાનમાં જ્ઞાનની પરિણતિ થાય છે જેને જ્ઞેયાકાર પરિણતિ કહે છે. હવે કહે છે- તને સ્વ જણાય છે કે પર? અહીં વિષય ભેદે તે જ સામાન્ય જ્ઞાનના બે ભેદ થઈ જાય છે.

ૐ જ્ઞાયક અનાદિ અનંત છે.

ૐ ચૈતન્ય અનુવિધાયી પરિણામ એવો ઉપયોગ અનાદિ અનંત છે.

ૐ આ ઉપયોગની સ્વચ્છતામાં સ્વ-પરનો પ્રતિભાસ અનાદિ અનંત છે.

આ ત્રણેય વસ્તુ સ્વભાવરૂપ હોવાથી તે સમ્યગ્જ્ઞાન કે મિથ્યાજ્ઞાનનું કારણ થતી નથી. આવી વસ્તુ સ્થિતિ જીવમાત્રની છે, હવે પરિસ્થિતિ ક્યાં પલટે છે તે કહે છે. પંચાધ્યાય ભાગ-૧, ગાથા ૫૫૮ કહે છે કે- **"જ્ઞાન અર્થ વિકલ્પાત્મક હોય છે. અર્થાત્ જ્ઞાન સ્વ-પર પદાર્થને વિષય કરે છે. તેથી જ્ઞાન સામાન્યની અપેક્ષાએ જ્ઞાન એક જ છે. કેમકે અર્થ વિકલ્પપણું બધા જ્ઞાનોમાં છે. પરંતુ વિશેષ વિશેષ વિષયોની અપેક્ષાએ તે જ જ્ઞાનના બે ભેદ થઈ જાય છે. (૧) સમ્યગ્જ્ઞાન (૨) મિથ્યાજ્ઞાન.**

સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ સ્વ-પર બધું જ પ્રતિભાસે છે તેવી એક જ્ઞાન પર્યાય પ્રગટ થાય છે. આ વાત ઇન્દ્રિયજ્ઞાનની કે વિશેષરૂપ અતીન્દ્રિય જ્ઞાનની નથી. આ જ્ઞાનનું લક્ષણ જાણવું... જાણવું... જાણવું જ છે. હવે વિશેષ-વિશેષ વિષયોની અપેક્ષાએ કોઈ જીવ જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરે છે અને કોઈ જીવ જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરે છે. બન્ને અવસ્થામાં સામાન્યજ્ઞાન તો કોમન રહે છે. આ જ જ્ઞાનના વિષય ભેદે ભેદ પડી જાય છે. અનાદિથી આવું એક પ્રકારનું જ્ઞાન પ્રગટ થતું હોવા છતાં... કોઈ જીવ એમ લ્યે કે- સામાન્ય તત્ત્વ તે હું છું...; કોઈ જીવ એમ લ્યે કે- રાગ તે હું છું આમ સ્વ-પર બે વિષયના ભેદથી તે જ્ઞાનના સમ્યગ્જ્ઞાન અથવા મિથ્યાજ્ઞાન તેવા બે ભેદ પડી જાય છે. સમ્યગ્જ્ઞાનનું કારણ વસ્તુનું યથાર્થ સ્વરૂપ છે. અભેદ એકરૂપ ચૈતન્ય સ્વરૂપને જાણે તો સમ્યગ્જ્ઞાન થઈ જાય છે અને સ્વપરના પ્રતિભાસમાંથી કોઈ જીવ તત્ત્વને છોડી અને રાગાદિનું લક્ષ કરે તો મિથ્યાજ્ઞાન થઈ જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સ્વ-પર પ્રતિભાસમય ઉપયોગ પ્રગટ થતાંના સમયે જ કન્વર્ટ થાય છે. જો તે પરસન્મુખતા કરતો પ્રગટ થાય તો જીવ બંધમાર્ગમાં ચાલ્યો જાય છે અને તે ઉપયોગ સ્વસન્મુખતા કરતો પ્રગટ થાય તો જીવ મોક્ષમાર્ગમાં આવી જાય છે. જો સ્વ-પરનો પ્રતિભાસ ન થતો હોત તો કોઈ બંધાત નહીં અને કોઈ મોક્ષમાં પણ ન જાત. અને જ્ઞાન પ્રથમથી સ્વ-પરને જાણતું હોત તો પણ કોઈને બંધ કે મોક્ષ ન થાત. આ પ્રમાણે જ્ઞેયાકાર અવસ્થાને સ્વીકારતાં સૌ પ્રથમ તો હું સ્વ-પરને જાણું છું તેવી ભ્રાંતિ ટળી ગઈ. પર પદાર્થ મારા જ્ઞેયને હું તેનો જ્ઞાતા તેવી ભ્રાંતિ છૂટી ગઈ. હવે જ્ઞેયાકાર જ્ઞાનથી જ્ઞાયક તાદાત્મ્ય હોવાથી જ્ઞાયક જ જ્ઞેયપણે જણાય છે, તો જ્ઞેયાકાર જ્ઞાન પર્યાયનો ભેદ પણ જણાવો બંધ થઈ ગયો. —તે કેવી રીતે ?

"જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે." એ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયો પ્રતિભાસે છે તો પણ જ્ઞેયકૃત મલિનતા આવતી નથી. તેવી સ્વચ્છતામયી જ્ઞેયાકાર અવસ્થા જણાય છે ? કે જ્ઞેયાકાર એવું એકરૂપ જ્ઞાનાકાર જ્ઞાન જણાય છે ? કે જ્ઞાયક જણાય છે ?

હવે અહીં પ્રયોગની શરૂઆત થઈ. અહીં પરોક્ષ અનુભૂતિથી શરૂઆત થાય છે અને પ્રત્યક્ષ અનુભૂતિ થતાં પૂર્ણ વિરામ થાય છે. જ્ઞેયાકાર અવસ્થા થઈ... પણ તે વખતે તેને જ્ઞેય જણાતું નથી; પરંતુ જાણનારો જણાય છે... આવું ભેદજ્ઞાન થતાં ઉપયોગ આત્માની અભિમુખ થાય છે... પણ હજુ અભેદ થયો નથી. પછી જાણનારો જણાય છે એવા ભેદનું લક્ષ છૂટી જતાં અને ઉપયોગ અભેદ તરફ ઢળી જતાં 'હું જ્ઞાયક જ છું' – તેમ પ્રત્યક્ષ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થાય છે. આ ઉપરથી એમ ફલિત થયું કે...

**જ્ઞેયાકારના સામર્થ્યમાં માત્ર સ્વ-પરનો પ્રતિભાસ થવો છે.**

**જ્ઞેયાકારનો સ્વભાવ માત્ર જ્ઞાયકને જ જાણવાનો છે.**

## કેવળજ્ઞાનના પટારામાંથી નીકળેલ નિધાનઃ-

શ્રી પ્રવચનસાર ૩ર ગાથાની ટીકામાં કેવળજ્ઞાનનું સ્વરૂપ વર્ણવતાં લખે છે કે– "પ્રથમથી જ સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમ્યો હોવાથી પછી પરરૂપે– આકારાન્તરરૂપે નહીં પરિણમતો થકો, સર્વ પ્રકારે અશેષ વિશ્વને, ( માત્ર ) દેખે જાણે છે." ભાવાર્થમાં છે કે– "દરેક આત્મા સ્વભાવે કેવળી ભગવાન જેવો જ હોવાથી;" એટલે કે તેનો સ્વચ્છ ઉપયોગ પણ "પ્રથમથી જ સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમ્યો હોવાથી" આ સિદ્ધાંતમાં સૌ પ્રથમ તો...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૧) જ્ઞેયાકાર અવસ્થાની સિદ્ધિ થઈ.

(૨) અનાદિ અનંત પ્રતિભાસની સિદ્ધિ થઈ.

(૩) અનાદિથી જ્ઞાયક જણાય રહ્યો છે તેની સિદ્ધિ થઈ.

(૪) પ્રતિભાસ થઈ ચૂક્યો છે, માટે તેના આવિર્ભાવની પણ સિદ્ધિ થઈ.

(૫) ભવિષ્યમાં થનાર કેવળજ્ઞાન પર્યાયની સિદ્ધિ થઈ.

(૬) જ્ઞેયાકારોમાં વધ-ઘટ નથી તેથી આકારાન્તર પણ થતું નથી.

(૭) તેથી ક્રમબદ્ધ પર્યાયની પણ સિદ્ધિ થઈ.

(૮) ક્રમબદ્ધ પર્યાય સિદ્ધ થતાં જ અકર્તાની સિદ્ધિ થઈ.

(૯) અકર્તા આત્મા ધ્યાનનું ધ્યેય અને જ્ઞાનનું જ્ઞેય થતાં જ ધ્યેયપૂર્વક જ્ઞેય થયું.

(૧૦) આત્માનુભવ થતાં જ કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિનો નાશ થયો.

(૧૧) આ રીતે પ્રતિભાસ સિદ્ધ થતાં જ જ્ઞાન પરને જાણે છે અને જ્ઞાનમાં પર જણાય છે તે શલ્યનો મૂળમાંથી ક્ષય થયો. જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ થઈ રહ્યો છે તેનો વિશ્વાસ આવ્યો; જ્ઞાયકનો વિશ્વાસ આવતાં તે સવિકલ્પ સ્વસંવેદનમાં આવી અને પ્રત્યક્ષ નિર્વિકલ્પ સ્વસંવેદનપણે પરિણમી ગયો.

## પ્રતિભાસથી જ્ઞાન-અજ્ઞાનની સિદ્ધિઃ-

ભ્રાંતિ થવાનું કારણ પણ પ્રતિભાસ અને ભ્રાંતિ ટળવાનું કારણ પણ પ્રતિભાસ.

*** રાગનો પ્રતિભાસ થાય છે માટે તો ભ્રાંતિ થાય છે.**

*** રાગનો તો માત્ર પ્રતિભાસ જ થાય છે માટે તો ભ્રાંતિ ટળી જાય છે.**

(૧) જો રાગાદિનો પ્રતિભાસ જ ન થતો હોત તો કોઈને ભ્રાંતિ જ ન થાત એટલે કે- સંસાર જ ઊભો ન થાત.

(૨) રાગનો તો માત્ર પ્રતિભાસ જ થાય છે, તે રાગ મારા જ્ઞાન ઉપયોગમાં ક્યાં આવ્યો છે... આવો વિશ્વાસ આવતાં રાગથી ભેદજ્ઞાન થઈ અને અભેદ આત્માનો અનુભવ થાય છે. આ પ્રકારે જોતાં તો પ્રતિભાસના માધ્યમ દ્વારા મોક્ષમાર્ગ પ્રગટ કરવો કેટલો સરળ થઈ ગયો. માટે નક્કી થયું કે- રાગનો ઉદય અજ્ઞાન થવાનું કારણ નથી. રાગનો પ્રતિભાસ પણ અજ્ઞાન થવાનું કારણ નથી... પરંતુ જ્ઞાનમાં રાગનો પ્રતિભાસ દેખીને હું રાગી એવી જે ભ્રાંતિ ઊભી થઈ તે જ સંસાર છે. આ રીતે પર વસ્તુ સાથે એકત્વ સ્થાપિત કરીને કર્તાકર્મની ભ્રાંતિરૂપ મહા મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. આ અજ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પત્તિનું મૂળ પોઈન્ટ બતાવ્યું. હવે ત્યાં જ ટર્નિંગ પોઈન્ટ છે... એટલે વાસ્તવિક વસ્તુ સ્થિતિનો સ્વીકાર આવતાં જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. અજ્ઞાનનું સાચું જ્ઞાન થાય તો જ્ઞાન પ્રગટ થાય છે. પુરુષાર્થ સિદ્ધિ ઉપાય ગાથા-૧૪ માં કહ્યું કે- "જ્ઞાની અજ્ઞાનીને પદાર્થના પ્રતિભાસ સંબંધી તફાવત છે."

સ્ફટિકમણિની સામે લાલ ફૂલ છે. બન્ને પદાર્થો ભિન્ન ભિન્ન છે. સ્ફટિકની સ્વચ્છતા લાલ ફૂલમાં જતી નથી અને ફૂલની રતાશ ઉડીને સ્ફટિકમાં આવતી નથી. સ્ફટિકમણિની સ્વચ્છ પર્યાયમાં માત્ર લાલફૂલનો પ્રતિભાસ થાય છે ત્યારે તેને જોનારા બે જીવો છે- ( ૧ ) અપરીક્ષક ( ૨ ) પરીક્ષક. જો સ્ફટિકની પર્યાય લાલ થઈ ગઈ હોય તો બન્નેને લાલ દેખાવી જોઈએ. એક કહે છે- સ્ફટિકમણિ લાલ છે, બીજો કહે છે- સ્ફટિકમણિ દ્રવ્ય-ગુણ અને પર્યાયે સ્વચ્છ સ્વચ્છ ને સ્વચ્છ જ છે... અને રતાશ છે તે ફૂલની છે. સ્વભાવગ્રાહી જ્ઞાનથી જોનારો પરીક્ષક હોવાથી તેને સ્ફટિકમણિની સામે લાલ ફૂલનો સંયોગ છે તે કાળે સ્ફટિકની પર્યાય સ્વચ્છ જણાણી. અને અપરીક્ષક છે તે સંયોગદૃષ્ટિથી વસ્તુને નિહાળે છે તો તેને ભ્રાંતિ થાય છે કે- સ્ફટિક લાલ થઈ ગયું.

ભ્રાંતિ થવાનું કારણ આગળ કહ્યું કે- સામે જેવા પદાર્થાકાર છે તેવા જ પ્રકારે અહીં જ્ઞાન જ્ઞેયાકારપણે થાય છે. જાણે છે તો નૈમિત્તિક જ્ઞેયાકારને અને ભ્રાંતિ થાય છે કે- મેં નિમિત્તભૂત જ્ઞેયાકારોને જાણ્યાં— તેથી ઇન્દ્રિયજ્ઞાન ચાલુ હતું અને ચાલુ રહ્યું.

જ્ઞાન શરીરને ક્યારે જાણી શકે ? જ્ઞાન શરીરથી તન્મય થાય તો જ્ઞાન શરીરને જાણી શકે. જ્ઞાન શરીરથી તન્મય તો થતું નથી; તે જાણે છે તો શરીરાકારપણે જે જ્ઞેયાકારજ્ઞાન પરિણમ્યું છે તેને, તો પણ અખંડ એકરૂપ સ્વભાવનું ભાન નહીં હોવાથી... તેને ભ્રાંતિ થઈ કે મેં શરીરને જાણ્યું. આમ જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલુમ થતાં જ્ઞેયાકાર અખંડ જ્ઞાનને ખંડ-ખંડ કરી નાખ્યું.

યોગસાર પ્રાભૃતમાં અમિતગતિ આચાર્યદેવ કહે છે કે- "ભિન્ન-ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ હોવાને કારણે શરીર અને આત્માનો સદા પરસ્પર ભેદ છે. શરીર ઇન્દ્રિયજ્ઞાનથી જણાય છે અને આત્મા ખરેખર સ્વસંવેદન જ્ઞાનથી જાણવામાં આવે છે." ઇન્દ્રિયજ્ઞાન અચેતન જ્ઞેય હોવાથી તેમાં શરીરથી ભિન્નત્વ કરાવવાની શક્તિનો જ અભાવ છે. વળી અજ્ઞાનમાં પણ માત્ર શરીરાદિ પરનો જ પ્રતિભાસ થતો હોત તો સમયસાર ગાથા ૧૭-૧૮ નું સૂત્ર ખોટું પડી જાત. ખૂબી તો એ વાતની છે કે-મિથ્યાત્વ હોવા છતાં પણ તેના જ્ઞાનમાં સ્વ-પર પ્રકાશકતા ગઈ નહીં. અજ્ઞાનીને પણ તેની પરલક્ષી જ્ઞાનની પર્યાયમાં પણ તેનો અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા જણાય જ રહ્યો છે. તેથી પ્રત્યેક જીવની વર્તમાન જ્ઞાન પર્યાયનો જે સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે તેનો કદી અભાવ થતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ઉપરથી નિશ્ચિત થયું કે જ્ઞાનમાં સ્વ-પરનો પ્રતિભાસ થાય છે તે તો નિશ્ચય નામ વાસ્તવિકતા છે. તો પણ પ્રતિભાસ માત્રથી પણ કાર્ય સિદ્ધિ થતી નથી. આગમમાં જેને સ્વ-પર પ્રકાશક જ્ઞાનનો સ્વભાવ કહ્યો તે જ્ઞાન પર્યાયનું પ્રમાણ હોવાથી તેમાં જ ભેદજ્ઞાનની સૂક્ષ્મ પ્રજ્ઞા પટકવાની છે.

શ્રી સમયસાર ગાથા-૧૫ માં આચાર્યદેવે સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ અને વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનના તિરોભાવની વાત કરી. એકાન્તે પરનો જ પ્રતિભાસ થતો હોત તો પણ આવિર્ભાવ તિરોભાવની જરૂરત નથી. એકાંતે સ્વનો જ પ્રતિભાસ થતો હોત તો પણ આ પ્રોશેસની જરૂરત પડતી નથી. જ્ઞેયો નથી જણાતાં તો સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ થાય છે અને જ્ઞેયો જણાય છે તો સામાન્ય જ્ઞાનનો તિરોભાવ થાય છે. પરના પ્રતિભાસને તિરોભાવ કરવાના બદલે- હું પરને જાણું છું તેમ માન્યતા સેવીને પરના પ્રતિભાસનો આવિર્ભાવ કરે છે તો તેને જ્ઞાયક તિરોભૂત થાય છે. જ્યારે વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ થાય ત્યારે જ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય પ્રગટ થાય છે. સ્વાનુભૂતિના કાળે પણ પર પદાર્થોનો પ્રતિભાસ ગૌણ થઈ અને ગર્ભિતપણે રહી ગયો અને સ્વનો પ્રતિભાસ ઉપયોગાત્મક થતાં શુદ્ધોપયોગ થઈ ગયો. દરેક સમયે આવી વસ્તુ સ્થિતિ અને પ્રત્યેક સમયે સાવધાની વર્તે છે તો પરના પ્રતિભાસના કાળે પણ પરમાં એકત્વ થતું નથી.

સમયસાર ૯૨-૯૩ ગાથામાં કુંદકુંદાચાર્યદેવ કહે છે કે- ભેદજ્ઞાનનો અભાવ છે ત્યાં સુધી રાગાદિનો કર્તા થાય છે. જ્યારે ટીકાકાર અમૃતચંદ્રદેવ કહે છે કે- રાગાદિનો કર્તા થતો નથી કર્તા પ્રતિભાસે છે, તેમાં તેમણે અકર્તાને સુરક્ષિત રાખ્યું. જો કર્તા થતો નથી તો અકર્તા પણ થતો નથી. સમ્યગ્જ્ઞાન થયું તેમાં આત્મા અકર્તા છે તેમ પ્રતિભાસે છે. આ બન્ને વાતમાં મોટો તફાવત છે. જો એક સમય માટે કર્તા થયો તો પછી અકર્તા નહીં થાય, પરંતુ જેને કર્તા પ્રતિભાસે છે તેને અકર્તાપણું પણ પ્રતિભાસે છે.

જીવમાં જ્ઞાન પ્રગટ થાય છે અને પુદ્ગલની સત્તામાં રાગ પ્રગટ થાય છે. બન્ને સત્તામાં જ્ઞાન પ્રગટ થાય છે-તેમ નથી અને બન્ને સત્તામાં રાગ પ્રગટ થાય છે-તેમ પણ નથી. આ તો વસ્તુની સ્થિતિ છે. હવે પુદ્ગલથી રચાયેલા રાગનો ઉદય પુદ્ગલકર્મમાં આવે છે અને જ્ઞાયકમાં પ્રતિ સમય જ્ઞાનનો ઉદય થાય છે. એ રાગનો જ્ઞાનની સ્વચ્છતામાં પ્રતિભાસ થાય છે, એ તો માત્ર પ્રતિભાસ જ છે તેમ ખ્યાલમાં ન આવતાં તેને એવી ભ્રાંતિ ઊભી થઈ કે- હું રાગી થઈ ગયો. અજ્ઞાનીનો આત્મા પણ રાગને કરતો નથી, કેમકે તેનો આત્મા પણ સામાન્ય સ્વભાવે તો અકર્તાપણે જ રહ્યો છે.

સમયસાર ગાથા ૩૩૨ થી ૩૪૪ માં કહ્યું કે- જ્ઞાયકભાવ સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાન સ્વભાવે અવસ્થિત હોવા છતાં; "કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયે;" જ્યાં સુધી જ્ઞાયકનો પ્રતિભાસ થાય છે અને સાથે રાગનો પ્રતિભાસ થાય છે ત્યાં સુધી બંધ–મોક્ષ કાંઈ જ નથી, રાગ તો માત્ર જ્ઞેય પણે જ રહે છે; આવા જ્ઞેય–જ્ઞાયક વ્યવહાર સંબંધને ન જાણતાં અને રાગના પ્રતિભાસમાં એકત્વ કરતાં તે રાગ જ્ઞેયપણે ન રહેતાં તે કર્મ બની જાય છે. રાગ ઉત્પન્ન થયો ત્યારે તે કર્મપણે ન હતો, ત્યારે તો તે જ્ઞેયપણે જ હતો; એ રાગને ઉપયોગાત્મક કરે છે તો ભાવબંધ થાય છે.

મિથ્યાત્વનો ઉદય પુદ્ગલની સત્તામાં આવ્યો છે, અહીં જ્ઞાનમાં તેનો પ્રતિભાસ થાય છે, તે સમયે ભેદજ્ઞાનથી શૂન્ય હોવાના કારણે... જેનો પ્રતિભાસ થયો છે તેમાં એકત્વ કરે છે... તો એક સમય પૂરતો વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે. જો વિશેષ અપેક્ષાએ કર્તા ન થતો હોય તો નવ તત્ત્વોની સિદ્ધિ પણ ન થાત. જ્ઞાન ઉપયોગ તો જ્ઞાયકને જાણવાનું સાધન હતું તેને બદલે હું પરને જાણું છું એવી મિથ્યા માન્યતા ઊભી કરી અને તે સમયે સમયે ઉપયોગનો દૂર ઉપયોગ કરે છે.

મિથ્યાત્વનું સ્વરૂપ અને તેની લીલાનો નિર્દેશ કરતાં અમિતગતિ આચાર્યદેવ યોગસારમાં લખે છે કે–જે વસ્તુ જે રૂપે સ્થિત છે તેનું તે રૂપે જ્ઞાન ન થતાં અન્ય વિપરીતાદિરૂપે જાણવું થાય છે તેને સત્પુરુષોએ મિથ્યાત્વ માન્યું છે. આ મિથ્યાત્વ સંપૂર્ણ કર્મરૂપ બગીચો ઉગાડવામાં તથા વિસ્તારવા માટે જળસિંચન સમાન છે. મિથ્યાત્વનું આ વિશેષણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અને તેની પૂરેપૂરી લીલાનો સંકેત કરે છે.

## જ્ઞેય જ્ઞાયક સંબંધ લક્ષણઃ-

**"પરથી ભિન્ન સ્વયંમાં તન્મય નિજના જાણનહાર,**
**લોકાલોક સહજ પ્રતિભાસે, સર્વજ્ઞ કહે વ્યવહાર."**

જિનવાણીમાં વ્યવહારનયની પ્રધાનતાપૂર્વકના ઢગલાબંધ કથનો જોવા મળે છે, તેથી નિશ્ચયની જેમ વ્યવહારનું સ્વરૂપ પણ જાણવું ઘણું જરૂરી છે... કારણકે તે વ્યવહાર તેને નિશ્ચયરૂપ ન ભાસે અને નિશ્ચય સદા મુખ્ય જ રહ્યા કરે તેથી દરેક વિવિક્ષા અને તે વિવિક્ષા કહેવા પાછળનો આશય તેણે સમજવો રહ્યો.

જ્ઞેય–જ્ઞાયક સંબંધ લક્ષણ એટલે પદાર્થોનો જ્ઞેયાકાર સ્વભાવ અને જ્ઞાનના સ્વચ્છત્વ રૂપનો જ્ઞાનાકાર સ્વભાવ એ બે વચ્ચે ગ્રાહ્ય–ગ્રાહક સંબંધથી ઊભો થયેલો વ્યવહાર છે. એટલું ખરું કે જ્ઞાને કોઈપણ પ્રકારે લોકાલોકને પ્રસિદ્ધ તો કર્યું છે. જ્ઞાનની અપરિમિત દિવ્ય શક્તિની બહાર કોઈ પદાર્થ છૂપો રહી શકતો નથી. બધા પદાર્થો જ્ઞાનની આણમાં વર્તે છે છતાં જ્ઞાનમાં જ્ઞાયક વર્તે છે અને જ્ઞાયકમાં જ્ઞાન વર્તે છે.

કોઈપણ નિમિત્તભૂત જ્ઞેયાકાર, જ્ઞાનની સ્વચ્છતામાં આવતો નથી તે તો વસ્તુનો નિયમ છે. જ્ઞાન પોતે સ્વયંભૂ તત્ત્વ હોવાથી... તેને પોતાના જ્ઞાનમાં રચાતા વૈચિત્ર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શક્તિમયી જ્ઞેયાકારોને જાણવા માટે બહારના જ્ઞેયાકારને જ્ઞાનમાં બોલાવવા પડે તેવી જ્ઞાનને કદી જરૂરત પડવાની જ નથી. લોકાલોક જેવા આકાર પોતાના સ્વચ્છત્વરૂપ જાનનભાવમાં ઉત્પન્ન થાય છે તે લોકાલોક સાથે કોઈપણ પ્રકારનો સંબંધ રાખ્યા વિના જ થાય છે–આ જ્ઞાનની નૈસર્ગિક અકૃત્રિમ લીલા છે.

જ્ઞેયોની સહાયતા વિના, જ્ઞેયોના લક્ષ વિના, જ્ઞેયોમાં પ્રવિષ્ટ થયા વિના, જ્ઞેયોની સમીપ ગયા વિના, જ્ઞેયો ભૂતના હો કે ભવિષ્યના હો તે જ્ઞેયોને દેખ્યા વિના... જ્ઞેયોથી અત્યંત ઉદાસીન.. ઉપેક્ષિત.. ભાવે રહીને તે પોતાની જ્ઞાન સૃષ્ટિમાં રચાયેલા જ્ઞાન તરંગોને જાણે છે–તે તો જ્ઞાનની એકરૂપ સંપત્તિ છે. આ જ્ઞાનના શીશ મહેલમાં જ્ઞાન સિવાય ત્યાં અન્ય કાંઈ હોતું જ નથી–તે વિધિનું વિધાન ત્રિકાળ સમંત છે. સર્વજ્ઞના વિજ્ઞાનની લેબોરેટરીમાં ટેસ્ટ કરતાં જણાયું કે ત્યાં તો માત્ર નિર્દોષ જ્ઞાન પ્રકાશની પ્રભા છે. જ્ઞાન પોતાની ઉપાદાન શક્તિથી પોતાનામાં જ્ઞાનરૂપ પરિણમન કરે છે. તે જ્ઞાન પરિણતિ પોતાની નિર્મલતાના કારણે સ્વયં જ્ઞેયાકારોના પ્રતિભાસરૂપે પરિણમે છે. જ્ઞાનમાં નિમિત્તભૂત સમસ્ત જ્ઞેયાકારો પ્રતિફલિત થાય છે તો પણ કેવળીને તે જ્ઞેયાકારોમાં કદાપિ મમત્વ થતું નથી. આ પ્રકારે વ્યવહારે જ્ઞાતા–જ્ઞેયનો સંબંધ રહી ગયો અને પર સાથે લક્ષરૂપ સંબંધ તૂટી ગયો.

શ્રી પ્રવચનસાર ગાથા–૨૦૦ ના બે ટીકાકાર તેમાં એક ટીકાકાર વ્યવહારની મુખ્યતાથી કથન કરે છે અને બીજા ટીકાકાર નિશ્ચયની મુખ્યતાથી કથન કરે છે. અમૃતચંદ્રદેવ લખે છે કે–એવો કોઈ અપૂર્વ જ્ઞેય–જ્ઞાયક સંબંધ છે કે–જેનાથી સર્વ જ્ઞેય પદાર્થો પોતપોતાના આકારો કેવળજ્ઞાનમાં ઝલકાવવાને સમર્થ છે અને કેવળજ્ઞાન તે સર્વ ઝલકમય જ્ઞેયાકારોને જાણવાને સમર્થ છે.

**"હું કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધ લક્ષણની અનિવાર્યતાને કારણે જ્ઞેય-જ્ઞાયકને ભિન્ન પાડવા અશક્ય હોવાથી"** જ્યારે જયસેન આચાર્યદેવ કહે છે કે– **"પ્રથમ તો હું કેવલજ્ઞાન-દર્શન સ્વભાવરૂપ હોવાથી જ્ઞાયક એકરૂપ ટંકોત્કીર્ણ સ્વભાવી છું. આમ હોવા છતાં મારે પર દ્રવ્યોની સાથે સ્વ-સ્વામી આદિ સંબંધ નથી પરંતુ નિશ્ચયથી જ્ઞેય જ્ઞાયક સંબંધ પણ નથી."** જ્ઞાનમાં પ્રમાણ અને જ્ઞેયોમાં પ્રમેય એવો જ્ઞેય–જ્ઞાયક સંબંધ અનાદિથી ધારાપ્રવાહરૂપથી ચાલ્યો આવે છે અને તે અનંતકાળ સુધી ચાલતો રહેશે. આ ત્રિકાળ અબાધિત વસ્તુની સ્થિતિ છે જે અમિટ સ્વભાવ ધરાવે છે–તેને મિટાવવા કોઈ સમર્થ નથી. પૂ. ગુરુદેવશ્રી જ્ઞાન જ્ઞેય દ્વૈતનયના પ્રવચનમાં ફરમાવે છે કે– "જ્ઞાનનું એવું દિવ્ય સામર્થ્ય છે કે તે જ્ઞાન પોતે જ સ્વતઃ જ્ઞેયોના પ્રતિભાસરૂપે પરિણમે છે.'' જ્ઞાન જ્ઞેયોને વિષય બનાવવા જતું નથી તો પણ પ્રતિભાસ્ય પ્રતિભાસકપણાના નિર્દોષ ઉપચરિત સ્વભાવના કારણે પદાર્થાકારો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનના સ્વચ્છત્વમાં આવીને ઝળકો તો ઝળકો ! જેનાં કારણથી જ્ઞેયાકારો રચાણા તે પોતાની ચીજ જણાય છે, પર જ્ઞેયાકારો જણાતાં નથી; છતાં પણ કાર્યમાં કારણનો ઉપચાર કરીને કહે છે કે-જ્ઞાન લોકાલોકને જાણે છે. હું જાણનારો અને પર પદાર્થો જણાવા લાયક તેટલો ઉપચરિત વ્યવહાર સંબંધ છે.

**લઘુતત્ત્વસ્ફોટમાં અમૃતચંદ્રદેવ લખે છે કે- "વીતરાગી જીવ ઈચ્છાપૂર્વક પદાર્થોને જાણવા જતો નથી, તેનો જ્ઞાયક સ્વભાવ પરથી પરાઙમુખ હોવા છતાં પણ તેમાં પદાર્થોનું પ્રતિફલન તો થાય જ છે. જેમ દર્પણને એવી ઈચ્છા નથી કે ઘટ-પટાદિ પદાર્થો મારામાં પ્રતિબિંબિત થાય; પરંતુ દર્પણની સ્વચ્છતાને કારણે તેમાં પ્રતિબિંબિત થાય જ છે. તેવી રીતે વીતરાગી ભગવાનને ઈચ્છા નથી કે- હું પદાર્થોને જાણું; છતાં પણ જ્ઞાનગુણની નિર્મળતાને કારણે તેમાં પદાર્થો પ્રતિબિંબિત થાય જ છે."**

પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં મંગલાચરણમાં કહ્યું કે-"**यत्र सकला पदार्थ मालिका प्रतिफलति**" શુદ્ધચેતના પ્રકાશનો એવો જ કોઈ મહિમા છે કે- જેટલા પદાર્થો છે તે બધા પોતાના આકારો સહિત પ્રતિભાસમાન થાય છે. કોઈપણ પદાર્થ એવો નથી કે જ્ઞાનમાં પ્રતિભાસ્યા વિના બાકી રહી જાય. પદાર્થોનો પ્રતિભાસ તો જ્ઞાનમાં વર્તે છે અને અજ્ઞાની બહાર જુએ છે... કેટલી મોટી ભ્રાંતિ છે ! સંસ્કૃતમાં શબ્દ છે '**प्रतिफलति**' એટલે કે પ્રતિબિંબિત થાય છે- તેમ લખ્યું છે, એ જણાય છે તેવો શબ્દ પ્રયોગ ન કર્યો. જો એ જણાય તો એ જ્ઞેય થઈ જાય. વસ્તુ સ્થિતિ શું છે ? જ્ઞેયો જાણવામાં આવ્યા કે પોતાનું જ્ઞેયાકાર જ્ઞાન જાણવામાં આવ્યું ? પ્રમેયત્વ શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયમાં વ્યાપી હોવાથી પોતે જ્ઞેયપણે જણાયો છે. ભેદથી કહો તો જ્ઞેયાકાર જ્ઞાન જ્ઞેય બનીને જણાયું છે. તેથી **રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું કે- "જ્ઞાનથી બહાર કોઈ વસ્તુને હું દેખતો નથી- જાણતો નથી."**

શ્રી નિહાલચંદ્ર સોગાનીજીએ તેમના આધ્યાત્મિક પત્રોમાં લખ્યું છે કે- "જગતમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઘનિષ્ટ છે, પરંતુ તેના અસ્થિર સ્વભાવને જાણીને જ્ઞાની તેને ઈચ્છતા નથી. નિમિત્ત-નૈમિત્તિકના અભાવ સ્વરૂપ સહજ નિત્ય નિરિચ્છક સ્વભાવને જ ઈચ્છે છે અને તે જ યોગ્ય છે". કેમકે મારી સાથે તો જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નથી. એક સમયની જ્ઞાન પર્યાય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હો તો હો !

'ધ્યેયપૂર્વક જ્ઞેય' એ પુસ્તકમાં ૨૭૧ કળશમાં પૂ. ગુરુદેવશ્રી કહે છે કે-છ દ્રવ્ય જણાય તે જ્ઞેય અને આત્મા જ્ઞાયક તેવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ વ્યવહારથી પર્યાયની સાથે છે. પરંતુ ધ્રુવ વસ્તુ સાથે તો એ પણ નથી. અહીં તો એ જ્ઞેય-જ્ઞાયક વ્યવહાર પણ છોડાવે છે. હું એક જ્ઞાયક અને હું જ્ઞેય- એ કથનમાત્રની વ્યવહાર પદ્ધતિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"વિશ્વની સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધ લક્ષણની અનિવાર્યતાના કારણે જ્ઞેય-જ્ઞાયકને ભિન્ન પાડવા અશક્ય હોવાથી" જ્ઞેયો તો જ્ઞાનથી ભિન્ન જ છે. "परात्मनिमित्तक ज्ञेयज्ञानाकार ग्रहण ग्राहण स्वभावरूपा परिणम्य परिणामकत्वशक्ति:"** પર્યાયે પોતાને જ પ્રમેય બનાવ્યો અને પોતાને જ પ્રમાણ બનાવ્યો તે બન્ને ધર્મોને ભિન્ન કરવા અશક્ય છે. કેમ કે નામભેદ હોવા છતાં વસ્તુભેદ નથી. જ્ઞેયો તો જ્ઞાનથી ભિન્ન જ છે પરંતુ જ્ઞાનમાં જ્ઞાનના મટિરીયલથી બનેલા જે સ્વાભાવિક જ્ઞેયાકારો રચાણા છે... તે જ્ઞેયાકાર ધર્મને જ્ઞાનથી ભિન્ન કરવું અશક્ય છે. પર જ્ઞેયાકારોનો જે પ્રતિભાસ થયો છે તે તો જ્ઞાનની સ્વચ્છતા છે અને એ સ્વાભાવિક જ્ઞેયાકારોમાં અન્વયપણે જ્ઞાન જ વર્તે છે અને એ જ્ઞાન આત્માથી અભેદ છે. આથી જ્ઞેયાકાર જ્ઞાનને અને આત્માના જ્ઞાનને ભિન્ન કરવા અશક્ય છે. કેમકે જ્ઞેયાકાર જ્ઞાન એ તો આત્મસ્થ છે. ભલે તેની ઉજ્જવળતામાં સમસ્ત જ્ઞેયોનો પ્રતિભાસ પડે તો પણ ભગવાન જ્ઞેયાકારોની સમીપ ગયા વિના, જ્ઞેયાકારોની સન્મુખ થયા વિના, જ્ઞેયાકારોથી તન્મય થયા વિના... તેઓ સર્વ પદાર્થોને જાણે છે. તો કેવી રીતે જાણે છે ? જે જ્ઞાન પર જ્ઞેયોની સન્મુખ થાય તેને જ્ઞાન કહેવાય ? જ્ઞાનની નિર્મળતામાં સમસ્ત દ્રવ્યોનો જે પ્રતિભાસ હતો તે પ્રતિભાસનો જ્ઞાનમાં આવિર્ભાવ થયો છે તેવા જ્ઞાનને જ્ઞાન જાણે છે. જ્ઞાન જ્ઞાનના કારણથી જ્ઞેયાકાર થયું છે. તો પણ ઉપાદાનભૂત કાર્યમાં નિમિત્તનો ઉપચાર કરીને કહે છે કે–જ્ઞાન પદાર્થોને જાણે છે. જો જ્ઞાનમાં જ્ઞેયાકારરૂપ પરિણમવાની શક્તિ જ ન હોય તો પર પદાર્થો તેને જ્ઞેયાકારે પરિણમાવી શકે જ નહીં. જો જ્ઞાન નિમિત્તને જાણે તો નિશ્ચય રહેતું નથી અને જ્ઞાનના સ્વચ્છત્વને ન સ્વીકારે તો વ્યવહાર રહેતો નથી. એ સ્વચ્છ જ્ઞાનને લોકાલોકની સાપેક્ષતા આવી માટે વ્યવહાર કહેવાયો. સાધકના જ્ઞાનની અપેક્ષાએ કેવળજ્ઞાનમાં આ રીતે નિશ્ચય વ્યવહાર ઊતરે છે.

"જ્ઞાન તો જ્ઞાનને પ્રસિદ્ધ કરે જ છે પરંતુ જ્ઞેયો પણ જ્ઞાનને જ પ્રસિદ્ધ કરે છે તે સત્‌ની પરાકાષ્ટા છે". લોકાલોકનો પ્રતિભાસ તો જાણનારને પ્રસિદ્ધ કરે છે— તમે તો સ્વચ્છ પ્રતિભાસમયી મહાસામાન્ય છો. તમે તો સ્વચ્છ ચેતનાના દરિયા છો. બધાનું પ્રતિભાસવું એમ કહી રહ્યું છે કે–તમે દેખનાર છો અને તમને દેખનારો જ દેખાય છે. પરને ન દેખવા છતાં પર દેખાય જાય છે તે જ્ઞાનનો દિવ્ય સ્વભાવ છે. જ્ઞેયનો પ્રતિભાસ્ય સ્વભાવ અને જ્ઞાનનો પ્રતિભાસક સ્વભાવ એવા પ્રતિભાસ્ય પ્રતિભાસકપણાનો જે ઉપચરિત સ્વભાવ છે તે ગુણરૂપ છે, દોષરૂપ નથી. અનાદિ અનંત અનિવાર્ય એવો વ્યવહાર સંબંધ પણ અપૂર્વ છે. ઈચ્છા વિનાનો વીતરાગી દિવ્ય સ્વભાવ પ્રગટયો છે કે– બધું જણાય, અહીં જ્ઞાનનું દળ ત્યાં જ્ઞેયનું દળ બસ; જ્ઞાન જ્ઞાન સ્વભાવમાં સ્થિત થયું કે જ્ઞેયો... જ્ઞેયત્વપણે જ્ઞાનમાં પ્રતિભાસ્યા અને ત્યારે રાગ–દ્વેષની ઉત્પત્તિ ન થઈ એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્ય, સ્વ-સ્વામી આદિ સર્વે સંબંધનો ક્ષય થઈ ગયો; રહી ગયો માત્ર જ્ઞેય-જ્ઞાયક એવો નિર્દોષ સંબંધ.

ૐ **પ્રશ્ન-** જ્ઞાન પરને નથી જાણતું તો 'પર પ્રકાશક' એવો શબ્દ કેમ આવ્યો ?

**ઉત્તર-** "પર પ્રકાશક શબ્દ એટલે આવ્યો કે- જ્ઞાનમાં પરનો પ્રતિભાસ તો થાય છે".. એટલે લોકાલોક નિમિત્તપણે છે. હવે એ નિમિત્તનું લક્ષ કરીને નિમિત્તને જાણવું પડે તેવું જ્ઞાનનું સ્વરૂપ નથી અને તેવો નિયમ પણ નથી. તેમજ નિમિત્તનો કદી અભાવ પણ થતો નથી અને લોકાલોક કેવળજ્ઞાનની સ્વચ્છતામાં ઝળકયા વિના પણ રહેતું નથી અને કેવળજ્ઞાન પોતાને જાણવાનું છોડીને નિમિત્તને જાણવા પણ જતું નથી. સ્વપર પ્રકાશક એવી અખંડ પર્યાયનો સ્વતઃ એવો જ કોઈ સ્વભાવ છે કે તેને પરને જાણવા માટે પરની સાપેક્ષતા કદાપિ લાગુ ન પડે. પરને દેખ્યા વિના પરને જાણવાના ભાવરૂપ પોતે પોતાથી જ પરિણમે છે. આવો તેનો પર પ્રકાશક સ્વભાવ છે તેને કોઈ ટાળી શકતું નથી. આ પર પ્રકાશક સ્વભાવ તો મતાર્થનું ખંડન કરે છે- "બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા" એવું નથી. જે એક સમયની જ્ઞાન પર્યાયને નથી માનતો તે છ દ્રવ્ય સ્વરૂપ લોકને પણ નથી માનતો. શ્રીમદ્જીએ "બ્રહ્મ સત્ય જગત મિથ્યા" એમ કહ્યું ત્યાં તેમણે લક્ષના સ્વભાવથી વાત કરી છે. પછી બીજી જગ્યાએ એમ પણ કહ્યું કે- અમે તો આત્મામાં બેઠા બેઠા જગતની લીલાને જાણીએ છીએ- ત્યાં પ્રતિભાસના સ્વભાવથી વાત કરી છે. એ પરપ્રકાશક ધર્મને આશ્રય તો જ્ઞાયકનો જ છે. પરપ્રકાશકના કાળે જ્ઞેય તો એક જ્ઞાયક જ રહે છે. દ્રવ્ય સ્વભાવના લક્ષે આવું સ્વ-પર પ્રકાશક જ્ઞાન આપોઆપ ખીલી નીકળે છે. તે પરપ્રકાશક ધર્મ એમ પરિણમે છે કે- હું તો ધ્રુવ પ્રકાશમાન ચૈતન્ય સૂર્ય છું. સિદ્ધાંત ફરે નહીં અને સ્વ-પર પ્રકાશક સ્વભાવ અંતરમુખાકારપણે સિદ્ધ થાય તે જ જૈન દર્શન છે.

વાહ પ્રભુ ! જ્ઞેયો ફરે તો પણ ઉપયોગ ફરે નહીં, અને કદી પણ જ્ઞેયોનું લક્ષ થાય નહીં; સ્વ સન્મુખ રહેતાં-રહેતાં જ શુદ્ધાત્માના અભેદ નમસ્કારમાં જ સકલ સાધ્યની સિદ્ધિ થઈ જાય તેવો ભાવ નમસ્કાર જયવંત વર્તો...જયવંત વર્તો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# મંગલાચરણ

भावार्थ:- हे भगवान्। ज्ञान के बाहर कुछ भी प्रतिभासित नहीं होता है अर्थात अंतर्ज्ञेय की अपेक्षा सब ज्ञान के ही परिणमन हैं आप एक ही विचित्र आकृतिरुप होते है। [ लधुतत्त्व स्फोट, स्तुति-२०, छंद-१२, पेज नं-३२९ ]

**ટીકા:-** પ્રથમ તો આ આત્મા આખોય ઉપયોગમય છે, કારણ કે તે સવિકલ્પ અને નિર્વિકલ્પ પ્રતિભાસસ્વરૂપ છે ( અર્થાત્ જ્ઞાન અને દર્શન સ્વરૂપ છે. ) તેમાં જે આત્મા વિવિધાકાર પ્રતિભાસ્ય ( વિવિધ આકારવાળા પ્રતિભાસવા યોગ્ય ) પદાર્થોને પામીને મોહ, રાગ અથવા દ્વેષ કરે છે તે સંસાર છે.

**( પ્રવચનસાર તત્વપ્રદીપિકા ટીકા, ગાથા-૧૭૫ )**

टीकार्थ :- ज्ञान मति आदि के भेद से आठ प्रकार का है। अथवा दूसरा पाठ-ज्ञान अर्थ विकल्प है। वह इस प्रकार-अर्थ अर्थात् परमात्मा आदि पदार्थ, अनन्त ज्ञान सुखादि रुप मैं हूँ, रागादि आस्त्रव मुझसे भिन्न हैं-इस प्रकार निज और परके स्वरुप की जानकारी रुप से, दर्पण के समान पदार्थो को जानने में समर्थ [ ज्ञान ] विकल्प है-यह विकल्पका लक्षण कहा गया है। वही ज्ञान ज्ञानचेतना है। [ प्रवचनसार तात्पर्यवृतिटीका-गाथा १२४ ]

વર્તમાન અંશમાં જ બધી રમત છે– તે અંતરમાં દેખે તો ( અનંત ) શક્તિઓ દેખાશે; અને બહિર્મુખ થશે તો સંસાર દેખાશે; બસ ! અંશથી બહાર તો કોઈ જીવ જતો જ નથી; આટલી મર્યાદામાં રમત છે.

**( દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ - બોલ નં.-૫૪૭ )**

भावार्थ :- ज्ञानमें सर्व ज्ञेय पदार्थो का प्रतिबिम्ब पडता है जो ज्ञानाकार पदार्थो का ज्ञान में होता है उनके निमित्त कारण बाहरी पदार्थ हैं। इसलिये उपचार से उन ज्ञानाकारोंको पदार्थ कहते हैं। ज्ञान अपने ज्ञानाकारोंको जानता है इसको कहते हैं कि ज्ञान पदार्थो को जानता है। ज्ञानमें ज्ञानाकारों का भेद करके कहना ही व्यवहार है। निश्चय से ज्ञान आप अपने स्वभावमें ज्ञायकरुपसे विराजमान है-ज्ञेय-ज्ञायक का व्यवहार करना भी व्यवहार नय से है।

[ प्रवचनसार भाषाटीका-गाथा ३० का भावार्थ ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

।। श्री वीतरागाय नमः।।

# श्री प्रवचनसार - प्राभृत



[ ♟ ] **टीकार्थ-** ...वह इसप्रकार—अतीन्द्रिय स्वभावी परमात्मा से विपरीत क्रमसे प्रवृत्ति की कारणभूत इन्द्रियों से रहित तीनलोक, तीनकालवर्ती समस्त पदार्थों को एक साथ जानने में समर्थ, अविनाशी, अखण्ड एक प्रतिभासमय [ ज्योतिस्वरुप ] केवलज्ञानरुप से परिणत उन भगवान के कुछ भी परोक्ष नहीं है—यह भाव है।

**[ गाथा-२३ , पंक्ति-१६ , पृष्ठ- ४२ ]**

[ ♟ ] **टीकार्थ-** सर्वगत हैं। कर्तारूप वे सर्वगत कौन हैं? सर्वज्ञ सर्वगत हैं। सर्वज्ञ सर्वगत क्यों हैं? सर्वज्ञजिन ज्ञानमय होने के कारण सर्वगत हैं। और वे जगत् के सभी पदार्थ, दर्पण में बिम्ब के समान, व्यवहार से उन भगवान में गये हैं। वे पदार्थ भगवान में गये हैं, यह कैसे जाना? वे पदार्थ वहाँ गये हैं— ऐसा कहा गया है। ज्ञानके विषय होने से वे पदार्थ भगवानमें गये हैं—किसके ज्ञेय होने से वे गये हुये कहे गये हैं? उन भगवान के ज्ञेय होने से वे भगवान में गये हुये कहे गये हैं।

वह इसप्रकार— जो अनन्तज्ञान और अनाकुलता लक्षण अनन्त सुख का आधार है वह आत्मा है।

ऐसा होने से आत्मप्रमाण ज्ञान आत्मा का अपना स्वरूप है। ऐसे अपने स्वरूप को तथा शरीर में रहने रूप स्थिति को नहीं छोडते हुये ही वे सर्वज्ञ लोकालोक को जानते हैं। इसलिये व्यवहार से भगवान सर्वगत कहे गये हैं। और दर्पण में बिम्ब के समान क्योंकि नीले, पीले आदि बाह्य पदार्थ जानकारी रूप से ज्ञान में प्रतिबिम्बित होते हैं [ झलकते है ], इसलिये पदार्थों के कार्यभूत पदार्थाकार भी पदार्थ कहलाते हैं, और वे ज्ञान में स्थित हैं— ऐसे कथन में दोष नहीं है— यह अभिप्राय है।

**भावार्थ-** जैसे दर्पण की स्वच्छता दर्पण के स्वरूप तथा दर्पण के आकार के बराबर है, उसे छोडे बिना दर्पण यथायोग्य पदार्थों को प्रतिबिम्बित करता है, तथा उन पदार्थों में प्रतिबिम्बित होने का स्वभाव होने से अपने स्थान को छोडे बिना ही वे दर्पण में प्रतिबिम्बित हो जाते हैं; उसी प्रकार ज्ञानानन्द के आधारभूत आत्मा का ज्ञान आत्मा के स्वरुप तथा आत्मा के आकार के बराबर है, उसे छोडे बिना ही वे सर्वज्ञ परमात्मा सर्वलोकालोक को जान लेते हैं। तथा सर्व लोकालोक ज्ञान का विषय होने से— ज्ञेय स्वभावी होने से, वे भी अपने स्थान

को छोडे बिना ही ज्ञान में प्रतिबिम्बित हो जाते हैं।

जैसे दर्पण में प्रतिबिम्बित मयूर बाह्य स्थित मयूर का प्रतिबिम्ब रूप कार्य होने से मयूर ही कहलाता है, उसी प्रकार ज्ञान में प्रतिबिम्बित सर्व लोकालोक बाह्य स्थित लोकालोक का प्रतिबिम्ब रूप कार्य होने से सर्व लोकालोक ही कहलाता है। अत: सर्व को जानने की अपेक्षा आत्मा सर्वगत है, ऐसा कहा गया है।

जिसप्रकार ज्ञान स्वभावी सर्वज्ञ ज्ञानमय स्वक्षेत्र से बाहर गये बिना ही सर्वगत है; उसी प्रकार शरीर स्थित सर्वज्ञ [ १३ वें १४ वें गुणस्थानवर्ती अरहंत परमात्मा ] शरीर से बाहर गये बिना ही सर्वगत हैं।

इसप्रकार आत्मा की ज्ञानमयता तथा पदार्थों की ज्ञेयमयता के कारण अपने–अपने क्षेत्र का त्याग किये बिना ही क्रमश: सर्वज्ञ सर्वगत तथा पदार्थ सर्वगत हैं, ऐसा व्यवहार से कहा गया है।

**[ गाथा-२७ , पंक्ति-७ , पृष्ठ-४७-४८ ]**

[ ♟ ] जैसे रूपी द्रव्य नेत्र के साथ परस्पर में सम्बन्ध का अभाव होने पर भी अपने आकार को समर्पित करने में समर्थ हैं और नेत्र भी उनके आकार को ग्रहण करने में समर्थ हैं, उसीप्रकार तीनलोक रूपी उदरविवर [ छिद्र ] में स्थित, तीनकाल सम्बन्धी पर्यायों से परिणमित पदार्थ, ज्ञानके साथ परस्पर प्रदेशों का सम्बन्ध नहीं होने पर भी अपने आकार को समर्पित करने में समर्थ है; अखण्ड एक प्रतिभासमय केवलज्ञान भी उनके आकारों को ग्रहण करने में समर्थ है– यह भाव है। **[ गाथा-२९ , पंक्ति-११पृष्ठ-५० ]**

[ ♟ ] अथ ज्ञानी ज्ञेयपदार्थेषु निश्चयनयेनाप्रविष्टोऽपिव्यवहारेण प्रविष्ट इव प्रतिभातीति शक्तिवैचित्र्यं दर्शयति–

अब, निश्चयनय से ज्ञानी ज्ञेयपदार्थों में प्रविष्ट नहीं हुआ होने पर भी व्यवहार से प्रविष्ट की भाँति ज्ञात होता है; ऐसी शक्ति की विचित्रता को दिखाते हैं। **[ पंक्ति-१ , पृष्ठ-५१ ]**

[ ♟ ] **टीकार्थ-** यदि वे पदार्थ अपने ज्ञानाकार समर्पण की अपेक्षा दर्पण में बिम्ब के समान वे पदार्थ कहाँ नही हैं? यदि वे पदार्थ केवलज्ञान में नहीं हैं। तो ज्ञान सर्वगत नहीं हो सकता। यदि आपको व्यवहार से सर्वगत ज्ञान स्वीकृत है, तो अपने ज्ञेयाकारों को जानकारी रूप से समर्पित करने की अपेक्षा व्यवहारनय से वे पदार्थ ज्ञान में स्थित कैसे नहीं हैं, वरन् हैं ही।

यहाँ अभिप्राय यह है कि जिस कारण व्यवहार से ज्ञेय सम्बन्धी ज्ञानाकारों को ग्रहण करने की अपेक्षा ज्ञान सर्वगत कहलाता है, उसी कारण व्यवहार से ज्ञेय सम्बन्धी ज्ञानाकार समर्पण की अपेक्षा पदार्थ भी ज्ञानगत कहलाते हैं।

**भावार्थ-** जैसे दर्पण में दिखनेवाला प्रतिबिम्ब व्यवहार से दर्पण में ही

स्थित है, उसी प्रकार केवलज्ञान में ज्ञात होनेवाला लोकालोक व्यवहार से केवलज्ञान में ही स्थित है। यदि यह न माना जावे तो व्यवहार से भी केवलज्ञान को सर्वगत नहीं कह सकते। **[ गाथा-३२, पंक्ति-७, पृष्ठ-५३ ]**

[ ♠ ] वह इसप्रकार– जैसे निश्चय से शुद्ध–बुद्ध एक स्वभाव सम्पन्न जीव है, पश्चात् व्यवहार से नर–नारकादि रूप भी जीव कहा जाता है, उसी प्रकार निश्चय से समस्त वस्तुओं को जाननेवाला अखण्ड एक प्रतिभासरूप ज्ञान कहा गया है, पश्चात् व्यवहार से मेघसमूह से ढके हुये सूर्य की विशिष्ट अवस्था के समान कर्म समूह से ढके हुये अखण्ड एक ज्ञानरूप जीव के मतिज्ञान, श्रुतज्ञान आदि नाम होंते हैं– यह भाव है। **[ गाथा-३५, पंक्ति-१४, पृष्ठ-५८ ]**

[ ♠ ] क्योंकि भिन्न ज्ञान से आत्मा ज्ञानी नहीं है, इसलिये घट की उत्पति में मिट्टी के पिण्ड समान उपादान रूप से स्वयं जीव ही ज्ञान रूप परिणमन करता है। दर्पण में झलकने वाले बिम्ब के समान व्यवहार से ज्ञेय पदार्थ जानकारी रूप से ज्ञान में स्थित हैं, यह अभिप्राय है। **[ पंक्ति-६ ,पृष्ठ-६० ]**

[ ♠ ] जैसे दर्पण में प्रतिबिम्बित पदार्थ दर्पण में स्थित कहे जाते हैं; उसी प्रकार ज्ञेयरूप सभी पदार्थ व्यवहारनय से जानकारीरूप से ज्ञान में स्थित कहे जाते हैं। **[ गाथा-३६, पंक्ति-२०, पृष्ठ-६० ]**

[ ♠ ] **टीकार्थ-** जो सभी विद्यमान और अविद्यमान पर्यायें हैं, वास्तव में, वे पूर्वोक्त सभी पर्यायें वर्तती हैं, प्रतिभासित होती हैं, ज्ञात होती हैं। विद्यमान–अविद्यमान वे सभी पर्यायें कहाँ वर्तती हैं? वे सभी पर्यायें केवलज्ञान में वर्तती हैं। वे पर्यायें किसके समान केवलज्ञान में वर्तती हैं? वे वर्तमान पर्यायों के समान केवलज्ञान में वर्तती हैं। **[ गाथा-३८, पंक्ति-८, पृष्ठ-६३ ]**

[ ♠ ] अपने क्षेत्र, काल, आकार से नियत होने के कारण उनका वहाँ परिस्फुरण होने से वे ज्ञान–प्रत्यक्ष है। **[ गाथा-३९, पंक्ति-१६, पृष्ठ-६५ ]**

[ ♠ ] वहाँ जैसे अग्नि समस्त जलाने योग्य पदार्थों को जलाती हुई सम्पूर्ण दाह्य के निमित्त से होनेवाले सम्पूर्ण दाह्याकार पर्याय रूप से परिणत सम्पूर्ण एक दहन–स्वरूप उष्णरूप से परिणत घास–पत्ते आदि के आकार रूप स्वयं को परिणत करती है, उसीप्रकार यह आत्मा सम्पूर्ण ज्ञेयों को जानता हुआ सम्पूर्ण ज्ञेयों के निमित्त से होनेवाले सम्पूर्ण ज्ञेयाकार पर्यायरूप से परिणत सकल एक अखण्ड ज्ञानरूप अपने आत्मा को परिणमित करता है, जानता है, निश्चित करता है।

और जैसे वही अग्नि पूर्वोक्त लक्षण दाह्य को नहीं जलाती हुई उस आकार रूप परिणत नहीं होती, उसी प्रकार आत्मा भी पूर्वोक्त लक्षणवाले सर्व ज्ञेयों को नहीं जानता हुआ पूर्वोक्त लक्षणवाले सर्व ज्ञेयों को नहीं जानता हुआ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पूर्वोक्त लक्षणवाले सकल एक अखण्ड ज्ञानाकार रूप अपने आत्मा को परिणमित नहीं करता, जानता नहीं, निश्चित नहीं करता है।

दूसरा भी उदाहरण देते हैं– जैसे कोई अन्धा सूर्य से प्रकाशित पदार्थों को नहीं देखता हुआ सूर्य को नहीं देखने के समान; दीपक से प्रकाशित पदार्थों को नहीं देखता हुआ दीपक को नहीं देखने के समान; दर्पण में स्थित बिम्ब को नहीं देखते हुये दर्पण को नहीं देखने के समान; अपनी दृष्टि से प्रकाशित पदार्थों को नहीं देखता हुआ हाथ–पैर आदि अंगो रूप से परिणत अपने शरीराकार स्वयं को अपनी दृष्टि से नहीं देखता; उसीप्रकार यह विवक्षित आत्मा भी केवलज्ञान से प्रकाशित पदार्थों को नहीं जानता हुआ सम्पूर्ण अखण्ड एक केवलज्ञानरूप आत्मा को भी नहीं जानता है।

**[ श्लोक-४९, पंक्ति-५, पृष्ठ-७८ ]**

[ ♣ ] वह इसप्रकार– ज्ञान आत्मा का लक्षण है और वह अखण्ड प्रतिभासमय सभी जीवो में सामान्य रूप से पाया जानेवाला महा सामान्य रूप है। और वह महासामान्य ज्ञानमय अनन्त विशेषो में व्याप्त है। और वे ज्ञान विशेष विषयभूत, ज्ञेयभूत अनन्त द्रव्य–पर्यायों के ज्ञायक–ग्राहक– जाननेवाले हैं। अखण्ड एक प्रतिभासमय जो महासामान्य उस स्वभाववाले आत्मा को जो वह प्रत्यक्ष नहीं जानता, तो वह पुरुष प्रतिभासमय महासामान्य से व्याप्त जो अनन्त ज्ञानविशेष, उनके विषयभूत जो अनन्त द्रव्य–पर्यायें, उन्हें कैसे जान सकता है? किसी भी प्रकार नहीं जान सकता। **[ श्लोक-५०, पंक्ति-११, पृष्ठ-७९ ]**

[ ♣ ] वह इसप्रकार– एक साथ सम्पूर्ण पदार्थों को जानने वाले ज्ञान से सर्वज्ञ होते हैं– ऐसा जानकर क्या करना चाहिये? अज्ञानी जीवों के चित्त को चमत्कृत करने के कारण और परमात्मा सम्बन्धी भावना को नष्ट करने वाले जो ज्योतिष्क, मन्त्रवाद, रससिद्धि आदि खण्ड–विज्ञान–एकदेशज्ञान–क्षयोपशम ज्ञान हैं; वहाँ आग्रह छोडकर तीन लोक तीनकालवर्ती सम्पूर्ण वस्तुओं को एक साथ प्रकाशित करनेवाले अविनश्वर, अखण्ड, एक प्रतिभासमय सर्वज्ञ शब्द से वाच्य जो केवलज्ञान उसकी उत्पत्ति का कारणभूत जो सम्पूर्ण रागादि विकल्प जाल रहित सहज शुद्धात्मा से अभेदरूप ज्ञान उसकी ही भावना करना चाहिये– यह तात्पर्य है। **[ श्लोक-५२, पंक्ति-८, पृष्ठ-८२ ]**

[ ♣ ] सम्पूर्ण एक अखण्ड प्रत्यक्ष प्रतिभासमय उत्कृष्ट ज्योति–केवलज्ञान के कारणभूत, शुद्धात्म–स्वरूप की भावना से उत्पन्न परमाह्लाद एक लक्षण सुखसंविति [ आनन्दानुभूति ] के आकार परिणतिरूप रागादि विकल्पोंकी उपाधि रहित स्वसंवेदनज्ञान में [ उसी एक शुद्धात्मस्वरूप की ] भावना करना चाहिये– यह अभिप्राय है। **[ श्लोक-५९, पंक्ति-१३, पृष्ठ-९२ ]**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ♨ ] ....मिथ्यात्वपर्याय के विनाश का सम्यक्त्वपर्यायरूप से प्रतिभासन होने से उसके विनाश बिना सम्यक्त्वपर्याय उत्पन्न नहीं होती है। उसके विनाश का सम्यक्त्वपर्यायरूप से प्रतिभासन कैसे होता है– "अभाव अन्य पदार्थ के स्वभावरुप होता है" ऐसा वचन होने से, जैसे, मिट्टी के पिण्ड का अभाव घडे की उत्पतिरूप से प्रतिभासित होता है; उसीप्रकार मिथ्यात्वपर्याय का अभाव सम्यक्त्वपर्याय की उत्पत्तिरूप से प्रतिभासित होता है।

**[ श्लोक-११०, पंक्ति-१६, पृष्ठ-१५६ ]**

[ ♨ ] **भावार्थ-** यहाँ सम्पूर्ण द्रव्यों को जीव और अजीव दो भागों में विभक्त किया गया है। उनमें से जीव द्रव्य निश्चय से अपने से ही अपने अस्तित्व वाला, बाह्य कारणों की अपेक्षा के बिना बाहर और अन्दर प्रकाशमान, शाश्वत परमशुद्ध चेतना के साथ और व्यवहार से अशुद्ध चेतना के साथ सम्बद्ध होने से चेतना स्वरूप है, तथा निश्चय नय से अखण्ड एक प्रतिभासमय [ ज्ञानस्वरूप ] परिपूर्ण शुद्ध, केवलज्ञान–केवलदर्शन लक्षण वाला, पदार्थों को जानने की क्रिया रूप शुद्धोपयोग से और व्यवहार से मतिज्ञान आदि अशुद्धोपयोग से रचित होने के कारण उपयोगमय है।

**[ श्लोक-१३७, पंक्ति-४-११, पृष्ठ-२०४ ]**

[ ♨ ] वह इसप्रकारं– प्रथम तो में केवलज्ञान–केवलदर्शन स्वभावरूप होने से, ज्ञायक एक टंकोत्कीर्ण स्वभाव हूँ। ऐसा होते हुये मेरा पर–द्रव्यों के साथ स्व–स्वामी आदि सम्बन्ध नहीं है, इतना मात्र ही नहीं है **अपितु निश्चय से ज्ञेय-ज्ञायक सम्बन्ध भी नहीं है**। इस कारण मैं सम्पूर्ण परद्रव्यों के प्रति ममत्व रहित होकर, परम साम्य लक्षण अपने शुद्धात्मा में स्थित रहता हूँ।

**[ श्लोक-२१३, पंक्ति-८, पृष्ठ-३०० ]**

## દુઃખની પરમાર્થ વ્યાખ્યા

( નરકાદિ ) સંયોગનું દુઃખ નથી. જે જાણનાર જાત છે તેને જાણતો નથી અને જેમાં ( પોતે ) નથી એના ઉપર લક્ષ કર્યા કરે છે–એ દુઃખ છે. અહીં દુઃખની વ્યાખ્યા જુદી છે. આ માથાને કાપે એવા સંયોગ ( તેનું ) દુઃખ નથી. દુઃખ તો એ છે કે– – પોતાના સ્વભાવની દૃષ્ટિ છોડીને પરની દૃષ્ટિમાં રોકાઈ જવું તે દુઃખ છે— આવી વ્યાખ્યા છે.

**( નિયમસાર શ્લોક ૨૭૮, તા. ૨૬/૭/૮૦ ના પ્રવચન નં-૧૯૩ માંથી )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# श्री प्रवचनसार भाषा टीका

**श्री कुंदकुंदाचार्य देव प्रणीत** **ब्र. शीतलप्रसादजी कृत**

[ ♙ ] **भावार्थ-** जिस गुण के निमित्त से पदार्थ किसी न किसीके ज्ञानका विषय हो वह प्रमेयत्व गुण है। आत्मा का निरावरण शुद्ध ज्ञान तब ही पूर्ण और शुद्ध ज्ञान कहा जा सकता है जब वह सब जानने योग्य विषय को जान सके। इसीलिये केवली सर्वज्ञ भगवान के सर्व पदार्थ, गुण, पर्याय एक साथ झलकते रहते हैं। **[ गाथा-२१, पृष्ठ-९५ ]**

**અન્વયાર્થ**:- જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને ( -આત્મદ્રવ્યને ) તથા અનંત દ્રવ્યસમૂહને યુગપદ્ જાણતો નથી તો તે ( પુરુષ ) સર્વને ( -અનંત દ્રવ્યસમૂહને ) કઈ રીતે જાણી શકે ? ( અર્થાત્ જે આત્મદ્રવ્યને ન જાણતો હોય તે સમસ્ત દ્રવ્યસમૂહને ન જાણી શકે. )

**ટીકા**:- પ્રથમ તો આત્મા ખરેખર સ્વયં જ્ઞાનમય હોવાથી જ્ઞાતાપણાને લીધે જ્ઞાન જ છે; અને જ્ઞાન દરેક આત્મામાં વર્તતું ( -રહેલું ) પ્રતિભાસમય મહાસામાન્ય છે. તે ( પ્રતિભાસમય મહાસામાન્ય ) પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે; અને તે વિશેષોનાં ( -ભેદોનાં ) નિમિત્ત સર્વ દ્રવ્યપર્યાયો છે. હવે જે પુરુષ સર્વ દ્રવ્યપર્યાયો જેમનાં નિમિત્ત છે એવા અનંત વિશેષોમાં વ્યાપનારા પ્રતિભાસમય મહાસામાન્યરૂપ આત્માને સ્વાનુભવપ્રત્યક્ષ કરતો નથી, તે ( પુરુષ ) પ્રતિભાસમય મહાસામાન્યવડે વ્યાપ્ય ( -વ્યપાવાયોગ્ય ) જે પ્રતિભાસમય અનંત વિશેષો તેમનાં નિમિત્તભૂત સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી ( -જાણી ) શકે ? ( ન જ કરી શકે. ) આ રીતે એમ ફલિત થાય છે કે જે આત્માને જાણતો નથી તે સર્વને જાણતો નથી.

હવે ત્યારે એમ નક્કી થાય છે કે સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને આત્માના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાનથી સર્વનું જ્ઞાન; અને આમ હોતાં, આત્મા જ્ઞાનમયપણાને લીધે સ્વસંચેતક હોવાથી, જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાનનું પોતાની અવસ્થામાં અન્યોન્ય મિલન હોવાને લીધે ( અર્થાત્ જ્ઞાન અને જ્ઞેય, આત્માની–જ્ઞાનની અવસ્થામાં પરસ્પર મિશ્રિત–એકમેકરૂપ હોવાને લીધે ) તેમને ભિન્ન કરવા અત્યંત અશકય હોવાથી, બધુંય જાણે કે આત્મામાં નિખાત ( પેસી ગયું ) હોય એ રીતે પ્રતિભાસે છે–જણાય છે. ( આત્મા જ્ઞાનમય હોવાથી પોતાને સંચેતે છે–અનુભવે છે–જાણે છે; અને પોતાને જાણતાં સર્વ જ્ઞેયો–જાણે કે તેઓ જ્ઞાનમાં સ્થિત હોય એ રીતે–જણાય છે, કારણકે જ્ઞાનની અવસ્થામાંથી જ્ઞેયાકારોને ભિન્ન કરવા અશકય છે. ) જો આમ ન હોય તો ( અર્થાત્ જો આત્મા સર્વને ન જાણે તો ) જ્ઞાનને પરિપૂર્ણ આત્મસંચેતનનો અભાવ થવાથી પરિપૂર્ણ એક આત્માનું પણ જ્ઞાન સિદ્ધ ન થાય.

**ભાવાર્થ**:- ૪૮ ને ૪૯ મી ગાથામાં એમ દર્શાવ્યું કે જે સર્વને જાણતો નથી તે પોતાને જાણતો નથી, અને જે પોતાને જાણતો નથી તે સર્વને જાણતો નથી. પોતાનું જ્ઞાન અને સર્વનું જ્ઞાન એકીસાથે જ હોય છે. પોતે અને સર્વ–એ બેમાંથી એકનું જ્ઞાન હોય અને બીજાનું ન હોય એ અસંભવિત છે.

**( ગાથા-૪૯ ની ટીકા તેમજ ભાવાર્થ )**

[ ૐ ] **“છે ‘જ્ઞાન’ અર્થવિકલ્પ, ને જીવથી કરાતું ‘કર્મ’ છે,**
**-તે છે અનેક પ્રકારનું, ‘ફળ’ સૌખ્ય અથવા દુઃખ છે.”**

**અન્વયાર્થ**:- અર્થવિકલ્પ ( અર્થાત્ સ્વ–પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક યુગપદ્ અવભાસન ) તે જ્ઞાન છે; જીવ વડે જે કરાતું હોય તે કર્મ છે, તે અનેક પ્રકારનું છે; સુખ અથવા દુઃખ તે કર્મફળ કહેવામાં આવ્યું છે.

**ટીકા**:- પ્રથમ તો, અર્થવિકલ્પ તે જ્ઞાન છે. ત્યાં, અર્થ એટલે શું ? સ્વ–પરના વિભાગપૂર્વક રહેલું વિશ્વ તે અર્થ. તેના આકારોનું અવભાસન તે વિકલ્પ, અને દર્પણના નિજ વિસ્તારની માફક ( અર્થાત્ જેમ દર્પણના નિજ વિસ્તારમાં સ્વ ને પર આકારો એકીસાથે પ્રકાશે છે તેમ ) જેમાં યુગપદ્ સ્વ–પર આકારો અવભાસે છે એવો જે અર્થવિકલ્પ તે જ્ઞાન.....

**ભાવાર્થ**:- જેમાં સ્વ તે સ્વ–રૂપે અને પર તે પર–રૂપે ( પરસ્પર ભેળસેળ વિના, સ્પષ્ટ ભિન્નતાપૂર્વક ) એકીસાથે પ્રતિભાસે તે જ્ઞાન છે.....

**( ગાથા-૧૨૪ ની ટીકા તેમજ ભાવાર્થમાંથી )**

[ ૐ ] **જીવનું વિશેષ લક્ષણ ચેતના-ઉપયોગપણું ( ચેતનામયપણું તથા ઉપયોગમયપણું ) છે; અને અજીવનું ( વિશેષ લક્ષણ ) અચેતનપણું છે. ત્યાં, ( જીવના ) સ્વધર્મોમાં વ્યાપનારી હોવાથી ( જીવના ) સ્વરૂપપણે પ્રકાશતી, અવિનાશિની, ભગવતી સંવેદનરૂપ ચેતના વડે તથા ચેતના પરિણામ લક્ષણ, દ્રવ્ય પરિણતિરૂપ ઉપયોગ**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વડે નિષ્પન્નપણું ( -રચાયેલાપણું, બનેલાપણું ) જેમાં ઉતરેલું પ્રતિભાસે છે, તે જીવ છે; અને જેમાં ઉપયોગની સાથે રહેનારી, યથોક્ત લક્ષણવાળી ચેતનાનો અભાવ હોવાથી બહાર તેમજ અંદર અચેતનપણું ઉતરેલું પ્રતિભાસે છે, તે અજીવ છે. ( ગાથા-૧૨૭ ની ટીકામાંથી )**

[ ૐ ] .....પ્રથમ તો હું સ્વભાવથી જ્ઞાયક જ છું; કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની ( સમસ્ત પદાર્થોની ) સાથે પણ સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામીલક્ષણાદિ સંબંધો નથી; તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે. હવે, એક જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તતા, અનંત, ભૂત–વર્તમાન–ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળાં, અગાધસ્વભાવ અને ગંભીર એવાં સમસ્ત દ્રવ્યમાત્રને–જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય, ચીતરાઈ ગયાં હોય, દટાઈ ગયાં હોય, ખોડાઈ ગયાં હોય, ડૂબી ગયાં હોય, સમાઈ ગયાં હોય, પ્રતિબિંબિત થયાં હોય એમ–એક ક્ષણમાં જ જે ( શુદ્ધ આત્મા ) પ્રત્યક્ષ કરે છે, જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધની અનિવાર્યતાને લીધે જ્ઞેય–જ્ઞાયકને ભિન્ન પાડવાં અશકય હોવાથી વિશ્વરૂપતાને પામ્યો હોવા છતાં જે ( શુદ્ધ આત્મા ) સહજ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે એકરૂપતાને છોડતો નથી..... **( ગાથા-૨૦૦ ની ટીકામાંથી )**

[ ૐ ] આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે ( અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે, જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ ).

**( ૧૪ મી દ્રવ્યનય )**

[ ૐ ] આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના ( વર્તમાન ) પર્યાયરૂપે ઉલ્લસે–પ્રકાશે–પ્રતિભાસે છે ( અર્થાત્ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ ).

**( ૧૫ મી ભાવનય )**

[ ૐ ] આત્મદ્રવ્ય જ્ઞાન જ્ઞેય દ્વૈતનયે, પરના પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે ( અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર પ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ ) **( ૨૫ મી જ્ઞાન જ્ઞેય દ્વૈતનય )**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રી સમયસારજી

આચાર્ય શ્રી કુંદકુંદદેવ પ્રણિત
આચાર્ય અમૃતચંદ્રસૂરિકૃત આત્મખ્યાતિ ટીકા
ભાવાર્થકર્તા– પં. જયચંદજી છાબડા

[ ૐ ] ....."स्वपराकारावभासन समर्थत्वादु पात्तवैश्वरुप्यैकरूप:" પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે ( અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે ). **( ગાથા-૨ ની ટીકામાંથી )**

[ ૐ ] **ટીકા**:- વળી દાહ્યના ( –બળવાયોગ્ય પદાર્થના ) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ' ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણકે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ–પ્રકાશનની ( સ્વરૂપને જાણવાની ) અવસ્થામાં પણ, દીવાની જેમ, કર્તા–કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે–પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.

**ભાવાર્થ**:- .....'જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણકે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણકે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે..... **( ગાથા-૬ ની ટીકા તેમજ ભાવાર્થમાંથી )**

[ ૐ ] **[ સ્વપર પ્રકાશક જ્ઞાન પર્યાયમાં જ આવિર્ભાવ તિરોભાવની વિધિ દર્શાવે છે. ]**

**ટીકા**:- .....પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ ( પ્રગટપણું ) અને વિશેષ ( જ્ઞેયાકાર ) જ્ઞાનના તિરોભાવ ( આચ્છાદન ) થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. **( ગાથા- ૧૫ ની ટીકામાંથી )**

[ ૐ ] **ટીકા**:- .....**यदा कदाचिद्यथा रूपिणो दर्पणस्य स्वपराकारावभासिनी स्वच्छतैव वह्नेरौष्ण्यं ज्वाला च तथा नीरूपस्यात्मन: स्वपराकारावभासिनी ज्ञातृतैव पुद्गलानां कर्म नोकर्म चेति स्वत: परतो वा भेदविज्ञानमूलानु-भूतिरुत्पत्स्यते तदैव प्रतिबुद्धो भविष्यति।**.....જેમ રૂપી દર્પણની સ્વ–પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા ( જ્ઞાતાપણું ) જ છે અને કર્મ તથા નોકર્મ પુદ્ગલનાં છે એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ ( આત્મા ) પ્રતિબુદ્ધ થશે.

**ભાવાર્થ**:- જેમ સ્પર્શાદિમાં પુદ્ગલનો અને પુદ્ગલમાં સ્પર્શાદિનો અનુભવ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ અનુભવાય છે, તેમ જ્યાં સુધી આત્માને, કર્મ–નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ–નોકર્મની ભ્રાંતિ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ ભાસે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે તે એમ જાણે કે આત્મા તો જ્ઞાતા જ છે અને કર્મ–નોકર્મ પુદ્‌ગલનાં જ છે ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે. જેમ અરીસામાં અગ્નિની જ્વાળા દેખાય ત્યાં એમ જણાય છે કે "જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી, અરીસામાં દેખાઈ રહી છે તે અરીસાની સ્વચ્છતા જ છે"; તે પ્રમાણે "કર્મ–નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં; આત્માની જ્ઞાન–સ્વચ્છતા એવી જ છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય; એ રીતે કર્મ–નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે" –એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ આત્માને કાં તો સ્વયમેવ થાય અથવા ઉપદેશથી થાય ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે. **( ગાથા-૧૯ ની ટીકા તેમજ ભાવાર્થમાંથી )**

[ ૐ ] હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ**- જે પુરુષો પોતાથી જ અથવા પરના ઉપદેશથી કોઈ પણ પ્રકારે ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી અવિચળ ( નિશ્ચળ ) પોતાના આત્માની અનુભૂતિને પામે છે, તે જ પુરુષો દર્પણની જેમ પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી નિરંતર વિકારરહિત હોય છે, –જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી. **( શ્લોક-૨૧ )**

[ ૐ ] **ભાવાર્થઃ**- ........ જ્યારે આત્માનું અજ્ઞાન દૂર થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય અને કેવળજ્ઞાન પ્રગટ થતાં સમસ્ત લોકમાં રહેલા પદાર્થો એકીવખતે જ જ્ઞાનમાં આવી ઝળકે છે તેને સર્વ લોક દેખો. **( શ્લોક-૩૨ ના ભાવાર્થમાંથી )**

[ ૐ ] ( જ્ઞેયોના નિમિત્તથી તથા ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસમાં આવતા હતા તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર હવે અનુભવમાં આવ્યો તેથી 'અખંડ' એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે..... **( શ્લોક-૪૭ માંથી )**

[ ૐ ] **ભાવાર્થઃ**- પરમાર્થે જીવ–પુદ્‌ગલની પ્રવૃત્તિ ભિન્ન હોવા છતાં, જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી બહારની તેમની પ્રવૃત્તિ એક જેવી દેખાય છે. અજ્ઞાનીને જીવ–પુદ્‌ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી ઉપલક દ્રષ્ટિએ જેવું દેખાય તેવું તે માની લે છે; તેથી તે એમ માને છે કે જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે. શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી, પરમાર્થ જીવનું સ્વરૂપ બતાવીને, અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે.

**( ગાથા-૮૪ ના ભાવાર્થમાંથી )**

[ ૐ ] **ટીકાઃ**- મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક, મયૂર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે. તે દ્રષ્ટાંતથી સમજાવવામાં આવે છેઃ– જેમ ઘેરો વાદળી, લીલો, પીળો આદિ ( વર્ણરૂપ ) ભાવો કે જેઓ મોરના પોતાના સ્વભાવથી મોર વડે ભાવવામાં આવે છે ( –બનાવાય છે, થાય છે ) તેઓ મોર જ છે અને ( દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા ) ઘેરો વાદળી, લીલો, પીળો ઇત્યાદિ ભાવો કે જેઓ ( દર્પણની ) સ્વચ્છતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે તેઓ દર્પણ જ છે; તેવી જ રીતે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો કે જેઓ ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવે છે તેઓ જીવ જ છે.

**ભાવાર્થ**:- અહીં એમ જાણવું કેઃ– મિથ્યાત્વાદિ કર્મની પ્રકૃતિઓ છે તે પુદ્ગલદ્રવ્યના પરમાણુ છે. જીવ ઉપયોગસ્વરૂપ છે. તેના ઉપયોગની એવી સ્વચ્છતા છે કે પૌદ્ગલિક કર્મનો ઉદય થતાં તેના ઉદયનો જે સ્વાદ આવે તેના આકારે ઉપયોગ થઈ જાય છે. અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું અને ઉપયોગનું ભેદજ્ઞાન નથી તેથી તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે. જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય અર્થાત્ જીવભાવને જીવ જાણે અને અજીવભાવને અજીવ જાણે ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે.
**( ગાથા-૮૭ ની ટીકા તેમજ ભાવાર્થમાંથી )**

[ ૐ ] **ટીકા**:- જોકે નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ–પરિણમનમાં સમર્થપણું છે, તોપણ ( આત્માને ) અનાદિથી અન્ય–વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી, આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે. ઉપયોગનો તે પરિણામ- વિકાર, સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ, પરને લીધે ( –પરની ઉપાધિને લીધે ) ઉત્પન્ન થતો દેખાય છે. તે સ્પષ્ટપણે સમજાવવામાં આવે છેઃ– જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ–પરિણમનમાં ( અર્થાત્ પોતાના ઉજ્જ્વળતારૂપ સ્વરૂપે પરિણમવામાં ) સમર્થપણું હોવા છતાં, કદાચિત્ ( સ્ફટિકને ) કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી, સ્ફટિકની સ્વચ્છતાનો, કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે, તેવી રીતે ( આત્માને ) અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્ય–વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી, આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો. **( ગાથા-૮૯ ની ટીકા )**

[ ૐ ] **ટીકા**:- અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ ( તફાવત ) ન જાણતો હોય ત્યારે પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, કર્મોનો કર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છેઃ– જેમ શીત–ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત–ઉષ્ણ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ–દ્વેષ–સુખ–દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે અજ્ઞાનને લીધે આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે રાગ–દ્વેષ–સુખ–દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે, શીત–ઉષ્ણની માફક ( અર્થાત્ જેમ શીત–ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો ( અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો ), જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, 'આ હું રાગી છું ( અર્થાત્ આ હું રાગ કરું છું )' ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.

**ભાવાર્થઃ-** રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે; તેથી તે, શીત–ઉષ્ણપણાની માફક, પુદ્‌ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે. અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે; કારણકે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષાદિનો સ્વાદ, શીતઉષ્ણપણાની માફક, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. તેથી તે એમ માને છે કે 'હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું' ઇત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષાદિનો કર્તા થાય છે.

**( ગાથા-૯૨ ની ટીકા તેમજ ભાવાર્થ )**

[ ૐ ] **ટીકાઃ-** જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહિ કરતો અને પોતાને પર નહિ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છેઃ– જેમ શીત–ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત–ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે જ્ઞાનને લીધે આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન છે એવા વિવેકને લીધે, શીત–ઉષ્ણની માફક ( અર્થાત્ જેમ શીત–ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, 'આ હું ( રાગને ) જાણું જ છું, રાગી તો પુદ્‌ગલ છે ( અર્થાત્ રાગ તો પુદ્‌ગલ કરે છે )' ઇત્યાદિ વિધિથી, જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.

**( ગાથા-૯૩ ની ટીકા )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**( અજ્ઞાનની સિદ્ધિ પણ પ્રતિભાસથી થાય છે. )**

[ ૐ ] **ટીકાઃ-** ખરેખર એ રીતે, 'હું ક્રોધ છું' ઇત્યાદિની જેમ અને 'હું ધર્મદ્રવ્ય છું' ઇત્યાદિની જેમ આત્મા પરદ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે; તેથી આ આત્મા, જોકે તે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે તોપણ, અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે....

જેમ ભૂતાવિષ્ટ પુરુષ અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો, મનુષ્યને અનુચિત એવી વિશિષ્ટ ચેષ્ટાના અવલંબન સહિત ભયંકર *આરંભથી ભરેલા અમાનુષ વ્યવહારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે; તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ ભાવ્ય-ભાવકરૂપ પરને અને પોતાને એક કરતો થકો, અવિકાર અનુભૂતિમાત્ર જે ભાવક તેને અનુચિત એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે. વળી જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી મહિષનું ( પાડાનું ) ધ્યાન કરતો કોઈ ભોળો પુરુષ અજ્ઞાનને લીધે મહિષને અને પોતાને એક કરતો થકો, 'હું ગગન સાથે ઘસાતાં શિંગડાંવાળો મોટો મહિષ છું' એવા અધ્યાસને લીધે મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું તેનાથી ચ્યુત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે; તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ્ઞેયજ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો થકો, 'હું પરદ્રવ્ય છું' એવા અધ્યાસને લીધે મનના વિષયરૂપ કરવામાં આવેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવ વડે ( પોતાની ) શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી તથા ઇન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે ( પોતાનો ) કેવળ બોધ ( -જ્ઞાન ) ઢંકાયેલ હોવાથી અને મૃત કલેવર ( -શરીર ) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન ( પોતે ) મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે. **( ગાથા-૯૬ ની ટીકા )**

[ ૐ ] **ટીકાઃ-** કારણકે આ આત્મા અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાનો આત્મવિકલ્પ કરે છે તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે-આવું જે જાણે છે તે સમસ્ત કર્તૃત્વને છોડે છે તેથી તે નિશ્ચયથી અકર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટ સમજાવવામાં આવે છેઃ-

**( ગાથા-૯૭ ની ટીકામાંથી )**

[ ૐ ] **ભાવાર્થઃ-** જ્ઞાન તો ચેતનાસ્વરૂપ છે અને રાગાદિક પુદ્ગલવિકાર હોવાથી જડ છે; પરંતુ અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ રાગાદિરૂપ થઇ ગયું હોય એમ ભાસે છે અર્થાત્ જ્ઞાન અને રાગાદિક બન્ને એકરૂપ-જડરૂપ-ભાસે છે. જ્યારે અંતરંગમાં જ્ઞાન અને રાગાદિનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી ભેદજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે એમ જણાય છે કે જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે, જ્ઞાનમાં જે રાગાદિકની કલુષતા- આકુળતારૂપ સંકલ્પવિકલ્પ-ભાસે છે તે સર્વ પુદ્ગલવિકાર છે, જડ છે. આમ જ્ઞાન અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે અર્થાત્ અનુભવ થાય છે. જ્યારે આવું ભેદજ્ઞાન થાય ત્યારે આત્મા આનંદિત થાય છે કારણકે તેને જણાય છે કે "પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે, રાગાદિરૂપ કદી થયો નથી" . માટે આચાર્યમહારાજે કહ્યું છે કે "હે સત્પુરુષો ! હવે તમે મુદિત થાઓ". **( શ્લોક-૧૨૬ નો ભાવાર્થ )**

[ ૐ ] **ભાવાર્થઃ-** સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ સામાન્યપ્રતિભાસરૂપ ( -દર્શનરૂપ ) અને વિશેષપ્રતિભાસરૂપ ( -જ્ઞાનરૂપ ) હોવી જોઈએ. જો ચેતના પોતાની દર્શનજ્ઞાનરૂપતાને છોડે તો ચેતનાનો જ અભાવ થતાં, કાં તો ચેતન આત્માને ( પોતાના ચેતનાગુણનો અભાવ થવાથી ) જડપણું આવે, અથવા તો વ્યાપકના અભાવથી વ્યાપ્ય એવા આત્માનો અભાવ થાય. ( ચેતના આત્માની સર્વ અવસ્થાઓમાં વ્યાપતી હોવાથી વ્યાપક છે અને આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે. તેથી ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય. ) માટે ચેતના દર્શનજ્ઞાનસ્વરૂપ જ માનવી. **( શ્લોક-૧૮૩ નો ભાવાર્થ )**

[ ૐ ] **ભાવાર્થઃ-** કર્મનો નાશ કરી મોક્ષને અનુભવતું, પોતાની સ્વાભાવિક અવસ્થારૂપ, અત્યંત શુદ્ધ, સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું, અત્યંત ગંભીર ( જેનો પાર નથી એવું ) અને ધીર ( આકુળતા વિનાનું ) -એવું પૂર્ણ જ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું, પોતાના મહિમામાં લીન થયું. **( શ્લોક-૧૯૨ નો ભાવાર્થ )**

[ ૐ ] **ટીકાઃ-** ....... માટે, જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં, કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે, અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો એવો તે ( જ્ઞાયક ભાવ ) વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી ( -અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી ), તેને કર્તાપણું સંમત કરવું ( અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું ); તે ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ ( અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત ) થવાને લીધે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે ( જ્ઞાયક ભાવ ), વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો ( -જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે-રૂપે જ પરિણમતો થકો ), કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.

**ભાવાર્થઃ-**........ આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે; પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે, અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે, તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે; અને જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.

**( ૩૩૨ થી ૩૪૪ ની ટીકામાંથી )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] **ભાવાર્થઃ-** શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી. જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી. આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને આ લોકો 'જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે' એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે, તે તેમનું અજ્ઞાન છે. તેમના પર કરુણા કરીને આચાર્યદેવ કહે છે કે-આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે? **( શ્લોક ૨૧૫ નો ભાવાર્થ )**

[ ૐ ] **ભાવાર્થઃ-** શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્ય દ્રવ્યરૂપે થતો નથી. જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી, તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરા પણ થતું નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે, પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી. **( શ્લોક ૨૧૬ નો ભાવાર્થ )**

## પરિશિષ્ટ ( ૧૪ ભંગના બોલ )

[ ૐ ] .....જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનેક જ્ઞેયાકારો વડે ( -જ્ઞેયોના આકારો વડે ) પોતાનો સકળ ( -આખો, અખંડ ) એક જ્ઞાન-આકાર ખંડિત ( -ખંડખંડરૂપ ) થયો માનીને નાશ પામે છે, ત્યારે ( તે જ્ઞાનમાત્ર ભાવનું ) દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જીવાડે છે- નાશ પામવા દેતો નથી. **( બોલ ત્રીજો )**

[ ૐ ] વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે ( અર્થાત્ જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોના આકાર આવે છે તેમનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે ), ત્યારે ( તે જ્ઞાનમાત્ર ભાવનું ) પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. **( બોલ-ચોથો )**

[ ૐ ] વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ સ્વક્ષેત્રે હોવાને ( -રહેવાને, પરિણમવાને ) માટે, પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોના ત્યાગ વડે ( અર્થાત્ જ્ઞાનમાં જે પરક્ષેત્રે રહેલ જ્ઞેયોના આકાર આવે છે તેમનો ત્યાગ કરીને ) જ્ઞાનને તુચ્છ કરતો થકો પોતાનો નાશ કરે છે, ત્યારે સ્વક્ષેત્રે રહીને જ પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોરૂપે પરિણમવાનો જ્ઞાનનો સ્વભાવ હોવાથી ( તે જ્ઞાનમાત્ર ભાવનું ) પરક્ષેત્રથી નાસ્તિત્વ પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. **( બોલ-આઠમો )**

[ ૐ ] ( અનેક જ્ઞેયોના આકારો જ્ઞાનમાં જણાતાં જ્ઞાનની શક્તિને છિન્નભિન્ન-ખંડ-ખંડરૂપ-થઈ જતી માનીને ) સમસ્તપણે તૂટી જતો થકો ( અર્થાત્ ખંડખંડરૂપ-અનેકરૂપ-થઈ જતો થકો ) નાશ પામે છે; અને અનેકાંતનો જાણનાર તો, સદાય ઉદિત ( -પ્રકાશમાન ) એકદ્રવ્યપણાને લીધે ભેદના ભ્રમને નષ્ટ કરતો થકો ( અર્થાત્ જ્ઞેયોના ભેદે જ્ઞાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વથા ભેદ પડી જાય છે એવા ભ્રમનો નાશ કરતો થકો ), જે એક છે ( –સર્વથા અનેક નથી ) અને જેનું અનુભવન નિર્બાધ છે એવા જ્ઞાનને દેખે છે–અનુભવે છે.

**ભાવાર્થઃ**- જ્ઞાન છે તે જ્ઞેયોના આકારે પરિણમવાથી અનેક દેખાય છે, તેથી સર્વથા એકાંતવાદી તે જ્ઞાનને સર્વથા અનેક–ખંડખંડરૂપ–દેખતો થકો જ્ઞાનમય એવા પોતાનો નાશ કરે છે; અને સ્યાદ્‌વાદી તો જ્ઞાનને, જ્ઞેયાકાર થવા છતાં, સદા ઉદયમાન દ્રવ્યપણા વડે એક દેખે છે. **( શ્લોક નં. ૨૫૦ નો ભાવાર્થ )**

[ ॐ ] **ભાવાર્થઃ**- એકાંતવાદી જ્ઞેયાકારરૂપ ( અનેકાકારરૂપ ) જ્ઞાનને મલિન જાણી, તેને ધોઈને–તેમાંથી જ્ઞેયાકારો દૂર કરીને, જ્ઞાનને જ્ઞેયાકારો રહિત એક–આકારરૂપ કરવા ઇચ્છતો થકો, જ્ઞાનનો નાશ કરે છે; અને અનેકાંતી તો સત્યાર્થ વસ્તુસ્વભાવને જાણતો હોવાથી, જ્ઞાનને સ્વરૂપથી જ અનેકાકારપણું માને છે. **( શ્લોક-૨૫૧ નો ભાવાર્થ )**

[ ॐ ] **શ્લોકાર્થ**:- પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેયપદાર્થોમાં જે જ્ઞેયજ્ઞાયક સંબંધરૂપ નિશ્ચિત વ્યાપાર તેમાં પ્રવર્તતો થકો, આત્માને સમસ્તપણે બહાર ( પરક્ષેત્રમાં ) પડતો દેખીને ( –સ્વક્ષેત્રથી આત્માનું અસ્તિત્વ નહિ માનીને ) સદા નાશ પામે છે; અને સ્યાદ્‌વાદનો જાણનાર તો, સ્વક્ષેત્રથી અસ્તિપણાને લીધે જેનો વેગ રોકાયેલો છે એવો થયો થકો ( અર્થાત્ સ્વક્ષેત્રમાં વર્તતો થકો ), આત્મામાં જ આકારરૂપ થયેલાં જ્ઞેયોમાં નિશ્ચિત વ્યાપારની શક્તિવાળો થઈને, ટકે છે–જીવે છે ( –નષ્ટ થતો નથી ). **( શ્લોક-૨૫૪ )**

[ ॐ ] **ભાવાર્થઃ**- ‘પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોના આકારે ચૈતન્યના આકારો થાય છે તેમને જો હું પોતાના કરીશ તો સ્વક્ષેત્રમાં જ રહેવાને બદલે પરક્ષેત્રમાં પણ વ્યાપી જઈશ’ એમ માનીને અજ્ઞાની એકાંતવાદી પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોની સાથે સાથે ચૈતન્યના આકારોને પણ છોડી દે છે; એ રીતે પોતે ચૈતન્યના આકારો રહિત તુચ્છ થાય છે, નાશ પામે છે. સ્યાદ્‌વાદી તો સ્વક્ષેત્રમાં રહેતો, પરક્ષેત્રમાં પોતાની નાસ્તિતા જાણતો થકો, જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં ચૈતન્યના આકારોને છોડતો નથી; માટે તે તુચ્છ થતો નથી, નાશ પામતો નથી. **( શ્લોક ૨૫૫ નો ભાવાર્થ )**

## -શક્તિઓ-

[ ॐ ] સાકાર ઉપયોગમયી જ્ઞાન શક્તિ ( જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાન શક્તિ. ) **( શક્તિ ૪ થી )**

[ ॐ ] અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક ( અર્થાત્ અનેક–આકારરૂપ ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ. ( જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે. ) **( શક્તિ ૧૧ મી )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ॐ ] પર અને પોતે જેમનાં નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ. ( પર જેમનાં કારણ છે એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના અને પોતે જેમનું કારણ છે એવા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ. ) **( શક્તિ ૧૫ મી )**

[ ॐ ] **શ્લોકાર્થ:-** જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો; ( પરંતુ ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે, જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો ( અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા-એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો ).

**ભાવાર્થ:-** જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતાં નથી; જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો ( તરંગો ) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા-એ ત્રણે ભાવોયુક્ત સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે. 'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું' એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે.

**( ૨૭૧ નો શ્લોકાર્થ તેમજ ભાવાર્થ )**

[ ॐ ] **શ્લોકાર્થ:-** સહજ ( -પોતાના સ્વભાવરૂપ ) તેજ:પુંજમાં ત્રણ લોકના પદાર્થો મગ્ન થતા હોવાથી જેમાં અનેક ભેદો થતા દેખાય છે તોપણ જેનું એક જ સ્વરૂપ છે ( અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો ઝળક્તા હોવાથી જે અનેક જ્ઞેયાકારરૂપ દેખાય છે તોપણ ચૈતન્યરૂપ જ્ઞાનાકારની દૃષ્ટિમાં જે એકસ્વરૂપ જ છે. )

**( શ્લોક-૨૭૫ નો શ્લોકાર્થ )**

---

**શરીરની ક્રિયા કરે તે આત્મા ? ના, -તે આત્મા નથી. પાપ કરે, પાપને છોડે તે આત્મા ? ના, આત્માને સમજવાનો એ વ્યવહાર પણ નથી-એમ અહીં કહે છે. તો પરને જાણવાવાળો એવો આત્મા છે કે નહીં ? પરને જાણે કોણ ? શું જડ જાણે ? તો કહે- ના, આત્માને સમજવાની એ રીત જ નથી. આત્મા તો પોતાને જાણે, શ્રદ્ધે અને ઠરે એવો ભેદ પાડવો-તે વ્યવહાર છે. "એ વ્યવહાર પણ મ્લેચ્છભાષાના સ્થાનમાં છે." અહા ! આ તો અલૌકિક વાત છે.**

**( તા. ૪/૧૦/૬૮ સમયસાર ગાથા ૮,૯-૧૦ ઉપરનાપૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# નાટક સમયસાર

કવિવર પં. શ્રી બનારસીદાસજી રચિત

[ ॐ ] **અર્થઃ-** ચૈતન્યરૂપ છે, અનંત ગુણ, અનંત પર્યાય અને અનંત શક્તિ સહિત છે, અમૂર્તિક છે, અખંડિત છે. સર્વવ્યાપી છે, આ જીવદ્રવ્યનું સ્વરૂપ કહ્યું છે.
( લોક–અલોક પ્રતિબિમ્બિત થવાથી પૂર્ણજ્ઞાનની અપેક્ષાએ સર્વવ્યાપી છે. )

**( ઉત્થાનિકા-દોહા-૨૦ પેઈજ નં-૧૫ )**

## જ્ઞાતાની અવસ્થા

[ ॐ ] **અર્થઃ-** પોતાની જાતે પોતાનું સ્વરૂપ સંભાળવાથી અથવા શ્રીગુરુના મુખારવિંદ દ્વારા ઉપદેશ સાંભળવાથી જેમને ભેદજ્ઞાન જાગૃત થયું છે અર્થાત્ સ્વપર વિવેકની જ્ઞાનશક્તિ પ્રગટ થઈ છે, તે મહાત્માઓને જીવનમુક્ત અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે. તેમના નિર્મળ દર્પણ જેવા સ્વચ્છ આત્મામાં અનંત ભાવ ઝળકે છે પરંતુ તેનાથી કાંઈ વિકાર થતો નથી. તેઓ સદા આનંદમાં મસ્ત રહે છે.

**( જીવ દ્વાર-સવૈયા-૨૨, પેઈજ નં-૪૨ )**

## તીર્થંકરના નિશ્ચય સ્વરૂપની સ્તુતિ

[ ॐ ] **અર્થઃ-** જેમને એવું જ્ઞાન જાગૃત થયું છે કે જેમાં દર્પણની પેઠે લોકાલોકના ભાવ પ્રતિબિંબિત થાય છે, જેમને કેવળદર્શન પ્રગટ થયું છે, જેમને અંતરાય કર્મ નાશ પામ્યું છે, જેમને મહામોહકર્મનો નાશ થવાથી પરમ સાધુ અથવા મહા સંન્યાસી અવસ્થા પ્રાપ્ત થઈ છે, જેમણે સ્વાભાવિક યોગો ધારણ કર્યા છે તોપણ જે યોગોથી વિરક્ત છે, જેમને માપ પંચાસી પ્રકૃતિઓ બળી ગયેલી સીંદરીની રાખની પેઠે લાગેલી છે; એવા તીર્થંકરદેવ દેહરૂપ દેવાલયમાં સ્પષ્ટ ચૈતન્યમૂર્તિ શોભાયમાન થાય છે, તેમને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. **( જીવદ્વાર-સવૈયા ૨૯, પેઈજ નં-૪૭-૪૮ )**

## ભેદવિજ્ઞાનનું પરિણામ

[ ॐ ] **અર્થઃ-** જેમ કરવત લાકડાના બે ટુકડા કરી નાખે છે, અથવા જેમ રાજહંસ દૂધ અને પાણીને જુદા કરી દે છે તેવી જ રીતે ભેદવિજ્ઞાન પોતાની ભેદક–શક્તિથી જીવ અને પુદ્ગલને જુદા જુદા કરે છે. પછી એ ભેદવિજ્ઞાન ઉન્નતિ કરતાં કરતાં અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને પરમાવધિજ્ઞાનની અવસ્થાને પ્રાપ્ત થાય છે. અને એ રીતે વૃદ્ધિ કરીને પૂર્ણ સ્વરૂપના પ્રકાશ અર્થાત્ કેવળજ્ઞાનસ્વરૂપ થઈ જાય છે જેમાં લોક–અલોકના સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે. **( અજીવ દ્વાર સવૈયા-૧૪, પેઈજ નં-૬૪ )**

[ ॐ ] **અર્થઃ-** જેનો ઉદય થતાં હૃદયમાંથી મોહરૂપી મહા અંધકાર નષ્ટ થઈ જાય છે અને શુભકર્મ સારું છે અથવા અશુભકર્મ ખરાબ છે, એ ભેદ મટીને બન્ને એકસરખા ભાસવા લાગે છે, જેની પૂર્ણ કળાના પ્રકાશમાં લોક–અલોક બધું ઝળકવા લાગે છે, તે કેવળજ્ઞાનરૂપ ચંદ્રમાનું અવલોકન કરીને પં. બનારસીદાસજી મસ્તક નમાવીને વંદન કરે છે. **( પુણ્ય પાપ એકત્વ દ્વાર દોહા-૨, પેઈજ નં-૯૫ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## દ્રવ્યાસ્રવ, ભાવાસ્રવ અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ

[ ૐ ] **અર્થઃ-** આત્મપ્રદેશોમાં પુદ્‌ગલનું આગમન તે દ્રવ્યાસ્રવ છે, જીવના રાગ-દ્વેષ-મોહરૂપ પરિણામ ભાવાસ્રવ છે, દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવનો અભાવ આત્માનું સમ્યક્ સ્વરૂપ છે. **જ્યાં જ્ઞાનકળા પ્રગટ થાય છે ત્યાં અંતરંગ અને બહિરંગમાં જ્ઞાન સિવાય બીજું કાંઈ દેખાતું નથી.** **( આસ્રવ અધિકાર દોહા-૩, પેઈજ નં-૧૧૦ )**

## શુદ્ધ આત્મા જ સમ્યદર્શન છે.

[ ૐ ] **અર્થઃ-** જેના પ્રકાશમાં રાગ-દ્વેષ-મોહ રહેતા નથી, આસ્રવનો અભાવ થાય છે, બંધનો ત્રાસ મટી જાય છે, જેમાં સમસ્ત પદાર્થોના ત્રિકાળવર્તી અનંત ગુણ-પર્યાય ઝળકે છે અને જે પોતે સ્વયં અનંતાનંત ગુણપર્યાયની સત્તા સહિત છે, એવો અનુપમ, અખંડ, અચળ, નિત્ય, જ્ઞાનનું નિધાન ચિદાનંદ જ સમ્યગ્દર્શન છે. ભાવશ્રુતજ્ઞાન-પ્રમાણથી પદાર્થનો વિચાર કરવામાં આવે તો તે અનુભવગમ્ય છે અને દ્રવ્યશ્રુત અર્થાત્ શબ્દશાસ્ત્રથી વિચારવામાં આવે તો વચનથી કહી શકાતું નથી.

**( આસ્રવ અધિકાર-દોહા-૧૫, પેઈજ નં-૧૧૯ )**

## જ્ઞાનરૂપ સંવરને નમસ્કાર

[ ૐ ] **અર્થઃ-** જે આત્માનો ઘાતક છે અને આત્મ-અનુભવથી રહિત છે એવો આસ્રવરૂપ મહા અંધકાર અખંડ ઈંડાની જેમ જગતના બધા જીવોને ઘેરી રહેલ છે. તેનો નાશ કરવાને માટે પણ લોકમાં ફેલાતા સૂર્ય જેવો જેનો પ્રકાશ છે અને જેમાં સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે અને પોતે તે બધા પદાર્થોના આકારરૂપ થાય છે, તોપણ આકાશના પ્રદેશની જેમ તેમનાથી અલિપ્ત રહે છે, તે જ્ઞાનરૂપી સૂર્ય શુદ્ધ સંવરના વેશમાં છે, તેના પ્રકાશને અમારા પ્રણામ છે. **( સંવર દ્વાર દોહા-૨, પેઈજ નં-૧૨૨ )**

## - સમ્યગ્જ્ઞાનને સમુદ્રની ઉપમા -

[ ૐ ] **અર્થઃ- જે જ્ઞાનરૂપ સમુદ્રમાં અનંત દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયો સહિત હંમેશાં ઝળકે છે, પણ તે, તે દ્રવ્યોરૂપ થતો નથી અને પોતાના જ્ઞાયક સ્વભાવને છોડતો નથી. તે અત્યંત નિર્મળ જળરૂપ આત્મા પ્રત્યક્ષ છે જે પોતાના પૂર્ણ રસમાં મોજ કરે છે તથા જેમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન આ પાંચ પ્રકારની લહેરો ઊઠે છે, જે મહાન છે, જેનો મહિમા અપરંપાર છે, જે નિજાશ્રિત છે તે જ્ઞાન એક છે તોપણ જ્ઞેયોને જાણવાની અનેકતા સહિત છે.**

**ભાવાર્થઃ-** અહીં જ્ઞાનને સમુદ્રની ઉપમા આપી છે. સમુદ્રમાં રત્નાદિ અનંત દ્રવ્યો રહે છે, જ્ઞાનમાં પણ અનંત દ્રવ્યો પ્રતિબિંબિત થાય છે. સમુદ્ર રત્નાદિરૂપ થઈ જતો નથી, જ્ઞાન પણ જ્ઞેયરૂપ થતું નથી. સમુદ્રનું જળ નિર્મળ રહે છે, જ્ઞાન પણ નિર્મળ રહે છે. સમુદ્ર પરિપૂર્ણ રહે છે, જ્ઞાન પણ પરિપૂર્ણ રહે છે. સમુદ્રમાં લહેરો ઉત્પન્ન થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનમાં પણ મતિ, શ્રુત, આદિ તરંગો છે. સમુદ્ર મહાન હોય છે, જ્ઞાન પણ મહાન હોય છે, સમુદ્ર અપાર હોય છે, જ્ઞાન પણ અપાર છે. સમુદ્રનું જળ નિજાધારે રહે છે, જ્ઞાન પણ નિજાધાર છે. સમુદ્ર પોતાના સ્વરૂપની અપેક્ષાએ એક અને તરંગોની અપેક્ષાએ અનેક હોય છે, જ્ઞાન પણ જ્ઞાયકસ્વભાવની અપેક્ષાએ એક અને જ્ઞેયોને જાણવાની અપેક્ષાએ અનેક હોય છે. **( નિર્જરા દ્વાર- દોહા-૨૦, પેઈજ નં.-૧૪૨ )**

**- શિષ્યની શંકાનું સમાધાન -**

[ ૐ ] **અર્થઃ-** જેમ સ્વચ્છ અને સફેદ સૂર્યકાન્તમણિ અથવા સ્ફટિકમણિની નીચે અનેક પ્રકારના ડંક મૂકવામાં આવે તો તે અનેક પ્રકારના રંગ-બેરંગી દેખાય છે અને જો વસ્તુના અસલ સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો ઉજ્જવળતા જ જણાય છે, તેવી જ રીતે જીવદ્રવ્યમાં પુદ્‌ગલના નિમિત્તે તેની મમતાના કારણે મોહ-મદિરાનું ઉન્મત્તપણું થાય છે, પણ ભેદવિજ્ઞાન દ્વારા સ્વભાવ વિચારવામાં આવે તો સત્ય અને શુદ્ધ ચૈતન્યની વચનાતીત સુખ-શાંતિ પ્રતીતમાં આવે છે.

**( બંધ દ્વાર-દોહા ૩૪, પેઈજ નં. ૧૯૫ )**

**લૌકિક જનોથી મોહ હટાવવાનો ઉપાય-**

[ ૐ ] **અર્થઃ-** હે ભવ્ય ! આ સંસારી જીવો અને આ સંસાર સાથે તમારે કાંઈ સંબંધ નથી, તમારા જ્ઞાનઘટમાં સમસ્ત સંસારનો સમાવેશ છે અને તેમાં તમારું જ રાજ્ય છે.
( ૧, નિર્મળ જ્ઞાનમાં સમસ્ત લોક-અલોક ઝળકે છે. )

**( બંધ દ્વાર-પેઈજ નં. ૨૦૨ શ્લોક-૪૫ )**

**- સુબુદ્ધિનો વિલાસ -**

[ ૐ ] **અર્થઃ-** સુબુદ્ધિ ધર્મરૂપ ફળ ધારણ કરે છે, કર્મમળ હરે છે, મન, વચન, કાય ત્રણે બળોને મોક્ષમાર્ગમાં લગાવે છે, જીભથી સ્વાદ લીધા વિના ઉજ્જ્વળ જ્ઞાનનું ભોજન ખાય છે, પોતાની અનંત જ્ઞાનરૂપ સંપત્તિ ચિત્તરૂપ દર્પણમાં દેખે છે, મર્મની વાત અર્થાત્ આત્માનું સ્વરૂપ બતાવે છે, મિથ્યાત્વરૂપ નગર ભસ્મ કરે છે, સદ્‌ગુરુની વાણીનું ગ્રહણ કરે છે, ચિત્તમાં સ્થિરતા લાવે છે, જગતની હિતકારી બનીને રહે છે, ત્રિલોકનાથની ભક્તિમાં અનુરાગ કરે છે, મુક્તિની અભિલાષા ઉત્પન્ન કરે છે; એવો સુબુદ્ધિનો વિલાસ છે. **( મોક્ષ દ્વાર- દોહા-૫, પેઈજ નં-૨૧૪, ૨૧૫ )**

**અજ્ઞાનમાં જીવ કર્મનો કર્તા છે-**

[ ૐ ] **અર્થઃ- નિશ્ચયનયથી જુઓ તો આ આત્માનો નિજસ્વભાવ પરમ પ્રકાશરૂપ છે અને જેમાં લોકાલોકના છએ દ્રવ્યોના ભૂત, ભવિષ્ય, વર્તમાનના ત્રિકાળવર્તી અનંત ગુણ-પર્યાયો પ્રતિભાસિત થાય છે.** તે જ જીવ સંસારી દશામાં મિથ્યાત્વની સેવા કરવાથી કર્મનો કર્તા દેખાય છે, આ મિથ્યાત્વની સેવા મોહનો વિસ્તાર છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાચરણ છે, જન્મ-મરણરૂપ સંસારનો વિકાર છે, વ્યવહારના વિષયભૂત આત્માનો અશુદ્ધ સ્વભાવ છે. **( દોહા નં-પ, પેઈજ નં-૨૪૬ )**

**જ્ઞાનનું જ્ઞેયાકારરૂપ પરિણમન થાય છે પણ તે જ્ઞેયરૂપ થઈ જતું નથી.**

[ ૐ ] **અર્થ:-** જો કે જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયાકારરૂપ પરિણમન કરવાનો છે, તો પણ જ્ઞાન, જ્ઞાન જ રહે છે અને જ્ઞેય જ્ઞેય જ રહે છે. આ મર્યાદા અનાદિકાળથી ચાલી આવે છે, કોઈ કોઈના સ્વભાવનું ગ્રહણ કરતું નથી. અર્થાત્ જ્ઞાન જ્ઞેય થઈ જતું નથી અને જ્ઞેય જ્ઞાન થઈ જતું નથી. આમ છતાં કોઈ મિથ્યામતી-વૈશેષિક આદિ કહે છે કે જ્ઞેયાકાર પરિણમનથી જ્ઞાન અશુદ્ધ થઈ રહ્યું છે, તેથી તેઓ આ જ મૂર્ખાઈથી વ્યાકુળ થઈ ભટકે છે- વસ્તુસ્વભાવને ન સમજતાં ભ્રમમાં ભૂલેલા છે.

**વિશેષ:-** વૈશેષિકોનો એકાન્ત સિદ્ધાંત છે કે જગતના પદાર્થો જ્ઞાનમાં પ્રતિબિમ્બિત થાય છે, તેથી જ્ઞાન અશુદ્ધ થઈ જાય છે, જ્યાં સુધી અશુદ્ધતા નહિ મટે ત્યાં સુધી મુક્ત નહિ થાય. પરંતુ એમ નથી. જ્ઞાન સ્વચ્છ આરસી સમાન છે, તેના ઉપર પદાર્થોની છાયા પડે છે, તેથી વ્યવહારથી કહેવું પડે છે કે અમુક રંગનો પદાર્થ ઝળકવાથી કાચ અમુક રંગનો દેખાય છે, પણ વાસ્તવમાં છાયા પડવાથી કાચમાં કાંઈ પરિવર્તન થતું નથી, જેમનો તેમ બની રહે છે.

**( સર્વવિશુદ્ધિ દ્વાર દોહા-પ૦, પેઈજ નં- ૨૬૮, ૨૬૯ )**

**( જગતના પદાર્થો પરસ્પર અવ્યાપક છે. )**

[ ૐ ] **ભાવાર્થ:-** વ્યવહારનયથી જગતના દ્રવ્યો એકબીજાને મળે છે, એકબીજામાં પ્રવેશ કરે છે અને એકબીજાને અવકાશ આપે છે પણ નિશ્ચયનયથી સર્વ નિજાશ્રિત છે, કોઈ કોઈને મળતું નથી. જીવના પૂર્ણ જ્ઞાનમાં તે બધા અને અપૂર્ણ જ્ઞાનમાં યથાસંભવ જગતના પદાર્થો પ્રતિભાસિત થાય છે, પણ જ્ઞાન તેમને મળતું નથી અને ન તે પદાર્થો જ્ઞાનને મળે છે. **( વિશુદ્ધિદ્વાર- દોહા-પ૧ નો ભાવાર્થ પેઈજ નં-૨૬૯ )**

[ ૐ ] **ભાવાર્થ:-** સ્યાદ્વાદ જ્ઞાનની નિરાકાર અને સાકાર બન્ને પરિણતિને માને છે. સાકાર તો તેથી કે જ્ઞાનની જ્ઞેયાકાર પરિણતિ થાય છે અને નિરાકાર એટલા માટે કે જ્ઞાનમાં જ્ઞેયજનિત કોઈ વિકાર થતો નથી. **( સર્વવિશુદ્ધિ દ્વાર-દોહા-પ૬, પેઈજ નં-૨૭૨ )**

[ ૐ ] **અર્થ:-** સમ્યગ્દ્રષ્ટિ જીવ શુદ્ધ દ્રવ્યનો અનુભવ કરે છે અને શુદ્ધ વસ્તુ જાણવાથી હૃદયમાં શુદ્ધ દ્રષ્ટિ રાખે છે, તેથી તેઓ સાહજિક સ્વભાવનો લોપ કરતા નથી; અભિપ્રાય એ છે કે જ્ઞેયાકાર થવું એ જ્ઞાનનો સહજ સ્વભાવ છે. તેથી સમ્યગ્દ્રષ્ટિ જીવના સ્વભાવનો લોપ કરતા નથી. **( સર્વ વિશુદ્ધિ દ્વાર દોહા-પ૭, પેઈજ નં-૨૭૨ )**

[ ૐ ] **અર્થ:-** જેવી રીતે ચંદ્રના કિરણો પ્રકાશિત થઈને ધરતીને સફેદ કરી નાખે છે પણ ધરતીરૂપ થઈ જતા નથી-જ્યોતિરૂપ જ રહે છે, તેવી જ રીતે જ્ઞાનશક્તિ હેય-ઉપાદેયરૂપ જ્ઞેય પદાર્થોને પ્રકાશિત કરે છે, પણ જ્ઞેયરૂપ થઈ જતી નથી; શુદ્ધવસ્તુ શુદ્ધપર્યાયરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણમન કરે છે અને નિજસત્તાપ્રમાણ રહે છે, તે કદી પણ કોઈ પણ હાલતમાં અન્યરૂપ થતી નથી એ વાત નિશ્ચિત છે અને અનાદિકાળની જિનવાણી એમ કહી રહી છે.

**( સર્વ વિશુદ્ધિ દ્વાર- દોહા-૫૮, પેઈજ નં. ૨૭૩ )**

**- દસમા અધિકારનો સાર -**

[ ૐ ] યાદ રહે કે જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે, જ્યારે તે જ્ઞેયનું ગ્રહણ કરે છે અર્થાત્ જાણે છે, ત્યારે તેની પરિણતિ જ્ઞેયાકાર થાય છે કારણકે જ્ઞાન સવિકલ્પ છે, દર્શન સમાન નિર્વિકલ્પ નથી, અર્થાત્ જ્ઞાન જ્ઞેયના આકાર આદિનો **વિકલ્પ** કરે છે કે આ નાનું છે, આ મોટું છે, વાંકું છે, સીધું છે, ઊંચું છે, નીચું છે, ગોળ છે, ત્રિકોણ છે, મીઠું છે, કડવું છે, સાધક છે, બાધક છે, હેય છે, ઉપાદેય છે, ઇત્યાદિ. પરંતુ જ્ઞાન જ્ઞાન જ રહે છે, જ્ઞેયનું જ્ઞાયક હોવાથી અથવા જ્ઞેયાકારે પરિણમવાથી જ્ઞેયરૂપ થતું નથી, પરંતુ જ્ઞાનમાં જ્ઞેયની આકૃતિ પ્રતિબિમ્બિત થવાથી અથવા તેમાં આકાર આદિનો વિકલ્પ થવાથી અજ્ઞાનીઓ જ્ઞાનનો દોષ સમજે છે અને કહે છે કે જ્યારે આ જ્ઞાનની સવિકલ્પતા મટી જશે–અર્થાત્ આત્મા શૂન્ય જડ જેવો થઈ જશે, ત્યારે જ્ઞાન નિર્દોષ થશે, પરંતુ 'વસ્તુભાવ મિટૈ નહિ કયોંહી'ની નીતિથી તેમનો વિચાર નિષ્ફળ છે.

**( પેઈજ નં-૩૧૧, પેરાગ્રાફ ૩ જો )**

**- ચતુર્થ પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન -**

[ ૐ ] **અર્થઃ-** કોઈ અજ્ઞાની કહે છે કે જ્ઞાનમાં જ્ઞેયનો આકાર ઝળકે છે, એ જ્ઞાનનો દોષ છે. જ્યારે ધ્યાનરૂપ જળથી જ્ઞાનનો આ દોષ ધોઈને સાફ કરવામાં આવે ત્યારે શુદ્ધ જ્ઞાન નિરાકાર થાય છે. તેને સ્યાદ્વાદી જ્ઞાની કહે છે કે જ્ઞાનનો એવો જ સ્વભાવ છે, જ્ઞેયનો આકાર જે જ્ઞાનમાં ઝળકે છે, તે કયાં કાઢી મુકાય ? જેવી રીતે દર્પણમાં જોકે અનેક પદાર્થો પ્રતિબિમ્બિત થાય છે, તોપણ દર્પણ જેમનું તેમ સ્વચ્છ જ બની રહે છે, તેમાં કાંઈ પણ વિકાર થતો નથી. **( સ્યાદ્‌વાદ દ્વાર- દોહા-૧૬, પેઈજ નં. ૩૨૨ )**

**- સાતમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન -**

[ ૐ ] **અર્થઃ-** કોઈ મૂર્ખ કહે છે કે જેટલું નાનું અથવા મોટું જ્ઞેયનું સ્વરૂપ હોય છે, તેટલું જ જ્ઞાન હોય છે, તેનાથી વધતું–ઓછું નથી હોતું, આ રીતે તેઓ સદૈવ જ્ઞાનને પરક્ષેત્ર વ્યાપી અને જ્ઞેય સાથે તન્મય માને છે, તેથી કહેવું જોઈએ કે તેઓ આત્માનું સ્વરૂપ સમજી શકયા નથી, મિથ્યાત્વની એવી જ ગતિ છે. તેમને સ્યાદ્વાદી જૈની કહે છે કે જ્ઞાન આત્મસત્તા બરાબર છે, તે ઘટ–પટાદિ જ્ઞેય સાથે **તન્મય** થતું નથી, જ્ઞાન જગતનો ચૂડામણિ છે, તેની પ્રભામાં જોકે અનેક જ્ઞેય પ્રતિબિમ્બિત થાય છે તોપણ બન્નેની સત્તાભૂમિ જુદી જુદી છે. **( સ્યાદ્વાદ દ્વાર- દોહા ૧૯, પેઈજ નં-૩૨૫ )**

[ ૐ ] **અર્થઃ-** કોઈ કોઈ હઠાગ્રહી કહે છે કે જ્ઞેયના આકારે જ્ઞાનનું પરિણમન થાય છે અને જ્ઞાનાકાર પરિણમન અસત્ છે, તેથી ચેતનાનો અભાવ થયો, જ્ઞેયનો નાશ થવાથી ચેતનાનો નાશ થાય છે, તેથી મારા સિદ્ધાંતમાં આત્મા સદા અચેતન છે. આમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્યાદ્વાદી જ્ઞાની કહે છે કે જ્ઞાન સ્વભાવથી જ અવિનાશી છે, તે જ્ઞેયાકાર પરિણમન કરે છે પરંતુ જ્ઞેયથી ભિન્ન છે, જો જ્ઞાનચેતનાનો નાશ માનશો તો આત્મસત્તાનો નાશ થઈ જશે તેથી જીવતત્ત્વને જ્ઞાનચેતનાયુક્ત માનવું તે સમ્યગ્જ્ઞાન છે.

**( સ્યાદ્વાદ દ્વાર-દોહો-૨૪, પેઈજ નં-૩૨૯ )**

**જ્ઞાન અને જ્ઞેયનું સ્વરૂપ**

[ ૐ ] **અર્થઃ-** તેવી જ રીતે જ્ઞાતા આત્માનું નામ છે અને જ્ઞાન [૧] ચેતનનો પ્રકાર છે તથા તે જ્ઞાન જ્ઞેયરૂપ પરિણમન કરે છે તે જ્ઞેયરૂપ પરિણમન કરવાની અનંતશક્તિ આત્મામાં જ છે, તેથી વચનના ભેદથી ભલે ભેદ કહો, પણ નિશ્ચયથી જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનો વિલાસ એક આત્મસત્તામાં જ છે.

( [૧] ચેતના બે પ્રકારની છે. -જ્ઞાનચેતના અને દર્શનચેતના )

**( સાધ્ય સાધક દ્વાર દોહા-૪૫, પેઈજ નં. ૩૫૭ )**

[ ૐ ] स्वपर प्रकासक सक्ति हमारी। तातैं वचन भेद भ्रम भारी।।
ज्ञेय दशा दुविधा परगासी। निजरूपा पररूपा भासी।।४६।।

**અર્થઃ-** આત્માની જ્ઞાન શક્તિ પોતાનું સ્વરૂપ જાણે છે અને પોતાના સિવાય અન્ય પદાર્થોને પણ જાણે છે, તેથી જ્ઞાન અને જ્ઞેયનો વચન-ભેદ મૂર્ખાઓને મોટો ભ્રમ ઉત્પન્ન કરે છે. જ્ઞેય અવસ્થા બે પ્રકારની છે-એક તો સ્વજ્ઞેય અને બીજી પરજ્ઞેય.

**( સાધ્ય સાધક દ્વાર દોહા-૪૬, પેઈજ નં-૩૫૭ )**

[ ૐ ] निजरूपा आतम सक्ति, पररूपा पर वस्त।
जिन लखि लीनौं पेंच यह, तिन लखि लियौ समस्त।।४७।।

**અર્થઃ-** સ્વજ્ઞેય આત્મા છે અને પરજ્ઞેય આત્મા સિવાયના જગતના સર્વ પદાર્થો છે, જેણે આ સ્વજ્ઞેય અને પરજ્ઞેયની ગૂંચવણ ( કોયડો ) સમજી લીધી છે તેણે બધું જ જાણી લીધું છે એમ સમજો.

**( સાધ્ય સાધક દ્વાર દોહા-૪૭, પેઈજ નં-૩૫૮ )**

**"વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે." વસ્તુ સ્વરૂપ વિચારતાં; તો વિચારવાનો અર્થ-શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરતાં... , ભગવાન શુદ્ધ સ્વરૂપ છે તે તરફ ઝુકવાથી અર્થાત્ તેનું જ્ઞાન કરવાથી. આહાહા ! અનાદિથી તે રાગ અને પરના વિકલ્પ તો કરે છે તે પર પ્રકાશકજ્ઞાન મિથ્યા છે. જેમાં સ્વપ્રકાશક આત્મા ન મળે અને એકલું પરનું જાણવું એ તો મિથ્યાજ્ઞાન છે.**

**( કલશામૃત ભાગ-૩, પેઈજ નં-૧૫૫ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રી પંચાધ્યાયી

પં. શ્રી રાજમલ્લજી અનુવાદ :- શ્રી મખનલાલજી

[ ૐ ] .... [1]ઘટાકાર અને પટાકારનું ઘટજ્ઞાન અને પટજ્ઞાનથી પ્રયોજન છે. જ્ઞાનગુણનો એ સ્વભાવ છે કે તે જે પદાર્થને જાણે છે તેના આકારે થઈ જાય છે. તેથી જ્ઞાનને દર્પણની ઉપમા આપવામાં આવી છે. દર્પણમાં પણ જે પદાર્થનું પ્રતિબિંબ પડે છે, તે પદાર્થના આકારે દર્પણ થઈ જાય છે. **( ગાથા-૧૧૦, પેઈજ નં.-૪૪ )**

**ગુણોના અવગાહનમાં દ્રષ્ટાંત -**

[ ૐ ] **અર્થ:-** અંશોના અવગાહનમાં આ દ્રષ્ટાંત છે કે જ્ઞાનગુણ જેટલો કાંઈ છે તે પોતાના અંશો ( અવિભાગ પ્રતિચ્છેદો ) માં સ્થિત છે. તે જો કદી ઓછો કે કદી વધારે થાય છે તો તે કેવળ જ્ઞેય પદાર્થનો આકાર ધારણ કરવાથી થાય છે. જેટલું મોટું જ્ઞેય હોય તેટલો જ મોટો જ્ઞાનનો આકાર થઈ જાય છે. વાસ્તવમાં જ્ઞાનગુણના અંશોમાં ન્યૂનાધિકતા થતી નથી.

**દ્રષ્ટાંત**

**અર્થ:-** દ્રષ્ટાંત આ રીતે છે કે જે વખતે જ્ઞાન ઘટને જાણી રહ્યું છે તે વખતે તે ઘટમાત્ર છે અથવા જે વખતે તે આખા લોકને સ્વયં જાણી રહ્યું છે તે વખતે તે લોકમાત્ર છે.

**ભાવાર્થ:-** ઘટને જાણતી વખતે સમગ્ર જ્ઞાન ઘટાકારે જ પરિણમી ને તેટલું જ થઈ જાય છે. અને સમગ્ર લોકને જાણતાં તે લોક પ્રમાણ થઈ જાય છે.

**વાસ્તવમાં તે ઘટતું વધતું નથી.**

**અર્થ:-** ઘટાકાર થતાં જ્ઞાનનાં શેષ અંશોનો સર્વથા નાશ થતો નથી અને ( જ્ઞાન ) લોકાકાર થતાં નિયમિત અંશો ઉપરાંત તેના નવીન અંશોની ઉત્પત્તિ પણ થતી નથી.

**( ગાથા-૧૮૯,૧૯૦,૧૯૧-પેઈજ નં. ૬૭, ૬૮ )**

[ ૐ ] **અર્થ:-** જેમ જ્ઞાન ઘટના સદ્ભાવ ( ઘટનો વિષય કરવાના સમય ) માં ઘટ નિરપેક્ષ જીવનો ગુણ છે. તેમ જ ઘટના અભાવમાં પણ તે ઘટ નિરપેક્ષ જીવનો જ ગુણ છે.

ભાવાર્થ:– જે સમયે જ્ઞાનમાં ઘટ વિષય બન્યો છે તે સમયે પણ તે ઘટાકાર જ્ઞાન જ્ઞાન જ છે. ઘટાકાર થવાથી ( ઘટને વિષય બનાવવાથી ) તે જ્ઞાન ઘટરૂપ અથવા ઘટનો ગુણ થઈ જતો નથી. ઘટાકાર થવું કેવળ જ્ઞાનનું જ સ્વરૂપ છે. જેમ દર્પણમાં કોઈ પદાર્થનું પ્રતિબિંબ પડવાથી તે દર્પણ પદાર્થના આકારે થઈ જાય છે. દર્પણનું પદાર્થના આકારે થવું દર્પણની જ પર્યાય છે. દર્પણ તે પ્રતિબિંબમૂલક પદાર્થરૂપ થઈ જતું નથી. તથા જે દર્પણ પદાર્થાકાર થવા છતાં પણ તે પોતાના સ્વરૂપમાં છે. તેમ પદાર્થાકાર ન થવા છતાં પણ તે પોતાના સ્વરૂપમાં છે. એમ નથી કે પદાર્થાકાર થતી વખતે પદાર્થના કોઈ ગુણ દર્પણમાં આવી જતાં હોય અથવા દર્પણના કોઈ ગુણ પદાર્થમાં ચાલ્યા જતાં હોય. તેવી જ રીતે જ્ઞાન પણ જેવી રીતે પદાર્થાકાર થવાના સમયે જીવનો ચૈતન્ય ગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે તેમ પદાર્થાકાર ન થતાં પણ જીવનો ચૈતન્યગુણ છે બન્ને અવસ્થાઓમાં તે જીવનો જ ગુણ છે. **( ગાથા: ૫૩૭-પેઈજ નં. ૧૭૮, ૧૭૯ )**

[ ૐ ]

ज्ञानाद्विना गुणा: सर्वे प्रोक्ता: सल्लक्षणांकिता:।
सामान्याद्वा विशेषाद्वा सत्यं नाकारमात्रका:।।३९५।।

અન્વયાર્થઃ- ( **ज्ञानात् विना** ) જ્ઞાન સિવાય ( **सर्वे गुणा:** ) બાકીના બધા ગુણ ( **सल्लक्षणांकिता: प्रोक्ता:** ) કેવળ સત્રૂપ લક્ષણથી જ લક્ષિત થાય છે માટે ( **सामान्यात् वा विशेषात् वा** ) સામાન્ય અથવા વિશેષ બન્ને અપેક્ષાથી ( **सत्यं आकारमात्रका: न** ) ખરેખર અનાકારરૂપ જ હોય છે અર્થાત્ અર્થ વિકલ્પાત્મક હોતું નથી.

**ભાવાર્થઃ-** કેવળ જ્ઞાનગુણ જ અર્થ વિકલ્પાત્મક હોવાથી સાકાર કહેવાય છે; અને જ્ઞાન સિવાય બાકીના બધા ગુણો અર્થ વિકલ્પાત્મક નહીં હોવાથી અનાકાર કહેવાય છે, તેથી ખરેખર જ્ઞાન સિવાય બાકીના બધા ગુણો સામાન્યરૂપથી અને વિશેષરૂપથી અનાકારરૂપ છે.

ततो वक्तुमशक्यत्वात् निर्विकल्पस्य वस्तुन:।
तदुल्लेखं समालेरव्यं ज्ञानद्वारा निरुप्यते।।३९६।।

અન્વયાર્થઃ- ( **तत:** ) માટે ( **निर्विकल्पस्य वस्तुन:** ) નિર્વિકલ્પ વસ્તુનું કથન અર્નિવચનીય હોવાને કારણે ( **ज्ञानद्वारा तदुल्लेखं समालेख्य** ) જ્ઞાનદ્વારા તે સામાન્યાત્મક ગુણોનો ઉલ્લેખ કરીને ( **निरुप्यते** ) તેમનું નિરૂપણ કરવામાં આવે છે.

**ભાવાર્થઃ-** જ્ઞાન સિવાય બાકીના બધા ગુણો અનાકારરૂપ હોવાથી નિર્વિકલ્પ છે, અને નિર્વિકલ્પ વસ્તુ કહી શકાતી નથી, માટે એ સામાન્યાત્મક ગુણોને અવિનાભાવી જ્ઞાનની પર્યાયોમાં તે ગુણોનો આરોપ કરીને જ્ઞાનદ્વારા તેમનો ઉલ્લેખ કરવામાં આવે છે.

**( પંચાધ્યાય ભાગ-૨, ગાથા નં. -૩૯૫-૩૯૬ )**

[ ૐ ]

अर्थ विकल्पो ज्ञानं प्रमाणमिति लक्ष्यतेधुनापि यथा।
अर्थ: स्वपरनिकायो भवति विकल्पस्तु चितदाकारम्।।

**અર્થઃ- જેમ પ્રમાણનું લક્ષણ કહેવામાં આવે છે કે અર્થ વિકલ્પ જ્ઞાનરૂપ પ્રમાણ હોય છે. અહીં અર્થ નામ જ્ઞાન અને પર પદાર્થોનું છે. વિકલ્પ નામ જ્ઞાનનું તે આકારરૂપ થવું તે છે. અર્થાત્ સ્વપર જ્ઞાન થવું તે જ પ્રમાણ છે.**

**( ગાથા-૫૪૧-પેઈજ નં. ૧૮૧ )**

अर्थ विकल्पो ज्ञानं भवति तदेकं विकल्पमात्रत्वात्।
अस्ति च सम्यकज्ञानं मिथ्याज्ञानं विशेष विषयत्वात्।।

**અર્થઃ- જ્ઞાન અર્થ વિકલ્પાત્મક હોય છે અર્થાત્ જ્ઞાન સ્વ-પર પદાર્થને વિષય**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કરે છે તેથી જ્ઞાન સામાન્યની અપેક્ષાએ જ્ઞાન એક જ છે, કેમ કે અર્થ વિકલ્પપણું બધા જ્ઞાનોમાં છે. પરંતુ વિશેષ વિશેષ વિષયોની અપેક્ષાએ તે જ જ્ઞાનના બે ભેદ થઈ જાય છે. ( ૧ ) સમ્યગ્જ્ઞાન ( ૨ ) મિથ્યાજ્ઞાન.**

**( ગાથા-૫૫૮-પેઈજ નં. ૧૮૭ )**

[ ૐ ]

अस्युपयोगि ज्ञानं सामान्य विशेषयो: समं सम्यक्।
आदर्श स्थानीयात् तस्य प्रतिबिम्बिमात्रतोडन्यस्ये।।

**અર્થ**:- એક સાથે સામાન્ય વિશેષનું ઉપયોગાત્મકજ્ઞાન સારી રીતે થઈ શકે છે. જેમ –દર્પણથી તેમાં પડનારું પ્રતિબિંબ જો કે ( કથંચિત્ ) ભિન્ન છે તો પણ તે પ્રતિબિંબનું અને દર્પણનું એક સાથે જ્ઞાન થાય છે.

ભાવાર્થઃ– જે અનેક પ્રકારનું વિચિત્રજ્ઞાન થાય છે તે પણ અનેકોનું યુગપત્ જ થાય છે તેથી યુગપત્ સામાન્ય વિશેષનું ઉપયોગી જ્ઞાન થાય છે એ બધાને સંમત છે.

**( ગાથા-૬૭૩-પેઈજ નં. ૨૨૦ )**

[ ૐ ] **અર્થ**:- જેમ દર્પણમાં મોરના સંબંધથી પ્રતિબિંબ ( છાયા ) પડે છે. પરંતુ વાસ્તવમાં છાયા પડતાં પણ ત્યાં મોર નથી. કેવળ દર્પણ જ છે. તેવી જ રીતે પુદ્‌ગલના નિમિત્તે જીવાત્મા અશુદ્ધ જણાય છે, વાસ્તવમાં તે શુદ્ધ નિરાળો જ છે.

**( ગાથા-૧૬૮-પેઈજ નં. ૩૧૨ )**

**જ્ઞાનનું દ્રષ્ટાન્ત-**

[ ૐ ] **અર્થ**:- જે વખતે જ્ઞાન ઘટને જાણે છે તે વખતે તે સ્વયં ઘટજ્ઞાન કહેવાય છે. પરંતુ વાસ્તવમાં જ્ઞાન ઘટરૂપ થઈ જતું નથી. પરંતુ જ્ઞાન જ્ઞાન જ રહે છે અને ઘટ,ઘટ રહે છે.

ભાવાર્થઃ– જ્ઞાનનો એવો સ્વભાવ છે કે તે જે પદાર્થને જાણે છે, તે જ પદાર્થના આકારે થઈ જાય છે. આમ હોવા છતાં પણ તે જ્ઞાન પદાર્થરૂપ પરિણમતું નથી, વાસ્તવમાં તે તો જ્ઞાન જ છે. એવી જ રીતે જીવાત્મા પણ વાસ્તવમાં રાગદ્વેષાદિ વિકારમય નથી. **( ગાથા-૧૭૦, પેઈજ નં. ૩૧૩ )**

[ ૐ ]

**જ્ઞાનનું લક્ષણ**

आकारोर्थ विकल्प: स्यादर्थ: स्वपरगोचर:।
सोपयोगो विकल्पो वा ज्ञानस्यैतद्धि लक्षणम्।।

**અર્થ**:- **અર્થ વિકલ્પને** આકાર કહે છે. સ્વપર પદાર્થોનું નામ અર્થ છે. ઉપયોગ અવસ્થાનું નામ **વિકલ્પ** છે. આ જ્ઞાનનું લક્ષણ છે.

**ભાવાર્થ**:- આત્મા અને બીજા પદાર્થોનું ઉપયોગાત્મક ભેદવિજ્ઞાન થવું, તે જ આકાર કહેવાય છે. આ જ આકાર જ્ઞાનનું લક્ષણ છે. પદાર્થોના ભેદાભેદ સહિત નિશ્ચયાત્મક જ્ઞાનને જ આકાર કહે છે પર્થાત્ પદાર્થોને જાણવા તે જ આકાર કહેવાય છે. આ જ્ઞાનનું જ સ્વરૂપ છે. **( ગાથા-૩૯૧, પેઈજ નં. ૩૭૪ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] **ભાવાર્થઃ-** ..... જેવી રીતે દર્પણનો સ્વભાવ છે કે તેની અંદર પ્રતિબિંબ પડવાથી તે દર્પણ પદાર્થાકારે થઈ જાય છે તેવી જ રીતે જ્ઞાનનો સ્વભાવ છે કે તે પણ જે પદાર્થનો વિષય કરે છે તે જ પદાર્થના આકારે થઈ જાય છે. પદાર્થાકાર થતાં જ તે વસ્તુનો બોધ કહેવાય છે. તેથી જ્ઞાન સાકાર છે અને દર્શન નિરાકાર છે. બીજી વાત એ પણ છે કે જ્ઞાનમાં વસ્તુના વિશેષણ વિશેષ્ય સંબંધનો નિર્ણય થાય છે તેથી તે જ્ઞાન સાકાર છે અને બીજા ગુણ નિરાકાર છે. જ્ઞાન પોતાના સ્વરૂપનું પણ જ્ઞાન કરાવે છે તેથી સાકાર છે. બીજા ગુણો પોતાનું પણ સ્વરૂપ પ્રગટ કરી શકતા નથી તેથી નિરાકાર છે.

**( ગાથા-૩૯૪, પેઈજ નં. ૩૭૫ )**

**-જ્ઞાનનું સ્વરૂપ-**

[ ૐ ] **અર્થઃ-** સ્વ અને અનિશ્ચિત પદાર્થ, બન્નેનાય સ્વરૂપનું ગ્રાહક જ્ઞાન છે, તે બન્નેનોય એક સમયમાં નિશ્ચય કરાવે છે, પરંતુ અનિશ્ચિત પદાર્થનો નિશ્ચય કરાવતી વખતે જ્ઞાન સ્વયં તે પદાર્થરૂપ થઈ જતું નથી. જ્ઞાન જ્ઞાન જ રહે છે અને પદાર્થ પર જ રહે છે.

**ભાવાર્થઃ-** જેવી રીતે દીપક પોતાનું સ્વરૂપ પણ પોતે દેખાડે છે અને સાથે જ બીજા ઘટપટાદિ પદાર્થોને પણ દેખાડે છે. તેવી જ રીતે જ્ઞાન પણ પોતાના સ્વરૂપનો બોધ કરાવે છે અને સાથો સાથ પર પદાર્થોનો પણ બોધ કરાવે છે. પરંતુ પરપદાર્થોનો બોધ કરાવતી વખતે તે જ્ઞાન સ્વયં પર પદાર્થરૂપે નથી. તે પર પદાર્થાકારે હોવા છતાં પણ પોતાના જ સ્વરૂપમાં છે. પદાર્થાકાર થવું તે જ્ઞાનનું નિજ સ્વરૂપ છે.

**( ગાથા-૩૯૭, પેઈજ નં. ૩૭૬ )**

[ ૐ ] **અર્થઃ-** ઉપયોગનું બદલવું તેને **વિકલ્પ** કહે છે. તે **વિકલ્પ** જ્ઞાનની પર્યાય છે અર્થાત્ પદાર્થાકાર જ્ઞાન જ તે જ્ઞેયરૂપી પદાર્થથી ખસીને બીજા પદાર્થનો આકાર ધારણ કરવા માંડે છે.

ભાવાર્થઃ- આત્માનો જ્ઞાનોપયોગ એક પદાર્થથી ખસીને બીજી તરફ લાગે છે એનું જ નામ ઉપયોગ સંક્રાન્તિ છે. અને આ જ ઉપયોગનું નામ **વિકલ્પ** છે.

**તે વિકલ્પ ક્ષયોપશમરૂપ છે-**

**અર્થઃ-** તે ઉપયોગ સંક્રાન્તિ સ્વરૂપ **વિકલ્પ** ક્ષયોપશમાત્મક છે. અર્થાત્ ઇન્દ્રિય અને પદાર્થના સંબંધથી થનારું જ્ઞાન છે કેમ કે અતીન્દ્રિય-ક્ષાયિક જ્ઞાનમાં સંક્રાન્તિનું થવું જ અસંભવ છે.

**ભાવાર્થઃ-** જ્યાં સુધી જ્ઞાનમાં અલ્પજ્ઞપણું હોય ત્યાં સુધી તે સર્વ પદાર્થોને યુગપદ્ જાણી શકતું નથી પરંતુ ક્રમે ક્રમે કોઈવાર કોઈ પદાર્થને અને કોઈવાર કોઈ ( બીજા ) પદાર્થને જાણે છે. આ અવસ્થા ઇન્દ્રિયજન્ય જ્ઞાનમાં જ થાય છે. જે જ્ઞાન ક્ષાયિક છે-અતીન્દ્રિય છે તેમાં સર્વ પદાર્થો એક સાથે જ પ્રતિબિંબિત થાય છે તેથી તે જ્ઞાનમાં ઉપયોગનું પરિવર્તન થતું નથી. પરંતુ તે જ્ઞાન પણ સવિકલ્પ છે.

**( ગાથા-૮૩૫,૮૩૬, પેઈજ નં. ૪૮૯, ૪૯૦ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ॐ ] **શંકા:-** કદાચ કોઈ કહે કે જ્ઞાન ( ક્ષાયિક ) કેવી રીતે હોઈ શકે કેમકે **વિકલ્પ** નામ ઉપયોગની સંક્રાન્તિનું છે અને ક્ષાયિક જ્ઞાનમાં સંક્રાન્તિ હોતી નથી તો પછી ક્ષાયિકજ્ઞાન સવિકલ્પ કઈ રીતે હોઈ શકે ? તેનું સમાધાનઃ-

અર્થઃ- ક્ષાયિક જ્ઞાનમાં **વિકલ્પપણું** પોતાના લક્ષણથી આવે છે, નહીં કે એક અર્થથી બીજા પદાર્થના આકારે પરિણમનારા ઉપયોગના સંક્રમણરૂપ લક્ષણથી છદ્મસ્થ જ્ઞાનમાં એક ઉપયોગથી બીજો ઉપયોગ થાય છે તે ક્રમવર્તી જ્ઞાન છે. કેવળજ્ઞાન ક્રમવર્તી નથી.

**-તે લક્ષણ આ પ્રમાણે છે-**

[ ॐ ] **અર્થ:-** ક્ષાયિકજ્ઞાનનું લક્ષણ આ પ્રમાણે છે-સ્વ-આત્મા અને અપૂર્વ પદાર્થને વિશેષપણે જાણવા. અહીં અર્થ નામ પદાર્થનું છે અને ગ્રહણ નામ આકારનું છે. સ્વ અને પર પદાર્થના જ્ઞાનનું જ્ઞેયાકાર થવું તે જ જ્ઞાનમાં સવિકલ્પતા છે.

ભાવાર્થઃ- જે જ્ઞાન પોતાને જાણે છે અને સાથે જ પર પદાર્થોને જાણે છે પરંતુ ઉપયોગથી ઉપયોગાન્તર થતું નથી તેને જ ક્ષાયિકજ્ઞાન કહે છે. જો કે ક્ષાયિકજ્ઞાનમાં પણ પદાર્થોના પરિવર્તનની અપેક્ષાથી પરિવર્તન થયા કરે છે તોપણ તેમાં છદ્મસ્થ જ્ઞાનની જેમ કોઈવાર કોઈ પદાર્થનું અને કોઈવાર કોઈ બીજા પદાર્થનું ગ્રહણ નથી. ક્ષાયિકજ્ઞાન બધા પદાર્થોને એક સાથે જ જાણે છે તેથી તેમાં ઉપયોગ સંક્રાન્તિરૂપ લક્ષણ ઘટતું નથી **પરંતુ જ્ઞેયાકાર થવાથી તે સવિકલ્પ અવશ્ય છે.**

**( ગાથા-૮૩૭, ૮૩૮-પેઈજ નં. ૪૯૦ )**

[ ॐ ] **ભાવાર્થ:-** કોઈ જ્ઞાનચેતનામાં કેવળ શુદ્ધાત્મા વિષય બને છે અને કોઈમાં શુદ્ધાત્મા તથા અન્ય પદાર્થ વિષય બન્નેય વિષય બને છે પરંતુ એવી કોઈ પણ ઉપયોગાત્મક જ્ઞાન ચેતના નથી કે જેમાં શુદ્ધાત્મા વિષય થતો ન હોય અથવા કેવળ અન્ય પદાર્થ જ વિષય થતા હોય. અન્ય પદાર્થોનો નિષેધ કરવાનું પણ અમારું એ જ પ્રયોજન છે કે શુદ્ધાત્મા સિવાય કેવળ અન્ય પદાર્થ જ્ઞાન ચેતનામાં વિષય બનતા નથી. અહીં એ શંકા ઊઠાવી શકાય કે જો જ્ઞાન ચેતનામાં અન્ય પદાર્થ પણ વિષય બને છે તો તેમાં સંક્રમણ થવું પણ આવશ્યક છે. અને ઉપર જ્ઞાન ચેતનામાં સંક્રમણનો નિષેધ કરવામાં આવ્યો છે. તે શા માટે ? એનો ઉત્તર એ છે કે જે જ્ઞાન ચેતનામાં અન્ય પદાર્થ પણ વિષય બને છે તે તે જ્ઞાન ચેતનાના અસ્તિત્વકાળે આદિથી અંત સુધી બરાબર વિષય રહે છે. કેવળજ્ઞાનમાં આદિથી જ શુધ્ધાત્મા તથા અન્યપદાર્થ વિષય બને છે અને અનંતકાળ સુધી નિરંતર ટકી રહે છે. એમ નથી કે કેવળજ્ઞાનમાં ઉત્પત્તિ કાળે કેવળ શુદ્ધાત્મા જ વિષય થતો હોય અને પછી વિષય વધતા જતા હોય, પરંતુ આદિથી જ સર્વ વિષય તેમાં ઝળકે છે અને બરાબર ઝળક્યા કરે છે. આ જ અપેક્ષાથી જ્ઞાનચેતનામાં અન્ય પદાર્થોનો વિષય રહેવા છતાં પણ સંક્રમણનો નિષેધ કરવામાં આવ્યો છે.

**( ગાથા-૮૬૧ ભાવાર્થ, પેઈજ નં. ૪૯૯ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**દૃષ્ટાંત -**

[ ॐ ] **અર્થઃ-** જેમ દર્પણમાં સ્વભાવથી જ સ્વચ્છતા ( નિર્મળતા ) સિદ્ધ છે તો પણ સંબંધ થવાથી તેની વિકાર અવસ્થા થઈ જાય છે અને તે વિકાર વાસ્તવિક છે.

ભાવાર્થઃ- મુખનું પ્રતિબિંબ પડવાથી દર્પણનું સ્વરૂપ મુખમય થઈ જાય છે તે તેની વિકારાવસ્થા છે અને તે કેવળ કલ્પના માત્ર નથી પરંતુ વાસ્તવમાં કાંઈક વસ્તુ છે. કેમ કે છાયા પુદ્‌ગલની પર્યાય છે. દર્પણની મુખમય પર્યાય સામે રહેલા મુખના નિમિત્તે થાય છે તેવી જ રીતે જીવના રાગદ્વેષ પરિણામોથી તે વૈભાવિક ગુણની વિકારાવસ્થા થઈ રહી છે. એની આવી અવસ્થા અનાદિ કાળથી છે.

**( ગાથા-૯૫૧, પેઈજ નં. ૫૩૧, ૫૩૨ )**

[ ॐ ] **ભાવાર્થઃ-** જ્ઞાનાવરણ કર્મે આત્માના જ્ઞાનગુણને ઢાંક્યો છે. જીવોમાં જ્ઞાનની જે ન્યૂનાધિકતા જોવામાં આવે છે તે જ્ઞાનાવરણ કર્મની ન્યૂનાધિક્તાના નિમિત્તે જ પ્રાપ્ત થાય છે. મૂર્ખાઓ કરતાં વિદ્વાનોમાં વિદ્વાનો કરતા મહાવિદ્વાનોમાં જ્ઞાનનું જે અધિકપણું પ્રાપ્ત થાય છે તેનાથી ઋષિઓમાં અને તેમના કરતાં મહર્ષિઓ અને ગણધરોમાં જ્ઞાનનું અધિકપણું ઉત્તરોત્તર પ્રાપ્ત થાય છે પરંતુ આ બધું જ્ઞાન ક્ષયોપશમ રૂપ જ છે. જ્યાં જ્ઞાનાવરણરૂપ પળદો સર્વથા ખસી જાય છે ત્યાં જ આ આત્મા સમસ્ત લોકાલોકને જાણનાર સર્વજ્ઞ થઈ જાય છે. તે સર્વજ્ઞના જ્ઞાનમાં સમસ્ત પદાર્થોની બધી પર્યાયો સાક્ષાત્ ઝળકે છે. **( ગાથા-૧૧૪૩, પેઈજ નં. ૫૯૬ )**

## શ્રી પંચાધ્યાયી-ભાગ-૧

પં. શ્રી રાજમલ્લજી કૃત — અનુવાદ :- પં. - દેવકીનંદનજી કૃત

[ ॐ ] **અન્વયાર્થઃ-** [ **विकल्पमात्रत्वात्** ] વિકલ્પમાત્રપણાથી [ **तत्** ] તે [ **अर्थ विकल्पो ज्ञानं** ] અર્થ વિકલ્પાત્મક જ્ઞાન [ **एवं भवति** ] એક પ્રકારનું છે તથા [ **विशेषविषयत्वात्** ] સમ્યક્ અને મિથ્યારૂપ વિશેષનો વિષય હોવાથી [ **सम्यग्ज्ञानं** ] સમ્યકજ્ઞાન [ **च** ] તથા [ **मिथ्याज्ञानं** ] મિથ્યાજ્ઞાન એ પ્રમાણે બે પ્રકારનું [ **अस्ति** ] છે.

**ભાવાર્થઃ-** સામાન્યપણાથી અર્થ વિકલ્પાત્મક અર્થાત્ સ્વપર વ્યવસાયાત્મક જે જ્ઞાન કહેવામાં આવે છે તે જ અર્થ વિકલ્પાત્મક જ્ઞાન, વિશેષદૃષ્ટિથી સમ્યક્ અને મિથ્યા વિશેષણયુક્ત પણ કહેવામાં આવે છે. યથાર્થ વિષયને વિષય કરવાવાળું જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે તથા અયથાર્થ વિષયને વિષય કરવાવાળું જ્ઞાન મિથ્યાજ્ઞાન કહેવાય છે.

**( ગાથા-૫૫૮, પેઈજ નં. - ૨૩૯ )**

[ ॐ ] ભાવાર્થઃ- જેમ આંખ, રૂપને દેખે છે પરંતુ તેટલા માત્રથી તે આંખ કાંઈ રૂપમાં પ્રવેશી જતી નથી, તે જ પ્રમાણે જ્ઞાન જ્ઞેયોને જાણે છે પરંતુ તેટલા માત્રથી તે જ્ઞાન કાંઈ જ્ઞેયોમાં પ્રવેશી જતું નથી. માટે જ્ઞેયજ્ઞાયક સંબંધને લીધે જ્ઞાનને જ્ઞેયગત કહેવું તે નયાભાસ છે. **( ગાથા-૫૮૬, પેઈજ નં. ૨૫૨ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ૐ ] **- ચોથા નયાભાસનું સ્વરૂપ -**

અન્વયાર્થઃ- આ પણ નયાભાસ છે કે જ્ઞાન અને જ્ઞેયને પરસ્પર બોધ્ય – બોધક સંબંધ છે જેમ કે જ્ઞાન, જ્ઞેયગત છે અને એ જ્ઞેય પણ જ્ઞાનગત છે.

**ભાવાર્થ:**- જ્ઞેય-જ્ઞાયક સંબંધને લઈને જ્ઞાનને જ્ઞેયગત કહેવું તથા જ્ઞેયને જ્ઞાનગત કહેવા તે પણ નયાભાસ છે. તેનું કારણઃ- **( ગાથા-૫૮૫, પેઈજ નં. ૨૫૩ )**

[ ૐ ] **અન્વયાર્થ:**- વિધિપૂર્વક પ્રતિષેધ થાય છે તથા પ્રતિષેધ પૂર્વક વિધિ થાય છે પરંતુ એ બંને વિધિ-નિષેધાત્મક નયોની મૈત્રી અર્થાત્ બન્ને નયોનું એક સાથ રહેવું એ પ્રમાણ છે. અથવા પોતાના અને પરના આકારને વિષય કરવાવાળું એટલે સ્વ-પર વ્યવસાયાત્મક જે જ્ઞાન છે તે પ્રમાણ છે. **[ ગાથાઃ ૬૬૫, - પેઈજ નં. - ૨૮૬ ]**

[ ૐ ] **અન્વયાર્થ:**- સારાંશ આ છે કે નિશ્ચયથી અર્થના આકારરૂપ થનારું જે જ્ઞાન છે તે પ્રમાણનું સ્વયં સિદ્ધ લક્ષણ છે તથા એક **વિકલ્પાત્મક** જ્ઞાન નયના આધિન છે, અર્થાત્ સામાન્યાત્મક વા વિશેષાત્મકજ્ઞાન નય કહેવાય છે તથા ઉભય વિકલ્પાત્મક જ્ઞાન એટલે સામાન્ય વિશેષાત્મક જ્ઞાન પ્રમાણ કહેવાય છે.

**ભાવાર્થ:**- અર્થ **વિકલ્પાત્મક** જ્ઞાન પ્રમાણનું લક્ષણ છે, પ્રત્યેક જ્ઞાન અર્થ વિકલ્પાત્મક હોય છે, જે જ્ઞાન એકદેશને વિષય કરે છે તેને નયજ્ઞાન કહે છે તથા જે જ્ઞાન યુગપત્ ( એકસાથ ) સર્વદેશને વિષય કરે છે તેને પ્રમાણજ્ઞાન કહે છે.

**( ગાથા-૬૬૬, પેઈજ નં-૨૮૬ )**

[ ૐ ] **ભાવાર્થ:**- જેમ દર્પણ અને દર્પણમાં રહેલા પ્રતિબિંબનો યુગપત્ પ્રતિભાસ થાય છે તે જ પ્રમાણે સામાન્ય -વિશેષને યુગપત્ વિષય કરવાવાળું જ્ઞાન, સમ્કગ્જ્ઞાન કહેવાય છે, અન્ય નહિ; કારણકે જ્ઞાનને દર્પણ સમાન તથા તેમાં રહેલા વિષયને પ્રતિબિંબ સમાન માનવામાં આવ્યો છે. **( ગાથા-૬૭૩, પેઈજ નં. ૨૮૯ )**

## શ્રી પંચાધ્યાયી ભાગ - ૨

[ ૐ ] **જીવની સ્વચ્છતા બતાવવા દર્પણનું દ્દષ્ટાંત કહે છે.**

**ભાવાર્થ:**- જેમ દર્પણમાં જે મયુરનું પ્રતિબિંબ પડે છે તે પ્રતિબિંબ વાસ્તવિક મયુર કહેવાતો નથી, જો તે પણ વાસ્તવિક હોય તો તે પ્રત્યક્ષ મયુરની માફક પ્રત્યક્ષ થવો જોઈએ પરંતુ દર્પણમાં તે પ્રત્યક્ષ થતો નથી પણ માત્ર તેનું પ્રતિબિંબ જ જણાય છે, તે જ પ્રમાણે જીવાદિ નવતત્ત્વો જીવની નવ અવસ્થાઓ છે પણ તે વાસ્તવિક ત્રિકાલિક જીવ સ્વરૂપ નથી, જીવાદિ નવ તત્ત્વો જીવની અવસ્થાઓ છે પણ તે શુદ્ધજીવદ્રવ્ય નથી. **( ગાથા-૧૬૦, પેઈજ નં. ૮૦ )**

[ ૐ ] **ભાવાર્થ:**- જેવી રીતે જપા પુષ્પના યોગથી સ્ફટિકમણીમાં જે લાલિમાનો પ્રતિભાસ થાય છે તે ક્ષણિક છે પણ સ્ફટિકનું સ્વરૂપ નથી, તેવી જ રીતે જીવાદિ નવ તત્ત્વોમાં જે જીવનો પ્રતિભાસ થાય છે તે વાસ્તવિક નથી, પરંતુ કેવળ વ્યવહારદૃષ્ટિથી છે- શુદ્ધદૃષ્ટિથી

નથી. **શુદ્ધદૃષ્ટિથી તો જીવતત્ત્વ અદ્વેતરૂપ જ છે, તેમાં આ નવ અવસ્થાઓનો પ્રતિભાસ... પ્રતીત થતો નથી.** **( ગાથા-૧૬૧, પેઈજ નં. ૮૧ )**

[ ૐ ] **અન્વયાર્થ:-** [ **अर्थ विकल्प: आकार: स्यात्** ] 'સાકાર' શબ્દમાં આકાર શબ્દનો અર્થ, 'વિકલ્પ થાય છે;' તથા [ **अर्थ: स्वपरगोचर:** ] 'અર્થ વિકલ્પ' શબ્દમાં 'અર્થ' શબ્દનો અર્થ સ્વ તથા પર વિષય થાય છે [ **वा** ] અને [ **विकल्प: सोपयोग:** ] 'વિકલ્પ' શબ્દનો અર્થ જ્ઞાનની ઉપયોગ સહિત અવસ્થા થાય છે [ **हि** ] કારણકે નિશ્ચયથી [ **ज्ञानस्य एतत् लक्षणं** ] જ્ઞાનનું લક્ષણ એ આકાર છે.

**ભાવાર્થ:-** 'સાકાર' શબ્દમાં આકાર શબ્દનો અર્થ, અર્થવિકલ્પ છે; 'અર્થ વિકલ્પ' શબ્દમાં અર્થ શબ્દનો અર્થ સ્વ-પર પદાર્થ થાય છે; તથા 'વિકલ્પ' શબ્દનો અર્થ જ્ઞાનની ઉપયોગ સહિત અવસ્થા થાય છે, તેથી આ પ્રમાણે નિરૂકિત કરવાથી 'આકાર' શબ્દનો અર્થ જ્ઞાન ઉપયોગ થાય છે. **( ગાથા-૩૯૧, પેઈજ નં. ૧૭૨ )**

[ ૐ ] **ભાવાર્થ:-** 'જ્ઞાન' ગુણ તરીકે સામાન્ય છે તથા પર્યાયપણે સાકાર છે. આત્માના ગુણોના બે ભેદ છે એક જ્ઞાનાકાર તથા બીજો જ્ઞેયાકાર. ( જ્ઞેયાકાર શબ્દનો અર્થ, જ્ઞાન વિના આત્માના અનંત ગુણોને સામાન્ય આકાર હોય છે ) તેમાંથી જ્ઞાનની પરિણતિને જ્ઞાનાકાર કહે છે તથા બાકીના ગુણોની પરિણતિને જ્ઞેયાકાર શબ્દથી કહેવામાં આવે છે. **( ગાથા-૩૯૪, પેઈજ નં. ૧૭૪ )**

[ ૐ ] **અન્વયાર્થ:-** યોગની પ્રવૃત્તિના પરિવર્તનને **વિકલ્પ** કહે છે, અર્થાત્ એક જ્ઞાનના વિષયભૂત અર્થથી બીજા વિષયાન્તરપણાને પ્રાપ્ત થવાવાળી જે જ્ઞેયાકારરૂપ જ્ઞાનની પર્યાય છે તે વિકલ્પ કહેવાય છે. **( ગાથા-૮૩૧, પેઈજ નં. ૩૨૬ )**

[ ૐ ] **અન્વયાર્થ:-** [ **ज्ञानोपयोगस्य स्वभाव महिमोदय:** ] જ્ઞાનોપયોગ ના સ્વભાવનો મહિમા જ કોઈ એવો છે કે તે ( જ્ઞાનોપયોગ ) [ **प्रदीपवत्** ] પ્રદીપની માફક [ **आत्मपरोमयाकारभावकश्चअस्ति** ] સ્વ, તથા પર બન્નેના આકારનો એક સાથ પ્રકાશક છે. **( ગાથા-૮૫૮ નો અન્વયાર્થ, પેઈજ નં. ૩૩૮ )**

[ ૐ ] **ભાવાર્થનો બીજો પારો:- અથવા આ પદ્યનો આવો પણ અર્થ થાય છે કે - નિશ્ચયનયથી આત્મા, આત્મજ્ઞ ( આત્માને જાણનાર ) છે તેથી જે સમયે પરમ શુદ્ધ આત્મા પોતાના શુદ્ધ કેવળજ્ઞાન દ્વારા પોતાના આત્માને જ સંપૂર્ણરીતથી જાણે છે તે સમયે જેમ તેને સ્વ ( જ્ઞાન ) અને પરનું ( જ્ઞાનના વિષયભૂત શુદ્ધ આત્મદ્રવ્યનું ) પૂર્ણ જ્ઞાન થાય છે તે જ પ્રમાણે તે જ્ઞાનની અત્યંત નિર્મળ પ્રતિભાસક શક્તિથી બાકીનાં સંપૂર્ણ દ્રવ્યો પણ તેમાં સ્વયં પ્રતિભાસિત થવા લાગે છે, કારણકે શુદ્ધ જ્ઞાનોપયોગનો એવો જ કોઈ અચિંત્ય મહિમા છે કે જેથી તે સ્વવિષયમાં જોડાતો થકો પણ સ્વ તથા અન્ય સર્વ પદાર્થોનો જ્ઞાતા થાય છે.**

**( ગાથા-૮૫૯, પેઈજ નં. ૩૩૯ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# કાર્તિકૈયાનુપ્રેક્ષા-

**શ્રી કાર્તિકૈય સ્વામી વિરચિત**

[ ૐ ] જ્ઞાન જીવના પ્રદેશોમાં રહીને જ સર્વને જાણે છે-એમ કહે છે.

ज्ञानं न याति ज्ञेयं ज्ञेयं अपि न याति ज्ञानदेशे।
निजनिजदेशस्थितानां व्यवहार: ज्ञानज्ञेयानाम्।।२५६।।

**અર્થ**:- જ્ઞાન છે તે જ્ઞેયમાં જતું નથી તથા જ્ઞેય પણ જ્ઞાનના પ્રદેશોમાં આવતાં નથી; પોતપોતાના પ્રદેશોમાં રહે છે, તોપણ જ્ઞાન તથા જ્ઞેયમાં જ્ઞેય-જ્ઞાયક વ્યવહાર છે.

**ભાવાર્થ**:- જેમ દર્પણ પોતાના ઠેકાણે છે અને ઘટાદિક વસ્તુ પોતાના ઠેકાણે છે, છતાં દર્પણની સ્વચ્છતા એવી છે કે જાણે ઘટ દર્પણમાં આવીને જ બેઠો હોય ! એ જ પ્રમાણે જ્ઞાન-જ્ઞેયનો વ્યવહાર જાણવો. **( પેઈજ નં. ૧૪૪ )**

[ ૐ ] **અર્થ**:- જે નય ભૂત, ભવિષ્ય તથા વર્તમાનરૂપ વિકલ્પથી સંકલ્પમાત્ર ( પદાર્થને ) સાધે તે નૈગમનય છે.

**ભાવાર્થ**:- ત્રણ કાળના પર્યાયોમાં અન્વયરૂપ છે તે દ્રવ્ય છે. તેને પોતાના વિષયથી ભૂતકાળની પર્યાયને પણ વર્તમાનવત્ સંકલ્પમાં લે, ભાવિકાળની પર્યાયને પણ વર્તમાનવત્ સંકલ્પમાં લે તથા વર્તમાનકાળની પર્યાયને તે કિંચિત્ નિષ્પન્ન હોય વા અનિષ્પન્ન હોય તોપણ નિષ્પન્નરૂપ સંકલ્પમાં લે એવા જ્ઞાન તથા વચનને નૈગમનય કહે છે. તેના અનેક ભેદ છે. સર્વ નયના વિષયને મુખ્યતા-ગૌણતાથી પોતાના સંકલ્પરૂપે વિષય કરે છે. જેમ કે-મનુષ્ય નામના જીવદ્રવ્યને સંસારપર્યાય છે, સિદ્ધપર્યાય છે તથા આ મનુષ્યપર્યાય છે એમ કહે તો ત્યાં સંસારપર્યાય તો અતીત- અનાગત-વર્તમાન ત્રણ કાળ સંબંધી પણ છે, સિદ્ધપણું અનાગત જ છે તથા મનુષ્યપણું વર્તમાન જ છે છતાં આ નયના વચનથી અભિપ્રાયમાં વર્તમાન- વિદ્યમાનવત્ સંકલ્પથી પરોક્ષરૂપ અનુભવમાં લઈને કહે કે 'આ દ્રવ્યમાં, મારા જ્ઞાનમાં, હાલ આ પર્યાય ભાસે છે' એવા સંકલ્પને નૈગમનયનો વિષય કહે છે. એમાંથી કોઈને મુખ્ય તથા કોઈને ગૌણરૂપ કહે છે.

**આગળ શુકલધ્યાનનો ત્રીજો ભેદ કહે છે-**

[ ૐ ] **ભાવાર્થ**:- અહીં કેવળજ્ઞાન ઊપજ્યું ત્યારથી ઉપયોગ તો સ્થિર છે અને ધ્યાનમાં અંતર્મુહૂર્ત ટકવાનું કહ્યું છે; પરંતુ એ ધ્યાનની અપેક્ષાએ તો અહીં ધ્યાન નથી પણ માત્ર યોગ થંભાઈ જવાની અપેક્ષાએ ધ્યાનનો ઉપચાર છે. અને જો ઉપયોગની અપેક્ષાએ કહીએ તો ઉપયોગ અહીં થંભી જ રહ્યો છે-કાંઈ જાણવાનું બાકી રહ્યું નથી. વળી પલટાવવાવાળું પ્રતિપક્ષી કર્મ પણ રહ્યું નથી તેથી તેને સદાય ધ્યાન જ છે-પોતાના સ્વરૂપમાં રમી રહ્યાં છે, સમસ્ત જ્ઞેયો આરસીની માફક પ્રતિબિંબિત થઈ રહ્યાં છે અને મોહના નાશથી કોઈ પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટભાવ નથી. એ પ્રમાણે સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી નામનું ત્રીજું શુક્લધ્યાન પ્રવર્તે છે.

**( ગાથા-૪૮૪ ના ભાવાર્થમાંથી )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પંચ વિંશતિ

**-શ્રી પદ્મનંદિ આચાર્ય વિરચિત**

[ ૐ ] **અનુવાદઃ-** પ્રમાણ નય અને નિક્ષેપ એ અર્વાચીન પદમાં સ્થિત છે અર્થાત્ જ્યારે વ્યવહારનયની મુખ્યતાથી વસ્તુનું વિવેચન કરવામાં આવે છે ત્યારે જ તેમનો ઉપયોગ થાય છે. પરંતુ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિમાં કેવળ એક શુદ્ધ આત્મા જ પ્રતિભાસિત થાય છે. ત્યાં તે ઉપર્યુક્ત સમ્યગ્દર્શનાદિ ત્રણે પણ અભેદરૂપમાં એક જ પ્રતિભાસિત થાય છે. **[ એકત્વસપ્તતિ - ગાથા ૧૬ - પેઈજ નં. - ૧૫૪ ]**

[ ૐ ] **અનુવાદઃ-** કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંત સુખ સ્વરૂપ જે તે ઉત્કૃષ્ટ તેજ છે તેને જાણતાં બીજું શું ન જણાયું ? તેને દેખી લેતાં બીજું શું ન દેખવામાં આવ્યું અને તેને સાંભળતા બીજું શું ન સાંભળવામાં આવ્યું ? અર્થાત્ એક માત્ર તેને જાણી લેતાં બધું જ જણાઈ ગયું છે, તેને દેખી લેતાં બધું જ દેખવામાં આવી ગયું છે અને તેને સાંભળી લેતાં બધું જ સાંભળી લીધું છે. **[ એકત્વસપ્તતિ - ગાથા ૨૦ - પેઈજ નં. - ૧૫૫ ]**

[ ૐ ] **અનુવાદઃ-** જ્યાં ન કોઈ આકાર છે, ન આકારાદિ અક્ષર છે, ન કૃષ્ણ – નીલાદિ વર્ણ છે અને ન કોઈ વિકલ્પેય છે; પરંતુ જ્યાં કેવળ એક ચૈતન્ય સ્વરૂપ જ પ્રતિભાસિત થાય છે તેને જ સામ્ય કહેવામાં આવે છે. **[ એકત્વસપ્તતિ - ગાથા ૬૫ - પેઈજ નં. - ૧૬૬ ]**

[ ૐ ] **અનુવાદઃ-** અહીં સંસારમાં મૂર્ખ પ્રાણીના ચિત્તમાં કાંઈક તો સુખ અને કાંઈક દુઃખરૂપ પ્રતિ ભાસે છે. પરંતુ વિવેકી જીવના ચિત્તમાં સદા સર્વ દુઃખદાયક જ પ્રતિભાસે છે. **[ એકત્વસપ્તતિ - ગાથા ૭૪ - પેઈજ નં. - ૧૬૮ ]**

[ ૐ ] **અનુવાદઃ-** સૂક્ષ્મ હોવાથી જે સિદ્ધોને પરમાણુને જોઈ શકનાર બીજા અવધિજ્ઞાની પણ જોઈ શક્તા નથી તથા જેમના જ્ઞાનમાં સ્થિત ત્રણે લોક આકાશમાં સ્થિત એક નક્ષત્ર સમાન સ્પષ્ટપણે પ્રતિભાસે છે તે અપરિમિત તેજના ધારક સિદ્ધોનું વર્ણન શું મારા જેવો મૂર્ખ અને હીન મનુષ્ય કરી શકે છે ? અર્થાત્ કરી શક્તો નથી. અતિશય ભક્તિને વશ થઈને કરી રહ્યો છું. **[ સિદ્ધસ્તુતિ - ગાથા ૧ - પેઈજ નં. - ૨૦૩ ]**

[ ૐ ] **વિશેષાર્થઃ-** અહીં જે સિદ્ધજ્યોતિને પરસ્પર વિરૂદ્ધ પ્રતીત થતાં અનેક ધર્મોથી સંયુક્ત બતાવવામાં આવેલ છે તે વિવિક્ષાભેદથી બતાવેલ છે. જેમ કે તે સિદ્ધ જ્યોતિ અતીન્દ્રિય છે માટે જ સૂક્ષ્મ કહેવાય છે. પરંતુ તેમાં અનંતાનંત્ત પદાર્થ પ્રતિભાસે છે તેથી એ અપેક્ષાએ તે સ્થૂળ પણ કહેવાય છે. તે પર ( પુદ્‌ગલાદિ ) દ્રવ્યોના ગુણોથી રહિત હોવાના કારણે શૂન્ય તથા અનંતચતુષ્ટય સંયુક્ત હોવાના કારણે પરિપૂર્ણ પણ છે. પર્યાયાર્થિકનયની અપેક્ષાએ તે પરિણમનશીલ હોવાથી ઉત્પાદ – વિનાશશાળી તથા દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ વિકાર રહિત હોવાથી નિત્ય પણ મનાય છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ તે સદ્‌ભાવ સ્વરૂપ તથા પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભાવની અપેક્ષાએ અભાવ સ્વરૂપ પણ છે. તે પોતાનો સ્વભાવ છોડીને અન્ય સ્વરૂપે ન થવાને કારણે એક તથા અનેક પદાર્થોનું સ્વરૂપ પ્રતિભાસિત કરવાને કારણે અનેક સ્વરૂપ પણ છે. એવી તે સિદ્ધજ્યોતિનું ચિંતન બધા કરી શક્તા નથી પણ નિર્મળ જ્ઞાનના ધારક કોઈ વિશેષ યોગીજન જ તેનું ચિંતન કરે છે.

**( સિદ્ધસ્તુતિ ગાથા-૧૩, પેઈજ નં-૨૦૯ )**

[ ૐ ] **વિશેષાર્થ:-** આ ભવ્ય જીવ જ્યારે અનેકાન્તમય પરમાગમનો અભ્યાસ કરે છે ત્યારે તે વિવેકબુદ્ધિ પામીને સિદ્ધોનું યથાર્થ સ્વરૂપ જાણી લે છે. તે વખતે તે પોતાની જાતને કર્મ કલંકથી લિપ્ત જાણીને તે જ સિદ્ધ સ્વરૂપને ઉપાધ્ય ( ગ્રાહ્ય ) માને છે. પરંતુ જેવું તેને સ્વરૂપાચરણ પ્રગટ થાય છે કે તરત જ તેની સંસારી અને સિદ્ધ વિષયક ભેદબુદ્ધિ પણ નષ્ટ થઈ જાય છે—તે વખતે તેને ધ્યાન, ધ્યાતા અને ધ્યેયનો ભેદ જ રહેતો નથી. ત્યારે તેને સર્વ પ્રકારના વિકલ્પોથી રહિત એકમાત્ર શુદ્ધ આત્મ સ્વરૂપ જ પ્રતિભાસિત થાય છે.

**( સિદ્ધસ્તુતિ-ગાથા-૧૪, પેઈજ નં-૨૧૦ )**

[ ૐ ] **વિશેષાર્થ:-** અભિપ્રાય એ છે કે ભેદબુદ્ધિ રહે ત્યાં સુધી શરીર અને સ્વ અને પરની કલ્પના થાય છે. અંદર–બહાર; સ્થૂળ–સૂક્ષ્મ તથા પુરુષ–સ્ત્રી આદિ ઉપર્યુક્ત બધા વિકલ્પ એક તે શરીરના આશ્રયે જ થયા કરે છે. પણ જ્યારે તે ભેદબુદ્ધિ નષ્ટ થઈ જાય છે અને અભેદબુદ્ધિ પ્રગટ થઈ જાય છે ત્યારે તે સમસ્ત ભેદ વ્યવહાર પણ તેની સાથે જ નષ્ટ થઈ જાય છે. તે વખતે અખંડ ચિત્પિંડ સ્વરૂપ એક માત્ર આત્મ જ્યોતિનો જ પ્રતિભાસ થાય છે. ત્યાં સુધી કે આ નિર્વિકલ્પ અવસ્થામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આદિનો પણ ભેદ નષ્ટ થઈ જાય છે.

**( આલોચના અધિકાર-ગાથા ૧૯, પેઈજ નં-૨૨૫ )**

[ ૐ ] **અનુવાદ:-** ઇન્દ્રિય, મન અને શ્વાચ્છોશ્વાસ નષ્ટ થઈ ગયા પછી જે નિર્મળ આત્માનું ઉત્કૃષ્ટ સ્વરૂપ પ્રતિભાસિત થાય છે તે અતિશય સ્થિરતા પામીને અહીં જન્મ ( સંસાર ) રૂપ વનને બાળવા માટે તીક્ષ્ણ અગ્નિ સમાન હોય છે.

**( સદ્‌બોધ ચંદ્રોદય અધિકાર-ગાથા ૧૭ પેઈજ નં. ૨૩૬ )**

[ ૐ ] **અનુવાદ:-** મનથી બાહ્ય શરીરાદિ તરફથી ખસીને આનંદરૂપ સમુદ્રમાં ડૂબી જતાં જે જ્યોતિ પ્રતિભાસિત થાય છે તે ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વરૂપ જયોતિ જ્યવંત હો.

**( નિશ્ચયપંચાશત્ અધિકાર ગાથા-૩ પેઈજ નં-૨૪૬ )**

[ ૐ ] **અનુવાદ:-** શુધ્ધ ચૈતન્ય સ્વરૂપનું જ્ઞાન થઈ થતાં બધું જ જણાય જાય છે તથા તેને જોઈ લેતાં બધું જ દેખવામાં આવી જાય છે. કારણ એ કે સમસ્ત જ્ઞેય પદાર્થોનો વિષય કરનાર દર્શન અને જ્ઞાન ઉક્ત ચૈતન્ય સ્વરૂપથી ભિન્ન નથી.

**[ સદ્‌બોધ ચંદ્રોદય - ગાથા ૫૫ - પેઈજ નં. - ૨૬૦ ]**

[ ૐ ] **અનુવાદ:-** હે વચનોની અધીશ્વરી ! જે તારા બન્ને ચરણોરૂપ કમળોની ભક્તિથી પરિપૂર્ણ **છે તેને પૂર્ણ શ્રુતજ્ઞાનરૂપ તે ત્રીજું નેત્ર પ્રગટ થાય છે કે જે જાણે કેવળજ્ઞાન સાથે**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સ્પર્ધા પામીને જ તેના વિષયભૂત સમસ્ત વિશ્વને દેખે છે.**

**( શ્રુતદેવતા સ્તુતિ-ગાથા-૨૩, પેઈજ નં-૩૦૬ )**

[ ૐ ] **વિશેષાર્થઃ-** અભિપ્રાય એ છે કે જ્યાં સુધી પ્રાણીનું આત્મ સ્વરૂપ તરફ લક્ષ્ય નથી હોતું ત્યાં સુધી તેને સંગીત સાંભળવામાં નૃત્ય પરિપૂર્ણ નાટક આદિ દેખવામાં, પરસ્પર કથા વાર્તા કરવામાં તથા શૃંગારાદિપૂર્ણ નવલકથા આદિ વાંચવા–સાંભળવામાં આનંદ આવે છે. પરંતુ જેવો તેના હૃદયમાં આત્મ સ્વરૂપનો બોધ ઉદય પામે છે તેવો જ તેને ઉપર્યુક્ત ઇન્દ્રિયવિષયોના નિમિત્તે પ્રાપ્ત થતો રસ ( આનંદ ) નીરસ પ્રતિભાસવા લાગે છે. અન્ય ઇન્દ્રિય વિષયોની તો વાત જ શું, પરંતુ તે વખતે તેને પોતાના શરીર ઉપર પણ અનુરાગ રહેતો નથી. તે એકાન્તસ્થાનમાં મૌનપૂર્વક સ્થિત થઈને આત્માનંદમાં મગ્ન રહે છે અને આ રીતે તે અજ્ઞાનાદિ દોષો અને સમસ્ત માનસિક વિકલ્પોથી રહિત થઈને અજર અમર બની જાય છે.

**( પરમાર્થ વિંશતિ-ગાથા ૧૯, પેઈજ નં-૩૫૫ )**

---

# શ્રી પંચાસ્તિકાય

**શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત** **ટીકાકાર– શ્રી અમૃતચંદ્રદેવ**

[ ૐ ] આત્માનો ચૈતન્ય–અનુવિધાયી ( અર્થાત્ ચૈતન્યને અનુસરનારો ) પરિણામ તે ઉપયોગ છે. તે પણ બે પ્રકારનો છે. જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ. ત્યાં, વિશેષને ગ્રહનારું જ્ઞાન છે અને સામાન્યને ગ્રહનારું દર્શન છે ( અર્થાત્ વિશેષ જેમાં પ્રતિભાસે તે જ્ઞાન છે અને સામાન્ય જેમાં પ્રતિભાસે તે દર્શન છે ). વળી ઉપયોગ સર્વદા જીવથી અપૃથગ્ભૂત જ છે, કારણકે એક અસ્તિત્વથી રચાયેલ છે. **( ગાથા ૪૦ ની ટીકામાંથી )**

[ ૐ ] અહીં જે પાંચ જ્ઞાનો વર્ણવવામાં આવ્યાં તે વ્યવહારથી વર્ણવવામાં આવ્યાં છે. નિશ્ચયથી તો વાદળાં વિનાના સૂર્યની માફક આત્મા અખંડ–એક–જ્ઞાનપ્રતિભાસમય જ છે.

**( ગાથા-૪૧, ભાવાર્થનો છેલ્લો પારો, પેઈજ નં-૭૫ )**

[ ૐ ] **ટીકાઃ- આ, વ્યવહારજીવત્વના એકાંતની પ્રતિપત્તિનું ખંડન છે** ( અર્થાત્ જેને માત્ર વ્યવહારનયથી જીવ કહેવામાં આવે છે તેનો ખરેખર જીવ તરીકે સ્વીકાર કરવો ઉચિત નથી એમ અહીં સમજાવ્યું છે ).

જે આ એકેંદ્રિય વગેરે તથા પૃથ્વીકાયિક વગેરે, 'જીવો' કહેવામાં આવે છે તે, અનાદિ જીવ–પુદ્ગલનો પરસ્પર અવગાહ દેખીને વ્યવહારનયથી જીવના પ્રાધાન્ય દ્વારા ( –જીવને મુખ્યતા અર્પીને ) 'જીવો' કહેવામાં આવે છે. **નિશ્ચયનયથી તેમનામાં સ્પર્શનાદિ ઇન્દ્રિયો તથા પૃથ્વી-આદિ કાયો, જીવના લક્ષણભૂત ચૈતન્યસ્વભાવના અભાવને લીધે, જીવ નથી; તેમનામાં જ જે સ્વપરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જ્ઞાન છે તે જ, ગુણ-ગુણીના કથંચિત્ અભેદને લીધે, જીવપણે પ્રરૂપવામાં આવે છે.**

**( ગાથા-૧૨૧ ની ટીકા, પેઈજ નં-૧૭૨ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# યોગસાર પ્રાભૃત

**આચાર્ય શ્રી અમિતગતિ વિરચિત**

## 'सालोकानां त्रिलोकानां यद्विधा दर्पणायते'

આ વાક્યમાં જ્ઞાનને દર્પણરૂપે બતાવીને અથવા દર્પણની ઉપમા આપીને એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેવી રીતે દર્પણ પોતાના સ્થાનેથી ખસીને પદાર્થોની પાસે જતું નથી કે તેમાં પ્રવેશ પામતું નથી અને ન તો પદાર્થ પણ પોતાના સ્થાનમાંથી ખસીને દર્પણ પાસે આવે છે અને તેમાં પ્રવેશ પામે છે; છતાં પણ પદાર્થ દર્પણમાં પ્રતિબિંબિત થઈને પ્રવેશ્યા હોય તેમ લાગે છે અને દર્પણ પણ તે પદાર્થોને પોતાનામાં પ્રતિબિંબિત કરતું થકું, તદ્ગત અને તે પદાર્થોના આકારરૂપ પરિણમેલું જણાય છે, અને આ બધું દર્પણ તથા પદાર્થોની ઈચ્છા વિના જ વસ્તુ—સ્વભાવથી થાય છે. તેવી જ રીતે વસ્તુ—સ્વભાવથી જ શુદ્ધાત્મા કેવળીના કેવળજ્ઞાનરૂપ દર્પણમાં અલોક સહિત સર્વ પદાર્થ પ્રતિબિંબિત થાય છે અને આ દ્રષ્ટિએ તેમનું તે નિર્મળ જ્ઞાન આત્મપ્રદેશોની અપેક્ષાએ સર્વગત ન હોવા છતાં પણ સર્વગત કહેવાય છે અને તેને અનુસારે તે કેવળી પણ સ્વાત્મસ્થિત હોવા છતાં 'સર્વગત' કહેવામાં આવે છે. એમાં વિરોધની કોઈ વાત નથી. આ પ્રકારનું કથન વિરોધાલંકારનો એક પ્રકાર છે, જે વાસ્તવમાં વિરોધ સહિત ન હોવા છતાં વિરોધ જેવું લાગે છે, અને તેથી જ 'વિરોધાભાસ' કહેવામાં આવે છે. તેથી કેવળજ્ઞાની પ્રદેશ અપેક્ષાએ સર્વ વ્યાપક ન હોવા છતાં પણ સ્વાત્મસ્થિત રહીને તેમને સર્વ પદાર્થોને જાણવામાં– પ્રતિભાસ કરવામાં કોઈ બાધા આવતી નથી.

હવે અહીં એ પ્રશ્ન કરી શકાય છે કે દર્પણ તો વર્તમાનમાં પોતાની સન્મુખ અને કંઈક ત્રાંસા રહેલા પદાર્થોને જ પ્રતિબિંબિત કરે છે– પાછળના અથવા અધિક આજુબાજુના પદાર્થોને તે પ્રતિબિંબિત કરતું નથી– અને સન્મુખાદિરૂપે સ્થિત પદાર્થોમાં પણ જે સૂક્ષ્મ છે, દૂરવર્તી છે, કોઈ પ્રકારના આવરણથી યુક્ત છે, અમૂર્તિક છે, ભૂતકાળમાં સન્મુખ ઉપસ્થિત હતા, ભવિષ્યકાળમાં સન્મુખ ઉપસ્થિત થશે પરંતુ વર્તમાનમાં સન્મુખ ઉપસ્થિત નથી તેમાંથી કોઈને પણ વર્તમાન સમયમાં પ્રતિબિંબિત કરતું નથી. જો જ્ઞાન દર્પણ સમાન છે તો કેવળી ભગવાનના જ્ઞાન-દર્પણમાં અલોક સહિત ત્રણે લોકના સર્વ પદાર્થ યુગપદ્ કેવી રીતે પ્રતિભાસિત થઈ શકે? અને જો યુગપદ્ પ્રતિભાસિત ન થઈ શકે તો સર્વજ્ઞપણું કેવી રીતે બની શકે? અને કેવી રીતે '**सालोकानां त्रिलोकानां यद्विधा दर्पणायते**' એ વિશેષણ શ્રી વર્ધમાન સ્વામી માટે બંધ બેસતું થઈ શકે?

એના જવાબમાં હું ફક્ત એટલું જ બતાવવા ઈચ્છું છું કે ઉપમા અને ઉદાહરણ (દ્રષ્ટાંત) મોટા ભાગે એકદેશ હોય છે— સર્વદેશ નહિ અને તેથી સર્વ અપેક્ષાએ તેમની સાથે તુલના કરી શકાતી નથી. તેમનાથી કોઈ વિષય સમજવામાં મદદ મળે છે, એ જ તેમના પ્રયોગનું લક્ષ્ય હોય છે. જેમ કે કોઈના મુખને ચંદ્રમાની ઉપમા આપવામાં આવે છે તો તેનો એટલો જ અભિપ્રાય હોય છે કે તે અત્યંત ગૌર વર્ણનું છે— એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અભિપ્રાય હોતો નથી કે તેનો અને ચંદ્રમાનો વર્ણ બિલકુલ એક છે અથવા તે સર્વથા ચન્દ્રની ધાતુનું જ બનેલું છે અને ચન્દ્રમાની જેમ ગોળાકાર પણ છે. એવી જ રીતે દર્પણ અને જ્ઞાનના ઉપમાન–ઉપેય ભાવને સમજવો જોઈએ. અહીં જ્ઞાન ( ઉપમેય ) ને દર્પણ ( ઉપમાન )ની જે ઉપમા આપવામાં આવી છે તેનું લક્ષ્ય પ્રાયઃ એટલું જ છે કે જેવી રીતે પદાર્થ પોત પોતાના સ્થાનમાં સ્થિત રહેવા છતાં પણ નિર્મળ દર્પણમાં જેવા ને તેવા ઝળકે છે અને તદ્‌ગત જણાય છે અને તેમને આમ પ્રતિબિંબિત થવામાં તેમની કોઈ ઈચ્છા હોતી નથી અને ન તો દર્પણ તેમને પોતાનામાં પ્રતિબિંબિત કરવા— કરાવવાની કોઈ ઈચ્છા રાખે છે— બધું જ વસ્તુ સ્વભાવથી થાય છે; તેવી જ રીતે નિર્મળ જ્ઞાનમાં પણ પદાર્થ જેમના તેમ પ્રતિભાસિત થતા અને તેમાં પ્રવેશેલા જણાય છે અને આ કામમાં કોઈની પણ ઈચ્છા સફળ થતી નથી—વસ્તુ સ્વભાવ જ સર્વત્ર પોતાનું કાર્ય કરતો જણાય છે. આથી વધુ તેનો એવો આશય કદાપિ લઈ શકાતો નથી કે જ્ઞાન પણ સાધારણ દર્પણની જેમ જડ છે, દર્પણ ધાતુનું બનેલું છે, દર્પણની જેમ તેનો એક ભાગ જ પ્રકાશિત છે અને તે ભાગની સામે નિરાવરણ અથવા વ્યવધાન–રહિત અવસ્થામાં રહેલ તાત્કાલિક મૂર્તિક પદાર્થોને જ પ્રતિબિંબિત કરે છે. આવો આશય લેવો છે ઉપમાન–ઉપમેયભાવ તથા વસ્તુ સ્વભાવને ન સમજવા જેવું થશે.

એ સિવાય દર્પણ પણ જાત–જાતના હોય છે. એક સર્વ સામાન્ય દર્પણ જે શરીરના ઉપલા ભાગને જ પ્રતિબિંબિત કરે છે— ચર્મ માંસની અંદર રહેલ હાડકાં આદિને નહિ; પરંતુ બીજું એકસ–રે દર્પણ જે ચર્મ માંસની આડશમાં સ્થિત હાડકાં આદિને પણ પ્રતિબિંબિત કરે છે. એક પ્રકારનું દર્પણ સમીપ અથવા થોડે જ દૂરના પદાર્થોને પ્રતિબિંબિત કરે છે, બીજું દર્પણ ( રેડિયો, ટેલિવિઝન આદિ દ્વારા ) બહુ દૂરના પદાર્થોને પણ પોતાનામાં પ્રતિબિંબિત કરી લે છે અને એ વાત તો સામાન્ય દર્પણો તથા ફોટાઓમાં પણ જોવા મળે છે કે તે ઘણા પદાર્થોને પોતાનામાં યુગપદ્ પ્રતિબિંબિત કરી લે છે. અને તેમાં કેટલાય નિકટના તથા દૂરવર્તી પદાર્થોનું પારસ્પરિક અંતરાલ પણ લુપ્ત–ગુપ્ત જેવું થઈ જાય છે, જે વિધિ પૂર્વક જોવાથી સ્પષ્ટ જાણી શકાય છે. એ ઉપરાંત સ્મરણરૂપી જ્ઞાન–દર્પણમાં હજારો માઈલ દૂરની અને દસકાઓ પહેલાંની જોયેલી ઘટનાઓ તથા આકૃતિઓ સ્પષ્ટપણે ઝળકી ઊઠે છે. અને જાતિસ્મરણનું દર્પણ તો એથી પણ ચડિયાતું હોય છે, જેમાં પૂર્વ જન્મ અથવા જન્મોની સેંકડો વર્ષ પૂર્વેની અને હજારો માઈલ દૂરની ભૂતકાળની ઘટનાઓ સ્પષ્ટપણે ઝળકે છે, એવી જ રીતે નિમિત્તાદિ શ્રુતજ્ઞાન દ્વારા ચન્દ્ર, સૂર્ય ગ્રહણાદિ જેવી ભવિષ્યની ઘટનાઓનો સાચો પ્રતિભાસ થાય છે. જ્યારે લૌકિક દર્પણો તથા સ્મૃતિ આદિ ક્ષાયોપશમિક જ્ઞાન–દર્પણોની આવી હાલત છે તો પછી કેવળજ્ઞાન જેવો અલૌકિક–દર્પણની તો વાત જ શી ? તે સર્વાતિશાયી જ્ઞાન દર્પણમાં અલોક સહિત ત્રણે લોકના તે બધા પદાર્થો પ્રતિભાસે છે જે 'જ્ઞેય' કહેવાય છે— ચાહે તે વર્તમાન હોય કે અવર્તમાન. કારણકે જ્ઞેય તે જ કહેવાય છે જે જ્ઞાનનો વિષય હોય છે— જ્ઞાન જેને જાણે છે. જ્ઞાનમાં લોક–અલોકના બધા જ જ્ઞેય

પદાર્થોને જાણવાની શક્તિ છે, તે જ્યાં સુધી તેના ઉપર પડેલ આવરણાદિ પ્રતિબંધ સર્વથા દૂર થઈને તે શક્તિ પૂર્ણરૂપે વિકસિત થઈ જતી નથી ત્યાં સુધી તેમને પોતાનામાં પૂર્ણ રૂપે જાણી શકતું નથી. જ્ઞાન શક્તિને પૂર્ણ વિકસિત અને ચરિતાર્થ થવામાં બાધક કારણ છે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય નામના ચાર ધાતી કર્મ આ ચારેય ધાતીકર્મોની સત્તા જ્યારે આત્મામાં નથી રહેતી ત્યારે તેમાં તે અપ્રતિહત શક્તિ–જ્ઞાન જ્યોતિનો ઉદય થાય છે, જેને લોક–અલોકના સર્વ જ્ઞેય પદાર્થોને પોતાનો વિષય કરવામાં પછી કોઈ રોકી શકતું નથી. જેમ દાહક સ્વભાવવાળી અગ્નિ મોજૂદ હોય, દાહ્ય–ઈન્ધન પણ મોજૂદ હોય, તેને બાળવામાં અગ્નિને કોઈ પ્રકારનો પ્રતિબંધ પણ ન હોય અને છતાં પણ તે અગ્નિ તે દાહ્યની દાહક ન હોય એમ બની શકતું નથી, તેવી જ રીતે ઉક્ત અપ્રતિહત જ્ઞાન જ્યોતિના ધારક કેવળજ્ઞાની હોય અને તે કોઈપણ જ્ઞેયના વિષયમાં અજ્ઞાની રહી શકે એમ પણ બની શકતું નથી. એ જ આશય શ્રી સમન્તભદ્ર સ્વામીકૃત આપ્તમીમાંસાની અપૂર્વ ટીકા અષ્ટસહસ્ત્રીમાં શ્રી વિદ્યાનંદ સ્વામીએ નીચેના પ્રાચીન વાક્ય દ્વારા વ્યક્ત કર્યો છે—

'सो ज्ञेये कथमज्ञः स्यादसति प्रतिबन्धने।
दाह्येऽग्निर्दाहको न स्यादसति प्रतिबन्धने"।।

માટે કેવળજ્ઞાની શ્રી વર્ધમાન સ્વામીના જ્ઞાન દર્પણમાં અલોક સહિત ત્રણે લોક પ્રતિભાસિત થવામાં બાધાનું કોઈ સ્થાન નથી; કારણકે તેઓ ઘાતી–કર્મ મળ દૂર કરીને નિર્ધૂતકલિલાત્મા થયા છે. **( ગાથા-૧૯, પેઈજ નં- ૧૭ થી ૨૨ )**

[ ૐ ] **જ્ઞેય-ક્ષિપ્ત જ્ઞાનની વ્યાપકતાનું સ્પષ્ટીકરણ**

વ્યાખ્યાઃ– અહીં '**इन्द्रनीलं**' પદ તે શાતિશય મહાનીલ રત્નનું વાચક છે જે ખૂબ તેજસ્વી હોય છે. તેને જ્યારે કોઈ દૂધથી ભરેલ કડાઈ જેવા વાસણમાં મૂકવામાં આવે છે ત્યારે તે દૂધના વર્તમાન રૂપનો તિરસ્કાર કરી તેને ચારે તરફથી પોતાના તેજ દ્વારા નીલું બનાવી દે છે. તેવી જ રીતે જ્ઞેયોની વચ્ચે સ્થિત કેવળજ્ઞાન પણ પોતાના તેજથી અજ્ઞાન અંધકારને દૂર કરી સમસ્ત જ્ઞેયોમાં જ્ઞેયાકાર રૂપે વ્યાપ્ત થયું થકું તેમને પ્રકાશિત કરે છે.

દૂધથી ભરેલા જે મોટા પાત્રમાં ઈન્દ્રનીલ રત્ન પડેલું હોય છે તેના થોડા જ ભાગમાં જો કે સ્થિત હોય છે અને તેનો કોઈ પણ પરમાણું તેમાંથી નીકળીને બીજે જતો નથી છતાં પણ એના તેજમાં એવી વિચિત્રતા છે કે તે બધાય દૂધને પોતાના રંગે રંગી દે છે અને દૂધનો કોઈપણ પરમાણું વાસ્તવમાં નીલો થઈ જતો નથી— જો નીલમણિને દૂધમાંથી કાઢી લેવામાં આવે તો દૂધ જેમનું તેમ પોતાના સ્વભાવિક રંગમાં રહેલું દેખાય છે, નીલ રત્નની પ્રભાના સંસર્ગથી ક્યાંય પણ તેમાં કોઈ વિકાર દેખાતો નથી. એવી જ હાલત જ્ઞાન તથા જ્ઞેયોની છે, જ્ઞેયોની મધ્યમાં સ્થિત કેવળજ્ઞાન જો કે વાસ્તવમાં પોતાના આત્મ પ્રદેશોમાં જ સ્થિત હોય છે અને આત્માનો કોઈ પણ પ્રદેશ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માથી અલગ થઈને બાહ્ય પદાર્થોમાં જતો નથી, છતાં પણ તેના કેવળજ્ઞાનમાં તેજનું એવું મહાત્મ્ય છે કે તે બધા પદાર્થોને પોતાની પ્રભાથી જ્ઞેયાકારરૂપે વ્યાપ્ત કરી તે પદાર્થોમાં પોતાના પ્રદેશો સાથે તાદાત્મ્ય પામ્યું હોય એવું જણાય છે; જ્યારે દર્પણમાં તેની સ્વચ્છતાને વશે પ્રતિબિંબિત પદાર્થોની જેમ તેવું કાંઈ પણ નથી. માટે વ્યવહારનયની દૃષ્ટિએ જ્ઞાનનું જ્ઞેયોમાં અને જ્ઞેયો ( પદાર્થો ) નું જ્ઞાનમાં અસ્તિત્વ કહેવામાં આવે છે.

શ્રી કુંદકુંદાચાર્યે આ વાતને અધિક સ્પષ્ટ કરતાં પ્રવચનસારમાં લખ્યું છે—

"जवि ते ण संति आट्ठ णाणे णाणं णा होदि सव्वगयं।
सव्वगयं वा णाणं कहं ण णाणट्ठिया अट्ठा।।३१।।

'જો તે પદાર્થ કેવળજ્ઞાનમાં અસ્તિત્વ ન રાખતા હોય- ન ઝળકતાં હોય- તો કેવળજ્ઞાનને સર્વગત કહી શકાતું નથી અને જ્ઞાન જો સવર્ગત છે તો પદાર્થોને જ્ઞાનમાં સ્થિત કેવી રીતે ન કહેવાય ? – કહેવા જ પડે ?

**આ રીતે આ જ્ઞાનમાં જ્ઞેયોની અને જ્ઞેયોમાં જ્ઞાનની સ્થિતિ વ્યવહારનયની દૃષ્ટિથી છે. નિશ્ચયનયની દૃષ્ટિથી જ્ઞાન પોતામાં અને જ્ઞેય પોતામાં સ્થિત છે.** દર્પણમાં પ્રતિબિંબ અને પ્રતિબિંબમાં દર્પણની જેમ એકના અસ્તિત્વનો બીજામાં વ્યવહાર કરવામાં આવે છે. **( ગાથા-૨૧, પેઈજ નં-૨૩, ૨૪, જીવ અધિકાર )**

[ ॐ ] .....માટે ચુંબકની જેમ જ્ઞાનની સીમિત શક્તિ સમજી લેવી ન જોઈએ. તેમાં પ્રતિબંધકનો અભાવ થઈ જવાથી દૂરવર્તી તથા અંતરિત જ નહી પણ સૂક્ષ્મ પદાર્થોને પોતાની તરફ આકર્ષિત કરવાની પોતાનો વિષય બનાવવાની–અનંતાનંત શક્તિ છે- તેની બહાર કોઈ પણ પદાર્થ જાણ્યા વિના અજ્ઞેયરૂપે રહેતો નથી. તેથી જ જ્ઞાનને 'સર્વગત' કહ્યું છે. તે પોતાના આત્મપ્રદેશોની અપેક્ષાએ નહિ પરંતુ પ્રકાશની અપેક્ષાએ સર્વગત છે.

**( ગાથા-૨૩ની વ્યાખ્યામાંથી પેઈજ નં-૨૬ )**

[ ॐ ] **વ્યાખ્યા:-** પાછળના પદ્યમાં એ બતાવવામાં આવ્યું છે કે કેવળજ્ઞાન દૂરવર્તી પદાર્થોને પણ જાણે છે, ભલે તે દૂરપણું ક્ષેત્ર સંબંધી હોય કે કાળ સંબંધી... , ત્યાં એ ભ્રમ ઉત્પન્ન થાય છે કે જ્ઞાન પરને જ સ્વભાવથી જાણે છે કે પોતાને પણ જાણે છે ? આ પદ્યમાં દીપકના ઉદાહરણ દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેવી રીતે દીપક પર પદાર્થોનું ઉદ્યોતન કરે છે તેવી જ રીતે પોતાનું પણ ઉદ્યોતન ( પ્રકાશન ) કરે છે— પોતાના પ્રકાશનમાં કોઈ પ્રકારે પરની અપેક્ષા રાખતો નથી— તેવી જ રીતે જ્ઞાન પણ પોતાને તથા પર પદાર્થ સમૂહને સ્વભાવથી જ જાણે છે— પોતાને અથવા આત્માને જાણવામાં કોઈ બીજાની અપેક્ષા રાખતું નથી.

**( ગાથા-૨૪, પેઈજ નં-૨૬, જીવ અધિકાર )**

[ ॐ ] **જ્ઞાન સર્વ પદાર્થોમાં યુગપદ્ પ્રવૃત્ત ન થવાથી દોષાપત્તિ**

**વ્યાખ્યા:-** પાછળના પદ્યોમાં ત્રિલોક–સ્થિત ત્રિકાળગત સર્વ પદાર્થોને યુગપદ્ જાણવાની વાત કહેવામાં આવી છે. આ પદ્યોમાં એ બતાવવામાં આવ્યું છે કે જો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળજ્ઞાન તે બધા પદાર્થોને યુગપદ્ ન જાણતું હોય તો એમ કહેવું પડે કે તે એક પદાર્થને પણ પુરું જાણતું નથી; કારણકે એક પદાર્થમાં પણ અનંત પર્યાયો હોય છે, ક્રમે ક્રમે તેમને જાણતાં બધા પર્યાયોને તે ક્યારે જાણી શકે ? કદીય નહી. જો આ રીતે એક દ્રવ્યની અનંત પર્યાયો કદી પણ પૂરી જાણવામાં ન આવે તો એક દ્રવ્યને પુરું જાણવાનું કેવી રીતે કહી શકાય ? ન કહી શકાય અને એ એક મોટો દોષ આવશે. જો એક દ્રવ્યની પર્યાયોને ક્રમેક્રમે જાણતાં તેમને જાણવાનો અંત માનવામાં આવે તો ત્યાર પછી દ્રવ્યને પર્યાય રહિત માનવું પડશે અને પર્યાય રહિત માનવું પડશે અને પર્યાય રહિત માનવાનો અર્થ થાય દ્રવ્યનો અભાવ; કારણકે **'गुण पर्यायवत् द्रव्यम्'** આ સૂત્ર વાક્ય અનુસાર ગુણ પર્યાયવાનને 'દ્રવ્ય' કહે છે, ગુણ અને પર્યાય બન્નેમાંથી કોઈ નહિ તો દ્રવ્ય નહી, અને દ્રવ્ય સત્ લક્ષણ હોય છે તેથી તેનો કદી અભાવ થઈ શકતો નથી. ભલે પર્યાયો જળ કલ્લોલોની પેઠે સમયે સમયે બદલતી રહે. આવી સ્થિતિમાં કેવળજ્ઞાનનું યુગપદ્ સર્વ પદાર્થોને જાણવું જ બરાબર બંધ બેસે છે– ક્રમેક્રમે જાણવું નહિ. સમસ્ત બાધક કારણોનો અભાવ થઈ જવાથી કેવળજ્ઞાન જાણવાની અનંતાનંત શક્તિથી સંપન્ન છે, તેમાં સર્વદ્રવ્ય પોત પોતાની અનંત પર્યાયોની સાથે એવી રીતે ઝળકે છે જેમ દર્પણમાં પદાર્થોનો સમૂહ ઝળકયા કરે છે. **( ગાથા-૩૦ પેઈજ નં-૨૯/૩૦ જીવ અધિકાર )**

[ ૐ ] **મોહનો વિલય થતાં સ્વરૂપની ઉપલબ્ધિ.**

શબ્દાર્થઃ– મોહનો વિનાશ થઈ જતાં જીવ ફરીથી પોતાના નિર્મળ રૂપને પ્રાપ્ત થાય છે. ( તેવી જ રીતે કે જેવી રીતે ) રક્ત પુષ્પાદિરૂપ ઉપાધિનો અભાવ થઈ જવાથી સ્ફટિક પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થાય છે.

વ્યાખ્યાઃ– પાછલા પદ્યમાં જે મોહના સંગ અથવા સંબંધથી જીવને મલિન થવાની વાત કહેવામાં આવી છે તે જ મોહનો સંબંધ છૂટી જતાં આ જીવ અસલ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થાય છે, જેમ સ્ફટિક રક્ત પુષ્પાદિરૂપ ઉપાધિનો અભાવ થઈ જતાં પુનઃ પોતાના સ્વચ્છ નિર્વિકાર સ્વરૂપને પ્રાપ્ત થઈ જાય છે. પૂર્વ પદ્ય તથા આ પદ્યમાં સ્ફટિકનું દૃષ્ટાંત જીવને નિર્વિકાર અને સવિકાર રૂપનો અથવા સ્વભાવ અને વિભાવનો બોધ કરાવવા માટે ઘણું જ સુંદર અને તથ્યપૂર્ણ છે.

**( ગાથા-૪૦, પેઈજ નં-૧૬૪, બંધ અધિકાર )**

[ ૐ ] **જ્ઞાનાનુભવ રહિતને અર્થનું જ્ઞાન થતું નથી.**

**શબ્દાર્થઃ**- સર્વ પોતાના આત્મામાં જ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ કરે છે. જે જ્ઞાનના અનુભવથી રહિત છે તેને પદાર્થનું જ્ઞાન સિદ્ધ થતું નથી.

**વ્યાખ્યાઃ**- બધા પ્રાણી કોઈ પણ ઈન્દ્રિય દ્વારા પોતાના આત્મામાં જ્ઞાનનો અનુભવ કરે છે, એ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જેને પોતામાં કાંઈ પણ જ્ઞાનનો અનુભવ થતો નથી તેને કોઈપણ પદાર્થનું કોઈ જ્ઞાન થતું નથી. લજામણીનો છોડ જ્યારે સ્પર્શન ઈન્દ્રિય દ્વારા એવો અનુભવ કરે છે કે તેને કોઈ અડયું— તેના ઉપર કોઈ આપત્તિ આવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો તે પોતાને સંકોચી લે છે અથવા મૃતરૂપે દેખાડે છે, તેથી તેને સ્પર્શ- વિષયક અર્થજ્ઞાનનું હોવું પ્રાપ્ત થાય છે અને તેથી તેમાં જ્ઞાનગુણ ધારક જ્ઞાનીનું અસ્તિત્વ સિદ્ધ થાય છે-ભલે તે જ્ઞાન ગમે તેટલી થોડી માત્રામાં વિકસિત હોય.

**( નિર્જરા અધિકાર, ગાથા ૩૬, પેઈજ નં-૧૯૯ )**

[ ૐ ] **વેદ્યને જાણે અને વેદકને ન જાણે તે આશ્ચર્યકારી છે.**

શબ્દાર્થઃ- દુર્બુદ્ધિ વેદ્યને તો જાણે છે, વેદકને કેમ નથી જાણતો ? [ **द्योत्यं पश्यन्ति** ] પ્રકાશ્યને તો દેખે છે [ **न द्योतम्** ] પરંતુ પ્રકાશકને દેખતા નથી [ **बत कीदशं आश्चर्यम्** ] એ કેવું આશ્ચર્ય છે ?

**વ્યાખ્યાઃ- નિઃસંદેહ જ્ઞેયને જાણવું અને જ્ઞાયકને-જ્ઞાન કે જ્ઞાનીને ન જાણવું એ એક આશ્ચર્યની વાત છે; જેવી રીતે કે પ્રકાશથી પ્રકાશિત વસ્તુને તો દેખવી પરંતુ પ્રકાશને ન દેખવો.** આવા જ્ઞાયક-વિષયમાં અજ્ઞાનીઓને અહીં દુર્બુદ્ધિ-વિકાર ગ્રસિત બુદ્ધિવાળા— કહ્યા છે. પાછલા પદ્યમાં દીપક અને તેના પ્રકાશની વાત લઈને વિષયને સ્પષ્ટ કરવામાં આવેલ છે, અહીં ઉદ્યોત અને તેનાં દ્વારા પ્રકાશિત પદાર્થની વાત લઈને તે જ વિષયને સ્પષ્ટ કરવામાં આવેલ છે, **દ્યોતક, દ્યોત અને દ્યોત્યનો જેવો સંબંધ છે તેવો જ સંબંધ જ્ઞાતા જ્ઞાન અને જ્ઞેયનો છે. એકને જાણવાથી બીજું જાણવામાં આવે છે. જેને એકને જાણતાં બીજાનો બોધ થતો નથી તેજ ખરેખર દુર્બુદ્ધિ છે.** **( નિર્જરા અધિકાર-ગાથા ૩૯, પેઈજ નં-૨૦૦ )**

[ ૐ ] **જ્ઞેયના ( જ્ઞેયાકારના ) લક્ષ્યથી આત્માના શુદ્ધરૂપને જાણીને ધ્યાવવાનું ફળ :-**

**વ્યાખ્યાઃ-** જે લોકો જ્ઞેયને જાણવામાં પ્રવૃત્ત હોવા છતાં પણ જ્ઞાયકને જાણવામાં પોતાને અસમર્થ બતાવે છે તેમને અહીં જ્ઞેયના લક્ષ્યથી આત્માના ઉત્કૃષ્ટ સ્વરૂપને જાણવાની વાત કહેવામાં આવી છે અને સાથોસાથ એમ સમજાવવામાં આવ્યું છે કે આ રીતે શુદ્ધ સ્વરૂપ સામે આવતાં, જ્ઞેયનું લક્ષ્ય છોડીને પોતાના તે શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરો, તેનાથી કર્મોની નિર્જરા થાય છે.

**( નિર્જરા અધિકાર—ગાથા-૪૦, પેઈજ નં- ૨૦૦ થી ૨૦૧ )**

[ ૐ ] **વ્યાખ્યાઃ-** અહીં કડછી—ચમચાના ઉદાહરણ દ્વારા પૂર્વ પદ્યમાં વર્ણિત વિષયને સ્પષ્ટ કરવામાં આવેલ છે. કડછી-ચમચાનો ઉપયોગ જેવી રીતે ભોજનના ગ્રહણમાં કરવામાં આવે છે તેવી જ રીતે આત્માને જાણવામાં જ્ઞેયના લક્ષ્યનો ઉપયોગ કરવામાં આવે છે. આત્માનું ગ્રહણ ( જાણવું ) થઈ જતાં જ્ઞેયનું લક્ષ્ય છોડી દેવામાં આવે છે, અને પોતાના ગ્રહીત સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે છે.

**( નિર્જરા અધિકાર-ગાથા નં-૪૧, પેઈજ નં-૨૦૧ )**

[ ૐ ] **નિર્મળ ચેતનમાં મોહ દેખાવાનો હેતુ**

વ્યાખ્યાઃ- નિર્મલ દર્પણમાં જે પ્રતિબિંબ દેખાય છે તેનું કારણ તે પરદ્રવ્યનો સંબંધ છે જે લેપાદિ રૂપે પાછલા ભાગ ઉપર લગાડવામાં આવે છે. નિર્મળ આત્મામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પણ જે મોહ દેખાય છે, તેનું કારણ કષાયાદિરૂપ દ્રવ્યકર્મનો સંબંધ છે. જો દ્રવ્યકર્મનો સંબંધ ન હોય તો મોહભાવનું દર્શન થઈ શકતું નથી.

**( બંધ અધિકાર ગાથા-૪૫, પેઈજ નં. ૨૦૩ )**

[ ૐ ] આત્માની પરં જ્યોતિનું સ્વરૂપ

વ્યાખ્યા:- જે અંતર જ્યોતિ તત્ત્વના પાછલા એક પદ્ય ( ૩૩ ) માં ઉલ્લેખ છે તેના વિષયમાં અહીં લખ્યું છે કે આ આત્માની તે પરમ જ્યોતિ છે જેના અભાવમાં બધું જ અંધકારમય છે અને જેના સદ્‌ભાવમાં બધું જ ઉદ્યોતરૂપ છે તથા અંધકાર પણ ઉદ્યોતરૂપે પરિણમી જાય છે. આ જ પરં જ્યોતિનો જયઘોષ કરતાં શ્રી અમૃતચંદ્રાચાર્યે લખ્યું છે કે આ પરમ જ્યોતિમાં બધા જ પદાર્થો—જીવાદિ પદાર્થોની આખી સૃષ્ટિ- પોતાની સમસ્ત ત્રિકાળવર્તી સપાટી જેમ પ્રતિબિંબિત થાય છે—

**( ચૂલિકા અધિકાર—ગાથા-૪૫, પેઈજ નં-૩૨૧ )**

[ ૐ ] **યુક્ત ભાવ સાથે આત્માની સ્ફટિક સમ તન્મયતા**

**શબ્દાર્થ:-** આ યંત્ર વાહક જીવાત્મા જે જે ભાવ સાથે જોડાય છે તે તે ભાવ સાથે ત્યાં તન્મય થઈ જાય છે, જેવી રીતે વિશ્વરૂપધારી સ્ફટિકમણિ.

વ્યાખ્યા:- 'યંત્રવાહક' શબ્દ દેહધારી જીવાત્માના અર્થમાં યોજાયો છે કે જે દેહનું સંચાલન કરે છે અને જેના ચાલ્યા જવાથી દેહ પોતાનું કામ કરવામાં સમર્થ થતો નથી. કારણકે દેહ એક યંત્ર સમાન છે. આ જીવની એક ખાસ સંજ્ઞા છે જેની શબ્દકોષમાં સામાન્ય રીતે ઉપલબ્ધિ નથી થતી અને 'વિશ્વરૂપ' સંજ્ઞા અહીં સ્ફટિકમણિને આપવામાં આવી છે, કેમ કે તે વિશ્વના બધા પદાર્થોના રંગરૂપે પરિણમવાની યોગ્યતા રાખે છે. આ સ્ફટિકના ઉદાહરણ દ્વારા જીવાત્માની પર પદાર્થ સાથે તન્મયતાની તદ્રૂપ પરિણમનની વાત સ્પષ્ટ કરવામાં આવી છે. જેવી રીતે સ્ફટિકમણિ જે જે રંગરૂપની ઉપાધિ સાથે સંબંધ કરે છે તે તે રંગ રૂપની ઉપાધિ સાથે તન્મયતા ( તદ્રૂપતા ) પામે છે, તેવી જ રીતે આત્મજ્ઞાની આત્માને જે ભાવ સાથે જે રૂપે ધ્યાવે છે તેની સાથે તે તે જ રૂપે તન્મયતા પામે છે. આથી વિવક્ષિત તન્મયતા સ્પષ્ટ થાય છે, કે જે તાદાત્મ્ય સંબંધ રૂપે નથી.

**( ચૂલિકાધિકાર- ગાથા-૫૧, પેઈજ નં-૩૨૫ )**

**બૌદ્ધ એવું માને છે કે જ્ઞાન જ્ઞેય પ્રમાણ થાય છે. હવે કોઈ જૈન થઈને પણ એમ કહે કે- જ્ઞેયના કારણે જ્ઞાન થાય છે— તો તે પણ બૌદ્ધ જ છે. ખરેખર તો આત્મા પોતાના ક્ષયોપશમના કારણે જ જાણે છે. બોદ્ધમતવાળા જ્ઞાનને પરથી થયેલું માને છે, અને જૈન મિથ્યાદૃષ્ટિ એવું માને છે કે—નિમિત્ત આવે તો જ્ઞાન થાય છે; આથી તે પણ ખરેખર બૌદ્ધ જ છે. ( મોક્ષમાર્ગ પ્રકાશક પ્રવચન હિન્દી ભાગ-૧ પેઈજ નં-૧૫૨ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રી પરમાત્મ પ્રકાશ

**શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત**

[ ૐ ] આત્મા પરમાર્થથી દેહ અને કર્મથી રહિત હોવા છતાં પણ મૂઢ આત્માઓને "શરીરરૂપ" પ્રતિભાસે છે એમ કહે છેઃ–

**( પ્રથમ મહાધિકાર- ગાથા ૩૭ નો ઉપોદ્‌ઘાત પેઈજ નં-૫૧ )**

[ ૐ ] અન્વયાર્થઃ– **અનંત આકાશમાં** એક નક્ષત્ર જેવી રીતે જરાક જેટલું પ્રતિભાસે છે તેવી રીતે જે મુક્ત જીવના પદમાં કેવલજ્ઞાનમાં ત્રણ લોક દર્પણમાં બિંબની જેમ પ્રતિબિંબિત પ્રતિભાસે છે તે અનાદિ પરમાત્મા છે.

**ભાવાર્થઃ**- અહીં જેના કેવલજ્ઞાનમાં એક જ નક્ષત્રની સમાન લોક પ્રતિભાસે છે તે જ પરમાત્મા રાગાદિ સમસ્ત વિકલ્પ રહિત યોગીઓને ઉપાદેય છે.

**( ગાથા-૩૮, પેઈજ નં-૫૨ )**

[ ૐ ] અન્વયાર્થઃ– જેવી રીતે વેલ ( મંડપનો આધાર નહીં મળવાથી ) આગળ ફેલાતી અટકી જાય છે તેવી રીતે મુક્ત આત્માઓનું જ્ઞાન જ્ઞેયનું અવલંબન નહીં મળવાથી જાણવાની શક્તિ હોવા છતાં અટકી જાય છે, જે ભગવાન પરમાત્માના કેવળજ્ઞાનમાં સર્વને જાણવારૂપ પોતાનો ઉત્કૃષ્ટ સ્વભાવ પ્રતિભાસિત થઈ રહ્યો છે અર્થાત્ સર્વાકાર જ્ઞાનની પરિણતિ છે એમ જાણીને જ્ઞાનનું આરાધન કરો.

**ભાવાર્થઃ**- જેવી રીતે વેલ મંડપ વગેરેના અભાવમાં આગળ ફેલાતી અટકી જાય છે તેવી રીતે મુક્ત આત્માઓનું જ્ઞાન જ્ઞેયના અવલંબનના અભાવમાં અટકી જાય છે, પણ જ્ઞાતૃત્વ શક્તિના અભાવથી નહીં એવો અર્થ છે. જે ભગવાન પરમાત્મ સ્વરૂપમાં જ્ઞાન બિંબિત થઈ રહ્યું છે, તદાકારે પરિણમી રહ્યું છે; શા કારણે ? પરમ સ્વભાવને જાણીને. **( ગાથા-૪૭, પેઈજ નં-૬૧/૬૨ )**

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જો આત્મા વ્યવહારનયથી લોકાલોકને જાણે છે તો વ્યવહારનયથી સર્વજ્ઞપણું ઠર્યું પણ નિશ્ચયથી નહીં ?

**તેનો પરિહારઃ**- જેવી રીતે આત્મા **તન્મય** થઈને પોતાના આત્માને જાણે છે તેવી રીતે પરદ્રવ્યમાં **તન્મય** થઈને તેમને જાણતો નથી તે કારણે વ્યવહાર કહેવામાં આવે છે પણ જ્ઞાનના અભાવથી નહીં ( પણ સર્વજ્ઞપણાનો અભાવ છે માટે વ્યવહાર કહેવામાં આવે છે એમ નથી. )

વળી જો આત્મા નિશ્ચયનયથી, સ્વદ્રવ્યની જેમ પરદ્રવ્યમાં તન્મય થઈને તેમને જાણે તો બીજાનાં સુખ દુઃખ, રાગ દ્વેષ જાણવામાં આવતાં, પોતે સુખી દુઃખી અને રાગી– દ્વેષી થાય એવો મહાન દોષ આવે.

અહીં જે જ્ઞાનથી વ્યાપક કહેવામાં આવે છે તે જ્ઞાન જ ઉપાદેયભૂત અનંત સુખથી અભિન્ન હોવાથી ઉપાદેય છે એવો અભિપ્રાય છે. **( ગાથા-૫૨, પેઈજ નં-૬૬-૬૭ )**

[ ૐ ] **...અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે-મુક્ત આત્માને ઉત્પાદવ્યય કઈ રીતે ઘટી શકે ?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તેનો પરિહાર:-** ( ૧ ) આગમ પ્રસિદ્ધ અગુરુલઘુગુણની હાનિવૃદ્ધિની અપેક્ષાએ અથવા ( ૨ ) જે ઉત્પાદાદિરૂપે જ્ઞેય વસ્તુ પરિણમે છે તેની પરિચ્છિત્તિના ( જાણવાના ) આકારે જ્ઞાન પરિણમે છે તે અપેક્ષાએ અથવા ( ૩ ) સિદ્ધ થયા ત્યારે સંસાર પર્યાયનો નાશ થયો, સિદ્ધ પર્યાયનો ઉત્પાદ થયો અને શુદ્ધ જીવદ્રવ્યની અપેક્ષાએ ધ્રૌવ્ય રહ્યું તે અપેક્ષાએ, સિદ્ધોને ઉત્પાદવ્યય જાણવા. **( ગાથા-૫૬, પેઈજ નં-૭૨-૭૩ )**

[ ૐ ] હવે આત્માને જાણતાં સર્વ જણાયું એમ દર્શાવે છે.

અન્વયાર્થ:- હે યોગી ! નિજ આત્માને જાણતાં, ત્રણલોક જણાયા કારણ કે આત્માના કેવલજ્ઞાન પર્યાયમાં તે પ્રતિબિંબિત થઈને વસે છે.

**ભાવાર્થ:-** વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાન વડે પરમાત્મ તત્ત્વ જાણતાં, સમસ્ત બાર અંગનું સ્વરૂપ જણાયું કારણકે ( ૧ ) જેથી રામ, પાંડવ આદિ મહાપુરુષો જિનદિક્ષા લઈને બાર અંગ ભણીને બાર અંગના અધ્યયનના ફલરૂપ, નિશ્ચયરત્ન-ત્રયાત્મક પરમાત્મ ધ્યાનમાં લીન રહે છે તેથી વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાન વડે નિજ આત્માને જાણતાં સર્વ જણાયું છે. ( ૨ ) અથવા નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન પરમાનંદરૂપ સુખરસનો આસ્વાદ ઉત્પન્ન થતાં જ, પુરુષ એમ જાણે છે કે "મારું સ્વરૂપ અન્ય છે, દેહ-રાગાદિ પર છે" તેથી આત્માને જાણતાં સર્વ જણાયું. ( ૩ ) અથવા કર્તારૂપ આત્મા કરણભૂત શ્રુતજ્ઞાનરૂપ વ્યાપ્તિજ્ઞાનથી સર્વ લોકાલોકને જાણે છે તેથી આત્માને જાણતાં સર્વ જણાયું. ( ૪ ) અથવા કેવલજ્ઞાનની ઉત્પત્તિના બીજરૂપ વીતરાગ, નિર્વિકલ્પ ત્રણગુપ્તિયુક્ત સમાધિના બલથી કેવલજ્ઞાન ઉત્પન્ન થતાં, જેવી રીતે દર્પણમાં પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેવી રીતે સર્વ લોકનું સ્વરૂપ જણાય છે. એ કારણે આત્માને જાણતાં, સર્વ જણાયું. **( ગાથા-૯૯, પેઈજ નં-૧૨૨, ૧૨૩ )**

ભાવાર્થ:- જેવી રીતે વાદળાં વિનાના ( નિર્મળ ) આકાશમાં સૂર્યનો પ્રકાશ પોતાને અને પરને પ્રકાશે છે તેવી રીતે વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ કારણ સમયસારમાં સ્થિત થઈને, મોહરૂપી મેઘપટલનો નાશ થતાં, પરમાત્મા છદ્મસ્થ-અવસ્થામાં વીતરાગ ભેદભાવનારૂપ જ્ઞાન વડે સ્વ અને પરને પ્રકાશે છે, પછી અર્હંત-અવસ્થારૂપ કાર્ય સમયસારરૂપે પરિણમીને કેવલજ્ઞાનથી સ્વ અને પરને પ્રકાશે છે. એ આત્મવસ્તુનો સ્વભાવ છે એમાં સંદેહ નથી. **( ગાથા-૧૦૧, પેઈજ નં-૧૨૫, ૧૨૬ )**

[ ૐ ]

तारागण: जले बिम्बित: निर्मले दृश्यते यथा।
आत्मनि निर्मले बिम्बितं लोकालोकमपि तथा।। १०२।।

અન્વયાર્થ:- જેવી રીતે તારાઓનો સમૂહ નિર્મળ જલમાં પ્રતિબિંબિત થઈને દેખાય છે તેવી રીતે મિથ્યાત્વ રાગાદિ વિકલ્પજાળથી રહિત નિર્મળ આત્મામાં લોકાલોક પણ પ્રતિબિંબિત થઈને જણાય છે. **( ગાથા-૧૦૨, પેઈજ નં-૧૨૬ )**

[ ૐ ] અન્વયાર્થ:- જે આત્માને જાણતાં, સ્વ અને પર જણાય છે તે નિજ આત્માને હે યોગી ! તું જ્ઞાનના બલ વડે જાણ. **( ગાથા-૧૦૩, પેઈજ નં-૧૨૭ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# તત્ત્વાનુશાસન

**શ્રી રામસેનાચાર્ય વિરચિત**

[ ૐ ] **સ્વસંવેદનને માટે કોઈ કરણાન્તર નથી**

**અર્થઃ**- સ્વ-પરનું જ્ઞાન થતાં તે સ્વસંવેદન કે આત્મ અનુભવ થાય છે તેને માટે આત્માથી અન્ય કોઈ કરણ ( જ્ઞપ્તિ ક્રિયા માટે સાધકતમ કરણ ) હોતું નથી. માટે અન્ય ચિંતાનો ત્યાગ કરી સ્વ સંવિત્તિ વડે જ આત્માને જાણવો જોઈએ.

**ભાવાર્થઃ**- આત્મા સ્વયં સ્વ-પર જ્ઞપ્તિરૂપ છે- તેને અન્ય કોઈ કારણ કે નિમિત્તની જરૂર નથી માટે કરણાન્તરની ચિંતાનો ત્યાગ કરી સ્વ જ્ઞપ્તિ વડે આત્માને જાણવો જોઈએ. **( ગાથા-૧૬૨, પેઈજ નં-૭૨ )**

[ ૐ ] **સ્વસંવિત્તિનો સ્પષ્ટ અર્થ**

**અર્થઃ- સ્વતંત્રપણે ચમકતી ( પ્રકાશતી ) આ જ્ઞાનરૂપ ચેતના તે શરીરરૂપે પ્રતિભાસિત ન થતી જ સ્વયં જ દેખવામાં આવે છે.**

**ભાવાર્થઃ- સંવિત્તિ એટલે જ્ઞાન ચેતના. તે પરની અપેક્ષા નહિ રાખતી સ્વતંત્ર રૂપથી પ્રકાશતી દેખવામાં આવે છે. તેમાં શરીરનો કાંઈ પ્રતિભાસ નથી હોતો. ( ગાથા-૧૬૮, પેઈજ નં-૭૪ )**

[ ૐ ] **સ્વઆત્મામાં લીન યોગીને બાહ્ય પદાર્થો પ્રતિભાસિત થતા નથી.**

**અર્થઃ**- યોગી સમાધિ કાળમાં સ્વ આત્માને દેખે છે, જેથી બાહ્ય પદાર્થો જો કે ત્યાં વિદ્યમાન હોવા છતાં આત્મા પરમ એકાગ્રયતાને પ્રાપ્ત હોવાથી તેને બાહ્ય પદાર્થોનું કાંઈ પણ ભાન રહેતું નથી. આ બધું પરમ એકાગ્રયતાનો જ મહિમા છે કે કાંઈ પણ ( અન્ય ) ચિંતવન નથી હોતું. **( ગાથા-૧૭૨, પેઈજ નં-૭૫ )**

[ ૐ ] **[ મુક્તિ માટે નૈરાત્મ્યાદ્વૈત દર્શનની ઉક્તિનું સ્પષ્ટીકરણ ]**

**અર્થઃ**- મુક્તિની પ્રાપ્તિ માટે જે નિરાત્મ્ય અદ્વૈત દર્શનની વાત કરી છે તેનો અર્થ એ છે કે તેમાં અન્ય આભાસથી રહિત સમ્યગ્ આત્મદર્શનરૂપ છે.

ભાવાર્થઃ- નૈરાત્મ્યા-દ્વૈત દર્શન જે કહ્યું છે કે કોઈ આગમમાં હશે પરંતુ તેની અહીં સ્પષ્ટતા કરી છે કે અન્ય આભાસથી રહિત માત્ર કેવળ આત્મદર્શન રૂપે પરિણમતા ત્યાં અન્ય કોઈ વસ્તુનો પ્રતિભાસ નથી અને જો પ્રતિભાસ થાય તો સમજવું કે ત્યાં અદ્વૈત દર્શન નથી. **( ગાથા-૧૭૪, પેઈજ નં-૭૬ )**

[ ૐ ] અર્થઃ- આત્મજ્ઞાની આત્માને જે ભાવે જે રૂપે ધ્યાવે છે તેની સાથે એ જ પ્રકારે તે તન્મય થઈ જાય છે- જેવી રીતે ઉપાધિની સાથે સ્ફટિકમણિ.

ભાવાર્થઃ- સ્ફટિકમણિ એટલે વિશ્વરૂપ મણિ જે જે રૂપે ઉપાધિ સાથે સંબંધ કરે છે તે તે રૂપની ઉપાધિની સાથે તદ્‌રૂપતાને પ્રાપ્ત હોય છે એ પ્રમાણે આત્મજ્ઞાની આત્માને જેવા જેવા ભાવે ધ્યાવે છે તેવા ભાવે તેની સાથે તે રૂપે-તન્મયતાને પ્રાપ્ત હોય છે. **( ગાથા-૧૯૧, પેઈજ નં-૮૫-૮૬ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ॐ ] **અર્થ:**- અથવા સર્વે દ્રવ્યોમાં તેની ભૂતકાળની અને ભાવિકાળની સ્વપર્યાયો તદ્આત્મક ( તેની ) બનીને દ્રવ્યરૂપે સદા વિદ્યમાન છે. તો પછી સત્રૂપે રહેલી અર્હંત્પર્યાયનું ધ્યાન કરવામાં વિભ્રમ કેમ કહી શકાય ! અર્થાત્ પોતાના સ્વઆત્મામાં આત્માને અર્હંતરૂપે ધ્યાવવામાં વિભ્રમ નથી. આમ ભ્રાન્તિના અભાવનો સિદ્ધાંત સ્વને સિદ્ધરૂપ ધ્યાનમાં લઈ શકાય છે.

**ભાવાર્થ:**- સિદ્ધાંત દષ્ટિથી વિચારતાં સર્વ દ્રવ્યોમાં તેની ભૂત અને ભાવિ પર્યાયો સ્વદ્રવ્યરૂપે સદા વિદ્યમાન છે. દ્રવ્યોથી તેની પર્યાયો જુદી નથી તેમજ દ્રવ્ય પણ તેની સ્વપર્યાયોથી ભિન્ન નથી. આ રીતે ભવ્ય જીવોને આ ભાવિ અર્હંત-પર્યાય દ્રવ્યરૂપે તદાત્મક સદા સ્થિત છે માટે ભવ્ય આત્મામાં સદા સ્થિત આ સત્રૂપ અર્હંત-પર્યાય ધ્યાનમાં લેવી તેમાં વિભ્રમ નથી. ભાવિકાળમાં પ્રગટ થનારી વસ્તુ-પ્રદેશ પિંડના રૂપમાં સ્વાભાવિક દ્રવ્યથી ઉત્પન્ન તેની જ પર્યાય છે.

**( ગાથા-૧૯૨-૧૯૩, પેઈજ નં-૮૬ )**

[ ॐ ] **સર્વ જીવોનું સ્વરૂપ**

**અર્થ:**- સર્વ જીવોનું સ્વરૂપ સ્વ-પર પ્રકાશક છે. સૂર્ય મંડળની જેમ પર દ્વારા તેનું પ્રકાશન થતું નથી ( સ્વયં છે ).

ભાવાર્થ:- મુક્ત આત્માનું સ્વરૂપ સૂર્ય મંડળની રીતે સ્વ-પર પ્રકાશન છે છતાં પણ કોઈ એક જ પદાર્થનું નહિ- સર્વ જીવોનું પ્રકાશન છે. સૂર્યમંડળનું પ્રકાશન કોઈ અન્ય પદાર્થો દ્વારા નથી થતું તેમ આત્મ સ્વરૂપનું પ્રકાશન પણ કોઈ અન્ય પદાર્થ દ્વારા થતું નથી જેથી આત્માને સ્વસંવેદ્ય કહેવામાં આવેલ છે.

**( ગાથા-૨૩૫, પેઈજ નં-૧૦૨ )**

[ ॐ ] અર્થ:- જેના દેહની જ્યોતિમાં જગત એવું ડૂબેલું રહે છે કે જેમ તે ક્ષીર સાગરમાં સ્નાન કરી રહ્યું હોય, જેની જ્ઞાન જ્યોતિમાં ભૂ: ( અધોલોક ), ભવ ( મધ્યલોક ) અને સ્વ: ( સ્વર્ગલોક ) એમ ત્રણ લોક જ્ઞેય ( ઓમ એટલે પ્રણવે, આરંભે, સ્વીકારે ) તથા ( અનુમતિ-અપાકૃતિ-અવસ્વીકારે, મંગલે, શુભે જ્ઞેયે, ( બ્રહ્મણિય ) એમ ( ઓમ્નો અર્થ અત્રે જ્ઞેય થાય છે ) તે જ્ઞેય અત્યંત સ્પષ્ટ થાય છે. તથા જેની શબ્દજ્યોતિ ( વાણીના પ્રકાશ ) માં સ્વઆત્મા અને પર પદાર્થ દર્પણની જેમ પ્રતિભાસિત થાય છે. જે દેવો વડે પૂજ્ય છે એવા શ્રીમાન જિનેન્દ્ર ભગવાન તે ત્રણે જ્યોતિની પ્રાપ્તિમાં અમને ( સહાયક ) નિમિત્ત હો. અત્રે દેહનો પ્રકાશ, જ્ઞાનનો પ્રકાશ અને વાણીનો પ્રકાશ એમ ત્રણ જ્યોતિ અમને પ્રાપ્ત થવામાં શ્રી જિનેન્દ્ર ભગવંત નિમિત્ત બનો તે ભાવના છે. )

ભાવાર્થ:- ...... જ્ઞાન જ્યોતિનો અભિપ્રાય એ છે કે તે આત્મ જ્યોતિ છે. જેમાં સંપૂર્ણ જગતના ચર-અચર પદાર્થો યથાવસ્થિત રૂપમાં પ્રતિબિંબિત થાય છે—કોઈ પદાર્થ તેના જ્ઞાનની બહાર નથી. શબ્દ જ્યોતિનું તાત્પર્ય એ છે કે તે દિવ્ય ધ્વનિરૂપ વાણી છે. જેમાં જ્ઞાન જ્યોતિમાં પ્રતિબિંબિત થયેલ પદાર્થો દર્પણની માફક યથાર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વચનરૂપ છે. આ ત્રણ જ્યોતિ યુક્ત અને દેવોથી પૂજિત અર્હંત પરમાત્માનું સ્મરણ કરી પ્રાર્થના કરી છે કે અમે પણ જ્યોતિત્રય સ્વરૂપ અર્હંત પરમાત્મા બનીએ.

**( ગાથા-૨૫૯, પેઈજ નં-૧૧૮, ૧૧૯ )**

## સમાધિ તંત્ર

**આચાર્ય શ્રી પૂજ્યપાદ સ્વામી વિરચિત** **ટીકાકાર- આચાર્ય પ્રભાચંદદેવ**

**વિશેષઃ**- જ્ઞાન પર પદાર્થોને જાણે છે—એમ કહેવું તે પણ વ્યવહારનયનું કથન છે. વાસ્તવમાં તો આત્મા પોતાને જાણતાં સમસ્ત પર પદાર્થો જણાઈ જાય છે એવી જ્ઞાનની નિર્મળતા–સ્વચ્છતા છે. **( ગાથા-૨૦ નું વિશેષ, પેઈજ નં-૩૮ માંથી )**

[ ૐ ] **ટીકાઃ** જે આત્માને ( જ્ઞાની આત્માને ) સસ્પંદ એટલે પરિસ્પન્દયુક્ત ( અનેક ક્રિયાઓ કરતું ) શરીરાદિરૂપ જગત લાગે છે – પ્રતિભાસે છે, કેવું ( જગત ) ? નિઃસ્પન્દ ( નિશ્ચેષ્ટ ) સમાન, અર્થાત્ કાષ્ઠ–પાષાણાદિ સમાન એટલે તુલ્ય નિઃસ્પન્દ ( નિશ્ચેષ્ટ ). શાથી તે સમાન ( ભાસે છે ) ? કારણકે તે ચેતનારહિત જડ – અચેતન છે તથા ક્રિયાભોગ અર્થાત્ ક્રિયા એટલે પદાર્થોની પરિણતિ અને ભોગ એટલે સુખાદિ અનુભવ એ બન્નેનો જેમાં અભાવ છે, એવું તે ( જગત્ ) જેને પ્રતિભાસે છે તે શું કરે છે ? તે શાન્તિ પામે છે, અર્થાત્ શમ એટલે પરમ વીતરાગતા અથવા સંસાર, ભોગ અને દેહ ઉપર વૈરાગ્ય – તેને પામે છે. **( ગાથા-૬૭, પેઈજ નં-૧૦૨ )**

[ ૐ ] જેને દેહ અને આત્માનું ભેદ–દર્શન છે, તેને પ્રાથમિક યોગાવસ્થામાં અને પૂર્ણ ( સિદ્ધિ ) યોગાવસ્થામાં જગત કેવું પ્રતિભાસે છે ? તે કહે છેઃ–

**ટીકાઃ** પ્રથમ, જેણે આત્મ–તત્ત્વ જાણ્યું છે અર્થાત્ દેહથી આત્મસ્વરૂપ ભિન્ન છે એવું જેને પ્રથમ જ્ઞાન થયું છે તેવા યોગનો આરંભ કરનાર યોગીને જગત ઉન્મત્ત જેવું ( પાગલ જેવું ) લાગે છે– અર્થાત્ સ્વરૂપ–ચિંતનના વિકલ્પણાને લીધે શુભ–અશુભ ચેષ્ટાયુક્ત આ જગત વિવિધ બાહ્ય વિકલ્પયુક્ત, ઉન્મત્ત જેવું લાગે છે. પછીથી એટલે જ્યારે યોગની પરિપકવ અવસ્થા થાય, ત્યારે તેને આત્મબુદ્ધિનો સારો અભ્યાસ થયો છે.

અર્થાત્ જેણે આત્મસ્વરૂપની સારી પેઠે ભાવના કરી છે, તેવા નિશ્ચલ આત્મસ્વરૂપનો અનુભવ કરનારને, જગત સંબંધી ચિંતાના અભાવને લીધે અર્થાત્ પરમ ઉદાસીનપણાના અવલંબનને લીધે તે ( જગત ) કાષ્ઠ–પાષાણવત્ પ્રતિભાસે છે.

**( ગાથા-૮૦, પેઈજ નં-૧૧૯/૧૨૦ )**

[ ૐ ] **અન્વયાર્થઃ** સ્વપ્ન–અવસ્થામાં પ્રત્યક્ષ જોવામાં આવેલા શરીરાદિકનો નાશ થવા છતાં જેમ આત્માનો નાશ થતો નથી તેમ જાગ્રત અવસ્થામાં પણ દેખેલા શરીરાદિકનો નાશ થવા છતાં, આત્માનો નાશ થતો નથી; કારણકે બંને અવસ્થાઓમાં વિપરીત પ્રતિભાસમાં કાંઈ ફેર નથી.

**ટીકા**-સ્વપ્ન–અવસ્થામાં ભ્રાન્તિને લીધે આત્માનો વિનાશ પ્રતિભાસે છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શંકા કરવામાં આવે, તો અન્યત્ર પણ ( જાગ્રત અવસ્થામાં પણ ) તે સમાન છે. ભ્રાન્તિ વિનાનો માણસ, શરીરનો વિનાશ થતાં આત્માનો વિનાશ ખરેખર માનતો નથી. તેથી બન્નેમાં ( સ્વપ્ન અવસ્થામાં અને જાગ્રત અવસ્થામાં ) પણ વિપર્યાસમાં ( ભ્રાન્તિમાં ) ફેર નહિ હોવાથી ( ભ્રાન્તિ સમાન હોવાથી ) આત્માનો વિનાશ નહિ હોવા છતાં ( તેનો ) વિનાશ પ્રતિભાસે છે, તેમ એવી ભ્રાન્તિ જાગ્રતઅવસ્થામાં પણ થાય છે.

**ભાવાર્થ:** સ્વપ્નમાં શરીરનો નાશ જોવા છતાં આત્માનો નાશ થતો નથી તો પણ આત્માના નાશનો ભ્રમ ( વિપરીત પ્રતિભાસ ) થાય છે; તેમ જાગ્રત–અવસ્થામાં પણ શરીરનો નાશ જોવા છતાં આત્માના વિનાશનો ભ્રમ થાય છે. બંને અવસ્થાઓમાં જે ભ્રમ થાય છે તે સમાન છે. તેમાં કાંઈ તફાવત નથી. **( ગાથા-૧૦૧, પેઈજ નં-૧૪૯-૧૫૦ )**

[ ૐ ] **ટીકા:** સુપ્ત અને ઉન્મત્તાદિ અવસ્થા જ વિભ્રમરૂપ પ્રતિભાસે છે. કોને ? આત્મસ્વરૂપ નહિ જાણનારાઓને–અર્થાત્ આત્મસ્વરૂપના યથાર્થ પરિજ્ઞાનથી રહિત બહિરાત્માઓને. આત્મદર્શી એટલે અંતરાત્માને, અક્ષીણ દોષવાળા એટલે જેના દોષ ક્ષીણ થયા નથી તેવા મોહથી ઘેરાયેલા બહિરાત્મા સંબંધીની સર્વ અવસ્થાઓ–જાગ્રત, પ્રબુદ્ધ, અનુન્મત્તાદિ અવસ્થા પણ, સુપ્ત, ઉન્મત્તાદિ અવસ્થાની જેમ, વિભ્રમરૂપ પ્રતિભાસે છે; કારણકે તેને ( બહિરાત્માને ) યથાર્થપણે વસ્તુના પ્રતિભાસનો અભાવ છે;

**( ગાથા- ૯૩ ની ટીકા )**

---

**"સંશય વિપરીતતા અને અજાણપણાના દોષ રહિત પદાર્થોનું જ્ઞાન તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે."**

**હવે વ્યવહાર સમ્યગ્જ્ઞાનની વાત કરે છે- તે પણ ત્રણ દોષ રહિત હોવું જોઈએ:**

**વીતરાગ તે સાચા દેવ હશે કે- અન્યમતમાં કહેલા દેવ સાચા હશે એવી માન્યતા તે-શંકા દોષ છે.**

**જિનેન્દ્ર ભગવાને કહેલા અનેકાન્ત સ્વરૂપથી વિપરીત જ્ઞાન કરવું અને એકાન્ત ક્ષણિક કહેનાર બુધ્ધાદિના કહેલાં પદાર્થોનું જ્ઞાન કરવું અને તેને સમ્યક્ જાણવું તે -વિમોહદોષ છે.**

**વસ્તુ સ્વરૂપનું અજાણપણું તે- વિભ્રમદોષ છે.**

**જે જીવ નિશ્ચય આત્મજ્ઞાન પ્રગટ કરે છે તેનું ત્રણે દોષ રહિતનું જ્ઞાન તેને વ્યવહાર સમ્યગ્જ્ઞાન કહેવાય છે.**

**( આત્મધર્મ અંક નં-૫૫૪, ડિસેમ્બર ૧૯૮૯, પેઈજ નં-૨૦ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# બૃહદ દ્રવ્ય સંગ્રહ

આચાર્ય શ્રી નેમીચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી રચિત

[ ૐ ] જે નિશ્ચય-ભાવશ્રુતજ્ઞાન છે તે શુદ્ધાત્માભિમુખ હોવાથી સુખના સંવેદન સ્વરૂપ છે; તે સ્વ સંવેદનના આકાર રૂપ હોવાથી સવિકલ્પ હોવા છતાં પણ, ઇન્દ્રિય-મન જનિત રાગાદિ વિકલ્પ જાળથી રહિત હોવાથી નિર્વિકલ્પ છે; અભેદનયે જે 'આત્મા' શબ્દથી કહેવાય છે. **( ગાથા-૫, પેઈજ નં-૧૯ )**

[ ૐ ] સિદ્ધોમાં ઉત્પાદ્ વ્યય કેવી રીતે હોય છે ? તેનું સમાધાનઃ-

( ૧ ) આગમમાં કહ્યા પ્રમાણે અગુરુ લઘુના ષટ્સ્થાનપતિત હાનિ-વૃદ્ધિરૂપે જે અર્થપર્યાયો છે તે અપેક્ષાએ ( સિદ્ધ ભગવાનને ઉત્પાદ્-વ્યય ઘટે છે ).

( ૨ ) જ્ઞેય પદાર્થો પોતાના જે જે ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યરૂપે પ્રતિસમય પરિણમે છે તેની જ્ઞપ્તિના આકારે અનીહિતવૃત્તિએ વિના ઈચ્છાએ સિદ્ધનું જ્ઞાન પણ પરિણમે છે તે કારણે સિદ્ધ ભગવાનને ઉત્પાદ્-વ્યય ઘટે છે. **( ગાથા-૧૪, પેઈજ નં-૫૪ )**

[ ૐ ] [ સમ્યક્ નિર્મળ અનુભૂતિથી વિરુદ્ધ મિથ્યાત્વાદિભાવ તે ભાવબંધ છે. ]

**ટીકા** : જે ચેતન ભાવથી કર્મ બંધાય છે તે ભાવબંધ છે. સમસ્ત કર્મબંધ નષ્ટ કરવામાં સમર્થ અખંડ, એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, પરમ ચૈતન્ય વિલાસ જેનું લક્ષણ છે એવા જ્ઞાનગુણના સંબંધવાળી અથવા અભેદનયથી અનંત જ્ઞાનાદિ ગુણના આધારભૂત પરમાત્માના સંબંધવાળી જે નિર્મળ અનુભૂતિ તેનાથી વિરુદ્ધ મિથ્યાત્વ રાગાદિ પરિણતિરૂપ અથવા અશુદ્ધ ચેતનભાવ સ્વરૂપ જે પરિણામથી જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે તે પરિણામ ભાવબંધ કહેવાય છે...

**( અધિકાર-નવ પદાર્થ ગાથા ૩૨ની ટીકામાંથી પેઈજ નં. ૧૦૫ )**

[ ૐ ] **( લક્ષ-અલક્ષ ઉપરથી જ્ઞાનની સવિકલ્પતા અને નિર્વિકલ્પતાની સિદ્ધિ )**

**જેમ જૈનમતમાં સત્તાવલોકનરૂપ ચક્ષુ આદિ દર્શન નિર્વિકલ્પ કહેવાય છે તેમ બૌદ્ધમતમાં જ્ઞાન નિર્વિકલ્પ કહેવાય છે. પરંતુ તે નિર્વિકલ્પ હોવા છતાં ( ત્યાં ) વિકલ્પને ઉત્પન્ન કરનાર કહેવાય છે. જૈનમતમાં તો જ્ઞાન વિકલ્પને ઉત્પન્ન કરનાર જ નથી પણ સ્વરૂપથી જ સવિકલ્પ છે અને તેવી જ રીતે સ્વપર પ્રકાશક છે. શંકાનો પરિહારઃ-**

**જૈન સિદ્ધાંતમાં જ્ઞાનને કથંચિત્ સવિકલ્પ અને કથંચિત્ નિર્વિકલ્પ માનવામાં આવે છે. તે આ પ્રમાણે- જેમકે વિષયાનંદરૂપ જે સંવેદન છે તે રાગ સંવેદનના વિકલ્પરૂપ હોવાથી સવિકલ્પ છે તો પણ બાકીના અનિચ્છિત સૂક્ષ્મ વિકલ્પોનો સદ્ભાવ હોવા છતાં તેમનું મુખ્યપણું નથી તે કારણે નિર્વિકલ્પ પણ કહેવાય છે; તેવી જ રીતે સ્વશુદ્ધાત્માના સંવેદનરૂપ વીતરાગ સ્વ સંવેદનજ્ઞાન પણ સ્વસંવેદનના એક આકારરૂપ વિકલ્પમય હોવાથી સવિકલ્પ છે તોપણ બાહ્ય-વિષયોના અનિચ્છિત સૂક્ષ્મ વિકલ્પોનો સદ્ભાવ હોવા છતાં તેમનું મુખ્યપણું ન હોવાથી**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**નિર્વિકલ્પ પણ કહેવાય છે. અહીં અપૂર્વ સ્વસંવેદનના આકારરૂપ અંતર્મુખ પ્રતિભાસ હોવા છતાં બાહ્ય વિષયોના અનિચ્છિત સૂક્ષ્મ વિકલ્પો પણ છે જ, તે જ કારણે જ્ઞાન સ્વપર પ્રકાશક પણ સિદ્ધ થાય છે.**

**( ગાથા-૪૨ શંકા-ઉત્તરમાંથી, પેઈજ નં-૨૧૦/૨૧૧ )**

[ ૐ ] **વિશેષઃ**- જેમ નેત્ર વિનાના પુરુષને દર્પણ વિદ્યમાન હોય તોપણ પ્રતિબિંબોનું પરિજ્ઞાન થતું નથી, તેમ નેત્રસ્થાનીય ( નેત્ર સમાન ) સર્વજ્ઞતારૂપ ગુણથી રહિત પુરુષને દર્પણ સ્થાનીય વેદશાસ્ત્રોમાં કહેલા પ્રતિબિંબ સ્થાનીય પરમાણું આદિ અનંત સૂક્ષ્મ પદાર્થોનું કોઈ પણ કાળે પરિજ્ઞાન થતું નથી. એ રીતે કહ્યું પણ છે કે– 'જે પુરુષને સ્વયં બુદ્ધિ નથી તેને શાસ્ત્ર શું ( ઉપકાર ) કરી શકે ? કેમ કે નેત્ર રહિત પુરુષને દર્પણ શું ઉપકાર કરે ?

**( ગાથા-૫૦, પેઈજ નં-૨૪૩ )**

[ ૐ ] જેમ એક જ ચંદ્રમા અનેક જળ ભરેલા ઘડાઓમાં દેખાય છે તેમ એક જ જીવ અનેક શરીરોમાં રહે છે એમ કેટલાક કહે છે પણ તે ઘટતું નથી. કેમ ઘટતું નથી ? ચંદ્રના કિરણરૂપ ઉપાધિના વશે ઘડામાંના જળના પુદ્‌ગલો જ અનેક ચંદ્રના આકારરૂપે પરિણમ્યાં છે, એક ચંદ્રમાં અનેકરૂપે પરિણમ્યો નથી. તે બાબતમાં દૃષ્ટાંત કહે છે– જેમ દેવદત્તના મુખરૂપ ઉપાધિના વશે અનેક દર્પણોના પુદ્‌ગલો જ અનેક મુખના આકારરૂપે પરિણમ્યાં છે, એક દેવદત્તનું મુખ અનેકરૂપે પરિણમ્યું નથી. જો દેવદત્તનું મુખ જ અનેક મુખરૂપે પરિણમતું હોય તો તો દર્પણમાં રહેલ દેવદત્તના મુખનાં પ્રતિબિંબ પણ ચેતન બની જાય; પણ એમ તો બનતું નથી. **( ગાથા-૫૭, પેઈજ નં-૨૬૭ )**

---

# શ્રી નિયમસાર

**શ્રી કુંદકુંદાચાર્યદેવ કૃત** | **ટીકાકારઃ- શ્રી પદ્મપ્રભમલધારિદેવ**

ટીકાઃ– સુદૃષ્ટિઓને– અતિ આસન્ન ભવ્ય જીવોને—આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે ( અર્થાત્ સદા નિરંજન પણે પ્રતિભાસ્યો હોવાને લીધે ) સફળ થયો છે; જેથી, આ પરમ પંચમભાવ વડે અતિ આસન્ન ભવ્ય જીવને નિશ્ચય પરમ આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું 'આલુંછન' નામ સિદ્ધ થાય છે, કારણકે તે પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ–વિષવૃક્ષના વિશાળ મૂળને ઉખેડી નાખવામાં સમર્થ છે.

**( શ્રી નિયમસાર ગાથા-૧૧૦ ની ટીકા પેઈજ નં-૨૧૮ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# તત્ત્વાર્થસૂત્ર

**શ્રી ઉમાસ્વામી વિરચિત**

## સાકાર અને નિરાકાર

જ્ઞાનને સાકાર અને દર્શનને નિરાકાર કહેવામાં આવે છે; ત્યાં 'આકાર' નો અર્થ 'લંબાઈ-પહોળાઈ અને જાડાઈ' એમ થતો નથી, પણ જે પ્રકારનો અર્થ હોય તે પ્રકાર જ્ઞાનમાં જણાય તેને આકાર કહેવામાં આવે છે. અમૂર્તિક આત્માનો ગુણ હોવાથી જ્ઞાન પોતે ખરી રીતે અમૂર્ત છે. જે પોતે તો અમૂર્ત હોય અને વળી દ્રવ્ય ન હોય, માત્ર ગુણ હોય તેને પોતાનો જુદો આકાર હોય શકે નહિ; પોતપોતાના આશ્રયભૂત દ્રવ્યનો જે આકાર હોય તે જ આકાર ગુણનો હોય છે. જ્ઞાનગુણનો આધાર આત્મદ્રવ્ય છે તેથી આત્માનો જે આકાર તે જ જ્ઞાનનો આકાર છે, આત્મા ગમે તેવા આકારના પદાર્થને જાણે તોપણ આત્માનો આકાર તો ( સમુદ્ઘાત સિવાયના પ્રસંગે ) બહારના શરીરાકારે રહે છે, તેથી વાસ્તવિક રીતે જ્ઞેય પદાર્થના આકારે જ્ઞાન થતું નથી પણ આત્માના આકારે જ્ઞાન રહે છે; પણ જ્ઞેય પદાર્થ જેવો છે તેવો જ્ઞાન જાણી લે છે તેથી જ્ઞાનનો આકાર કહેવાય છે. **( તત્ત્વાર્થ સૂત્ર પેઈજ નં- ૩૦૮-૩૦૯ )**

**પંચાધ્યાયી ભાગ-૨, ગાથા ૩૯૧ માં આકારનો અર્થ નીચે પ્રમાણે કહ્યો છે.**

अर्थाकारो आकारोर्थ विकल्प स्यादर्थ: स्वपर गोचर:।
सोपयोगो विकल्पो वा ज्ञान स्यैतद्धि लक्षणम्।।

અર્થઃ- અર્થ **વિકલ્પ**ને આકાર કહે છે, સ્વ-પર પદાર્થને અર્થ કહેવામાં આવે છે. ઉપયોગ અવસ્થાને **વિકલ્પ** કહે છે અને તે જ્ઞાનનું લક્ષણ છે.

ભાવાર્થઃ- આત્મા અથવા બીજા પદાર્થોનું ઉપયોગાત્મક ભેદ-વિજ્ઞાન થવું તેને જ આકાર કહે છે. પદાર્થોના ભેદાભેદને માટે થયેલા નિશ્ચયાત્મક બોધને જ આકાર કહે છે અર્થાત્ પદાર્થોનું જાણવું તે જ આકાર કહેવાય છે અને તે જ્ઞાનનું સ્વરૂપ છે.

## આકાર સંબંધી વિશેષ ખુલાસો

જ્ઞાન અમૂર્તિક આત્માનો ગુણ છે, તેમાં જ્ઞેય પદાર્થનો આકાર ઊતરતો નથી. માત્ર વિશેષ પદાર્થ તેમાં ભાસવા લાગે છે. તેને આકૃતિ માનવી એ મતલબ છે.

સારાંશ— જ્ઞાનમાં પર પદાર્થની આકૃતિ વાસ્તવિક રીતે માની શકાય નહીં; પરંતુ જ્ઞાન-જ્ઞેયના સંબંધના કારણે જ્ઞેયનો આકૃતિ ધર્મ ઉપચારનું કારણ એટલું જ સમજવું કે પદાર્થોની વિશેષ આકૃતિ નક્કી કરનાર જે ચૈતન્ય પરિણામ છે તે જ્ઞાન કહેવાય છે પણ તે પદાર્થના વિશેષ આકાર તુલ્ય જ્ઞાન સ્વયં થઈ જાય છે એવો સાકારનો અર્થ નથી. **( મોક્ષશાસ્ત્ર અધ્યાય-૨ )**

---

**વિકલ્પ**- અર્થ=સ્વ અને પર વિષય;

**વિકલ્પ**- વ્યવસાય; અર્થ **વિકલ્પ**- સ્વ-પર વ્યવસાયાત્મક જ્ઞાન, એ જ્ઞાનને પ્રમાણ કહેવાય છે.

[ ગાથા ૬૬૬ ની ફૂટનોટ ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# યોગસાર ટીકા

શ્રી યોગીન્દુદેવ વિરચિત હિન્દી ટીકાકાર - બ્ર. શીતલપ્રસાદજી

[ ૐ ] આ જાતનું આ આત્મદ્રવ્ય છે. જે કોઈ આમ માનતું નથી પણ આત્મા સાથે આઠ કર્મોનો સંયોગ સંબંધ હોવામાં તે કર્મોના ઉદય અથવા ફળથી જે જે અશુદ્ધ અવસ્થાઓ આત્માની ઝળકે છે, તેમને આત્માનો સ્વભાવ જે માની લે છે તે બહિરાત્મા છે.

**( પેઈજ નં. ૩૬ )**

[ ૐ ] .....એ એક અખંડ, અભેદ, સામાન્ય પદાર્થ છે. એ જ્ઞાન સ્વભાવી છે, સહજ સામાયિક જ્ઞાનનો ભંડાર છે. એમાં કોઈ અજ્ઞાન નથી. એનો સ્વભાવ નિર્મળ દર્પણ સમાન સ્વપર પ્રકાશક છે. સર્વ જ્ઞેયોને પ્રકાશિત કરનાર, એક સમયમાં ખંડ રહિત સર્વનો વિષય કરનાર એ અદ્‌ભૂત જ્ઞાન છે. પ્રયાસ વિના જ જ્ઞાનમાં જ્ઞેય ઝળકે છે.

**( ગાથા-૨૬ ના ભાવાર્થમાંથી પેઈજ નં-૧૦૪ )**

[ ૐ ] અમૂર્તત્વ– આ આત્મા જોકે અસંખ્યાત પ્રદેશી એક અખંડ દ્રવ્ય છે તો પણ એ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ રહિત અમૂર્તિક છે. ઈન્દ્રિયો દ્વારા દેખી શકતો નથી. આકાશની જેમ નિર્મળ આકારવાળો જ્ઞાનાકાર છે. આ છ વિશેષ ગુણોથી આ આત્મા પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાલાણુ અને આકાશ આ પાંચ અચેતન દ્રવ્યોથી ભિન્ન ઝળકે છે. દરેક આત્મા સ્વભાવે પરમ વીતરાગ શાંત, નિર્વિકાર છે. પોતાની જ પરિણતિનો કર્તા અને ભોકત્તા છે, પરનો કર્તા–ભોક્તા નથી. દરેક આત્મા પરમ શુદ્ધ પરમાત્મા, પરમ સમદર્શી છે.

**( ગાથા-૩૯ના ભાવાર્થનો છઠ્ઠો બોલ પેઈજ નં-૧૩૨ )**

[ ૐ ] સ્ફટિકમણિ– આ આત્મા સ્ફટિકમણિ સમાન નિર્મળ અને પરિણમનશીલ છે. કર્મોના ઉદયનું નિમિત્ત ન હોતાં તે સદા પોતાના શુદ્ધ આત્મિક ગુણોમાં જ પરિણમન કરે છે. સંસાર અવસ્થામાં કર્મોના ઉદયનું નિમિત્ત હોતાં તે સ્વયં રાગ દ્વેષ, મોહરૂપ અને વિવિધ પ્રકારના વિભાવરૂપ પરિણમન કરે છે. જેમ સ્ફટિકમણિ લાલ, પીળી, નીલી વસ્તુના સંપર્કથી લાલ, પીળા, નીલા રંગરૂપ પરિણમન કરે છે તો પણ પોતાની નિર્મળતા ખોઈ બેસતો નથી, કેવળ ઢાંકી દે છે. એવી જ રીતે આત્મા સરાગ દશામાં રાગદ્વેષ રૂપ પરિણમવા છતાં પણ વીતરાગતાનો લોપ કરી દેતો નથી, કેવળ ઢાંકી દે છે, નિમિત્ત ન હોતાં એ સદા સ્ફટિક સમાન શુદ્ધ વીતરાગ ભાવમાં જ પ્રકાશે છે.

**( ગાથા-૫૭ ના ભાવાર્થનો આઠમો બોલ, પેઈજ નં-૧૭૩ )**

[ ૐ ] ભાવાર્થઃ– જેમ સ્ફટિકમણિ શુદ્ધ છે, સ્વયં લાલ, પીળા આદિ દ્રવ્યોના રંગરૂપે થતો નથી પરંતુ જ્યારે લાલ, પીળા આદિ દ્રવ્યોનો સંયોગ થાય છે ત્યારે તે લાલ, પીળો થઈ જાય છે. તેવી જ રીતે જ્ઞાન સ્વરૂપી આત્મા સ્વયં કદિ રાગાદિ ભાવોમાં પરિણમતો નથી. જો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોહનીય કર્મની રાગાદિ પ્રકૃતિઓનો ઉદય થાય છે તો જ રાગાદિરૂપ પરિણમે છે. એ સ્ફટિકમણિ સમાન સ્વચ્છ પરિણમનશીલ છે.

**( ગાથા- ૫૭નો ભાવાર્થ, પેઈજ નં-૧૭૪ )**

## ઇષ્ટોપદેશ

**શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત** **ટીકાદાર : પં. આશાધરજીકૃત**

[ ૐ ] સ્વાત્મ–તત્ત્વમાં સ્થિર થયેલો યોગી, જ્યારે બીજે ઠેકાણે જતો નથી પ્રવૃત્તિ કરતો નથી, ત્યારે તે સ્વાત્માથી ભિન્ન શરીરાદિના વિશેષોથી અર્થાત્ સૌન્દર્ય–અસૌન્દર્યાદિ ધર્મોનો અનભિજ્ઞ ( અજાણ ) રહે છે, અર્થાત્ તે જાણવાને **અભિમુખ** ( ઉત્સુક ) થતો નથી અને તે વિશેષોથી તે અજ્ઞાત હોવાથી તેમાં તેને રાગ–દ્વેષ ઉત્પન્ન થતા નથી; તેથી તે કર્મોથી બંધાતો નથી. ત્યારે શું થાય છે ? વિશેષ કરીને ( ખાસ કરીને ) વ્રતાદિનું અનુષ્ઠાન ( આચરણ ) કરનારાઓ કરતાં તે અતિરેકથી ( અતિશયપણે ) તેમનાથી ( કર્મોથી ) મુક્ત થાય છે. **( ગાથા-૪૪ની ટીકા, પેઈજ નં-૯૫ )**

[ ૐ ] **આત્મા સ્વ-પર પ્રતિભાસસ્વરૂપ છે અર્થાત્ સ્વ-પર પ્રકાશક છે.** તે સ્વયં પોતાને જાણતાં પર જણાઈ જાય છે, તેથી જાણવા માટે તેને બીજાં કરણોથી ( સાધનોની ) આવશ્યકતા રહેતી નથી. **( શ્લોક-૨૨ના ભાવાર્થમાંથી પેઈજ નં. ૫૧ )**

[ ૐ ] .....દર્પણની જેમ આત્મામાં ( જ્ઞાનમાં ) એવી નિર્મળતા છે કે ત્રણ લોકના સર્વ પદાર્થો તેમાં પ્રતિબિંબિત થાય છે. તેથી પોતાના આત્માને જાણતાં બધા પદાર્થો તેમાં જણાઈ જાય છે. **( ગાથા નં-૨૧માં સંદર્ભો, પેઈજ નં-૪૭ )**

## આત્માનુશાસન

**સ્વામીશ્રી ગુણભદ્રાચાર્યકૃત**

[ ૐ ] એક જ વસ્તુ એક જ સમયમાં ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ સાધ્ય થઈ શકે તેમ છે, કારણકે અગર તેમ ન હોય તો એક જ વસ્તુમાં પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અખંડિત એવી બે વિરુદ્ધ પ્રતીતિઓ કે 'આ અન્ય છે અને આ તે જ છે' એમ ક્યાંથી ભાસે ? કોઈ એકાદ વસ્તુ તમે લ્યોને પરસ્પર પૂર્વ–ઉત્તરકાળવર્તી પરિસ્થિતિના ફેરફારથી એકબીજા સમયથી ભેદયુક્ત ભાસશે. **( ગાથા ૧૭૨, પેઈજ નં-૧૪૭ )**

[ ૐ ] વળી તે જ પદાર્થ સામાન્ય દ્રષ્ટિએ જોતાં એક સરખો અને અભેદ ભાસશે. તેથી માનવું પડશે કે પદાર્થની પરસ્પર સમયવર્તી જુદાઈ વડે પદાર્થ સામાન્ય દ્રષ્ટિએ જોતાં એક સરખો અને અભેદ ભાસશે. તેથી માનવું પડશે કે પદાર્થની પરસ્પર સમયવર્તી જુદાઈ વડે પ્રત્યેક સમયે ઉત્પાદ–વ્યયાત્મક છે, અર્થાત્ પૂર્વ પર્યાયનો નાશ અને ઉત્તર પર્યાયની ઉત્પત્તિ પદાર્થમાં પ્રત્યેક ક્ષણે વર્ત્યા કરે છે. **( ગાથા-૧૭૨ પેઈજ નં-૧૪૭ )**

[ ૐ ] વળી કોઈ પદાર્થના પૂર્વોત્તર પર્યાયો ઉપર વિશેષ લક્ષ દેવામાં ન આવે તો તે પદાર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામાન્ય ધર્મે એક સરખો જ પ્રતિભાસશે. જ્યારે પૂર્વ-ઉત્તર સમયોવર્તી પદાર્થની પરિસ્થિતિની ભિન્નતા લક્ષગત થતી નથી ત્યારે પ્રત્યેક પદાર્થ ધ્રુવત્વ (શાશ્વત) ધર્મયુક્ત જણાશે. એ જ સામાન્ય સ્થૂલ અનુમાન પ્રમાણથી પદાર્થ પ્રત્યેક સમયે એ ત્રણે ગુણ સ્વભાવરૂપ સ્વયં સિદ્ધ છે. **(ગાથા-૧૭૨, પેઈજ નં-૧૪૭)**

[ ૐ ] વળી એક જ પુરુષ પ્રથમ રંક હતો અને હવે તે જ પુરુષ રાજા થયો, ત્યાં અવસ્થા પલટવારૂપ અપેક્ષાથી તે એક જ પુરુષમાં રંક અને રાજાપણું બન્ને વિવક્ષિત થાય છે. પરંતુ મનુષ્યપણાની અપેક્ષાએ જોતાં પ્રથમ પણ મનુષ્ય હતો, વર્તમાનમાં પણ મનુષ્ય છે. એમ વસ્તુમાં એકપણું અનેકપણું સ્પષ્ટ ભાસે છે અને એમ સાપેક્ષ પ્રતિભાસન તે ભ્રાંતિ નહીં પણ સમ્યક્ છે.

એમ સાપેક્ષિત પ્રતિભાસન પ્રત્યક્ષાદિક પ્રમાણોથી પણ ખંડિત થઈ શકતું નથી કારણ કે વસ્તુ સ્વરૂપ જ એવું છે. જે સમયે તે પુરુષ રંક મટી રાજા થયો તે જ સમયે તે જ પુરુષમાં રંક પર્યાયનો વ્યય અને રાજારૂપ પર્યાયનો ઉત્પાદ સુપ્રતીતપણે સિદ્ધ છે. **(ગાથા-૧૭૨ પેઈજ નં-૧૪૭-૧૪૮)**

[ ૐ ] અંશનો સમુદાય તે અંશી. અંશીની અપેક્ષાએ વસ્તુ સ્યાત્ એકરૂપ છે. અને અંશોની અપેક્ષાએ વસ્તુ સ્યાત્ અનેકરૂપ છે. જેમ એક જ પુરુષને સર્વાંગ સાપેક્ષપણે એક કહેવામાં આવે તેમ તેનાં હસ્ત, પાદ આદિ અંગોની અપેક્ષાથી અનેક પણ કહેવામાં આવે છે. "અનંત ધર્માત્મક શુદ્ધ ચૈતન્યઘન આત્મા" એમ કહેતાં અનંત ધર્મોરૂપ અંશોના સમુદાયરૂપ અંશી એકપણે અનુભૂતિરૂપ થાય છે. જ્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ, સત્તા આદિ ભિન્ન-ભિન્ન ધર્મો ભિન્ન ભિન્ન પ્રકારે અનેકરૂપે તે એક જ આત્મામાં સુપ્રતીત ગોચર થાય છે. તેથી વસ્તુ યુગપદ્ સ્યાત્ એક અનેકરૂપ છે. એમ અનેક ભંગ તરંગરૂપ વસ્તુ સ્વરૂપ ભિન્ન-ભિન્ન સ્વરૂપ પ્રતિભાસે છે. **પરંતુ વસ્તુ તો જે છે તે છે. (કોઈ કહે કુછ હૈ નહીં, કોઈ કહે કુછ હૈ, હૈ ઔર નહીં કે બીચ મેં જો કુછ હૈ સો હૈ.)**

**(ગાથા-૧૭૨ પેઈજ નં-૧૪૯)**

---

**શ્રોતા-** **અંદરમાં કર્મ છે તે હેય છે કે જ્ઞેય છે?**

**સમાધાન-** **હેય છે, હેયરૂપ જ્ઞેય છે અને આત્મા ઉપાદેયરૂપ જ્ઞેય છે. ઘણી સૂક્ષ્મવાત ભાઈ! જ્ઞેય અર્થાત્ જાણવા લાયક તો બન્ને ચીજ છે; પરંતુ આ ઇન્દ્રિયથી જ્ઞેય જાણે છે તે હેય છે, અને અતીન્દ્રિય જ્ઞાનથી અંતરમાં જાણે છે તે ઉપાદેય છે અર્થાત્ આત્મા ઉપાદેય છે.**

**(પ્રવચન સુધા ભાગ-૩, પેઈજ નં-૫૬)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# મોક્ષમાર્ગ પ્રકાશક

**આચાર્યકલ્પ- પં. ટોડરમલ્લજી**

[ ॐ ] **આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ-**

જે વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી, પોતાના જ્ઞાનાદિક સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, પરદ્રવ્ય વા તેના સ્વભાવો જ્ઞાનમાં પ્રતિભાસે છે તેને જાણે છે તો ખરા, પરંતુ ઇષ્ટ–અનિષ્ટ માની તેમાં રાગ–દ્વેષ કરતા નથી **( પેઈજ-૩ )**

[ ॐ ] હવે એ કર્મબંધનરૂપ રોગના નિમિત્તથી જીવની કેવી કેવી અવસ્થાઓ થઈ રહી છે તે અહીં કહીએ છીએ. પ્રથમ તો આ જીવનો સ્વભાવ ચૈતન્ય છે એટલે સર્વ દ્રવ્યોના સામાન્ય વિશેષ સ્વરૂપને પ્રકાશવાવાળો છે. જેવું એમનું સ્વરૂપ હોય તેવું પોતાને પ્રતિભાસે છે એનું જ નામ ચૈતન્ય છે. ત્યાં સામાન્ય સ્વરૂપ–પ્રતિભાસનનું નામ દર્શન છે તથા વિશેષ સ્વરૂપપ્રતિભાસનનું નામ જ્ઞાન છે. હવે એવા સ્વભાવવડે ત્રિકાલવર્તી સર્વગુણપર્યાયસહિત સર્વ પદાર્થોને પ્રત્યક્ષ યુગપત્ સહાય વિના દેખી–જાણી શકે એવી શક્તિ આત્મામાં સદાકાળ છે. **( પેઈજ-૩૫, ૩૬ )**

[ ॐ ] વળી જે જ્ઞાન પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઈ આ નિર્વિકલ્પ અનુભવમાં કેવલ સ્વરૂપસન્મુખ થયું; કારણકે તે જ્ઞાન ક્ષયોપશમરૂપ છે તેથી એક કાળમાં એક જ્ઞેયને જ જાણે છે, તે જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજ જ બંધ થયું. ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દાદિક વિકાર હોવા છતાં પણ સ્વરૂપ ધ્યાનીને તેની કાંઈ ખબર નથી. –એ પ્રમાણે મતિજ્ઞાન પણ સ્વરૂપ સન્મુખ થયું. વળી નયાદિકના વિચારો મટવાથી શ્રુતજ્ઞાન પણ સ્વરૂપસન્મુખ થયું. **( પેઈજ-૩૫૬ )**

**અહા ! ધર્મી જીવને આત્મજ્ઞાન થયું કે- હું તો શુદ્ધ આનંદકંદ પ્રભુ છું, મારા દ્રવ્ય સ્વભાવમાં પર્યાયનો પણ અભાવ છે, એવા દ્રવ્ય સ્વભાવનો અંતર્મુખ થઈને જ્યારે અનુભવ કરે છે ત્યારે તે જ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત છે કે- તે આખા દ્રવ્યને જાણે. જે પરમાત્મા પૂર્ણ સ્વરૂપ છે તેને અડયા વિના, પોતાના અસ્તિત્વમાં રહીને; દ્રવ્યનું જ્ઞાન કરે છે. દ્રવ્યનું અસ્તિત્વ છે માટે તેના અસ્તિત્વનું જ્ઞાન થયું- - એમ પણ નથી. પોતાની પર્યાયના અસ્તિત્વનું સામર્થ્ય જ એટલું છે કે તે દ્રવ્યને સ્પર્શયા વિના આખા દ્રવ્ય ને જાણે. ( કલશામૃત ભાગ-૨, પેઈજ નં-૨૩૫ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રી કલશટીકા

શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ રચિત -ટીકાકાર પં. રાજમલ્લજી પાંડે

[ ૐ ] ..... કોઈ પ્રશ્ન કરે છે કે જેઓ અનુભવ પામે છે તેઓ અનુભવ પામવાથી કેવા હોય છે? ઉત્તર આમ છે કે તેઓ નિર્વિકાર હોય છે. તે જ કહે છે-"**ते एव सन्ततं मुकुरवत् अविकारा: स्यु:**" ( **ते एव** ) તે જ જીવો ( **सन्ततं** ) નિરંતરપણે ( **मुकुरवत्** ) અરીસાની પેઠે ( **अविकारा:** ) રાગદ્વેષ રહિત ( **स्यु:** ) છે. શાનાથી નિર્વિકાર છે? "**प्रतिफलननिमग्नानन्तभावस्वभावै:**" ( **प्रतिफलन** ) પ્રતિબિંબરૂપે ( **निमग्न** ) ગર્ભિત જે ( **अनन्तभाव** ) સકળ દ્રવ્યોના ( **स्वभावै:** ) ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકાર છે. ભાવાર્થ આમ છે કે જે જીવના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેના જ્ઞાનમાં સકળ પદાર્થો ઉદ્દીપ્ત થાય છે, તેમના ભાવ અર્થાત્ ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકારરૂપ અનુભવ છે.

**( શ્લોક-૨૧માંથી પેઈજ-૨૨ )**

[ ૐ ] **ખંડાન્વય સહિત અર્થ:-** ચેતનવસ્તુ વર્તમાન કાળે પોતાની મેળે અત્યંત પોતાના સ્વાદ સહિત સર્વ પ્રકારે પ્રગટ થઈ. શું કરીને? સમસ્ત જ્ઞેયોને પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને અર્થાત્ જાણીને. ત્રણ લોકને કોના વડે જાણે છે? બલાત્કારથી પ્રકાશમાન છે પ્રગટપણે એવો છે જે જ્ઞાનગુણસ્વભાવ તેના વડે જાણ્યા છે ત્રણ લોક જેણે એવી છે.

**( અજીવ અધિકાર, શ્લોક-૪૫, પેઈજ-૪૭-૪૮ )**

[ ૐ ] શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ ચેતનાસ્વરૂપથી પ્રકાશમાન છે, અવિનશ્વર છે, -એવું જે શુદ્ધ જીવસ્વરૂપ તેનું અને સમસ્ત અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણામનું ભિન્નપણું થાય છે. ભાવાર્થ આમ છે કે સામ્પ્રત જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.

**( કર્તાકર્મ અધિકાર, શ્લોક-૬૦, પેઈજ-૬૧ )**

[ ૐ ] ..... વળી કેવું છે શુદ્ધજ્ઞાન? "**सर्वभावान् प्लावयन्**" જેટલી જ્ઞેય વસ્તુ અતીત-અનાગત-વર્તમાનપર્યાય સહિત છે તેમને પોતામાં પ્રતિબિંબિત કરતું થકું. કોના વડે? "**स्वरसविसरै:**" ચિદ્રૂપ ગુણ, તેની [ **विसरै** ] અનંત શક્તિ, તેના વડે. કેવી છે તે? [ **स्फारस्फारै** ] અનંત શક્તિ, તેનાથી પણ અનંતાનંતગણી છે.

**( આસ્રવ અધિકાર, શ્લોક-૧૨૪માંથી પેઈજ-૧૧૩-૧૧૪ )**

[ ૐ ] વળી કેવી છે? "**पररूपत: व्यावृत्तं**" ( **पररूपत:** ) જ્ઞેયાકારપરિણમનથી ( **व्यावृत्तं** ) પરાઙ્મુખ છે. ભાવાર્થ આમ છે કે-સકળ જ્ઞેયવસ્તુને જાણે છે, તદ્રૂપ થતી નથી, પોતાના સ્વરૂપે રહે છે. **( સંવર અધિકાર, શ્લોક-૧૨૫ માંથી પેઈજ-૧૧૫ )**

[ ૐ ] ..... ભાવકર્મ જે મોહ-રાગ-દ્વેષરૂપ-અશુદ્ધચેતનારૂપ-પરિણામ, તે અશુદ્ધ પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્તમાનમાં જીવની સાથે એકપરિણમનરૂપ છે, તથા અશુદ્ધ પરિણામની સાથે વર્તમાનમાં જીવ વ્યાપ્ય–વ્યાપકરૂપ પરિણમે છે, તેથી તે પરિણામોના જીવથી ભિન્નપણાનો અનુભવ કઠણ છે, તોપણ સૂક્ષ્મ સંધિનો ભેદ પાડતાં ભિન્ન પ્રતીતિ થાય છે. તેનો વિચાર આમ છે કે જેવી રીતે સ્ફટિકમણિ સ્વરૂપથી સ્વચ્છતામાત્ર વસ્તુ છે, રાતી–પીળી–કાળી પુરીનો ( આશ્રયરૂપ વસ્તુનો ) સંયોગ પામવાથી રાતો–પીળો–કાળો એ–રૂપે સ્ફટિકમણિ ઝળકે છે; વર્તમાનમાં સ્વરૂપનો વિચાર કરતાં સ્વચ્છતામાત્ર ભૂમિકા સ્ફટિકમણિ વસ્તુ છે; તેમાં રાતા–પીળા–કાળાપણું પરસંયોગની ઉપાધિ છે, સ્ફટિકમણિનો સ્વભાવગુણ નથી; **તેવી જ રીતે જીવદ્રવ્યનો સ્વચ્છ ચેતનામાત્ર સ્વભાવ છે; અનાદિ સન્તાનરૂપ મોહકર્મના ઉદયથી મોહ-રાગ-દ્વેષરૂપ-રંજિત અશુદ્ધચેતનારૂપે-પરિણમે છે, તોપણ વર્તમાનમાં સ્વરૂપનો વિચાર કરતાં ચેતનાભુમિમાત્ર તો જીવવસ્તુ છે; તેમાં મોહ-રાગ-દ્વેષરૂપ રંજિતપણું કર્મના ઉદયની ઉપાધિ છે, વસ્તુનો સ્વભાવગુણ નથી. - આ રીતે વિચારતાં ભેદભિન્ન પ્રતીતિ ઊપજે છે, જે અનુભવગોચર છે.**

**( મોક્ષ અધિકાર, શ્લોક-૧૮૧માંથી પેઈજ-૧૭૨ )**

[ ॐ ] ભાવાર્થ આમ છે કે જેમ સમસ્ત જીવાદિ વસ્તુ સત્ત્વરૂપ છે, તે જ સત્ત્વ પર્યાયરૂપ છે, તેમ ચેતના અનાદિનિધન સત્તાસ્વરૂપ વસ્તુમાત્ર નિર્વિકલ્પ છે તેથી ચેતનાનું દર્શન એવું નામ કહેવાય છે; જેથી સમસ્ત જ્ઞેય વસ્તુને ગ્રહણ કરે છે, જે તે જ્ઞેયાકારરૂપે પરિણમે છે–જ્ઞેયાકારરૂપ પરિણમન ચેતનાનો પર્યાય છે તે રૂપે પરિણમે છે–તેથી ચેતનાનું જ્ઞાન એવું નામ છે. આવી બે અવસ્થાઓને છોડે તો ચેતના વસ્તુ નથી એવી પ્રતીતિ ઊપજે. અહીં કોઈ આશંકા કરશે કે ચેતના ન રહે તો નહીં રહો, જીવદ્રવ્ય તો વિદ્યમાન છે ? ઉત્તર આમ છે કે ચેતનામાત્ર દ્વારા જીવદ્રવ્ય સાધ્યું છે, તેથી તે ચેતના સિદ્ધ થયા વિના જીવદ્રવ્ય પણ સિદ્ધ થશે નહિ; અથવા જો સિદ્ધ થશે તો તે પુદ્‌ગલદ્રવ્યની માફક અચેતન સિદ્ધ થશે, ચેતન સિદ્ધ નહિ થાય.

**( મોક્ષ અધિકાર, શ્લોક-૧૮૩ માંથી પેઈજ-૧૭૫ )**

[ ॐ ] **ખંડાન્વય સહિત અર્થઃ-** વિદ્યમાન છે જે ચૈતન્યદ્રવ્ય તે જ્ઞાનાવરણાદિનું અથવા રાગાદિ અશુદ્ધ પરિણામનું કર્તા નથી એવું સહજ સ્વભાવથી અનાદિનિધન એમ જ છે. કેવું છે ? દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મથી ભિન્ન છે. પ્રકાશરૂપ એવા ચેતનાગુણ દ્વારા પ્રતિબિંબિત છે અનંત દ્રવ્ય પોતાના અતીત–અનાગત–વર્તમાન સમસ્ત પર્યાયો સહિત જેમાં, એવું છે.

**( સર્વ વિશુધ્ધજ્ઞાન અધિકાર, શ્લોક-૧૯૫માંથી પેઈજ-૧૮૫ )**

[ ॐ ] **ખંડાન્વય સહિત અર્થઃ-** ભાવાર્થ આમ છે કે જે જ્ઞાનમાત્ર જીવનું સ્વરૂપ છે તેમાં પણ ચાર પ્રશ્ન વિચારણીય છે. તે પ્રશ્ન કયા ? એક તો પ્રશ્ન એવો કે જ્ઞાન જ્ઞેયના સહારાનું છે કે પોતાના સહારાનું છે ? બીજો પ્રશ્ન એવો કે જ્ઞાન એક છે કે અનેક છે ? ત્રીજો પ્રશ્ન એવો છે કે જ્ઞાન અસ્તિરૂપ છે કે નાસ્તિરૂપ છે ? ચોથો પ્રશ્ન એવો કે જ્ઞાન નિત્ય છે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનિત્ય છે ? તેનો ઉત્તર આમ છે કે જેટલી વસ્તુ છે તે બધી દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે; તેથી જ્ઞાન પણ દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે. તેનું વિવરણ-દ્રવ્યરૂપ કહેતાં નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુ; પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેયની આકૃતિ-પ્રતિબિંબરૂપ પરિણમે છે જે જ્ઞાન. **( શ્લોક-૨૪૮ માંથી પેઈજ-૨૩૦ )**

[ ૐ ] ..... વળી કેવો છે સ્યાદ્વાદી ? સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન નિજસ્વરૂપ ચૈતન્યપ્રદેશ, તેની સત્તારૂપે પરિણમ્યું છે જ્ઞાનનું સર્વસ્વ જેનું, એવો છે સ્યાદ્વાદી. વળી કેવો છે ? જ્ઞાનવસ્તુમાં જ્ઞેય પ્રતિબિંબરૂપ છે-એવો છે જ્ઞેય-જ્ઞાયકરૂપ અવશ્ય સંબંધ, આવું જાણ્યું છે જ્ઞાનવસ્તુનું સહજ જેણે, એવો હોતો થકો...... **( શ્લોક-૨૫૪ માંથી પેઈજ-૨૪૦ )**

[ ૐ ] **ખંડાન્વય સહિત અર્થઃ-** ભાવાર્થ આમ છે કે જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક, પુદ્ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે; પરંતુ એમ તો નથી, જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે-હું જે કોઈ ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી ? પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર. ભાવાર્થ આમ છે કે-હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય-એમ તો નથી. તો કેમ છે ? આમ છે-જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ, જ્ઞેય અર્થાત્ જણાવાયોગ્ય શક્તિ, જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર, -એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે એવા જ્ઞેયરૂપ છું. ભાવાર્થ આમ છે કે-હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય, એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા;-એવા નામભેદ છે, વસ્તુભેદ નથી. કેવો છું ? જીવ જ્ઞાયક છે, જીવ જ્ઞેયરૂપ છે, એવો જે વચનભેદ તેનાથી ભેદને પામું છું. ભાવાર્થ આમ છે કે-વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી.

**( શ્લોક-૨૭૧, પેઈજ-૨૫૮, ૨૫૯ )**

[ ૐ ] જીવ વસ્તુ સર્વકાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે. વળી કેવું છે ? જીવનો સ્વભાવ સ્વ-પર જ્ઞાયક છે એમ વિચારતાં સમસ્ત જ્ઞેયવસ્તુના અતીત-અનાગત-વર્તમાનકાળગોચર પર્યાય એક સમયમાત્ર કાળમાં જ્ઞાનમાં પ્રતિબિંબરૂપ છે; વસ્તુને સ્વરૂપસત્તામાત્ર વિચારતાં 'શુદ્ધ જ્ઞાનમાત્ર' એમ શોભે છે. ભાવાર્થ આમ છે કે-વ્યવહારમાત્રથી જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે, નિશ્ચયથી જાણતું નથી, પોતાના સ્વરૂપમાત્ર છે, કેમ કે જ્ઞેય સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી. **( શ્લોક-૨૭૪, પેઈજ-૨૬૧ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ચિદ્ વિલાસ

પં. દીપચંદજી કાશલીવાલ રચિત

## સમ્યક્ત્વના ૬૭ પ્રકાર

[ ૐ ] સાત તત્ત્વો છે. તેમનું સ્વરૂપ જ્ઞાતા ચિંતવે છે. ચેતના લક્ષણ, દર્શનજ્ઞાનરૂપ ઉપયોગ–આદિ અનંત શક્તિ સહિત અનંત ગુણોથી શોભિત મારું સ્વરૂપ છે; અનાદિથી પરસંયોગ સાથે મળ્યો છે, તો પણ **( મારો ) જ્ઞાન ઉપયોગ મારા સ્વરૂપમાં જ્ઞેયાકાર થાય છે, પર જ્ઞેયરૂપ થતો નથી;** ( મારી ) જ્ઞાનશક્તિ અવિકારરૂપ અખંડિત રહે છે. જ્ઞેયોનું અવલંબન કરે છે. ( પણ ) નિશ્ચયથી પર જ્ઞેયોને સ્પર્શતું નથી; ( ઉપયોગ ) પરને દેખતો ( હોવા ) છતાં અણદેખતો છે, પરાચરણ કરવા છતાં અકર્તા છે–એવા ઉપયોગના પ્રતીતિભાવને શ્રદ્ધે છે. અજીવાદિ પદાર્થોને હેય જાણીને શ્રદ્ધા કરે છે. વારંવાર ભેદજ્ઞાન વડે સ્વરૂપચિંતન કરીને સ્વરૂપની શ્રદ્ધા થઈ, તેનું નામ પરમાર્થસંસ્તવ કહીએ.

**( પેઈજ-૯૬-૯૭ )**

## જ્ઞાતાના વિચાર

[ ૐ ] જ્ઞાતા એવો વિચાર કરે છે કે–ઉપયોગ જ્ઞેયોનું અવલંબન કરે છે, જ્ઞેયાવલંબી થાય છે. જ્ઞેયને અવલંબનારી શક્તિ જ્ઞેયનું અવલંબન કરીને છોડી દે છે. જ્ઞેયનો સંબંધ અસ્થિર છે, જ્ઞેયપરિણામ પણ છૂટી જાય છે; તેથી જ્ઞેય, જ્ઞેયપરિણામ નિજ વસ્તુ નથી. જ્ઞેયને અવલંબનારી શક્તિને ધરનારી ચેતનાવસ્તુ છે. જ્ઞેય ( સાથે ) મળવાથી અશુદ્ધ થઈ, પરંતુ શક્તિ શુદ્ધ ગુપ્ત છે. જે શુદ્ધ છે તે રહે છે, અશુદ્ધ છે તે રહેતું નથી, માટે અશુદ્ધ ( તો ) ઉપરનો મળ છે. અને શુદ્ધ ( તે ) સ્વરૂપની શક્તિ છે. જેમ સ્ફટિક વિષે લાલ રંગ દેખાય છે ( તે ) સ્ફટિકનો સ્વભાવ નથી તેથી મટી જાય છે, સ્વભાવ ( છે તે ) જતો નથી.

જેમ મયૂર ( પ્રતિબિંબવાળા ) અરીસામાં મોર પદાર્થ દેખાય છે, પણ ( ખરેખર અરીસામાં ) મોર પદાર્થ નથી, અરીસામાં તો માત્ર પ્રતિબિંબ છે. કર્મદૃષ્ટિમાં આત્મા પરસ્વરૂપ થયેલો ભાસે છે પરંતુ આત્મા પર થતો નથી. **( પેઈજ-૧૦૨માંથી )**

## જ્ઞાન ગુણનું સ્વરૂપ

[ ૐ ] હવે જ્ઞાનગુણનું સ્વરૂપ કહીએ છીએ. જ્ઞાન જાણપણું એ રીતે નિર્વિકલ્પ છે, તે સ્વજ્ઞેયને જાણે છે; તે પરજ્ઞેયોને જાણવામાં, જ્ઞાન નિશ્ચયથી જાણે તો જ્ઞાન જડ થાય–તાદાત્મ્યવૃત્તિથી એક થઈ જાય; તેથી નિશ્ચયથી તો ન જાણે, ઉપચારથી જાણે તો સર્વજ્ઞતા કઈ રીતે [ બને ]? જો ઉપચારમાત્ર તો જૂઠો છે તો સર્વજ્ઞ [ પણું ] જૂઠું થાય, તે ન બને.

**તેનું સમાધાનઃ-** જેમ અરીસામાં ઘડો–વસ્ત્ર વગેરે દેખાય છે, ત્યાં જે 'દેખવું' તે તો ઉપચાર દર્શન નથી, [ તેમ જ્ઞાન ] જ્ઞેયોને પ્રત્યક્ષ દેખે છે તે તો જૂઠું નથી; પરંતુ આટલું વિશેષ છે કે **ઉપયોગ જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક શક્તિ છે, તે પોતાના સ્વરૂપ-પ્રકાશનમાં નિશ્ચળ વ્યાપ્ય-વ્યાપક વડે લીન થયેલો અખંડ પ્રકાશ છે; પરનું પ્રકાશન તો છે, પરંતુ વ્યાપકરૂપ એકતા નથી** [ અર્થાત્ પરને જાણતાં જ્ઞાન પર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે એકમેક થતું નથી ], તેથી ઉપચાર સંજ્ઞા થઈ. વસ્તુશક્તિ ઉપચાર નથી. એ વાત વિશેષ લખીએ છીએઃ-

કોઈ એક મિથ્યાવાદી એમ માને છે કે જ્ઞેયોનું જાણપણું છે તે જ અશુદ્ધતા છે, જ્યારે તે મટશે ત્યારે અશુદ્ધતા મટશે પરંતુ એમ તો નથી, **કેમકે જ્ઞાન વિષે એવી સ્વ-પરપ્રકાશકતા પોતાના સહજ ભાવથી છે, તે અશુદ્ધભાવ નથી.** અરૂપી આત્મપ્રદેશોનો પ્રકાશ લોક-અલોકના આકારરૂપ થઈને મેચક ઉપયોગ [ અનેકાકાર ઉપયોગ ] થયો છે. આ સંબંધમાં ( શ્રી સમયસાર ) માં કહ્યું છે કે- **'निरूपात्मप्रदेश प्रकाशमानलोकालोकाकारमेचकोपयोगलक्षणा स्वच्छत्वशक्तिः'** [ અર્થાત્ અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક અર્થાત્ અનેક આકારરૂપ એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વ શક્તિ છે.

તે જ સ્વચ્છત્વ શક્તિ છે, જેમ અરીસામાં જો ઘટ પટ દેખાય તો નિર્મળ છે; અને જો ન દેખાય તો મલિન છે, તેમ જ જ્ઞાનમાં જો સકળ જ્ઞેય ભાસે તો નિર્મળ છે, ન ભાસે તો નિર્મળ નથી. જ્ઞાન પોતાના દ્રવ્ય-પ્રદેશવડે તો જ્ઞેયમાં જતું નથી-જ્ઞેયમાં તન્મય થતું નથી. જો એ પ્રમાણે તન્મય થઈ જાય તો જ્ઞેયાકારોનો નાશ થતાં જ્ઞાનનો વિનાશ થઈ જાય. માટે દ્રવ્યથી [ જ્ઞાનને ] જ્ઞેય વ્યાપકતા નથી. જ્ઞાનની કોઈ [ એવી ] સ્વ-પરપ્રકાશક શક્તિ છે, તે શક્તિની પર્યાયવડે જ્ઞેયોને જાણે છે. **( પેઈજ-૧૪-૧૫ )**

## અધ્યાત્મ રહસ્ય

**વિદ્વવર્ય પં. શ્રી આશાધરજી વિરચિત**

### સ્વ આત્માનું સ્વરૂપ

**વ્યાખ્યાઃ-** આત્મા, નિજઆત્મા, સ્વઆત્મા એ સર્વનો એક જ અર્થ છે જે શબ્દરૂપે છે. આત્માનો નિજત્વ વાચક શબ્દ જે 'સ્વ' વિશેષણ છે તે પર આત્માઓથી પોતાના આત્માને ભેદ પાડીને ભિન્ન બતાવે છે. દ્રવ્યદૃષ્ટિથી કે ગુણોથી જો કે આત્મા પરસ્પર સમાન છે. તો પણ વ્યક્તિરૂપે ભિન્ન પ્રદેશોરૂપેની દૃષ્ટિથી જોતાં સર્વ આત્માઓ ભિન્ન-ભિન્ન છે અને દરેકની સાધના તથા વિકાસક્રમ પણ ભિન્ન-ભિન્ન છે. એટલા માટે જ વિકાસ માર્ગમાં પોતાના આત્માને જુદી વ્યક્તિ તરીકે પ્રથમ ધ્યાનમાં લેવા યોગ્ય છે. આવું ભિન્નપણું પ્રત્યેક સંજ્ઞી ( સમનસ્ક ) જીવને માટે, કદાચ તે મૂઢ હોય કે પશુ હોય તે સર્વને 'અહં' શબ્દના વાચ્યરૂપે પ્રતિભાસ થાય છે. અર્થાત્ જ્યારે જીવ અનુભવ કરે છે કે હું સુખી છું, હું આહાર કરું છું, હું પીઉં છું, હું સૂઈ જાઉં છું, જાગુ છું, ચાલુ છું કે બેસુ છું- હું ઠંડી-ગરમી, ભૂખ-તરસ, વધ-બંધનથી દુઃખી છું ઇત્યાદિરૂપ પ્રતિભાસ તે સ્વ આત્મા હું અને તે સ્વ આત્મા મુખ્યપણે પોતાના હૃદયકમળની મધ્યમાં ( જેને કર્ણિકા કહે છે ) પ્રતિભાસે છે- અનુભવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# આત્મ અવલોકન

પં. દીપચંદજી કાશલીવાલ રચિત

## દેવાધિકાર

[ ॐ ] **અર્થઃ-** જેવી રીતે કોઈ પુરુષ દર્પણને દેખીને વળી ( આ તરફ ) પોતાના મુખનું રૂપ નિશંકપણે દેખે છે તેવી રીતે પોતે સરાગી હોવા છતાં પણ વીતરાગ પ્રતિબિંબને દેખીને વળી ( આ તરફ ) નિશ્ચયથી તે જ વીતરાગ સ્વરૂપ પોતામાં હું જ છું એમ નિસ્સંદેહપણે જાણે છે.

**ભાવાર્થઃ-** દર્પણના દૃષ્ટાંતથી અહીં આટલો ભાવ લેવો કે દર્પણને દેખતાં વળી ( આ તરફ ) પોતાના મુખનું દેખવું થાય છે. તે દૃષ્ટાંતનો આટલો ભાવ લેવો. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે કેઃ– આ સંસારમાં કોઈ પુરુષને દર્પણને દેખવાથી વળી ( આ તરફ ) પોતાના મુખની બરાબર પ્રતીતિ થાય છે– ( તે પોતાના મુખને ) નિસ્સંદેહપણે દેખે છે. **( દેવાધિકાર પેઈજ-૨, )**

[ ॐ ] **ભાવાર્થઃ-** હે ભવ્ય ! આ જે જ્ઞાન અર્થાત્ 'જાણવું' છે, તે જાણવામાં જેટલું કાંઈ જાણવું છે તે બધું 'જ્ઞેય' નામ પામે છે. તે શું શું છે ? 'જાણવું' જે ગુણ છે, તે નિજ દ્રવ્યસત્તાને જાણે છે, એક નિજ દ્રવ્યના જે અનંતગુણો તેમને જાણે છે, તે એક એક નિજગુણની અનંતશક્તિ તેમને જાણે છે. વળી નિજદ્રવ્યગુણના ત્રણે કાળના પરિણમનને જાુદું જાુદું જાણે છે. વળી પોતે 'જાણવું' છે, પોતાના 'જાણવું' રૂપને પણ જાણે છે. આ રીતે, તે પરદ્રવ્યને જાુદું જાુદું જાણે છે; એક એક પરદ્રવ્યના અનંતગુણને જાણે છે, પર દ્રવ્યનાં એક એક ગુણની અનંતશક્તિને જાણે છે, વળી તે પરદ્રવ્યગુણના ત્રણે કાળના પરિણમનને જાુદું જાુદું જાણે છે, વળી છએ દ્રવ્યના, ગુણપર્યાયના નિજજાતિસ્વભાવરૂપ ભાવને જાુદા જાણે છે. વળી તે જીવના પરભાવને જાુદા જાણે છે, પુદ્ગલના પરભાવને જાુદા જાણે છે, સંસારપરિણતિને જાણે છે, મુક્તિપરિણતિને જાણે છે. **( જ્ઞેયવાદ પેઈજ-૧૬-૧૭ )**

[ ॐ ] ..... એવો મોક્ષભાવ થતાં થકા સર્વનિજજાતિ જીવના સ્વભાવરૂપે સાક્ષાત્ પ્રગટ થઈ. જે સર્વ સ્વભાવભાવ અનાદિથી વિકારરૂપ થવાથી ગુપ્ત થઈ રહ્યો હતો, તે પણ કાલ પામીને વિકાર કંઈક દૂર થયો; તે કાલે, કંઈક સ્વરૂપભાવ સાક્ષાત્ પ્રગટ થયો. તેટલી જ સ્વરૂપ વાનગીમાં સંપૂર્ણસ્વરૂપ તેવું જ આવીને પ્રતિબિંબે છે ( ઝળકે છે ). વળી ત્યાંથી આગળ સ્વરૂપ ક્રમે ક્રમે પ્રગટ થતાં થતાં સાક્ષાત્ થતું જાય છે.
**( મોક્ષાધિકાર, પેઈજ-૭૩ )**

[ ॐ ] ..... એ રીતે આ પાંચે ભાવોને એક ચેતનાસમ્યગ્ભાવરૂપે જ દેખવામાં આવે છે. ભેદસમ્યગ્ભાવ, અભેદસમ્યગ્ભાવ કહેવામાં તો જાુદા જાુદા દર્શાવવામાં આવે છે પરંતુ જ્ઞાનદર્શનમાં એક સ્થાને જ બન્ને ભાવો પ્રતિબિંબે છે. તે પાંચે સમ્યગ્થી ચેતનાસમ્યગ્, ચેતનાસમ્યગ્થી તે પાંચે સમ્યગ્ કહ્યા છે.

વળી કોઈ અજ્ઞાની બન્નેને ( સમ્યગ્ભાવ અને સ્થાનને ) જાુદા જાુદા માને તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તે અજ્ઞાનીએ બન્ને ભાવનો નાશ કર્યો. કાંઈ વસ્તુ જ ન રાખી. જેમકે ઉષ્ણતાભાવ જુદો અન્ય ઠેકાણે કહેવામાં આવે અને અગ્નિભાવ જુદો અન્ય ઠેકાણે કહેવામાં આવે તો ત્યાં વસ્તુ દેખવામાં ન આવી. શૂન્ય દેખવામાં આવ્યું. વળી એક જ સ્થાને ભેદભાવે ઉષ્ણતા જાણવામાં આવી અને અભેદભાવે અગ્નિ જાણવામાં આવી, તો એમ જ વસ્તુ છે. એ રીતે ભેદસમ્યગ્ભાવ, અભેદસમ્યગ્ભાવ એક જ સ્થાને છે, નિસ્સંદેહ એમ જ વસ્તુ છે. એમ જ્ઞાનમાં પ્રતિબિંબે છે. એ રીતે ભેદસમ્યગ્ભાવ, અભેદસમ્યગ્ભાવ (બન્ને) એક સ્થાને રહ્યા પરિણમે છે. **(સમ્યક્ નિર્ણય પેઈજ-૮૭-૮૮)**

[ ૐ ] જેટલો લોકાલોક તેટલા બધાયનો પ્રત્યક્ષ જ્ઞાયક દર્શક થયો, સર્વજ્ઞ સર્વદર્શી થયો, લોકાલોક આવી પ્રતિબિમ્બ્યો, અતીત, અનાગત વર્તમાનની અનંત અનંત પર્યાયો સર્વ પ્રત્યક્ષપણે એક જ સ્થાને કીલિત થયા, (ચોંટી ગયા, જડાઈ ગયા, સર્વ પ્રત્યક્ષપણે જણાયા). જ્ઞાનદર્શન સંપૂર્ણ સ્વરૂપે થયા ત્યાં જ્ઞાનદર્શનવીર્યાદિ ગુણ મોક્ષરૂપ ઊપજ્યાં કહ્યાં. **(મોક્ષમાર્ગ-અધિકાર પેઈજ-૯૭)**

[ ૐ ] ..... ચોથાગુણસ્થાનથી સમ્યગ્દ્રષ્ટિના ચારિત્રગુણની અન્ય શક્તિ જ્યારે વિકલ્પ થઈને બુદ્ધિરૂપ પરિણમે છે–વિષય, કષાય, ભોગસેવારૂપ, ઇષ્ટરુચિ, અનિષ્ટઅરુચિ, હિંસારૂપ રતિ–અરતિરૂપ, અવિરતિરૂપ, પરિગ્રહવિકલ્પરૂપ આદિથી અથવા શુભોપયોગવિકલ્પરૂપ આદિથી બુદ્ધિરૂપ જ્યારે જે શક્તિ પરિણમે છે ત્યારે તે શક્તિ એવી રીતે પરાલંબન ચંચલતારૂપે મેલી પણ થાય છે તોપણ તે શક્તિ વડે આશ્રવબંધનો વિકાર ઊપજતો નથી. શા કારણે ? કેમકે સમ્યગ્દ્રષ્ટિ પોતાની વિકલ્પરૂપ બુદ્ધિપૂર્વક ચારિત્રચેષ્ટાને જાણવાને સમર્થ છે, **તે ચેષ્ટાને જાણતાં જ સમ્યગ્દ્રષ્ટિને વિષયભોગાદિ ભાવો વિકારરૂપ જુદા જ પ્રતિબિંબે છે અને તેમાં ચેતનાસ્વભાવભાવ જુદો પ્રવર્તે છે. એક જ કાલમાં સમ્યગ્જ્ઞાનમાં જુદા જુદા પ્રત્યક્ષ થાય છે. આ કારણથી તે ચારિત્રશક્તિમાં બુદ્ધિરૂપ રાગદ્વેષમોહરૂપ વિકાર ઘૂસતો નથી.**

**(અંતરવ્યવસ્થા કથન, પેઈજ-૯૯)**

## અમુર્તિક ચેતનભાવ

[ ૐ ] પુદ્ગલમાં જે જે મૂર્તિક સ્વાંગ થાય છે, તે કાલે સ્વાંગના જેવી નકલ કરીને, જીવના વિકાર તરંગો અમૂર્તિક સ્વાંગ ધારણ કરીને પ્રવર્તે છે. આ વિકારસ્વાંગનું નામ પરભાવ કહેવામાં આવે છે. કારણકે આ સ્વાંગના જ ભેદ જીવવસ્તુત્વમાં તો હતા નહીં તેથી સ્વના–નિજના (જીવના) કેવી રીતે બને ? **“જેથી આ જીવ મૂલ દ્રષ્ટાજ્ઞાતા હતો તેથી જ એના દર્શનજ્ઞાન-ઉપયોગમાં જ મૂર્તિક નાટક જ્ઞેયસ્વાંગ આવીને પ્રતિભાસે છે.” પ્રતિભાસતાં જ જે કાલે જ જ્ઞાનદર્શનની શક્તિ તેવા જ પ્રકારે તદાકારે જ્ઞેયપ્રતિભાસરૂપે થઈ તે કાલે તે જ્ઞાનદર્શનની શક્તિએ તેવા આકારમાં વિશ્રામ લીધો અથવા ‘તે આકારરૂપે આત્મા છે એમ તે જ્ઞેયપ્રતિભાસરૂપે ઉપયોગશક્તિઓનું આચરણ-સ્થિરતા પોતાને થયું, ત્યારે તે ઉપયોગ જે છે તે**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પણ પોતાને તો દેખાતો નથી, જાણતો નથી તે જ્ઞેયના આકારરૂપે પોતાને આચરે છે, તેની સાથે પોતાપણારૂપે સ્થિર થઈને રહે છે કે 'હું આવો છું'.**

હે સંત, તું જાણ, જ્ઞાનદર્શનચારિત્ર વડે જ પરજ્ઞેય ભાસતાં જીવ એ રીતે સ્વાંગી થાય છે; જેથી આ જીવની વસ્તુમાં તો એવો સ્વાંગ તો હતો જ નહિ, તો પછી આ ભાવને જીવનો નિજભાવ કેવી રીતે કહેવામાં આવે ? જેથી આ જીવે પરજ્ઞેય ભાસનો સ્વાંગ પોતારૂપે ધારણ કરી લીધો છે તેથી આ જીવ વિષે આ સ્વાંગભાવને 'પરભાવ' નામથી કહેવામાં આવે છે. હવે તે સ્વાંગને જ નામસંજ્ઞાભેદથી કહું છું. તે તું સાંભળ. દેખો, જે આ પુદ્ગલના અખાડામાં મૂર્તિક અચેતનનો બનેલો, શુભ રંગરસગંધસ્પર્શાદિકના બનેલા જે સ્કંધો તે પુણ્ય; અશુભરસગંધસ્પર્શાદિકના બનેલા સ્કંધો તે પાપ; કર્મવર્ગણા આવવાના સ્વાંગરૂપ જે મોહાદિ રાહ ( દ્વાર ) બન્યો તે રાહ આશ્રવસ્વાંગ, સ્નિગ્ધરૂક્ષ શક્તિથી પરસ્પર વર્ગણા મળીને જે એક પિંડ થઈને બને તે બંધસ્વાંગ. વર્ગણા આવવાનો રાહ રોકાઈ જાય તે સંવરસ્વાંગ. જે થોડી-થોડી વર્ગણા પોતાના સ્કંધથી ખરી જાય તે નિર્જરા- સ્વાંગ; જે સર્વ ખરી જાય તે મોક્ષસ્વાંગ; એક ક્ષેત્રાવગાહી પુદ્ગલના જ્ઞેય-અખાડામાં જે આવા સ્વાંગો બન્યા છે, તેવા તેવા સ્વાંગો ( તેના અનુસારે જે સ્વાંગો ) આ વિકારી જીવનાં જ્ઞાનદર્શનચારિત્રથી જે નીપજ્યા, જે અમૂર્તિક નિપજ્યાં તે કેવી રીતે ?

**( પુણ્યઃ- )** એક ક્ષેત્રાવગાહી પૌદ્ગલિક પુણ્યજ્ઞેય તેને દેખવા-જાણવારૂપ ઉપયોગપરિણામ થયા, તે કાલે વળી ચારિત્રપરિણામે વિશ્રામરૂપ સુખ જેવા અથવા રંજિતરૂપ સુખ જેવા થયા થકાં, તે જ પરિણામોના આકારરૂપ ધારણ કર્યાં. ત્યારે એરૂપે જીવનો અમૂર્તિક પુણ્યસ્વાંગભેદ નીપજ્યો.

**( પાપઃ- )** વળી જે કાલે એકક્ષેત્રાવગાહી પાપજ્ઞેયને દેખવા જાણવારૂપ ઉપયોગપરિણામ થયા તે કાલે વળી ચારિત્રપરિણામે વિશ્રામરૂપ દુઃખસંતાપરૂપે અથવા રંજિતરૂપ દુઃખરૂપે થયાં થકાં તે જ પરિણામોના આકારરૂપ ધારણ કર્યાં ત્યારે એરૂપે જીવનો અમૂર્તિક ચેતનપાપસ્વાંગભેદ નીપજ્યો.

**( આશ્રવઃ- )** વળી એકક્ષેત્રાવગાહી પૌદ્ગલિક મિથ્યાત્વ, અવિરતિ, યોગ, કષાયરૂપ આશ્રવસ્વાંગ બન્યો, જ્ઞેયને દેખવા-જાણવારૂપ આ જીવના ઉપયોગપરિણામ થયા તે કાલે વળી ચારિત્રપરિણામે વિશ્રામરૂપ અથવા રંજિતરૂપ થયો થકો તે જ પરિણામોના આકારરૂપ ધારણ કર્યાં ત્યારે તેરૂપે પરિણમતાં આ જે રંજિત પરિણામ છે તે નવા નવા સુખ જેવા ભાસતા દુઃખસંતાપ અને દુઃખના જ રસસ્વાદ ઊપજવાનું કે તે રસસ્વાદ થવાનું કે તે રસસ્વાદ આવવાનું કારણ છે કે રાહ છે કે દ્વાર છે તેથી તેને આશ્રવનામથી કહે છે. એ રીતે જીવના તે ભાવનો એવાં અમૂર્તિક ચેતનઆસ્રવસ્વાંગભેદ નીપજ્યો.

**( સંવરઃ- )** વળી પૌદ્ગલિકમિથ્યાત્વ, અવિરતિ, યોગ, કષાયની નવી નવી વર્ગણા આવવાનો રાહ, તે રાહ મટતાં નવીન વર્ગણા આવતી રોકાઈ જાય છે, તેથી તે રાહ મટવાનું નામ પૌદ્ગલિક સંવરસ્વાંગ પડ્યું. જ્ઞેયને દેખવાજાણવારૂપ આ જીવના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉપયોગપરિણામ થયા તે કાલે વળી ચારિત્ર–પરિણામે વિશ્રામરૂપ અથવા રંજિતરૂપ થયો થકો તે જ પરિણામોના આકારરૂપ ધારણ કર્યાં ત્યારે તે રંજિત પરિણામ નવા નવા સુખ જેવા ભાસતાં દુઃખ અને દુઃખ આવવાના કારણરૂપ થયા; તે રંજિતભાવ જ્યારે મટયો ત્યારે મટવાનો જીવનો (જીવનાભાવનો) અમૂર્તિક ચેતનસંવર નામનો ભેદ નીપજ્યો.

**(બંધઃ-)** વળી બે ગુણે કરીને અધિક ચીકણા ચીકણા, લૂખા લૂખા, ચીકણા–લૂખા ભાવથી પોતપોતાની સાથે એકલા પૌદ્ગલિક પરમાણુ મળે–સંબંધ પામે ત્યારે તે ચીકણાલૂખાનો પૌદ્ગલિક બંધસ્વાંગ બન્યો કહેવામાં આવે છે; જ્ઞેયને દેખવાજાણવારૂપ આ જીવના ઉપયોગપરિણામ થયા તે કાલે વળી ચારિત્રપરિણામે વિશ્રામરૂપ અથવા રંજિતરૂપ થયો થકો તે જ પરિણામના આકારરૂપ ધારણ કર્યાં, ત્યારે તેમાં રંજિત થતાં ઉપયોગના જ્ઞેયાકારરૂપ જે આ પરિણામ છે તે પરિણામના આકાર સાથે સંબંધ–મેલાપરૂપ રંજિતરાગ થાય છે તે જ્ઞેયાકારમાં રંજિતપણું એકતા પામે છે, તે જીવના અમૂર્તિક ચેતનબંધસ્વાંગભેદ થાય છે.

**(નિર્જરાઃ-)** વળી પૌદ્ગલિક કર્મસ્કંધથી વર્ગણા અંશે અંશે ખરી જાય છે, તેને પૌદ્ગલિક નિર્જરાસ્વાંગ કહેવામાં આવે છે. પરજ્ઞેયને દેખવાજાણવારૂપ આ જીવના ઉપયોગપરિણામ થયા તે કાલે વળી ચારિત્રપરિણામે વિશ્રામરૂપ અથવા રંજિતરૂપ થયો થકો તે જ પરિણામોના એવાજ આકારરૂપ ધારણ કર્યાં, એ રીતે પરજ્ઞેય–આકાર ભાસતાં જ્ઞાનદર્શનચારિત્ર અશુદ્ધ પરભાવ રૂપ થયા. વળી જ્યારે જ્ઞાનદર્શનચારિત્રનું જે પરભાવરૂપ થવું થોડું થોડું મટતું જાય છે, તેને જીવનો સંવરપૂર્વક અમૂર્તિક ચેતનનિર્જરાસ્વાંગભેદ કહેવામાં આવે છે.

**(મોક્ષઃ-)** વળી પૌદ્ગલિક સર્વકર્મસ્કંધ ખરી જાય છે, જીવના પ્રદેશોથી સર્વથા જાુદો થઈ જાય છે, તેને પૌદ્ગલિક મોક્ષસ્વાંગ કહેવામાં આવે છે. પરજ્ઞેયને દેખવા જાણવારૂપ આ જીવના ઉપયોગ પરિણામ થયો તે કાલે વળી ચારિત્રપરિણામે વિશ્રામરૂપ કે રંજિતરૂપ થયો થકો તે પરિણામોના એવાજ આકારરૂપ ધારણ કર્યાં, એ રીતે પરજ્ઞેય–આકારભાવથી જ્ઞાનદર્શનચારિત્ર અશુદ્ધ અથવા પરભાવરૂપ ભાવે થયાં. જ્યારે જીવદ્રવ્યનાં જ્ઞાનદર્શનચારિત્રાદિનું તે પરભાવરૂપ થવું સર્વ સર્વથા મટી જાય, તેને જીવનો અમૂર્તિક ચેતનમોક્ષસ્વાંગભેદ કહેવામાં આવે છે.

(અમૂર્તિક ચેતનભાવ અધિકાર પાના નં. ૧૦૪ થી ૧૦૭)

[ ૐ ] વળી પૌદ્ગલિકકર્મ–અખાડામાં કટુક સ્વાદવાળી વર્ગણારૂપ અસાતા તથા મિષ્ટ સ્વાદવાળી વર્ગણારૂપ સાતા એવો મૂર્તિક અચેતનવેદના નામનો સ્વાંગ બન્યો છે. સાતા અથવા અસાતારૂપ જ્ઞેયને દેખવા જાણવારૂપે આ જીવના ઉપયોગપરિણામ થયા, તે કાલે વળી ચારિત્રપરિણામે પરમાં વિશ્રામરૂપ અથવા રંજિતરૂપ થયો થકો તે જ પરિણામના આકારરૂપ ધારણ કર્યાં ત્યારે તે જ ચારિત્રપરિણામની ભાવનાજ અનુસારે ભોગગુણના પરિણામ થયા, તેને ભોગવવારૂપ અથવા જ્ઞેયાભાસ આસ્વાદરૂપ અથવા વેદનરૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહો, ભોગગુણનો કોઈ વિપરીતભાવ કહો તો એ રીતે વિપરીત જ્ઞેયાભાસ ભોગવવારૂપ પરિણામ તેને વેદનાકાર્ય બન્યું છે. એ પણ એ રીતે જીવનો અમૂર્તિક ચેતનવેદનસ્વાંગ બન્યો છે. **( અમૂર્તિક ચેતનભાવ અધિકાર પેઈજ-૧૦૯-૧૧૦ )**

**( આ રીતે ક્રોધ માન માયા લોભ રતિ-અરતિ વગેરેનું નિરૂપણ આત્મ અવલોકનમાંથી જાણવું )**

## સંસાર કર્તૃત્વઅધિકાર વર્ણન

[ ૐ ] કોઈ આ રીતે પ્રશ્ન કરે કે ગુણસ્થાન, માર્ગણા, કર્મ, જોગ આદિ સંસાર તે સંસાર પરિણામમય ( વસ્તુમય ) કોનો છે તે કહો તે કથન દર્શાવવામાં આવે છેઃ–

દેખો ! આકાશમાં એક ચંદ્ર છે, એક તેનું નિમિત્ત પામીને પાણીની સ્વચ્છતા વિકારરૂપ ચંદ્ર છે. વળી એક લાલ રંગ છે, વળી ( આ તરફ ) એક તેનું નિમિત્ત પામીને સ્ફટિકની સ્વચ્છતા વિકારરૂપ લાલ છે. વળી એક મોરસ્કંધ છે, વળી ( આ તરફ ) એક તેનું નિમિત્ત પામીને આરસીની સ્વચ્છતા વિકારરૂપ મોર છે. તેવી જ રીતે ગુણસ્થાન, માર્ગાણાદિ એક પુદ્ગલ સ્કંધરૂપ સંસાર છે, વળી એક તેનું નિમિત્ત પામીને જીવની સ્વચ્છતા, વિકારરૂપ ચેતના સંસાર છે. તો તમે અહીં ન્યાય કરીને વિચારો તો ચંદ્ર, લાલરંગ, મોર, સંસાર કઈ પરિણામમય વસ્તુરૂપે નીપજ્યા છે ? ક્યા પરિણામમાં જ ભાવરૂપે નીપજે છે ? દેખો ! જો અસલ ચંદ્રાદિ વિકારી કહેવામાં આવે છે તો તેમને અન્ય ચંદ્રાદિનું નિમિત્ત તો દેખાતું નથી. વળી જો અસલ ચંદ્રાદિ વિકારભાવરૂપે થાય તો તેમનું તે વિકારી સ્વચ્છસ્થાન પણ કોઈ દેખાતું નથી. વળી જો અસલ ચંદ્રાદિનો વિકાર હોય ( વળી જો અસલ ચંદ્રાદિ વિકારી થયો હોય ) તો અન્ય ( ભિન્ન ) જલાદિના વિકારનું ચંદ્રાદિના વિકારરૂપે થવું મૂલથી નાસ્તિ હોય ( ન હોય ). પણ એ જલાદિ વિકારરૂપે થતાં તો પ્રત્યક્ષ જોવામાં આવે છે.

વળી જો આમ કહેવામાં આવે કે 'તે અસલ ચંદ્રાદિ જલાદિમાં પ્રવેશ કરીને વસી રહે છે, તો ખરેખર તે આ જલાદિમાં પરમાણુમાત્ર પણ ( જરીક પણ ) પ્રવેશ કરીને વ્યાપતાં જોવામાં આવતાં નથી. વળી જો આમ કહેવામાં આવે કે 'જલાદિ તે ( અસલ ) ચંદ્રાદિના નિમિત્ત વિના જ ચંદ્રાદિના વિકારરૂપે થાય છે' તો તે આ ચંદ્રાદિ વિકારની સ્થિતિ તે ( અસલ ) ચંદ્રાદિના નિમિત્તની સ્થિતિને આધીન જોવામાં આવે છે. તેથી અહીં આમ પણ દેખવામાં આવે છે કે જો અસલ ચંદ્રાદિ ક્યારેક નાશ પામે તો તેનો નાશ થતાં આ તરફ પણ કાંઈ વસ્તુ રહી જતી દેખવામાં આવતી નથી, તેમનો ( અસલ ચંદ્રાદિનો ) નાશ તે વસ્તુનો જ નાશ છે, તેથી તો–આમ નિર્ણય કરવાથી તો–આમ સિદ્ધ થયું કે અસલ ચંદ્રાદિ વસ્તુઅંગ છે, પરિણામમય છે, તે વસ્તુ જ છે અને જલાદિના વિકારરૂપ ચંદ્રાદિનો નાશ થતાં જલાદિની સ્વચ્છતા પરિણામ પ્રત્યક્ષ રહી જાય છે તેથી આમ પ્રત્યક્ષ છે કે–જલાદિની સ્વચ્છતા વસ્તુ છે. પરંતુ તે ( અસલ ) ચંદ્રાદિરૂપના અનુસારે જલાદિના સ્વચ્છતાના પરિણામે પોતાને ચંદ્રાદિના સ્વાંગરૂપે બનાવી લીધો છે, સ્વચ્છતાના તે પરિણામે, વસ્તુમય ( અસલ ) તે ચંદ્રાદિના રૂપે જ કૂટ ( સ્વાંગ ) કર્યો છે. પણ આ કૂટની કરનારી સ્વચ્છતા વસ્તુઅંગ છે પરિણામમય છે. અને તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વચ્છતાના પરિણામની ચંદ્રાદિરૂપ કૂટ, તે કૂટભાવ છે–સ્વાંગભાવ છે પણ કોઈ કૂટ પરિણામ નથી ( મૂળ વસ્તુ નથી ), કૂટ જે છે તે પરિણામનો સ્વાંગ છે એથી તો–આમ નિર્ણય કરવાથી તો આમ સિદ્ધ થયું કે જલાદિ સ્વચ્છતાના પરિણામમાં જે ચંદ્રાદિસ્વરૂપ બન્યું છે તે રૂપ અવસ્તુ છે, અપરિણામ છે. હે ભવ્ય, નિર્ણય કરવાથી તો જેમ છે તેમ વાત આવી રહી ( સિદ્ધ થઈ ) તે તે દેખ્યું.

તેથી હવે અહીં નિસ્સંદેહ જાણોઃ– ગુણસ્થાન, માર્ગણાસ્થાન, કર્મ, જોગબંધ, કષાયબંધ, આશ્રવ, સંજમ, અસંજમ આદિ જેટલો જે વસ્તુઅંગ, પરિણામમય સંસાર છે તે સર્વને કેવલ પૌદ્ગલિક જાણો, ( પૌદ્ગલિક ) દ્રવ્યમય જાણો. વળી ભાવસંસારના થવાની આવી વિધિ છે, તે તું સાંભળ.

આ જીવના ઉપયોગરૂપમય સ્વચ્છતાના જે પરિણામ છે તે પરિણામમાં દેખવા–જાણવાના સ્વભાવથી સર્વપરજ્ઞેયદ્રશ્યના આકાર થાય છે એવી સદાય ઉપયોગની વસ્તુસ્વભાવરીતિ છે તેથી નિશ્ચયથી આ એક જીવમાં પર પણ છે, અને સ્વ પણ છે પરજ્ઞેયરૂપ, પરદ્રશ્યરૂપ જ્ઞાનદર્શનના આકારથી જે કેવલ એક આકાર તે આકાર તો પર છે, અને ત્યાં જેટલું દેખવા જાણવારૂપ છે તેટલું તો સ્વ છે.

દેખો, નિશ્ચયથી સ્વ, પર આ જીવમાં છે, પ્રગટપણે આ જીવમાં છે. ઠીકરૂપ–સ્થિરરૂપ આચરણગુણ તે આચરણગુણ કોઈ જ્ઞેયરૂપ પુદ્ગલસ્કંધના સંસારના નિમિત્તકાલથી કેવલ એક તે આકારોમાં જ પ્રવર્તે છે અને ક્યારેક કેવલજ્ઞાનદર્શનરૂપમાં પ્રવર્તે છે. વળી એક વાત છે કે જ્યારે આચરણગુણ તે એક ( કેવલ, માત્ર ) આકારોમાં પ્રવર્તે છે તે કાલે તો જીવદ્રવ્ય અજ્ઞાન, દુઃખાદિરૂપે અશુદ્ધ થાય છે વળી આચરણગુણ આકારને છોડીને જ્યારે એક કેવલજ્ઞાનદર્શનરૂપ પ્રવર્તે છે ત્યારે કેવલજ્ઞાન, સુખાદિની શુદ્ધતાથી જીવદ્રવ્ય શુદ્ધ થાય છે એવી આચરણની રીતિ છે.

તેથી હે ભવ્ય તું અહીં દેખ, આ આચરણગુણ જ્યારે તે એક આકારમાં જ પ્રવર્ત્યો ત્યારે જીવને તે પર સ્વાંગરચના ઉપજી–પરવિકાર ઊપજ્યો. એ રીતે જીવપરિણામ પોતાને પરભાવના સ્વાંગરૂપે બનાવી લે છે. જે સર્વ ભાવસંસાર છે તે ભાવસંસાર કેવલ જીવનો જાણો. વળી પરિણામમય સંસારમાં એક પુદ્ગલ વ્યાપ્યવ્યાપક છે અને ભાવસંસારમાં એક જીવ વ્યાપ્યવ્યાપક છે.

**( સંસાર કર્તૃત્વ અધિકાર પેઈજ-૧૨૧ થી ૧૨૪ )**

[ ૐ ] એક અહીં દ્રષ્ટાંત જાણવું–જેમકે એક મહાવર ( લાખમાંથી બનેલા લાલ રંગ ) મહાવર છે. તે પોતે લાલ પરિણામમય ઊપજ્યો છે. તેથી તે મહાવર લાલ પરિણામમયનો કર્તા છે તથા ( તેવીરીતે ) પુદ્ગલદ્રવ્ય પરિણામમય સંસારનો કર્તા છે. વળી તે મહાવરનું નિમિત્ત પામીને સ્ફટિકશિલામાં વિકારની લાલી થઈ તે લાલીભાવનો કર્તા પ્રત્યક્ષ તે શિલામાં તે શિલાનો સ્વચ્છ પરિણામ છે, તે સ્ફટિકદ્રવ્ય નથી, તે લાલીના પરિણામ કરવાનો અકર્તા છે. વળી જો તે પરિણામ વડે લાલીને કરે તો તે લાલી તે સ્ફટિકની તે સ્વચ્છતાની જેવી થઈ જાય ત્યાં તે લાલી તે સ્ફટિકનો ગુણ થાય, જ્યારે ગુણ થયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે જાય નહિ ( ટળે નહિ ) તેનું વિકારરૂપ ન ઠરે ( તે વિકારી નહિ ઠરે ) ત્યારે એ રીતે અનર્થ ઊપજે. તેથી આમ પ્રત્યક્ષ છે કે–સ્ફટિકદ્રવ્ય લાલીનો કર્તા નથી, નિશ્ચયથી તેના સ્વચ્છતાના પરિણામ કર્તા છે. પરંતુ વ્યવહારથી સ્ફટિકને લાલીનો કર્તા કહેવામાં આવે છે. કારણકે તે સ્વચ્છતા તેની છે ( સ્ફટિકની છે ). એવી રીતે જીવના સંબંધમાં જાણવું.

ફેર આટલો જ છે કે સ્વચ્છતાના પરિણામના સ્થાને ચેતનપરિણામ લેવા અને સ્ફટિકદ્રવ્યના સ્થાને જીવદ્રવ્ય લેવું. એવી રીતે આ જીવ પરિણામ વડેજ સંસારભાવનો કર્તા થાય છે તેથી એને ભાવસંસાર જાણો,

**( સંસાર કર્તૃત્વ અધિકાર પેઈજ-૧૨૫-૧૨૬ )**

[ ૐ ] **અર્થ:-** જેવી રીતે સ્ફટિકના બિંબમાં દીપજ્યોતિનો સ્કંધ સમાઈ રહ્યો છે ( સંબંધ પામ્યો છે, પણ સ્ફટિકની અંદર બંધાયેલી ( સંબંધ પામેલી ) પ્રકાશની મૂર્તિ પ્રત્યક્ષ જુદી છે; તેવી રીતે આ કર્મસ્કંધની અંદર હું ચેતનદ્રવ્ય સમાઈ રહ્યો છું ( એક ક્ષેત્રાવગાહી થયો છું ) પણ કર્મસ્કંધમાં બંધાયેલી ( સંબંધ પામેલી ) સર્વ ચેતનમયમૂર્તિ ત્રણે કાળ જુદી છે. **( પેઈજ-૧૬૦-૧૬૧ )**

# શ્રી જૈન સિધ્ધાંત પ્રવેશિકા

**પં. ગોપાલદાસજી બરૈયા**

પ્રશ્ન–૭૭ ચેતના કોને કહે છે ?

ઉત્તર જે શકિતના કારણે પદાર્થોનો પ્રતિભાસ થાય તેને ચેતના કહે છે.

પ્રશ્ન–૭૯ દર્શન ચેતના કોને કહે છે ?

ઉત્તર જેમાં મહાસત્તાનો ( સામાન્યનો ) પ્રતિભાસ ( નિરક્ષર ઝલક ) હોય, તેને દર્શન ચેતના કહે છે.

પ્રશ્ન–૮૯ અવગ્રહ કોને કહે છે ?

ઉત્તર ઈન્દ્રિય અને પદાર્થના યોગ્ય સ્થાનમાં ( મૌજુદ સ્થાનમાં ) રહેવાથી સામાન્ય પ્રતિભાસરૂપ દર્શનની પછી અવાન્તર સત્તાસહિત વિશેષ વસ્તુના જ્ઞાનને અવગ્રહ કહે છે. જેમકે આ મનુષ્ય છે.

પ્રશ્ન–૧૦૧ ચક્ષુદર્શન કોને કહે છે ?

ઉત્તર નેત્રજન્ય જાતિજ્ઞાનના પહેલા સામાન્ય પ્રતિભાસ અથવા અવલોકનને ચક્ષુદર્શન કહે છે.

પ્રશ્ન–૧૦૫ શ્રધ્ધાગુણ કોને કહે છે ?

ઉત્તર જે ગુણની નિર્મળદશા પ્રગટ થવાથી પોતાના શુધ્ધ આત્માનો પ્રતિભાસ ( યથાર્થ પ્રતીતિ ) થાય તેને શ્રધ્ધાગુણ કહે છે.

પ્રશ્ન–૬૪૧ અનધ્યવસાય કોને કહે છે ?

ઉત્તર “આ શું છે” એવા પ્રતિભાસને અનધ્યવસાય કહે છે. જેમકે રસ્તામાં ચાલતાં થકાં તૃણ વગેરે નું જ્ઞાન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સમ્યગ્જ્ઞાન દીપિકા

ક્ષુલ્લક બ્ર. ધર્મદાસજી વિરચિત

[ ૐ ] **જેમ સૂર્યનો પ્રકાશ, પૃથ્વી, જળ, અગ્નિ આદિ કર્તા, કર્મ, ક્રિયા તથા શુભ, અશુભ વસ્તુના ઉપર છે તે જ પ્રમાણે ચિત્રહસ્તાંગુલી આદિ ઉપર સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્યનો જ્ઞાનગુણ પ્રકાશ છે, પરંતુ ચિત્રહસ્તાંગુલીથી તથા ચિત્રહસ્તાંગુલીનો ભાવ ક્રિયા કર્મ આદિ [ જેટલો કોઈ શુભાશુભ વ્યવહાર છે તેનાથી જ્ઞાનગુણ ન તન્મયી છે, ન તન્મયી થવાનો છે, કે ન તન્મયી થયો હતો, વળી જ્ઞાનગુણ તથા જે ગુણીનો જ્ઞાન ગુણ છે તે પણ ચિત્રહસ્તાંગુલીની સાથે તથા ચિત્રહસ્તાંગુલીના ભાવ ક્રિયા કર્મ આદિ જેટલા કોઈ શુભાશુભ વ્યવહાર છે તેનાથી ન તન્મયી થયા છે, ન થશે તથા ન છે. ]**

વિશેષ અન્ય સમજવા યોગ્ય છે તે સાંભળો! જેમ એક મોટો પહોળો લાંબો સ્વચ્છ સ્વભાવમય દર્પણ છે તેની સામે અનેક પ્રકારના કાળા, પીળા, લાલ, લીલા, સફેદાદિ રંગના વાંકાટેડા, લાંબા, પહોળા, ગોળ, તિરછા આદિ આકાર છે તેની પ્રતિછાયા–પ્રતિબિંબ તે સ્વચ્છ દર્પણમાં તન્મયવત્ દેખાય છે; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છ સ્વભાવ દર્પણમાં આ મનુષ્ય દેવ તિર્યંચ નારકીના, સ્ત્રી–પુરુષ–નપુંસકના, તન–મન–ધન–વચનના તથા લોકાલોક આદિના શુભાશુભ જેટલા વ્યવહાર છે તેની પ્રતિછાયા–પ્રતિબિંબ તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છ સ્વભાવ દર્પણમાં તન્મયવત્ દેખાય છે, જાણે તેમાં કીલિત રાખ્યાં હોય, જાણે ચિત્રકારે લખી રાખ્યાં હોય તથા જાણે કોઈ શિલ્પકારે ટાંકીથી કોરી રાખ્યાં હોય.

**ભાવાર્થ-** સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છસ્વભાવમય દર્પણ છે તે પણ સ્વભાવથી જ સ્વભાવમાં જેવું છે તેવું છે. વળી તન–મન–ધન–વચનાદિ તથા એ તન–મન–ધન–વચનાદિના શુભાશુભ વ્યવહાર અને તેની પ્રતિછાયા–પ્રતિબિંબ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છ સ્વભાવદર્પણમાં તન્મયવત્ દેખાય છે તે પણ અજ્ઞાનમયી સ્વભાવથી છે. સ્વભાવમાં જેવા છે તેવા છે. પૂર્વોક્ત સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છ ભાવના સાક્ષાત્ સ્વાનુભવના પ્રાપ્તની પ્રાપ્તિ શ્રીસદ્ગુરુના ઉપદેશ વિના તથા કાળલબ્ધિ પાચક ( પકવનાર ) થયા વિના સ્વસ્વરૂપ – સમ્યગ્જ્ઞાનનો લાભ થતો નથી. **( પેઈજ-૪૬-૪૭ )**

[ ૐ ] જેમ એક મોટા–પહોળા–લાંબા ઘણા વિસ્તીર્ણ પ્રમાણના સ્વચ્છ દર્પણમાં અનેક પ્રકારની અનેક ચલ અચલ રંગ–બેરંગી વસ્તુઓ દેખાય છે તે જ પ્રમાણે સ્વચ્છ જ્ઞાનમય દર્પણમાં આ અનેક વિચિત્રતામય જગત–સંસાર દેખાય છે. **( પેઈજ-૮૦ )**

[ ૐ ] જેમ સ્વચ્છદર્પણમાં અગ્નિ અને જળની પ્રતિછાયા દેખાય છે પણ એ વડે તે દર્પણ ઉષ્ણ–શીતલ થતું નથી તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય દર્પણમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંસારનાં શુભાશુભ ક્રિયા–કર્મની પ્રતિછાયાનો ભાસ થાય છે પણ એ વડે તે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય દર્પણ રાગદ્વેષથી તન્મય થતું નથી. ( પેઈજ-૮૭ )

[ ૐ ] જેમ સ્વચ્છ દર્પણમાં કાળાવસ્રથી પ્રતિછાયા કાળી તન્મયવત્ જેવી દેખાય છે તે પેલા દર્પણની નથી પણ કાળાવસ્રની છે, અને કાળાવસ્ત્રથી તન્મયી છે, તે જ પ્રમાણે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવદર્પણમાં આ દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મમય સંસારની પ્રતિછાયા કર્મકલંકમય તન્મયી જેવી દેખાય છે તે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય દર્પણની નથી પણ દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મમય સંસાર છે તેની છે અને તે તેનાથી તન્મયી છે.

જેમ સ્વચ્છ દર્પણમાં અગ્નિની પ્રતિછાયા તન્મયીવત્–સરખી દેખાય છે તો પણ તેનાથી તે દર્પણ ઉષ્ણ ( ગરમ ) થતું નથી તથા એ જ સ્વચ્છ દર્પણમાં જળની પ્રતિછાયા તન્મયવત્ દેખાય છે તો પણ તે દર્પણ શીતલ થતું નથી, એ જ પ્રમાણે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમયદર્પણમાં રાગમય કામ–કુશીલાદિકની છાયા ભાવભાસ થવાં છતાં પણ તે ( સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય દર્પણ ) રાગમય થતું નથી તથા શીલવ્રતાદિક વૈરાગ્ય–મમતાની છાયા ભાવભાસ થવાં છતાં પણ તે વૈરાગ્યમય થતું નથી, એ પ્રમાણે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવથી એ રાગ–દ્વેષ તન્મયરૂપ નથી.

જેમ જળમાં ચંદ્રનું પ્રતિબિંબ છે તે હાથથી પકડવામાં આવતું નથી તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય સિદ્ધપરમેષ્ઠી દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્માદિક બંધમાં આવતા નથી. ( પેઈજ-૧૦૮-૧૦૯ )

[ ૐ ] જેમ દર્પણમાં કાળો, પીળો, લાલ, અને લીલો આદિ અનેક રંગબેરંગી વિકાર દેખાય છે તે દર્પણથી તન્મયી નથી. એ જ પ્રમાણે સ્વચ્છ સ્વસમ્યગ્જ્ઞાનમય દર્પણમાં આ રાગ દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, અને કામ કુશીલાદિકના વિકાર તન્મય જેવા દેખાય છે તે સ્વચ્છ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્માના નથી. ( પેઈજ-૧૨૫ )

[ ૐ ] જેમ કોઈ દર્પણને સદાકાલ પોતાના હાથમાં રાખીને, દર્પણના પૃષ્ટભાગને ( પાછલા ભાગને ) વારંવાર દેખે છે, પણ એનાથી પોતાનું મુખ દેખાતું નથી; પરંતુ એ દર્પણના પૃષ્ટભાગને પલટી સ્વચ્છદર્પણમાં પોતાનું મુખ જુએ ( તો તુરત જ ) સ્વમુખ દેખે; એ જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ, આ સંસાર તન–મન–ધન–વચનની તરફ અને તન–મન–ધન–વચનાદિનાં જેટલાં શુભાશુભ વ્યવહાર ક્રિયાકર્મ તથા તેનાં શુભાશુભ ફલ તરફ જાુએ છે પણ એ રસ્તે સ્વસમ્યગ્જ્ઞાન નથી દેખાતું, –નથી સ્વાનુભવમાં આવતું, પરંતુ આ સંસાર તન–મન–ધન–વચનાદિની તરફ દેખવાનું છોડીને સ્વસમ્યગ્જ્ઞાન તરફ નિશ્ચયથી દેખે તો સ્વસમ્યગ્જ્ઞાન જ દેખાય અને સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની અચલતા–પરમાવગાઢતા થાય. ( પેઈજ-૧૬૧-૧૬૨ )

[ ૐ ] આકાશમાં સૂર્ય છે તેનું પ્રતિબિંબ ઘી–તેલની તપ્ત ( ગરમ ) કઢાઈમાં પડે છે તો પણ તે સૂર્યના પ્રતિબિંબનો નાશ થતો નથી.

કાચના મહેલમાં શ્વાન પોતાના જ પ્રતિબિંબને દેખીને ભસી ભસીને મરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્ફટિકની ભીંતથી હાથી પોતાની પ્રતિછાયા દેખીને પોતે તે ભીંતની સાથે ભીડાઈ-અથડાઈ ( લડી ) પોતાનો દાંત પોતે તોડીને દુઃખી થયો.

એક વાનર મોટા વૃક્ષ ઉપર રાત્રીસમયમાં બેઠો હતો, વૃક્ષની નીચે એક સિંહ આવ્યો, ત્યાં ચંદ્રમાની ચાદનીમાં પેલા વાનરની છાયા સિંહને દેખાઇ, એ દેખીને તે સિંહ પેલી છાયાને સાચો વાનર જાણીને ગર્જના કરી પેલી વાનરની છાયાને પંજો માર્યો; ત્યારે વૃક્ષના ઉપર બેઠેલો વાનર ભયવાન થઈને નીચે પડયો.

**( પેઈજ-૧૭૮-૧૭૯ )**

[ ૐ ] ગરમ લોખંડના ગોળામાં અગ્નિ અંદર અને બહાર છે પરંતુ અગ્નિ અને લોખંડનો ગોળો અલગ અલગ છે. ચંદ્રમા વાદળમાં છુપાઈ રહ્યો છે પરંતુ ચંદ્ર અને વાદળ અલગ અલગ છે. ધ્વજા પવનના સંયોગથી પોતાની મેળે જ ઉછળે છે-સુલઝે છે. ચૂરણ કહેવામાત્રમાં એક છે પરંતુ તેમાં સૂંઠ, મરી, પીંપર, હરડે આદિ બધાં અલગ અલગ છે. એક ચુંદડીમાં અનેક બુંદ છે; એક કોટમાં અનેક કાંગરા છે; એક સમુદ્રમાં અનેક લહેરો-કલ્લોલો છે; એક સુવર્ણમાં અનેક આભૂષણ છે; એક માટીમાં અનેક હાંડા-વાસણ છે તથા એક પૃથ્વીમાં અનેક મઠ-મકાન છે; તે જ પ્રમાણે એક પરમાત્માના કેવલજ્ઞાનમાં અનેક જગત ઝલકી રહ્યું છે. **( પેઈજ-૧૮૧ )**

---

## છ ઢાળ

**પં. દોલતરામજી કૃત-**

---

**અન્વયાર્થઃ-** ( निजमांहि ) તે **સિદ્ધ ભગવાનના આત્મામાં** ( लोक—अलोक ) **લોક અને અલોકના** ( गुण—परय ) **ગુણ અને પર્યાય** ( प्रतिबिम्बित थये ) **ઝળકવા લાગે છે અર્થાત્ જણાય છે,** તે ( यथा ) **જેમ** ( शिव ) **મોક્ષરૂપે** ( परिणये ) **પરિણમ્યા છે** ( तथा ) **તેમ** ( अनंतानंत काल ) **અનંતકાળ સુધી** ( रहि हैं ) **રહેશે.**

**ભાવાર્થઃ-** સિદ્ધ ભગવાનના આત્મામાં કેવળજ્ઞાન દ્વારા લોક અને અલોક ( સમસ્ત પદાર્થો ) પોતપોતાના ગુણ અને ત્રણે કાળના પર્યાયો સહિત એક સાથે, સ્વચ્છ અરીસાના દૃષ્ટાંતે સર્વ પ્રકારે સ્પષ્ટ, જણાય છે; પણ જ્ઞાનમાં અરીસાની જેમ છાયા અને આકૃતિ પડતી નથી. **( મોક્ષ અવસ્થાનું વર્ણન - છઠ્ઠી ઢાળ )**

---

## અનુભવ પ્રકાશ

**પં. દીપચંદજી કાશલીવાલા રચિત**

---

[ ૐ ] ..... જેની દૃષ્ટિ પદાર્થશુદ્ધિ ઉપર નથી ( અને ) કર્મદૃષ્ટિથી અશુદ્ધ જ અવલોકે તો તે શુદ્ધતાને ન પામે. જેવી દૃષ્ટિથી દેખે તેવું ફલ થાય. મયુર મકરંદ પાષાણ છે. તેમાં બધા મોર જ ભાસે છે. પાષાણ તરફ દેખતાં મોર ભાસે, પદાર્થ તરફ દેખતા પદાર્થ જ છે, મોર નથી; તેમ પરમાં પર ભાસે, નિજ તરફ જુએ તો પર ન ભાસે, નિજ જ છે. ( તેથી ) સુખકારી નિજદૃષ્ટિ ત્યજી દુઃખરૂપ પરમાં દૃષ્ટિ ન દો. **( પેઈજ-૩૭-૩૮ માંથી )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રીમદ્ રાજચંદ્રજી

[ ૐ ] વિષયાર્તપણાથી મૂઢતાને પામેલી વિચાર શક્તિવાળા જીવને આત્માનું નિત્યપણું ભાસતું નથી, એમ ઘણું કરીને દેખાય છે, તેમ થાય છે તે યથાર્થ છે. કેમકે અનિત્ય એવા વિષયને વિષે આત્મબુદ્ધિ હોવાથી પોતાનું અનિત્યપણું ભાસે છે. **( પેઈજ નં. - ૬૦ )**

[ ૐ ] .... ચક્ષુઇન્દ્રિય સિવાય બીજી ઇન્દ્રિયોથી જે જાણી શકાય તેનો જાણવામાં સમાવેશ થાય છે. ચક્ષુઇન્દ્રિયથી જે દેખાય છે તે પણ જાણવું છે. જ્યાં સુધી સંપૂર્ણ જાણવા દેખવામાં ન આવે ત્યાં સુધી જાણપણું અધુરું ગણાય; કેવળજ્ઞાન ન ગણાય. ત્રિકાળ અવબોધ ત્યાં સંપૂર્ણ જાણવાનું થાય છે. ભાસન શબ્દમાં જાણવા અને દેખવાનો બન્નેનો સમાવેશ થાય છે. **( પેઈજ નં. - ૧૯૨ )**

[ ૐ ] .... કર્મનો મુખ્ય આકાર કોઈ પ્રકારે દેહ છે, અને જીવ ઇન્દ્રિયાદિ દ્વારા ક્રિયા કરતો જાણી જીવ છે એમ સામાન્યપણે કહેવાય છે, પણ જ્ઞાનદશા આવ્યા વિના જીવ અને કાયાનું જે સ્પષ્ટ જુદાપણું છે, તે જીવને ભાસ્યામાં આવતું નથી; તથાપિ ક્ષીર –નીરવત્ જુદાપણું છે. જ્ઞાન સંસ્કારે તે જુદાપણું સાવ સ્પષ્ટ વર્તે છે. **( પેઈજ નં. - ૧૯૨ )**

[ ૐ ] ..... જેમ દીવો જ્યાં જ્યાં હોય છે, ત્યાં ત્યાં પ્રકાશપણે હોય છે, તેમ જ્ઞાન જ્યાં જ્યાં હોય છે, ત્યાં ત્યાં પ્રકાશપણે હોય છે. દીવાનો સહજ સ્વભાવ જ જેમ પદાર્થ પ્રકાશક છે, તેમ જ્ઞાનનો સહજ સ્વભાવ પણ પદાર્થ પ્રકાશક છે. દીવો દ્રવ્ય પ્રકાશક છે, અને જ્ઞાન દ્રવ્ય ભાવ બન્નેનો પ્રકાશક છે. દીવાના પ્રકાશવાથી તેના પ્રકાશની સીમામાં જે કોઈ પદાર્થ હોય છે. તે સહેજે દેખાઈ રહે છે; તેમ જ્ઞાનના વિદ્યમાનપણાથી પદાર્થનું સહેજે દેખાવું થાય છે. **( પેઈજ નં. - ૨૧૫ )**

[ ૐ ] ..... સ્પષ્ટ પ્રકાશપણું અનંત અનંત કોટી તેજસ્વી દીપક, મણિ, ચંદ્ર, સૂર્યાદિની ક્રાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી, અર્થાત્ તે સર્વ પોત પોતાને જણાવા યોગ્ય નથી, જે પદાર્થોના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થો જાણ્યા જાય છે, તે પદાર્થો પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. અર્થાત્ તે લક્ષણ પ્રગટપણે સ્પષ્ટ પ્રકાશમાન અચળ એવું નિરાબાધ પ્રકાશ્યમાન ચૈતન્ય તે જીવનું, તે જીવ પ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે. **( પેઈજ નં. - ૨૦૬ )**

[ ૐ ] .... જગતના કોઈ પણ પદાર્થનું ભેદરૂપ રસ, ગંધ રહિત નિરાકાર પ્રતિબિંબિત થવું, તેનું અસ્તિત્વ જણાવું, નિર્વિકલ્પપણે કાંઈ છે એમ આરસીના ઝળકારાની પેઠે સામા પદાર્થનો ભાસ થવો એ 'દર્શન' વિકલ્પ થાય ત્યાં 'જ્ઞાન' થાય.

**( પેઈજ નં. - ૨૧૩ )**

[ ૐ ] ..... તેમ જગત દૃષ્ટિ જીવોને જ્ઞાની કે વીતરાગની ઓળખાણ માટે વિશેષ શુભ સંસ્કાર અને સત્ સમાગમની અપેક્ષા યોગ્ય છે. જો તે યોગ પ્રાપ્ત ન હોય તો જેમ અંધકારમાં પડેલા પદાર્થ અને અંધકાર બેય એકાકાર ભાસે છે, ભેદ ભાસતો નથી, તેમ તથારૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યોગ વિના જ્ઞાની કે વીતરાગ અને અન્ય સંસારી જીવોનું એક આકારપણું ભાસે છે, દેહાદિ ચેષ્ટાથી ઘણું કરીને ભેદ ભાસતો નથી. **( પેઈજ નં. - ૨૪૦ )**

[ ૐ ] ..... હે મુમુક્ષુ ! એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જાણીશ, અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મ પ્રાપ્તિ છે. માટે આત્માથી જુદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઇચ્છાથી તું નિવૃત્ત થા, અને એક નિજ સ્વરૂપને વિશે દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે. તત્ત્વ સ્વરૂપ એવાં સત્ શાસ્ત્રોમાં કહેલાં માર્ગનું પણ આ તત્ત્વ છે, એમ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે, તથાપિ ઉપયોગપૂર્વક તે સમજાવું દુલર્ભ છે, એ માર્ગ જુદો છે, અને તેનું સ્વરૂપ પણ જુદું છે. જેમ માત્ર કથન જ્ઞાનીઓ કહે છે તેમ નથી, માટે ઠેકાણે ઠેકાણે જઈને કાં પૂછે છે ? કેમકે અપૂર્વ ભાવનો યોગ ઠેક –ઠેકાણે પ્રાપ્ત થવો યોગ્ય નથી. **( પેઈજ નં. - ૪૪૮ )**

## સ્વાનુભૂતિ દર્શન

**પૂ. બહેનશ્રી ચંપાબેન**

**પ્રશ્નઃ-** જ્ઞાનની પરિણતિમાં કેવળ જ્ઞાયકભાવનું અસ્તિત્વ ગ્રહણ કરવાનું છે ?

**સમાધાનઃ-** હા, જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ કરવાનું છે. હું કેમ જાણું છે ? કેવી રીતે જાણું છું ? તે કાંઈ દૃષ્ટિનો વિષય નથી. હું કેવી રીતે જાણું છું તેમાં પર તરફની વાત આવી, તે દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય તો સ્વયં જ્ઞાયક છે. મારી જ્ઞાન–પરિણતિ બીજાને કે પોતાને કેવી રીતે જાણે છે તે જ્ઞાન કરવાની વાત છે. દૃષ્ટિના વિષયમાં હું બહારથી જાણું એવું આવતું નથી. દૃષ્ટિના વિષયમાં કોઈ ભેદ નથી. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવું તે દૃષ્ટિનો વિષય છે. ગુણભેદ કે સ્વ–પર પ્રકાશકનો ભેદ દૃષ્ટિના વિષયમાં આવતો નથી.

દીવો કે અરીસો, કોઈ બહાર જતા નથી. અરીસો અંદર રહે અને દીવો બહાર જાય તેવું નથી. દીવાનો પ્રકાશ બહાર પડે એટલે દીવો બહાર ગયો તેવું લાગે છે પણ બહાર જતો નથી. પોતાને જ્ઞેયનો આધાર નથી. તો બહાર કયાં લેવા જવું છે ? સ્વયં જાણનારને બીજું કોણ જણાવે ? અને અંદરમાં પ્રતિબિંબ કયાંથી આવી પડે ? સ્વયં જાણનારો છે. પ્રતિબિંબ જ્ઞેય તરફની અપેક્ષાથી કહેવાય છે. જ્ઞેય વચ્ચે આવી જાય છે, પણ જ્ઞેયનું આલંબન તેને લેવું પડે તેમ નથી. સ્વયં પોતે જ્ઞાનાકાર છે અને જ્ઞેયાકારરૂપે પરિણમે એવું સ્વરૂપ છે.

**પ્રશ્નઃ-** જ્ઞેયો સાથે સંબંધ નથી એમ કહે છે અને પાછો સંબંધ વિચારે છે ?

**સમાધાનઃ-** જ્ઞેય સાથે સંબંધ નહીં હોવા છતાં પોતે સ્વ–પર પ્રકાશક છે, એવો તેનો સ્વભાવ છે. શાસ્ત્રમાં આવે છે કે મેરૂપર્વત, દેવલોક આદિ દૂર ક્ષેત્રે રહેલા પદાર્થ જ્ઞાનમાં જણાય ત્યાં કયાં પ્રતિબિંબો હોય છે અને પોતે કયાં તે ક્ષેત્રે જાય છે ? પોતે સ્વયં જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે. દૂર કે નજીક રહેલા પદાર્થને પોતાના નિર્મળ જ્ઞાનમાં જાણવાનો સ્વભાવ છે પણ તે નજીક રહેલા હોય ત્યારે એમ લાગે છે કે મારામાં આનાં પ્રતિબિંબો પડે છે. ભ્રાંતિના કારણે એવું લાગે છે તે તેની ભૂલ છે. તે ક્ષયોપશમ જ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણતિ છે, તે એકત્વ છે એટલે એમ લાગે કે આ બધું જાણે મારામાં આવે છે અને હું બહાર જાઉં છું. **( પેઈજ નં-૨૦૮ થી ૨૧૦ )**

## પૂ. બહેનશ્રીનાં વચનામૃત-

**પ્રશમમૂર્તિ પૂ. ચંપાબહેન**

[ ૐ ] શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી ( પ્રવેશી ) કેમ ગયા હોય તેવું દેખાય છે, પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે. જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. યથાર્થ દૃષ્ટિ ( દ્રવ્ય ઉપર દૃષ્ટિ ) કરી ઉપર આવી જા. ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે. અનેક જાતનાં કર્મનાં ઉદય, સત્તા, અનુભાગ તથા કર્મનિમિત્તક વિકલ્પ વગેરે તારાથી અત્યંત જુદાં છે. **( બોલ નં-૭૯ )**

[ ૐ ] જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી. આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે. **( બોલ નં-૮૧ )**

[ ૐ ] 'હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું; વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય; હું તો વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું; એવો ને એવો પવિત્ર છું.' -એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ. વિકલ્પથી મલિન થઈ-મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો; અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે. અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે. **( બોલ નં-૮૨ )**

[ ૐ ] અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે. તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં **તન્મય** થઈ જાય છે, તે **તન્મયતા** છોડ. **( બોલ નં.-૮૬ )**

[ ૐ ] દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે-નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. 'આ બધા જે કષાયો-વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું' એમ ઓળખે-પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે. **( બોલ નં-૧૬૨ )**

[ ૐ ] પોતાનો અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવ પૂર્ણ રીતે જોતાં આખો લોકાલોક ભૂત-ભવિષ્યની પર્યાય સહિત સમયમાત્રમાં જણાઈ જાય છે. વધારે જાણવાની આકાંક્ષાથી બસ થાઓ, સ્વરૂપનિશ્ચળ જ રહેવું યોગ્ય છે. **( બોલ નં-૨૨૬ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ૐ ] સર્વજ્ઞભગવાન પરિપૂર્ણજ્ઞાનરૂપે પરિણમી ગયા છે. તેઓ પોતાને પૂર્ણપણે–પોતાના સર્વગુણોના ભૂત–વર્તમાન–ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત –પ્રત્યક્ષ જાણે છે. સાથે સાથે તેઓ સ્વક્ષેત્રમાં રહીને, પર સમીપ ગયા વિના, પર**સન્મુખ** થયા વિના, નિરાળા રહીને લોકાલોકના સર્વ પદાર્થોને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે. પરને જાણવા માટે તેઓ પર**સન્મુખ** થતા નથી. પર**સન્મુખ** થવાથી તો જ્ઞાન દબાઈ જાય છે –રોકાઈ જાય છે, ખીલતું નથી. પૂર્ણરૂપે પરિણમી ગયેલું જ્ઞાન કોઈને જાણ્યા વિના રહેતું નથી. તે જ્ઞાન સ્વચૈતન્યક્ષેત્રમાં રહ્યાં રહ્યાં, ત્રણે કાળનાં તેમ જ લોકાલોકનાં બધાં સ્વ–પર જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં કોતરાઈ ગયાં હોય તેમ, સમસ્ત સ્વ–પરને એક સમયમાં સહજપણે પ્રત્યક્ષ જાણે છે; જે વીતી ગયું છે તે બધાને પણ પૂરું જાણે છે, જે હવે પછી થવાનું છે તે બધાને પણ પૂરું જાણે છે. જ્ઞાનશક્તિ અદ્‌ભુત છે.

**( બોલ નં-૪૧૩ )**

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ

**પૂ. શ્રી નિહાલચંદ્ર સોગાનીજી**

[ ૐ ] દર્પણમાં જે પર્યાય દેખાય છે, તે તો ઉપર ઉપર છે, અંદરમાં જે દળ પડયું છે તે તો જેવું ને તેવું છે. તે પર્યાયરૂપ થતું જ નથી. એ રીતે ત્રિકાળી સ્વભાવનું દળ તો જેવું ને તેવું જ છે, પર્યાયમાં આવતું નથી. **( બોલ નં - ૭૮, પેઈજ નં. ૨૧ )**

[ ૐ ] એક સમયની જ્ઞાન પર્યાય સ્વતંત્ર છે. ( તેમાં ) પૂર્વ પર્યાય પણ કારણ નથી, તેમાં ત્રણકાળના પદાર્થો જાણવાની તાકાત છે એમ સાંભળીને મને તો એવી ચોંટ લાગી કે ત્યારથી મારું વાંચન ઓછું થઈ ગયું. ચાલોને, પર્યાયનો સ્વભાવ જ જાણવાનો છે તો સહેજે જણાઈ જશે. ( જાણવા માટે ) આકુળતા શા માટે કરવી ? અહીં ( અંતરમાં ) સુખ પીઓને ! ન્યાયાદિ નક્કી કરવામાં આકુળતા થાય છે, આપણે તો સુખ જોઈએ.

**( બોલ - ૧૩૭, પેઈજ નં. - ૩૮ )**

[ ૐ ] “હું અધિક છું” તે જ સ્વયંનો માહાત્મ્યભાવ છે. હું કોઈપણ ભાવમાં– વિકલ્પમાં ખસતો જ નથી– તણાતો જ નથી. એવો ને એવો અને જ્યાં નો ત્યાં હર સમય રહું છું. વિકલ્પની સાથે– પરિણામની સાથે ખસતો જ નથી. શું દર્પણનું દળ ક્ષણિક આકારથી ખસી જાય છે ? તેવું ને તેવું જ રહે છે. તેમ હું પણ તેવો ને તેવો જ સદા રહું છું.

**( બોલ નં - ૧૯૯, પેઈજ નં. - ૫૪, ૫૫ )**

[ ૐ ] આખા ત્રણ લોકના સર્વ પદાર્થો જ્ઞાનમાં આવી જાય, તો પણ જ્ઞાન બધાને પી જાય છે, અને કહે છે કે હવે કાંઈ બાકી હો તો આવી જાઓ !

**( બોલ નં. - ૫૭૭, પેઈજ નં. - ૧૪૩ )**

[ ૐ ] ( રાગને ) જ્ઞાનનું જ્ઞેય, જ્ઞાનનું જ્ઞેય કહે છે અને લક્ષ રાગ તરફ છે તો તે સાચું જ્ઞાનનું જ્ઞેય છે જ નહિ. જ્ઞાનનું જ્ઞેય તો અંદરમાં સહજરૂપ થઈ જાય છે. લક્ષ બહાર પડયું છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને જ્ઞાનનું જ્ઞેય છે એમ બોલે તો મને તો ખટકે છે. એ રીતે 'યોગ્યતા' , ક્રમબધ્ધ વગેરે બધામાં લક્ષ બહાર પડયું હોય અને કહે, તે તો મને ખટકે છે.

**( બોલ નં. ૫૭૯, પેઈજ નં. - ૧૪૩, ૧૪૪ )**

[ ૐ ] અરીસામાં સમય સમયના ( પ્રતિબિંબ જેવા ) આકાર થાય છે, તોપણ અરીસાનું દળ જેમનું તેમ રહે છે. તેવી રીતે સ્વભાવ, અરીસાના દળ જેવો છે. સ્વભાવની સાથે તાદાત્મ્ય છે, આકારની સાથે નહીં. ત્રિકાળીમાં વર્તમાન પરિણામનો અભાવ છે.

**( બોલ નં. - ૫૮૯, પેઈજ નં. -૧૪૭ )**

[ ૐ ] .....દર્પણનું ત્રિકાલી દળ, એક સમયની દર્પણાકાર પર્યાયથી ભિન્ન જ રહે છે. બન્નેનું કાર્ય એક સમયમાં છે. જો દળ એક સમયના આકાર–પર્યાયમાં આવી જાય તો ત્રિકાળીપણાનો નાશ થઈ જાય છે....

**( પૂ. સોગાનીજીના, આધ્યાત્મિક પત્રાંક નં.-૩૯ માંથી )**

સર્વજ્ઞતાનો નિર્ણય કરનારો ભાવ સર્વજ્ઞની જાતનો જ છે. શુદ્ધપર્યાય સાધક થઈને શુદ્ધ દ્રવ્યને સાધે છે.

આવી સર્વજ્ઞતાનો નિર્ણય એ સ્વસન્મુખ ઉદ્યમ છે. રાગથી જુદો પડીને જ્ઞાન તરફ વળ્યો ત્યારે, જ્ઞાનરૂપ થઈને સર્વજ્ઞતાની પ્રતીત કરી. સર્વજ્ઞતાની પ્રતીત જ્ઞાનરૂપ થઈને થાય છે, રાગરૂપ થઈને સર્વજ્ઞતાની પ્રતીત થતી નથી. સર્વજ્ઞતાની પ્રતીત કરનારો ભાવ સર્વજ્ઞતાની જાતનો જ હોય, એવી વિરુદ્ધ જાતનો ન હોય. અંતર્મુખ થઈને જે જ્ઞાન સર્વજ્ઞસ્વભાવની પ્રતીત કરે છે તે જ્ઞાન સર્વજ્ઞતાની જાતનું જ છે. આ રીતે શુદ્ધઆત્માનો અનુભવ શુદ્ધભાવ વડે જ થાય છે, અશુદ્ધતા વડે શુદ્ધાત્માનો અનુભવ થાય નહીં. આ રીતે નિર્મળપર્યાય તે સાધક છે ને શુદ્ધદ્રવ્ય તે સાધ્ય છે.

**( આત્મધર્મ અંક ૨૫૭, પેઈજ નં-૫ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# * જ્ઞાનનો સ્વભાવ અને સ્વજ્ઞેયનો મહિમા *

[ ૐ ] એકબાજુ પોતાનો આત્મા તે સ્વજ્ઞેય અને તેના સિવાય લોક–અલોકના અનંત પદાર્થો તે પરજ્ઞેયો, અને તે સ્વ–પર બંને જ્ઞેયોને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ, છતાં **સ્વજ્ઞેયનો મહિમા મોટો છે. અંતર્મુખ થઈને સ્વજ્ઞેયના જ્ઞાનપૂર્વક જ પરજ્ઞેયનું જ્ઞાન યથાર્થ થાય છે; માટે સ્વજ્ઞેયને જાણનારી જ્ઞાનપરિણતિ મહિમાવંત છે...... ભગવતી છે.**

આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે, જ્ઞાનનો સ્વભાવ જગતના સ્વપર સમસ્ત જ્ઞેયોને જાણવાનો છે. જગતમાં જીવ અને અજીવ સમસ્ત પદાર્થો તે જ્ઞાનના જ્ઞેયો છે.

જ્ઞેયોમાં આ જીવતત્ત્વ કેવું છે ? કે ચેતનાસ્વરૂપ છે. તે ચેતના 'ભગવતી' છે– એટલે કે મહિમાવંત છે, અને આત્માના બધા ધર્મોમાં તે ભગવતી ચેતના વ્યાપેલી છે. જીવદ્રવ્ય સદાય અવિનાશી ચેતનાસ્વરૂપ તથા ચેતનાની પરિણતિસ્વરૂપ છે.

**પરથી ભિન્ન અને પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ એવા શુદ્ધ આત્મદ્રવ્યને જ્ઞેય બનાવ્યું ત્યારે જ જ્ઞાન સમ્યક્ થયું. શુદ્ધ આત્માને જ્ઞેય બનાવ્યા વગર સમ્યગ્જ્ઞાન થતું નથી. ને સ્વજ્ઞેયના જ્ઞાન વગર પરજ્ઞેયનું જ્ઞાન પણ સાચું નથી.**

**જ્ઞાનનો સ્વભાવ સ્વપરને જાણવાનો હોવા છતાં, જે જ્ઞાન અંતરમાં વળીને સ્વજ્ઞેયને તો જાણતું નથી ને બહારમાં એકલા પરજ્ઞેયને-શરીર તથા રાગાદિને-જ જાણવામાં રોકાય છે ને તેને જ જ્ઞાનનું સ્વરૂપ માને છે તો તે જ્ઞાન મિથ્યા છે, તે અસર્વાંશને સર્વાંશ માને છે. સૌથી મોટું-મહિમાવંત તો સ્વ-જ્ઞેય છે તેના જ્ઞાન વગર પરજ્ઞેયનું જ્ઞાન પણ સાચું નથી.**

**જ્ઞાનસ્વભાવ પોતે પોતાનું સ્વજ્ઞેય ન થાય ત્યાં સુધી જ્ઞાનનું સ્વપરપ્રકાશકપણું ખીલ્યું નથી. સ્વભાવથી તો બધાય જીવો સ્વ પર પ્રકાશક જ છે, સિદ્ધથી માંડીને નિગોદ, બધાય જીવોનો સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ છે, પણ અજ્ઞાનીને તે સ્વભાવની ખબર નથી. અહીં તો, જેને પોતાના આવા ચેતના સ્વભાવની ખબર પડી, ને જ્ઞાનમાં પોતાના આત્માને જ્ઞેય બનાવ્યો ત્યાં ભગવતી ચેતનાપરિણતિરૂપ નિર્મળપર્યાય પ્રગટી. જેણે અંતર્મુખ થઈને સ્વતત્ત્વને જ્ઞેય નથી બનાવ્યું તેનું જ્ઞાન શરીરાદિમાં ને રાગના વિકલ્પમાં અટકેલું છે, ને તેટલો જ પોતાને માને છે-તે મિથ્યાજ્ઞાન છે, તે જ્ઞાન રાગના કર્તાપણામાં રોકાઈ ગયું છે, તેનું પરપ્રકાશન પણ સાચું નથી; કેમકે પરપ્રકાશનજ્ઞાન જેટલો જ જ્ઞાનસ્વભાવ તેણે માન્યો. પણ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ તેણે જાણ્યો નથી.**

અંતરના જ્ઞાનસ્વભાવને પકડે તો તો કેવળજ્ઞાન લેવાનો માર્ગ બહુ ટૂંકો છે. પણ જીવો પોતાને જાણ્યા વિના બહારમાં જ ભટકે છે એટલે ક્યાંય માર્ગ સૂઝતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરના અનુભવ વિના નીવેડા આવે તેમ નથી. શાસ્ત્ર તો દિશા બતાવીને જાુદા રહે છે. પણ અંતરમાં પોતાના અનુભવ વિના એકલા શાસ્ત્રથી માર્ગનો પાર પમાય તેમ નથી.

એક બાજુ ભગવતી ચેતનાસ્વરૂપ ભગવાન આત્મા તે સ્વજ્ઞેય ને બીજી કોર લોકાલોક તે પર જ્ઞેય, તે સ્વ-પર જ્ઞેયને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે.

સામે લોકાલોક તો ઘણાં જ્ઞેયો છે, ને આ આત્મા તો એક છે, -છતાં લોકાલોકના પરજ્ઞેયને જાણનાર જ્ઞાન કરતાં આત્મસ્વભાવરૂપ સ્વજ્ઞેયને જાણે તે જ્ઞાનનો મહિમા છે. **સ્વજ્ઞેયનું જેને જ્ઞાન નથી તેને પરજ્ઞેયનું જ્ઞાન પણ મિથ્યા છે. સ્વજ્ઞેયનો મહિમા મોટો છે, જે પરિણતિ અંતર્મુખ થઈને સ્વજ્ઞેયને જાણે તે પરિણતિ પણ ભગવતી છે-મહિમાવંત છે. તે ભગવતી ચેતના જ મોક્ષનું સાધન છે.**

**જ્ઞાને જ્યા અંતર્મુખ થઈને જ્યાં પોતાના આત્માને સ્વજ્ઞેય બનાવ્યો ત્યાં શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થઈ ને જ્ઞાનતત્ત્વ પણ સ્વ-પરપ્રકાશકપણે યથાર્થ પરિણમ્યું, તેને આચાર્યદેવે અભિનંદન આપીને તેની પ્રશંસા કરી છે. અહો, જે જ્ઞાને આત્મસન્મુખ થઈને પોતાના આત્મસ્વભાવને જાણ્યો તે જ્ઞાન પ્રશંસનીય છે. અનાદિથી એકલા પરને તથા રાગાદિને જ જાણવામાં રોકાતું તે જ્ઞાનમાં આકુળતાનું જ વેદન હતું, હવે સ્વ-પરજ્ઞેયોને ભિન્ન ભિન્ન ઓળખીને પોતાના જ્ઞાનાનંદસ્વભાવ તરફ વળીને એકાગ્ર થયું તે જ્ઞાન અપૂર્વ આનંદના અનુભવ સહિત છે તેથી તે ધન્યવાદને પાત્ર છે.** અનાદિથી જ્ઞાન બહારમાં ભમતું, પરને જ પોતાનું માનીને તેને જાણવામાં રોકાતું, ને સ્વજ્ઞેયને ( આત્માને ) જાણતું ન હતું તે જ્ઞાનમાં શુદ્ધઆત્માની પ્રાપ્તિ ન હતી; હવે સ્વજ્ઞેયના તથા પરજ્ઞેયના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાુદા જાુદા ઓળખીને, પરથી ભિન્ન પોતાના સ્વ-દ્રવ્યને જ્ઞાનનું જ્ઞેય બનાવીને તેમાં પર્યાયને લીન કરી ત્યાં શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ થઈ, -સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા; આવી અપૂર્વ શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ થઈ તે અભિનંદનીય છે.

**( આત્મધર્મ -૧૪૫, પેઈજ નં.-૧૭-૧૮ )**

**'હું જ્ઞાન છું' એવી અસ્તિના વેદનમાં, 'જ્ઞાનથી વિરુદ્ધ અન્ય ભાવોરૂપે મારું જ્ઞાન નથી' એમ નાસ્તિધર્મનું વેદન પણ આવી જાય છે. આ રીતે વસ્તુ સ્વયમેવ અનેકાન્તપણે પ્રકાશે છે.**

**જ્ઞાનથી વિરુદ્ધ અન્ય ભાવોની નાસ્તિ જો ન આવે તો જ્ઞાનની અસ્તિનો પણ નિર્ણય સાચો નથી. ( આત્મધર્મ અંક-૩૬૨, પેઈજ નં-૨૬ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# -આત્માની ક્રિયા-

[ ૐ ] **પ્રશ્નઃ-** આત્મા શું કરી શકે ?

**ઉત્તરઃ-** આત્મા ચૈતન્ય સ્વરૂપ છે તે ચૈતન્યના ઉપયોગ સિવાય બીજું કાંઈ પણ કરી શકે નહીં.

[ ૐ ] **પ્રશ્નઃ-** જો આત્મા ઉપયોગ સિવાય બીજું કાંઈ ન કરી શકતો હોય તો આ સંસાર મોક્ષ શા માટે ?

ઉત્તરઃ- ઉપયોગ સિવાય બીજું તો કાંઈ જ આત્મા કરી શકતો નથી. ચૈતન્યનો ઉપયોગ પર લક્ષ કરીને પરભાવમાં દ્રઢ કરે છે તે સંસાર છે અને જ્યારે સ્વતરફ લક્ષ કરીને સ્વમાં દ્રઢતાં કરે ત્યારે મુક્તિ છે કાં તો સ્વ તરફનો ઉપયોગ અને દ્રઢતા અથવા તો પર તરફનો ઉપયોગ અને દ્રઢતા એ સિવાય બીજું કાંઈ પણ અનાદિથી કોઈ જીવ કરી શકતો નથી અને અનંતકાળમાં કદી પણ કરી શકશે નહીં.

[ ૐ ] **પ્રશ્નઃ-** આત્મા જો માત્ર ઉપયોગ સિવાય કાંઈ નથી જ કરી શકતો તો શાસ્ત્રો શા માટે ?

**ઉત્તરઃ-** બાર અંગ અને ચૌદપૂર્વ એ બધાનો હેતુ માત્ર એક જ છે કે ચૈતન્યનો ઉપયોગ જે પરતરફ ઢળ્યો છે તેને સ્વતરફ વાળીને સ્વમાં દ્રઢતા કરવી. એ રીતે ઉપયોગ ફેરવવાની વાત છે- અને તે વાતને શાસ્ત્રોમાં અનેક પડખેથી સમજાવવામાં આવે છે.

[ ૐ ] **પ્રશ્નઃ-** સંસારી અને સિદ્ધની ક્રિયામાં શું ફેર ?

**ઉત્તરઃ- ચૈતન્યનો ઉપયોગ તે જ આત્માની ક્રિયા છે. નિગોદથી માંડીને સિદ્ધ ભગવાન સુધીના બધા જીવો ઉપયોગ જ કરી શકે છે- ઉપયોગ સિવાય બીજું કાંઈ કોઈ જીવ કરી શકતો નથી.** ફેર એટલો છે કે -નિગોદ વગેરે સંસારી જીવો પોતાનો ઉપયોગ પર તરફ કરીને પરભાવમાં એકાગ્ર થાય છે-જ્યારે સિદ્ધ ભગવાન પોતાના શુદ્ધ સ્વભાવમાં ઉપયોગ ઢાળીને સ્વભાવમાં એકાગ્ર થાય છે. **પરંતુ સિદ્ધ કે નિગોદ કોઈપણ જીવ ઉપયોગ સિવાય પરનું કાંઈ પણ કરી શકતો નથી.** સ્ત્રી-કુટુંબ-લક્ષ્મી કે દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે બધા પર છે-તેનું આત્મા કાંઈ કરી શકે નહીં. આત્મા માત્ર તે તરફનો શુભ કે અશુભ ઉપયોગ કરે. પરંતુ શુભ કે અશુભ એ બન્ને ઉપયોગ પર તરફના હોવાથી તેને 'અશુદ્ધ ઉપયોગ' અને સ્વ તરફનો ઉપયોગ તે 'શુદ્ધ ઉપયોગ' કહેવાય છે. **આ સંબંધમાં એવો સિદ્ધાત છે કે-પરલક્ષે બંધન અને સ્વલક્ષે મુક્તિ. જ્યાં પર લક્ષ થયું ત્યાં શુભભાવ હોય તો પણ એ અશુદ્ધ ઉપયોગ જ છે અને તે સંસારનું કારણ છે, અને સ્વલક્ષ હોય ત્યાં શુદ્ધોપયોગ જ છે અને તે મુક્તિનું કારણ છે.**

**( વર્ષ-૨, અંક-૭, સાલ ૨૦૦૧, ચૈત્રમાસ, પેઈજ નં. -૯૯ રાત્રી ચર્ચા તા. ૨૫/૧૨/૪૪ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## માત્ર ઉપયોગ બદલવાનો છે.

[ ૐ ] ધર્મમાં શું કરવાનું આવ્યું ? પ્રથમ, જડનું તો કાંઈ આત્મા કરતો નથી, અને જડમાં કાંઈ આત્માનો ધર્મ થતો નથી. અમુક પુણ્ય કર કે દાન કર કે ભક્તિ એમ પણ કહ્યું નહીં, કેમ કે તે બધાય વિકાર છે–ધર્મ નથી. પણ, **પોતાના ચૈતન્ય ઉપયોગને પર તરફ વાળીને ત્યાં લીન થઈ રહ્યો છે તે ઉપયોગને સ્વભાવ તરફ વાળીને ત્યાં જ લીન કરવાનો છે. 'પુણ્ય-પાપ મારાં' એવી માન્યતા કરીને પોતાના ઉપયોગને ત્યાં રોકી દીધો છે, તે જ અધર્મ છે; તે ઉપયોગને સ્વભાવમાં વાળીને 'શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વભાવ તે જ હું' એવી સ્વભાવ તરફથી શ્રદ્ધા જ પ્રથમ કરવાની છે. અને તે જ પહેલો ધર્મ છે. અને ત્યાર પછી પણ બહારમાં કાંઈ કરવાનું આવતું નથી. તેમજ વ્રત-તપાદિના શુભરાગ આવે તે પણ ધર્મીનું કર્તવ્ય નથી પરંતુ જે શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા કરી છે તે જ શુદ્ધ સ્વભાવમાં ઉપયોગને લીન કરવો તે જ સમ્યક્ચારિત્ર અને કેવળજ્ઞાનનો માર્ગ છે. ધર્મની શરૂઆતથી પૂર્ણતા સુધી એક જ ક્રિયા છે કે 'શુદ્ધાત્મ સ્વભાવમાં ચૈતન્ય ઉપયોગને લીન કરવો. ' એ સિવાય બીજી કોઈ ક્રિયા ધર્મમાં આવતી નથી. જેટલી સ્વભાવમાં લીનતા તેટલો ધર્મ છે, લીનતાની કચાશ તેટલો દોષ છે.** **( આત્મધર્મ અંક-૫૬, પેઈજ નં. -૧૪૯ )**

## શાંતિનો ઉપાય

[ ૐ ] ધર્મી જીવો આત્માના સ્વભાવને કેવો જાણે છે– તેની આ વાત ચાલે છે. જેણે ધર્મ કરવો હોય તેણે પોતાના જ્ઞાનમાં આત્માની યથાર્થ કિંમત જાણવી પડશે. જ્ઞાનમાં જેનો મહિમા લાગે તેમાં જ્ઞાન એકાગ્ર થાય. જો પરનો મહિમા કરીને ત્યાં જ્ઞાન એકાગ્ર થાય તો તે અધર્મ છે અને આત્માનો મહિમા સમજીને ત્યાં જ્ઞાન એકાગ્ર થાય તો તે ધર્મ છે. જે જીવોને વિષયોમાં કે લક્ષ્મી વગેરેમાં સુખબુદ્ધિ થઈ છે તે જીવ તેમાં એકાગ્ર થાય છે– જીવનને જોખમમાં મૂકીને પણ તે વિષયોમાં ઝંપલાવે છે... કેમકે તેને જ્ઞાનમાં તેનો મહિમા ભાસ્યો છે, તેમ આત્માનો સ્વભાવ અનંત સુખ સ્વરૂપ છે. પરથી જુદો છે – એ સ્વભાવનો મહિમા જો જ્ઞાનમાં સમજાય તો બધાયની દરકાર છોડીને જ્ઞાન પોતાના સ્વભાવમાં ઠરે અને સાચી શાંતિ પ્રગટે; એનું નામ ધર્મ છે. પરંતુ જ્ઞાનમાં જણાતાં શબ્દો, પદાર્થો વગેરેને જાણનારા અલ્પબોધ ( જ્ઞાન ) જેટલી જ આત્માની કિંમત કરે તો તે જ્ઞાન પર વિષયોમાં અને પર્યાયબુદ્ધિમાં જ અટકી જાય, પણ ત્યાંથી પાછું ખસીને પૂર્ણ સ્વભાવમાં વળે નહીં તો શાંતિ પ્રગટે નહીં.

**હે ભવ્ય ! તારે આત્માની શાંતિ પ્રગટ કરવી છે, તો તે શાંતિ પર વસ્તુમાંથી નહીં આવે, પર વસ્તુઓ સામે જોવાથી નહીં આવે, વિકાર કે ક્ષણિક પર્યાય સામે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જોવાથી પણ તે શાંતિ નહીં આવે, પણ તે બધાના લક્ષને છોડીને તારી વર્તમાન અવસ્થાને ત્રિકાળી જ્ઞાન સ્વભાવમાં એકાકાર કર, તો ત્રિકાળી સ્વભાવના આધારે અવસ્થામાં પરિપૂર્ણ શાંતિ પ્રગટ થાય.**

શબ્દ વગેરે વિષયોમાં જરા પણ જ્ઞાન નથી તેથી તેનાથી તો આત્મા જુદો છે અને આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન છે, આત્મા અને જ્ઞાન જરાય જુદા નથી, – આમ ભેદજ્ઞાન કરીને સ્વભાવ તરફ ઢળે તો સ્વભાવના આશ્રયે જીવને સમ્યક્‌મતિ–શ્રુતજ્ઞાન પ્રગટ થાય અને અલ્પકાળમાં ભવનો અંત આવે. **આ સિવાય જે મતિશ્રુતજ્ઞાન પર લક્ષે જ કાર્ય કરે તે મિથ્યાજ્ઞાન છે. સ્વલક્ષે સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યા વગર, કોઈ જીવ કષાય ઘટાડે તો તેને પાપાનુબંધી પુણ્ય બંધાય અને સાથે સાથે તે જ વખતે, આખા આત્મ સ્વભાવના અનાદરરૂપ મિથ્યાત્વથી અનંત પાપ બાંધે અને અનંતભવ વધારે.** **( આત્મધર્મ અંક-૬૩-૬૪, પેઈજ નં.-૯૦ )**

## જ્ઞાનનું કાર્ય

[ ૐ ] **ભેદ વિજ્ઞાનીના જ્ઞાનનું કાર્યઃ-**

ભેદ વિજ્ઞાની રસને જાણતા હોય ને અલ્પ રાગ થતો હોય, તે વખતે પણ જ્ઞાન સ્વભાવની એકતામાં જ તેનું જ્ઞાન કાર્ય કરી રહ્યું છે. રસ સાથે કે રાગ સાથે એકતાથી તેનું જ્ઞાન કાર્ય કરતું નથી. કોઈ સમયે સ્વભાવની એકતા છોડીને પરને જાણતા નથી, એટલે તેમને સમયે સમયે જ્ઞાનની શુદ્ધતા જ વધતી જાય છે.

[ ૐ ] **અજ્ઞાનીના જ્ઞાનનું કાર્યઃ-**

અજ્ઞાની જીવો સ્વભાવને ન માનતાં બહારમાં સુખ માને છે. રસને જાણતાં એકાકાર થઈ જાય છે કે આ રસમાં ભારે મજા પડી, ભારે સ્વાદ આવ્યો ! અરે ભાઈ ! શેની મજા ? તારા આત્મામાં મજા–સુખ છે કે નહીં. રસ તો જડ છે, શું જડમાં તારી મજા છે ? અને શું જડ રસ તારા આત્મામાં ગરી જાય છે ? તારી મજા તારું સુખ તો તારા જ્ઞાન સ્વભાવમાં છે. આખા જ્ઞાન સ્વભાવને, એક રસને જાણતાં જ્ઞાન ત્યાં જ –રાગ કરીને અટકી ગયું, તેને અજ્ઞાની જીવ રસનો સ્વાદ માને છે. પણ જ્ઞાન પરમાં ન અટકતાં, આત્મ સ્વભાવ તરફ વળતાં સ્વભાવનો અતીન્દ્રિય આનંદ આવે છે, તે જ સાચું સુખ છે. એ સિવાય બીજી કોઈ ચીજમાં સુખ નથી.

**( આત્મધર્મ અંક-૬૫, ફાગણમાસ, પેઈજ નં. -૯૩ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ખરેખર વ્યવહાર ક્યારે હોય ?

[ ॐ ] ધર્મની શરૂઆત કેમ થાય તેની આ વાત છે. સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર તે ધર્મના નિમિત્ત છે. તે નિમિત્તોને ઓળખીને કુદેવાદિ મિથ્યાત્વના નિમિત્તોની માન્યતા છોડે, તે જીવને દેવ–ગુરુ–શાસ્ત્રના લક્ષે જે મતિ–શ્રુતજ્ઞાન થાય તે પણ હજુ મિથ્યા મતિ–શ્રુત છે. સાચા દેવ–ગુરુ–શાસ્ત્રને કબુલ્યા તેણે હજી તો વ્યવહારથી વ્યવહરને માન્યો છે; **નિશ્ચય સ્વભાવના ભાન સહિત જે વ્યવહાર હોય તે જ ખરેખર વ્યવહાર છે, પણ નિશ્ચય સ્વભાવના ભાન વગરનો વ્યવહાર તે ખરેખર વ્યવહાર નથી પણ વ્યવહારથી વ્યવહાર છે. જો ત્રિકાળ સ્વભાવની પ્રતીતિ પ્રગટ કરી તે વ્યવહારનો નિષેધ કરે તો, જેને નિષેધ કર્યો તેને નિશ્ચયપૂર્વકનો વ્યવહાર કહેવામાં આવે છે. અને સ્વભાવના ભાનપૂર્વક તેને જાણે તો તે જ્ઞાનમાં વ્યવહારનય છે, પણ રાગને જ આદરણીય માને અથવા એકલા રાગના લક્ષે જ તેને જાણે તો તે જ્ઞાન તો મિથ્યાજ્ઞાન છે; તેને વ્યવહાર પણ કહેવાતો નથી.**

**[ ॐ ] સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, દયા-ભક્તિ વગેરે શુભ પરિણામ તથા દ્રવ્ય-ગુણ-પર્યાયની કે નવતત્ત્વની ભેદથી શ્રદ્ધા તે બધો વ્યવહાર છે, અને તેના તરફ ઢળનારું જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે. તે વ્યવહાર અને તે તરફ ઢળનારું જ્ઞાન તે મારું સ્વરૂપ નથી, એકરૂપ જ્ઞાયક સ્વભાવ તે હું છું- એમ મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવમાં ઢાળીને વ્યવહારથી જુદો પડે ને સ્વભાવમાં એકતા કરે ત્યારે પ્રમાણજ્ઞાન થાય છે અને તે જીવના મતિ-શ્રુતજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. આ મતિ-શ્રુતજ્ઞાન પણ અતીન્દ્રિય છે, તે કેવળજ્ઞાનનું કારણ છે. આ આત્મા પોતે ભગવાન કેમ થાય ? તેની આ રીત છે.**

**[ ॐ ] મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવમાં વાળીને દ્રવ્યમાં એકતા કરે તે નિશ્ચય છે, અને સ્વભાવની એકતાપૂર્વક સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ તે વ્યવહાર છે. વ્યવહારને જાણતા જે જ્ઞાન વ્યવહારમાં જ અટકી રહે તે જ્ઞાન વ્યવહારથી જુદું પડયું નથી, એટલે કે તેણે નિશ્ચય અને વ્યવહારને જુદા જાણ્યાં નથી, તેથી ત્યાં વ્યવહાર પણ સાચો હોતો નથી, જ્ઞાન વ્યવહારને જાણે, ખરું પણ વ્યવહારજ્ઞાન જેટલો આત્મા નથી એમ સમજી વ્યવહારથી જુદું પડી, અખંડજ્ઞાન સ્વભાવ તરફ વળે ત્યારે શ્રુતજ્ઞાન પ્રમાણ થાય છે અને ત્યારે જ નિશ્ચય તથા વ્યવહાર બન્નેનું સાચું જ્ઞાન હોય છે.**

જીવનું જે શ્રુતજ્ઞાન સાચા દેવ–ગુરુ–શાસ્ત્રને જાણે તે શ્રુતજ્ઞાન જેટલો જ આત્માને સ્વીકારે અને તેના ઉપર જ વલણ રાખ્યા કરે, પણ ત્રિકાળી જ્ઞાન સ્વભાવ તરફ ન વળે તો તે શ્રુતજ્ઞાન મિથ્યા છે; તેને નિશ્ચય અને વ્યવહાર જુદા ન રહ્યા, પણ ક્ષણિકને જ ત્રિકાળીરૂપ માની લીધું એટલે કે વ્યવહાર ને જ નિશ્ચય માની લીધો; તેને નિશ્ચય–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારનું સાચું જ્ઞાન નથી. ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરીને જે જ્ઞાન એમ સ્વીકારે કે 'આ દેવ–ગુરુ–શાસ્ત્રથી હું જુદો અને તેને જાણનાર ક્ષણિક જ્ઞાન છે તેટલો પણ હું નથી' તો તે સમ્યગ્જ્ઞાન છે અને તેને ત્રિકાળી સ્વભાવનું તેમ જ વર્તમાન પર્યાયનું એટલે કે નિશ્ચય– વ્યવહારનું સાચું જ્ઞાન છે. **( આત્મધર્મ અંક નં-૬૫ પેઈજ નં-૯૫ )**

## સ્વાશ્રિત જ્ઞાનથી ધર્મ -

[ ૐ ] જ્ઞાનથી આત્માનો ધર્મ કઈ રીતે થાય છે તેની આ વાત છે. ધર્મ ક્યાંય બહારમાં તો થતો નથી, ને આત્માના દ્રવ્યમાં કે ગુણમાં પણ થતો નથી, ધર્મ આત્માની વર્તમાન અવસ્થામાં થાય છે.

હવે જ્ઞાનની વર્તમાન અવસ્થા જો આકાશ વગેરે પરદ્રવ્ય તરફ લક્ષ કરે તો તે અવસ્થામાં ધર્મ થતો નથી. 'બધા દ્રવ્યો કરતાં આકાશદ્રવ્ય અનંતગણું વિશાળ છે' – એમ શ્રુતજ્ઞાનના વિકલ્પથી –રાગમાં એકતા કરીને જે જ્ઞાન ખ્યાલમાં લ્યે છે તે જ્ઞાનને પણ અચેતન પદાર્થો સાથે અભેદ ગણીને અચેતન કહ્યું છે. અને જે જ્ઞાન અવસ્થા આકાશ વગેરે પરદ્રવ્ય તરફના વિકલ્પથી છૂટી પડીને આત્માના સ્વભાવ તરફ વળે તે જ્ઞાન રાગરહિત છે, ચેતન સાથે અભેદ છે, તે જ્ઞાન જ ધર્મ છે;

અનંત એવા આકાશને લક્ષમાં લેવા છતાં જે જ્ઞાન પરાશ્રિત છે તે અચેતન છે; તેમ જ આત્માનું જે વર્તમાન જ્ઞાન દયા વગેરેના વિચારમાં અટકે તે પણ અચેતન છે. એક સમયના ભાવશ્રુતજ્ઞાનને સ્વભાવ તરફ વાળીને ત્રિકાળી આત્મ સ્વભાવની રુચિ કરતું જે જ્ઞાન પ્રગટે તે જ્ઞાન ત્રિકાળી ચેતન સાથે એક થયું, તેને અહીં ચેતન કહ્યું છે. **સ્વભાવનો આશ્રય કરીને આત્માને જાણે તો તે નિશ્ચય છે અને સ્વભાવના આશ્રય-પૂર્વક આકાશની અનંતતા વગેરેને જાણે તે વ્યવહાર છે.** એ રીતે બેહદ ચૈતન્ય સ્વભાવને લક્ષમાં લઈને તેનો આશ્રય કરે તેને જ અહીં યથાર્થ જ્ઞાન કહ્યું છે. અજ્ઞાનીના પરાશ્રિત જ્ઞાનને અહીં અચેતનમાં જ ગણ્યું છે.

રાગ ઘટાડીને શાસ્ત્રના આશ્રયે અગિયાર અંગને જાણે તો પણ તે જ્ઞાન માત્ર રાગનું ચક્ર બદલીને થયું છે, તે જ્ઞાનમાં સ્વભાવનો આશ્રય નથી પણ રાગનો આશ્રય છે, તેથી તે અગિયાર અંગનું જ્ઞાન પણ અનાદિની જાતનું જ છે. આત્મ સ્વરૂપની રુચિ કરીને તેમાં સમાધિ–એકાગ્રતા વડે જ જ્ઞાન પ્રગટે તે અપૂર્વ છે, મોક્ષનું કારણ છે. ભલે શાસ્ત્ર વગેરે પરનું બહુ જાણપણું ન હોય તો પણ સ્વભાવના આશ્રયે થયેલું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે ને તે કેવળજ્ઞાનનું કારણ છે.

હવે વિચારો કે, કેટલા બહારના કારણે આત્માનું જ્ઞાન પ્રગટે ? બાહ્ય પદાર્થોના જ્ઞાનથી કે તે તરફના શુભરાગથી ચૈતન્ય સ્વરૂપ આત્માનું જ્ઞાન થાય નહીં. આત્મા તરફ વળે તો જ આત્માનું જ્ઞાન થાય. **જીવ કરતાં પુદ્ગલ-પુદ્ગલ કરતાં કાળના**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમયો અને તેનાં કરતાં આકાશના પ્રદેશો અનંતગુણા છે તેનો ખ્યાલ પરલક્ષે કરે, પણ તે બધાયને ખ્યાલમાં લેનાર પોતાનો ચૈતન્ય સ્વભાવ કેવો છે તેનો ખ્યાલ ન લ્યે તો એકલા પર લક્ષે થયેલો જ્ઞાનનો ઉઘાડ કાયમ નહીં ટકે. આત્માનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે, પોતાના ચૈતન્ય સ્વભાવના યથાર્થ જ્ઞાન વગર પરનું જ્ઞાન યથાર્થ થશે નહીં, અને એવા જ્ઞાનથી આત્માને સુખ કે ધર્મ થાય નહીં..**

બધા દ્રવ્યોમાં આકાશની પ્રદેશ સંખ્યા અનંત છે, પણ આત્મ-સ્વભાવનું જ્ઞાન સામર્થ્ય તેનાથીયે અનંતું છે; કેમકે અનંત આકાશને જાણે એવું જ્ઞાનના એક પર્યાયનું સામર્થ્ય છે, એવા અનંત પર્યાયોનો પિંડ એક જ્ઞાનગુણ છે અને એવા જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય વગેરે અનંતગુણો આત્મામાં છે. **એવા ચૈતન્ય સ્વભાવની અનંતતા લક્ષમાં લેતાં જ્ઞાનની સ્વ તરફની અનંતગણી દશા ખીલી. આકાશની અનંતતા કરતાં ચૈતન્યની અનંતતા અનંતગણી છે તેથી આકાશને લક્ષમાં લેનાર જ્ઞાન કરતાં, ચૈતન્યને લક્ષમાં લેનાર જ્ઞાનમાં અનંતગણું સામર્થ્ય છે. અને એવા અનંત ચૈતન્ય સામર્થ્યનું જ્ઞાન કરતાં સમ્યક્ પુરુષાર્થ ખીલ્યો છે. આકાશની અનંતતા લક્ષમાં લેનારું જ્ઞાન પર પ્રકાશક છે, તેનો મહિમા નથી અને ખરેખર મોક્ષમાર્ગમાં તે સહાયકારી નથી. જે જ્ઞાન સ્વભાવને પકડીને એકાગ્ર થાય તે જ્ઞાનનો મહિમા છે ને તે મોક્ષમાર્ગરૂપ છે.**

**અહીં પર તરફના જ્ઞાનનો નિષેધ કરતાં ખરેખર તો વ્યવહારનો અને પર્યાયબુદ્ધિનો જ નિષેધ કરીને તેનો આશ્રય છોડાવ્યો છે. આ જ રીતે ધર્મ થાય છે.** આમાં પાપ ભાવની વાત નથી અને રાગ ઘટાડીને પુણ્ય-કરતાં-કરતાં ધર્મ થઈ જશે એમ કોઈ માને તો તેને ધર્મ હરામ છે- એટલે કે જરા પણ ધર્મ થતો નથી, પણ મિથ્યાત્વના પાપની પુષ્ટિ કરતાં કરતાં તેના પર્યાયમાં નિગોદ દશા થાય છે.

દ્રવ્યોની સંખ્યામાં પુદ્‌ગલ દ્રવ્યો સૌથી અનંતા છે. ક્ષેત્રથી આકાશ દ્રવ્ય બધા કરતાં અનંતગણું છે, અને ભાવથી ભગવાન આત્માના જ્ઞાનની અનંતતા છે. બધા પદાર્થોની **અનંતતાને જાણનારું આત્માનું જ્ઞાન જ છે. તે જ્ઞાનનો જ મહિમા છે. જ્ઞાન સ્વભાવની અનંતતાનો મહિમા જાણીને તેમાં જે જ્ઞાન વળ્યું તે જ્ઞાન આત્માના કલ્યાણનું કારણ છે. છ દ્રવ્યોના સ્વભાવનું યથાર્થ વર્ણન સંપૂર્ણ સર્વજ્ઞદેવના માર્ગ સિવાય બીજે ક્યાંય નથી; અને તે છ દ્રવ્યોનો તથા તેને જાણનાર પોતાના જ્ઞાન સ્વભાવનો યથાર્થ સ્વીકાર કરનાર સર્વજ્ઞદેવના અનુયાયી સમ્યગ્દ્રષ્ટિ સિવાય બીજું કોઈ નથી.**

**આકાશની અનંતતા વગેરે છ એ દ્રવ્યોને રાગરહિત ખ્યાલમાં લ્યે તેટલો ઉઘાડ તો અજ્ઞાનમાં પણ હોય છે. બધા દ્રવ્યોમાં આકાશ અનંતગુણા પ્રદેશવાળું છે- એવું તો મિથ્યા શ્રુતજ્ઞાન પણ ખ્યાલમાં લે છે.** પરંતુ પર પદાર્થોનું ગમે તેટલું જાણપણું કરે તે આત્માને જાણવામાં કાર્યકારી થાય નહીં. **પોતાના સ્વભાવના સ્વીકાર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિનાનું જેટલું પરનું જ્ઞાન હોય તે બધું અચેતન છે. ચેતન તો તેને કહેવાય કે જે ત્રિકાળી જ્ઞાન સ્વભાવને સ્વીકારીને તેમાં અભેદ થાય. ચૈતન્યથી ભેદ પાડીને પરમાં અભેદપણું માને તો તે જ્ઞાનચેતનાનું વિરોધી છે.**

આકાશ તે જડ દ્રવ્ય છે ને તેનામાં જ્ઞાન નથી, એવું તો સામાન્યપણે ઘણા જીવો માને; પણ અહીં માત્ર આકાશનું જ અચેતનપણું સાબિત નથી કરવું પણ આચાર્યદેવે અહીં ગૂઢ ભાવો ભર્યા છે; **એકલા આકાશ તરફનું જ્ઞાન પણ અચેતન છે- એમ કહીને ત્રિકાળી આત્મસ્વભાવ સાથે જ્ઞાનની એકતા જણાવે છે; એટલે વર્તમાન જ્ઞાનમાં પરનો અને પર્યાયનો પણ આશ્રય છોડીને ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરવાનું જણાવ્યું છે.**

જે જીવે કુદેવ–કુગુરુ–કુશાસ્ત્ર–કુતીર્થની માન્યતા છોડી દીધી છે અને જૈનના નામે પણ જે કલ્પિત મિથ્યા માર્ગ ચાલે છે તેની શ્રદ્ધા છોડીને સાચા દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધા ઓળખાણ કરી છે અને તેમણે કહેલા આકાશ વગેરે દ્રવ્યોના વિચારમાં જ અટકી રહ્યો છે પણ પોતાના સ્વભાવ તરફ વળતો નથી એવા પાત્ર જીવને માટે અહીં ઉપદેશ છે કે– હે જીવ ! પરદ્રવ્યો તરફ વળીને રાગ સહિત જે જ્ઞાન જાણે તે તારું સ્વરૂપ નથી, **પણ ચૈતન્ય સ્વભાવમાં વળીને જે અવસ્થા ચૈતન્ય સ્વભાવમાં અભેદ થઈને સ્વપરને જાણે તે તારું સ્વરૂપ છે. ચૈતન્ય સ્વભાવમાં વળી ને તેમાં લીન થયેલો પર્યાય તે જ ચૈતન્યનું સર્વસ્વ છે.**

**અહો ! અનંત આકાશને ખ્યાલમાં લેનાર એવા જ્ઞાનને પણ જે જીવ 'અચેતન' સ્વીકારશે તે જીવ રાગ-દ્વેષને પોતાના કેમ માનશે ? ને તેનાથી ધર્મ કેમ માનશે ? પરમાં ક્યાંય સુખ કેમ માનશે ? ને પરનો કર્તા પોતાને કેમ માનશે ? એ જીવ તો પોતાના જ્ઞાન પર્યાયનો આશ્રય પણ છોડીને પોતાના પરિપૂર્ણ સ્વભાવ તરફ વળીને તેમાં લીન થશે. અહો, આવા ભગવાન ચૈતન્ય સ્વભાવના સ્વીકારમાં કેટલો પુરુષાર્થ છે ! પોતાના મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવમાં એક કરીને સ્વભાવના આશ્રયે હું જ્ઞાતા-દૃષ્ટા છું એમ જેણે સ્વીકાર્યું તેની જ્ઞાન ચેતના જાગૃત થઈ તે આત્મા પોતે જાગૃત થયો, સાધક થયો અને હવે અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાનો છે.**

**( આત્મધર્મ અંક-૯૮, પેઈજ નં.-૧૪૧-૧૪૨ )**

---

**અગિયાર અંગનું જ્ઞાન અનંતવાર કર્યું પણ એ પરનું જ્ઞાન છે. એ જ્ઞાન પરજ્ઞેયમાં નિમગ્ન છે. પરજ્ઞેયમાં નિમગ્ન છે; એ શું કહ્યું પ્રભુ ? અગિયાર અંગમાં કરોડો, અબજો શ્લોકો તેના જ્ઞાનની પર્યાયમાં જણાયા છતાં એ ( જ્ઞાન ) પર જ્ઞેય છે. કેમકે તેમાં સ્વજ્ઞેય ભગવાન આત્મા આવ્યો નહીં.**

**( પ્રવચન સુધા ભાગ-૧, પેજ-૧૬૮ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પરના કર્તૃત્વના મહાઅહંકારરૂપ અજ્ઞાનાંધકાર એવો જે અજ્ઞાનીનો પ્રતિભાસ તે- 'વ્યવહાર'

[ ૐ ] **પ્રશ્નઃ-** શાસ્ત્રોમાં 'વ્યવહાર' શબ્દ ઘણે ઠેકાણે વાપરવામાં આવે છે તેનો અર્થ શું છે?
**ઉત્તરઃ-** વ્યવહાર શબ્દના ઘણાં અર્થ થાય છે; તેમાં 'અજ્ઞાનીની પરના કર્તૃત્વની ખોટી માન્યતા ( પ્રતિભાસ ) તે 'વ્યવહાર' એવો એક અર્થ થાય છે.

[ ૐ ] **પ્રશ્નઃ-** વ્યવહારનો જે અર્થ કર્યો તે બરાબર સમજાય તે માટે વિશેષ સ્પષ્ટ કરો.
ઉત્તરઃ- ખરેખર જીવની પ્રવૃત્તિ ( ક્રિયા ) અને જડ પદાર્થોની ( ક્રિયા ) ભિન્ન- તદ્દન જુદી છે; પણ જીવ સાચું જ્ઞાન પ્રગટ ન કરે ત્યાં સુધી તે સ્થૂળ દૃષ્ટિથી જુએ છે અને તેથી તેમની પ્રવૃત્તિ જુદી જુદી હોવા છતાં એક જેવી દેખાય છે. અજ્ઞાન દશામાં જીવને જીવ અને જડ પદાર્થોનું ભેદજ્ઞાન ( સાચું જ્ઞાન ) નહીં હોવાથી ઉપલક દૃષ્ટિએ ઉપરછલું જેવું દેખાય તેવું ( ઊંડો વિચાર કર્યા વગર ) તે માની લે છે, અને તેથી તે એમ માને છે કે જીવ જડકર્મને કરે છે અને ભોગવે છે; શ્રીગુરુ ભેદજ્ઞાન કરાવી જીવનું સાચું સ્વરૂપ બતાવીને અજ્ઞાનીના એ પ્રતિભાસને "વ્યવહાર" કહે છે.

[ ૐ ] **પ્રશ્નઃ-** આ મહાઅહંકારને ટાળવાનો ઉપાય શું છે?
**ઉત્તરઃ-** આ મહાઅહંકારરૂપ અજ્ઞાનાંધકાર તે અજ્ઞાનીનો પ્રતિભાસ છે, તેથી તેને વ્યવહાર કહેવામાં આવે છે. માટે વ્યવહારને જેમ છે તેમ જાણી તેનો આશ્રય છોડવાથી અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહીં એમ નક્કી કરી પોતાના ત્રિકાળી ધ્રુવ સ્વભાવનો આશ્રય લેવાથી તે મહાઅહંકારરૂપ અજ્ઞાનાંધકાર ટળી શકે છે.

---

# ભેદ સંવેદન

[ ૐ ] **અજ્ઞાનીની દશા**

આત્માની ભેદ સંવેદનની ( ભેદજ્ઞાનની ) શક્તિ અનાદિથી અજ્ઞાનને લીધે બિડાઈ ગયેલી છે. તેથી પરને અને પોતાને એકપણે તે જાણે છે. "હું ક્રોધ છું, હું પરદ્રવ્ય છું, હું પરદ્રવ્યની ક્રિયા કરી શકું છું, પરદ્રવ્ય મારું કરી શકે છે," ઇત્યાદિ ખોટા વિકલ્પો ( કલ્પિત તરંગો ) કર્યા કરે છે. પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું ભેળસેળપણું કલ્પી, તેનો એકરૂપ તે અનુભવ કરે છે; અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન સ્વભાવથી તે અનાદિથી ભ્રષ્ટ થયેલો છે. તે કારણે વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમે છે, અને પોતાને પરનો અને પરભાવનો ( ક્રોધાદિનો ) કર્તા પ્રતિભાસે છે.

[ ૐ ] **જ્ઞાનીની દશા**

ભેદ સંવેદનની ( ભેદજ્ઞાનની ) શક્તિ જ્ઞાનીને ઉઘડી ગઈ હોય છે. આત્મા જ્ઞાની થાય ત્યારે જ્ઞાનને લીધે જ્ઞાનની આદિથી માંડીને પુદ્‌ગલ કર્મ અને પોતાનો ભિન્ન-ભિન્નપણે અનુભવ કરે છે, અને એકરૂપે અનુભવ કરતો નથી. બન્નેનાં પૃથક્-પૃથક્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાદનું સ્વાદન ( અનુભવન ) તેને હોય છે, તેથી તે જાણે છે કેઃ– "અનાદિ નિધન, નિરંતર સ્વાદમાં આવતો, સમસ્ત અન્ય રસથી વિલક્ષણ ( ભિન્ન ) અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે એવો હું આત્મા છું." વળી તે જાણે છે કે "કષાયો મારાથી ભિન્ન રસવાળા ( કષાયલ– બે સ્વાદ ) છે, તેમની સાથે જે એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાન છે." આ રીતે પરને અને પોતાને જ્ઞાની ભિન્નપણે જાણે છે.

તેથી અકૃત્રિમ ( નિત્ય ) એક જ્ઞાન જ હું છું; પરંતુ કૃત્રિમ ( અનિત્ય ) અનેક જે, ક્રોધાદિ તે હું નથી એમ જાણતો થકો "હું ક્રોધ છું." ઇત્યાદિ આત્મ વિકલ્પ જરાપણ કરતો નથી; તેથી સમસ્ત કર્તૃત્વને પ્રથમ દૃષ્ટિમાં છોડી દે છે અને ક્રમે ક્રમે ચારિત્રમાં છોડી દે છે.

એ રીતે સદાય ઉદાસીન અવસ્થાવાળો થઈને માત્ર જાણ્યા જ કરે છે, અને તેથી નિર્વિકલ્પ; અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન થયો થકો અત્યંત અકર્તા પ્રતિભાસે છે.

જ્ઞાનીની ઉપર કહી તેવી દશા અવિરત સમ્યગ્દૃષ્ટિથી શરૂ થાય છે.

**( આત્મધર્મ અંક ૯, પેઈજ નં. -૧૫૫-૧૫૬ )**

## જાણનારને જાણવાની પર્યાયમાં પ્રત્યક્ષ જાણવો એ તારો સ્વતઃ સિદ્ધ સ્વભાવ છે.

[ ૐ ] જે જ્ઞાન પરને પ્રત્યક્ષ કરે છે કે આ રાગ છે, કર્મ છે, શરીર છે, ઘટ છે, પટ છે, તો તે જ્ઞાન સ્વને પ્રત્યક્ષ કેમ ન કરી શકે ? જે જ્ઞાનની પર્યાય પરને 'આ છે' તેમ જાણવામાં કામ કરી શકે તે જ્ઞાનની પર્યાય જાણવાવાળો 'હું છું' એમ સ્વનું કામ કેમ ન કરી શકે ? આત્માની વર્તમાન દશા 'આ ઘટ છે, પટ છે, મકાન છે, પરમેશ્વર છે, મંદિર છે' તેમ તેને પ્રત્યક્ષ જ્ઞાનમાં જાણે છે કે નહીં ? કે કોઈના આશ્રયે જાણે છે ? એ જ્ઞાનની દશા સ્વમાં વળે તો પોતાને પ્રત્યક્ષ કરે. કેમ કે પર્યાયમાં આત્મા જણાય છે. જ્ઞાનની વર્તમાન દશા પરને જાણવામાં પ્રત્યક્ષ કરે છે– જાણે છે કે આનું અસ્તિત્વ છે, 'આ છે, આ છે' એમ પરને જાણનારી પર્યાય શું સ્વના અસ્તિત્વને સિદ્ધ ન કરી શકે ? જે જ્ઞાનની પર્યાય પરને પ્રત્યક્ષ કરે તે સ્વને પ્રત્યક્ષ કેમ ન કરે ? **કારણકે સ્વનો પ્રકાશક એ તો તેનો મૂળ સ્વભાવ છે. સ્વના પ્રકાશક વિનાનો એકલો પરનો પ્રકાશક એ તો એનો મૂળ સ્વભાવ પણ નથી.**

ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુની પર્યાયનો સ્વભાવ સ્વ–પર પ્રકાશક છે, તે પોતાના અસ્તિત્વથી છે, તેથી પર પ્રકાશનું જે જ્ઞાન પોતાનામાં રહીને પરની પ્રત્યક્ષતા કરે છે– આ પરનું અસ્તિત્વ છે એમ માને છે તે જ્ઞાન પોતાના સ્વભાવને જાણતાં પર્યાયમાં આત્મા જ જાણવામાં આવે છે એવો નિર્ણય કેમ ન કરી શકે ? પાપનો રાગ આવે છે તેને જાણે છે કે નહીં ? જેમ છે તેમ જાણે છે કે નહીં ? કે આ રાગ છે તેને એમ માને છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે આ રાગ છે, તેને એમ માને છે કે આ જિનપ્રતિમા છે ને જિન પ્રતિમાને જાણતાં એમ માને છે કે આ રાગ છે, પરને જેમ છે તેમ જાણે છે. હવે પરને જેમ છે તેમ જાણતું જ્ઞાન પર વસ્તુનું નથી.... પણ પોતાની પર્યાયનું જ્ઞાન છે, તે પરને તેના અસ્તિત્વથી જાણે છે તો તે જ્ઞાનની પર્યાય જેની છે તેના અસ્તિત્વથી તેનો નિર્ણય કેમ ન કરી શકે?

જે તારી દશા પરને જાણવાનું પ્રત્યક્ષ કરે છે તો એ જ્ઞાન સ્વને જાણવામાં સ્વ-પ્રત્યક્ષ ન થાય એમ કેમ બને? જેને પરને જાણવાની તાકાત છે, જે જ્ઞાનની પર્યાય પરને પ્રત્યક્ષ કરીને જાણે છે તે જ્ઞાન સ્વને પ્રત્યક્ષ કરીને કેમ ન જાણે? **તારી શક્તિ, તારો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે તો પર્યાયમાં પણ સ્વ-પર પ્રકાશકપણું છે કે નહીં? પરને પ્રકાશવું પ્રત્યક્ષ દેખાય છે તો ત્રિકાળી જ્ઞાયક છું એમ સ્વનો નિર્ણય કેમ ન કરી શકે?** તારી જ્ઞાન દશામાં એકલું પર પ્રત્યક્ષ થાય છે તે તો થયું; કેમકે જ્ઞાનનો સ્વભાવ તો સ્વ-પર પ્રકાશક છે.

ખરેખર તો સ્વને જાણવું એવો ગુણ છે અને સાથે પર જણાય જાય છે. શ્રી સમયસાર શાસ્ત્રની ગાથા-૧૭-૧૮ માં કહ્યું છે કે જ્ઞાનની વર્તમાન પર્યાય છે તેમાં જ્ઞાયક જાણવામાં આવે છે પણ આ પર્યાય જ્ઞાયકને જાણે છે એવી દૃષ્ટિ નથી; પણ તે પર્યાય પરને જાણે છે એવી દૃષ્ટિ છે, ઘટ-પટ-સ્ત્રી-કુટુંબ-વેપાર-ધંધાને પર્યાય જાણે છે ત્યાં તેની દૃષ્ટિ છે, તે જૂઠી દૃષ્ટિ છે, તેમાં પર ઉપર લક્ષ જાય છે તેથી જ્ઞાયક જણાતો નથી.

જગતની સ્થૂળ વસ્તુ તથા સ્થૂળ એવા શુભાશુભ ભાવોને, તેમાં એકમેક થયા વિના જેમ છે તેમ જાણવામાં જે સૂક્ષ્મજ્ઞાન 'પરનું અસ્તિત્વ છે' તેમ જાણે છે, તો તે જ્ઞાનની પર્યાય સ્વને જાણવામાં સ્વનું અસ્તિત્વ કેમ ન જાણી શકે? પરનું, રાગાદિનું જ્ઞાન કરે તે જ જ્ઞાનની પર્યાય પોતાનું જ્ઞાન કરી શકે તેમાં શું છે! અર્થાત્ કરી જ શકે. ભગવાન આત્મા પોતાના પુરુષાર્થથી જ્ઞાનને ને પરને જાણે છે, કેમ કે સાથે વીર્યશક્તિ છે. જ્ઞાનમાં પરને જાણવાની સહજ શક્તિ છે, તો એ જેની પર્યાય છે તેને જાણવાની તો સહજ શક્તિ છે જ. પરંતુ પરનું જાણવું સહેલું છે ને સ્વનું જાણવું કઠિન છે તેમ તે માને છે. પરને જાણવાવાળાની પર્યાય પરને પ્રત્યક્ષ કરે છે કે-આ છે છે છે, તો તે પર્યાય પોતાના અસ્તિત્વને પ્રત્યક્ષ કેમ ન કરી શકે? જરૂર કરી શકે, પણ સ્વનું મહાત્મ્ય આવવું જોઈએ, થોડું વિચાર-મંથન કરવું જોઈએ.( પૂ. ગુરુદેવશ્રીના આત્મજ્ઞાન પ્રેરક હૃદયોદગાર તા. ૨૬-૨-૭૭ ) **( આત્મધર્મ અંક -૪૮૪, પેઈજ નં. ૨૫-૨૬ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# - જ્ઞાન સ્વભાવનો નિર્ણય -

**જેમ કેવળજ્ઞાની ભગવાનનો આત્મા જ્ઞાનમાત્ર છે, તેમ હું પણ જ્ઞાનમાત્ર છું- આમ નિર્ણય કરીને પોતાના જ્ઞાન સ્વભાવને જ સ્વજ્ઞેય કરતાં આત્માની સમ્યક્‌શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન પ્રગટયા, ત્યારે તે જ્ઞાનમાં નિમિત્ત વગેરે વ્યવહારે જ્ઞેય થયાં; સ્વ સન્મુખ વળતાં જ્ઞાન સામર્થ્ય પ્રગટયું ત્યારે 'આ નિમિત્ત હતું' એમ નિમિત્તને વ્યવહારે જ્ઞેય બનાવ્યું. જ્ઞાન જ પ્રગટ ન કરે તો જ્ઞાન વગર જ્ઞેય કોનું ? નિમિત્ત છે તે કર્તાતો નથી પણ અજ્ઞાનીને તો નિમિત્ત ખરેખર જ્ઞેય પણ નથી. કેમકે જ્ઞાન વગર જ્ઞેય કોનું ?**

જેમ લોકાલોક તો સદાય છે, પણ જ્યારે કેવળજ્ઞાન પ્રગટ કર્યું ત્યારે લોકાલોક તેના જ્ઞેય થયા. કેવળજ્ઞાન થયા પહેલાં લોકાલોક તેનું જ્ઞેય ન હતું. પણ સ્વાશ્રયે કેવળજ્ઞાન થયું ત્યારે તે તેનું જ્ઞેય થયું. તેમ નીચલી દશામાં પણ ખરેખર તો રાગાદિ અને નિમિત્તો તે જ્ઞાનનું જ્ઞેય જ છે, પણ ખરેખર તેને જ્ઞાનનું જ્ઞેય ક્યારે કહેવાય ? હું રાગ અને નિમિત્તોથી ભિન્ન છું- **એમ સ્વસન્મુખ થઈને જો આત્માનું જ્ઞાન પ્રગટ કરે તો તે જ્ઞાન રાગ અને નિમિત્તને પરજ્ઞેય તરીકે યથાર્થ જાણે, અને ત્યારે તેને જ્ઞેય કહેવાય. રાગાદિ કે નિમિત્તનો જ્ઞાન કર્તા તો નથી પણ અજ્ઞાનીને તો ખરેખર જ્ઞાનનું જ્ઞેય પણ નથી, કેમકે તેનામાં સ્વાશ્રિત જ્ઞાન જ ખીલ્યું નથી, તેનું જ્ઞાન રાગમાં જ એકાકાર થઈ જતું હોવાથી; રાગને જ્ઞેય કરવાની તાકાત જ તેના જ્ઞાનમાં ખીલી નથી. રાગથી જુદો પડયા વગર રાગને જ્ઞેય કરવાની જ્ઞાનની તાકાત ખીલે નહીં. રાગ અને નિમિત્તથી ભિન્ન આત્મ સ્વભાવને જાણ્યા વગર રાગને રાગ તરીકે અને નિમિત્તને નિમિત્ત તરીકે જાણશે કોણ ? જાણનારું જ્ઞાન તો રાગ અને નિમિત્તની રુચિમાં અટકી પડયું છે. આત્માની રુચિ તરફ વળ્યા વગર અને રાગ તથા નિમિત્તની રુચિ ટળ્યા વગર નિમિત્તનું અને વ્યવહારનું સાચું જ્ઞાન થાય નહીં. જ્યારે સ્વાશ્રયે જ્ઞાન સ્વભાવની પ્રતીત કરી ને જ્ઞાન સ્વભાવને જ સ્વજ્ઞેય કર્યો ત્યારે સ્વપર પ્રકાશક જ્ઞાન સામર્થ્ય ખીલતાં નિમિત્ત વગેરે પણ તેનાં વ્યવહારે જ્ઞેય થયાં.**

હે ભાઈ ! પહેલાં હું સત્ય જ્ઞાન સ્વભાવ છું–એમ પ્રીતિ કરીને હા તો પાડ. તારા જ્ઞાન સ્વભાવને પુણ્ય–પાપના વિકલ્પ પણ ખરેખર તો જ્ઞેયપણે જ છે. પણ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિમાં તેની સાથે કર્તાકર્મપણું માન્યું હતું ત્યારે તે યથાર્થપણે જ્ઞેય થતાં ન હતાં. હવે **સ્વસન્મુખ** રુચિથી સ્વભાવને જાણતાં તારા જ્ઞાનમાં તે જ્ઞેય થયું. આવો **જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતા શુદ્ધતા પ્રગટે છે અને અશુદ્ધતા તથા કર્મ સહેજે ટળતા જાય છે; તેનું નામ નિર્જરા છે.**

**( આત્મધર્મ અંક -૮૨, પેઈજ નં. -૨૦૬ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# આત્મા કેમ જણાય ?

## ( જિજ્ઞાસુ શિષ્યના હૃદયનો પ્રશ્નઃ અનુભવની તીવ્ર લગની )

[ ૐ ] પ્રશ્નઃ– આત્મા કેમ જણાય ?

ઉત્તરઃ– આત્મા તરફના જ્ઞાનથી આત્મા જણાય.

[ ૐ ] પ્રશ્નઃ– આત્મા તરફનું જ્ઞાન કેવું છે ?

ઉત્તરઃ– આત્મા તરફનું જ્ઞાન રાગ વગરનું, વીતરાગ સ્વસંવેદનરૂપ છે.

[ ૐ ] પ્રશ્નઃ– આત્મા કેવો છે ?

ઉત્તરઃ– આત્મા દેહાદિથી પાર, વિકલ્પોથી પાર, સદાય જ્ઞાન–આનંદ સ્વભાવરૂપ છે. જેવા સિદ્ધપ્રભુ છે તેવા સ્વભાવથી ભરેલો આત્મા છે. આવા આત્મસ્વરૂપનું સ્વસંવેદન કરે ત્યારે જ આત્મા સમ્યક્પણે જણાય છે. પર તરફનું જ્ઞાન કે રાગાદિ ભાવો તેનાથી આત્મા જણાતો નથી.

પ્રભાકરભટ્ટ, એટલે કે આત્મજ્ઞાનનો જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે હે સ્વામી ! આ આત્મા જે જ્ઞાનથી મને શીઘ્ર જણાય એવું જ્ઞાન જ મારામાં પ્રકાશિત કરો; એના સિવાય બીજા અનેક પરભાવોથી કે બીજા જાણપણાથી મારે કાંઈ પ્રયોજન નથી. મને મારા આત્માનો અનુભવ થાય–એ સિવાય બીજું કાંઈ મારે જોઈતું નથી. માટે ક્ષણમાત્રમાં એ અનુભવ કેમ થાય–તે જ મને બતાવો.

ज्ञानं प्रकाशय परमं मम किं अन्येन बहुना।
येन निजात्मा ज्ञायते स्वामीन् एक क्षणेन्।।१०४।।

આત્માના જ્ઞાન સિવાય સમસ્ત બાહ્ય વૃત્તિઓનો મહિમા શિષ્યને ઊડી ગયો છે. અરે, આત્મજ્ઞાન વિના જીવને સંસારમાં કોઈ ઠેકાણે જરાય સુખ નથી. આનંદની પ્રાપ્તિ આત્મજ્ઞાન વડે જ થાય છે, એમ અંતરમાં વિચારીને વિનયપૂર્વક ગુરુ પાસે તેની જ માંગણી કરે છે કે હે સ્વામી ! મારે બીજા વિકલ્પોનું કાંઈ પ્રયોજન નથી, મારે તો આત્મજ્ઞાન જે રીતે થાય તે જ ઉદ્યમ કરવો છે. માટે શીઘ્ર આત્મજ્ઞાન થાય એવો ઉત્તમ ઉપદેશ આપો.

જુઓ, આ શિષ્યની જિજ્ઞાસા ! જગતની બીજી જિજ્ઞાસા છૂટીને, જેને આત્માના જ્ઞાનની જિજ્ઞાસા જાગી તેના અંતરમાંથી આવો પ્રશ્ન ઊઠે છે; એટલે શુદ્ધાત્મા સિવાય બીજું કાંઈ તેને ગમતું નથી. એક જ રટણ છે કે હું મારા આત્માને જાણું, અને તે પણ ક્ષણમાત્રમાં જાણું–એમ તીવ્ર લગની છે.

આવા આત્મ–અભિલાષી શિષ્યને સમજાવે છે કે હે શિષ્ય ! જે જ્ઞાન છે તેને જ તું આત્મા જાણ. આત્મા જ્ઞાનપ્રમાણ છે. અહીં 'જ્ઞાન' કહેતા તેમાં રાગાદિ પરભાવ ન આવે; આ સમસ્ત પદાર્થોને જાણનારું જે જ્ઞાન છે, તે જ્ઞાન કોનું છે ? જ્ઞાનમાં કોણ વ્યાપેલું છે ? જ્ઞાનમાં વ્યાપેલો જે પદાર્થ છે તે જ આત્મા છે, તે જ તું છો. જ્ઞાન સાથે જેને **તન્મયતા** છે તે જ આત્મા છે એમ તું જાણ. 'જ્ઞાન' ને લક્ષમાં લેતાં ક્ષણમાત્રમાં આત્મા જણાય છે; તેમાં એકદમ નિરાકૂળ શાંતિ ને આનંદનું વેદન છે. જ્ઞાનથી ભિન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ આત્મા નથી. રાગ વગરનો આત્મા અનુભવમાં આવે છે, પણ જ્ઞાન વગરનો આત્મા કદી અનુભવમાં આવતો નથી. આ રીતે જ્ઞાનસ્વરૂપ આત્મા એક ક્ષણમાં અંતર્દ્રષ્ટિથી દેખાય છે. આ રીતે જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે પોતાના જ્ઞાનભાવ વડે અનુભવમાં આવે છે. આવો અનુભવ અતીન્દ્રિય-આનંદ સહિત હોય છે. પરભાવનો અભ્યાસ છોડીને સ્વભાવના વારંવાર અભ્યાસ વડે આવો અનુભવ થાય છે. જ્ઞાનને પરભાવથી ભિન્ન કરીને અંતરમાં વાળતાં ક્ષણમાત્રમાં આત્મસ્વભાવ પ્રગટ અનુભવમાં આવે છે. **( આત્મધર્મ અંક-૨૫૮, પેઈજ નં. ૨૭/૨૮ )**

## – એક જ્ઞાનાકારરૂપ જીવ –

[ ૐ ] અહીં કહે છે કે વળી તે કેવો છે ? કે જીવદ્રવ્યમાં એટલું સામર્થ્ય છે કે પોતાને ને પરને જાણવા છતાં એક જ્ઞાનરૂપ રહ્યો છે. અનેક જ્ઞેયોને જાણવા છતાં તે જ્ઞેયરૂપ થયો નથી. અનેક જ્ઞેયોને જાણવા છતાં એક જ્ઞાનરૂપ તે રહ્યો છે. જેમાં અનેક ભાવો પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ વસ્તુ છે. પરને જાણતાં પરરૂપે તો નહીં, પરને લઈને તો નહીં પણ પોતાના જ્ઞાનના અસ્તિત્વને લઈને એકરૂપ રહીને જાણે છે. આ વિશેષણથી જ્ઞાન પરને જાણતું નથી એ વાતનો નિષેધ કર્યો. પરમાં **તન્મય** થઈને જાણતો નથી એ બરાબર છે પણ પોતામાં પોતાપણે રહીને પરને બરાબર જાણે છે, **પરને જાણવાકાળે જાણવાની પર્યાય પોતાની છે, પોતામાં રહીને જાણે છે.** આ તો 'જીવો' ની વ્યાખ્યા ચાલે છે.

જેમાં અનેક વસ્તુનો આકાર પ્રતિભાસે છે. આકાર પ્રતિભાસે એમ કહેવું એ નિમિત્તની વાત છે. એ તો પોતાની પર્યાયમાં એટલું સામર્થ્ય છે કે સ્વને ને પરને જાણવાના સામર્થ્યરૂપે પોતે પરિણમે એવું પોતાના પરિણમનની પર્યાયના અસ્તિત્વનું સામર્થ્ય છે, પર છે માટે પરને જાણે છે એમ નથી. જે પર છે તે સંબંધીનું જ્ઞાન તે જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે. પોતે પોતામાં રહીને સ્વને ને પરને જાણતાં જ્ઞાન અનેકરૂપે થઈ ગયું છે એમ નથી, જ્ઞાનની પર્યાય તો પોતે એકરૂપ રહી છે.

**( આત્મધર્મ અંક -૪૧૮, પેઈજ નં.-૧૦,૧૧ )**

[ ૐ ] જેનાં એક દ્રષ્ટિ માત્રથી અનંત શક્તિઓ અંશે વ્યક્ત થઈ જાય એવો પ્રભુ છો ને ! તેથી બહારમાં તારું કાંઈ નથી. દેવ પણ તું, ધર્મ પણ તું અને ગુરુ પણ તું છો. તને કાંઈ પણ જાણવાની ઈચ્છા છે તો તું તારા આત્માની સાધના કર. આખું લોકાલોક તેમાં જણાય તેવો તું છો. માટે તારે કાંઈ પણ જાણવું હોય તો આત્માને જાણ. **જાણનારો જણાશે તો જાણનારો જાણવાની પર્યાય પ્રગટ કરશે.**

**પૂર્ણ જ્ઞાન દર્શન આદિ ગુણોથી ભરેલો પ્રભુ છે એવું જ્ઞાન ને પ્રતીત થતાં, સાધના કરતાં જ્યારે પૂર્ણતા પ્રગટશે ત્યારે તેમાં લોકાલોક જણાય જશે. સ્વ-જ્ઞેયને જાણવાની સાધના કર તો તેમાં લોકાલોક જણાય જશે.** જગત જગતમાં રહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે. લોકાલોક છે તે લોકાલોકમાં રહેશે, એ તારા જ્ઞાનમાં નહીં આવે છતાં તે ચીજને તારું જ્ઞાન જાણી લેશે.

હું પૂર્ણ સ્વરૂપ છું તેથી તેને સાધતા લોકાલોક સંબંધી પૂર્ણ જ્ઞાન પ્રગટશે જ. કેમ કે જાણનાર તત્ત્વ પ્રભુ છે એ પૂર્ણપણે પરિણમતા તેની જાણ બહાર કાંઈ રહેતું નથી. **જાણનારો જાણવાપણે પરિપૂર્ણ પરિણમતા જેને આદિ-અંત નથી તેનું પણ તેને જાણવું થઈ જાય છે.** **( આત્મધર્મ અંક -૪૧૯, પેઈજ નં.-૨૭ )**

[ ૐ ] આત્માને ઓળખાવવા જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે. **કારણ કે જ્ઞાન તે પ્રગટ અંશ છે અને આનંદનો અંશ કાંઈ પ્રગટ નથી, પ્રગટ તો આકુળતા છે; તેથી જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાનના પ્રગટ અંશને અંદરમાં વાળે એટલે આખું સળંગ થઈ જાય છે.** ( –દ્રવ્યગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે. ) આત્માને જ્ઞાનના અંશથી ઓળખાવવાનો મૂળ હેતુ તો આ છે.

[ ૐ ] **પ્રશ્નઃ- પોતે જ પોતાનું જ્ઞેય, જ્ઞાન ને જ્ઞાતા છે તો બીજા છ દ્રવ્યો તે જ્ઞેય ને પોતે જ્ઞાતા છે તે જ્ઞેયજ્ઞાયકસંબંધ છોડવો અશકય કહ્યો છે ને ?**

**ઉત્તરઃ- છ દ્રવ્યો તે જ્ઞેય ને પોતે જ્ઞાતા છે, તે જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ છોડવો અશક્ય કહ્યો છે ત્યાં તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે અને અહીં તો સ્વ અસ્તિત્વમાં રહેલાં પોતે જ જ્ઞેય જ્ઞાનને જ્ઞાતા છે તેમ નિશ્ચય બતાવીને પરનું લક્ષ છોડાવ્યું છે.**

જ્ઞેય–જ્ઞાયક સંબંધી પણ જીવને ભ્રાંતિ રહી જાય છે. છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે. જીવથી ભિન્ન પુદ્ગલ આદિ છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે એમ નિશ્ચયથી નથી. અરે ! રાગ તે જ્ઞેય ને આત્મા જ્ઞાયક એમ પણ નથી. પરદ્રવ્યોથી લાભ તો નથી પણ પરદ્રવ્યો જ્ઞેય ને તેનો તું જાણનાર છો એમ પણ ખરેખર નથી. હું જાણનાર છું, હું જ જણાવા યોગ્ય છું, હું જ મને જાણું છું. **પોતાના અસ્તિત્વમાં જે છે તે જ સ્વજ્ઞેય છે એમ પરમાર્થ બતાવીને પર તરફનું લક્ષ છોડાવ્યું છે.**

આત્મા પરદ્રવ્યોને કરતો તો નથી, પરદ્રવ્યને અડતો તો નથી, પણ પરદ્રવ્યને ખરેખર જાણતો પણ નથી. **પોતાનો આત્મા જ ખરેખર જાણવા લાયક જ્ઞેય છે ને પોતે જ જ્ઞેય ને જ્ઞાતા છે. સ્વ અસ્તિત્વમાં જ પોતાનું જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન સમાય છે, પરને જાણે છે એ વ્યવહાર છે.** નિમિત્ત–નૈમિત્તિક સંબંધનો વ્યવહાર બતાવ્યો છે. સેટિકાની ગાથામાં ( સમયસાર ગાથા ૩૫૬–૩૬૫ માં ) પણ જ્ઞાન પોતાને જાણે છે તે નિશ્ચય ને જ્ઞાન પરને જાણે છે તે વ્યવહાર એમ કહ્યું છે.

પોતાની અપેક્ષાએ બીજા દ્રવ્યો અસત્ છે, પોતે જ સત્ છે. પોતે જ પોતાનો જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાનરૂપ સત્ છે. માટે પોતાના સત્‌નું જ્ઞાન કરવું. પોતાના સત્‌નું જ્ઞાન કરતાં અતીન્દ્રિય આનંદની ઝલક આવ્યા વિના રહે જ નહીં; અને આનંદ ન આવે તો તેણે પોતાના સત્‌નું સાચું જ્ઞાન કર્યું જ નથી. મૂળ તો અંતરમાં વળવું એ જ આખા સિદ્ધાંતનો સાર છે. **( આત્મધર્મ અંક નં.-૪૨૦, પેઈજ નં.-૨૬-૨૭ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] જાણનાર... જાણનાર... જાણનાર તે માત્ર વર્તમાન પુરતું સત્ નથી. જાણનાર તત્ત્વ તે પોતાનું ત્રિકાળી સત્પણું બતાવી રહ્યું છે. જાણનારની પ્રસિદ્ધિ તે વર્તમાન પૂરતી જ નથી પણ વર્તમાન છે તે ત્રિકાળીને પ્રસિદ્ધ કરી રહ્યું છે. વર્તમાન જાણનાર અસ્તિ તે ત્રિકાળી અસ્તિ સત્ને બતાવે છે. ! પ્રભુ ! તને વર્તમાન જાણનારની અસ્તિ જણાય છે કે નહીં ? કોઈપણ પ્રસંગમાં જાણનારની અસ્તિ બતાવે છે. આ જાણ્યું.... આ જાણ્યું–એ જાણવું જાણનારની અસ્તિ સિદ્ધ કરે છે. આ જાણે છે.... આ જાણે છે–એ જાણનાર અંશ ત્રિકાળીને બતાવે છે. જેમ પાણીનું તરંગ છે તે પાણીના દળ વિના હોય નહીં, પાણીનું તરંગ પાણીના દળને બતાવે છે. તેમ જ્ઞાનનું વર્તમાન તરંગ તે ત્રિકાળી જાણનાર દળ ધ્રુવને બતાવે છે. કોઈ પણ પર્યાય તેના ત્રિકાળી તત્ત્વને સિદ્ધ કરે છે–પ્રસિદ્ધ કરે છે.

**( આત્મધર્મ અંક -૪૨૨, પેઈજ નં. -૨૮ )**

[ ૐ ] ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય જ્યાં પરજ્ઞેય તરફથી છૂટીને સ્વજ્ઞેયને ગ્રાહ્ય બનાવે છે ત્યાં ગ્રાહ્ય એવા સ્વદ્રવ્ય – ક્ષેત્ર – કાળ – ભાવની અનંત ગહન શક્તિનું જ્ઞાન કરવા જતાં જ્ઞાનની પર્યાય પણ ગહન બની જાય છે. ગ્રાહક પર્યાયમાં સ્વ–પર બંને જ્ઞેયને જાણવાની તાકાત છે, પરંતુ ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય જ્યારે સ્વજ્ઞેયને ગ્રાહ્ય બનાવે છે ત્યારે સ્વ–શક્તિની ગહનતાને જાણતાં જ્ઞાનની પર્યાય પણ ગહનતાને પામે છે.

સ્વ–પરને જાણવાની યોગ્યતા પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા લાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે, ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેય ભગવાન આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાય જાય એવી તે પર્યાયની શક્તિ છે.

**( આત્મધર્મ અંક -૩૯૩, પેઈજ નં. -૫ )**

## સર્વત્ર જ્ઞાનનું જ ચમકવું છે.

[ ૐ ] કોઈ જીવ પરને ભોગવી શકતો તો નથી, પણ કોઈ પરનું વર્ણન પણ કરી શકતો નથી; માત્ર પોતે પરનું જે જ્ઞાન કર્યું છે તેનું ( પોતાના જ્ઞાનનું ) વર્ણન કરી શકે છે. જ્ઞાનગુણ સિવાય એકેય ગુણનું વર્ણન થઈ શકતું નથી; સુખગુણનું વર્ણન કરી શકાતું નથી પણ જે જ્ઞાને સુખગુણને નક્કી કર્યો છે તે "સુખગુણના જ્ઞાનનું" વર્ણન કરી શકે છે. **આ રીતે જ્ઞાન ખરેખર પરપ્રકાશક નથી પણ સ્વ પર્યાયને પ્રકાશે છે. આ રીતે જ્ઞાનનો જ બધે ચમત્કાર છે.... અને જ્ઞાન એ જ આત્માની વિશિષ્ટતા છે.**

**( આત્મધર્મ અંક - ૧૦/૧૧, પેઈજ નં. -૧૮૦ )**

[ ૐ ] **ક્ષયોપશમ જ્ઞાન જ્યાં લાગે ત્યાં એક જ્ઞેયમાં લાગે. જો પોતાના સ્વરૂપને જાણવા તરફ તે જ્ઞાનને લગાડે તો તેનું જ્ઞાન થાય, અને જો પરજ્ઞેયને જાણવા તરફ પોતે પોતાના જ્ઞાનને લગાડે તો પર જ્ઞેય જ્ઞાનમાં લાગે. પરદ્રવ્યો તો અનંતાનંત છે, એક એક જ્ઞેયમાં રોકે તો કદી પણ તે બરાબર જાણે નહીં. સ્વને યથાર્થપણે જાણ્યા**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વગર પરનું યથાર્થ જ્ઞાન થતું નથી, તેથી જે સંજ્ઞી જીવો પોતાનો પુરુષાર્થ પોતા તરફ વાળતા નથી તેને યથાર્થ શ્રધ્ધા અને યથાર્થ જ્ઞાન થતાં નથી.**

**( આત્મધર્મ અંક - ૧૦/૧૧, પેઈજ નં. -૧૬૯ )**

[ ॐ ] **પ્રશ્નઃ-** આ બધું જણાય છે પણ આત્મા કેમ જણાતો નથી ?

**ઉત્તરઃ-** આ બધું જણાય છે એમ જાણનારો કોણ છે ? જે સત્તામાં આ બધું જણાય રહ્યું છે એનો જાણનારો જણાતો નથી એ જ ભ્રમણા છે. આ શરીર છે, આ મકાન છે, આ ધન છે, આ સ્ત્રી-પુરુષ છે, આદિ જે બધું જણાય છે એ શેમાં જણાય છે ? આ બધું જણાય રહ્યું છે તે જાણનારની સત્તામાં જણાય છે, જાણનારી સત્તાની મુખ્યતામાં આ બધું જણાય છે. એ જાણનારને જાણે નહિં-માને નહિં એ ભ્રમણા જ ચોરાશીના અવતારમાં રખડવાનું કારણ છે. **( આત્મધર્મ અંક - ૪૩૬, પેઈજ નં. -૨૮ )**

[ ॐ ] પ્રભુ ! તું સર્વને જાણનાર દેખનાર સ્વરૂપે પૂરો છો ને ! પણ તારા પૂર્ણ સ્વરૂપને નહીં જાણતાં એકલા જ્ઞેયને જાણવા દેખવા રોકાઈ ગયો તે તારો અપરાધ છે. પુણ્ય-પાપના ભાવને કરવા અને જાણવા-દેખવા રોકાઈ ગયો ને પોતાના જાણવા-દેખવાના સ્વભાવને ભૂલી ગયો તે તારો અપરાધ છે. પુણ્ય-પાપ એ જ અને એટલું જ મારું જ્ઞેય છે એમ માનીને તેને જ જાણવામાં રોકાઈ ગયો અને પોતાના પૂર્ણ જાણવાના સ્વભાવને ભૂલી ગયો એ તારો અપરાધ છે. કર્મને કારણે તું તારા પૂર્ણ સ્વભાવને જાણતો નથી એમ નથી, પણ એ તારો પોતાનો જ અપરાધ છે.

**( આત્મધર્મ અંક - ૪૩૦, પેઈજ નં. -૨૫ )**

## જાણનાર વિનાં જાણ્યું કોણે ?

[ ॐ ] આ શરીર, મકાન વગેરે પર વસ્તુ જણાય છે, પણ જાણ્યું કોણે ? તે જાણનાર કોણ છે તેને જાણ્યા વિના પરનું જ્ઞાન યથાર્થ થાય નહીં. પર જણાય છે, તેનો જાણનાર હું છું- એમ જો જાણનાર તત્ત્વનો નિર્ણય કરે. તો જાણપણું એકલા પરમાં ન રોકાતાં સ્વ તરફ વળે. હું પોતે જાણનાર કોણ છું ? બધુંય જણાય છે તેનો જાણનાર પોતે કેવો છે ? -એમ સ્વતત્ત્વનો નિર્ણય જોઈએ. જાણનાર પોતે કોણ છે તે જાણ્યા વિના જાણપણું સાચું થાય નહીં. હું જાણનાર છું -એવો પોતાના સ્વભાવનો નિર્ણય કરે તો તે પરનો પણ જાણનાર રહે, પરનું કરવામાં કે રાગમાં તે અટકતો નથી એટલે તેનું જ્ઞાન સ્વ તરફ વળે છે. જાણનાર તત્ત્વની જેને ખબર નથી તે પરને જાણતાં ત્યાં અટકે છે એટલે આત્મા તરફ તેનું જ્ઞાન વળતું નથી. માટે બધાયને જાણનાર પોતે કોણ છે તેની ઓળખાણ કરવી જોઈએ. **( આત્મધર્મ સળંગ અંક-૧૨૪, ટાઈટલની પાછળનું પેઈજ )**

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.

[ ॐ ] જીવે બહારની કળા અનંતવાર જાણી છે પણ આત્માનું વાસ્તવિક સ્વરૂપ કદી જાણ્યું નથી. જ્ઞાનને અંતરમાં વાળીને આત્માને સ્વજ્ઞેય બનાવવો તે અપૂર્વ કળા છે. અહો ! **સ્વસન્મુખ** થઈને જેણે પોતાના સ્વપર પ્રકાશક સ્વજ્ઞેયને જાણ્યું તેને બીજું કાંઈ જાણવાનું બાકી રહેતું નથી. જ્ઞાનને સ્વસન્મુખ કરીને શુધ્ધ ચિદ્રુપ સ્વજ્ઞેયને જાણતાં રાગરહિત આનંદનો અપૂર્વ સ્વાદ આવે છે. એકવાર પણ શુધ્ધ આત્માને સ્વજ્ઞેય બનાવે તો અલ્પકાળમાં મુક્તિ થઈ જાય.

**( આત્મધર્મ અંક-૧૨૫, પેઈજ નં. ૯૩ માંથી )**

## આત્માને જાણવામાં તત્પર થા

[ ॐ ] આત્મા ક્યાં રહેતો હશે ? આ દેહમાં રહ્યો હોવા છતાં તે દેહને અડતો નથી; દેહનાં લક્ષણથી એનું લક્ષણ જુદું ને જુદું જ રાખે છે. આત્મા સદાય ચૈતન્યલક્ષણપણે રહ્યો છે, જડ દેહરૂપ કદી થયો નથી. અરે, દેહમાં જ રહેલા આવા તારા આત્માને હે જીવ ! તું સ્વસંવેદનથી કેમ નથી જાણતો ? બહારના બીજા તો પ્રપંચ ઘણા જાણે છે તો તારા આત્માને કેમ નથી જાણતો ? દૂરદૂરની પ્રયોજન વિનાની વાત જાણવા દોડે છે, તો અહીં તારામાં જ રહેલા તારા આત્માને જાણવામાં બુદ્ધિ જોડ. એ અત્યંત પ્રયોજનરૂપ છે. અરે, તું બીજાનું તો જ્ઞાન કર ને તારું નહિ ! એ તે જ્ઞાન કેવું કે પોતે પોતાને જ ન દેખે ! માટે હે ભાઈ, આત્માને જાણવામાં તત્પર થા.

**( આત્મધર્મ અંક-૨૫૪, પેઈજ નં-૧૭ )**

[ ॐ ] પહેલાં સ્વ-પરની વહેંચણી અને અંતરમાં સ્વભાવ તથા પરભાવની વહેંચણી કરતાં જ્ઞાનપર્યાય નિજસ્વભાવ સાથે એકતા કરે, એટલે પરભાવ પ્રત્યે ને પરદ્રવ્ય પ્રત્યે સહેજે ઉપેક્ષાવૃત્તિ થાય. પણ જેને સ્વપરની વહેંચણી કરતાં જ ન આવડે તે શેમાં ઠરશે ? અને શેનાથી પાછો વળશે ? અજ્ઞાની દોડીદોડીને આકુળતાથી પરમાં જ ઉપયોગને ભમાવે છે, પણ ઉપયોગ તો મારું સ્વદ્રવ્ય છે-એમ સ્વમાં ઉપયોગને વાળતો નથી. તેને અહીં સ્પષ્ટ વસ્તુસ્વરૂપ સમજાવીને ભેદજ્ઞાન કરાવ્યું છે; કે જે ભેદજ્ઞાન થતાં સ્વદ્રવ્યના અવલંબને ઉપશાંતરસનું વેદન થાય. **( આત્મધર્મ અંક-૨૫૪, પેઈજ નં. ૧૧ )**

## જગતથી જુદો......... જગતનો જાણનાર

[ ॐ ] જગતથી જુદો એવો આ જીવ પોતે પોતાની સામે ન જોતાં બહારમાં જગતની સામે જ જુએ છે, તેથી તે દુઃખી થાય છે. જગતનો જાણનાર તો પોતે છે, જો પોતે પોતાની સામે જુએ તો દુઃખ ટળે ને આત્મશાંતિ વેદાય. માટે, જગતનો મોહ છોડીને આત્માની સામે જોવાનો ઉપદેશ આપતાં નાટક-સમયસારમાં કહે છે કેઃ-

> ए जगवासी यह जगत इन्हसों तोहि न काज।
> तेरे घटमें जग बसे तामें तेरो राज।।४५।।[ બંધદ્વાર ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હે ભવ્ય ! આ સંસારી જીવોથી કે આ સંસારથી તારે કંઈ સંબંધ નથી; તારા જ્ઞાનઘટમાં આખું જગત વસે છે, તેમાં જ તારું રાજ છે. આખું જગત જ્ઞેયપણે તારા જ્ઞાનમાં ઝળકી રહ્યું છે, માટે જગતનો સંબંધ છોડીને તારા જ્ઞાન સાથે સંબંધ જોડ, **જ્ઞાનની સન્મુખ** થા... તેમાં જ તારી શોભા છે.

**( આત્મધર્મ અંક-૨૦૨, પેઈજ નં.-૧૪ )**

## * આત્માનું લક્ષણ ચૈતન્યતા *

[ ૐ ] **'ચૈતન્યતા'** પણ આત્માનું લક્ષણ છે. ભગવાન જ્ઞાનના પ્રકાશ વિના સૂર્યના, ચંદ્રના, દીપકના પ્રકાશને કોણ જાણે ? માટે, સ્પષ્ટ પ્રકાશપણું અનંત અનંત કોટી દીપક, મણિ, ચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રતિભાસતી નથી અર્થાત્ તે સર્વ પોતે પોતાને જણાવવા અથવા જાણવા યોગ્ય નથી તેને જે જાણનાર છે તે જીવ છે. સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી એટલે કે આ દીવો છે, આ મણિ છે, આ સૂર્ય છે તેનો પ્રકાશ છે તેને જાણનાર સિવાય કોણ જાણે ? પ્રકાશના અસ્તિત્વવાળા પદાર્થને પણ જેના પ્રકાશમાં જાણવું થાય તે ચૈતન્યચિહ્ન જીવનું લક્ષણ છે.

આત્મા તો ચૈતન્ય પ્રકાશનું નૂર છે કે જેના પ્રકાશ વિના ચંદ્ર, સૂર્યની કાંતિ પણ પ્રકાશવા સમર્થ નથી. એટલે કે–જાણનાર વિના જણાતી નથી. ચંદ્ર–સૂર્ય આદિના પ્રકાશતો પોતાને પણ જાણવા સમર્થ નથી. જે પદાર્થના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થો જાણ્યા જાય છે, તે પદાર્થો પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. અર્થાત્ તે લક્ષણ પ્રગટપણે સ્પષ્ટ પ્રકાશમાન, અચળ એવું નિરાબાધ પ્રકાશ્યમાન ચૈતન્ય, તે જીવનું લક્ષણ જીવ પ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે.

**ચૈતન્ય ભગવાન પ્રકાશ સ્વરૂપ છે. તેનો વર્તમાન ઉપયોગ બહાર પરમાં ગયેલો છે તેને અંતરમાં વાળતાં ચૈતન્યમૂર્તિ પ્રગટ અનુભવમાં આવે છે. ચૈતન્ય પ્રકાશ કેમ જણાય ? કહે-જ્ઞાનના તેજની વર્તમાન દશાને અંતરમાં વાળતાં પ્રગટ એવો ચૈતન્ય ઉપયોગ પ્રગટ-પ્રગટ દેખાય છે.**

**( આત્મધર્મ અંક -૫૭૦, પેઈજ નં. -૧૫ )**

[ ૐ ] એક સમયની પર્યાયમાં ધ્રુવનું જ્ઞાન ને પર્યાયનું જ્ઞાન મિશ્રિત છે. ધ્રુવ એક સમયની પર્યાયમાં આવતો નથી પણ એનું જ્ઞાન છે. શ્રી સમયસાર શાસ્ત્રની ગાથા ૧૭–૧૮ માં આવે છે કે દરેક જીવને પોતાની પર્યાયમાં દ્રવ્ય જ જાણવામાં આવે છે, જ્ઞાયક છે તે પર્યાયમાં આવતો નથી પણ પર્યાયમાં જ્ઞાયકનું જ્ઞાન થાય જ છે. પરંતુ અજ્ઞાનીની દૃષ્ટિ રાગ, નિમિત્ત ને પર્યાય ઉપર છે તેથી જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકનું જ્ઞાન થવા છતાં પરનું જ્ઞાન કરું છું–એમ અજ્ઞાની ભ્રમણા કરે છે.

ભગવાન આત્મા એક સમયની જ્ઞાનની અવસ્થામાં તે બધાને એટલે કે–સ્વ–પરને જાણે છે. **સ્વ-પર પ્રકાશક શક્તિ જ્ઞાનની દરેક પર્યાયમાં છે તેથી સ્વજ્ઞેય એવો પોતાનો આત્મા સ્વ-પ્રકાશક પર્યાયમાં જણાય જ છે;** પણ દૃષ્ટિ તે તરફ ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવાથી વર્તમાન પર્યાયને રાગ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયમાં સ્વજ્ઞેય જણાતું હોવા છતાં તે જણાતું જ નથી એમ અજ્ઞાની માને છે.

અહીં તો કહે છે કે પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન ને પર્યાયનું જ્ઞાન તો થાય છે છતાં દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. જેમાં પોતાનું જ્ઞાન છે એવી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. આહાહા ! ગજબ વાત છે ને ! આ તો થોડું લખ્યું ઘણું કરીને જાણજો-એવી વાત છે. જેનું લક્ષણ સ્વ-પર-પ્રકાશક છે એ લક્ષણ જાય ક્યાં ? જાગતી પર્યાયમાં જાગતા જીવનું જ્ઞાન થાય છે ને છતાં તારી દૃષ્ટિમાં અનાદિથી પર ઉપર લક્ષ હોવાથી પર્યાયમૂઢ થઈ રહ્યો છો. પર્યાયમાં દ્રવ્ય જાણવા છતાં પર્યાયમૂઢ થઈ ગયો છો.

**( આત્મધર્મ અંક -૪૫૭, પેઈજ નં. ૨૦ )**

અરે ! પરમાત્મ સ્વરૂપ શું છે, તેમાં કેવી કેવી શક્તિ ભરી પડી છે, તેના સ્વભાવની અચિંત્યતા કેવી છે તેનો આ જીવે કદી ખ્યાલ પણ કર્યો નથી. કેમ કે જ્ઞાન, દર્શન, વીર્યાદિના જે પ્રગટ અંશો-પર્યાયો છે તેનું વલણ આખું પર તરફ જ ચાલ્યું ગયું છે. અનાદિથી જીવની આ દશા છે.

જે વર્તમાન પ્રગટ અંશો છે તે જેના છે તેની સાથે જોડવાને બદલે અજ્ઞાનીએ એ અંશો જેના નથી એવા પર નિમિત્તો સાથે જોડે છે. જ્ઞાનના અંશમાં રાગ નથી અને રાગમાં જ્ઞાનનો અંશ નથી છતાં અજ્ઞાની જ્ઞાનને રાગમાં જોડે છે. ખરેખર જ્ઞાન કોનો અંશ છે એમ દૃષ્ટિ કરે તો પૂર્ણાનંદ જ્ઞાનસ્વરૂપ આત્માનો પત્તો લાગી જાય. પણ **અનાદિ કાળથી જીવે પોતાનું લક્ષ જ કર્યું નથી. લક્ષ તો નથી કર્યુ પણ આ મારો આત્મા જ લક્ષ કરવા લાયક છે એવો નિશ્ચય પણ કદી કર્યો નથી.**

લોકભાવના સંવરમાં ગણી છે, જ્ઞાન સ્વરૂપમાં જે એકાગ્ર થાય તે સંવર છે. આત્મા સદાય અરૂપી -જ્ઞાન સ્વભાવી છે તે પર ચીજને જાણે પણ પરનું કાંઈ કરી શકે નહીં. ઇચ્છાથી કે જ્ઞાનથી પરમાં કાંઈ કરી શકે નહીં. જ્ઞાની માને છે કે- પરનો હું જાણનારો છું એ કથન પણ વ્યવહારથી છે. કેમ કે ખરેખર તો તે સ્વને જાણે છે ને સ્વને જાણતા પર જણાય જાય છે. **( આત્મધર્મ અંક -૫૪૩, પેઈજ નં. ૧૪ )**

---

**સ્વ તરફ વળેલી જ્ઞાન પર્યાયમાં વીતરાગતા પ્રસિદ્ધ થઈ છે, તેમાં રાગનું સ્થાન રહ્યું નથી. બીજ ઊગી તે ચંદ્રનો કટકો છે, એ કાંઈ ઠીકરું નથી. તેમ ભેદજ્ઞાન થયું તે તો જ્ઞાન સ્વભાવની દશા છે, તે કાંઈ વિકલ્પનો કટકો નથી. સ્વભાવમાંથી બીજ ઊગી તે અલ્પકાળમાં કેવળજ્ઞાનને સાધશે જ. સાધકને આવી જ્ઞાનધારા પ્રગટી તે અપૂર્વ છે, આનંદદાયક છે, વિકલ્પની ધારાથી તદ્દન જુદી છે.**

**( આત્મધર્મ અંક નં-૩૪૫, પેઈજ નં-૨૯, ૩૦ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ઉગ્ર પુરુષાર્થ કર

**'તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ.'**

[ ॐ ] 'આ શરીર છે, આ રાગ છે' એમ જોવા યોગ્ય પર ચીજ તરફ તારી દૃષ્ટિ અનાદિથી છે, પણ તેનો જોનાર પોતે ભગવાન આત્મા શી ચીજ છે તેને જાણવાની કદી દરકાર કરી નથી. શરીર, વાણી, ઘટ, પટ વગેરે કોઈપણ ચીજ જાણવામાં આવે ત્યાં જાણનાર એવું જ્ઞાન જ ઊર્ધ્વ રહીને જાણે છે, જ્ઞાન ન હોય તો જ્ઞેયને જાણે કોણ ?

'ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર ને માન નહીં, કહીએ કેવું જ્ઞાન ?'

[ ॐ ] જાણનાર આને જાણે, આને જાણે, ઘટને જાણે, પટને જાણે, ધંધાને જાણે, શાસ્ત્રને જાણે – એમ કહેવું તે પર સાથેના સંબંધનું કથન હોવાથી વ્યવહાર છે; ત્યાં જણાનારને નહીં પણ જાણનારને જો. અંતરમાં ચૈતન્ય વિજ્ઞાનઘન પૂર્ણાનંદ પ્રભુ આત્મા બિરાજે છે તેને જો.

[ ॐ ] તું અનાદિથી અજ્ઞાનભાવે તારી વર્તમાન પર્યાયમાં પરને જ જુએ છે, હવે તારી જ્ઞાન નજર અંતરમાં વાળીને તું સુખનિધિ સત્‌ને–તારા જ્ઞાયક પ્રભુને–જો. "મારાં નયણાંની આળસ રે ! ન નિરખ્યા હરિને જરી" જે મોહરાગદ્વેષ આદિ વિભાવભાવોને હરે–જીતે, વીતરાગતા પ્રગટ કરે એવો પોતાનો આત્મા જ 'હરિ' છે, પણ જોવાની આળસે તને તારું પરમ નિધાન કદી દૃષ્ટિગત થયું નહીં.

'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય; જિનેસર !
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય; જિનેસર !
ધર્મ જિનેસર ગાઉં રંગશું'

[ ॐ ] રુચિ બહારની હોવાથી પરને જ જોવા રોકાઈ ગયો. શાસ્ત્રો વાંચીને જાણ્યું, બહિર્લક્ષી જ્ઞાન કર્યું, પણ અંદર **સ્વસન્મુખ** થઈને જાણનારને જાણ્યો નહીં. અહા ! આવી વાતો છે.

[ ॐ ] અંદર કોઈ વસ્તુ છે કે નહીં ? તત્ત્વ છે ને ? તે તત્ત્વ પૂર્ણ વિજ્ઞાનઘન–આનંદઘન છે. તારી જે પર્યાય પરવસ્તુને જ્ઞેય બનાવીને જુએ છે તેને અંતરમાં વાળીને સ્વવસ્તુને–જ્ઞેય બનાવીને જુએ છે. જ્ઞાયકદ્રવ્યને–જો. જેમાં અપવિત્રતાનો, અપૂર્ણતાનો કે પૂર્ણતાના ભેદનો અંશ પણ નથી એવા પરમપવિત્ર, પરિપૂર્ણ, અભેદ જ્ઞાયકતત્ત્વને અંતરમાં જો, તો તું પર્યાયમાં પણ એવો જ પ્રગટ થઈ જઈશ. અંતરમાં જે શક્તિ છે તેની પૂર્ણ વ્યક્તતા થઈ જશે. **( આત્મધર્મ અંક ૫૧૪ પેઈજ નં-૨૭ માંથી )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રવચન પ્રસાદ

[ ૐ ] આ પ્રકારે જ્ઞેયમિશ્રિત જ્ઞાન કર્યું છે. પણ જ્ઞેય મિશ્ર થયાં નથી, એવા જ્ઞેય મિશ્રિતજ્ઞાન વડે વિષયોની જ પ્રધાનતા ભાસે છે. મારો જ્ઞાન પર્યાય મારાથી પ્રવર્ત્યો એમ ન ભાસ્યું પણ વિષયોથી પ્રવર્ત્યો એમ ભાસે છે, આને જાણ્યું, ફૂલને સૂંઘ્યું એમ પરને પ્રધાનતા આપે છે. કલ્પનામાં જ્ઞેયને જ્ઞાન મિશ્રિત કરે છે, પંચ ઇન્દ્રિયના વિષયો ને મનના વિષયો પોતામાં એકમેક કરે છે. આ ચીજો હોય તો જણાય તેથી તે ચીજો મેળવવા માગે છે. પરને મેળવવા માગે છે. પરને જાણવા માગે છે પણ પોતાને માણવા માગતો નથી. પોતાને ભિન્ન નહિ માનતો જ્ઞેય પોતાને મિશ્રિત જ્ઞાન વડે તે ચીજોની મુખ્યતા ભાસે છે હું જાણનાર –દેખનાર છું એમ ભાસતું નથી. આખો ભગવાન આત્મા રહી જાય છે. **( અંક-૩૨ પૃષ્ઠ-૧૭૪ )**

[ ૐ ] જેમના જ્ઞાન દર્પણમાં સમસ્ત સ્વપર જ્ઞેયો અત્યંત સ્પષ્ટપણે –પ્રત્યક્ષપણે પ્રતિભાસે છે એવા શ્રી સીમંધરાદિ ત્રણે કાળના જગદ્દુધ્ધારક તીર્થંકર ભગવંતોને પરમોત્કૃષ્ટ ભક્તિથી નમસ્કાર. **( તા. ૧૩-૩-૫૬, પેઈજ નં. ૯૪૨ )**

[ ૐ ] અરીસામાં કેરી દેખાય છે– તે અરીસાની સ્વચ્છતા દેખાય છે, તે પ્રતિબિંબ છે. બિંબ અને પ્રતિબિંબ એક સાથે છે, તેમ સ્વનું અને જ્ઞેયોનું જ્ઞાન એક સાથે થાય છે. **( તા. ૩-૬-૫૫, પેઈજ નં. ૩૩૭ )**

[ ૐ ] તે જ્ઞાન દરેક આત્મામાં વર્તતું પ્રતિભાસમય મહાસામાન્ય છે. જ્ઞાનની મહાશક્તિ છે. જ્ઞાન સ્વ–પરને પ્રતિભાસ કરે... એવી શક્તિરૂપ છે. તે જ્ઞાનગુણ–સ્વના જ્ઞાનમય અને પર સંબંધી પોતાના જ્ઞાનમય અનંત વિશેષોમાં વ્યાપનારો છે. **( તા. ૩-૬-૫૫, પેઈજ નં. ૩૩૭ )**

[ ૐ ] હવે જે પુરુષ સર્વ દ્રવ્ય પર્યાયો જેમના નિમિત્ત એવા અનંત... વિશેષોમાં વ્યાપનારા પ્રતિભાસમય મહાસામાન્યરૂપ આત્માને સ્વાનુભવ પ્રત્યક્ષ કરતો નથી તે સર્વ દ્રવ્ય પર્યાયને પ્રત્યક્ષ કરી શકે નહિ. પ્રતિભાસમય મહાસામાન્યરૂપ આત્મા કહીને ગુણ ગુણી અભેદ કરી નાખ્યા. એક સમયની જ્ઞાન પર્યાયમાં પ્રતિભાસમય મહાસામાન્ય આત્મા વ્યાપે છે. એવા આત્માને જ્ઞાનના અનુભવમાં લાવતો નથી. એટલે કેવળજ્ઞાનરૂપે પરિણમતો નથી. જેને દ્રવ્ય–પર્યાય નિમિત્ત છે એવા અનંત વિશેષોમાં વ્યાપનાર મહાસામાન્યરૂપ આત્માને સ્વાનુભવ પ્રત્યક્ષ કરતો નથી તે સર્વ દ્રવ્ય પર્યાયને કેવી રીતે પ્રત્યક્ષ જાણી શકે ? ... એટલે કે પ્રતિભાસમય મહાસામાન્ય વડે વ્યાપવા યોગ્ય જે પ્રતિભાસમય અનંત વિશેષો તેમના નિમિત્તભૂત સર્વ દ્રવ્ય પર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ જાણી શકે ? **( પેઈજ નં. ૩૩૯ )**

[ ૐ ] જે એકને જાણે છે તે સર્વને જાણે છે અહીં મહાસામાન્ય પ્રતિભાસમય તે જ્ઞાન ગુણની વાત છે. **( પેઈજ નં. ૩૪૦ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ॐ ] જેમ અરીસામાં પ્રતિબિંબ અને બિંબ બન્નેનું જ્ઞાન થાય છે. તેમ ભગવાન આત્મા જ્ઞાન દર્પણ સમાન છે, જાણનાર જ્ઞાન છે. તે દર્પણમાં એકાકાર થતાં પૂર્ણ અવસ્થા પ્રગટે છે અને સર્વ જગતના પદાર્થો જણાય છે, એ વાતને કુંદકુંદ આચાર્ય સાબિત કરે છે. **( પેઈજ નં. ૩૪૨ )**

[ ॐ ] સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન બન્ને સાથે થાય છે. આત્મા પોતે જ્ઞાન પર્યાયરૂપે થયો એટલે સર્વનું જ્ઞાન આવી ગયું. લોકાલોક આવી ગયા. આ રીતે ભગવાન આત્મા જ્ઞાનમય છે તે સ્વસંચેતક છે. જાણવું જાણવું તેનો સ્વભાવ પોતાને પૂર્ણપણે અનુભવતો હોવાથી એમાં જ્ઞેયનું જ્ઞાન આવ્યા વિના રહેતું નથી. સ્વસંચેતક થયો એમાં લોકાલોકનું જ્ઞાન આવી ગયું, જેમ મકાનમાં ટાંગેલા કાચના ગોળામાં આજુબાજુની બધી ચીજ દેખાય છે, એટલે કે ગોળો કેવડો, કેવા રંગનો તેમજ મકાનની બધી ચીજો દેખાય જાય છે, તેમ ચૈતન્ય જ્ઞાનમયપણાને લીધે પોતાને જાણ્યો એટલે લોકાલોકનું ઘર જણાઈ ગયું. જેમ કાચના ગોળામાં કાચનો ગોળો... તથા મકાન યુગપદ દેખાય છે. તેમ ચૌદ બ્રહ્માંડમાં જ્ઞાન ગોળો પડયો છે. કાચમાં પ્રકાશ સાથે છે, તેમ ભગવાન આત્મામાં જ્ઞાન પ્રકાશ સાથે છે તેને જાણતા લોકાલોક જણાય જાય છે. ભગવાન આત્મા ( એ ) જ્ઞાનમય અભેદ સ્વભાવને લીધે પોતાને પોતે અનુભવ્યો છે. **( પ્રવચનસાર ગાથા-૪૯, પેઈજ ન.૩૪૨ )**

[ ॐ ] આત્મા જ્ઞાનમય હોવાથી પોતાને સંચેતે છે, અનુભવે છે. જાણે છે અને પોતાને જાણતાં સર્વ જ્ઞેયો જાણે કે તેઓ જ્ઞાનમાં સ્થિત હોય એ રીતે જણાય છે કારણકે જ્ઞાનની અવસ્થામાંથી જ્ઞેયાકારોને એ રીતે ભિન્ન કરવા અશક્ય છે. આંખની કાળી કીકીમાં આખુ મકાન બારી બારણા વિગેરે દેખાય છે. કીકીમાં કીકી તથા મકાન બધું દેખાય છે. કીકી કાઢી નાખતા કીકીમાં દેખાતા મકાનનો નાશ થાશે તેવો પરમાણુની સ્વચ્છતાનો સ્વભાવ છે. તો પછી આત્માના સ્વભાવનું શું કહેવું ? વળી કીકી બધાને દેખે છે, તેવી કીકીની સ્વચ્છતાને જ્ઞાન જાણે છે, કીકીમાંથી મકાન કાઢી નાખો તો કીકી ચાલી જશે કીકીને દેખતા બધાને દેખે છે તેવી રીતે આત્માને જાણતા બધાને જાણે છે. બધાને જાણતા આત્માને જાણે છે.

**( પ્રવચન સાર, ગાથા-૪૯ નો ભાવાર્થ, પેઈજ નં. ૩૪૪ )**

[ ॐ ] ભૂત અને ભવિષ્યની પર્યાયરૂપે આત્મા પ્રતિભાસે છે તેવો તેનામાં એક ધર્મ છે. ને તે ધર્મના જાણનાર જ્ઞાનના અંશને દ્રવ્યનય કહે છે.

જેમ શેઠનો દીકરો બાળક હોય તે ભવિષ્યમાં શેઠ થશે એવી ભવિષ્યની પર્યાયરૂપે વર્તમાનમાં તે પ્રતિભાસે છે ને એક મુનિ પૂર્વે રાજા હતા. તે રાજાપણું છોડી મુનિ થયા તો પણ તે અતીત એટલે ભૂતકાળમાં રાજા હતા એમ ભૂતની પર્યાયરૂપે વર્તમાનમાં પ્રતિભાસે છે– ખ્યાલમાં આવે છે. તેમ આ આત્મા કેવળજ્ઞાની થશે એમ ભવિષ્યની પર્યાયરૂપે વર્તમાનમાં પ્રતિભાસે છે, મારો આત્મા સિદ્ધપદને પામશે એમ ભવિષ્યની પર્યાયરૂપે થવાની લાયકાતનો ધર્મ આત્મ દ્રવ્યમાં ત્રિકાળ છે. **( પેઈજ નં. ૧૬૫૮ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રવચનસાર પરિશિષ્ટ

[ ૐ ] ભૂત અને ભવિષ્યની પર્યાયરૂપે થવાની લાયકાત પોતાની છે એવા ધર્મનું ભાન થતાં ત્રણ કાળની પર્યાયનો પિંડ અખંડ આત્મા હું છું એમ નક્કી થાય છે.

અહીં ધર્મી જીવ વિચારે છે કે મેં ઘણા ભવો કર્યા. રાજાના, રંકના, મનુષ્યના, ઢોરના, નારકીના વગેરે ગયા કાળના ભવો શ્રુતજ્ઞાનમાં પ્રતિભાસે છે. ભૂતકાળમાં ક્યાં, કેવો ભવ હતો વગેરે વિગતથી શ્રુતજ્ઞાનમાં તે કદાચ ન જાણતો હોય તો પણ ભૂતકાળના અનંતા ભવોની અનંતી ભૂત પર્યાયનો સામાન્ય ખ્યાલ પરોક્ષપણે આવે છે, વળી પોતાના દ્રવ્ય સ્વભાવનો નિર્ણય કરતાં હું ભવિષ્યમાં સિદ્ધપદને પામીશ એવો નિર્ણય યથાર્થ કરે છે વચલા ભવોમાં કઈ પદવી મળશે તે ચોકકસપણે ન જાણતો હોય કે અમુક પદવી મળીને સિદ્ધ થવાનો કે સામાન્ય કેવળી થઈને સિદ્ધ થવાનો એ ભલે ખબર ન હોય પણ ભવિષ્યમાં ટૂંક વખતમાં સિદ્ધ થઈશ એવી પ્રતીતિ આવી છે, એમ ભૂત અને ભવિષ્યની પર્યાયો જ્ઞાનમાં પ્રતિભાસે છે, એકલો વર્તમાન જેટલો જ છું એમ પ્રતિભાસતું નથી. આમ આત્મદ્રવ્ય જે ભૂત-વર્તમાન ને ભવિષ્ય ત્રણે કાળની પર્યાયનો પિંડ છે તેને યથાર્થ નક્કી કર્યું. આવી રીતે પ્રમાણજ્ઞાન પ્રમેય એવા આત્મદ્રવ્યને નક્કી કરે છે, આત્મદ્રવ્ય જેવું છે તેવું પર્યાયમાં પ્રગટ થાય છે. એટલે જ્ઞાન ને જ્ઞેય અભેદ થાય છે. તે સમ્યકદર્શન અને સમ્યગ્જ્ઞાન છે આવી રીતે ભૂતની પર્યાયરૂપે ને ભવિષ્યની પર્યાયરૂપે આત્મ દ્રવ્ય વર્તમાનમાં ખ્યાલમાં આવે તેવો એક આત્મામાં ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને દ્રવ્યનય કહે છે.

**( દ્રવ્યનય પેઈજ નં. ૧૬૬૨-૬૩ )**

[ ૐ ] આત્મદ્રવ્યમાં અનંતા ધર્મો છે. આત્મદ્રવ્ય ભૂતકાળની પર્યાયપણે ને ભવિષ્યની પર્યાયપણે વર્તમાન પ્રતિભાસે છે એવો આત્મામાં ધર્મ છે, દ્રવ્ય સન્મુખ દૃષ્ટિ કરતાં વર્તમાન પર્યાયમાં શુદ્ધિ થાય છે. મારું દ્રવ્ય ત્રણેકાળની પર્યાયનો પિંડ છે. તેમાંથી શુદ્ધિની પર્યાય આવે છે. તીર્થંકર, ગુરુ શાસ્ત્ર કે વાણી કોઈ મને ધર્મ આપે એમ નથી. ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થો જેમાં પ્રતિભાસે તે જ્ઞાન કેવડું મોટું હશે ? બધા પદાર્થો પ્રમેય છે અર્થાત્ જ્ઞાનમાં આવવા યોગ્ય છે અને જ્ઞાન તે પ્રમાણ છે. પ્રમાણજ્ઞાન દ્વારા અનંત ધર્માત્મક આત્માને જેણે જાણ્યો તેનો રાગ તૂટીને સ્વભાવમાં એકાગ્રતા થયા વિના રહે નહિ. જે છતી શક્તિ અંતરમાં પડી છે તે પ્રગટ થાય છે, સમ્યકજ્ઞાન વધીને કેવળજ્ઞાન થાય છે.

**( ૧૪ મી દ્રવ્યનય પેઈજ નં. ૧૬૭૩ )**

[ ૐ ] જે પર્યાય રાગદ્વેષમાં ને નિમિત્તમાં અટકતી તે સાચી શ્રદ્ધા થતાં દ્રવ્યમાં અભેદ થાય તે તો ઠીક પણ આ નય તો દ્રવ્ય પોતે સમ્યકદર્શન જ્ઞાન ચારિત્રની નિર્મળ પર્યાયરૂપે ઉલ્લસે છે. તત્કાળના પર્યાયરૂપે આખું દ્રવ્ય પ્રતિભાસે છે, અહીં સાધકની ઓછી વતી પર્યાય હોય તેનો પ્રશ્ન નથી. નિમિત્ત નહીં, શુભાશુભ ભાવ નહીં. અધૂરી પર્યાય નહિ પણ હું તો અનાદિ અનંત શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું એવી દૃષ્ટિ થઈ કે વસ્તુ આખી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયમાં પ્રતિભાસે છે. એવો આત્મામાં એક ધર્મ છે. તેને જાણે તેને ભાવનય કહે છે. દ્રવ્યનયથી આત્મદ્રવ્ય ભૂત ને ભવિષ્યની પર્યાયરૂપે વર્તમાનમાં પ્રતિભાસે છે ને ભાવનયથી આત્મદ્રવ્ય આખું વર્તમાન પર્યાયરૂપે ઉલ્લસે છે. કોને ઉલ્લસે છે ? કેવળજ્ઞાની તો નયાતિક્રાંત છે, મિથ્યાદૃષ્ટિ જીવને તો દ્રવ્યની શ્રદ્ધા થતી નથી તેથી તેને દ્રવ્ય ઉલ્લસતું નથી, કારણકે તેને તો વિકલ્પ તે જ હું એટલે રાગ જેટલો ને પર્યાય જેટલો આત્મા માન્યો છે. તેથી તેને દ્રવ્ય ઉલ્લસે નહિ. માત્ર સાધક જીવને ઉલ્લસે છે. આ ઉપરથી નક્કી થાય છે કે નિમિત્તથી, દયાદાનના પુણ્યભાવથી, બાહ્ય ક્રિયાથી દ્રવ્ય ઉલ્લસતું નથી. નિમિત્તો અને સંયોગો પર છે. વિકાર તે આત્માનું સ્વરૂપ નથી. અને પર્યાય જેટલો આત્મા નથી. આત્મા તો અનંત ધર્માત્મક વસ્તુ છે એવાં શ્રદ્ધા જ્ઞાન થતાં આખું દ્રવ્ય પર્યાયરૂપે ઉલ્લસે છે. સમય સમયની પર્યાયની વાત છે. વર્તમાન પર્યાયમાં આખું દ્રવ્ય ઉલ્લસે છે. **( ભાવનય પેઈજ નં. ૧૬૭૪ )**

[ ૐ ] વિકારરૂપે પરિણમનારો પોતે છે. એમ નક્કી કરનારનું લક્ષ આત્મ દ્રવ્ય ઉપર જાય છે. ને આત્મ દ્રવ્ય તો અનંત ધર્માત્મક છે, તે આત્મ દ્રવ્ય શુધ્ધ ચૈતન્યમાત્ર પ્રતિભાસે છે. આમ શુધ્ધ ચૈતન્યમાત્ર ભાવપણે પ્રતિભાસતાં વિકારરૂપે અટકવું ભાળતો નથી. શુભાશુભ પરિણામ પોતે કરે છે. પણ પોતાના દ્રવ્યનું નક્કી કરતાં તે શુધ્ધ ચૈતન્યમાત્ર ભાસે છે, ને તેમ ભાસતાં અનાદિ અનંત કાળ સુધી રાગાદિરૂપે પરિણમ્યા જ કરીશ તેવી પ્રતીતિ થતી નથી. **( ૩૮-કર્તૃનય, પેઈજ નં. ૧૭૪૯ )**

[ ૐ ] અનંતા ધર્મોનો ધરનાર આત્મા છે એમ નક્કી કરતાં આત્મા અભોક્તાપણે સાક્ષી છે તેમ ભાસે છે એવી શ્રદ્ધા અને અનુભવ કરવો તે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપી ધર્મ છે.

**( ૪૧મી અભોકર્તૃત્વનય પેઈજ નં. ૧૭૬૫ )**

[ ૐ ] આ નયમાં પરનું જ્ઞાન આત્મા સાથે એકમેક છે એમ બતાવે છે. અનંતા તીર્થંકરો સિદ્ધો થયા તે જ્ઞાનમાં જણાવા યોગ્ય છે, તે પરપદાર્થો સંબંધીનું જ્ઞાન પોતાનું છે તે અદ્વૈતનયથી એક છે, જેમ લાખો લાકડાં હોય તે બળતાં હોય તો બધા એક અગ્નિ સ્વરૂપ ભાસે છે, તેમ અનંતા જ્ઞેયોને જાણે તો પણ જ્ઞાનાગ્નિ એક જ રૂપે છે. એ અપેક્ષાએ જ્ઞાન જ્ઞેયનું અદ્વૈતપણું છે, એવો આત્માનો એક ધર્મ છે.

**( જ્ઞાનજ્ઞેય અદ્રેતનય પેઈજ નં. ૧૬૮૭ )**

## નય પ્રજ્ઞાપન

[ ૐ ] અજ્ઞાનીને તો નય હોતા નથી. કોઈ જીવ ભવિષ્યમાં ભગવાન થવાનો છે પણ વર્તમાનમાં અજ્ઞાની છે; તો તે અજ્ઞાનભાવ વખતે પણ ભવિષ્યમાં સિદ્ધ થવાનો તેના દ્રવ્યનો સ્વભાવ છે, પણ તેને પોતાને તેની ખબર નથી; બીજો જ્ઞાની પોતાના જ્ઞાનની નિર્મળતાથી તેને જાણી લ્યે છે.

[ ૐ ] અહીં ત્રિકાળી દ્રવ્યના અનાદિ અનંત પર્યાયો થવાનો જેવો ધર્મ છે તેવો જ્ઞાન જાણે છે; જ્ઞાન તેનો નિષેધ ન કરે અને તેને ફેરવે પણ નહીં. દ્રવ્યમાં ભવિષ્યની જે જે પર્યાયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થવાની હોય તે પર્યાય થયાં પહેલાં, વર્તમાનમાં પણ, તેનામાં તે તે પર્યાયો થવાનો ધર્મ રહેલો છે અને તે ભાવિ પર્યાયપણે દ્રવ્યને વર્તમાનમાં જાણી લ્યે એવો શ્રુતજ્ઞાનનો એક પ્રકાર છે– તેનું નામ દ્રવ્યનય છે.

જ્યાં સ્વભાવ સન્મુખ સાધક દશા થઈ ત્યાં 'હું અલ્પકાળે સિદ્ધ થવાનો છું' એમ સાધકને નિર્ણય થઈ જાય છે. ભવિષ્યમાં અલ્પકાળે સિદ્ધ દશા થવાની છે ત્યાં 'હું સિદ્ધ છું' એમ ભાવિ પર્યાયરૂપે વર્તમાનમાં પોતાનો આત્મા જણાય– એવો તેનો ધર્મ છે, અને શ્રુતજ્ઞાનનો તેવું જાણવાનો સ્વભાવ છે. **( પેઈજ નં. ૧૦૫ )**

[ ૐ ] .....શ્રુતજ્ઞાનમાં દ્રવ્યની ભૂત–ભાવિ પર્યાયો પણ પ્રતિભાસે છે. પૂર્વ ભવની પર્યાયો પણે જણાય એવો આત્મામાં ધર્મ છે. એક દ્રવ્યનયમાં આટલું સામર્થ્ય છે કે દ્રવ્યની ભૂત–ભવિષ્યની પર્યાયોને નક્કી કરી શકે; દ્રવ્યમાં આવો જ્ઞેય ધર્મ છે ને જ્ઞાનમાં તેવું જાણવાનો ધર્મ છે. આ એક ધર્મને પણ યથાર્થ નક્કી કરતાં ત્રિકાળી દ્રવ્યનું સ્વરૂપ પ્રતીતમાં આવ્યા વગર રહેતું નથી. **( પેઈજ નં. - ૧૦૭ )**

[ ૐ ] અહીં દ્રવ્યનયના દૃષ્ટાંતમાં બાળકનું દૃષ્ટાંત આપ્યું છે; તે બાળક એવો છે કે જે આયુષ્યવંત છે અને ભવિષ્યમાં શેઠ થવાનો છે; તેને લોકો ભાવિ પર્યાયપણે લક્ષમાં લઈને કહે છે કે 'આ શેઠ છે;' ત્યાં ભવિષ્યમાં શેઠ થનાર બાળક વર્તમાનમાં શેઠ તરીકે પ્રતિભાસે છે એવો તેનો ધર્મ છે. તેમ સિધ્ધાંતમાં એવો જીવ લેવો છે કે જે ભવિષ્યમાં સિદ્ધ થનાર છે, તે વર્તમાનમાં સિદ્ધપણે પ્રતિભાસે એવો તેનો ધર્મ છે. ધર્મી પોતે પોતાના આત્માને ભવિષ્યની સિદ્ધ પર્યાયપણે વર્તમાનમાં જુએ છે. આ દ્રવ્યમાં ભવિષ્યમાં આ પર્યાય થવાની છે– એમ પોતાના જ્ઞાનમાં તે વાત આવી ગઈ ત્યારે દ્રવ્યનય લાગુ પડયો. **( પેઈજ નં. ૧૧૦ )**

[ ૐ ] અહીં આચાર્યદેવે સ્ત્રીનો દાખલો આપીને સમજાવ્યું છે. શાસ્ત્રકાર આચાર્ય ભગવાન તો વીતરાગી સંત છે; વસ્તુનું સ્વરૂપ સમજાવવા માટે જે દૃષ્ટાંત લક્ષમાં આવ્યું તે દૃષ્ટાંત નિઃશંકપણે આપ્યું છે, તેમાં પોતાને તો વીતરાગભાવ છે. જેમ કોઈવાર પુરુષના જેવી ચેષ્ટારૂપે સ્ત્રી પ્રવર્તતી હોય ત્યારે તે સ્ત્રી પુરુષપણે પ્રતિભાસે છે, તેમ વર્તમાન પર્યાયપણે પ્રવર્તતું દ્રવ્ય પણ ભાવનયથી તે પર્યાયપણે પ્રતિભાસે છે. પર્યાય તો દ્રવ્યમાં તન્મય થઈને પરિણમે છે. પણ, અહીં તો કહે છે કે દ્રવ્ય પોતે ઉલ્લસીને તે તે કાળના પર્યાયમાં તન્મય થઈ જાય છે, એટલે તે પર્યાયપણે જણાય છે. શુદ્ધ સમ્યગ્દર્શન વગેરે પર્યાયો થઈ તે પર્યાયમાં તન્મયપણે આખું દ્રવ્ય જ પ્રતિભાસે છે, એવો આત્માનો સ્વભાવ છે. સમ્યગ્દર્શનાદિ પર્યાય થઈ તેમાં તન્મયપણે આત્મા જ પ્રતિભાસે છે એટલે કે આત્મા જ સમ્યગ્દર્શન છે – એમ ભાવનયે પ્રતિભાસે છે.

આખું દ્રવ્ય વર્તમાન પર્યાયપણે જણાય એવો અનાદિ–અનંત સ્વભાવ છે. જ્યાં આવો સ્વભાવ નક્કી કર્યો ત્યાં નિર્મળ પર્યાયમાં ઉલ્લસતું દ્રવ્ય પ્રતિભાસ્યું. પર્યાયમાં દ્રવ્ય ઉલ્લસતું પ્રતિભાસે છે, –પણ કોને ? કે જેણે દ્રવ્યને પ્રતીતમાં લીધું છે તેને. આ રીતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં સાધકના સમ્યક્ પર્યાયોની વાત છે, કેવળી ભગવાન તો નયાતિક્રાન્ત છે, તેમને નયથી કાંઈ સાધવાનું રહ્યું નથી; ને અજ્ઞાની જીવને તો દ્રવ્યનું ભાન નથી તેથી તેને પણ પર્યાયમાં દ્રવ્ય ઉલ્લસતું ભાસતું નથી; તેણે તો વિકલ્પને અને રાગને જ આત્મા માન્યો છે એટલે તેને તો પર્યાયમાં રાગ જ ઉલ્લસતો ભાસે છે. જેને અખંડ દ્રવ્યનું ભાન છે એવા સાધક જીવને પર્યાયમાં દ્રવ્ય ઉલ્લસતું પ્રતિભાસે છે. તે જ્યારે ભાવનયથી જુએ છે ત્યારે સમ્યગ્દર્શનાદિ વર્તમાન પર્યાયપણે આખો આત્મા તેને ભાસે છે, એ પ્રમાણે વર્તમાન પર્યાયરૂપ ઉલ્લસતું પ્રતિભાસે એવો દ્રવ્યનો ધર્મ છે. અજ્ઞાનીના આત્મામાં પણ આવો ધર્મ તો છે પરંતુ તેને પોતાને દ્રવ્યનું ભાન નથી એટલે 'વર્તમાન પર્યાયમાં દ્રવ્ય ઉલ્લસે છે' એમ તેને પ્રતિભાસતું નથી, તેથી તેને ભાવનય હોતો નથી. દ્રવ્ય પોતે પર્યાયપણે ઉલ્લસે છે– એમ જેને ભાસે તે બહારના આશ્રયે પર્યાયની નિર્મળતા થવાનું માને નહીં. મારી વર્તમાન પર્યાયમાં મારું દ્રવ્ય ઉલ્લસે છે એમ જેને પ્રતિભાસ્યું તેની દૃષ્ટિ દ્રવ્ય સન્મુખ ગઈ ને સમ્યગ્જ્ઞાન થયું અને તેને ભાવનય લાગુ પડયો; આ સિવાય ભાવનય હોતો નથી, કેમકે ભાવનય તે સમ્યગ્જ્ઞાનનો અંશ છે.

**( ભાવનય, પેઈજ નં. - ૧૧૩ )**

[ ૐ ] ભાવનયથી આત્મા વર્તમાન પર્યાયપણે પ્રતિભાસે છે એટલે કે વર્તમાન એક પર્યાયમાં વ્યાપેલો પ્રતિભાસે છે– એમ કહ્યું, અને અહીં કહે છે કે સામાન્ય નયથી આત્મા બધી પર્યાયોમાં વ્યાપક એક દ્રવ્યપણે દેખાય છે. આ સામાન્યનય એમ બતાવે છે કે– હે જીવ ! તારી પર્યાયમાં સદાય તું જ વ્યાપક છો, તારી પર્યાયમાં કોઈ બીજો આવતો નથી; એટલે તારી પર્યાય પ્રગટવા માટે તારે કોઈ પર સામે જોવાનું રહેતું નથી, પણ તારા દ્રવ્યની સામે જ જોવાનું રહે છે.

ભાવનયે જોતાં વર્તમાન પર્યાયપણે જ દ્રવ્ય પ્રતિભાસે છે; દ્રવ્યનયે જોતાં ભૂત–ભાવી પર્યાયપણે દ્રવ્ય પ્રતિભાસે છે; અને સામાન્ય નયે જોતાં ત્રણકાળના પર્યાયોમાં વ્યાપકપણે દ્રવ્ય પ્રતિભાસે છે. – આનો અર્થ જ એ થયો કે વર્તમાનની પર્યાય વર્તમાનમાં છે, ભૂતકાળની પર્યાય ભૂતકાળમાં છે ને ભવિષ્યની પર્યાય ભવિષ્યમાં છે, કોઈ પર્યાય આઘી–પાછી થતી નથી. જો ભવિષ્યની પર્યાયનો ક્રમ દ્રવ્યમાં નિશ્ચિત ન હોય તો ભાવી પર્યાયપણે દ્રવ્ય પ્રતિભાસી શકે જ નહીં. જેમ મોતીની માળામાં મોતીનો ક્રમ આઘો પાછો થતો નથી, તેમ ત્રણકાળની પર્યાયમાળામાં વ્યાપક એવા દ્રવ્યમાં કોઈ પર્યાયનો ક્રમ આઘો પાછો થતો નથી; અને પરને લીધે કોઈ પર્યાય થતી નથી એ વાત પણ આમાં આવી જ ગઈ. દ્રવ્યની પર્યાયો તેના સ્વ અવસરે જ થાય છે; આગળ–પાછળ થતી નથી– એ વાત ૯૯ ગાથાના પ્રવચનોમાં વિશેષ વિસ્તારથી આવી ગઈ છે. **( સામાન્ય નય,૧૭ પેઈજ નં. ૧૧૬-૧૧૭ )**

[ ૐ ] જ્ઞાન અને જ્ઞેય પદાર્થો કદી એકમેક થઈ જતા નથી, પણ જ્ઞાન સ્વભાવી આત્મામાં એક એવો સ્વપર પ્રકાશક ધર્મ છે કે લોકાલોકના સમસ્ત જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં કોતરાઈ ગયાં હોય– એમ જણાય છે. પહેલાં ૨૦૦ મી ગાથામાં પણ કહ્યું હતું કે 'એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી ક્રમે પ્રવર્તતા અનંત ભૂત–વર્તમાન–ભાવિ વિચિત્ર પર્યાય સમૂહવાળાં અગાધ સ્વભાવ અને ગંભીર એવાં સમસ્ત દ્રવ્યમાત્રને – જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાય ગયાં હોય... ચીતરાય ગયા હોય... દટાઈ ગયા હોય... ખોડાઈ ગયા હોય... ડૂબી ગયા હોય... સમાઈ ગયા હોય... પ્રતિબિંબિત થયા હોય એમ એક ક્ષણમાં જ શુદ્ધ આત્મા પ્રત્યક્ષ કરે છે. આવા જ્ઞેય જ્ઞાયક સંબંધને લીધે જ્ઞાન અને જ્ઞેયો જાણે કે એકમેક હોય– એમ પ્રતિભાસે છે; તોપણ આત્મા પોતાના જ્ઞાન સ્વભાવની એકતાને છોડીને પરજ્ઞેયો સાથે એકમેક થઈ ગયો નથી. જ્ઞાનની જ એવી વિશેષતા છે કે જ્ઞેયો તેમાં જણાય છે, પણ કાંઈ જ્ઞેયોને લીધે જ્ઞાન થતું નથી. **( ૨૪-જ્ઞાન-જ્ઞેય અદ્વૈતનય, પેઈજ નં. ૧૫૮-૧૫૯ )**

[ ૐ ] આત્મા ખરેખર પરજ્ઞેયોથી જુદો છે, પણ તેનાં જ્ઞાનમાં પરજ્ઞેયો જણાય છે તેથી જ્ઞાન અને જ્ઞેયનું અદ્વૈત હોય એમ કહેવાય છે, જેમ છાણાં–લાકડાં વગેરે અનેક પ્રકારનાં ઈંધનને બાળનારો મોટો અગ્નિ એક જ લાગે છે, તેમાં છાણાં–લાકડાં વગેરે જુદાં દેખાતા નથી, તેમ જાણનાર સ્વભાવ વડે આત્મા પોતે પોતાના જ્ઞાનમાં પરિણત થઈને અનંત જ્ઞેય પદાર્થોના જ્ઞાનરૂપે પરિણમે છે. ત્યાં જાણે કે બધા જ્ઞેયો પદાર્થોપણે એક જ્ઞાન જ પરિણમી ગયું હોય– એમ જ્ઞાન જ્ઞેયના અદ્વૈતનયે પ્રતિભાસે છે. જુઓ, અહીં જ્ઞાન અને જ્ઞેયનું એકપણું સાબિત નથી કરવું, પણ જ્ઞાન સામર્થ્યમાં બધા જ્ઞેયો જણાય છે– એમ સાબિત કરીને આત્માનો જ્ઞાન સ્વભાવ ઓળખાવવો છે. પર જ્ઞેયો તો ત્રણે કાળે પરમાં જ રહે છે પણ જ્ઞાનમાં જાણવાની અપેક્ષાએ તેમને જ્ઞાન સાથે અદ્વૈત કહીને જ્ઞાનનું સામર્થ્ય જણાવ્યું છે. અનંતા સિદ્ધો વગેરે જ્ઞેયો છે તેમને લીધે અહીં તેનું જ્ઞાન થાય છે એમ નથી, **પણ જ્ઞાનનું જ એવું દિવ્ય સામર્થ્ય છે તેથી જ્ઞાન પોતે જ તેવા જ્ઞેયોના પ્રતિભાસરૂપે પરિણમે છે, જ્ઞાનની જ એવી મોટાઈ છે કે સમસ્ત જ્ઞેયોના જ્ઞાનપણે પોતે એક જ ભાસે છે.** **( પેઈજ નં. - ૧૬૦ )**

[ ૐ ] આત્મદ્રવ્ય જ્ઞાન જ્ઞેય દ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંયુક્ત દર્પણની માફક, અનેક છે. જેમાં અનેક ચીજોનું પ્રતિબિંબ ઝળકતું હોય એવો અરીસો પોતે અનેકરૂપ થયો છે તેમ જ્ઞાનમાં અનેક પ્રકારના પરજ્ઞેયો ઝળકે છે– જણાય છે, ત્યાં જ્ઞાન પોતાના સ્વભાવથી જ એવી અનેકતારૂપ પરિણમ્યું છે, પરજ્ઞેયો કાંઈ જ્ઞાનમાં પેઠા નથી.

**( જ્ઞાન જ્ઞેય દ્વૈતનય. પેઈજ નં. ૧૬૪ )**

[ ૐ ] જેમ અરીસામાં મોર, સોનું, આંબા, જાંબુડા, લીમડા વગેરે અનેક પદાર્થોનું પ્રતિબિંબ દેખાતા અરીસાની પણ અનેકતા ભાસે છે તેમ ચૈતન્ય જ્યોત અરીસો ભગવાન આત્મા અનેક પદાર્થોને જાણતાં તેનું જ્ઞાન પણ અનેકતારૂપે પરિણમે છે તેથી આત્મામાં અનેકપણારૂપ ધર્મ પણ છે. જ્ઞેયોનું અનેકપણું જ્ઞેયોમાં છે, તેમનાથી તો આત્મા જુદો છે, પણ અર્હંત, સિદ્ધ, જડ–ચેતન વગેરે અનેક જ્ઞેય પદાર્થોને જાણતાં જ્ઞાન પોતે પોતાના સ્વભાવથી જ અનેકતારૂપે થાય છે, તે અનેકતા કાંઈ પર જ્ઞેયોને લીધે થતી નથી. જેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અરીસામાં અનેક પદાર્થોનું પ્રતિબિંબ દેખાય છે તે અરીસાની જ અવસ્થા છે, અરીસો પોતાના સ્વચ્છ સ્વભાવથી તેવી જ અનેકાકારરૂપ પર્યાયે પરિણમ્યો છે, **તેમ જ્ઞાન પણ પોતાના સ્વ-પર પ્રકાશક સ્વભાવને લીધે અનેક જ્ઞેયાકારોરૂપ પરિણમે છે તે જ્ઞાનની પોતાની અવસ્થા છે**, પરજ્ઞેયોનો આકાર જ્ઞાનમાં આવી જતો નથી.

**( જ્ઞાન જ્ઞેય દ્વૈતનય - પેઈજ નં. - ૧૬૪-૧૬૫ )**

[ ૐ ] જ્ઞાનનો દ્વૈત સ્વભાવ પોતાનો છે, તે લોકાલોકને લીધે નથી જ્ઞાનમાં જે લોકાલોકનો જે પ્રતિભાસ થાય છે તે કાંઈ લોકાલોકની અવસ્થા નથી, પણ તે તો જ્ઞાન પોતે જ પોતાના તેવા ધર્મરૂપે પરિણમ્યું છે, લોકાલોક તો જ્ઞાનની બહાર છે– **આમ દ્વૈતનયથી અનેકાકાર જ્ઞાન સ્વભાવી આત્માને જાણવો તે સમ્યગ્જ્ઞાન અને વીતરાગતાનું કારણ છે.** **( જ્ઞાન જ્ઞેય દ્વૈતનય પેઈજ નં. ૧૬૫ )**

[ ૐ ] જ્ઞાનમાં પરનું પ્રતિબિંબ પડે છે એમ કહેવાય છે ત્યાં કાંઈ જ્ઞાનમાં પર પદાર્થોનું પ્રતિબિંબ પડતું નથી, પણ જ્ઞાનની જ તેવી અવસ્થા દેખાય છે. જ્ઞાન તો અરૂપી છે અને ઝાડ વગેરે તો રૂપી છે તો અરૂપીમાં રૂપી વસ્તુનું પ્રતિબિંબ કઈ રીતે પડે ? જ્ઞાનમાં પરને પણ જાણવાની તાકાત છે તેથી તેમાં પર જણાય છે તે અપેક્ષાએ જ્ઞાનમાં પરનું પ્રતિબિંબ કહ્યું છે. જ્ઞાનનું સ્વપર પ્રકાશક સામર્થ્ય બતાવવા માટે નિમિત્તથી તેમ કહ્યું છે. જો જ્ઞાનમાં ખરેખર પરનું પ્રતિબિંબ પડતું હોય તો કોલસાનું પ્રતિબિંબ પડતા જ્ઞાન કાળું થઈ જાય, દસ હાથ ઊંચા લીમડાનું પ્રતિબિંબ પડતા જ્ઞાનને પણ દસ હાથ પહોળું થવું પડે ! પણ એમ થતું નથી. જ્ઞાન પોતે સાડાત્રણ હાથમાં રહીને પણ દસ હાથના લીમડાને જાણી લ્યે છે; માટે પર જ્ઞેયનો આકાર કે પ્રતિબિંબ જ્ઞાનમાં આવતા નથી, પણ જ્ઞાન તેને જાણી લે છે તે અપેક્ષાએ જ્ઞાનમાં તેનું પ્રતિબિંબ કહ્યું છે.

જ્ઞાન પોતાના જ્ઞાનભાવપણે એકરૂપ હોવા છતાં અનેક જ્ઞેયો જણાય છે તે અપેક્ષાએ તેનામાં અનેકતા પણ છે, જ્ઞાનમાં અનેક પદાર્થો જણાતાં જે અનેકતા થાય છે તે ઉપાધિ કે મેલ નથી પણ જ્ઞાનનું જ સ્વરૂપ છે. જેમ અરીસામાં કોલસાનું પ્રતિબિંબ જણાતાં જે કાળાપણું દેખાય છે તે કાંઈ અરીસાનો મેલ નથી પણ તે તો તેની સ્વચ્છતાનું પરિણમન છે; તેમ જ્ઞાનમાં અનેક જ્ઞેયો જણાતાં જે અનેકરૂપતા થાય છે તે કાંઈ જ્ઞાનનો મેલ નથી પણ જ્ઞાનની સ્વચ્છતાનો તેવો સ્વભાવ છે... કે બધા જ્ઞેયો તેમાં જણાય. સાકરને લીમડાને કે લીંબુને જાણતાં જ્ઞાન કાંઈ મીઠું, કડવું કે ખાટું થઈ જતું નથી, કેમકે તે જ્ઞાનમાં પરજ્ઞેયનો અભાવ છે, તે તે પ્રકારના અનેકવિધ પદાર્થોના જ્ઞાનપણે થવાનો જ્ઞાનનો સ્વભાવ છે. **( જ્ઞાન જ્ઞેય દ્વૈતનય, પેઈજ નં. ૧૬૭ )**

[ ૐ ] આત્મ દ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેમ ઉષ્ણતા તે અગ્નિનો નિયત સ્વભાવ છે તેમ નિયતનયે આત્મા પણ પોતાના નિયત સ્વભાવવાળો ભાસે છે. આત્માના ત્રિકાળ એકરૂપ સ્વભાવને અહીં નિયત કહ્યો છે. તે સ્વભાવને જોનાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિયતનયથી જ્યારે જુઓ ત્યારે આત્મા પોતાના ચૈતન્ય સ્વભાવપણે એકરૂપ ભાસે છે.

અહીં આત્માના નિયત સ્વભાવની વાત છે. જેવો શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ છે તેવા જ નિયત સ્વભાવે આત્મા સદાય ભાસે છે. **( નિયતિનય-પેઈજ નં. ૧૭૧ )**

## અશૂન્યનયે આત્માનું વર્ણન

[ ૐ ] આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે. આત્માના જ્ઞાનમાં બધાય જ્ઞેયો ભાસે છે. તેથી જાણે કે જ્ઞાનરૂપી વહાણમાં આખો લોકાલોક ભરેલો હોય –એમ આત્મા ભરેલો દેખાય છે.

જેમ વહાણમાં માણસો ભર્યા હોય ત્યાં વહાણ ભરેલું દેખાય છે, તેમ આત્માના જ્ઞાનમાં અનંતા જ્ઞેયો જણાતાં આત્મા પણ ભરેલો દેખાય છે; પર પદાર્થોનું જ્ઞાન પણ આત્મામાં નથી–એમ નથી. પોતાના જ્ઞાન સ્વભાવથી પરવસ્તુને પણ આત્મા જાણે છે, તેથી અનંત જ્ઞેયોના જ્ઞાનથી તે ભરેલો છે. આવા જ્ઞાન સામર્થ્યને લીધે બધાય જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં આવી ગયા હોય..... જ્ઞાનમાં ઉતરી ગયા હોય.... જ્ઞાનમાં ડૂબી ગયા હોય.... એમ જ્ઞાન ભરેલું લાગે છે. જેમ સ્વચ્છ અરીસામાં રંગબેરંગી પદાર્થો ઝળકતાં અરીસો તેનાથી ભરેલો લાગે છે, તેમ આત્માના સ્વચ્છ જ્ઞાનમાં બધા જ્ઞેયો જણાતાં આત્મા પણ બધા જ્ઞેયોથી ભરેલો લાગે છે. જ્ઞાનમાં એકાગ્ર થતાં પોતાના જ્ઞાનમાં બધું જણાય જાય છે.

કોઈ પૂછે કે– ભગવાનને ક્યાં શોધવા ? તો કહે છે કે–તારા જ્ઞાનમાં ! અનંતા તીર્થંકરો–સિદ્ધો અને સંતોને બહારમાં ગોતવા જવું પડે તેમ નથી, પોતાના જ્ઞાનમાં તે બધાય જણાય છે એટલે જ્ઞાનમાં જ તે બધા બિરાજતા હોય–એમ જણાય છે. માટે તું તારા જ્ઞાન સામે જોઈને તારા જ્ઞાન સામર્થ્યની પ્રતીત કર. અનંતા સિદ્ધ ભગવંતો, કેવળી ભગવંતો તેમ જ ધર્મ –અધર્મ–આકાશ ને કાળ તથા અનંતા પુદ્‌ગલો વગેરે બધાયના જ્ઞાનથી આત્મા ભરેલો છે; આવા આત્માને ઓળખીને તેની દૃષ્ટિ કરે તો સ્વાધીન દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાન થાય છે.

**( આત્મધર્મ અંક-૧૦૯, પેઈજ નં.-૧૭-૧૮ )**

**અનુભવ કોનો**

**પ્રશ્નઃ- અનુભવ દ્રવ્યનો છે કે પર્યાયનો ?**

**ઉત્તરઃ- અનુભવમાં એકલું દ્રવ્ય કે એકલી પર્યાય નથી, પણ સ્વસન્મુખ વળીને પર્યાય દ્રવ્ય સાથે તદ્રૂપ થઈ છે, ને દ્રવ્ય-પર્યાય વચ્ચે ભેદ નથી રહ્યો, -આવી જે બંનેની અભેદ અનુભૂતિ-તે અનુભવ છે. દ્રવ્ય-પર્યાય વચ્ચે ભેદ રહે ત્યાં સુધી નિર્વિકલ્પ અનુભવ થાય નહીં. ( આત્મધર્મ અંક નં-૨૬૨, પેઈજ નં-૨૩ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સમયસાર શાસ્ત્રજી પર પ્રવચનો ભાગ-૧

[ ૐ ] સર્વ પદાર્થનું સ્વરૂપ જણાય તેવા ગુણવાળો હોવાથી, લોકાલોકને ઝળકાવનારું એકરૂપ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, અરીસામાં લાખ ચીજ જણાય ખરી, પણ તેથી અરીસો તે લાખ ચીજરૂપ થતો નથી, અરીસામાં કોઈ ચીજ પેસી નથી પણ તેની સ્વચ્છતાથી જ એમ જણાય છે; તેમ આત્માનો જ્ઞાન ગુણ એવો સ્વચ્છ છે કે તેમાં જણાવા યોગ્ય અનંત પર ચીજો જણાય છે. **( ગાથા-૨, પેઈજ નં. -૭૯ )**

[ ૐ ] જ્ઞાનનો ઉપયોગ દરેક સમયે વર્તે છે, તેમાં વર્તમાન ભવનો ખ્યાલ છે, ગયા અનંત ભવમાં પણ તે વખતના વર્તમાન વર્તતા ભાવે ખ્યાલ કરતો હતો. એ રીતે અનંત ભવમાં પોતે વસ્તુ, તેનું ક્ષેત્ર, તેનો કાળ અને તેના ભાવને જ્ઞાન સામર્થ્યથી જાણવાપણે વર્તતો હતો. હવે પછીના જેટલા ભવ કરશે તેમાં પણ વર્તમાન વર્તતું જ્ઞાન કરશે. એવું બધું સામર્થ્ય પૂર્વે એકએક સમયે હતું જ્યારે જ્યારે જે જે ભવમાં હતો ત્યારે ત્યારે જ્ઞાનમાં તેને તે તે ભાવે જાણતો હતો, **તો પણ તે ભવ પૂરતું તે અવસ્થા પૂરતું જ સામર્થ્ય ન હતું પણ બીજા અનંત ભવોનું જ્ઞાન કરનારું અનંત સામર્થ્ય હતું.**
**( ગાથા-૬, પેઈજ નં-૧૬૩ )**

**( કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ અને શ્રુતજ્ઞાનમાં પરોક્ષ જણાય છે )**

[ ૐ ] તે આખા દ્રવ્યને સમ્યગ્દર્શને પ્રતીતિમાં લીધું છે, જ્ઞાનમાં લીધું છે, કેવળજ્ઞાનમાં ભૂત–ભવિષ્યની અનંત પર્યાય પ્રત્યક્ષ જણાય. જ્યારે સમ્યગ્દર્શન થતાં સમ્યગ્જ્ઞાનમાં તે ભૂત–ભવિષ્યની પર્યાય પરોક્ષપણે જણાય. **( ગાથા-૬ પેઈજ નં. -૧૭૨ )**

[ ૐ ] ... તેમ જ્ઞાયક આત્મામાં પરવસ્તુના આકાર જણાય છે, તે તો પોતાના જ્ઞાનની જ નિર્મળતા દેખાય છે. જેમ અરીસાની સ્વચ્છતામાં પરવસ્તુની હાજરી જેવી છે તેવી સ્વચ્છ ઝળકે ( જણાય ) ખરી પણ તેમાં પરવસ્તુનું આશ્રયપણું નથી. તેમ જ્ઞાનમાં શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શ વગેરે જણાય છે, તે જાણવા વખતે પણ જ્ઞાન જ્ઞાનને જ જાણે છે. પરને જાણતું નથી. કારણકે જ્ઞાન જ્ઞેયમાં જતું નથી, જ્ઞાન તો સળંગ જાણનારપણે રહે છે. પર ( જ્ઞેય ) સહજ જણાય એવો સ્વ–પર પ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞાન જ્ઞાનમાં રહી અનેક જ્ઞેયોનું જ્ઞાન કરે, તે જ્ઞાનની સ્વચ્છતાનો વૈભવ છે.
**( ગાથા-૬ પેઈજ નં. -૧૮૦ )**

## શ્રી સમયસાર શાસ્ત્રજી પર પ્રવચનો ભાગ-૨

[ ૐ ] ... આ શુદ્ધનયના વિષય સ્વરૂપ આત્માની અનુભૂતિ છે **તે જ સમ્યગ્જ્ઞાન છે. તેમ હોવાથી જ્ઞાની જ્યાં જ્યાં દેખે છે ત્યાં ત્યાં નિરંતર જ્ઞાનની અનુભૂતિ છે, સ્વાશ્રયપણે યથાર્થ શ્રદ્ધા થયા પછી નિરંતર પોતાના જ્ઞાનને જાણે છે. પુણ્ય-પાપ સ્વર્ગ-નરક તથા પાંચ ઇન્દ્રિયના વિષયો સંબંધી વિચાર આવે ત્યાં પણ સ્વપણે હું છું, અખંડ જ્ઞાયકપણે છું પણ પર પણે નથી; એવો જ્ઞાનમય અનુભવ હોવાથી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અંશે આસક્તિનો નાશ થયો છે. તેથી પોતાના જ્ઞાનની સ્વચ્છતાને જ દેખે છે, અનુભવે છે.** **( કળશ-૧૩, પેઈજ નં. -૯૪ )**

**( જ્ઞાનીને સદા જ્ઞાનની સ્વચ્છતા દેખાય છે. )**

[ ૐ ] સ્વાશ્રિત શુદ્ધનય વડે જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કર્યા **પછી સદા સર્વદા જ્યાં જોઉં ત્યાં મારામાં મારા જ્ઞાન વૈભવની અવસ્થા દેખાય છે, પર ચીજની મારામાં નાસ્તિ છે. તેથી બાહ્ય નીંદા કરનાર કે સ્તુતિ કરનાર શબ્દાદિ પાંચ ઇન્દ્રિયોના વિષયાદિ જે કાંઈ જણાય છે તે મારા જ્ઞાનમય સ્વભાવની સ્વચ્છતા દેખાય છે.** **( કળશ-૧૩, પેઈજ નં. -૯૫ )**

**( સ્વાશ્રિતપણામાં નિર્મળજ્ઞાન સામર્થ્યની જાહેરાત )**

[ ૐ ] અનાદિથી નિમિત્તાધીન દૃષ્ટિ વડે પરની શ્રદ્ધાથી પરને જાણતો હતો તે જ્ઞાન સ્વાશ્રિતપણે પોતા તરફ થયું, એટલે શુભાશુભ રાગપણે કે પરનાં કર્તાપણે ન થયું. **જે જણાય છે તે પોતાથી પોતામાં પોતાના જ્ઞાનની નિર્મળ અવસ્થા જણાય છે. તે પોતાની ગુણના અનુભવની જાહેરાત છે.** રાગમાં કે મન, વાણી, દેહ કે ઇન્દ્રિયોમાં જાણપણાની જાહેરાત નથી. **( કળશ-૧૩, પેઈજ નં. -૯૫ )**

**( જ્ઞાનની સ્વચ્છતાનો નિષેધ કરતાં પોતાના આત્માનો નિષેધ થાય છે. )**

[ ૐ ] પરચીજનું આમ થવું જોઈએ અને આમ ન થવું જોઈએ એમ માને તો **જ્ઞાનમાં જે પોતાની સ્વચ્છતા જણાય છે; તેનો નિષેધ થાય છે એટલે હું ન હોઉં એમ થાય છે; કારણકે તે વખતે પોતાના જ્ઞાનની તે અવસ્થારૂપ યોગ્યતા જ તે પ્રકારે જાણવાની છે, તેની ના પાડતાં પોતાની અવસ્થાનો નિષેધ અને અવસ્થાનો નિષેધ થતાં પોતાનો નિષેધ થાય છે.** કારણ કે અવસ્થા વગર કોઈ વસ્તુ હોઈ શકે નહિ, જેમ અરીસાની સ્વચ્છતામાં વિષ્ટા કે સુગંધી ફુલ કોયલો કે ઘરેણાં બરફ કે અગ્નિ વગેરે જે દેખાય છે તે અરીસાની અવસ્થા છે. તેનો નિષેધ કરતાં આવી સ્વચ્છતા અરીસાની ન હોવી જોઈએ એમ અર્થ થાય છે ને તેથી અરીસાનો જ નિષેધ થાય છે ( પણ અરીસાને જ્ઞાન નથી ) એમ અરીસાના દૃષ્ટાંતે જ્ઞાનની સ્વચ્છતામાં અનુકૂળ–પ્રતિકૂળ સંયોગ એના કારણે દેખાય. દેહમાં વૃદ્ધપણું–રોગાદિ અવસ્થા દેહના કારણે આવે તે તથા પાંચ ઇન્દ્રિયોના વિષયો **જ્ઞાનની સ્વચ્છતામાં સહજ જણાય તેનો નકાર કરતાં પોતાના જ્ઞાનગુણની સ્વચ્છતાનો નકાર થાય છે. આમ જાણતા હોવાથી જ્ઞાની નિરંતર પોતાના એક જ્ઞાનભાવનો અનુભવ કરે છે તેથી પરમાં ઠીક-અઠીક માની આદર-અનાદરરૂપે અટકવાનું થતું નથી.** પર ચીજ મને લાભહાનીનું કારણ નથી તેમજ જ્ઞાન સ્વભાવ પણ રાગ–દ્વેષનું કારણ નથી, સ્વર્ગ–નરક વિગેરે તથા નિંદા–સ્તુતિના કોઈપણ શબ્દો કે કોઈપણ પર ચીજ જણાય તે મને લાભ–નુકશાનનું કારણ નથી. એમ જાણી **જ્ઞાની જાણવામાં નિમિત્તાધીન દૃષ્ટિ છોડીને ઠીક-અઠીકપણું ટાળીને સ્વાધીન સ્વલક્ષ વડે નિરંતર બધી બાજુ પોતાના નિર્મળ જ્ઞાનને જ અનુભવે છે. સ્વાનુભવની શાંતિને જ જાણે છે; પરને જાણતો નથી. પરને અનુભવતો નથી.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] અગ્નિની જવાળા જે અરીસામાં દેખાય છે તે અરીસામાં અગ્નિ દેખાતી નથી પણ તે અરીસાની સ્વચ્છતા જ દેખાય છે. અગ્નિના ગુણ કાંઈ અરીસામાં પેસી ગયા નથી, અરીસામાં રાતાપણે પરિણમવાની યોગ્યતા હતી તેથી રાતારંગપણે તે થયો છે. પણ અગ્નિએ અરીસાને રાતપપણે કર્યો નથી. જો અગ્નિથી અરીસાની રાતી અવસ્થા થઈ હોત તો લાકડામાં પણ થવી જોઈએ. પરંતુ તેમ બનતું નથી. તેનામાં યોગ્યતા હોય ત્યારે જ થાય તેમ આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે તેમાં કર્મ–નોકર્મ દેખાય છે તે તેના જ્ઞાનની સ્વચ્છતા છે. કર્મ કે નોકર્મ આત્મામાં પેસી ગયા નથી. **આત્મા પોતે પોતાની અવસ્થાને જ જાણે છે સામા નિમિત્તને લઈને જાણે છે તેમ નથી. આત્મા જ્ઞાન સ્વરૂપ નિર્મળ અરીસો એવો છે કે તેમાં જે મકાન વગેરે દેખાય છે તેને તે જાણતો નથી પણ પોતાના જ્ઞાનની અવસ્થાને જ જાણે છે, પોતાનો જ્ઞાન સ્વભાવ પર નિમિત્તને લઈને નથી પણ અવસ્થા થવાની યોગ્યતા મુજબ જ્ઞાનના સામર્થ્ય અનુસાર સામું નિમિત્ત હાજર હોય છે. પણ તે નિમિત્તાધીન આત્માનું જ્ઞાન નથી.**

**( ગાથા-૧૯, પેઈજ નં. -૧૮૯ )**

[ ૐ ] શરીર, ઈન્દ્રિય, કર્મ તે તો રજકણ છે, તેને લીધે જ્ઞાન નથી. **શરીર હાલ્યું એમ જાણ્યું તે જ્ઞાનની સ્વચ્છતા યોગ્યતામાં પોતાના જ્ઞાનની અવસ્થા જાણી.**

**( ગાથા-૧૯, પેઈજ નં. -૧૮૯ )**

[ ૐ ] શરીરાદિની અવસ્થા તેના સ્વતંત્ર કારણે છે. મારી અવસ્થા મારામાં મારા કારણે છે. જેટલા દેહના જન્મ મરણાદિ સ્વભાવો–સંયોગો તે બધા ભગવાન આત્માના જ્ઞાનની સામર્થ્ય ભૂમિકામાં જણાય છે પણ આત્મા તેની અવસ્થા કરતો નથી કે તે પર ( પદાર્થ ) આત્માની અવસ્થા કરતા નથી. આત્મા અરૂપી છે તેમાં જો લીમડો આદિ રૂપી પદાર્થ આવી જતા હોય તો તો તે રૂપી થઈ જાય, પણ તેમ કદી બને નહિ. પર પદાર્થો જ્ઞાનસ્વભાવમાં જણાય તે પોતાની જ અવસ્થા છે. કોઈનું પ્રતિબિંબ તેમાં આવી જતું નથી. 'આનાથી જ્ઞાન થયું' એમ માત્ર નિમિત્તથી બોલાય છે.

**( ગાથા-૨૧, પેઈજ નં. -૧૯૧ )**

## શ્રી સમયસાર શાસ્ત્રજી પર પ્રવચનો ભાગ-૩

[ ૐ ] અંદર જાણે છે– જુએ છે તે જ્ઞાનમાત્ર આત્મા છે. 'જ્ઞાનમાત્ર' કહેતાં અનંતગુણ સાથે આવી જાય છે; અને તે સિવાય જે ભાસે તે સંયોગજનિત ઉપાધિ છે તે ટાળવાયોગ્ય ભાવ છે; **( ગાથા-૩૫, પેઈજ-૧૦૧ )**

[ ૐ ] જેમ અરીસામાં વસ્તુઓનો પ્રતિભાસ થાય છે, ત્યારે તે બધી વસ્તુઓ એવી દેખાય છે કે જાણે અંતર્મગ્ન થઈ ગઈ હોય ! અરીસામાં પેસી ગઈ હોય ! એકી સાથે અરીસામાં પાંચ હજાર ચીજો દેખાય તો પણ તેમાં સંકડાશ પડતી નથી. અરીસા જેવા પદાર્થમાં પણ આમ બને તો પછી જ્ઞાનમાં શું ન જણાય ? **( ગાથા-૩૭, પેઈજ-૧૩૨ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ૐ ] ... તો આ પુણ્ય–પાપ આદિના ભાવો તો કથંચિત્ ચૈતન્ય સાથે સંબંધ રાખે છે, કોઈ પ્રકારે ચૈતન્યની અવસ્થામાં થતાં પ્રતિભાસે છે પણ ચૈતન્ય સિવાય જડમાં, લાકડામાં થતાં દેખાતાં નથી, જુઓ, આ શિષ્યને જિજ્ઞાસા થઈ એટલે પરિણામ જોવા શીખ્યો. શિષ્યે શું કહ્યું ? હર્ષ, શોક, સુખ, દુઃખ તેનું વેદન આત્મા સાથે સંબંધ રાખતું પ્રતિભાસે છે, પરંતુ તે ભાવો કાંઈ જડમાં દેખાતા નથી તો તેને જડના કેમ કહ્યા ?..

**( ગાથા-૪૪, પેઈજ-૨૫૫ )**

[ ૐ ] જ્ઞાન ત્રણે કાળની અવસ્થાને જાણે અને વસ્તુને પણ જાણે. બન્ને જ્ઞાનમાં પ્રતિભાસવા છતાં કેવળ વ્યક્ત એટલે અવસ્થાને જ સ્પર્શે છે—તેમ નથી.

**( ગાથા-૪૯, પેઈજ-૩૭૮ )**

## શ્રી સમયસારજી શાસ્ત્ર પર પ્રવચન ભાગ-૪

[ ૐ ] પોતાને જ માલૂમ પડવાની વાત છે. નિઃશંકપણે જ્ઞાનરૂપે થતો પોતે જ પોતાને ભાસે છે. પોતે જ પોતાને માલૂમ પડે છે, આવું જ્ઞાન થાય ત્યારે પોતે પોતાને ક્રોધાદિરૂપે થતો ભાસતો નથી પણ જ્ઞાનરૂપે નિઃશંકપણે પોતાને જ ભાસે છે. બીજાને પૂછવા જવું પડતું નથી. **( ગાથા-૭૧, પેઈજ નં-૨૨ )**

[ ૐ ] છ મહિનાના ઉપવાસ કરવાથી પણ આસ્રવ રોકાતો નથી. મૌન રહે તો પણ આસ્રવ રોકાતો નથી. પરંતુ આત્માના સ્વભાવનું જ્ઞાન કરવાથી આસ્ત્રવ રોકાય છે. જ્ઞાતાનો જ્ઞાનભાવ ભાસે ત્યારે ક્રોધાદિ ભાસતા નથી અને ક્રોધાદિ ભાસે ત્યારે જ્ઞાન ભાસતું નથી. **( ગાથા-૭૧, પેઈજ નં-૨૩ )**

[ ૐ ] જીવ જ પોતે અંતરવ્યાપક થઈને સંસાર અથવા નિઃસંસાર અવસ્થાને વિષે આદિ–મધ્ય–અંતમાં વ્યાપીને સસંસાર અથવા નિઃસંસાર એવા પોતાને કરતો થકો પોતાને એકને જ કરતો પ્રતિભાસો. **( ગાથા-૮૩,પેઈજ નં.-૧૩૮ )**

[ ૐ ] ભગવાન આત્મા પોતેજ પોતાને ભૂલીને સંસારભાવ કરે છે અને પોતે જ પોતાને જાણીને સંસારભાવ ટાળીને નિઃસંસારભાવ કરે છે. માટે આત્મા પોતાને એકને જ કરતો પ્રતિભાસો પણ અન્યને કરતો ન પ્રતિભાસો. **( ગાથા-૮૩, પેઈજ નં.-૧૩૯ )**

[ ૐ ] આચાર્યદેવ કહે છે કે ભાઈ ! તું એમ સમજ કે મારા ભાવનો કર્તા હું છું તેમ મને પ્રતિભાસો પણ મારા ભાવ કર્મે કર્યા તેમ મને ન પ્રતિભાસો. હું પોતે જ મારા ભાવની ઊંધાઈ–સવળાઇ કરું છું તેમજ મને પ્રતિભાસો પણ કર્મ મને ઊંધાઈ–સવળાઈ કરાવે છે તેમ ન પ્રતિભાસો. **( ગાથા-૮૩, પેઈજ નં.-૧૩૯ )**

[ ૐ ] સંસાર અથવા નિઃસંસારરૂપ પોતાને અનુભવતો થકો પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.

**( ગાથા-૮૩, પેઈજ નં.-૧૪૦ )**

[ ૐ ] સંસાર અવસ્થામાં રાગ–દ્વેષ, હર્ષ–શોકના વિકારી–વિભાવ ભાવને જીવ ભોગવે અને મોક્ષદશામાં પોતાની પવિત્ર, નિર્મળ વીતરાગતાને ભોગવે તેવો અનુભવતો થકો પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.
**( ગાથા-૮૩, પેઈજ નં. -૧૪૦ )**

[ ૐ ] આચાર્યદેવ અજ્ઞાનીના પ્રતિભાસને વ્યવહાર કહે છે. તે વ્યવહારનું ફળ ચોરાશીમાં રખડવાનું છે. **( ગાથા-૮૪, પેઈજ નં. -૧૪૭ )**

[ ૐ ] એવા માટીના ઘટ પરિણામને કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને કરતો પ્રતિભાસતો નથી.
**( ગાથા-૮૬, પેઈજ નં. -૧૫૪ )**

[ ૐ ] આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો પપુદ્ગલની પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો ! આત્માની અને પુદ્ગલની બન્નેની ક્રિયા એક આત્મા જ કરે છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. **( ગાથા-૮૬, પેઈજ નં. -૧૫૫ )**

[ ૐ ] જેમ ઘેરો પીળો, લીલો, વાદળી આદિ ભાવો જે મોર વડે ભાવવામાં આવે છે– બનાવાય છે– થાય છે. તે મોર જ છે. મોરનાં શરીરમાં અને પીછામાં જે ઘેરો, પીળો, વાદળી, લીલો આદિ રંગ છે તે મોર જ છે અને દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતો ઘેરો, વાદળી, લીલો, પીળો વગેરે ભાવો તે અરીસાની વિકારી પર્યાય છે. અરીસાની નિર્મળતાનો તે વિકાર છે. માટે અરીસામાં પડતું મોરનું પ્રતિબિંબ અને મોર બન્ને જુદી વસ્તુ છે; અરીસામાં મોરના આકારે જે વિકારી પર્યાય થાય છે તે અરીસાનો મૂળ સ્વભાવ નથી પણ વિકારી પર્યાય છે, મોરનો રંગ અરીસામાં દેખાય છે તે અરીસાની વિકારી છે. અરીસાની પર્યાય લાયકાતને લઈને અરીસાની પર્યાય છે. અરીસાની લાયકાતને લઈને અરીસાની પર્યાય થાય છે. અરીસાની સામે આ મોરપીછી રાખીએ તો અરીસાની પોતાની લાયકાતને લઈને તેમાં પ્રતિબિંબ પડે છે. પરંતુ નિમિત્તને લઈને પ્રતિબિંબ પડતું નથી. નિમિત્ત તો માત્ર નિમિત્ત છે. નિમિત્તને લઈને જો પ્રતિબિંબ પડતું હોય તો લાકડામાં પ્રતિબિંબ પડવું જોઈએ. પણ લાકડામાં પ્રતિબિંબ પડતું નથી. તેથી સિદ્ધાંત એ થયો કે નિમિત્તને લઈને પ્રતિબિંબ નથી પણ અરીસાની પોતાની રાતા–લીલા–પીળા રંગની અવસ્થા થવાની યોગ્યતા હતી તેથી તે ટાણે મોરપીછીનું નિમિત્ત બની જાય છે. અરીસાની સ્વચ્છતા બદલીને વિકારરૂપે રાતી–લીલી અવસ્થા થઈ જાય છે તો પણ અરીસાની સ્વચ્છતાનો નાશ થતો નથી; વિકારી અવસ્થા કાયમ રહેતી નથી પણ ક્ષણિક છે. **( ગાથા-૮૭, પેઈજ નં. -૧૭૨ )**

[ ૐ ] સામે અગ્નિ સળગતી હોય તો અરીસો ઊનો થાય ? ન થાય. લાલ અગ્નિ સામે છે. તેવું પ્રતિબિંબ અરીસામાં પડે છે– તેવું પ્રતિબિંબ અરીસામાં દેખાય છે. તે અરીસાની લાયકાત છે. અરીસાની સ્વચ્છતાનો વિકાર છે. **( ગાથા-૮૭, પેઈજ નં. -૧૭૩ )**

[ ૐ ] પુણ્ય–પાપ, શરીર, મન, વાણી તે બધાંને પોતારૂપ માને છે અને પોતાને શરીરાદિરૂપ

માને છે એમ અજાણપણે થતો કર્મનો કર્તા પ્રતિભાસે છે.
( ગાથા-૯૨, પેઈજ નં.-૨૦૬ )

[ ૐ ] 'આ હું રાગી છું ( અર્થાત્ આ હું રાગ કરું છું )' ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે. ( ગાથા-૯૨, પેઈજ નં.-૨૧૦ )

[ ૐ ] જ્યારે અજ્ઞાનને લીધે આત્મા રાગ દ્વેષ ને સુખ-દુખાદિનો અને તેના અનુભવનો એટલે કે જ્ઞાનનો પરસ્પર તફાવત ન જાણતો હોય ત્યારે એટલે કે અજ્ઞાનભાવે એક જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.
( ગાથા-૯૨, પેઈજ નં.-૨૧૦ )

[ ૐ ] પરભાવને પોતારૂપ ન કરતો એટલે પોતાના નહિ માનતો અવસ્થામાં મલિનતા થાય છે તેને પોતારૂપ નહિ માનતો પોતે જ્ઞાનમય થયો થકો કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. જ્ઞાનમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે, જ્ઞાનસ્વરૂપી આત્માનું જ્ઞાન તેની શ્રદ્ધા અને તેમાં એકાગ્ર થતો પરનો કર્તા થતો નથી. પુણ્ય-પાપની કારવાઈ મારી છે જ નહિ, હું તેનો અકર્તા છું, જ્ઞાતા છું એમ જ્ઞાનમય થયો થકો અકર્તા પ્રતિભાસે છે, અલ્પ અસ્થિરતા થાય પણ તેનો કર્તા થતો નથી. ( ગાથા-૯૩, પેઈજ નં.-૨૧૬ )

[ ૐ ] રાગી તો પુદ્ગલ છે. ઇત્યાદિ વિધિથી, જ્ઞાનથી વિશુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે. ( ગાથા-૯૩, પેઈજ નં.-૨૧૮ )

[ ૐ ] આ રીતની માર્ગની વિધિથી જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત હર્ષ-શોક આદિ વિકારી ભાવોનો અકર્તા પ્રતિભાસે છે. ( ગાથા-૯૩, પેઈજ નં.-૨૧૯ )

[ ૐ ] એવો જે ભાવક તેને અનુચિત એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્ય પરિણામ વિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.
( ગાથા-૯૬, પેઈજ નં.-૨૪૫ )

[ ૐ ] અજ્ઞાનભાવથી ક્રોધાદિ વિકારી ભાવોનો કર્તા પ્રતિભાસે છે. અજ્ઞાનીને ક્રોધાદિભાવો પોતાના ભાસે છે પણ હું તે ભાવોથી જુદો છું તેમ ભાસતું નથી.
( ગાથા-૯૬, પેઈજ નં.-૨૪૫ )

[ ૐ ] નિર્મળ સ્વભાવનો સ્વાદ લેનાર છું પણ આ વિકારી ભાવોનો સ્વાદ લેનારો નથી તેમ અજ્ઞાનીને ભાસતું નથી. ( ગાથા-૯૬, પેઈજ નં.-૨૪૬ )

[ ૐ ] મોટો મહિષ છું. એવા અધ્યાસને લીધે મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી નીકળવું તેનાથી ચ્યુત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.
( ગાથા-૯૬, પેઈજ નં.-૨૪૬ )

[ ૐ ] એ તો ભ્રમણાથી હું પાડો છું એમ એને થઈ પડયું, તેથી તે ભાવનો કર્તા પ્રતિભાસે છે એટલે કે હું પાડો જ છું એવા જ ભાવ તેને ભાસે છે. પણ હું મનુષ્ય છું એમ ભ્રમણાને કારણે તેને ભાસતું નથી. ( ગાથા-૯૬, પેઈજ નં.-૨૪૭ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ॐ ] ભેદજ્ઞાન નહિ હોવાથી જેની ભેદ સંવેદન શક્તિ બિડાઈ ગઈ છે એવો અનાદિથી જ છે. તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે. તેથી હું ક્રોધ છું. હું માન સ્વરૂપ છું. હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું શરીર છું, હું ઠીંગણો છું, હું લાંબો છું, હું કાળો છું, હું ધોળો છું વગેરે પરમાં આત્મ વિકલ્પ કરે છે એટલે કે પરમાં પોતાપણાનો વિકલ્પ કરે છે. તેથી નિર્વિકલ્પ અકૃત્રિમ, એક વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ થયો થકો વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણામતો થકો કર્તા પ્રતિભાસે છે. **( ગાથા-૯૭, પેઈજ નં.-૨૫૬ )**

[ ॐ ] આત્માની ઓળખાણ અને પ્રતીત થતાં જ્ઞાન પરનો અકર્તા થાય છે. અત્યંત ઉદાસીન થાય છે. નિર્વિકલ્પ અત્યંત વિજ્ઞાનઘન થયો થકો અકર્તા પ્રતિભાસે છે. **( ગાથા-૯૭, પેઈજ નં.-૨૬૧ )**

[ ॐ ] પોતાના ભાવને અને શરીરના ઉદયને લગભગ સંબંધ થવાથી શરીર મારાથી ચાલે છે એમ અજ્ઞાનીને ભાસે છે. **( ગાથા-૯૮, પેઈજ નં.-૨૭૩ )**

[ ॐ ] આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત વિજ્ઞાનઘન, પરમાત્મરૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે. **( ગાથા-૧૪૪, પેઈજ નં.-૪૯૧ )**

[ ॐ ] આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય એવા આત્માને અનુભવે છે; તરતો એટલે કે બધાથી જુદો ઉપર ને ઉપર, અધિક ને અધિક આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય એવા આત્માને અનુભવે છે, અખંડ પ્રતિભાસમય એવા આત્માને અનુભવે છે. વિકલ્પમાં રોકાતો ત્યાં ખંડ પડતો; તે છૂટી જવાથી અખંડ પ્રતિભાસમય આત્માને અનુભવે છે. **( ગાથા-૧૪૪, પેઈજ નં.-૪૯૩ )**

[ ॐ ] એ વિકલ્પ મટાડીને શ્રુતજ્ઞાનને પોતા તરફ વાળવું પોતામાં લીન થવું, પોતામાં લીન થતાં બધા વિકલ્પ છૂટી જાય છે અને અખંડ પ્રતિભાસમય આત્માનો અનુભવ થાય છે. **( ગાથા-૧૪૪, પેઈજ નં.-૪૯૭ )**

[ ॐ ] કરવારૂપ ક્રિયાની અંદર જાણવાની ક્રિયા ભાસતી નથી અને જાણવારૂપ ક્રિયાની અંદર કરવારૂપ ક્રિયા ભાસતી નથી. અજ્ઞાનભાવમાં હું પરનું કરું છું તેમ ભાસે છે પણ હું જાણનાર છું, કર્તા નથી તેમ જુદાપણું રહેતું નથી અને તેથી જુદાપણું ભાસતું પણ નથી. કરવારૂપ ક્રિયામાં જ્યાં હોય ત્યાં કર્તાપણું ભાસે છે. પુણ્યની, પાપની, હિંસાની, દયાની જેટલી જેટલી લાગણી થાય તે બધાનો હું કર્તા છું અને તે મારું કામ છે એમ અજ્ઞાનીને ભાસે છે, જ્ઞાતાની ખબર નથી તેથી કરવારૂપ ક્રિયામાં એકમેક થયો તેને જાણવારૂપ ક્રિયા ભાસતી નથી. **( ગાથા-૧૪૪, પેઈજ નં.-૫૦૯ )**

[ ॐ ] તે જ્ઞપ્તિ ક્રિયામાં મેં પૂજા કરી, ભક્તિ કરી, વ્રત કર્યાં તેવું કર્તાપણું ભાસતું નથી, તેની ક્રિયા મેં કરી તેમ ભાસતું નથી, જ્ઞાનનું જ્ઞાન કર્યું, એટલે કે જ્ઞાતાનું જ્ઞાન કર્યું પૂજા–ભક્તિનો, વ્રતાદિનો જે જે વિકલ્પ આવે તેનું જ્ઞાન કર્યું એમ બધાનું જ્ઞાન કર્યું. પૂજા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભક્તિનાં જે જે નિમિત્ત આવે તેનું જ્ઞાન કર્યું. એમ બધાનું જ્ઞાન કર્યું પણ નિમિત્તનું કાંઈ કરી શકું છું તેમ ભાસતું નથી પણ માત્ર જ્ઞાનની ક્રિયા જ ભાસે છે.

**( ગાથા-૧૪૪, પેઈજ નં.-૫૧૦ )**

[ ॐ ] જાણવાની ક્રિયામાં પરનું હું કરી શકું છું તેમ ભેગું ભાસતું નથી. જડનું તો હું કદી કરી શકતો નથી પણ રાગનું હું કરી શકું છું એમ જ્ઞાનીને ભાસતું નથી, જડનું તો કરી શકતો નથી. પરંતુ રાગનું પણ કરી શકતો નથી એમ જ્ઞાનીને ભાસે છે. આ ધર્મી અને અધર્મીની ક્રિયાની વાત છે. ધર્મીની જ્ઞપ્તી ક્રિયા છે અને અધર્મીની કરોતી ક્રિયા છે. બન્ને ક્રિયા ભિન્ન છે. અજ્ઞાનીને પરનું હું કરી શકું છું એવી કરોતી ક્રિયા છે; તે કરોતી ક્રિયામાં જ્ઞાનક્રિયા ભાસતી નથી અને જ્ઞાનીને જ્ઞાનની એકાગ્ર ક્રિયામાં જ્ઞપ્તિક્રિયામાં કરોતી ક્રિયા ભાસતી નથી. **( ગાથા-૧૪૪, પેઈજ નં.-૫૧૦ )**

[ ॐ ] જ્યારે કર્તાપણાનું પરિણમન હોય ત્યારે જ્ઞાતાપણું ભાસતું નથી અને જ્યારે જ્ઞાતાપણાનું પરિણમન હોય ત્યારે કર્તાપણું ભાસતું નથી. **( ગાથા-૧૪૪, પેઈજ નં.-૫૧૦ )**

[ ॐ ] હું બોલું છું, હું ખાઉં છું, હું પીઉં છું, એમ અંદર ભાસે છે. ત્યારે હું જાણું છું, જાણું છું, એમ ભાસતું નથી. તે અજ્ઞાનીની કરોતી ક્રિયા છે. **( ગાથા-૧૪૪, પેઈજ નં. ૫૧૦ )**

## જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ

જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે. આબાળગોપાળ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે, પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્વ કરતો થકો, 'જાણનાર જ જણાય છે' તેમ નહીં માનતાં, રાગાદિ પર જણાય છે એમ અજ્ઞાની પર સાથે એકત્વપૂર્વક જાણતો– માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી. અને જ્ઞાની તો– 'આ જાણનાર જણાય છે તે જ હું છું' એમ જાણનાર જ્ઞાયકને એકત્વપૂર્વક જાણતો માનતો હોવાથી તેની વર્તમાન અવસ્થામાં ( –જ્ઞાનકળામાં ) અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે.

**( આત્મધર્મ અંક નં-૩૯૨, મુખપૃષ્ટ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રવચન રત્નાકર ભાગ - ૧

[ ૐ ] ભાવાર્થઃ- જે સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સત્યાર્થમૂર્તિ છે. તેમાં પણ સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રતિભાસે છે. તે અનંત ધર્મો સહિત આત્મ તત્ત્વને પ્રત્યક્ષ દેખે છે તેથી સરસ્વતીની મૂર્તિ છે. **( શ્લોક-૨, પેઈજ નં. ૪ )**

[ ૐ ] આત્મા કેવો છે ? પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને ઝળકાવનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે. અહા ! પોતાનું જ્ઞાન કરે અને પર દ્રવ્યના આકારનું એટલે પરના સ્વરૂપનું જ્ઞાન કરે એવું સ્વ-પરને પ્રકાશવાનું એનું સામર્થ્ય છે. ત્રણકાળ-ત્રણલોકને જાણવાનું સામર્થ્ય એક સમયની પર્યાયનું છે, છતાં એકરૂપપણે રહે છે; ખંડ ખંડ થતું નથી. **( ગાથા-૨ પેઈજ નં-૪૯ )**

[ ૐ ] પોતાના અને પરદ્રવ્યોના આકાર-સ્વરૂપને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી સમસ્ત રૂપને પ્રકાશનારું એકપણું જેણે પ્રાપ્ત કર્યું છે એવો જીવ પદાર્થ તે સમય છે. ત્રણકાળ, ત્રણલોકને જ્ઞાનની પર્યાય જાણે છતાં જ્ઞાન એક આકારરૂપ છે એમ કહે છે. આ વિશેષણથી જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો વ્યવચ્છેદ થયો. **( ગાથા-૨ પેઇજ નં-૪૯ )**

[ ૐ ] ભાવાર્થઃ- 'જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે; કારણકે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે... **( ગાથા-૬, પેઈજ નં. ૮૯ )**

[ ૐ ] ઉત્પાદ-વ્યય રહિત જે એકરૂપ જ્ઞાયકભાવ તેના લક્ષે જે નિર્મળ પરિણમન થયું તેમાં આત્મા શુદ્ધ પ્રતિભાસ્યો તેને 'શુદ્ધ' કહેવામાં આવે છે. **( ગાથા - ૬, પેઈજ નં. ૯૬ )**

[ ૐ ] જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ' ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જેવો રાગ હોય, પુણ્ય-પાપના ભાવ હોય તેને તે સ્વરૂપે જ જ્ઞાન જાણે, શરીર, મન, વાણી, રાગ, આદિ જ્ઞાનમાં જણાય તે કાળે જ્ઞાન જ્ઞેયાકારે પરિણમે છે, છતાં જ્ઞેયના જ્ઞેયાકાર થાય છે એવી પરાધીનતા નથી. જાણનાર જ્ઞેયાકારોના જ્ઞાનપણે પરિણમે તેથી તેને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, તોપણ જ્ઞેય પદાર્થોના કારણે જ્ઞાન પરિણમ્યું છે એમ નથી- જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. પરના કારણે જ્ઞાન જ્ઞેયાકારરૂપ થાય છે- એમ નથી, પરંતુ પોતાની પરિણમન યોગ્યતાથી પોતાનો જ્ઞાનાકાર પોતાથી થયો છે. **( ગાથા-૬, પેઈજ નં-૯૬-૯૭ )**

[ ૐ ] જ્ઞાયક જે જ્ઞેયો પર છે તેનો જાણનાર છે. પર જ્ઞેયો જેવા હોય તે આકારે જ્ઞાનનું પરિણમન થાય છે; તો પરની અપેક્ષાથી જ્ઞાનનું પરિણમન અશુદ્ધ થયું કે નહીં ? તો કહે છે – ના, કેમકે રાગાદિ જ્ઞેયાકારની અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની જ્ઞાયક અવસ્થામાં પણ જ છે. જેમ દાહ્યકૃત અશુદ્ધતા અગ્નિને નથી તેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેયકૃત અશુદ્ધતા જ્ઞાનને નથી. જ્ઞાયકભાવનાં લક્ષે જે જ્ઞાનનું પરિણમન થયું તેમાં સ્વનું જ્ઞાન થયું, અને જે જ્ઞેય છે તેનું જ્ઞાન થયું તે પોતાના કારણે થયું છે. જે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે પોતાના સ્વરૂપને જાણવાની અવસ્થામાં પણ દીવાની જેમ કર્તા કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. જ્ઞેયને જાણ્યું જ નથી, પણ જ્ઞેયાકાર થયેલા પોતાના જ્ઞાનને જાણ્યું છે. **( ગાથા-૬, પેઈજ નં. ૯૭ )**

[ ૐ ] જ્ઞેયોનું જ્ઞાન તે જ્ઞાનની અવસ્થા છે, જ્ઞેયની નથી. જ્ઞાનની પર્યાય જ્ઞેયના જાણનપણે થઈ માટે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. સાક્ષાત્ તીર્થંકર ભગવાન સામે હોય અને તે જાણવાના આકારે જ્ઞાનનું પરિણમન થાય તો તે જ્ઞેયના કારણે થયું એમ નથી. તે કાળે જ્ઞાનનું પરિણમન સ્વતંત્ર પોતાથી જ છે, પરને લઈને થયું નથી. **ભગવાનને જાણવાના કાળે પણ ભગવાન જણાયા છે એમ નથી પણ ખરેખર તત્સંબંધી પોતાનું જ્ઞાન જણાયું છે......** **( ગાથા-૬, પેઈજ નં-૯૮ )**

[ ૐ ] જેમ અરીસો હોય તેમાં સામે જેવી ચીજ કોલસા, શ્રીફળ વગેરે હોય તેવી ચીજ ત્યાં જણાય. એ રૂપે અરીસો પરિણમ્યો છે, એ અરીસાની અવસ્થા છે. અંદર દેખાય એ કોલસા કે શ્રીફળ નથી. એ તો અરીસાની અવસ્થા દેખાય છે. તેમ જ્ઞાનની પર્યાયમાં શરીરાદિ જ્ઞેયો જણાય ત્યાં જ્ઞાનની પર્યાય એ પોતાની છે, એ શરીરાદિ પરને લઈને થઈ છે તેમ નથી; કેમકે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. જાણનારો જાણનારપણે જ રહ્યો છે, જ્ઞેયપણે થયો જ નથી. જ્ઞેય પદાર્થનું જે જ્ઞાન થયું તે જ્ઞાન પોતાનું પોતાથી છે, જ્ઞેયથી નથી.
**( ગાથા-૬, પેઈજ નં. ૧૦૨ )**

[ ૐ ] **સિદ્ધાંત:-** એવી રીતે અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઉપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષોના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે ( વિશેષ ભાવરૂપ, ભેદરૂપ અનેક આકારરૂપ ) જ્ઞાન તે અજ્ઞાની જ્ઞેય લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પણ અન્ય જ્ઞેયાકારોનાં સંયોગ રહિતપણાથી ઉપજેલ સામાન્યના આવિર્ભાવ અને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી.' **( ગાથા-૧૫, પેઈજ નં.- ૨૬૪ )**

**( પરજ્ઞેયનું જ્ઞાન નથી અને પરજ્ઞેયથી જ્ઞાન નથી. )**

[ ૐ ] ૧૭ – ૧૮ ગાથામાં આવે છે કે – આબાલગોપાળ સર્વને રાગ, શરીર, વાણી, જે કાળે દેખાય છે તે કાળે ખરેખર જ્ઞાનની પર્યાય જાણવામાં આવે છે, પણ એવું ન માનતાં મને આ જાણવામાં આવ્યું, રાગ જાણવામાં આવ્યો એ માન્યતા વિપરીત છે. એવી રીતે જ્ઞાનપર્યાય છે તો સામાન્યનું વિશેષ, પણ જ્ઞેય દ્વારા જ્ઞાન થતાં ( જ્ઞેયાકાર જ્ઞાન થતાં ) અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે કે આ જ્ઞેયનું વિશેષ છે, જ્ઞેયનું જ્ઞાન છે. ખરેખર જે જ્ઞાનપર્યાય છે તે સામાન્ય જ્ઞાનનું જ જ્ઞાન–વિશેષ છે, પરજ્ઞેયનું જ્ઞાન નથી, પરજ્ઞેયથી પણ નથી. **( ગાથા-૧૫ પેઈજ નં. ૨૬૫ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રવચન રત્નાકર ભાગ - ૨

## ( જાનનક્રિયા દ્વારા સૌને જાણનાર જ જણાય છે. )

[ ૐ ] આ બાળ-ગોપાળ સૌને એટલે નાનાથી મોટા દરેક જીવોને જાણવામાં તો સદાકાળ ( નિરંતર ) અનુભૂતિસ્વરૂપ-જ્ઞાયકસ્વરૂપ નિજ આત્મા જ આવે છે. આબાલ-ગોપાલ સૌને જાણનક્રિયા દ્વારા અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ જણાઈ રહ્યો છે. જાણનક્રિયા દ્વારા સૌને જાણનાર જ જણાય છે. આહાહા ! આમ સદાકાળ સૌને પોતે જ એટલે કે આત્મા જ જાણવામાં આવે છે. પુણ્ય પાપ આદિ જે વિકલ્પ છે તે અચેતન અને પર છે તેથી ઉર્ધ્વપણે જ્ઞાનની પર્યાયમાં તે જણાતા નથી પરંતુ જાણનાર જ જણાય છે. આમ સૌને પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં અનાદિ બંધના વશે-એટલે અનાદિ બંધના કારણે એમ નહીં પરંતુ અનાદિ બંધને ( પોતે ) વશ થાય છે, તેથી આ જાણનાર-જાણનાર-જાણનાર-જાણનાર તે હું છું એમ ન માનતાં રાગ હું છું એમ માને છે.

**( ગાથા-૧૭-૧૮ પેઈજ નં-૩૩ )**

[ ૐ ] હવે દર્પણનું દૃષ્ટાંત આપીને સમજાવે છે. જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે... શું કહે છે ? જ્યારે દર્પણની સામે અગ્નિ હોય ત્યારે દર્પણમાં જે પ્રતિબિંબ ( અગ્નિ જેવો આકાર ) દેખાય છે તે દર્પણની સ્વચ્છતાની પર્યાય છે પણ અગ્નિની પર્યાય નથી. જે બહારમાં જ્વાળા અને ઉષ્ણતા છે તે અગ્નિનાં છે. પરંતુ દર્પણમાં જે પ્રતિબિંબ દેખાય છે તે તો દર્પણની સ્વ-પરના આકારનો- સ્વરૂપનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે. 'તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા ( જ્ઞાતાપણું ) જ છે અને કર્મ તથા નોકર્મ પુદ્‌ગલનાં છે. ' શું કહે છે ? રાગ, દયા-દાન, પુણ્ય-પાપ આદિ જે વિકલ્પ એના આકારે એટલે જ્ઞેયાકારે જે જ્ઞાન થયું તે તો જ્ઞાનની પર્યાય છે, પણ રાગની પર્યાય નથી. જેમ અગ્નિની પર્યાય અગ્નિમાં રહી પણ તેનો આકાર ( પ્રતિબિંબ ) જે અરીસામાં દેખાય છે તે અગ્નિની પર્યાય નથી પણ એ તો અરીસાની સ્વચ્છતાની આકૃતિની પર્યાય છે. તેમ ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપ છે જ્ઞેયાકાર સ્વનું જ્ઞાન કરે છે અને દયા, દાન, વ્રત આદિ વિકલ્પનું જ્ઞાન કરે છે. એ પરનું જ્ઞાન થાય છે એ પોતાની પર્યાયમાં થાય છે. એ પરનું જ્ઞાન પરમાં તો થતું નથી, પણ પરને લીધે પણ થતું નથી. પોતાના જ્ઞાનની સ્વચ્છત્વ શક્તિને લીધે થાય છે. **( ગાથા-૧૯, પેઈજ નં.-૫૪ )**

[ ૐ ] જેમ રૂપી દર્પણની સ્વચ્છતામાં સ્વ-પરનો પ્રતિભાસ કરવાની પોતાની શક્તિ છે તેમ જ્ઞાનની પર્યાયમાં પોતાનું જ્ઞાન થવું અને પર એવા વ્યવહાર રત્નત્રયનું જ્ઞાન થવું- એ સ્વપરના જાણવારૂપ પરિણમન થવું એ પોતાની શક્તિના કારણે છે, પણ રાગના કારણે નહીં અને રાગમાં પણ નહીં..... **( ગાથા-૧૯, પેઈજ નં. ૫૪ )**

[ ૐ ] સ્વનું જ્ઞાન થવું અને પર-રાગનું જ્ઞાન થવું એ તો પોતાની જ્ઞાનની પરિણતિનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. રાગ છે તો રાગનું જ્ઞાન થયું એમ નથી. પરંતુ તે સમયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાની જ્ઞાનની પર્યાય સ્વયં રાગના જ્ઞેયાકારરૂપે પરિણમતી થકી જ્ઞાનાકારરૂપ થઈ છે. તે પોતાથી થઈ છે, પોતામાં થઈ છે, પરથી ( જ્ઞેયથી ) નહીં. અરૂપી આત્માને તો પોતાને અને પરને જાણવાવાળી જ્ઞાતૃતા છે. એ જ્ઞાતૃતા પોતાની છે, પોતાથી સહજ છે, રાગથી નહીં અને રાગની પણ નહીં. એ રાગ છે તો જ્ઞાતૃતા ( જાણપણું ) છે એમ નથી. વસ્તુનું સહજ સ્વરૂપ જ આવું છે. અહો ! આચાર્યદેવે મીઠી મધુરી ભાષામાં વસ્તુ ભિન્ન પાડીને બતાવી છે. એમાં કર તો તારું કલ્યાણ થશે. **( ગાથા-૧૯, પેઈજ નં.૫૪ )**

[ ૐ ] .....આમાં કહે છે કે લોકાલોક છે તો કેવળજ્ઞાનની પર્યાય છે એમ નથી. જ્ઞાનની સ્વપર પ્રકાશક પરિણતિ એ પોતાની પોતાના સ્વભાવથી થાય છે લોકાલોકથી નહીં. સ્વ–પરનો પ્રતિભાસ થવો એ પોતાનું સહજ સામર્થ્ય છે. પર છે તો પરનો પ્રકાશ થાય છે એમ નથી. આત્માની તો સ્વપરને જાણનારી જ્ઞાતૃતા છે અને કર્મ અને નોકર્મ પુદ્‌ગલનાં જ છે એમ જણાય છે. **( ગાથા- ૧૯, પેઈજ નં. ૫૫ )**

[ ૐ ] ભગવાન આત્મા જ્ઞાયકભાવ સ્વભાવરૂપ છે. એમાં વ્યવહારરત્નત્રયનો જે રાગ થાય તે રાગ સંબંધીનું પણ તે કાળે પોતાનું જ્ઞાન પરિણમે છે. એ જ્ઞેયાકારે પરિણમે છે એમ કહેવું તે વ્યવહાર અને એ જ્ઞાનાકારે થઈ રહ્યું છે એ નિશ્ચય છે. ભગવાન ! તને સ્વભાવની સત્તાની ખબર નથી. ભગવાન આત્માની જ્ઞાનસત્તા જ્ઞાનના હોવાપણે છે. એમાં વ્યવહારના જે વિકલ્પ ઊઠે એ સંબંધીનું જ્ઞાન થયું તે તે કાળે જ્ઞાનની પરિણતિના સ્વભાવથી થાય છે, પણ રાગને લીધે નહીં. તે કાળે સ્વપરને જાણવાની પરિણતિ પોતાના અસ્તિત્વને લઈને ઊભી થાય છે, પણ રાગને લઈને નહીં. ભગવાન આત્માનો સ્વ–પરને પ્રકાશવાના સામર્થ્યવાળો ચૈતન્યપ્રકાશ જ એવો છે કે જેમ અરીસામાં સામેની ચીજ–બિંબનું પ્રતિબિંબ દેખાય છે તેમ જ્ઞાનમાં રાગાદિ કર્મ–નોકર્મ જે જ્ઞેય છે તે પ્રતિભાસે છે. તેથી રાગને કાળે રાગનું જે જ્ઞાન થાય એ રાગને લઈને નહીં પણ જ્ઞાનના સ્વપરપ્રકાશક સામર્થ્યને લઈને એ જ્ઞાન થાય છે. જ્યારે રાગનું જ્ઞાન રાગને લઈને નથી તો પછી રાગથી ( રાગ કરતાં કરતાં ) આત્માની નિર્મળ દશા કેમ પ્રગટ થાય ? શુભરાગ–વ્યવહાર સાધન કારણ અને નિર્મળ દશા કાર્ય એમ શી રીતે થાય ? ન જ થાય. **( ગાથા-૧૯, પેઈજ નં-૫૭ )**

[ ૐ ] અનુભૂતિની- જ્ઞાનની જે પર્યાય થઈ એ પર્યાયમાં પોતામાં પ્રતિબિંબિત થયેલા એ ( અનંત ભાવોના–જ્ઞેયોના સ્વભાવ ) જાણવામાં આવ્યા; શરીરની પર્યાય, વાણીની પર્યાય રાગની પર્યાય–એમ બધા અનંત ભાવો જ્ઞાનની પર્યાયમાં પોતપોતાના કારણે જાણવામાં આવ્યા, એ જ્ઞેયોનું જ્ઞાન થયું પણ જ્ઞેયો સંબંધી વિકાર થયો એમ નથી. એ જ્ઞેયોનું જ્ઞાન નિર્વિકારી છે. જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે તેમનાથી ( ભેદવિજ્ઞાની પુરુષો ) રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી. એ જ્ઞાનની પર્યાયનું પોતાનું સહજ સામર્થ્ય છે. તેથી સ્વને અને પરને પોતાના અસ્તિત્વમાં જાણે છે...... **( પેઈજ નં-૬૦ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**( અનાદિથી જીવ અપ્રતિબુધ્ધ કેમ થયો છે... તેનું કારણ દર્શાવે છે. )**

[ ૐ ] 'એકી સાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સંયોગવશે જે ( અપ્રતિબુદ્ધ જીવ ) અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિક–પાષાણ જેવો છે. ' જુઓ, સ્ફટિક–પાષાણની નજીકમાં કાળા, લાલ આદિ ફૂલ હોય તો જે એનું પ્રતિબિંબ સ્ફટિક પાષાણમાં પડે તે સ્ફટિકની યોગ્યતાથી પડે છે, પણ એ લાલ, કાળા આદિ ફૂલને લઈને પડે છે એમ નથી. જો એ લાલ આદિ ફૂલને લઈને પડે તો લાકડું મૂકીએ તો એમાં પણ પડવું જોઈએ. ( પણ એમ નથી. ) એ ( ફૂલ ) તો નિમિત્ત છે અને નૈમિત્તિકમાં જે લાલ આદિ ફૂલનું પ્રતિબિંબ દેખાય છે એ તો સ્ફટિકની તે પ્રકારની પોતાની પર્યાયની વર્તમાન યોગ્યતાને લીધે છે. તેવી જ રીતે કર્મના ઉદયરૂપ રંગને લીધે આત્મામાં રાગ–દ્વેષરૂપ રંગ ઊઠે છે એમ નથી. એ ( કર્મનો ઉદય ) તો નિમિત્ત છે અને નૈમિત્તિક રાગ–દ્વેષ જે આત્મામાં ઊઠે છે તે તે પ્રકારની પોતાની પર્યાયની વર્તમાન યોગ્યતાને લીધે છે.

વળી જેમ કોઈ વાસણમાં સ્ફટિક મૂકયો હોય તો વાસણ જેવા રંગનું હોય તેવા જ રંગનો સ્ફટિક દેખાય છે. એ સ્ફટિકની પોતાની પર્યાયની વર્તમાન યોગ્યતાને કારણે છે નહિ કે વાસણના રંગને કારણે; તેમ એક સમયની પર્યાય–વિકારી હોય કે અવિકારી–સ્વતંત્રપણે તે કાળે તે પ્રકારે ઉત્પન્ન થવાની યોગ્યતાથી થાય છે.

ભગવાન જ્ઞાયકભાવસ્વરૂપ આત્માનો ચૈતન્ય ઉપયોગ તો સ્ફટિકની જેમ નિર્મળ છે. એ ઉપયોગમાં અતિ નિકટના જે અસ્વભાવભાવો–રાગ–દ્વેષ, પુણ્ય–પાપ, વ્રત, તપ, દાન, ભક્તિ તથા કામ, ક્રોધ આદિ તે જણાય છે. એ જણાતાં એ અસ્વભાવભાવો જ હું છું એમ અજ્ઞાની માને છે. ઝીણી વાત છે, ભાઈ ! આ વ્યવહાર રત્નત્રયના વિકલ્પ, દેવ–ગુરુ શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, ઇત્યાદિ જે બધા વ્યભિચારી ભાવો તે ચૈતન્યના ઉપયોગથી ભિન્ન છે, અચેતનરૂપ છે છતાં અનાદિ અજ્ઞાનથી અજ્ઞાની કર્મની નિકટતાથી ઉત્પન્ન થયેલા એ અસ્વભાવભાવોને પોતાના માની ને તે હું છું એમ માને છે. **( ગાથા-૨૩ થી ૨૫, પેઈજ નં. ૮૦-૮૧ )**

[ ૐ ] **પ્રશ્નઃ-** એને શું આ અણ–ઉપયોગરૂપ અસ્વભાવભાવો છે એની ખબર નથી ?

**ઉત્તરઃ-** હા, ખબર નથી. એને ભાન નથી તેથી તો તે અપ્રતિબુદ્ધ છે.

જેમ સ્ફટિકમણિમાં લાલ, પીળા આદિ ફૂલની નિકટતાથી લાલ, પીળી આદિ ઝલક ( ઝાંય ) જે ઊઠે છે એને લઈને એની સફેદાઈ ( નિર્મળતા ) ઢંકાઈ ગઈ છે, તિરોભૂત થઈ ગઈ છે; તેમ ચૈતન્યસ્વરૂપ જ્ઞાન ઉપયોગમય વસ્તુ જે આત્મા તેનો સ્વભાવ એ પુણ્ય–પાપ આદિ અસ્વભાવભાવોને લઈને ઢંકાઈ ગયો છે.

**( ગાથા- ૨૩, ૨૪, ૨૫, પેઈજ નં. ૮૧ )**

[ ૐ ] કર્મના નિમિત્તે થતાં રાગદ્વેષના પરિણામ જે ઉપયોગમાં ઝળકે છે તે હું નથી, કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવ શુદ્ધ ચૈતન્ય ઉપયોગ સ્વભાવી વસ્તુનું વિકારના ભાવ્યપણે થવું અશકય છે. **( ગાથા-૩૬ પેઈજ નં-૧૯૧ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] આવી પ્રચંડ ચિન્માત્રશક્તિ વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યા હોવાથી, જાણે અત્યંત અંતર્મગ્ન થઈ રહ્યા હોય એવી રીતે પદાર્થો આત્મામાં પ્રકાશમાન છે. એટલે કે પ્રચંડ જ્ઞાનના સામર્થ્ય વડે જ્ઞાનમાં બધા પદાર્થો જાણવામાં આવ્યા હોવાથી, જાણે જ્ઞાનમાં બધા જ્ઞેયો પેસી ગયા હોય અર્થાત્ જ્ઞાનમાં તદાકાર થઈ ડૂબી રહ્યા હોય એવી રીતે તેઓ આત્મામાં પ્રકાશમાન છે. **( ગાથા-૩૭, પેજ નં-૨૦૧ )**

[ ૐ ] જ્ઞાનનો સ્વભાવ સમસ્ત પદાર્થોને ગ્રસવાનો છે છતાં તે જ્ઞાનનું પરિણમન જ્ઞેયને લઈને થતું નથી. જેમ અરીસામાં જે પરચીજનું પ્રતિબિંબ જણાય છે તે પરચીજ નથી, તેમ જ અરીસામાં એ પરચીજ આવી નથી. વળી અરીસામાં પરિણતિ થઈ છે ( પ્રતિબિંબ પડયું છે ) તે પરચીજને કારણે નથી. પરંતુ અરીસાની સ્વચ્છતાને લઈને પરચીજનો એમાં ભાસ થયો છે. પરચીજ જાણે અરીસામાં આવી હોય તેમ જણાય છે છતાં તે અરીસાની સ્વચ્છતાની દશા છે, તે કાંઈ પરચીજ નથી. તથા સામે પરચીજ છે તેને લઈને અરીસાની સ્વચ્છતાની પરિણતિ થઈ છે એમ પણ નથી. તેમ આ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માનો પોતાની દશામાં પરચીજને જાણવાનો-ગ્રહવાનો-ગ્રસવાનો-કોળિયો કરી જવાનો સ્વભાવ છે. સમસ્ત પદાર્થોને ગ્રસવાનો-જાણવાનો તેનો સ્વભાવ છે. ચાહે તો સર્વજ્ઞ પરમેશ્વર હો, સમોસરણ હો કે મંદિર હો-એ બધાયને પોતાના ચૈતન્યના પ્રકાશના સામર્થ્યથી તેનો જાણવાનો સ્વભાવ છે. **( પેઈજ નં-૨૦૧ )**

[ ૐ ] ભાઈ ! તને તારા સ્વભાવના સામર્થ્યની ખબર નથી, શ્રદ્ધા નથી. એક સમયમાં લોકાલોકને જાણે એવો તારો સ્વભાવ છે. ભલે શ્રુતજ્ઞાન હો. શ્રુતજ્ઞાન પરોક્ષ છે અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે એટલો જ ફેર છે. શ્રુતજ્ઞાનમાં પણ પોતે પોતાને જાણતાં પોતાની હૈયાતીમાં, લોકાલોક જણાઈ જાય છે. **ખરેખર તો લોકાલોક જણાય છે એમ કહેવું તે વ્યવહાર છે.** ( પેઈજ નં-૨૦૬ )

[ ૐ ] જ્યારે આત્માનું અજ્ઞાન દૂર થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય અને કેવળજ્ઞાન પ્રગટ થતાં સમસ્ત લોકમાં રહેલા પદાર્થો એકીવખતે જ જ્ઞાનમાં આવી ઝળકે છે તેને સર્વ લોક દેખો. **( ગાથા-૩૮, પેઈજ નં.-૨૧૪ )**

---

**દુઃખની પરમાર્થ વ્યાખ્યા**

બીજી રીતે કહીએ તો સાધકપણાને દ્રવ્ય કરતું નથી. દ્રવ્ય જે પરિપૂર્ણ છે એ સાધકપણામાં આવતું નથી અને સાધ્ય જે કેવળજ્ઞાન છે એ પણે પણ દ્રવ્ય થતું નથી. એ પર્યાયમાં દ્રવ્યને અને લોકાલોકને જે જાણવાની તાકાત છે... એટલે કે—એ માત્ર જાણવાપણે પરિણમે છે. આહાહા ! આત્માનું સ્વરૂપ આવું છે.

**( પ્રવચન સુધા ભાગ-૨, પેઈજ નં-૪૩૩ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન રત્નાકર ભાગ-૩.

[ ૐ ] વળી તે જ્ઞાન કેવું છે' **'આત્મ-આરામમ્'** જેનું રમવાનું ક્રીડાવન આત્મા જ છે અર્થાત્ જેમાં અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે તોપણ પોતે પોતાના સ્વરૂપમાં જ રમે છે. જુઓ, અનંત જ્ઞેયોને જાણનારું જ્ઞાન પોતાના સામર્થ્યથી જ થાય છે, જ્ઞેયોથી નહિ.
**( કળશ-૩૩, પેઈજ નં. ૬ )**

[ ૐ ] કેવળ એક આખા વિશ્વની ઉપર જાણે તરતો હોય તેમ, અખંડ પ્રતિભાસમય.. એટલે કે પર્યાયમાં અખંડનો પ્રતિભાસ થાય છે. અખંડ વસ્તુ છે તે પર્યાયમાં આવતી નથી પણ અખંડ પ્રતિભાસમય જે આત્મા તેનું જ્ઞાન પર્યાયમાં આવે છે. પર્યાયમાં પરમાત્મ સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે અને એવું જણાય છે ત્યારે પર્યાયમાં પરમાત્મપણું કાર્યપણે પરિણમે છે. પર્યાય છે તે ખંડ છે, અંશ છે, તે જ્યારે વસ્તુ તરફ ઢળે છે ત્યારે તેમાં અખંડ પ્રતિભાસમય વસ્તુ આખી જણાય છે. **( ગાથા-૩૯ થી ૪૩, પેઈજ નં. ૧૪ )**

[ ૐ ] ખરેખર તો સર્વજ્ઞપણું એ આત્મજ્ઞપણું છે. કેવળજ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એટલો અને એવડો છે કે તે સ્વ અને પરને સંપૂર્ણ પ્રકાશે. લોકાલોક છે તો પર્યાયમાં તેનું જ્ઞાન થાય છે એમ નથી. પર્યાયનો એ સહજ જ સ્વભાવ છે કે એ સમસ્ત વિશ્વને જાણે. સ્વપરપ્રકાશકપણાનું સામર્થ્ય પોતાથી જ પ્રગટયું છે. **અરિહંતદેવ વિશ્વને સાક્ષાત્ દેખે છે એટલે કે પોતાની પર્યાયમાં પૂર્ણતાને દેખે છે. જેમ રાત્રિના સમયે કોઈ સરોવરના પાણીમાં તારા, ચંદ્ર વગેરે દેખાય છે તે ખરેખર તો પાણીની જ અવસ્થા દેખાય છે તેમ જ્ઞાન ખરેખર તો જ્ઞાનને જ સંપૂર્ણ જાણી રહ્યું છે.**
**( પેઈજ નં-૨૦ )**

**( સ્વ-પર પ્રકાશક સ્વભાવ હોવા છતાં અજ્ઞાનીનું વલણ સ્વદ્રવ્ય ઉપર નથી. )**

[ ૐ ] આબાળ-ગોપાળ સૌને સદા અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જણાઈ રહ્યો છે. આહાહા ! એની જ્ઞાનની પર્યાયમાં સદા ત્રિકાળી વસ્તુ જણાય છે, કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશકસ્વભાવ છે. સ્વ એવું જે દ્રવ્ય તે જ તેના જ્ઞાનમાં આવે છે. પરંતુ અજ્ઞાનીનું વલણ સ્વદ્રવ્ય ઉપર નથી તેથી જ્ઞાનની પર્યાયમાં-પ્રગટ અવસ્થામાં જાણનારો પોતે જણાય છે એવું તેને ભાન થતું નથી, એવી તેને પ્રતીતિ ઉપજતી નથી. ભગવાન ! તારું જે પૂર્ણ અસ્તિત્વ છે તે એક સમયની પર્યાયમાં સદાય જણાય છે.
**( પેઈજ નં-૩૬ )**

[ ૐ ] કહે છે કે-આ રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ અને સુખ-દુઃખનું ભોગવવું એ તો ચૈતન્યની પર્યાયમાં થાય છે, કાંઈ શરીરાદિ જડમાં થતા નથી. એ ચૈતન્યની ઊંધાઈથી થાય છે. તેથી તે ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે. છતાં તેમને પુદ્‌ગલના સ્વભાવ કેમ કહ્યાં ? આવી જેને અંતરથી સમજવાની જિજ્ઞાસા છે અને પ્રશ્ન પૂછે છે તેને ઉત્તરરૂપે ગાથા સૂત્ર કહે છે. **( ગાથા-૪૫, પેજ નં. ૩૯ )**

[ ૐ ] વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. એક સમયની પર્યાયમાં પર્યાય અને દ્રવ્ય બન્ને સાથે પ્રતિભાસે છે છતાં ભગવાન દ્રવ્યસ્વભાવ પર્યાયને અડતો, સ્પર્શતો નથી. શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૨ના અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં એમ લીધું છે કે પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. ( ત્યાં વિવિક્ષા જુદી છે ). એ વાત અહીં નથી બતાવવી. અહીં તો દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી એમ બતાવવું છે. **( ગાથા-૪૯, પેઈજ નં. ૭૪ )**

[ ૐ ] આ દિવ્યધ્વનિ અનુસાર ભગવાન કુંદકુંદાચાર્ય અહીં એમ કહે છે કે–એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય છે. એ છ દ્રવ્યમાં અનંત સિદ્ધો પણ આવી ગયા. તે એક એક સિદ્ધને કેવળજ્ઞાન વર્તે છે. એવા અનંત સિદ્ધો અને સ્વદ્રવ્ય પર્યાયમાં જણાય છે. એટલે કે પર્યાયમાં પર્યાયનો પ્રતિભાસ થાય છે અને પર્યાયમાં દ્રવ્યનો પ્રતિભાસ થાય છે. જેમ દર્પણમાં બિંબનું પ્રતિબિંબ દેખાય છે તેમ એક સમયની પર્યાયમાં આખા દ્રવ્યનો પ્રતિભાસ થાય છે. **( ગાથા-૪૯, પેઈજ નં. ૭૬ )**

## પ્રવચન રત્નાકર ભાગ-૪

[ ૐ ] જ્ઞાતાસ્વભાવના આશ્રયે જે જ્ઞાનપર્યાય પ્રગટી તેનો સ્વભાવ જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો છે. જ્ઞાનનો સવિકલ્પ સ્વભાવ છે. એટલે જેટલાં ( અનંત ) દ્રવ્ય–ગુણ–પર્યાય છે તે સર્વને ભિન્નભિન્નપણે જાણે એવો એનો સ્વભાવ છે. કેવળજ્ઞાનની પર્યાયમાં કે શ્રુતજ્ઞાનની પર્યાયમાં પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને–દ્રવ્ય–ગુણ–પર્યાય–બધાને પ્રકાશવાનો સ્વભાવ છે. ( પેઈજ નં. ૧૦ )

[ ૐ ] .....'જે આ આત્મા પોતાના અજ્ઞાન ભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન ( જ્ઞાતા–દ્રષ્ટા માત્ર ) અવસ્થા તેનો ત્યાગ કરીને અજ્ઞાનભવન વ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિ વ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે......'

**( ગાથા-૬૯-૭૦, પેઈજ નં. ૧૬ )**

[ ૐ ] તેને જ્ઞાન પ્રતિભાસવાને બદલે એકલા રાગાદિ જ પ્રતિભાસે છે અને તેથી રાગાદિમાં પ્રવર્તતો તે રાગાદિનો કર્તા છે....

.....'અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં, જે ક્રિયમાનપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે એવાં ક્રોધાદિક તે, ( તે કર્તાનાં ) કર્મ છે.'.....

**( ગાથા-૬૯, ૭૦, પેઈજ નં. - ૧૭ )**

[ ૐ ] .....અહાહા... ! રાગથી ભિન્ન પડીને સ્વભાવપણે જ્યાં જ્ઞાન પરિણમ્યું ત્યાં જ્ઞાનીને–હું કર્તા અને જે જ્ઞાનની પર્યાય થઈ, આનંદની પર્યાય થઈ તે મારું કાર્ય એમ પ્રતિભાસે છે પણ હું રાગ કરું છું અને રાગ મારું કાર્ય એમ પ્રતિભાસતું નથી. અહો ! ધર્મના સ્થંભ એવા દિગંબર સંતોએ ગજબની વાતો કરી છે. ધર્મના સ્વરૂપની આવી વાત બીજે કયાંય નથી. **( ગાથા-૭૧, પેઈજ નં. ૨૬ )**

[ ૐ ] "જ્ઞેયોના નિમિત્તથી તથા ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતિભાસતા હતા તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર હવે અનુભવમાં આવ્યો તેથી 'અખંડ' એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે." **( ગાથા-૭૨, પેઈજ નં. ૫૫ )**

[ ૐ ] ૩૧ ગાથામાં આવ્યું છે કે-જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે એવી ભાવેન્દ્રિયો જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે. ખંડખંડને જાણે છે એ બીજી વાત, પણ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે એમ ત્યાં કહ્યું છે. જ્ઞાનવસ્તુ તો ત્રિકાળ અખંડ છે. પણ જ્ઞેયોના નિમિત્તે જ્ઞાનમાં અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસે છે. પરંતુ જ્યાં જ્ઞાયકમાં અંતર્મગ્ન થયો ત્યાં જાણનાર-જાણનાર-જાણનાર એવો અખંડ એક જ્ઞાયકભાવ અનુભવમાં આવે છે અને તેથી જ્ઞાનનું 'અખંડ' એવું વિશેષણ આપ્યું છે. આ 'અખંડ' ની વ્યાખ્યા કરી.

**( ગાથા-૭૨, પેઈજ નં. ૫૫ )**

[ ૐ ] કેવળી ભગવાન નિશ્ચયથી ત્રણકાળ ત્રણલોકને દેખતા નથી, પણ પર્યાયને દેખતાં તેમાં ત્રણકાળ ત્રણલોક દેખવામાં આવી જાય છે. જેમ રાત્રે નદીનું સ્વચ્છ જળ હોય તેમાં ચંદ્ર, ગ્રહ, નક્ષત્રનું પ્રતિબિંબ પડે છે. એક ચંદ્ર, અઠ્ઠાવીસ નક્ષત્ર, અઠ્ઠાવીસ ગ્રહ, ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા-એ બધું નદીના સ્વચ્છ જળને દેખતાં દેખાઇ જાય છે. અંદર જે દેખાય છે તે ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર આદિ નથી, દેખાય છે એ તો જળની અવસ્થા છે. તેમ **નિત્યાનંદ જ્ઞાનસ્વભાવી ભગવાન આત્માને, પોતાની જ્ઞાન-અવસ્થા કે જેમાં લોકાલોક ઝળકયા છે તેને દેખે છે ત્યાં લોકાલોક સહજ દેખાય જાય છે. જેને તે દેખે છે એ તો જ્ઞાનની અવસ્થા છે, લોકાલોક નથી; પણ જ્ઞાનની અવસ્થામાં લોકાલોક ઝળકયા છે તેથી ભગવાન લોકાલોકને દેખે છે એમ અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે.** કેમકે લોકાલોક પરજ્ઞેય છે. પોતાની પર્યાયને દેખતાં એમાં લોકાલોક સંબંધીનું જ્ઞાન આવી જાય છે. પરંતુ લોકાલોક છે તો કેવળજ્ઞાન થયું છે એમ નથી. **( ગાથા-૮૩, પેઈજ નં. ૧૭૯ )**

[ ૐ ] અહીં કહે છે. – સંસાર સહિત અથવા સંસારરહિત દશામાં આત્મા પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો, અન્યને અનુભવતો ન પ્રતિભાસો. જીવ કાં તો રાગને અનુભવે કાં તો પોતાની અનુભૂતિને અનુભવે; પણ પરને તે અનુભવે છે એમ છે જ નહિ.

**( ગાથા-૮૩, પેઈજ નં. ૧૮૮ )**

**( અજ્ઞાનીના પ્રતિભાસને વ્યવહાર કહે છે. )**

[ ૐ ] પરમાર્થે જીવ-પુદ્ગલની પ્રવૃત્તિ ભિન્ન હોવા છતાં, જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી બહારથી તેમની પ્રવૃત્તિ એક જેવી દેખાય છે. અજ્ઞાનીને જીવ-પુદ્ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી ઉપલક દૃષ્ટિએ જેવું દેખાય તેવું તે માની લે છે; તેથી તે એમ માને છે કે જીવ પુદ્ગલકર્મને કરે છે અને ભોગવે છે. શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી, પરમાર્થ જીવનું સ્વરૂપ બતાવીને, અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે.

**( ગાથા-૮૩, પેઈજ નં. ૧૯૬ )**

[ ૐ ] અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે. હવે અજ્ઞાનીના આ વ્યવહારને દૂષણ દે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું પરનો કર્તા-ભોક્તા છું એવો અજ્ઞાનીનો જે વ્યવહાર છે તે સદોષ છે. મિથ્યાત્વસહિત છે એમ કહે છે. **( ગાથા-૮૪, પેઈજ નં. ૨૦૩ )**

[ ૐ ] એક પ્રશ્ન થયેલો કે-ભગવાને જોયું છે તે પ્રમાણે ભવ ઘટશે, આપણે શું કરી શકીએ ? અરે ભાઈ ! ભગવાને જોયું છે એમ થશે એવો નિર્ણય કોણે કર્યો ? જે કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની સત્તાનો પોતાના જ્ઞાનમાં સ્વીકાર કરે તેને **સ્વસન્મુખતા** થાય છે અને તેને ભવ હોતો નથી. ભગવાને તેના ભવ જોયા નથી. કેવળજ્ઞાનીએ જોયું છે તે પ્રમાણે થશે એ વાત તો પછી, જગતમાં કેવળજ્ઞાનની સત્તાનો તને સ્વીકાર છે ? પ્રભુ ! એ સત્તાનો **સ્વસન્મુખ** થઈને સ્વીકાર નથી ત્યાં સુધી કેવળીએ જોયું તેમ ભવ ઘટશે એ વાત જ રહેતી નથી. ભગવાન ત્રણકાળ ત્રણલોકને જાણે છે એ તો વ્યવહારનું કથન છે. ખરેખર તો તે પોતાની પર્યાયને જાણે છે જેમાં ત્રણકાળ ત્રણલોક જણાય છે.

જે એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક પ્રતિભાસે, જેમાં અનંતા કેવળી જણાય તે પર્યાયનું સામર્થ્ય કેટલું ? આવા અનંત અનંત સામર્થ્યયુક્ત કેવળજ્ઞાનનો જેણે સ્વીકાર કર્યો તે પર્યાય અલ્પજ્ઞ છે અને સર્વજ્ઞ છે તે પર છે. કેવળજ્ઞાનનો સ્વીકાર અલ્પજ્ઞ પર્યાય કે સર્વજ્ઞની સામું જોવાથી થતો નથી. તો તેની સત્તાનો સ્વીકાર કેવી રીતે થાય ? કે જ્યારે શુદ્ધ ચૈતન્યસ્વભાવમય નિજ જ્ઞાયકસ્વભાવની **સન્મુખ** થઈ તેની દૃષ્ટિ થાય ત્યારે તેનો યથાર્થ સ્વીકાર થાય છે અને તે અનંતો પુરુષાર્થ છે. આહાહા... ! કેવળજ્ઞાનની પર્યાય જેને પોતાના જ્ઞાનમાં બેઠી તેની દૃષ્ટિ **સ્વભાવસન્મુખ** હોય છે. પ્રવચનસારની ગાથા ૮૦ માં કહ્યું છે કે-જે અરિહંતને દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે છે તેને આત્માની **સન્મુખ** થઈને મોહનો ક્ષય થાય છે.

**( ગાથા-૮૫, પેઈજ નં.- ૨૨૬ થી ૨૨૭ )**

[ ૐ ] હવે કહે છે- 'એક દ્રવ્ય વડે બે દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો. જેમ કુંભાર ઘડાના સંભવને અનુકૂળ પોતાના ( ઈચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ ) વ્યાપાર પરિણામને-કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસે છે, પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ ( તે કુંભાર ) પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘટ-પરિણામને -કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસતો નથી. **( ગાથા-૮૬, પેઈજ નં. ૨૩૩ )**

[ ૐ ] બંધ અધિકારમાં ત્યાંસુધી વાત કરી છે કે કોઈ ઉપદેશ દેનાર એમ માને કે મારાથી બીજા મોક્ષ પામે છે તો એમ માનનાર તે મૂઢ છે. જીવના ( મુક્તિના ) વીતરાગ પરિણામનો જીવ પોતે કર્તા છે. તે પરિણામ પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે. તેને બીજાએ કર્યા છે એમ પ્રતિભાસતું નથી એમ અહીં કહે છે.

આગળ કહે છે- 'તેવી રીતે આત્મા પણ અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ પોતાના પરિણામને -કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને કરતો પ્રતિભાસો, પરંતુ પુદ્‌ગલના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પરિણામને કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ ( તે આત્મા ) પોતાના પરિણામને અનુરૂપ એવા પુદ્ગલના પરિણામને-કે જે પુદ્ગલથી અભિન્ન છે અને પુદ્ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો ન પ્રતિભાસો.'

**( ગાથા-૮૬, પેઈજ નં. ૨૩૪ )**

[ ૐ ] પ્રત્યેક દ્રવ્ય પોતાના અનંત ગુણની અવસ્થારૂપે પરિણમન કરે છે. હવે કહે છે- 'તેઓ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિકથી જુદા જુદા પ્રતિભાસે છે તોપણ એક વસ્તુ જ છે, જાુદા નથી.; એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે.'

**( ગાથા-૮૬, પેઈજ નં. ૨૪૩ )**

[ ૐ ] અહો ! દિગંબર સંતોએ અલૌકિક માર્ગ કહ્યો છે. કહે છે કે-મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો કે જે ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવે છે તે જીવ જ છે. વિકારમાત્રથી એટલે પોતાની વિકૃત અવસ્થાથી જીવમાં વિકાર થયો છે, નિમિત્તથી થયો છે એમ બિલકુલ નથી. જેમ લીલી, પીળી આદિ અવસ્થાપણે અરીસો પોતે પરિણમ્યો છે તે અરીસાની સ્વચ્છતાનો વિકાર છે. ત્યાં મોર પરિણમ્યો છે એમ નથી. તથા એ દર્પણની વિકૃતિ મોરને લઈને થઈ છે એમ નથી. મોર તો નિમિત્તમાત્ર છે. તેમ આત્મામાં જે વિકાર થાય છે તે આત્માની પર્યાય છે. કર્મ ત્યાં વિકારપણે પરિણમ્યું નથી. કર્મને લઈને વિકાર થયો છે એમ નથી. કર્મ તો નિમિત્તમાત્ર છે. જીવમાં વિકાર તેની પોતાની યોગ્યતાથી થયો છે. અજ્ઞાનદશામાં વિકારની ક્રિયા કરવાવાળો જીવ છે અને ભેદજ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શન થતાં જ્ઞાની દ્રવ્યદૃષ્ટિએ વિકારને પરનો જાણે છે કારણકે તે ચૈતન્યનો સ્વભાવ નથી. **( ગાથા-૮૭, પેઈજ નં. ૨૬૮-૨૬૯ )**

[ ૐ ] હવે કહે છે- **'અહીં એમ જાણવું કે:- મિથ્યાત્વાદિ કર્મની પ્રકૃતિઓ છે તે પુદ્ગલદ્રવ્યના પરમાણુ છે. જીવ ઉપયોગ સ્વરૂપ છે. તેના ઉપયોગની એવી સ્વચ્છતા છે કે પૌદ્ગલિક કર્મનો ઉદય થતાં તેના ઉદયનો જે સ્વાદ આવે તેના આકારે ઉપયોગ થઈ જાય છે. અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું અને ઉપયોગનું ભેદજ્ઞાન નથી તેથી તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે. જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય અર્થાત્ જીવભાવને જીવ જાણે અને અજીવભાવને અજીવ જાણે ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે.'**

જ્ઞાનમાં જડના સ્વાદનો ખ્યાલ આવે છે, પણ જડનો સ્વાદ જ્ઞાનમાં આવતો નથી. કર્મના ઉદયનો સ્વાદ આવે એટલે કે તેના આકારે ઉપયોગ થાય છે. જ્ઞાનની પર્યાયમાં જડની પર્યાયનો ખ્યાલ આવે છે. ખરેખર તો વિકારને જ્ઞાન જાણતું નથી, કર્મના ઉદયને પણ જ્ઞાન જાણતું નથી; પરંતુ તે વિકાર સંબંધીનું જે જ્ઞાન પોતામાં થયું તેને જ્ઞાન જાણે છે.

**( સમયસાર ગાથા-૮૭, પેઈજ નં. - ૨૭૩ )**

[ ૐ ] આત્મા અને પરમાણુ આદિ પ્રત્યેક પદાર્થમાં પોતાના સ્વભાવના રસથી સ્વભાવભૂત એવા સ્વરૂપપરિણમનમાં સમર્થપણું છે. ભગવાન આત્મામાં નિશ્ચયથી પોતાના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિજરસથી–જ્ઞાનરસથી, આનંદરસથી, શાંતરસથી નિર્વિકારરસથી પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપપરિણમનમાં સમર્થપણું છે. પુણ્ય–પાપના જે ભાવ થાય એ તો સ્વભાવભૂત સ્વરૂપપરિણમન નથી. અહીં કહે છે કે ભગવાન આત્મા પોતાના અનાકુળ આનંદ, અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સ્વચ્છતાના પોતાના શુદ્ધ સ્વભાવે પરિણમે એવું એમાં સામર્થ્ય છે. તો વિકાર કેમ છે? તો કહે છે–

તથાપિ અનાદિ કાળથી અન્ય વસ્તુ જે જડ મોહ તેની સાથે સંબંધ કર્યો છે તે કારણે તેના ઉપયોગમાં વિકારપરિણામ ઉત્પન્ન થાય છે. ભગવાન આત્માનો જાણવા–દેખવાનો ઉપયોગ તો સદા નિર્મળ, શુદ્ધ છે. તેમાં અનાદિ મોહકર્મના સંયોગના વશે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ–એમ ત્રણ પ્રકારે વિકારપરિણામની પોતાથી ઉત્પત્તિ છે.

**( ગાથા-૮૯, પેઈજ નં. ૨૭૯-૨૮૦ )**

[ ॐ ] જુઓ, સ્ફટિક તો સ્વચ્છતાના સ્વરૂપપરિણમનમાં સમર્થ છે. છતાં પરના સંગથી કાળા, લીલા, પીળા રંગરૂપે પર્યાયમાં પરિણમન થાય છે. સ્ફટિકમાં જે કાળી ઝાંય દેખાય છે તે ખરેખર તો પોતાના ષટ્કારકના પરિણમનથી થઈ છે; પરના કારણે નહિ અને પોતાના દ્રવ્ય–ગુણના કારણે પણ નહિ. માર્ગ સૂક્ષ્મ છે પ્રભુ! સંતો પોકાર કરે છે કે તારા અપરાધથી તારામાં રાગ પરિણામ થાય છે, પરના કારણે નહિ.

**( ગાથા-૮૯, પેઈજ નં. ૨૮૧ )**

[ ॐ ] જુઓ, મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ છે તે અન્યવસ્તુભૂત મોહનો સ્વભાવ છે; તે મોહનો સંયોગ એટલે નિમિત્ત હોવાથી આત્મામાં મિથ્યાદર્શન આદિ પરિણામ થાય છે. સંયોગ નિમિત્ત છે પણ સંયોગના કારણે મિથ્યાત્વાદિ વિકારપરિણામ થાય છે એમ નથી. જેમ સ્ફટિકમાં કાળી, લીલી, પીળી ઝાંય દેખાય છે તે વાસણના કારણે નથી; વાસણ તો નિમિત્ત છે, નિમિત્તકર્તા નથી. સ્ફટિકમાં જે કાળી, લીલી, પીળી ઝાંય દેખાય છે તે સ્ફટિકની પર્યાયની યોગ્યતાથી થઈ છે, વાસણે કરી છે એમ નથી. તેમ જીવમાં થતા મિથ્યાત્વાદિ ભાવો જીવની પર્યાયની યોગ્યતાથી થયા છે, જડ મોહકર્મે કર્યા છે એમ નથી. જડમોહ તો નિમિત્ત છે બસ. **( ગાથા-૮૯, પેઈજ નં. ૨૮૨ )**

---

**આત્મ દ્રવ્યમાં બે ભાગ છે તેથી તેમાં હેય-ઉપાદેયના બે પ્રકાર પડે છે. હવે જો બન્ને ભાગને ઉપાદેયરૂપ જ ગણવામાં આવે તો એક ઉપાદેયરૂપમાં જ બે ભાગ શું? બે ભાગ જ સિદ્ધ ન થાય, ને બે ભાગ તો છે જ. તેથી બે માંથી એક ભાગને હેય કરી બીજો ભાગ ઉપાદેયરૂપ થાય ત્યારે જ દૃષ્ટિનો વિષય ગ્રહણ થઈ શકે છે. આમ જ વસ્તુનું સ્વરૂપ છે.**

**( ૧૯૮૨ મેં આત્મધર્મ અંક-૪૬૩, પેઈજ નં-૫, બોલ નં-૧૪ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન રત્નાકર ભાગ-૫

[ ॐ ] અજ્ઞાનથી આત્મા પર એટલે રાગ-વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ અને પોતાની જુદાઈ જાણતો નથી. એટલે તે પરને-રાગને પોતારૂપ કરતો અને પોતાને પરરૂપ એટલે રાગરૂપ કરતો, અજ્ઞાનમય થયો થકો, કર્મોનો એટલે વિકારી પરિણામોનો કર્તા પ્રતિભાસે છે. અહીં જડકર્મોની વાત નથી. **( ગાથા-૯૨, પેઈજ નં. ૧૬ )**

[ ॐ ] હવે કહે છે- 'જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક ( અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશકય છે તેમ ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશકય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો ( અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો ), જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, 'આ હું રાગી છું ( અર્થાત્ આ હું રાગ કરું છું )' ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.

અજ્ઞાનીને દયા, દાનના પરિણામ અને આત્માની એક્તાનો અધ્યાસ છે. તેથી એ બે વચ્ચેની ભિન્નતાનું એને ભાન નથી. પુણ્ય-પાપના પરિણામ મારાથી ભિન્ન છે અને તે સંબંધીનું જ્ઞાન મારાથી અભિન્ન છે એવું અજ્ઞાનીને ભાન નથી. જેમ શીત-ઉષ્ણ અવસ્થા આત્મા દ્વારા કરાવી અશકય છે તેમ રાગ-દ્વેષાદિ અવસ્થા આત્મા દ્વારા કરાવી અશકય છે. દયા, દાન આદિ પરિણામરૂપે આત્માનું પરિણમવું અશકય છે. આહાહા... ! હું જાણનાર-જાણનાર એક જ્ઞાયક છું એવું ભાન નહિ રાખતાં દયા-દાન-પુણ્ય-પાપરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો એટલે તે-રૂપે પોતે પરિણમ્યો હોવાનું માનતો, અજ્ઞાની થયો થકો આ હું દયા-દાન આદિ કરું છું ઇત્યાદિ ભાવ વડે રાગાદિ કર્મનો અજ્ઞાની કર્તા પ્રતિભાસે છે. **( ગાથા-૯૨, પેઈજ નં. ૧૯ )**

[ ॐ ] પુણ્યપાપના ભાવમાં જ્ઞાનભાવનો અંશ નથી. તે ભાવ ચૈતન્યની વિરુદ્ધ જાતિના વિજાતીય, જડ અને અચેતન છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. અને જ્ઞાનનું જ્ઞાનપણે જ પરિણમન થવું જોઈએ અને તે જ વાસ્તવિક છે. પરંતુ પોતાના જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ નહિં હોવાથી મિથ્યાદૃષ્ટિ જીવને હું રાગદ્વેષપણે, પુણ્ય-પાપના ભાવપણે પરિણમું છું એમ ભાસે છે. આ પ્રમાણે જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો તે રાગાદિ કર્મોનો કર્તા થાય છે. ભગવાન જ્ઞાયકની દૃષ્ટિનો અભાવ છે એવો મિથ્યાદૃષ્ટિ જીવ હું સ્વયં રાગી છું, પુણ્ય-પાપનો હું કર્તા છું, આ શુભાશુભ પરિણામ હું કરું છું-એમ માનતો તે રાગાદિ કર્મોનો કર્તા પ્રતિભાસે છે. **( ગાથા-૯૨, પેઈજ નં. ૨૦ )**

[ ॐ ] ....... જીવ તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, પણ પુણ્યપાપ આદિ અજીવને પોતાના માને તે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિ જીવ પોતે અજ્ઞાની થયો થકો 'આ હું રાગી છું' ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે. હું રાગી છું એટલે રાગ મારું કર્તવ્ય છે અને હું રાગનો કર્તા છું એમ અજ્ઞાનીને પ્રતિભાસે છે. જ્યાં સુધી દૃષ્ટિ રાગ ઉપર છે ત્યાં સુધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે રાગનો કર્તા છે અને ત્યાંસુધી મિથ્યાદૃષ્ટિ છે. આવો આ વીરનો માર્ગ છે!

**( ગાથા-૯૨, પેઈજ નં. ૨૨ )**

[ ૐ ] 'રાગ–દ્વેષ–સુખ–દુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે; તેથી તે, શીત–ઉષ્ણપણાની માફક, પુદ્‌ગલકર્મથી અભિન્ન છે. અને આત્માથી અત્યંત ભિન્ન છે. અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે; કારણકે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષાદિનો સ્વાદ, શીત–ઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. તેથી તે એમ માને છે કે "હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું," ઇત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગ–દ્વેષાદિનો કર્તા થાય છે.'

**( ગાથા-૯૨, પેઈજ નં. ૨૨, ૨૩ )**

[ ૐ ] જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગ–દ્વેષાદિનો સ્વાદ જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. જેવો રાગ થાય એવું જ્ઞાનમાં જાણવામાં આવે છે. ત્યાં જાણે કે જ્ઞાન જ રાગદ્વેષરૂપ થઈ ગયું હોય એમ અજ્ઞાનીને ભાસે છે. રાગ તો ખરેખર જ્ઞાનનું પરજ્ઞેય છે. પણ એમ ન માનતાં હું રાગદ્વેષપણે જ થઈ ગયો છું એમ અજ્ઞાનીને ભાસે છે. તેથી તે એમ માને છે કે હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું ઇત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષાદિ કર્મોનો કર્તા થાય છે; પણ પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવનું ભાન પ્રગટ કરતો નથી.

**( ગાથા-૯૨, પેઈજ નં. ૨૩ )**

[ ૐ ] 'જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહિં કરતો અને પોતાને પર નહિ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે.' **( ગાથા-૯૩, પેઈજ નં. ૨૫ )**

[ ૐ ] અહો! જૈનદર્શન એ તો વિશ્વદર્શન છે અને એ જ વિશ્વને શરણ છે. ધર્મી એમ માને છે કે હું તો સ્વયં જ્ઞાનમય છું. રાગ છે તો રાગનું જ્ઞાન થયું છે એમ નથી. જ્ઞાન જ્ઞાનથી પોતાથી થયું છે, એને કોઈ પરની અપેક્ષા નથી. જ્ઞાની સ્વયં જ્ઞાની થયો થકો કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. અહીં જડ કર્મની વાત નથી. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભભાવનો જ્ઞાની અકર્તા પ્રતિભાસે છે– એમ વાત છે.

**( ગાથા-૯૩, પેઈજ નં. ૨૬ )**

**( જ્ઞાનને એકલું પર પ્રકાશક માને તે મિથ્યાત્વ છે. )**

[ ૐ ] સ્વ–પર પ્રકાશક જ્ઞાનની પર્યાયમાં પોતાનું દ્રવ્ય જણાય છે. પરંતુ અજ્ઞાનીની દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી. અજ્ઞાનીની દૃષ્ટિ અનાદિથી રાગ અને પર્યાય ઉપર પડી છે. એટલે મેં દયા પાળી, મેં વ્રત કર્યા, મેં ભક્તિ કરી, પૂજા કરી એમ જાણતો તે પોતાને એકલો પરપ્રકાશક માને છે. સ્વપરપ્રકાશક જ્ઞાનને એકલું પરપ્રકાશક માને તે મિથ્યાત્વ છે. રાગને માનવો અને સ્વભાવને ન માનવો તે એકાન્ત મિથ્યાત્વ છે, મિથ્યા ભ્રાન્તિ છે.

**( પેઈજ નં-૩૩ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] જુઓ, પ્રથમ શ્રી મહાવીરસ્વામી અને બીજા ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી પછી તરત જ ત્રીજા સ્થાને ભગવાન કુંદકુંદાચાર્યદેવનું નામ આવે છે. જેમણે જૈનશાસનને જીવિત રાખ્યું છે એવા એ મહાસમર્થ આચાર્યની આ વાણી છે. તેઓ કહે છે કે જેમનારૂપે આત્મા વડે પરિણમવું અશકય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો પોતે જ્ઞાનમય થયો થકો આ હું રાગને જાણું જ છું, રાગી તો પુદ્ગલ છે, રાગ તો પુદ્ગલ કરે છે ઇત્યાદિ વિધિથી, જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.

૯૨મી ગાથામાં જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો–એમ કહ્યું હતું અને અહીં જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો પોતે જ્ઞાનમય થઈને, રાગનો અકર્તા પ્રતિભાસે છે એમ કહ્યું છે. અજ્ઞાન શબ્દથી અહીં રાગ સમજવું. રાગમાં જ્ઞાન નથી તેથી તેને અજ્ઞાન કહ્યું છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ પણ અજ્ઞાન એટલે રાગ એમ અર્થ સમજવો. રાગાદિ અજ્ઞાનપણે પરિણમવું તે અજ્ઞાનાત્મા છે અને રાગપણે ન પરિણમતાં જ્ઞાનરૂપે પરિણમવું તે જ્ઞાનાત્મા છે. અહો ! ભગવાનનો વિરહ ભૂલાવે એવી આ વાણી છે.

**( ગાથા-૯૩, પેઈજ નં. ૩૫ )**

[ ૐ ] અહીં કહે છે–જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, આ હું રાગને જાણું જ છું ઇત્યાદિ વિધિથી રાગનો અકર્તા પ્રતિભાસે છે. 'પોતે જ્ઞાનમય થયો થકો' –એટલે રાગ છે તો રાગનું જ્ઞાન થયું છે એમ નથી. સ્વયં અભેદ જ્ઞાનપણે પરિણમતો આ હું રાગને જાણું જ છું એમ ધર્મી માને છે. રાગથી લાભ ( ધર્મ ) થાય અથવા રાગ મારું કર્તવ્ય છે એમ ધર્મી જીવ માનતો નથી. વ્યવહારથી નિશ્ચય થાય એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વાત કરી છે. બાકી રાગથી વીતરાગતા થાય એમ કદી હોય શકે નહિ. જ્ઞાની તો માને છે કે હું રાગને જાણું જ છું. ( કરું છું એમ નહિ ).

**( ગાથા-૯૩, પેઈજ નં. ૩૬-૩૭ )**

[ ૐ ] જીવ સ્વરૂપથી રાગી નથી કેમકે જીવ તો ચૈતન્યસ્વરૂપ છે. રાગી તો પુદ્ગલ છે અર્થાત્ રાગનો કર્તા પુદ્ગલ છે ઇત્યાદિ વિધિથી જ્ઞાનથી વિરુદ્ધ સમસ્ત રાગાદિ કર્મનો જ્ઞાની અકર્તા પ્રતિભાસે છે. જુઓ, આ ભેદજ્ઞાનની વિધિ ! ધર્મી રાગનું જ્ઞાન કરે છે તે જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરે છે. રાગ પ્રગટ કરવો તે આત્માનો સ્વભાવ નથી. આ પ્રમાણે જ્ઞાની રાગનો અકર્તા પ્રતિભાસિત થાય છે. **( ગાથા-૯૩, પેઈજ નં. ૩૭ )**

[ ૐ ] અજ્ઞાની જીવ સ્વદ્રવ્ય–પરદ્રવ્યને એક માને છે. 'તેથી આ આત્મા, જોકે તે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે તોપણ, અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્ય પરિણામવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે.' **( ગાથા-૯૬, પેઈજ નં. ૫૩ )**

[ ૐ ] અહાહા... ! ભગવાન આત્મા સમસ્ત વસ્તુના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્ય–ધાતુમય છે. આત્મા રાગ, પુણ્ય, પાપ, શરીર, મન, વાણી, દેવ, ગુરુ, શાસ્ત્ર ઇત્યાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સર્વ વસ્તુઓના સંબંધથી રહિત શુદ્ધ ચૈતન્યમય પ્રભુ છે. આહા... ! જેણે શુદ્ધ ચૈતન્યને ધારી રાખ્યું છે એવો પોતે ચૈતન્યધાતુમય છે. આત્મા આવો હોવા છતાં અજ્ઞાનના કારણે હું ક્રોધ, માન, માયા, લોભ છું અને હું ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યસ્વરૂપ છું એમ માને છે. તે જીવ સવિકાર અને સોપાધિક ચૈતન્યપરિણામવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે. આ અજ્ઞાનીની વાત છે એટલે સવિકાર અને સોપાધિક ચૈતન્યપરિણામને પોતાના ભાવ કહ્યા છે અને તે પ્રકારના પોતાના ભાવનો તે કર્તા પ્રતિભાસે છે એમ કહ્યું છે. જ્ઞાયક તો જ્ઞાયક છે પણ અજ્ઞાનમાં આવો પ્રતિભાસ થાય છે કે વિકારી ભાવનો હું કર્તા છું અને તે ભાવ મારું કર્તવ્ય છે. ( શુદ્ધ નિશ્ચયથી વિકારી પરિણામ આત્માના નથી ). **( ગાથા-૯૬, પેઈજ નં. ૫૩ )**

## ( અજ્ઞાની, જ્ઞાનીનું ભાવ્ય )

[ ૐ ] અજ્ઞાની રાગને અને પોતાને એક કરતો થકો અનુભૂતિમાત્ર જે ભાવક તેને અનુચિત એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્ય પરિણામ વિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે. જુઓ, પુણ્ય અને પાપના ભાવ પોતાના અવિકાર અનુભૂતિમાત્ર ભાવકને અનુચિત ભાવ્ય છે. ભગવાન આત્મા નિર્મળ જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. તેને તો સમ્યગ્દર્શન-જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની નિર્મળ અવસ્થારૂપે થવું શોભે. નિર્મળ વીતરાગી શાન્તિનું વેદન કરવું એ જ તેનું ઉચિત ભાવ્ય છે. **( ગાથા-૯૬, પેઈજ નં. ૫૬ )**

[ ૐ ] આ પ્રમાણે ૯૪મી ગાથામાં સોળ બોલ દ્વારા જે કહ્યા તે સઘળા સવિકાર ચૈતન્યપરિણામનો અજ્ઞાની કર્તા પ્રતિભાસે છે, કેમકે તેને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભાસતું નથી. તેના કર્તાપણાનું મૂળ અજ્ઞાન છે એમ અહીં સિદ્ધ કર્યું. **( ગાથા-૯૬, પેઈજ નં. ૫૬ )**

[ ૐ ] 'વળી જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી મહિષનું ( પાડાનું ) ધ્યાન કરતો કોઈ ભોળો પુરુષ અજ્ઞાનને લીધે મહિષને અને પોતાને એક કરતો થકો "હું ગગન સાથે ઘસાતાં શિંગડાંવાળો મોટો મહિષ છું" એવા અધ્યાસને લીધે મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું તેનાથી ચ્યુત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે....' **( ગાથા-૯૬, પેઈજ નં. ૫૬ )**

[ ૐ ] જુઓ, ત્રણ વાત કરી-

મનના વિષયમાં-છ પદાર્થના વિચારમાં ચૈતન્યધાતુ રોકાઈ ગઈ એ એક વાત.

પાંચ ઇન્દ્રિયના વિષયમાં કેવળ બોધ ઢંકાઈ ગયો એ બીજી વાત અને પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘનસ્વભાવ મૃતક કલેવરમાં મૂર્છાઈ ગયો એ ત્રીજી વાત. આ પ્રમાણે અજ્ઞાનને લીધે જીવ ઇન્દ્રિયના વિષયમાં, મનના વિષયમાં અને શરીરમાં મૂર્છાભાવને પામેલો હોવાથી તે પ્રકારના ભાવનો તે કર્તા પ્રતિભાસે છે. એટલે જે જે પ્રકારનો શુભાશુભ રાગ આવે છે તેનો તે કર્તા થાય છે. **( ગાથા-૯૬, પેઈજ નં.૫૯ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] **'કારણકે આ આત્મા અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાનો આત્મવિકલ્પ કરે છે તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે-આવું જે જાણે છે તે સમસ્ત કર્તૃત્વને છોડે છે તેથી તે નિશ્ચયથી અકર્તા પ્રતિભાસે છે.' ( ગાથા-૯૭, પેઈજ નં. ૬૯ )**

[ ૐ ] 'આ આત્મા અજ્ઞાની થયો થકો, અજ્ઞાનને લીધે અનાદિ સંસારથી માંડીને મિલિત ( એકમેક મળી ગયેલા ) સ્વાદનું સ્વાદન–અનુભવન હોવાથી ( અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું ભેળસેળપણે–એકરૂપે અનુભવન હોવાથી ), જેની ભેદસંવેદનની ( ભેદ–જ્ઞાનની ) શક્તિ બીડાઈ ગયેલી છે એવો અનાદિથી જ છે; તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે; તેથી "હું ક્રોધ છું" ઇત્યાદિ આત્મવિકલ્પ ( પોતાનો વિકલ્પ ) કરે છે; અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન ( સ્વભાવ ) થી ભ્રષ્ટ થયો થકો વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો કર્તા પ્રતિભાસે છે.'

**( ગાથા-૯૭, પેઈજ નં. ૭૦ )**

### ( રાગનો અત્યંત અકર્તા પ્રતિભાસે છે )

[ ૐ ] પંચાસ્તિકાયમાં ( ગાથા ૧૩૬માં ) એમ કહ્યું છે કે અસ્થાનનો તીવ્ર રાગજ્વર છોડવા માટે જ્ઞાનીને શુભરાગ આવે છે. જ્ઞાનીને કોઈ અશુભ રાગ પણ આવે પણ જ્ઞાની તેને જાણે જ છે, રાગ મારો છે એમ માનતો નથી. અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન થયો થકો અત્યંત અકર્તા પ્રતિભાસે છે. પર્યાયની અહીં વાત છે. દ્રવ્ય તો નિર્વિકલ્પ વિજ્ઞાનઘન છે જ. આહાહા... ! આવા દ્રવ્યની દૃષ્ટિ જેને થઈ છે તે સમ્યગ્દૃષ્ટિ રાગનો અત્યંત અકર્તા પ્રતિભાસે છે. **( ગાથા-૯૭, પેઈજ નં. ૮૧ )**

[ ૐ ] અહીં આત્મા હસ્તાદિની ક્રિયા કરી શકે છે એમ વાત નથી. આ તો અજ્ઞાની શું માને છે એ વાત સમજાવે છે. પોતાના વિકલ્પ અને હસ્તાદિની ક્રિયારૂપ વ્યાપાર વડે ઘટ આદિ પરદ્રવ્યસ્વરૂપ કર્મને પોતે કરે છે એવું અજ્ઞાની માને છે.... તે મૂઢ જીવ છે. વસ્ત્ર બનાવી શકું છું, ઘડો બનાવી શકું છું એવું વ્યવહારી જીવો ભ્રાન્તિથી માને છે. આત્મા પરદ્રવ્યસ્વરૂપ બાહ્ય કર્મને કરે છે એવું અજ્ઞાનીઓને–વ્યવહારીઓને પ્રતિભાસે છે.

**( ગાથા-૯૮, પેઈજ નં. ૧૦૨ )**

### ( પરદ્રવ્યનો અકર્તા પ્રતિભાસે છે. )

[ ૐ ] અહીં કહે છે– 'દ્રવ્યાંતરરૂપે સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશકય હોવાથી, પોતાનાં દ્રવ્ય અને ગુણ બન્નેને તે ઘડારૂપી કર્મમાં નહિ નાખતો એવો તે કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી. ' જુઓ, કોઈ દ્રવ્ય પોતાની સત્તા છોડીને પરદ્રવ્યમાં પ્રવેશ કરતું નથી. વા પરદ્રવ્યરૂપ થઈ જતું નથી. અને દ્રવ્યાંતરરૂપ થયા વિના અન્ય દ્રવ્યને પરિણમાવવું અશકય છે. માટીરૂપ થયા વિના માટીને ઘડાપણે પરિણમાવવી અશકય છે. માટે ઘડારૂપ કર્મમાં નહિ પ્રવેશતો એવો કુંભાર ઘડાનો કર્તા પ્રતિભાસતો નથી એમ આચાર્યદેવ કહે છે. **( ગાથા-૧૦૪, પેઈજ નં. ૧૫૫ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] ૯૬ મી ગાથામાં આવી ગયું છે કે આ શરીર મૃતક કલેવર છે. અમૃતસાગર પ્રભુ આત્મા મૃતક કલેવરમાં મૂર્છાઈ ગયો છે. "પોતાનો કેવળ બોધ ( -જ્ઞાન ) ઢંકાયેલ હોવાથી અને મૃતક કલેવર ( શરીર ) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન ( પોતે ) મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે." ત્રણલોકનો નાથ અમૃતનો સાગર અંદર છલોછલ ભરેલો છે. તેને ભૂલીને મૃતક કલેવરમાં મૂર્છિત થયો છે એવો અજ્ઞાની જીવ પોતાના શુભાશુભ ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

**( ગાથા-૧૦૫, પેઈજ નં. ૧૬૨-૧૬૩ )**

**( પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ તેનો પ્રતિભાસ થાય છે. )**

[ ૐ ] સમ્યગ્દર્શન એટલે ધર્મનું પ્રથમ સોપાનઃ તેની અહીં વાત ચાલે છે. જ્ઞાનની દશા પર તરફના ઝુકાવથી ખસીને જ્યાં **સ્વસન્મુખ** થઈ ત્યાં નિજરસથી જ ભગવાન આત્મા પર્યાયમાં પ્રસિદ્ધ થાય છે, અનુભવાય છે. ત્યાં જે અનુભવમાં આવ્યો તે આત્મા કેવો છે ? તો કહે છે-આદિ-મધ્ય-અંતરહિત, અનાકુળ આનંદનું ધામ, કેવળ એક, જાણે આખાય વિશ્વના ઉપર તરતો હોય તેવો વિશ્વથી ભિન્ન અખંડ પ્રતિભાસમય વસ્તુ આત્મા છે. પર્યાયમાં વસ્તુ પરિપૂર્ણ, અખંડ પ્રતિભાસમય પ્રતિભાસે છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી, પણ પરિપૂર્ણ અખંડ દ્રવ્યનો પર્યાયમાં પ્રતિભાસ થાય છે. આખી વસ્તુના પૂર્ણ સામર્થ્યનું પર્યાયમાં જ્ઞાન થાય છે. વિકલ્પથી છૂટીને અંતરમાં જાય છે તેને વર્તમાન જ્ઞાનની દશામાં ત્રિકાળી એકરૂપ અખંડનો પ્રતિભાસ થાય છે.

**( ગાથા-૧૪૪, પેઈજ નં. ૩૫૮ )**

**( પ્રતિભાસ દ્વારા અખંડ પ્રતિભાસમયી પરમાત્માની સિદ્ધિ )**

[ ૐ ] જ્ઞાતાદ્રવ્યમાં એકાગ્ર થયેલી જ્ઞાનની પર્યાયમાં આદિ-મધ્ય-અંતરહિત અનાદિઅનંત, કેવળ એક, અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘનરૂપ વસ્તુનો જે પ્રતિભાસ થયો તે પરમાત્મરૂપ સમયસાર છે. આહાહા... ! આત્માની શક્તિ, એનું સામર્થ્ય, એનું સ્વરૂપ પરમાત્મરૂપ છે. આત્માનું સિદ્ધસ્વરૂપ કહો કે પરમાત્મસ્વરૂપ કહો-એક જ વાત છે. આવા અખંડ પ્રતિભાસમય પરમાત્મરૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે; દેખાય છે એટલે શ્રદ્ધાય છે અને જણાય છે. તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

આત્માનો અનુભવ એટલે શુદ્ધ દ્રવ્યનો અનુભવ, અનાદિ અનંત, કેવળ એક, અખંડ પ્રતિભાસમય, અનંત વિજ્ઞાનઘન પરમાત્મરૂપ સમયસારનો અનુભવ. આ અનુભવમાં આત્મા સમ્યક્પણે દેખાય છે, શ્રદ્ધાય છે. આનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે અને તે ભગવાન સમયસારથી ભિન્ન નથી, એક જ છે ભાઈ !

**( ગાથા-૧૪૪, પેઈજ નં. ૩૫૯ )**

**( બાર અંગનો સરવાળો )**

[ ૐ ] આહા ! ભગવાન સર્વજ્ઞદેવનું કહેલું આ સત્ય તત્ત્વ છે. કોઈને તે ન બેસે અને ન ગોઠે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે વિરોધ કરે પણ તેથી શું કરીએ ? અહીં તો કોઈ સાથે વિરોધ છે જ નહીં. **પ્રભુ ! ભગવાન આત્મા કેવો છે અને તે કેમ પ્રાપ્ત થાય તેની તને ખબર નથી. ભગવાન આત્મા અનાદિઅનંત, કેવળ એક, નિરાકુળ, અખંડ પ્રતિભાસમય, વિજ્ઞાનઘન-સ્વરૂપ પરમાત્મ-દ્રવ્ય છે. અને તે વિકલ્પ રહિત નિર્વિકલ્પદશાથી પ્રાપ્ત થાય છે, વ્યવહારના વિકલ્પથી પ્રાપ્ત થતો નથી.** આહાહા... ! સ્વરૂપમાં એકાગ્ર થયેલી જ્ઞાનની પર્યાયનું એટલું સામર્થ્ય છે કે એમાં પરિપૂર્ણ પરમાત્મરૂપ સમયસારનો પ્રતિભાસ થાય છે અને તે જ સમયે આત્મા આવો પરિપૂર્ણ છે એવું શ્રદ્ધાન પ્રગટ થાય છે. આનું નામ સમ્યગ્દર્શન છે અને આ જ જૈનદર્શન છે.

ઇન્દ્રો અને ગણધરોની સભામાં ત્રિલોકીનાથ સર્વજ્ઞદેવ જે વાત કહે છે તે વાત અહીં આચાર્યદેવ કહે છે. કહે છે–**કેવળ એક, અનંત વિજ્ઞાનઘનરૂપ પરમાત્મા જે વખતે જ્ઞાનની દશામાં પ્રતિભાસે છે તે જ સમયે આવો જ આત્મા છે એમ શ્રદ્ધાય છે. આવું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે.** બાકી શાસ્ત્ર દ્વારા કે નયના વિકલ્પ દ્વારા આત્મા સમ્યક્ પ્રકારે દેખવામાં આવતો નથી. બાર અંગનો સરવાળો આ છે. બાપુ ! સમ્યગ્દર્શન કોઈ અપૂર્વ ચીજ છે. **( ગાથા-૧૪૪, પેઈજ નં. ૩૬૦ )**

[ ૐ ] ભગવાને જેવો એક, અખંડ, અનંત વિજ્ઞાનઘનસ્વરૂપ આત્મા કહ્યો એવા આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરે છે ત્યારે તે કાળમાં આત્મા સમ્યક્ પ્રકારે દેખવામાં આવે છે. સ્વદ્રવ્યમાં ઢળેલી જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ પરમાત્મસ્વરૂપ દ્રવ્યનો પ્રતિભાસ જે સમયે થાય છે તે જ સમયે એ પૂર્ણ વસ્તુનું શ્રદ્ધાન પ્રગટ થાય છે અને એનું નામ સમ્યગ્દર્શન છે.
**( ગાથા-૧૪૪, પેઈજ નં. ૩૬૦ )**

### ( અખંડનો પ્રતિભાસ તે સમ્યગ્જ્ઞાન )

[ ૐ ] અખંડ પ્રતિભાસમય છે. સ્વસંવેદનજ્ઞાનમાં જેવો પૂર્ણસ્વરૂપ છે તેવો પ્રતિભાસમાન થાય છે. જિનસ્વરૂપ પરિપૂર્ણ આત્મા છે તેવો જ્ઞાનમાં પ્રતિભાસિત થાય છે.

જેમાં ગુણ–પર્યાયના ખંડ નથી, ભેદ નથી, ભંગ નથી એવો અભેદ આત્મા પરિપૂર્ણરૂપે જ્ઞાનમાં પ્રતિભાસે છે તે અખંડ પ્રતિભાસમય છે. જ્ઞાનમાં અખંડનો પ્રતિભાસ થવો તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.
**( ગાથા-૧૪૪, પેઈજ નં. ૩૬૧-૩૬૨ )**

### ( આસ્વાદ્યમાન નિર્વિકલ્પજ્ઞાન )

[ ૐ ] વસ્તુ આત્મા નિર્વિકલ્પ જ્ઞાનપ્રકાશનો પુંજ છે. તે નિર્વિકલ્પ જ્ઞાનના પ્રકાશ દ્વારા પ્રકાશે છે અને તે વડે જ તે આસ્વાદ્યમાન છે. જ્ઞાનની નિર્મળ પર્યાય દ્વારા આનંદનું વેદન થાય છે. એ વેદનમાં આત્મા પૂર્ણ પ્રતિભાસે અર્થાત્ જણાય એવો છે. નયપક્ષનો જે વિકલ્પ છે એ તો દુઃખ છે, અંધકાર છે. એનાથી ( વિકલ્પથી ) આત્મા જણાય એવો નથી.
**( ગાથા-૧૪૪, પેઈજ નં. ૩૬૪ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રવચન રત્નાકર ભાગ-૬

[ ॐ ] સર્વને જાણવા-દેખવાનો સ્વભાવ તો અબંધસ્વરૂપ છે. ભગવાન આત્મા રાગમાં રોકાવાથી પોતાને જાણતો નથી; અહા ! **સર્વ જ્ઞેયોને જાણનાર એવા પોતાને તે જાણતો નથી ! પોતાને જાણતો નથી એમ કીધું, પણ સર્વ જ્ઞેયોને જાણતો નથી એમ ન કીધું. કેમકે પોતાને જાણવું એ નિશ્ચય છે અને પરને જાણવું એ વ્યવહાર છે.** સર્વને એટલે સ્વ અને પરને ( એકલા પરને એમ નહીં ) જાણનાર-દેખનાર એવો ભગવાન આત્મા પોતે રાગમાં રોકાઈ રહીને પોતાને નહીં જાણતો થકો પ્રત્યક્ષ અજ્ઞાનભાવે પ્રવર્તે છે. શુભભાવ અને શુભભાવમાં રોકાઈ રહેવું એ બંધસ્વરૂપ છે, અજ્ઞાનરૂપ છે. **( પેઈજ નં-૧૬૧ )**

[ ॐ ] પરને-સર્વને જાણતો નથી એમ નહીં પણ પોતાનું જે સ્વ-પરને જાણવા-દેખવારૂપ સંપૂર્ણ સ્વરૂપ તેને જાણતો નથી એમ કહે છે. સ્વ-પરને સર્વને જાણવા-દેખવાનો જેનો સ્વભાવ છે તે જાણનારો જાણનારને પોતાને જાણતો નથી; અને એ રીતે અજ્ઞાનદશામાં વર્તે છે. **( પેઈજ નં-૧૬૩ )**

**( પરજ્ઞેયને સ્વજ્ઞેય માનવું તે જ મિથ્યાત્વ છે. )**

[ ॐ ] અહા ! અબંધસ્વરૂપ સર્વજ્ઞાની-સર્વદર્શી એવો પોતે પોતાને જાણતો નથી, કેમકે એ કર્મ અને રાગને જાણવામાં રોકાઈ ગયો છે. બીજી રીતે કહીએ તો રાગ જે પરજ્ઞેય છે તે જાણે પોતાનું જ્ઞેય હોય, સ્વજ્ઞેયરૂપ હોય તેમ રાગ છે તે હું છું એમ માની બેઠો છે. તેથી પોતાનું ત્રિકાળી જ્ઞાન-દર્શનમય અબંધ તત્ત્વ એની દૃષ્ટિમાં આવતું નથી. આ જ એનો મિથ્યાત્વનો મહા અપરાધ છે. **( ભાગ-૬, પેઈજ નં-૧૬૪ )**

[ ॐ ] જ્ઞાનીને ભલે મતિ-શ્રુતજ્ઞાન હોય, પણ એક સમયમાં લોકાલોકને ( પરોક્ષ ) જાણવાની તાકાતવાળી પર્યાય તેને પ્રગટ થઈ છે. જ્ઞાનીને રાગનું કર્તાપણું નથી. તેને પોતાનું જાણવાપણું અને જે રાગ થાય તેનું જાણવાપણું પોતામાં છે.........
**( પેઈજ નં-૨૩૯ )**

[ ॐ ] **સ્વજ્ઞેયાકારે જે જ્ઞાન થાય તે જ્ઞાનને જ અહીં જ્ઞાન કહ્યું છે.** અસ્થિરતાથી પછી પર તરફ લક્ષ જાય છે ત્યારે રાગાદિ સહિત પરજ્ઞેયનું જ્ઞેયાકાર પરિણમન થાય છે. પરને જ્ઞેય બનાવીને જે જ્ઞેયનું જ્ઞાન થયું તે પોતાનું જ્ઞાન છે પણ તે રાગાદિ સહિત છે. તેથી તો સ્વજ્ઞેયમાં એકાગ્ર થઈને તેને જ જાણવું-દેખવું અને આચરવું એમ કહ્યું છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન રત્નાકર ભાગ-૭

[ ૐ ] ભગવાન ! તું સર્વજ્ઞસ્વભાવી વસ્તુ પોતે જ છો. ભાઈ ! તું અંતર્દષ્ટિ કરી પોતાના સર્વજ્ઞસ્વભાવમાં એકાગ્ર થા. એમ કરતાં તને પોતાના 'જ્ઞ' સ્વભાવનો–સર્વજ્ઞસ્વભાવનો અકર્તાસ્વભાવનો નિર્ણય થશે અને ત્યારે–અહો ! હું તો જ્ઞાતાદૃષ્ટા છું, કોઈ પણ રાગની ક્રિયાનો ( અને જડની ક્રિયાનો ) હું કર્તા નથી એમ યથાર્થ પ્રતિભાસશે. શું કહ્યું ? સમકિતીને વ્યવહાર–રાગ હોય છે ખરો પણ તેનો હું કર્તા નથી એવી તેની દૃષ્ટિ થઈ જાય છે. અહો ! કોઈ અચિંત્ય મહિમા છે એ સમ્યક્ દૃષ્ટિનો !

**( ગાથા-૨૦૦, પેઈજ નં. ૧૦૫, ૧૦૬ )**

[ ૐ ] વ્યવહારનય તે કાળે જાણેલો પ્રયોજનવાન છે, એટલે કે તે કાળે વ્યવહાર છે એમ જાણેલો પ્રયોજનવાન છે. વાસ્તવમાં તો તે પોતાની પર્યાયને જાણે છે તેમાં તે જણાય જાય છે. **ભગવાન કેવળી લોકાલોકને જાણે છે એમ આવે છે ને ? હા, પણ એ તો અસદ્ભૂત વ્યવહારનય છે. ખરેખર તો ભગવાન જેમાં લોકાલોક પ્રકાશે છે એવી પોતાની પર્યાયને જ જાણે છે.** **( પેઈજ નં-૧૧૭ )**

[ ૐ ] જ્ઞાનની વર્તમાન જે વ્યક્ત અવસ્થા છે તે અવસ્થાનું સ્વરૂપ જ એવું છે કે તેમાં આખું દ્રવ્ય જ્ઞેય તરીકે જણાય જ છે. અજ્ઞાનીની પર્યાયમાં પણ આખો જ્ઞાયક જણાય છે પણ તેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર નથી, તેની દૃષ્ટિ બહાર છે તેથી તે બીજો અધ્યવસાય કરે છે કે– હું રાગ છું, અલ્પજ્ઞ છું, પર્યાયમય છું. **( પેઈજ નં-૧૯૨ )**

---

**પ્રમાણજ્ઞાન પણ સમ્યક્ એકાન્તની અપેક્ષા રાખે છે–તે કઈ રીતે ? દ્રવ્ય ને પર્યાય બન્નેને અનેકાન્તથી જાણીને અભેદ વસ્તુની મુખ્યતા તરફ ઢળીને સમ્યક્ એકાન્ત કરે તો જ પ્રમાણજ્ઞાન થાય છે. એટલે અનેકાન્ત પણ સમ્યક્ એકાન્તની અપેક્ષા રાખે છે.**

**સમ્યક્ એકાન્ત એટલે શું ? અભેદ તરફ વળ્યો ત્યારે જ સમ્યક્ એકાન્ત થયું. દ્રવ્ય-પર્યાય બન્નેને જાણીને સામાન્ય તરફ વળીને વિશેષને અભેદ કરે- તો પ્રમાણજ્ઞાન થાય. અભેદની મુખ્યતા હોવા છતાં તેમાં વળેલી પર્યાય પણ છે તો ખરી, એટલે અભેદની મુખ્યતા અપેક્ષાએ તો સમ્યક્એકાન્ત છે, ને દ્રવ્ય તરફ ઢળેલી પર્યાય પણ છે- તેથી દ્રવ્ય-પર્યાય બન્ને અપેક્ષા એ અનેકાન્ત પણ છે.**

**( કાર્તિકેયાનુપ્રેક્ષા-પ્રવચન ભાગ-૧, પેઈજ નં-૩૮૨ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રવચન રત્નાકર ભાગ-૮

[ ૐ ] જેમ પરનો નિર્ણય ( –પ્રકાશ ) કરતાં એ બધું પર પ્રત્યક્ષ થાય છે તેમ જ્યારે સ્વનો નિર્ણય ( –પ્રકાશ ) કરે છે ત્યારે સ્વ પ્રત્યક્ષ થાય છે; કેમકે પ્રકાશ નામનો એનામાં ગુણ છે. એ એકાંતે પરને પ્રકાશે છે એ તો એકાંત થઈ ગયું; એનો ગુણ તો સ્વ–પરપ્રકાશક છે. ખરેખર સ્વ પ્રત્યક્ષ થાય એવો એનો ગુણ છે અને એ ગુણમાં પરને પ્રકાશવાનું સામર્થ્ય સહેજે ખીલી જાય છે. આવી વાત છે. **( ગાથા-૨૬૭, પેઈજ નં. ૧૬૪ )**

**( જ્ઞાનનું અદ્‌ભૂત સામર્થ્ય )**

[ ૐ ] હવે વિશેષ વાતઃ કે જ્ઞાનની પર્યાયમાં વર્તમાન પરને પ્રકાશવાનું–પ્રત્યક્ષ કરવાનું સામર્થ્ય છે તો તે સ્વને પ્રત્યક્ષ કેમ ન કરે ? કરે. જો એમ છે તો પછી તે જ્ઞાનની પર્યાય ભવિષ્યની પર્યાયને પણ અત્યારે ( –વર્તમાનમાં ) કેમ ન જાણે ? વર્તમાન જ્ઞાનપર્યાય અનંતા દ્રવ્ય, ગુણ ને પર્યાયને જાણે છે તો પોતાની અનંત ભવિષ્યની પર્યાયને પણ કેમ ન જાણે ? શું કીધું ? કે જ્ઞાનમાં પરને જાણવાનું સામર્થ્ય પ્રત્યક્ષ નક્કી થાય છે તો એનામાં સ્વને જાણવાનું પણ સામર્થ્ય નક્કી થાય છે. અને તો પછી એ શ્રુતજ્ઞાનની પર્યાય ભવિષ્યને પણ વર્તમાનમાં જાણે છે એમ કેમ નક્કી ન થાય ? ન્યાય સમજાય છે કાંઈ... ? આહાહા... ! કેવળજ્ઞાની પ્રત્યક્ષ જાણે છે અને શ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે. શ્રુતજ્ઞાની, ભવિષ્યની જે શ્રુતજ્ઞાનની થશે તે, ને કેવળજ્ઞાનની થશે તે–તે બધીય અનંતી પર્યાયને ( પરોક્ષ ) જાણે છે. આહા ! ભગવાન ! તારું કોઈ ગજબ અદ્‌ભુત સામર્થ્ય છે ! પ્રભુ ! તું મહાન છો પણ તને તારા મહિમાની ખબર નથી.

**( ગાથા-૨૬૭, પેઈજ નં.-૧૬૪, ૧૬૫ )**

[ ૐ ] અહીં કહે છે – જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં રાગાદિ એવું દેખાતું નથી. તેઓ સદાયચૈતન્ય ચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે. આહા ! બંધલક્ષણવાળા પુણ્ય – પાપના ભાવો ચૈતન્ય ચમત્કાર પ્રભુ આત્મામાં જાણવામાં આવે છે, પણ પોતાનાથી પૃથક્ છે એમ જાણવામાં આવે છે, તેઓ આત્મા છે એમ પ્રતિભાસતા નથી, પણ ભિન્ન પ્રતિભાસે છે.

'વળી, જેટલું ચૈતન્ય આત્માના સમસ્ત પર્યાયોમાં વ્યાપતું પ્રતિભાસે છે, તેટલા જ, રાગાદિક પ્રતિભાસતા નથી, કારણકે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે.' **( ગાથા-૨૯૪, પેઈજ નં.-૪૦૭-૪૦૮ )**

[ ૐ ] જુઓ, અરીસામાં જે મોઢું દેખાય છે તે અને સામે ઊભેલા પુરુષનું મોઢું છે તે–બન્ને ભિન્ન છે. બહાર ઊભેલા પુરુષનું મોઢું કાંઇ અરીસામાં ગયું નથી. અરીસામાં જે દેખાય છે તે તો અરીસાની સ્વચ્છ અવસ્થા છે. તેવી રીતે ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મામાં પુણ્ય – પાપના ભાવ જણાય છે એ તો જ્ઞાનની સ્વચ્છતા છે. જ્ઞાનમાં કાંઇ પુણ્ય–પાપના ભાવ ઘુસી ગયા નથી. જાણવાલાયક રાગ ને જાણનાર જ્ઞાન બન્ને ભિન્ન જ છે.

**( ગાથા-૨૯૪, પેઈજ નં.-૪૦૯ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ॐ ] અરીસામાં સામે અગ્નિ હોય તો અગ્નિ દેખાય છે. તો શું અગ્નિ અરીસામાં ઘુસી ગઈ છે? ના; અરીસામાં તો અરીસાની અવસ્થા છે. અરીસા ભણી હાથ લંબાવો તો કાંઇ અરીસો ઉષ્ણ થયેલો માલુમ પડતો નથી. તેવી રીતે ભગવાન આત્મા ચેતક છે, જાણનાર અરીસો છે. એમાં પુણ્ય-પાપના ભાવ દેખાય છે એ જાણનાર અરીસાની ચેતકની સ્વચ્છતા છે. પુણ્ય – પાપના ભાવ છે પણ તે ભાવ કાંઇ જ્ઞાનમાં – આત્મામાં પેઠા નથી, તેઓ એનાથી ભિન્ન જ છે. બન્ને એક કાળમાં સાથે છે એ જ્ઞેયજ્ઞાયકભાવની નિકટતા છે. પણ તેથી જ્ઞાન અને રાગાદિભાવ કાંઇ એક નથી. જ્ઞેય જે રાગ તે કાંઈ જ્ઞાયકરૂપ વા જ્ઞાનરૂપ થયો નથી અને જ્ઞાયક જે આત્મા તે કાંઈ રાગરૂપ થયો નથી. રાગ છે માટે જ્ઞાયકનું જ્ઞાન છે એમ નથી, અને રાગને જાણતાં જ્ઞાન રાગરૂપ થઈ ગયું છે એમ નથી. બન્ને ભિન્ન જ છે. ઝીણી વાત પ્રભુ! **( ગાથા-૨૯૪, પેઈજ નં.-૪૦૯ )**

[ ॐ ] દીવો છે ને દીવો ? તે ઘટપટાદિને પ્રકાશવાના કાળે ખરેખર તો પોતાની પર્યાયને જ પ્રકાશે છે કે જેમાં એ ઘટપટાદિ પ્રકાશિત થાય છે. ઘટપટાદિને જો ખરેખર દીવો પ્રકાશે તો દીવો ઘટપટાદિરૂપ થઈ જાય. પણ દીવો ઘટપટાદિરૂપ થતો નથી, કે ઘટપટાદિ દીવામાં જતા નથી. ઘટપટને પ્રકાશતો દીવો શું ઘટપટરૂપે થઈ જાય છે? ના; તો શું પ્રકાશિત ઘટપટ દીવામાં જાય છે? ના. **વાસ્તવમાં તો દીવો ઘટપટાદિને પ્રકાશતો જ નથી પણ તે કાળે પોતાના દ્વૈતરૂપ સ્વપરપ્રકાશકપણાને જ તે પ્રગટ કરે છે, ઘટપટાદિને નહિં. દીવો ઘટપટને પ્રકાશે છે એ તો વ્યવહાર છે, બાકી વાસ્તવિકપણે તો દીવો પોતાનો સ્વપરને પ્રકાશવાના એક પ્રકાશસ્વભાવને જ પ્રકાશે છે, કેમકે દીપક ઘટપટરૂપે ને ઘટપટ દીપકરૂપે કદીય થતા નથી.**

તેમ, કહે છે, -આત્મા વડે ચેતવામાં આવતા રાગાદિક આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે – રાગાદિપણાને નહિ. ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાયકભાવસ્વરૂપ છે, ચેતકસ્વભાવી છે. તે રાગાદિ-પુણ્ય-પાપના ભાવોને જાણવાના કાળે ખરેખર તો પોતાની જ્ઞાનપર્યાયને જ જાણે છે કે જેમાં એ પુણ્ય – પાપના ભાવ જણાઈ રહ્યા છે. પુણ્ય -પાપ આદિ ભાવોને જો ખરેખર આત્મા જાણે ( – સ્પર્શે ) તો આત્મા પુણ્ય – પાપ આદિરૂપ થઈ જાય. પણ આત્મા કદીય પુણ્ય – પાપ આદિ ભાવરૂપ થતો નથી. આહા! પુણ્ય-પાપ આદિ ભાવોને જાણતાં શું જ્ઞાન પુણ્ય-પાપ આદિ ભાવરૂપ થાય છે? **ના વાસ્તવમાં તો જ્ઞાન પુણ્ય - પાપ આદિ ભાવોને જાણતું ( સ્પર્શતું નથી ) પણ તે કાળે પોતાના દ્વૈતરૂપ જાણવાના સ્વપરપ્રકાશકપણાને જ તે પ્રગટ કરે છે, રાગાદિપણાને નહિ. જ્ઞાન પુણ્ય - પાપ આદિ ભાવોને જાણે છે એ તો વ્યવહાર છે, બાકી વાસ્તવિકપણે તો જ્ઞાન પોતાના દ્વૈતરૂપ સ્વપરને પ્રકાશવાના એક જ્ઞાનસ્વભાવને - ચેતકસ્વભાવને જ પ્રકાશે છે, કેમકે જ્ઞાન પુણ્ય-પાપ આદિ ભાવોરૂપે ને પુણ્ય-પાપ આદિ ભાવો જ્ઞાનરૂપે કદીય થતા નથી.** આહા! જાણવાના કાળે જ્ઞાનમાં પુણ્ય – પાપ આદિ – બંધ આવતો નથી અર્થાત્ રાગાદિબંધ જ્ઞાનરૂપ થઈ જતો નથી, વળી રાગાદિ – બંધ છે તો જ્ઞાનનો પ્રકાશ થયો છે એમ પણ નથી. જ્ઞાનનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો સહજ જ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. જે નિરંતર પ્રકાશે છે. આહા! આવું વસ્તુનું સ્વરૂપ જાણી તેને અંતર– અનુભવમાં લેવું તે સમકિતનું કારણ થાય છે.

**( ગાથા-૨૯૪, પેઈજ નં. - ૪૦૯-૪૧૦ )**

[ ૐ ] 'પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે.'

શું કીધું ? કે ચેતનામાં જગતની ચીજો સામાન્યવિશેષપણે પ્રતિભાસે છે. એટલે શું ? કે ચેતનામાં જગતની ચીજો સામાન્ય ( અભેદપણે ) દેખાય છે અને વિશેષ ( ભેદપણે ) જણાય છે. સમજાણું કાંઈ... ? અહીં એમ કહે છે કે–આત્મા એક વસ્તુ છે, ચેતના એનો સ્વભાવ–ગુણ છે. એની પર્યાયમાં સ્વ અને પરનો પ્રતિભાસ એટલે કે સામાન્ય દેખવાપણું ને વિશેષ જાણવાપણું થાય છે. આહાહા... ! જેટલી ચીજો સામે હોય તેનું ચેતનામાં સામાન્ય અને વિશેષપણે દેખવા–જાણવાપણું થાય છે.

**( ગાથા-૨૯૮, ૨૯૯ પેઈજ નં. - ૪૫૦ )**

[ ૐ ] જોયું ? સર્વ વસ્તુઓ એટલે બધા આત્મા ને જડ દ્રવ્યો, દ્રવ્ય તરીકે વસ્તુપણે સામાન્ય છે અને ગુણપર્યાયપણે વિશેષ છે. આ રીતે પ્રત્યેક વસ્તુનો સામાન્ય–વિશેષ સ્વભાવ છે. તે સમસ્ત વસ્તુઓનો જ્ઞાનદર્શનની પર્યાયમાં પ્રતિભાસ થાય છે. આ પ્રમાણે આત્મામાં ચેતના સ્વભાવ સામાન્યપણે દર્શન અને વિશેષપણે જ્ઞાન એમ બે–રૂપે છે. આહા ! સમસ્ત વસ્તુઓને પ્રતિભાસનારાં દર્શન અને જ્ઞાન એ ચૈતન્યમય આત્માનો સ્વભાવ છે, માટે ચેતના તેમને ઉલ્લંઘતી નથી.

હવે કહે છેઃ– 'જો ચેતના દર્શન–જ્ઞાનને ઉલ્લંઘે તો સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય ( અર્થાત્ ચેતનાનો અભાવ થાય. ) . '

શું કીધું ? કે જો ચેતનામાં સામાન્ય ને વિશેષરૂપ પ્રતિભાસવાની શક્તિ જ ન હોય અર્થાત્ દેખવા–જાણવારૂપ શક્તિ જ ન હોય તો ચેતનાનો અભાવ થઈ જાય. તેના અભાવમાં બે દોષ આવે–

૧. 'પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે, અથવા
૨. વ્યાપકના ( –ચેતનાના ) અભાવમાં વ્યાપ્ય એવા ચેતનનો ( આત્માનો ) અભાવ થાય.'

**( ગાથા-૨૯૮, ૨૯૯, પેઈજ નં. - ૪૫૧ )**

[ ૐ ] જુઓ, ભગવાને જોયાં છે એ બધાં દ્રવ્યો જગતમાં જાતિ અપેક્ષાએ છ છે, અને સંખ્યા અપેક્ષાએ જીવ–આત્મા અનંત, પરમાણુ અનંતાનંત, ધર્માસ્તિકાય એક, અધર્માસ્તિકાય એક, એક આકાશ અને અસંખ્યાત કાલાણુ છે. એ બધા પદાર્થ પ્રત્યેક સામાન્યવિશેષરૂપ છે. તે બધાય પદાર્થ દ્રવ્યપણે એકરૂપ સામાન્ય છે ને ગુણ–પર્યાયથી વિશેષરૂપ છે. સામાન્યવિશેષરૂપે હોવું વસ્તુનો સહજ સ્વભાવ જ છે. તેથી તેને પ્રતિભાસનારી ચેતના પણ સામાન્યવિશેષરૂપ છે; સામાન્યપ્રતિભાસરૂપ દર્શન અને વિશેષ પ્રતિભાસરૂપ જ્ઞાન છે. જુઓ, આ ન્યાયથી–લોજીકથી વાત છે.

**( ગાથા-૨૯૮, ૨૯૯, પેઈજ નં. - ૪૫૪ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ॐ ] જુઓ, સાંખ્યમત આદિ અન્યમત છે તે સામાન્યને માને છે, પરંતુ વિશેષને માનતો નથી. ચેતના જ્ઞાતા–દૃષ્ટાસ્વરૂપ છે એમ ચેતનાના યથાર્થ સ્વરૂપને માનતા નથી. તેથી એવા એકાન્તનો પરિહાર કરવા માટે જેમ વસ્તુ સામાન્ય–વિશેષ સ્વરૂપ છે તેમ તેને પ્રતિભાસનારી ચેતના પણ દૃષ્ટાપણે સામાન્ય અને જ્ઞાતાપણે વિશેષરૂપ છે એમ અહીં દર્શાવ્યું છે. ચેતના ગુણ–શક્તિ–સ્વભાવ છે અને તેનાં દર્શન અને જ્ઞાન બેરૂપ છે એમ યથાર્થ માનવું. **( ગાથા-૨૯૮, ૨૯૯, પેઈજ નં.-૪૫૭ )**

[ ॐ ] એક સમયની કેવળજ્ઞાનની પર્યાય પરિપૂર્ણ છે. એ પર્યાયમાં પોતાના દ્રવ્ય–ગુણ અને ત્રણે કાળની પર્યાયનું તથા છયે દ્રવ્યોનું જ્ઞાન આવે છે. પણ પર્યાયમાં દ્રવ્ય–ગુણ કે છ દ્રવ્યો આવતાં ( પ્રવેશતાં ) નથી. તેવી રીતે શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ 'આ હું છું' એવું ધ્રુવના અસ્તિત્વનું અને 'આ હું નથી' – એમ રાગાદિકનું જ્ઞાન આવે છે, પણ રાગાદિ પદાર્થો કાંઈ એમાં આવતા ( પ્રવેશતા ) નથી, ભિન્ન જ રહે છે. આ પ્રમાણે સ્વસ્વરૂપમાં એકાગ્ર થઈને પરિણમતા જ્ઞાનીને પોતાના જ્ઞાનમાં રાગાદિ પરભાવો પોતાનાથી ભિન્ન ભાસે છે. **( ગાથા-૨૯૮, ૨૯૯, પેઈજ નં.-૪૭૦ )**

[ ॐ ] સમયસાર ગાથા ૧૭–૧૮ માં આવે છે કે–આબાલગોપાળ સર્વને તેમની જ્ઞાનની પર્યાયમાં આત્મા જાણવામાં આવી રહ્યો છે. શું કીધું ? ભાઈ ! તારી જ્ઞાનની દશામાં સ્વજ્ઞેય એવો ભગવાન આત્મા જણાઈ રહ્યો છે. જ્ઞાન સ્વપરપ્રકાશક છે ને ? તેથી અજ્ઞાનીને પણ એની જ્ઞાનની પર્યાયમાં આત્મા તો જણાઈ રહ્યો છે. પણ શું થાય ? એની દૃષ્ટિ એના ઉપર નથી. એની દૃષ્ટિ બહાર પર–રાગ ને નિમિત્તાદિ ઉપર છે. આહા ! એની બહિરાત્મદૃષ્ટિ છે અને તેથી તેને પરનું–રાગાદિનું અસ્તિત્વ ભાસે છે. પણ જ્યારે એ જ ગુલાંટ મારીને અંદરમાં પૂર્ણાનંદના અસ્તિત્વને દેખે છે ત્યારે હું આવો શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ આત્મા છું–એમ એને આત્માની સિદ્ધિ–પ્રાપ્તિ થાય છે. એ જ સાધકભાવ છે અને એ જ રાધ છે. **( ગાથા-૩૦૩, ૩૦૪, પેઈજ નં.-૪૮૪ )**

[ ॐ ] 'સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું એટલે શું ? કે લોકાલોકને જાણે છે પણ લોકાલોકમાં તે **તન્મય** નથી. નિશ્ચયથી કેવલજ્ઞાન પોતાની પર્યાયને જાણે છે કે જેમાં લોકાલોક જણાય છે. લોકાલોકને જાણે છે એમ કહેવું એ અસદ્‌ભૂત વ્યવહારનય છે.

વળી લોકાલોક છે માટે લોકાલોકને જાણે છે એમેય નથી. એ તો જ્ઞાનની પર્યાયની એ સહજ શક્તિ છે કે પોતે પોતાથી જ ષટ્‌કારકરૂપ થઈને લોકાલોકને જાણતી થકી પ્રગટ થાય છે. અહા ! કેવલજ્ઞાનની પર્યાયનાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ–એમ ષટ્‌કારક પર્યાય પોતે જ છે; પરજ્ઞેય તો નહિ, પણ દ્રવ્ય–ગુણેય નહિ. અંદર શક્તિ છે; પણ પ્રગટ થવાનું સામર્થ્ય પર્યાયનું સ્વતંત્ર છે. **કેવલજ્ઞાન ખરેખર લોકાલોકને અડયા વિના, પોતાની સત્તામાં જ રહીને પોતે પોતાથી જ પોતાને ( -પર્યાયને ) જાણે છે કે જેમાં લોકાલોક પ્રકાશિત થાય છે. અહા ! પોતાની પર્યાયને જાણતાં લોકાલોક જણાઈ જાય છે.** ( ગાથા-૩૦૬, ૩૦૭, પેઈજ નં.-૫૩૩ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રવચન રત્નાકર ભાગ-૯

## ( જ્ઞાનના સ્વપર પ્રકાશક સ્વભાવ હોવા છતાં દૃષ્ટિફેરે ફેર )

[ ૐ ] પર તરફ વળેલી જ્ઞાનની પર્યાયમાં પણ ખરેખર તો જ્ઞાયક જ જણાઈ રહ્યો છે. આ વાત આચાર્યદેવે ગાથા ૧૭-૧૮ માં કરી છે. જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક પણાનો સ્વભાવ છે. તેથી વર્તમાન જ્ઞાન-પર્યાયમાં જે આ વસ્તુ ત્રિકાળ પરમ પારિણામિકભાવે સ્થિત છે તે જાણવામાં આવે છે. અજ્ઞાનીને પણ તે ત્રિકાળી દ્રવ્ય જ્ઞાનમાં જણાય છે, પણ તેની નજર એના ઉપર નથી. દૃષ્ટિનો ફેર છે બાપા ! ધ્રુવની દૃષ્ટિ કરવાને બદલે તે પોતાની નજર પર્યાય ઉપર, રાગ ઉપર, નિમિત્ત ઉપર ને બહારના પદાર્થ ઉપર રાખે છે અને તેથી તેને અંદરનું ચૈતન્યનિધાન જોવા મળતું નથી.

**( ગાથા-૩૨૦, પેઈજ નં.- ૧૬૨ )**

[ ૐ ] **જુઓ, ભગવાને એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકને જોયા એમ કહેવું એ પણ વ્યવહાર છે. કેવળજ્ઞાનની પર્યાયમાં ત્રણકાળ-ત્રણલોક જણાય એમ કહેવું તે વ્યવહાર છે, કેમકે જ્ઞાનની પર્યાયને જાણતાં તેમાં લોકાલોક જણાય જાય છે, તેને જોવા જવું પડતું નથી; વા કેવળજ્ઞાન તેમાં ( લોકાલોકમાં ) તન્મય થઈ જાણતું નથી.**

**( ગાથા-૩૨૦, પેઈજ નં.- ૧૬૪ )**

[ ૐ ] અહા ! અનંત અનંત શક્તિઓનો પિંડ પ્રભુ આત્મા સકળ નિરાવરણ છે. વળી અનંતગુણથી ભરેલો છતાં ગુણભેદ વિનાનો અખંડ એક છે; ખંડરૂપ નથી, ભેદરૂપ નથી; પર્યાયભેદથી ભેદાતો નથી તેવો અભેદ એક છે. વળી સ્વસંવેદનજ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવો પ્રત્યક્ષપ્રતિભાસમય છે. આત્મા સ્વભાવથી જ પ્રત્યક્ષપ્રતિભાસમય છે.

**શ્રોતા** -કોઈને થાય કે તે જણાતો તો નથી ?

**ઉત્તર** – બાપુ ! તું રાગમાં ને નિમિત્તમાં એને શોધે તો તે કેમ જણાય ? એ તો જ્યાં છે ત્યાં અંતર્મુખ થઈ જુએ તો અવશ્ય જણાય એવો તે પ્રત્યક્ષપ્રતિભાસમય છે. આત્મા ચૈતન્યપ્રકાશનું બિંબ છે. જ્ઞાનને તેમાં એકાગ્ર કરીને જોનારને તે અવશ્ય જણાય એવો છે. અહા ! **અંતર્મુખ ઉપયોગમાં**-નિજ સ્વસંવેદનજ્ઞાનમાં તે જણાય એવો પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. ભલે મતિજ્ઞાન હો કે શ્રુતજ્ઞાન, સમ્યગ્જ્ઞાનની એક સમયની પર્યાયમાં આખો આત્મા એક-અખંડપણે જણાઈ જાય એવું જ એનું સ્વરૂપ છે. ન જણાય એ વાત જ ક્યાં છે ? ભાઈ ! તું બહારમાં ફાંફાં મારે ને તે ન જણાય એમાં અમે શું કરીએ ?

**( ગાથા-૩૨૦, પેઈજ નં.- ૧૭૩ )**

[ ૐ ] .......પરને-શરીર, મન, વાણી, સ્ત્રી-પુત્ર-પરિવાર, ધન-સંપત્તિ આદિને-પોતાનું માને એ તો મૂઢ જ છે, પણ એક સમયની પર્યાય જ હું આખો આત્મા છું એમ એકાંતે માને એય મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે; કારણકે પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, પર્યાયવાન જે ચિત્ચમત્કાર આત્મા છે તે તો નિત્ય શાશ્વત જ અંતરંગમાં પ્રતિભાસે છે. આહાહા... ! વસ્તુ તો અંદર નિત્ય જ પ્રકાશી રહી છે. **( ગાથા-૩૪૫ થી ૩૪૮, પેઈજ નં.- ૨૯૧ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી. જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી.

દરેક વસ્તુનું સ્વરૂપ સ્વયંસિદ્ધ છે, પરથી નિરપેક્ષ સહજ છે; વાસ્તવમાં પર સાથે તેને કાંઈ સંબંધ નથી. જુઓ, અહીં કહે છે–શુદ્ધનયની દૃષ્ટિથી...., એટલે શું ? કે અંદર શુદ્ધ ચૈતન્યસ્વભાવથી ભરેલો પોતે નિર્મળાનંદ પ્રભુ છે તેની દૃષ્ટિથી વિચારીએ તો અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી. આ શરીર, મન, વાણી ઇત્યાદિ પરદ્રવ્યનો ભગવાન આત્મામાં પ્રવેશ નથી. જ્ઞાનમાં એ કર્મ, નોકર્મ આદિ પરદ્રવ્યો પ્રતિભાસે છે એ તો જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; અર્થાત્ એમાં પરદ્રવ્યનું કાંઈ કર્તવ્ય નથી. **રાગાદિ પુણ્ય-પાપના ભાવ તથા કર્મ, નોકર્મ આદિ જ્ઞાનમાં જાણવામાં આવે છે એ તો જ્ઞાનની સ્વચ્છતાનું સ્વરૂપ છે; રાગાદિ પરને કારણે ત્યાં જ્ઞાન થાય છે એમ છે નહિ;** કેમકે રાગાદિ પરદ્રવ્યો જ્ઞાનમાં પ્રવેશી શકતાં નથી. ઝીણી વાત છે ભાઈ !

**( ગાથા-૩૫૬ થી ૩૬૫, પેઈજ નં. - ૩૯૬ )**

[ ૐ ] ત્યારે કોઈ વેદાંતી પૂછે કે–જ્ઞાન જ્ઞેયોને સ્પર્શ કર્યા વિના કેમ જાણે ? એમ કે બધું ( સર્વ જ્ઞેયો ) જ્ઞાનસ્વરૂપ જ છે.

એમ નથી ભાઈ ! જરા ધીરો થઈને સાંભળ. તારી ચૈતન્યજ્યોતિ–જ્ઞાનજ્યોતિ પ્રભુ બહાર રહેલી અગ્નિને જાણે, પણ તે કાંઈ અગ્નિમાં પ્રવેશ કરે છે, વા અગ્નિ જ્ઞાનમાં પ્રવેશ કરે છે એમ નથી. જુઓ, અરિસો હોય છે ને ? તેમાં અગ્નિ, બરફ વગેરે ચીજોનો પ્રતિભાસ થાય છે તે અરિસાની સ્વચ્છતાનો સ્વભાવ છે, બાકી અરિસામાં કાંઈ અગ્નિ, બરફ વગેરે પેસી જતાં નથી, કે અરિસો તે ચીજોમાં પ્રવેશતો નથી. તેમ આ ભગવાન આત્મા ચૈતન્ય–અરીસો છે. તેમાં શરીર, મન, વાણી ઇત્યાદિ દેખાય છે, પ્રતિભાસે છે; પણ તે ચીજો જ્ઞાનમાં પ્રવેશતી નથી ને જ્ઞાન તે ચીજોમાં પ્રવેશતું નથી. ભાઈ ! પરજ્ઞેય છે માટે પરજ્ઞેયોનું જ્ઞાન થાય છે એમ નથી. તથા જ્ઞાનને કારણે પરજ્ઞેયો વિધમાન છે એમ પણ નથી. **પોતામાં પોતાના લક્ષે જ્ઞાનની સ્વપર-પ્રકાશક પર્યાય પ્રગટ થાય છે. જ્ઞાનનો સહજ જ સ્વપરપ્રકાશક સ્વભાવ છે.** સમજાણું કાંઈ... ?

**( ગાથા-૩૫૬ થી ૩૬૫, પેઈજ નં. - ૩૯૭ )**

[ ૐ ] કહે છે– 'આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે, પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી.'

આહાહા...! જ્ઞાનસ્વભાવી પ્રભુ આત્મા છે. તેના જ્ઞાનની સ્વચ્છતામાં જણાવાયોગ્ય જ્ઞેય પદાર્થો સ્વયમેવ ઝળકે છે એટલે જણાય છે. છતાં જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી. શુભાશુભ રાગ થાય તેને જ્ઞાન જાણે પણ જ્ઞાન તે રાગરૂપે થતું નથી, ને તે રાગ જ્ઞાનરૂપે થતો નથી. જ્ઞાનમાં જ્ઞેય કદી પ્રવેશતું નથી, ને જ્ઞાન જ્ઞેયમાં કદી પ્રવેશતું નથી.

**( ગાથા-૩૫૬ થી ૩૬૫, શ્લોક - ૨૧૬, પેઈજ નં. - ૪૦૨ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] અહો ! જ્ઞાન જ્ઞાનસ્વભાવે પરિણમવાને બદલે, આ શરીરાદિ પદાર્થો મારા છે, શુભાશુભભાવો મને લાભદાયી છે એમ અજ્ઞાનભાવે પરિણમે ત્યાં સુધી રાગદ્વેષની પરંપરા ચાલુ જ રહે છે. ભાઈ ! શરીરાદિ પદાર્થો ને શુભાશુભભાવો તે જ્ઞેય છે, પરજ્ઞેય છે; તે તારા કેમ થઈ જાય ? એને તું જ્ઞેયપણે ન માનતાં અન્યથા માને તે અજ્ઞાનભાવ છે, અને જ્યાં સુધી અજ્ઞાનભાવ છે ત્યાં સુધી રાગદ્વેષનું દ્વંદ્વ ઉત્પન્ન થયા જ કરે છે. પરંતુ જ્યાં જ્ઞાન જ્ઞાનસ્વભાવે થયું કે જ્ઞેયો જ્ઞેયપણે તેમાં પ્રતિભાસ્યા અને ત્યારે રાગદ્વેષની ઉત્પત્તિ અટકી ગઈ. આહાહા....! સમ્યગ્દૃષ્ટિ ધર્મી પુરુષને સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું છે; તેનું જ્ઞાન જ્ઞાનરૂપ થયું છે, તેથી મિથ્યાત્વસંબંધી રાગદ્વેષ તેને ઉત્પન્ન થતા નથી; તેને હવે દીર્ઘ સંસાર રહ્યો નથી. **( શ્લોક- ૨૧૭, પેઈજ નં. - ૪૦૩ )**

## પ્રવચન રત્નાકર ભાગ-૧૦

**( અજ્ઞાની ના પાડે કે મને જ્ઞાયક જણાતો નથી;**
**છતાં તેની પર્યાયમાં જ્ઞાયક જણાય છે )**

[ ૐ ] ઝીણી વાત છે પ્રભુ ! બાળકથી માંડી વૃદ્ધ સૌને એની જ્ઞાનની પર્યાયમાં સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં અર્થાત્ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એવો છે કે તે પર્યાયમાં સદાકાળ–એક સમયના વિરહ વિના ત્રિકાળી આનંદનો નાથ જ જણાય છે. છતાં આ પર્યાયમાં આત્મા જણાય છે એમ દૃષ્ટિ ત્યાં જતી નથી.

ત્રિકાળી જ્ઞાનગુણ એનો જેમ સ્વ–પરપ્રકાશક સ્વભાવ છે તેમ તેની જ્ઞાનની વર્તમાન પ્રગટ પર્યાયનો પણ સ્વ–પરપ્રકાશક સ્વભાવ છે. તેથી તે પર્યાયમાં સર્વ જીવોને સદાકાળ જ્ઞાયક જણાતો હોવા છતાં રાગને વશ થયેલો પ્રાણી તેને જોઈ શકતો નથી એની નજર પર્યાય ઉપર ને રાગ ઉપર છે એટલે આ જ્ઞાયકને જાણું છું તે ખોઈ બેસે છે. "અનાદિ બંધને" અર્થાત્ રાગને વશ પડયો રાગને જોવે છે પણ મને જ્ઞાનની પર્યાયમાં આ જ્ઞાયક દેખાય છે એમ જોતો નથી. ભલેને તું ના પાડ હું ( મને–જ્ઞાયકને ) નથી જાણતો છતાં પ્રભુ ! તારી પર્યાયમાં તું અત્યારે જણાય છે હોં ! ગજબ વાત કરી છે ને ? **( પેઈજ નં-૪૬ )**

**"સ્વ-પર પ્રકાશક શક્તિ હમારી, તા તૈં વચનભેદ ભ્રમ ભારી**
**જ્ઞેયશક્તિ દુવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી."**

[ ૐ ] તો કહે છે કે – જ્ઞાનની વર્તમાન પર્યાયમાં સ્વ–પર જ્ઞેયને જાણવાની તાકાત છે અને તેથી તે પર્યાય સ્વને–આખા દ્રવ્યને જાણે છે. વર્તમાન પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં થયું છે છતાં દૃષ્ટિમાં રાગને પૂજ્ય દેખીને ત્યાં અટકી ગયો છે. આ જાણવામાં આવે છે એને જાણતો નથી અને પરને જાણું છું એવી મિથ્યાબુદ્ધિ થઈ ગઈ છે. ( અર્થાત્ ) એકલો પરપ્રકાશક છું એવી બુદ્ધિ થઈ ગઈ છે જે મિથ્યા છે.
**( પેઈજ નં. ૪૬, ૪૭ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ( જાણે ! એક જ્ઞાનની પર્યાયનું જ અસ્તિત્વ છે )

[ ૐ ] અહા ! એક વખત તો એમ ( અંદરમાં ) આવ્યું હતું કે ( જાણે ) જ્ઞાનની પર્યાય જે છે તે એક જ વસ્તુ છે. બીજી ચીજ જ નથી. એક ( જ્ઞાનની ) પર્યાયનું અસ્તિત્વ એ સારા લોકાલોકનું અસ્તિત્વ છે. એક સમયની જાણવા દેખવાની સ્વ-પરપ્રકાશક પર્યાય એમાં આત્મદ્રવ્ય એના ( અનંતા ) ગુણો એની ત્રણેકાળની પર્યાયો તથા છ દ્રવ્યોના દ્રવ્ય-ગુણ-પર્યાય બધું એક સમયમાં જણાય છે. આખું જગત એક સમયમાં જણાય છે છતાં એક સમયની પર્યાયમાં પોતાના દ્રવ્ય ગુણ કે છ દ્રવ્યો આવતા નથી.

( પેઈજ નં-૪૭ )

[ ૐ ] અહા ! ચૈતન્યપ્રકાશનો પુંજ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા છે; એના જ્ઞાનમાં જ્ઞેયપણે જે અનંતા પર પદાર્થો જણાય છે ત્યાં ખરેખર તો એનું જ્ઞાન જ એને જણાય છે. પોતાની સ્વપરપ્રકાશક જ્ઞાનદશા છે તે એને જણાય છે; અને તે જ્ઞાનપણે જ આત્મા છે, પરજ્ઞેયપણે આત્મા નથી; પરજ્ઞેયપણે તો આત્મા અતત્સ્વભાવી છે.

( પેઈજ નં-૩૫૦ )

[ ૐ ] વળી જ્ઞાનની પર્યાયમાં પરજ્ઞેય જણાય છે માટે પરવસ્તુ જ્ઞેયપણે પરિણમે છે એમ પણ નથી. અહાહા....! જ્ઞેય પ્રમાણ જ્ઞાન છે માટે જ્ઞેય પરિણમે છે તો અહીં જ્ઞાનનું પરિણમન છે એમ નથી. જેમાં જ્ઞેયો ઝળકે છે તે જ્ઞાન પોતાના સહજ પરિણમનસ્વભાવથી જ પરિણમે છે. ( પેઈજ નં-૩૫૦-૩૫૧ )

[ ૐ ] જુઓ, આ અરીસો છે ને ? તે અરીસા સામે શ્રીફળ, ગોળ, કોલસા આદિ જે મૂકયું હોય તેવું અરીસામાં દેખાય છે. ત્યાં ( ખરેખર તો ) અરીસાની પોતાની અવસ્થારૂપે અરીસો થયો છે, અરીસો ( શ્રીફળ, ગોળ આદિ ) પરરૂપે થયો નથી. જે ( પ્રતિબિંબ ) દેખાય છે તે અરીસાની જ અવસ્થા છે, અને તે સામે જેવી પર ચીજ છે તેવી થવા છતાં, પરચીજથી થઈ નથી. તેમ જ્ઞાનમાં જે જ્ઞેય જણાય છે તે જ્ઞાનની જ અવસ્થા છે, જેવું જ્ઞેય છે તેવું જણાય છે છતાં તે જ્ઞેયથી થઈ નથી, જ્ઞેયકૃત નથી. જ્ઞાન જ પોતાની અવસ્થાએ તેપણે થયું છે. સમજાણું કાંઈ.... ? આ ભગવાન કેવળીની વાણીમાં આવેલી વાત છે. પણ અરે ! ભ્રાન્તિવશ લોકોને બેસતી નથી !

( પરિશિષ્ટ, પેઈજ નં - ૩૭૧ )

[ ૐ ] જુઓ, અજ્ઞાની જીવો એમ માને છે કે-જે જ્ઞાનમાં પરક્ષેત્રના જ્ઞેયાકારો જણાય છે તેને છોડી દઉં તો મારા ક્ષેત્રમાં હું આવી રહું, પરંતુ પરક્ષેત્રને જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે. પરક્ષેત્રને જાણતાં જ્ઞાનમાં પરક્ષેત્રના આકારે જે જ્ઞાન થયું એ તો જીવનું સ્વરૂપ છે. પરક્ષેત્રના જ્ઞાનપણે પરિણમે એ તો જ્ઞાનનું સ્વરૂપ છે. એમાં પરક્ષેત્ર ક્યાં આવ્યું છે ? અને જ્ઞાન પરક્ષેત્રમાં ક્યાં ગયું છે ? તું તો પરક્ષેત્રને જાણવાકાળે પણ તારા સ્વક્ષેત્રમાં બિરાજમાન છો ને પ્રભુ ! પણ અજ્ઞાનીને એમ છે કે આ પરક્ષેત્રને જાણનાર જ્ઞાનને છોડી દઉં તો સ્વક્ષેત્રમાં આવું, તેથી આ રીતે તે પરક્ષેત્રને જાણવાના ત્યાગ વડે જ્ઞાનને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તુચ્છ કરતો થકો પોતાનો નાશ કરે છે.

ત્યારે સ્વક્ષેત્રમાં રહીને પરક્ષેત્રગત જ્ઞેયોના આકારરૂપે પરિણમવાનો જ્ઞાનનો સ્વભાવ હોવાથી અર્થાત્ સ્વસ્વરૂપમાં રહીને પર પદાર્થોને જાણવાનો આત્માનો સ્વભાવ હોવાથી પરક્ષેત્રથી નાસ્તિત્વ પ્રકાશતો–પરક્ષેત્ર મારામાં નથી, પરક્ષેત્રથી હું નથી એમ પરથી પોતાનું નાસ્તિત્વ પ્રગટ કરતો અનેકાન્ત જ તેનો નાશ થવા દેતો નથી. આથી વિરુદ્ધ પરક્ષેત્રથી મારું અસ્તિત્વ છે, પરક્ષેત્રથી મને લાભ છે એમ માનનારા જૂઠા છે. **( પરિશિષ્ટ પેઈજ નં.-૩૮૯-૩૯૦ )**

[ ॐ ] 'જ્ઞાન છે તે જ્ઞેયોના આકારે પરિણમવાથી અનેક દેખાય છે, તેથી સર્વથા એકાંતવાદી તે જ્ઞાનને સર્વથા અનેક–ખંડખંડરૂપ –દેખતો થકો જ્ઞાનમય એવા પોતાનો નાશ કરે છે.'

અહા ! પર્યાયમાં અનેક જ્ઞેયાકારો જોઈને, એકાન્તવાદીને વસ્તુપણે અંદર એકલો હું અખંડાનંદ–નિત્યાનંદ–જ્ઞાનાનંદ પ્રભુ છું એમ એને પોતાનું એકપણું બેસતું નથી. જાણે સર્વથા હું ખંડખંડ થઈ ગયો એમ દેખતો થકો તે જ્ઞાનમય એવા પોતાનો નાશ કરે છે.

'અને સ્યાદ્વાદી તો જ્ઞાનને, જ્ઞેયાકાર થવા છતાં, સદા ઉદયમાન દ્રવ્યપણા વડે એક દેખે છે.' **( પરિશિષ્ટ, પેઈજ નં.-૪૧૪ )**

[ ॐ ] જુઓ, અરીસામાં સામે કોલસો હોય તો કોલસો જણાય, અને સામે વીંછી હોય તો વીંછી જણાય. પરંતુ ત્યાં અરીસામાં જે જણાય છે તે ( ખરેખર ) કોલસો કે વીંછી નથી, એ તો અરીસાની જ અવસ્થા છે. હવે તે અવસ્થામાંથી કોલસો ને વીંછી કાઢી નાખવા માગે તો અરીસાની અવસ્થાનો જ નાશ થઈ જાય, અને તેમ થતાં અરીસાનો નાશ થઈ જાય. તેમ આ આત્મા ચૈતન્ય–અરીસો છે. તે દ્રવ્યરૂપથી કાયમ એકરૂપ રહીને, તેની એક સમયની જ્ઞાનની પર્યાય, પરજ્ઞેયોને અડયા વિના જ, તેનો આશ્રય લીધા વિના જ અનેક જ્ઞેયોને જાણવાપણે થાય છે. સામે પરજ્ઞેયો છે માટે જ્ઞેયાકારે એનું જ્ઞાન થાય છે એમ નથી; એ તો એની જ્ઞાનની પર્યાયનો એવડો સ્વભાવ છે કે અનંતા જ્ઞેયાકારોના જ્ઞાનનું પરિણમન પોતાનું પોતામાં પોતાથી થાય છે. અજ્ઞાની તેને કલંક માની ધોઈ નાખવા માગે છે. તે વિચારે છે–હું તો એકરૂપ છું, તેમાં આ અનેકતા કેવી ? આ જ્ઞાનની દશામાં પરમાણુ ને નિગોદાદિ બીજા જીવો જણાય છે તે શું ? આ તો કલંક છે. એમ માની તે જ્ઞેયાકારોને દૂર કરવાની ઈચ્છા વડે તે પોતાની સત્તાનો નાશ કરે છે; અહા ! અનંતના જાણવાપણે પરિણમવું એ પોતાની પર્યાયનો સહજ ભાવ છે એમ તે જાણતો નથી ! **( પરિશિષ્ટ-પેઈજ નં.-૪૧૫ )**

[ ॐ ] 'એકાન્તવાદી જ્ઞેયાકારરૂપ ( અનેકાકારરૂપ ) જ્ઞાનને મલિન જાણી, તેને ધોઈને– તેમાંથી જ્ઞેયાકારો દૂર કરીને, જ્ઞાનને જ્ઞેયાકારો રહિત એક–આકારરૂપ કરવા ઇચ્છતો થકો જ્ઞાનનો નાશ કરે છે;.....'

અહા ! પોતાનું જે ટકતું તત્ત્વ તે પર્યાયમાં અનંત જ્ઞેયાકારોને જાણવાપણે થયું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે એનો–પર્યાયનો સ્વભાવ છે એમ ન માનતાં, એ કલંક થઈ ગયું એમ માની જ્ઞાનને જ્ઞેયાકારો રહિત એક આકારરૂપ કરવા ઈચ્છતો થકો તે પર્યાયનો નાશ કરે છે, અને એ રીતે પોતાનો નાશ કરે છે.

'અને અનેકાંતી તો સત્યાર્થ વસ્તુસ્વભાવને જાણતો હોવાથી, જ્ઞાનને સ્વરૂપથી જ અનેકાકારપણું માને છે.'

[ ૐ ] શું કીધું ? અનંતને જાણવું એ તો વસ્તુનો–પર્યાયનો સ્વભાવ છે. આ રીતે જ્ઞાનને સ્વરૂપથી જ અનેકાકારપણું છે ત્યાં મલિનતા કેવી ? જ્ઞાનમાં અનંતુ જણાય એ તો જ્ઞાનની નિર્મળતા છે. કેવળજ્ઞાનમાં જણાય છે કે નહિ ? અહીં મતિ–શ્રુતજ્ઞાનની પર્યાયમાં અનંતુ જણાય છે એમ લીધું છે. પર્યાયમાં અનંતુ જણાય છતાં પર્યાય તો એક જ્ઞાનરૂપ જ છે, જ્ઞેયરૂપ થતી નથી, અને વસ્તુપણે તો હું એક જ છું એમ અનેકાન્તી વસ્તુને–જ્ઞાનને સમ્યક્ પ્રકારે જાણે–અનુભવે છે. **( પરિશિષ્ટ - પેઈજ નં. - ૪૧૭ )**

[ ૐ ] આહાહા.....! શું કીધું ? કે એકાન્તવાદી ભિન્નક્ષેત્રમાં–પરક્ષેત્રમાં રહેલા શરીરાદિ જ્ઞેયપદાર્થોને જાણતાં મારી પર્યાય શરીરાદિના પરક્ષેત્રરૂપ થઈ ગઈ એમ માને છે. પરજ્ઞેયોને જાણવારૂપ આકારે પોતાની જ પર્યાય થઈ છે એમ ન માનતાં, જાણવાપણે પ્રવર્તતા જ્ઞાનને–આત્માને બહાર પડતો માનીને અજ્ઞાની પોતાના અસ્તિપણાનો લોપ કરે છે, નાશ કરે છે. અહા ! પોતામાં જે પરજ્ઞેયનું જ્ઞાન થાય તે પરને લઈને છે એમ માનનાર અજ્ઞાની પોતાને પરક્ષેત્રરૂપ જ કરે છે; તે સ્વક્ષેત્રનો નાશ કલ્પીને પોતાનો નાશ કરે છે. **( પરિશિષ્ટ - પેઈજ નં. - ૪૨૮ )**

[ ૐ ] શું કહે છે ? આ આત્મા પોતાના અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રમાં પોતાથી જ રહેલો છે. પોતાની પર્યાયમાં એને જે પરક્ષેત્રનું જ્ઞાન થાય છે એ તો એનો પોતાનો સ્વભાવ છે. પરક્ષેત્રને જાણવાપણે જ્ઞાનાકાર થયો તે સ્વક્ષેત્રસ્થિત પોતાની જ જ્ઞાનની દશા છે; એમાં કાંઈ પરક્ષેત્ર પેસી ગયું છે કે પોતે પરક્ષેત્રમાં ગયો છે એમ નથી. આમ વસ્તુસ્થિતિ હોવા છતાં, સ્વક્ષેત્રમાં રહેવાના આશયથી, પરક્ષેત્રમાં રહેલા જ્ઞેયપદાર્થોનું જે પોતાનું જ્ઞાન તેને છોડી દઉં તો સ્વક્ષેત્રમાં રહી શકું એમ માનીને અજ્ઞાની–એકાંતવાદી જ્ઞેય પદાર્થોની સાથે ચૈતન્યના આકારોને–નિજ જ્ઞાનાકારોને પણ વમી નાખે છે, છોડી દે છે. આ પ્રમાણે જ્ઞાનાકારોથી તુચ્છ થયો થકો તે પોતાનો નાશ કરે છે. **( પરિશિષ્ટ - પેઈજ નં. - ૪૨૯ )**

[ ૐ ] સામે અગ્નિ હોય તો અહીં અગ્નિનું જ્ઞાન થાય છે, પરંતુ તે અગ્નિના કારણે થાય છે એમ નથી; જ્ઞાનની દશામાં તે કાળે સ્વ–પરનું ને સ્વનું અગ્નિનું જ્ઞાન પોતાના સામર્થ્યથી થાય છે. અગ્નિ તો તે કાળે નિમિત્ત–બીજી ચીજ છે બસ. પરંતુ અજ્ઞાની જાણે પોતાના જ્ઞાનમાં અગ્નિ ઘુસી ગઈ છે એમ માની પોતાનું તત્સંબંધી જે જ્ઞાનની દશા તેને છોડી દે છે, જ્યારે સ્યાદ્વાદી–જ્ઞાની તો નિજ અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રમાં રહેતો, પરક્ષેત્રથી પોતાનું નાસ્તિત્વ જાણતો પરક્ષેત્રથી લક્ષ છોડતાં છતાં પરક્ષેત્રસંબંધી જે પોતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનની દશા તેને પોતાની જાણે છે. અહા ! પરક્ષેત્ર–પરજ્ઞેયસંબંધી જે પોતાનો જ્ઞાનાકાર એ તો પોતાના જ સ્વભાવરૂપ છે એમ જાણતો ધર્મી તુચ્છતા પામતો નથી, નાશ પામતો નથી. અર્થાત્ ધર્મી બહાર ગમે તે ક્ષેત્રમાં હોય તોપણ તે પોતાના સ્વક્ષેત્રમાં–આનંદમાં જ રહે છે. **( પરિશિષ્ટ - પેઈજ નં. - ૪૩૦ )**

[ ૐ ] 'પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોના આકારે ચૈતન્યના આકારો થાય છે તેમને જો હું પોતાના કરીશ તો સ્વક્ષેત્રમાં રહેવાને બદલે પરક્ષેત્રમાં પણ વ્યાપી જઈશ–એમ માનીને અજ્ઞાની એકાંતવાદી પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોની સાથે સાથે ચૈતન્યના આકારોને પણ છોડી દે છે; એ રીતે પોતે ચૈતન્યના આકારો રહિત તુચ્છ થાય છે, નાશ પામે છે.'

જોયું ? શું કીધું ? કે પરક્ષેત્રના નિમિત્તે અહીં ( આત્મામાં ) જે જ્ઞાન થાય તેને હું પોતાનું માનું તો પરદ્રવ્યમાં વ્યાપી જાઉં. હું પરદ્રવ્યમય થઈ જાઉં એમ એકાંત કલ્પના વડે અજ્ઞાની પરક્ષેત્રને છોડતાં સાથે પોતાના ચૈતન્ય–આકારોને–જ્ઞાનની દશાને પણ છોડી દે છે. આ રીતે તે પોતે ચૈતન્યના આકારો રહિત તુચ્છ થયો થકો નાશ પામે છે.

જ્યારે, 'સ્યાદ્વાદી તો સ્વક્ષેત્રમાં રહેતો, પરક્ષેત્રમાં પોતાની નાસ્તિતા જાણતો થકો, જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં ચૈતન્યના આકારોને છોડતો નથી; માટે તે તુચ્છ થતો નથી, નાશ પામતો નથી.' **( પરિશિષ્ટ - પેઈજ નં. - ૪૩૧ )**

[ ૐ ] અહાહા... ! જોયું ? જ્ઞેયાકાર–જ્ઞેય જણાતાં જે આકાર થાય તે, જ્ઞાની જાણે છે કે મારા જ્ઞાનનો આકાર છે, જ્ઞેયનો નહિ ને જ્ઞેયને લઈને પણ નહિ. જ્ઞાનભાવનું થવું તે મારો સહજ સ્વભાવ છે એમ જાણતો અને સ્વભાવથી જ પરિણમતો જ્ઞાની પોતાને નાશ પામવા દેતો નથી, જિવિત રાખે છે. અહા ! આ ચૌદ બોલમાં તો આચાર્યદેવે ચૌદ ગુણસ્થાનના ભાવો પ્રગટ કર્યા છે. આચાર્યદેવની કોઈ અદ્ભુત શૈલી છે.

**( પરિશિષ્ટ - પેઈજ નં. - ૪૪૪ )**

---

**જ્ઞાનની એવી તાકાત છે કે સ્વસન્મુખ થઈને આખા શુદ્ધ આત્માને સ્વસંવેદનમાં લ્યે છે. સ્વસન્મુખ થઈને શુદ્ધાત્માને જેણે ધ્યેયરૂપ કર્યો તે શુદ્ધનય છે, તે જ્ઞાન જ છે. શુદ્ધનય અને તેનો વિષય તે બંને એકાકાર થયા છે તેને જ 'શુદ્ધનય' કહી દીધો છે. આવા આત્માને પ્રતીતમાં-અનુભવમાં લેવાની તાકાત જ્ઞાનની જ છે, રાગમાં તે તાકાત નથી. જ્યાં જ્ઞાન શુદ્ધનયરૂપ પરિણમતું અંતરમાં વળ્યું ત્યાં સમસ્ત પરદ્રવ્યોની ચિંતા અલોપ થઈ ગઈ, વિકલ્પો શમી ગયા ને આનંદનું વેદન રહ્યું. આવા સામર્થ્યવાળું જ્ઞાન તે આત્માનું લક્ષણ, તે આત્માનો ધર્મ ને તેમાં જ આત્માની પ્રસિદ્ધિ છે. ( આત્મધર્મ અંક ૨૫૪, પેઈજ ૧૮-૧૯ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન રત્નાકર ભાગ-૧૧

[ ૐ ] જ્ઞાનશક્તિ સાકાર ઉપયોગમયી છે. સાકાર એટલે શું ? પ્રદેશ અપેક્ષાએ તેને આત્માનો અસંખ્યપ્રદેશી અરૂપી આકાર–ક્ષેત્ર છે માટે જ્ઞાન સાકાર છે એમ વાત અહીં નથી.

વળી તેને જેમ જડ–પુદ્‌ગલને સ્પર્શાદિ સહિત આકાર–મૂર્તપણું હોય છે તેવો મૂર્ત આકાર છે એમ પણ નથી, કેમ કે આત્મા તો ત્રિકાળ અરૂપી–અમૂર્ત જ છે. તેથી પુદ્‌ગલની જેમ મૂર્તપણું નહીં હોવાથી જ્ઞાન અરૂપી અનાકાર–નિરાકાર જ છે. તો સાકાર કેવી રીતે છે ? આહાહા... ! જ્ઞાનમાં સ્વ–પર સહિત ચેતન–અચેતન સમસ્ત પદાર્થોને વિશેષપણે આકારો સહિત જાણવાનું વિશેષ–અસાધારણ સામર્થ્ય છે તેથી તે સાકાર છે. આ પ્રમાણે–

–પુદ્‌ગલની જેમ મૂર્તિક નહીં હોવાથી જ્ઞાન નિરંજન નિરાકાર–અનાકાર છે.

–અરૂપી આકાર–ક્ષેત્ર સહિત હોવાથી સાકાર છે, પણ એ વાત અહીં નથી.

–સ્વ–પરને દ્રવ્ય–ગુણ–પર્યાય સહિત સમસ્ત પદાર્થોને વિશેષપણે ભિન્ન ભિન્ન જાણવાના અસાધારણ સામર્થ્ય સહિત છે માટે જ્ઞાન સાકાર છે એમ અહીં વાત છે.

અહા ! ભેદને વિષય નહીં કરતી હોવાથી દર્શનશક્તિ અનાકાર ઉપયોગમયી છે, અને ભેદ–અભેદ સર્વને જાણી લેતું હોવાથી જ્ઞાન સાકાર છે.

અહા ! સ્વાભિમુખ જ્ઞાનનો ઉપયોગ પોતાને જાણે છે, ત્રિકાળી ધ્રુવને જાણે છે, સાથે એના અનંતા ગુણોને ને અનંતી પર્યાયોને જાણે છે, ને અંતરંગમાં પ્રગટ થયેલી અતીન્દ્રિય આનંદની લહરને પણ જાણે છે. ભલે શ્રુતજ્ઞાનનો ઉપયોગ હોય, શ્રુતજ્ઞાનની પર્યાયનું પણ સામર્થ્ય એટલું છે કે તે પોતાના ત્રિકાળી દ્રવ્યને, ત્રિકાળી ગુણોને અને પોતાની અનંત પર્યાયોને જાણે છે અને અનંતા પર દ્રવ્ય–ગુણ–પર્યાયને–બધાને જ્ઞાનની પર્યાય જાણી લે છે.

આહાહા... ! જાણવાનો જેનો અક્ષય અપરિમિત સ્વભાવ છે તે કોને ન જાણે ? આહાહા... ! જ્ઞાન પોતે પોતામાં જ સ્થિત રહીને સર્વને જાણી લે છે. અહા ! આવી સાકાર ઉપયોગમયી જીવમાં જ્ઞાનશક્તિ ત્રિકાળ છે. અહા ! આવી શક્તિવાળા શક્તિવાન આત્માનો મહિમા લાવી અંતરમાં એની રુચિ કરે તેને કેવળજ્ઞાનની શંકા રહે નહિ.

**( પેઈજ નં. ૨૮-૨૯ )**

[ ૐ ] પરને જાણતો નથી એમ કયાં વાત છે ? પરને જાણવા પ્રતિ તે સાવધાન નથી, પરમાં **તન્મય** થઈને પરને જાણતો નથી એમ વાત છે. તેથી પરને જાણે છે એમ કહીએ તે અસદ્‌ભૂત વ્યવહારનય છે. જેમાં પર–લોકાલોક ઝળકે છે એવી પોતાની પર્યાયને પોતામાં **તન્મય** થઈને જાણે છે. **( પેઈજ નં. - ૬૦ )**

[ ૐ ] .....જગત છે માટે કેવળજ્ઞાન પ્રગટયું છે એમ નથી. જગત તો ત્રિકાળ અનાદિ–અનંત છે. જો તેને લઈને જ્ઞાન થતું હોય તો અનાદિથી જ પ્રત્યેક જીવને કેવળજ્ઞાન હોવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈએ. પણ એમ છે નહિ. એ તો જીવ જ્યારે સ્વમાં એકાગ્ર થઈ, સ્વદ્રવ્યને જ કારણપણે ગ્રહીને સ્વસ્થિત પરિણમે છે ત્યારે કેવળજ્ઞાન થાય છે, અને તેમાં જગત આખું જ્ઞેયપણે ઝળકે છે..... **( ૧૦ મી સર્વજ્ઞશક્તિ, પેઈજ નં. - ૬૧ )**

[ ૐ ] ઓહો ! જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંત શક્તિઓનો ભંડાર એવા ભગવાન આત્માને અસંખ્ય પ્રદેશો છે તે અમૂર્તિક છે. આહાહા... ! ચૈતન્યના અસંખ્ય પ્રદેશો અમૂર્તિક છે. અમૂર્તિક એટલે શું ? કે તેમાં કોઈ સ્પર્શ, રસ, ગંધ કે વર્ણ નથી. સમજાણું કાંઈ... ? અહા ! તે પ્રદેશોમાં, પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક અર્થાત્ અનેક આકારરૂપ એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વ નામની શક્તિ ત્રિકાળ પડી છે. અહીં લોકાલોકના આકારો કહ્યાં તેમાં જડ ને ચેતન સર્વ પદાર્થો આવી ગયા. જડ પુદ્ગલના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અહીં ઉપયોગમાં જાણવામાં આવે છે, પણ તે જડ મૂર્તિક પદાર્થો કાંઈ આત્માના અમૂર્તિક પ્રદેશોમાં પ્રવેશે છે એમ નથી. એ તો આત્મા સર્વ પદાર્થોને કોઈ પરની અપેક્ષા વિના જ પોતાના ઉપયોગમાં જાણી લે એવો જ તેની સ્વચ્છત્વશક્તિનો સ્વભાવ છે. **( ૧૧મી સ્વચ્છત્વશક્તિ - પેઈજ નં. - ૬૭ )**

[ ૐ ] અહીં કહે છે–ભગવાન આત્માના પ્રદેશો અમૂર્તિક છે. તેમાં મૂર્ત દ્રવ્ય આવતું–પેસતું નથી.

હા, પણ મૂર્તિકની જ્ઞાનમાં પ્રતિછાયા તો પડે છે ને ?

ના, આ સામે લીમડો છે તો શું જ્ઞાનમાં લીમડાનો આકાર આવે છે ? ના, લીમડો ( કલેવર ) તો જડ છે, સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળો મૂર્તિક પદાર્થ છે. તે મૂર્તિક પદાર્થ અમૂર્તિક ચૈતન્યપ્રદેશોમાં આવતો–પેસતો નથી; ને તે મૂર્તિક પદાર્થ સંબંધીનું જ્ઞાન અહીં પોતાથી જ પરિણમે છે. જો જડ જ્ઞેયાકાર જ્ઞાનમાં પેસે તો જ્ઞાન જડ થઈ જાય, પણ એમ છે નહીં. મૂર્તિક પદાર્થને જાણતાં જ્ઞાનની પર્યાય મૂર્તિક થઈ જાય એમ ત્રણકાળમાં નથી. અમૂર્તિક ચૈતન્યપ્રદેશો મૂર્તિક કેવી રીતે થાય ?

**( ૧૧મી સ્વચ્છત્વ શક્તિ, પેઈજ નં. - ૬૮ )**

[ ૐ ] આત્માના પ્રદેશોમાં લોકાલોકના આકારોથી અનેક આકારરૂપ ઉપયોગ પરિણમે છે. એવો ઉપયોગ તે સ્વચ્છત્વશક્તિનું લક્ષણ છે. સ્વ અને પર સંબંધીનું વિશેષ જ્ઞાન થાય તેને અહીં આકાર કહેલ છે. સ્વ–પર અર્થનું જ્ઞાન તેને આકાર કહે છે. અર્થ–વિકલ્પને જ્ઞાનાકાર કહે છે. **( ૧૧ મી સ્વચ્છત્વ શક્તિ, પેઈજ નં. - ૬૮ )**

[ ૐ ] દર્શન નિરાકાર–નિર્વિકલ્પ છે, ને જ્ઞાન સાકાર છે. જ્ઞાન સાકાર છે એટલે તેમાં જડનો આકાર આવે છે વા તે પરના–જડના આકારરૂપે થઈ જાય છે એમ તેનો અર્થ નથી. સ્વ અને પરને ભિન્ન ભિન્ન પ્રકાશનારી જ્ઞાનની પરિણતિને અહીં આકાર કહેલ છે. જ્ઞેયાકારોને જાણવાપણે જ્ઞાનનું વિશેષરૂપે પરિણમન થવું તેને અહીં આકાર કહેવામાં આવેલ છે. વિશ્વના સમસ્ત જ્ઞેયાકારોને જાણવાપણે વિશેષ પરિણમે તે ખરેખર ઉપયોગની સ્વચ્છતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે અને તે ખરેખર જીવની સ્વચ્છત્વશક્તિનું લક્ષણ છે.

**( ૧૧ મી સ્વચ્છત્વ શક્તિ, પેઈજ નં. - ૬૯ )**

[ ૐ ] ભગવાન ! તું તો ચૈતન્યમય અમૂર્તિક પ્રદેશોનો પુંજ છો ને પ્રભુ ! આહાહા... ! તારા સ્વચ્છ ઉપયોગમાં જડ મૂર્તિક પદાર્થો જણાય છે તો ઉપયોગ કાંઈ જડ મૂર્તિક આકારરૂપ થઈ જતો નથી. તારા જ્ઞાનના ઉપયોગમાં કાંઈ મૂર્તિકનો આકાર આવતો નથી. જ્ઞાનને સાકાર કહ્યું ત્યાં આકાર એટલે વિશેષતા સહિતનું જ્ઞાન એમ અર્થ છે. જ્ઞેયનું જેવું સ્વરૂપ છે તે પ્રમાણે વિશેષતા સહિત જ્ઞાનનું પરિણમન થાય તેને આકાર કહે છે. જ્ઞાન તો જ્ઞાનાકાર જ છે, તે જ્ઞાનાકાર–સ્વ–આકાર રહીને જ અનેક પર જ્ઞેયાકારોને જાણે છે. અહા ! લોકાલોકને જાણતાં અનેકાકારરૂપ ઉપયોગ છે તે જ્ઞાનાકાર–સ્વ–આકારરૂપ છે અને તે સ્વચ્છત્વશક્તિનું લક્ષણ છે. આવી સૂક્ષ્મ વાત !

કેવી છે સ્વચ્છત્વશક્તિ ? તો કહે છે– 'અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક–અનેકાકારરૂપ એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વ–શક્તિ. ' અહા ! સ્વસ્વરૂપના આશ્રયપૂર્વક સ્વચ્છતા પરિણત થતાં જ્ઞાનની– ઉપયોગની એવી કોઈ નિર્મળતા–સ્વચ્છતા થાય છે કે એના પરિણમનમાં લોકાલોક– મૂર્તિક અને અમૂર્તિક એમ બધુંય–તેમાં–અમૂર્તિક આત્મપ્રદેશોમાં ઝળકે છે, પ્રતિભાસે છે, જણાય છે. અહા ! અંતર્મુખ ઊંડા ઊતરીને જુએ તો અંદર આવાં વિસ્મયકારી અદ્‌ભુત ચૈતન્યનાં નિધાન પડયાં છે;

'જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે. '

જોયું ? સ્વચ્છત્વ દર્પણનો સ્વભાવ–શક્તિ છે, અને તેની પર્યાયમાં ઘટ–પટ આદિ પદાર્થો પ્રકાશે–પ્રતિભાસે છે. ત્યાં ઘટ–પટ આદિ પદાર્થો કાંઈ દર્પણમાં જતા નથી, પેસતા નથી, પણ એ તો ઘટ–પટ આદિ સંબંધી અરીસાની સ્વચ્છતાની પર્યાય જોવામાં આવે છે. અરીસાની સામે અગ્નિ હોય કે બરફ હોય, અરીસામાં તે તે પ્રકારના પ્રતિભાસરૂપ પ્રતિબિંબ દેખાય છે. ત્યાં વાસ્તવમાં કાંઈ અરીસામાં અગ્નિ કે બરફ નથી. ફક્ત સામે જે જે પદાર્થ છે તે પ્રકારની અરીસાની સ્વચ્છતાની પર્યાય અરીસામાં દેખાય છે. ખરેખર અરીસામાં અગ્નિ કે બરફ નથી દેખાતો, પણ તેવું અરીસાની સ્વચ્છતાનું જ પરિણમન છે જે દેખાય છે. તેવી જ રીતે ભગવાન આત્માની સ્વચ્છત્વશક્તિ પરિણમતાં તેના ઉપયોગમાં લોકાલોક જાણવામાં આવે છે. અહા ! આવી જ સ્વચ્છત્વ શક્તિની નિર્મળ પર્યાય છે.

અહાહા... ! ભગવાન ! તું કોણ છો ? અહાહા... ! લોકાલોકનો અરીસો એવો ચૈતન્યમૂર્તિ પ્રભુ તું આત્મા છો. અહા ! તારી સ્વચ્છતામાં લોકાલોક એવા સ્પષ્ટ ઝળકે– પ્રતિભાસે છે કે જાણે લોકાલોક તેમાં ( –ઉપયોગમાં ) પેસી ગયા હોય ? પણ ખરેખર કાંઈ લોકાલોક આત્માના ઉપયોગમાં પેસી જતા નથી, લોકાલોક તો બહાર જ છે, પણ આત્માનો સ્વચ્છ ઉપયોગ જ તેવા પ્રતિભાસસ્વરૂપે પરિણમ્યો છે. અહા ! લોકાલોક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જણાય છે તે ખરેખર ઉપયોગની સ્વચ્છતા જ જણાય છે. અહા ! આવી સ્વચ્છત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે અને તે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે. અહા ! ઉપયોગની સ્વચ્છતાનો એવો કોઈ અચિંત્ય સ્વભાવ છે કે પરની સામે જોયા વિના જ પોતે પોતાના સ્વભાવથી જ લોકાલોકને જાણવારૂપે પરિણમી જાય છે.

**( ૧૧ મી સ્વચ્છત્વ શક્તિ, પેઈજ નં. - ૬૯ )**

[ ૐ ] અહીં સ્વચ્છત્વશક્તિની વાત ચાલે છે. જેમ દર્પણમાં ઘટ, પટ આદિ પ્રકાશે છે તે ઘટ કે પટ આદિ નથી, તે તો દર્પણની સ્વચ્છતાની જ અવસ્થા છે; તેમ અમૂર્તિક ભગવાન આત્માના અસંખ્ય અમૂર્તિક ચૈતન્યપ્રદેશો છે, તેમાં લોકાલોકના આકારનો ભાસ થાય છે તે ખરેખર લોકાલોક નથી, એ તો પોતાની સ્વચ્છત્વશક્તિનું પરિણમન છે. અહો ! લોકાલોકને પ્રકાશનારો ભગવાન આત્મા કોઈ અદ્દ્ભુત ચૈતન્ય અરીસો છે. તે પોતે પોતાને પ્રકાશે ને પરને પણ પ્રકાશે છે. ભાઈ ! જરા સ્થિર થઈને, અને ધીર થઈને તું પોતે પોતાના ચૈતન્ય અરીસામાં **અંતર્મુખ** જુએ તો તેમાં પોતાનું શુદ્ધસ્વરૂપ દેખાય ને સાથે લોકાલોક પણ જણાય જાય. અહો ! આવો આશ્ચર્યકારી ચૈતન્યચમત્કાર પ્રભુ તું આત્મા છો. માટે હે ભાઈ ! તું પરને જાણવાની આકાંક્ષાથી-આકુળતાથી બસ કર, ને અંતર્મુખ થઈ સ્વરૂપમાં ઠરી જા. અહાહા... ! તેથી પરમસુખની પ્રાપ્તિરૂપ આત્મોપલબ્ધિ થશે અને તારા સ્વચ્છ ઉપયોગમાં લોકાલોક સ્વયમેવ ઝળકશે. અહા ! આવું સ્વચ્છત્વશક્તિનું પરિણમન છે ! અહા ! કેવી સ્વચ્છતા !

**( ૧૧ મી સ્વચ્છત્વ શક્તિ, પેઈજ નં. - ૭૦-૭૧ )**

[ ૐ ] અહા ! આ સ્વચ્છત્વશક્તિ દ્રવ્યના અનંત ભાવોમાં વ્યાપક છે, જેથી દ્રવ્ય સ્વચ્છ, ગુણ સ્વચ્છ ને સ્વાભિમુખ થયેલી પર્યાય પણ સ્વચ્છ છે; બધું જ સ્વચ્છ-જ્ઞાન સ્વચ્છ, દર્શન સ્વચ્છ, આનંદ સ્વચ્છ, વીર્ય સ્વચ્છ ઇત્યાદિ અનંત સ્વભાવો સ્વચ્છ છે, નિર્મળ છે. ભાઈ ! તારી સ્વચ્છત્વશક્તિ એવી છે કે તારા દ્રવ્ય-સ્વભાવમાં વિકાર સમાતો નથી, ને દ્રવ્યસ્વભાવમાં અભેદપણે પરિણમતાં પ્રગટ પર્યાયમાં પણ વિકાર સમાતો નથી.

**( ૧૧ મી સ્વચ્છત્વ શક્તિ, પેઈજ નં. - ૭૧ )**

[ ૐ ] 'પર અને પોતે જેમનાં નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ આત્મામાં પરિણમ્ય-પરિણામકત્વશક્તિ છે. થોડી સૂક્ષ્મ વાત છે ભાઈ ! જરા ધ્યાન રાખી સમજવું. પરજ્ઞેયોને ગ્રહણ કરવાના સ્વભાવરૂપ જે શક્તિ છે તે પ્રમાણ નામ પરિણમ્ય શક્તિ છે અને જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ જે શક્તિ છે તે પ્રમેય નામ પરિણામકત્વશક્તિ છે.

વળી 'પરિણામકત્વ' એટલે સામા અન્ય જીવના જ્ઞાનને આ આત્મા પરિણમાવે છે એમ નહિ, પણ પોતે સહજ જ જ્ઞેયપણે સામા જીવના પ્રમાણજ્ઞાનમાં ઝળકે એવો આત્માનો પરિણામકત્વ સ્વભાવ છે. પરના જ્ઞાનમાં જ્ઞેયપણે ઝળકવાનો આત્માનો પરિણામકત્વ સ્વભાવ છે. અહા ! આત્મા પરને જાણે અને પરના જ્ઞાનમાં પોતે જણાય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવા બન્ને સ્વભાવ તેમાં એકીસાથે રહેલા છે. તેને અહીં 'પરિણમ્ય-પરિણામકત્વ' શક્તિ કહી છે.

આત્માની શક્તિનું અહીં આ સૂક્ષ્મ વર્ણન છે. આત્મા પરનો કર્તા થાય અથવા પર વડે આત્માનું કાર્ય થાય એવો તો આત્માનો સ્વભાવ નથી. પરંતુ સર્વ જ્ઞેયાકારોને- જે જ્ઞેય વસ્તુઓ અનંત છે તેને વિશેષપણે ગ્રહણ કરવાના સ્વભાવરૂપ આત્મામાં પ્રમાણ નામ પરિણમ્ય નામની શક્તિ છે; તેમજ પરના પ્રમાણમાં પ્રમેય થવાની અર્થાત્ પોતાના જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ આત્મામાં પ્રમેયત્વ નામ પરિણામકત્વ નામની શક્તિ છે. આમાં સ્વ અને પર એમ બે વસ્તુઓ સિદ્ધ કરી છે. એકલો પર પરબ્રહ્મસ્વરૂપ આત્મા જ છે એમ નહિ, તથા એકલા પરજ્ઞેયો છે એમ પણ નહિ. અહા! જ્ઞેયો (જીવ-અજીવરૂપ) પણ અનંત છે અને જ્ઞાનસ્વરૂપી આત્મા જે પ્રમાણ-પ્રમેય સ્વભાવમય છે તે પણ ભાવથી અનંતરૂપ છે.

આહા... હા! આત્મામાં અનંત શક્તિ, અનંત ગુણ, અનંત સ્વભાવ ભર્યા છે. તેમાં એક પ્રમાણ નામની શક્તિ-સ્વભાવ છે. તેનું કાર્ય શું? તો કહે છે-સ્વપર સર્વ જ્ઞેયાકારોનું તેના વિશેષો સહિત જ્ઞાન કરવું તે પ્રમાણ શક્તિનું કાર્ય છે. અહીં સર્વ જ્ઞેયાકારો કહ્યા તેમાં પોતાનો આત્મા પણ એક જ્ઞેયાકાર તરીકે આવી ગયો. તેથી જો કોઈ એમ કહે કે-આત્મા પરને જાણે પણ સ્વને ન જાણે તો તેની એ વાત જૂઠી છે, કેમ કે આત્મામાં સ્વ-પરને જાણવારૂપ આ પ્રમાણ શક્તિ છે. વળી કોઈ એમ કહે કે-આત્મા સ્વને જાણે, પણ પરને ન જાણે તો તેની એ વાત પણ જૂઠી છે, તેને આત્મામાં સ્વપરને જાણવારૂપ પ્રમાણ શક્તિ છે તેની ખબર નથી.

**(૧૫ મી- પરિણમ્ય- પરિણામકત્વશક્તિ, પેઈજ નં. - ૮૩)**

[ ૐ ] દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અનંતા જ્ઞેયો પોતાના જ્ઞાનમાં પ્રમાણમાં ગ્રહણ થાય અને સ્વ-પર પ્રમાણજ્ઞાનમાં પોતાના જ્ઞાનાકારો પ્રમેયપણે જણાય એવો ભગવાન આત્માનો સ્વભાવ છે. ગજબ વાત છે ભાઈ! અનંતા સિદ્ધ ભગવંતો અને અરિહંતો વગેરેને પોતે પોતાના જ્ઞાનમાં જાણે તથા અનંતા સિદ્ધ ભગવંતો અને અરિહંતો વગેરેના જ્ઞાનમાં પોતે-પોતાના જ્ઞાનાકારો-પ્રમેય થઈ જણાય એવો પોતાનો-આત્માનો સ્વભાવ છે. ભગવાન! તારા આવા સ્વભાવ-સામર્થ્યને જાણ્યા વિના તું અનંતકાળ ચાર ગતિમાં રઝળી મર્યો છે. જો તારા સ્વભાવ-સામર્થ્યનો મહિમા તું સમજે-સ્વીકારે તો સંસાર-પરિભ્રમણના દુઃખનો અંત આવે એવી આ વાત છે. આહાહા...! તારી એકેક પર્યાયમાં સ્વ-પરનું જ્ઞાન કરવાની ને સ્વ-પરનું જ્ઞેય થવાની અદ્ભૂત શક્તિ પડી છે. આ સમજીને અંતર્મુખ થાય તો 'મને આત્મા કેમ જણાતો નથી' એવો સંદેહ મટી જાય, એવી શંકા રહે જ નહિ. એકલા પરને જ જાણવા-માનવારૂપ જે પ્રવર્તે છે તેને આત્મા જણાતો નથી; બાકી સ્વ-પર બન્નેને જાણે એવું ભગવાન આત્માનું સહજ સ્વભાવ-સામર્થ્ય છે. **(૧૫ મી પરિણમ્ય- પરિણામકત્વશક્તિ, પેઈજ નં.-૮૪)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ૐ ] આહાહા....! ભગવાન, તું એકલો ચૈતન્યસ્વરૂપ છો નાથ ! ગાથા ૧૭-૧૮ માં આવ્યું છે કે આબાળ-ગોપાળ સર્વને સદાકાળ જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેય જાણવામાં આવે એવો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. પણ અરે ! અનાદિની એની બહિર્દષ્ટિ છે ! ત્રિકાળી એક જ્ઞાયકભાવની દૃષ્ટિ ન હોઇ તેની દૃષ્ટિ પરથી ખસતી નથી; પરંતુ અંતર્દૃષ્ટિ કરતાં જ શુદ્ધ ચૈતન્યનું ગ્રહણ થાય એવો ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવ છે. અહા ! તારો જ્ઞાનસ્વભાવ સ્વ-પર જ્ઞેયોને જાણવાના પ્રમાણજ્ઞાનરૂપ છે, અને તારા જ્ઞાનાદિ અનંત સ્વભાવ પરના જ્ઞાનમાં ( કેવળી આદિના જ્ઞાનમાં ) ગ્રહણ કરાવવાના પ્રમેયસ્વભાવરૂપ છે. અહા ! આવી તારામાં પરિણમ્ય-પરિણામકત્વશક્તિ છે.

**( ૧૫ મી પરિણમ્ય- પરિણામકત્વશક્તિ, પેઈજ નં.-૮૫ )**

[ ૐ ] અહીં તો આ વાત છે કે ભગવાનના કેવળજ્ઞાનમાં લોકના સર્વ જ્ઞેયાકારોને યુગપત્ ગ્રહણ કરવાનો સ્વભાવ છે, અને પર કેવળીના જ્ઞાનમાં જ્ઞેયાકારોને ગ્રહણ કરાવવાનો તેનો પ્રમેય સ્વભાવ છે. ભાઈ ! તારા જ્ઞાનસ્વભાવમાં સર્વ જ્ઞેયો જણાવાલાયક છે બસ એટલું રાખ. પરજ્ઞેયો મારા ને હું પરનો-એ વાત જવા દે ભાઈ ! ( કેમ કે ) એવી વસ્તુ નથી. અહો ! આચાર્યદેવે એકલાં અમૃત રેડયાં છે !

અહીં તો આટલી વાત છે કે-પર જ્ઞેયાકારો પોતાના જ્ઞાનમાં નિમિત્ત છે બસ, અને પોતાના જ્ઞાનાકારો પરના જ્ઞાનમાં નિમિત્ત છે બસ. આવો જ આત્માનો પરિણમ્ય-પરિણામકત્વસ્વભાવ છે.

**( ૧૫ મી પરિણમ્ય- પરિણામકત્વશક્તિ, પેઈજ નં.-૮૫ )**

[ ૐ ] જ્ઞાન સાકાર એટલે શું ?

સાકારનો અર્થ આકાર નહિ, પણ સ્વપર અર્થને જ્ઞાન ભિન્ન ભિન્ન જાણે છે તેથી જ્ઞાનને સાકાર કહ્યું છે. પરનો આકાર વા પરની ઝલક જ્ઞાનમાં પડે છે માટે જ્ઞાનને સાકાર કહ્યું નથી, જ્ઞાનનો સ્વપર અર્થનો પ્રકાશક સ્વભાવ છે માટે જ્ઞાનને સાકાર કહ્યું છે. વળી દર્શન નિરાકાર છે એટલે તેને પ્રદેશ નથી એમ નહી, પણ ભેદ પાડયા વિના જ સામાન્ય અવલોકનમાત્ર દર્શન છે માટે તેને નિરાકાર કહ્યું છે. સાકાર એટલે સવિકલ્પ; સ્વપરને જ્ઞાન ભેદ કરીને જાણે માટે સવિકલ્પ.

**( ૨૫ મી સ્વધર્મવ્યાપકત્વશક્તિ, પેઈજ નં.-૧૨૭ )**

[ ૐ ] દ્વૈતનયે આત્મદ્રવ્ય અનેક છે, પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત અરિસાની જેમ. પરના પ્રતિબિંબના સંગવાળો અરીસો જેમ અનેક છે, તેમ ભગવાન આત્મા જ્ઞાનમાં જ્ઞેયના સંગથી અનેકરૂપ છે. જ્ઞાન તો પોતાથી થાય છે, જ્ઞેયનું તેમાં નિમિત્ત છે બસ. અરીસામાં પ્રતિબિંબ પડે છે ત્યાં અરીસો ને પ્રતિબિંબ બે થઈ ગયાં-દ્વૈત થયું, તેમ જ્ઞેયનું જ્ઞાન, ને પોતાનું જ્ઞાન-એમ બે રૂપ થયું, દ્વૈત થયું.

ભગવાન આત્માને એક અપેક્ષાથી સર્વગત કહેવાય છે. પ્રવચનસારમાં શ્રી કુંદકુંદાચાર્યદેવે આત્માને અપેક્ષાથી સર્વગત કહ્યો છે. તેમાં લોકાલોક-સર્વનું જ્ઞાન થઈ જાય છે..... એ અપેક્ષાએ આત્મા સર્વગત છે એમ કહ્યું છે. પૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન સર્વને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણે છે માટે સર્વગત કહ્યું છે. પણ સર્વગત એટલે પરમાં વ્યાપક થઈ જાય, પ્રસરી જાય એવો તેનો અર્થ નથી. બરફ અને અગ્નિ અરીસાની બહાર હોય છે. તેનું અરીસામાં પ્રતિબિંબ દેખાય છે. અરીસાની અંદર કાંઈ બરફ કે અગ્નિ નથી. જે દેખાય છે એ તો અરીસાની સ્વચ્છ અવસ્થા છે. ત્યાં અરીસો અને સ્વચ્છતાગત પ્રતિબિંબ –એમ દ્વૈત થયું. તેમ જ્ઞેયનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન–એમ દ્વૈત થયું. આમ દ્વૈત નયે આત્મદ્રવ્ય અનેક છે. **( ૩૧ મી એકત્વશક્તિ - પેઈજ નં. - ૧૪૯ )**

[ ૐ ] 'જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલરૂપે પરિણમતો' –આ વ્યવહારથી કહ્યું હોં. ખરેખર તો જ્ઞેયોનું–છ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તેને જાણવાના વિશેષરૂપે પરિણમવું તે જ્ઞાનની પોતાની દશા છે, ને તે જ્ઞાનના પોતાના સામર્થ્યથી છે. 'જ્ઞેયોના આકારે થતું જ્ઞાન' એ તો કહેવામાત્ર છે, બાકી જ્ઞાન જ્ઞાનાકાર જ છે, જ્ઞેયાકાર છે જ નહીં. સમજાણું કાંઈ... ? આહાહા... ! અહીં કહે છે–એ જ્ઞાનની પર્યાય ને મારા દ્રવ્ય–ગુણ ( દ્રવ્ય–ગુણ–પર્યાય ) ત્રણે થઈને હું જ્ઞેય છું. જ્ઞાન હું, જ્ઞાતા હું ને જ્ઞેય આ લોકાલોક–એવું કોણે કહ્યું ? પરમાર્થે એમ છે નહિ. એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા... ! ધર્મીના અંતરની ખુમારી તો જુઓ ! કહે છે–જગતમાં હું એક જ છું, જગતમાં બીજી ચીજો હો તો હો, પરમાર્થે તેની સાથે મારે જાણવાપણાનોય સંબંધ છે નહિ. આવી વાત ! સમજાણું કાંઈ... ? **( કળશ - ૨૭૧, પેઈજ નં. - ૨૪૯ )**

[ ૐ ] 'વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતા નથી; જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો ( તરંગો ) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.'

**( કળશ - ૨૭૧, પેઈજ નં. ૨૫૦ )**

[ ૐ ] જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે, પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો છે. જુઓ, જ્ઞાન જ્ઞેયાકાર છે એમ નહિ, એ તો જ્ઞેયને જાણવા પ્રતિ તેવા જ્ઞાનાકારે જ્ઞાન પોતે જ થયું છે. જ્ઞેયનું તેમાં કાંઈ જ નથી. જ્ઞેય જ્ઞાનમાં પેઠું છે એમ છે જ નહિ; અર્થાત્ જ્ઞાન જ્ઞેયરૂપે થાય છે એમ છે જ નહિ. જ્ઞાન જ્ઞાનાકાર જ છે, એ જ્ઞાનના જ કલ્લોલો છે. **( કળશ - ૨૭૧, પેઈજ નં. ૨૫૦ )**

[ ૐ ] જ્ઞેયોના આકાર એટલે જ્ઞેયોના વિશેષો–એની જ્ઞાનમાં ઝલક આવે છે અર્થાત્ તે સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં પોતાથી પરિણમે છે. તે જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે એમ કહ્યું પણ તે જ્ઞેયાકાર થયું નથી, એ તો જ્ઞાનાકાર–જ્ઞાનના જ તરંગો છે. આહાહા... ! જાણગ... જાણગ... જાણગ પોતાનો સ્વભાવ છે, એમાં પરવસ્તુનો–પરજ્ઞેયનો પ્રવેશ નથી, છતાં એનું જાણવું અહીં ( –પોતામાં ) થાય છે તે ખરેખર એનું ( પરજ્ઞેયનું ) જાણવું નથી; જાણવાની પોતાની દશા છે એનું જાણવું છે. આ ન્યાયથી તો વાત છે; એને સમજવી તો પડે ને ! કોઈ થોડું સમજાવી દે !

જુઓ, દર્પણના દૃષ્ટાંતે આ વાત સમજીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ દર્પણની સામે કોલસા, અગ્નિ વગેરે મૂકેલાં હોય તે દર્પણમાં દેખાય છે. પણ એ દર્પણથી જુદી ચીજ છે ને ? દર્પણમાં તો તે પદાર્થોની ઝલક દેખાય છે, પણ શું કોલસા ને અગ્નિ વગેરે દર્પણમાં છે ? દર્પણમાં તો દર્પણની સ્વચ્છતાનું અસ્તિત્વ છે. જો અગ્નિ વગેરે તેમાં પેઠાં હોય તો દર્પણ અગ્નિમય થઈ જાય, તેને હાથ અડકાડયે હાથ બળી જાય. પણ એમ છે નહિ. દર્પણ દર્પણની સ્વચ્છતાના પરિણામે પોતે જ પોતાથી પરિણમ્યું છે; કોલસા કે અગ્નિનું તેમાં કાંઈ જ નથી.

ભગવાન આત્મા સ્વચ્છ ચૈતન્ય દર્પણ છે. તેના જ્ઞાનમાં જ્ઞેયોના આકારની ઝલક આવતાં જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે. સામે જેવા જ્ઞેયો છે તે જ પ્રકારની વિશેષતારૂપે પોતાની જ્ઞાનની દશા થતાં જાણે કે જ્ઞાન જ્ઞેયાકારે થઈ ગયું હોય તેમ દેખાય છે, પરંતુ જ્ઞાન જ્ઞેયાકાર થયું જ નથી, જ્ઞાનાકાર છે; અર્થાત્ તે જ્ઞેયના કલ્લોલો નથી, પણ જ્ઞાનના જ કલ્લોલો છે, જ્ઞાનની જ દશા છે; જ્ઞેયોનું એમાં કાંઈ જ નથી.

**( કળશ -૨૭૧, પેઈજ નં. ૨૫૧ )**

[ ૐ ] 'सहज–तेजः पुञ्ज–मज्जत्–त्रिलोकी–स्खलत्–अखिल–विकल्पः अपि एकः एव स्वरूपः' **સહજ ( -પોતાના સ્વભાવરૂપ ) તેજઃ પુંજમાં ત્રણ લોકના પદાર્થો મગ્ન થતા હોવાથી જેમાં અનેક ભેદો થતા દેખાય છે તોપણ જેનું એક જ સ્વરૂપ છે ( અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો ઝળકતા હોવાથી જે અનેક જ્ઞેયાકારરૂપ દેખાય છે તોપણ ચૈતન્યરૂપ જ્ઞાનાકારની દૃષ્ટિમાં જે એકસ્વરૂપ જ છે )**

જુઓ, શું કહે છે ? કે પોતાના જ્ઞાનના તેજમાં ત્રણ લોકના પદાર્થો મગ્ન થતા હોવાથી, અર્થાત્ ત્રણ લોકના પદાર્થો જ્ઞાનમાં જણાતા હોવાથી, જાણે કે ત્રણ લોકના પદાર્થો અહીં જ્ઞાનમાં પેસી ગયા હોય એમ જ્ઞાનમાં અનેક ભેદો થતા દેખાય છે તોપણ, જ્ઞાનનું એક જ સ્વરૂપ છે. અહા ! કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો ઝળકતા હોવાથી અનેક જ્ઞેયાકારરૂપે તે દેખાય છે, અર્થાત્ લોકાલોકને જાણતાં જ્ઞાન જ્ઞેયાકાર થતું દેખાય છે તોપણ ખરેખર જ્ઞાન જ્ઞાનાકાર જ છે, જ્ઞેયાકારરૂપે થયું નથી. અનેકને જાણતાં પણ જ્ઞાન એકરૂપ ( જ્ઞાનરૂપ જ ) રહે છે. લોકાલોકને જાણનારી જ્ઞાનની દશા પોતાની જ છે, તેમાં પરજ્ઞેયનો પ્રવેશ નથી. અહા ! જ્ઞાન અનેકને જાણવા છતાં અનેકરૂપ થતું નથી, એકરૂપ જ રહે છે. **( કળશ -૨૭૫, પેઈજ નં. ૨૬૫ )**

**ચૈતન્ય ભગવાન પ્રકાશ સ્વરૂપ છે. તેનો વર્તમાન ઉપયોગ બહાર પરમાં ગયેલો છે તેને અંતરમાં વાળતાં ચૈતન્યમૂર્તિ પ્રગટ અનુભવમાં આવે છે. ચૈતન્ય પ્રકાશ કેમ જણાય ? જ્ઞાનના તેજની વર્તમાન દશાને અંતરમાં વાળતાં પ્રગટ એવો ચૈતન્ય ઉપયોગ પ્રગટ પ્રગટ દેખાય છે.**

**( નાટક સમયસાર પ્રવચન ભાગ-૧, પેઈજ નં-૫૫ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન સુધા- ભાગ- ૧

[ ૐ ] સમયસાર ૧૭-૧૮ ગાથામાં -એક સમયની જે જ્ઞાનની પર્યાય છે તેનો સ્વભાવ સ્વરૂપને જાણવાનો છે. હવે એ જે પર્યાય છે તે જ્યારે સ્વતંત્રપણે કર્તા થઈને સ્વસર્વજ્ઞ તરફ વળે છે એ પોતે કર્તા થઈને વળે છે. ( કેમ કે ) એ પર્યાયમાં ષટ્કારકનું પરિણમન છે. આહાહા ! પર્યાયમાં ષટ્કારકનું ( પરિણમન એટલે ) પર્યાય કર્તા છે, કર્મ છે, કરણ છે, સંપ્રદાન છે. પર્યાય પોતા માટે કરી છે, પોતાથી થઈ છે, પોતાને આધારે થઈ છે. એવી સર્વજ્ઞ થવાની પર્યાય ( પોતાના ષટ્કારકથી થઈ છે. ) વર્તમાન પર્યાય ભલે સર્વજ્ઞ ન હો, પણ એ પર્યાયમાં સ્વતંત્રપણે ષટ્કારકના પરિણમન થવાની તાકાત છે. તેથી એ પર્યાય જ્યારે કર્તા થઈને દ્રવ્ય સ્વભાવ તરફ ઢળી ત્યારે સર્વજ્ઞ સ્વભાવ પ્રતીતમાં આવ્યો. કેમ કે એ સમયની જ્ઞાનની પર્યાય ભલે અલ્પજ્ઞ હો ! પણ એ અલ્પજ્ઞ પર્યાય જ્ઞાન સ્વભાવી સર્વજ્ઞ સ્વરૂપને જાણે છે.

જાણે છે એમ કહ્યું, પણ એ જાણે છતાં જાણતો કેમ નથી ? એ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને તે દ્રવ્ય તરફ ઢળી નથી- માટે તે જાણતો હોવા છતાં તે જાણતો નથી.

**શું કહ્યું એ ? એક સમયની જ્ઞાનની પર્યાય એનો સ્વભાવ સ્વપર પ્રકાશક જ છે. એ પર્યાયનો સ્વભાવ સ્વને જાણે છે- દ્રવ્યને જાણે જ છે. છતાં પણ તે પર્યાય સ્વતંત્ર કર્તા થઈને, સર્વજ્ઞ સ્વભાવ તરફ ઢળી નથી. તેથી તે જાણવાનો સ્વભાવ જાણતો છતાં તેને જણાતો નથી. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! વીતરાગ મારગ બહુ સૂક્ષ્મ છે.** **( પેઈજ નં. - ૧૬૭/૧૬૮ )**

## પ્રવચન સુધા ભાગ- ૨

[ ૐ ] અહીં કહે છે કે – આત્મામાં જ્ઞાન છે, તે જ્ઞાનગુણ પ્રમાણ આત્મા છે. **'आदा णाणपमाणं'** ... આત્મા જ્ઞાન પ્રમાણ છે તે પહેલું મૂળપદ છે. **'णाणं णेयप्पमाण'** અને જેટલા જ્ઞેય છે તે પ્રમાણથી જ્ઞાનની પર્યાય પરિણમે છે જ્ઞેયાકાર તો નિમિત્તથી કહેવામાં આવ્યું છે. પરંતુ જ્ઞાનાકાર જેટલા જ્ઞેય છે તે રૂપે પરિણમે છે. આમાંથી એક શબ્દ આગળ-પાછળ થઈ જાય તો ફેરફાર થઈ જાય એવું છે બાપુ ! આ તો વીતરાગની કોર્ટ છે. **( પેઈજ નં. - ૩૪ )**

[ ૐ ] ( અહીં કહે છે કે ) **'જ્ઞેયનું અવલંબન કરવાવાળું જ્ઞાન જ્ઞેયના બરાબર જ છે.'** હવે જ્ઞેય કેવડું છે ? તે કહે છે. આત્મવસ્તુ જ્ઞાનગુણ પ્રમાણ છે અને જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે. તો જ્ઞેય કેટલા છે ? **"જ્ઞેય તો સમસ્ત લોકાલોક અર્થાત્ બધા જ છે."** જાણવાની ચીજ તો બધી છે. જ્ઞાનની પર્યાયમાં ( બધું જાણવામાં આવે છે. ) **( પેઈજ નં. - ૪૬ )**

[ ૐ ] **શ્રોતાઃ-** આત્મા એટલે કોણ ?

**સમાધાનઃ-** આત્મા ! અંદર જાણવાવાળો છે... તે આત્મા છે. આ બધું જાણવામાં આવે તે પર. જેમ દર્પણ સ્વચ્છ છે તો તેની સામે જે ચીજ હોય તેનું પ્રતિબિંબ પડે છે. એ જે પ્રતિબિંબ થાય છે તે કોઈ પર વસ્તુ નથી. અંદર પર વસ્તુ છે ? આ દર્પણ છે દર્પણ. તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સામે અગ્નિ છે તેનું પ્રતિબિંબ પડે છે... તો શું અગ્નિ ત્યાં છે? દર્પણ તો અગ્નિના આકારની સ્વચ્છતારૂપે પરિણમીત થયો છે તે દર્પણની અવસ્થા છે. અગ્નિને સ્પર્શે તો ઉષ્ણ થાય પરંતુ દર્પણમાં અગ્નિ દેખાય તો ત્યાં અંદર દર્પણમાં અગ્નિ છે? ત્યાં ઉષ્ણતા છે? ત્યાં તો દર્પણની સ્વચ્છ અવસ્થાની દશા છે. તેમ ભગવાનનું જ્ઞાન લોકાલોકને દેખે છે અથવા બધા જ્ઞેયાકારનું જ્ઞાન થાય છે ને પોતાની સ્વચ્છતાને કારણે થાય છે. જે (બહાર) જ્ઞેય છે તે અહીંયા આવતા નથી.

જેમ જ્ઞાન આત્માનો સ્વભાવ છે, પોતાના જ્ઞાનમાં રહીને બધા જ્ઞેયાકારનું જ્ઞાન થાય છે... તો જ્ઞાનમાં જ્ઞેય આવ્યા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર તો જ્ઞાનની પર્યાય તે જ્ઞેયાકાર પણે થઈ છે. તેથી જ્ઞાનને સર્વગત એટલે બધાનો જાણનાર કહ્યો તેમ ભગવાનને પણ સર્વગત કહ્યું છે. જુઓ! પાઠમાં ભગવાન એટલે આત્મા કહ્યું. **"એવા (સર્વગત) જ્ઞાનમય થઈને રહેલા હોવાથી ભગવાન પણ સર્વગત જ છે."** સર્વ જ્ઞેયોને જાણવાવાળો આત્મા જ્ઞાનમય થઈને રહે છે– તો ભગવાન પણ સર્વગત છે. આત્માને પણ સર્વગત કહેવામાં આવે છે. તેના ગુણને સર્વગત કહ્યું તો ગુણના ધરનાર આત્માને પણ સર્વગત કહેવામાં આવ્યા છે. **(પેઈજ નં.-૫૫ થી ૫૭)**

[ ૐ ] **'જ્ઞેયાકારોની સમીપ ગયા વિના... '** તેનો અર્થ નીચે છે. જ્ઞેયાકારો = પર પદાર્થના દ્રવ્ય ગુણ પર્યાય જ્ઞેય છે. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે સ્વભાવ અને પર્યાય એટલે અવસ્થા. આ જ્ઞેયાકારો પરમાર્થતઃ આત્માથી સર્વથા ભિન્ન છે. ભલે જ્ઞેયનું જ્ઞાન થયું પરંતુ જ્ઞાન પરમાં ગયા વિના (તેને જાણી લ્યે છે.) જ્ઞેયથી આત્માનું જ્ઞાન ભિન્ન છે અને આત્માના જ્ઞાનથી જ્ઞેય ભિન્ન છે. જેમ આંખથી અગ્નિ જાણે છે પરંતુ આંખથી અગ્નિ ભિન્ન છે. તેમ જ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે છે છતાં પણ લોકાલોકથી જ્ઞાન ભિન્ન છે. અરે...! આવું સૂક્ષ્મ છે!

**"નિશ્ચયનયથી આવું હોવા છતાં"** નિશ્ચયથી તો આવું છે. છતાં **પણ વ્યવહારનયથી તે કહેવાય છે કે ભગવાન સર્વગત છે."** વ્યવહારથી એવું કહેવામાં આવે છે કે આત્મા બધાને જાણે છે તો આત્મા સર્વગત છે. વ્યવહારથી એવું કહેવામાં આવે છે કે જ્ઞાન સર્વમાં છે, સર્વને જાણે છે... તેથી ન તો આત્મા સર્વગત છે. પરમાં ગયું એમ તો વ્યવહારથી કહેવામાં આવે છે, યથાર્થમાં આવું છે નહીં.

**.....ભગવાન સર્વગત છે. અને નૈમિત્તિકભૂત જ્ઞેયાકારોને આત્મસ્થ (આત્મામાં રહેલા દેખીને)....** શું કહે છે? જ્ઞાનની દશામાં જે બધા સર્વ જ્ઞેયો જાણવામાં આવે છે... તે નૈમિત્તિકભૂત જ્ઞેયાકાર છે. જે નિમિત્ત છે તેના આકારનું અહીં પોતાનું પૂર્ણજ્ઞાન થયું છે. જેવું લોકાલોક છે એવું આત્મામાં જ્ઞાન થયું. એ જ્ઞેયાકારોને આત્મસ્થ એટલે કે પોતાનામાં દેખીને એ જે જ્ઞેયાકાર છે તે તો જ્ઞાન છે. પરંતુ જેટલા પણ જે જ્ઞેય છે તેને અહીં જ્ઞાનમાં દેખીને, **"(આત્મામાં રહેલા) દેખીને સર્વ પદાર્થો આત્મગત (આત્મામાં) છે એમ ઉપચાર કરવામાં આવે છે, કે સર્વ પદાર્થ આત્મગત (આત્મામાં) છે.** આત્મા તો સર્વને જાણે છે. પરંતુ બધાને જાણે છે તો બધા પદાર્થ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મામાં છે – એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

સર્વ પદાર્થ આત્મામાં છે (એમ કહેવાય છે.) **“પરંતુ પરમાર્થે તેમનું એકબીજામાં ગમન નથી”** ... અર્થાત્ જાણવાની પર્યાય પરમાં જતી નથી અને પરવસ્તુ અહીંયા આવતી નથી. **“કેમ કે સર્વદ્રવ્ય સ્વરૂપ નિષ્ઠ (પોત પોતાના સ્વરૂપમાં નિશ્ચળ અવસ્થિત છે.** પ્રત્યેક પદાર્થ પોતાના સ્વરૂપમાં રહેલા છે; આત્મા ભલે અનંત આત્માઓને જાણે પણ બધા આત્મા આત્મામાં રહેલા છે– તે અહીં આવતા નથી... પરંતુ વ્યવહારથી (આત્મામાં છે એવું) કહેવામાં આવ્યું છે.

**(પેઈજ નં. ૬૫, ૬૬)**

[ ૐ ] સવારે એ વાત હતી કે– કર્મનો ઉદય છે તેની ઝાંય આત્મામાં દેખાય છે તે છે તો આત્માની પર્યાય. પરંતુ ત્યાં એ સિદ્ધ નથી કરવું. ત્યાં નિમિત્તથી રાગ થાય છે એમ સિદ્ધ નથી કરવું. રાગ તો રાગથી જ થાય છે. પરંતુ જે નિમિત્તથી રાગ થયો તેની ઝાંય (પ્રતિબિંબ) જ્ઞાનમાં દેખાય છે તે વખતે પણ જ્ઞાન અનુભવમાં આવે છે. જ્ઞાનનો અનુભવ અને રાગ એ બન્ને ચીજ જ ભિન્ન છે. **(પેઈજ નં. ૯૪ થી ૯૫)**

[ ૐ ] રાગ પણ જ્ઞાન સ્વભાવનો ભાવ નથી એમ કહેવું હતું. રાગ ભાવનો જે અનુભવ (થાય છે તેનાથી ભિન્ન) જે જ્ઞાન છે તે પોતાનું છે. રાગ પોતાનો છે તે, પોતાની પર્યાય છે, જડની પર્યાયથી રાગ ભિન્ન છે. **પરંતુ એ વાત અહીંયા સિદ્ધ કરવી નથી. ત્યાં તો એ સિદ્ધ કરવું છે કે -ઉપયોગની સ્વચ્છતાને કારણે રાગ ખ્યાલમાં આવે છે પરંતુ રાગની ઝાંય જે છે તે પુદ્‌ગલની છે. એક બાજુથી કહેવું છે કે પોતાની પર્યાયનો જન્મક્ષણ છે તો રાગ ઉત્પન્ન થાય છે. બીજી બાજુથી કહેવું છે -રાગના અનુભવરૂપ જ્ઞાન છે તે પોતાનું છે, રાગ પોતાનો નથી.** **(પેઈજ નં. ૯૭)**

[ ૐ ] **શ્રોતા:-** પ્રતિબિંબ થયા વિના જાણે કેવી રીતે ?

**સમાધાન:-** પ્રતિબિંબનો અર્થ શું ? જ્ઞાન જ્ઞેયને જાણે તે જ્ઞાનમાં પ્રતિબિંબિત થયું એમ કહેવામાં આવે છે. પ્રતિબિંબનો અર્થ શું ? જેમ દર્પણ સ્વચ્છ છે. સ્વચ્છ દર્પણ અને અહીં અગ્નિ આદિ બીજા પદાર્થ છે તેને બિંબ કહે છે. અહીં જે દર્પણમાં દેખાય તેને પ્રતિબિંબ કહે છે. પ્રતિબિંબ શું છે ? જેવી ચીજ છે તેવી દર્પણમાં દેખાય છે... તે દર્પણની સ્વચ્છતા થઈ. અગ્નિ છે તે બિંબ છે અને દર્પણમાં અગ્નિનો આકાર દેખાય છે તે પ્રતિબિંબ છે. પરંતુ જે પ્રતિબિંબ છે તે દર્પણની અવસ્થા છે, અગ્નિની નહીં. તેમ ચૈતન્ય ભગવાન જ્ઞાન દર્પણ છે. એ જ્ઞાન દર્પણમાં આ બધી ચીજ જાણવામાં આવે છે. પરંતુ તે (ચીજ) જ્ઞેય છે, તે (જ્ઞાનમાં) જાણવામાં આવી છતાં પણ જ્ઞેય જ્ઞાનમાં આવ્યું નથી અને જ્ઞાન તેમાં ગયું નથી. ભાષા તો સાદી છે.

**શ્રોતા:-** જ્ઞેય આવ્યું નથી પરંતુ જ્ઞેયની તસ્વીર તેમાં આવી ?

**સમાધાન:- તે તસ્વીર પણ તેની નથી,** તે તો વ્યવહારથી કહેવામાં આવે છે. ત્યાં તો પોતાની જ્ઞાનની પર્યાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"આત્માનો જ્ઞાન સ્વભાવ છે અને પદાર્થોને જ્ઞેય સ્વભાવ છે- એવા જ્ઞાન જ્ઞેય સ્વભાવરૂપ સંબંધના કારણે જ માત્ર તેમનું એકબીજામાં વર્તવું ઉપચારથી કહી શકાય છે;"** જેઓ ! તે તો ઉપચાર– વ્યવહારથી કહેવામાં આવે છે. ઉપચાર કહો, વ્યવહાર કહો, અયથાર્થ કહો ( બધું એકાર્થ છે ). **( પેઈજ નં.-૧૦૨ )**

[ ૐ ] સમકિતીને સમ્યક્ મતિ અને શ્રુતજ્ઞાન છે. એ શ્રુતજ્ઞાનની પર્યાય ભલે પરોક્ષ હો; સર્વજ્ઞની પર્યાય બધાને પ્રત્યક્ષ દેખે, અને શ્રુતજ્ઞાનની પર્યાય પણ બધાને પરોક્ષ દેખે. છતાં પણ પરને દેખવા માટે પોતાની પર્યાય પરમાં જતી નથી. આ.. હા.. હા..! સમકિતીને ભક્તિ, દયા–દાનનો રાગ આવ્યો, તેનું જ્ઞાન કરવાથી જ્ઞાનની પર્યાય રાગને સ્પર્શતી નથી; અને રાગ પણ પોતાની જ્ઞાનની પર્યાયને સ્પર્શતો નથી. તેમ છતાં પણ જ્ઞાનની વિચિત્રતાને ( લઈને ) જ્ઞાન રાગને જાણે છે. જ્ઞાન જાણે છે તો વ્યવહારથી એમ કહેવામાં આવે છે કે– જ્ઞાન ત્યાં ગયું ( અથવા ) રાગનું જ્ઞાન થયું તો રાગ અહીં આવ્યો.. **( પેઈજ નં. ૧૧૭ )**

[ ૐ ] પ્રવચનસાર ૨૯ મી ગાથાનો ભાવાર્થઃ– અહીંયા કેવળજ્ઞાનની વાત સિદ્ધ કરે છે. કેવળજ્ઞાન છે એ સર્વ લોકાલોકને જાણે છે, છતાં એ જ્ઞાન લોકાલોકમાં પેસતું નથી. એક ન્યાયે જ્ઞાન બધાને જાણવા પહોંચી વળે છે – એ અપેક્ષાએ એમ પણ કહેવાય કે – લોકાલોક જ્ઞાનમાં અંદર આવી ગયા હોય અથવા જ્ઞાન લોકાલોકમાં પેઠું હોય– એમ વ્યવહારથી કહેવાય. ઝીણી વાત છે ભાઈ !

રાગનો સ્વાદ એ પુદ્‌ગલનો સ્વાદ છે. એમ અહીંયા આત્મા પણ જ્ઞાન સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે એવું જેને ભાન થયું એ પણ રાગને જાણે પણ રાગમાં જ્ઞાન પેસે નહીં. છતાં જ્ઞાન રાગને જાણે છે તો એમ લાગે જાણે જ્ઞાન ( રાગમાં ) પહોચ્યું હોય ! એમ વ્યવહારથી કહેવામાં આવે છે. હવે, આવી વાતું છે. **( પેઈજ નં. ૧૧૯ )**

[ ૐ ] **....એ કેવળજ્ઞાન પ્રાપ્ત આત્મા પોતાના પ્રદેશો વડે જ્ઞેય પદાર્થોને સ્પર્શતો નહીં હોવાથી નિશ્ચયથી તો તે જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે'** ....ખરેખર તો એ જ્ઞેયને અડતો નથી, માટે જ્ઞાન જ્ઞેયમાં પેસતું નથી. હવે વ્યવહારથી વાત કરે છે '**....તોપણ જ્ઞાયક દર્શન શક્તિની....**' ભગવાન આત્મામાં જાણવા દેખવાની કોઈ અચિંત્ય શક્તિ છે. પોતાના અલ્પ ક્ષેત્રમાં રહેતા તે અનંતને જાણે ! પોતાના અલ્પક્ષેત્રમાં રહેતા જ્ઞાન એક સમયમાં અનંતને જાણે, ત્રણકાળને જાણે.

**... જ્ઞાયક દર્શક શક્તિની કોઈ પરમ અદ્‌ભૂત વિચિત્રતાને લીધે ( નિશ્ચયથી દૂર રહ્યા રહ્યા પણ ) તે સમસ્ત જ્ઞેયાકારોને જાણતો-દેખતો હોવાથી...** લોકાલોકના સર્વ અનંત જ્ઞેયોને ભગવાનનું જ્ઞાન જાણતું હોવાથી, **વ્યવહારથી આત્મા સર્વ દ્રવ્ય -પર્યાયોમાં પેસી જાય છે એમ કહેવાય છે.** **( પેઈજ નં. ૧૨૪ )**

[ ૐ ] એમ ભગવાન આત્મા ! અનંત જ્ઞેયોને જાણતાં, કર્તા અંશ આત્મા અને કરણ અંશ જ્ઞાન વડે કરીને, કારણભૂત જે પદાર્થ એટલે જાણવાનું જે કાર્ય થયું એ કાર્યનું કારણ પદાર્થ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ કારણભૂત પદાર્થોના કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારો અર્થાત્ જ્ઞાનની પર્યાયના ( પ્રમેય ) જેટલા જ્ઞેયો છે તે રૂપે જે જ્ઞાનાકાર થયા, તેને જ્ઞેયાકાર થયું એમ કહીને ( જ્ઞાન પદાર્થોમાં ) વ્યાપીને વર્તે છે એમ કહ્યું. એ જ્ઞેયાકારોમાં જ્ઞાન વ્યાપીને –રહીને વર્તે છે. '.... **તેથી કાર્યમાં કારણનો ઉપચાર કરીને,...** ' શું કહ્યું ? ભગવાન થયા એ તો કેવળજ્ઞાન પ્રાપ્ત આત્મા છે. તેમને કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોકના જ્ઞેયાકારો જણાય છે. એ જાણવાનું કાર્ય થાય છે તેનું નિમિત્ત કારણ એ પદાર્થો છે. તેથી કારણનો કાર્યમાં ઉપચાર કરીને કહ્યું. એ કાર્ય છે તો જ્ઞાનાકાર, પણ જ્ઞેયના કારણથી અહીંયા જ્ઞાન થયું એમ કહીને, એ કારણ ( પદાર્થ ) આમાં આવ્યા છે એમ કહેવાય છે. અર્થાત્ એ જ્ઞેયાકારો જ્ઞાનમાં આવ્યા છે અને જ્ઞાનની પર્યાય જ્ઞેયાકારમાં ગઈ છે– એમ વ્યવહારે કહેવામાં આવે છે.

**( પેઈજ નં. ૧૨૯ માંથી )**

[ ૐ ] .... ન્યાયથી સિદ્ધ કરે છે કે– ( સર્વજ્ઞ ) ભગવાનનો આત્મા જ્ઞાન સ્વરૂપી છે. તેની પર્યાયમાં લોકાલોક જ્ઞેયનું જાણવું થાય છે. એથી અહીંયા એમ કહ્યું કે – આત્મા કર્તા છે અને જ્ઞાન કરણ છે. એ જ્ઞાનમાં જે જ્ઞેયનો આકાર જણાયો, એ કાર્યમાં જ્ઞેયાકારનું નિમિત્ત છે તેમ દેખીને તે કારણ ( પદાર્થ ) અહીંયા છે ( એટલે કે ) કાર્યમાં કારણ છે એમ ઉપચારથી કહેવામાં આવે છે.

જ્ઞેયાકાર ( એટલે કે ) જ્ઞેયો એમાં કારણ છે. આહા.. હા ! ( આમ થવા છતાં ) એ જ્ઞેયને આકારે આત્મા થઈ જાય છે – એમ નથી. પરંતુ જ્ઞેયાકારનું જ્ઞાન અહીંયા પોતામાં થયું, એમાં એ જ્ઞેય નિમિત્ત હતું. એથી કારણનો કાર્યમાં આરોપ દઈને, એ જ્ઞેયાકાર અહીંયા જ્ઞાનમાં આવ્યા– એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

.... **જ્ઞેયાકારોમાં પદાર્થોનો ઉપચાર કરીને**. . . . એટલે શું ? જેવું જ્ઞેયનું સ્વરૂપ છે તેવું જ્ઞાનની પર્યાયામાં જણાય છે, તેથી કારણ તો એ જ્ઞેય ( પદાર્થો ) છે; અને કાર્ય અહીંયા જ્ઞાન છે. એટલે એ કાર્યમાં કારણનો ઉપચાર કરીને, જ્ઞેયાકારો જ્ઞાનમાં આવ્યા એમ વ્યવહારે કહેવામાં આવે છે. . . . **( પેઈજ નં. ૧૨૯ )**

[ ૐ ] **"જ્ઞાન પદાર્થોમાં વ્યાપીને વર્તે છે એમ કહેવું વિરોધ પામતું નથી."** વ્યવહારથી એમ કહેવું વિરોધ પામતું નથી. એમ કહે છે. અરિહંત પરમાત્માનું જ્ઞાન એ કેવળજ્ઞાન છે. એ જ્ઞાનમાં લોકલોક જણાય છે, અને તે લોકાલોક જ્ઞેય છે. જાણવા લાયક ( જ્ઞેયના ) આકારે અહીંયા જ્ઞાન થયું તેથી એ કાર્ય તો પોતાનું છે. એ કાર્યમાં લોકાલોક નિમિત્ત હતા એ કારણે જ્ઞાનમાં જ્ઞેય વ્યાપ્યું છે અને જ્ઞેય જ્ઞાનમાં આવ્યું છે –એમ વ્યવહારે કહેવામાં આવે છે....

અહીંયા કહે છે કે –જ્ઞેયને જાણવાનું જ્ઞાન કાર્ય, જ્ઞેયના કારણે થયું ( એમ ઉપચાર કર્યો છે. ) જ્ઞેય તો નિમિત્ત છે તો પણ તેનું જ્ઞાન થયું એટલે કારણનો કાર્યમાં આરોપ કરીને જ્ઞેય જ્ઞાનમાં આવ્યા છે અને જ્ઞાન જ્ઞેયમાં ગયું છે – એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

આ આત્મા છે તેનો જ્ઞાનગુણ સ્વભાવ છે. સ્વભાવ જે ગુણ છે એ તો ત્રિકાળ છે, એ સ્વભાવને તેની વર્તમાન પર્યાય હોય છે. અરિહંત પરમાત્માને જે કેવળજ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય પ્રગટી એ એક સમયની પર્યાય છે. એ એક સમયની પર્યાય લોકાલોકને જાણે છે. ખરેખર તો તેમની પર્યાય ત્યાં જતી નથી અને જ્ઞેય અહીંયા આવતું નથી. પણ જ્ઞેયનું અહીંયા જ્ઞાન થયું એથી કાર્યમાં કારણનો ઉપચાર કરીને જ્ઞેયો ( જ્ઞાનમાં ) અહીં આવ્યા છે એમ કહેવામાં આવે છે. **'જ્ઞાન વ્યવહારે પદાર્થોમાં વ્યાપીને વર્તે છે એમ કહેવું વિરોધ પામતું નથી.'** નિશ્ચયથી તો એમ નથી. **( પેઈજ નં. ૧૩૦ )**

[ ૐ ] અહીંયા એમ કહે છે કે–ત્રણ કાળમાં જગતના જે દ્રવ્યોની આત્માની પર્યાય જે ભવિષ્યમાં થવાની, ભૂતમાં થઈ ગઈ અને વર્તમાનમાં થાય છે એ બધું જ્ઞાનમાં સમર્પિત છે. બધા જ્ઞેયાકારો, સ્વ–જ્ઞેયાકાર જ્ઞાનમાં જણાઈ જાય છે. આહા.. હા ! બહુ ઝીણું છે !

... **( જ્ઞાનમાં ) ઊતર્યા થકા સર્વ પદાર્થો જ્ઞાનમાં ન પ્રતિભાસે તો તે જ્ઞાન સર્વગત ન માની શકાય.** 'જ્ઞાન ' શબ્દે આત્મા. તો સર્વને જાણનારું જ્ઞાન કહી શકાય નહીં. ઝીણી વાતું બહુ બાપુ !

... **'અને જો તે ( જ્ઞાન ) સર્વગત માનવામાં આવે,...** 'જ્ઞાન ' શબ્દે આત્મા લેવો. ....**તો પછી ( પદાર્થો ) સાક્ષાત્ જ્ઞાનદર્પણ ભૂમિકામાં,... ઊતરેલા બિંબ સમાન,** ' બિંબનો અર્થ નીચે ફૂટનોટમાં છે. બિંબ દર્પણમાં જેનું પ્રતિબિંબ પડયું હોય તે. ( જ્ઞાનને દર્પણની ઉપમા આપી એ તો, પદાર્થોના જ્ઞેયાકારો બિંબસમાન છે' ) . અરીસાની સામે અગ્નિ અને બરફ હોય એનું અહીંયા પ્રતિબિંબ થાય તો ( અગ્નિ અને બરફ અને ) તેને બિંબ કહેવાય. ( જ્ઞાનમાં થતાં જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારો પ્રતિબિંબ જેવાં છે ). અરીસો છે ( એની સામે ) અગ્નિ અને બરફ ( પડયા ) છે, તેને બિંબ કહેવાય. અને અરીસામાં એની જે ઝલક દેખાય છે, એ પ્રતિબિંબ છે. છે તો એ અરીસાની અવસ્થા, પણ તેનું પ્રતિબિંબ કહેવાય. એમ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયાકારો ( થાય છે ). જગતના અનંત પદાર્થો બિંબ છે અને આત્માની પર્યાયમાં એનું પ્રતિબિંબ પડે છે એટલે જાણે છે. હજુ તો અરિહંતનો નિર્ણય કરવામાં કેટલો પુરુષાર્થ છે ! એ આત્માનો પુરુષાર્થ છે.

.....**'બિંબ સમાન પોતપોતાના જ્ઞેયાકારોનાં કારણો હોવાથી,...** ' શું કહ્યું ? સામે ચીજ છે તેમાં અનંત આત્માઓ, અનંત રજકણો છે એના જે ત્રિકાળી પર્યાયો છે, ગુણ છે – એ એના પોતાના જ્ઞેયાકારો છે. . . . . **પોત પોતાના જ્ઞેયાકારોનાં કારણો ( હોવાથી ) અને પરંપરાએ પ્રતિબિંબ સમાન જ્ઞેયાકારોનાં કારણો હોવાથી,...** ' અહા ! એ બધાં પર્યાયો પોતપોતાના કારણો છે. પણ અહીંયા ( જ્ઞાનમાં ) જ્ઞેયાકારમાં એ વ્યવહાર કારણ છે.

'... **સાક્ષાત્ જ્ઞાનદર્પણ ભૂમિકામાં ઊતરેલા બિંબ-સમાન પોતપોતાના જ્ઞેયાકારોનાં કારણો હોવાથી,...** ખરેખર તો તે આત્માઓ અને અનંત પરમાણુઓ પોતપોતાના ગુણ–પર્યાયના કારણ છે ( એવા પદાર્થને ) બિંબ કહીએ અને જ્ઞાનની પર્યાયમાં જણાય તેને પ્રતિબિંબ કહીએ. આવી ભાષા ! આવી વાતું !

**( પેઈજ નં. ૧૩૭ થી ૧૩૮ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ॐ ] જુઓ ! આ જ્ઞાન છે અને સામે લીમડો છે. તે લીમડાને જાણે છે ( અર્થાત્ લીમડો ) જ્ઞાનમાં જણાય છે. લીમડો બિંબ છે અને અહીંયા જ્ઞાનમાં પ્રતિબિંબ છે. છતાં જ્ઞાનમાં લીમડો આવ્યો છે એમ કહેવાય. ખરેખર તો એનું સ્વ-જ્ઞેયાકાર ત્યાં ( લીમડામાં ) છે. અને અહીંયા જ્ઞાનાકાર થયો તે વ્યવહાર થયો. છતાં પણ એ લીમડો અહીંયા આવ્યો નથી. અહીં તો જ્ઞાનની અવસ્થા પોતાથી થઈ છે તેમાં લીમડાનું જ્ઞાન થયું છે. આવી વાત છે!

આ મકાન છે, આ પુસ્તક છે, એ ( બધાં ) પરજ્ઞેયાકાર છે. જ્ઞાનમાં એ પરજ્ઞેયાકારનું પ્રતિબિંબ પડે છે એટલે કે જાણે છે. તેથી વ્યવહારથી એમ કહેવાય છે કે – જ્ઞેયાકારો જ્ઞાનમાં આવ્યા છે. પણ ખરેખર જ્ઞેયાકારો જ્ઞાનમાં આવતા નથી.

**શ્રોતાઃ-** જ્ઞાનમાં પદાર્થો આવી જાય તો તો... . ( જ્ઞાન જડ થઈ જાય. )

**સમાધાનઃ-** જ્ઞાન જડ થઈ જાય. આ સામે લીમડો છે તે કડવો છે. તેને જ્ઞાન જાણે છે. જ્ઞાનમાં જો લીમડો આવે તો જ્ઞાન કડવું થઈ જાય. લીંબુ ખાટું છે, એનું અહીં જ્ઞાન થાય; પણ ખાટાપણું જો જ્ઞાનમાં આવી જાય તો જ્ઞાન ખાટું થઈ જાય– એટલે કે જડ થઈ જાય. સાકર ગળી છે, તેનું અહીં જ્ઞાન થાય છે કે –તે ગળી છે. પણ એ ગળપણ જો જ્ઞાનમાં આવી જાય તો–ગળપણ જડ છે તો જ્ઞાન પણ જડ થઈ જાય. આ તો ભેદજ્ઞાનની વાત છે. ( આત્મા ) પરથી તદ્દન જુદો છે. જિનેશ્વર પ્રભુનો–વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે.

**( પેઈજ નં. ૧૪૩ )**

[ ॐ ] **'.... નિઃશેષપણે આખાય, ( પરિપૂર્ણ ) આત્માને આત્માંથી આત્મામાં સંચેતે - જાણે-અનુભવે છે....'** ( નિઃશેષપણે' નો નર્થ ) નીચે છે. નિઃશેષપણે કાંઈ જરાય બાકી ન રહે એ રીતે. કેવળજ્ઞાનમાં કોઈ વસ્તુ ( જાણવાની ) બાકી ન રહે, તે રીતે જ્ઞાનપણે પરિણમે છે. જાણ્યા– વિનાનું ( કાંઈ બાકી રહેતું નથી ) અનંત... અનંત... અનંત... અનંત.... કાળ પછી થશે, એને પણ તે જાણ્યા વિના ન રહે, એવું કેવળજ્ઞાનીનું જ્ઞાન છે.

**નિઃશેષપણે ( એટલે ) બાકી રાખ્યા વિના, આહા.. હા ! '... આખાય ( પરિપૂર્ણ ) આત્માને આત્માથી આત્મામાં,.... ' આત્માને આત્માથી આત્મામાં જાણે છે - અનુભવે છે. અર્થાત્ એ પોતાને જાણે-દેખે છે અને અનુભવે છે. એ પરને જાણે અને દેખે એવું છે નહીં. કેમ કે પરદ્રવ્ય તો ભિન્ન છે.**

**( પેઈજ નં. ૧૪૬- ૧૪૭ )**

[ ॐ ] **'....પ્રથમથી જ સમસ્ત જ્ઞેયાકારો રૂપે પરિણમ્યો હોવાથી... '** પહેલાં જ સમયે ત્રણકાળ ત્રણલોકના જાણવા લાયક જ્ઞેયોના જ્ઞાનાકારે પરિણમ્યો હોવાથી **'... પછી પરરૂપે આકારાન્તરરૂપે નહીં પરિણમતો થકો.... '** અન્ય આકાર– બીજા સમયે બીજે આકાર થાય –એમ છે નહીં. જે પહેલે સમયે છે, તેવો જ બીજે સમયે છે, તેવો જ ત્રીજે સમયે છે.... **( પેઈજ નં. ૧૫૧ )**

[ ॐ ] **....ભગવાનના જ્ઞાનમાં ત્રણકાળ -ત્રણલોક એક સાથે જણાય તેથી તે જ્ઞાનમાં પરિવર્તન નામ આકારાન્તર ( થતો નથી ) બદલાતો નથી, આહા... હા ! એવો જ આ ભગવાન આત્મા છે. તે સર્વજ્ઞ સ્વરૂપી છે.** **( પેઈજ નં. ૧૫૨ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] પ્રવચનસાર ૩૩ ગાથાનો ભાવાર્થ છે. શું કહે છે? **'ભગવાન સમસ્ત પદાર્થોને જાણે છે તેથી કાંઈ તેઓ 'કેવળી' કહેવાતા નથી...**, આહા... હા! કેવળી ભગવાન સર્વ પદાર્થોને જાણે છે માટે તેઓ કેવળી કહેવાતા નથી '...**પરંતુ કેવળ અર્થાત્ શુદ્ધ આત્માને જાણતાં...**' ભગવાન આત્મા! શુદ્ધ ચૈતન્ય વસ્તુ તેને '...**જાણતા-અનુભવતાં હોવાથી તેઓ 'કેવળી' કહેવાય છે**'. આહા... હા! કેવળી સર્વજ્ઞ પરમાત્મા લોકાલોકને જાણે છે, માટે કેવળી કહેવાય છે–એમ નથી. કારણ કે લોકાલોકને જાણે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. પોતાનો ભગવાન આત્મા! અનંત... અનંત... ગુણનો દરિયો–સાગર પ્રભુ છે તેને તે જાણે છે... માટે કેવળી કહેવાય છે. **કેવળ ( અર્થાત્ ) એકલો ભગવાન આત્મા જ્ઞાનમાં જણાય છે માટે તેને કેવળી કહેવામાં આવે છે.**
**( પેઈજ નં. ૧૬૯ )**

[ ૐ ] અહીં કહે છે કે– જન્મ મરણથી છૂટવું હોય તો પ્રભુ! તારા ભાવશ્રુતજ્ઞાન દ્વારા તું ત્રિકાળી ભગવાનને જો! એને જાણ તો તને સમકિત થશે અને તેનાથી જન્મ-મરણનો અંત આવશે. આહા... હા! તારા જ્ઞાનની પર્યાયમાં તું પરને જ્ઞેય બનાવે છે એ તો અનાદિથી બનાવ્યું, એ કાંઈ તું નહીં. હવે જ્ઞાનની પર્યાયમાં તું તને ત્રિકાળ સ્વભાવને જ્ઞેય બનાવ! આહા.. હા! આ તે કઈ વાત! ભગવાનની વાત છે પ્રભુ! આહા.. હા! ભગવાન ભગવાન થવાની વાત કરે છે. **( પેઈજ નં. ૧૬૮ )**

[ ૐ ] **'કેવળ ( શુદ્ધ ) આત્માને જાણનાર...'** હવે કહે છે કે –ભગવાન સર્વજ્ઞ પ્રભુ પોતાનો એકલો પૂર્ણ શુદ્ધ આત્મા તેને જાણે છે માટે કેવળી કહેવાય છે. કેવળ એકને જાણે માટે કેવળી છે. આહા.. હા! એ પ્રમાણે '...કેવળ ( શુદ્ધ ) આત્માને જાણનાર...' અર્થાત્ શુદ્ધ સ્વરૂપ જે આત્મા એકલા ધ્રુવ સામાન્ય ત્રિકાળને જાણનાર –**અનુભવનાર શ્રુતજ્ઞાની પણ 'શ્રુતકેવળી' કહેવાય છે.** **( પેઈજ નં. ૧૬૯ થી ૧૭૦ )**

[ ૐ ] **'વળી પોતાથી અભિન્ન એવા સમસ્ત જ્ઞેયાકારો રૂપે,...'** ( અર્થાત્ ) જ્ઞાન જે જ્ઞેયોને જાણે છે ને! એ જ્ઞાન જ્ઞેયાકારરૂપે થયું છે, એ જ્ઞાનાકાર છે.... **સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમેલું જે જ્ઞાન તે-રૂપે સ્વયં પરિણમનારને કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારોના કારણભૂત સર્વ પદાર્થો જ્ઞાનવર્તી જ કથંચિત્ છે.** ( અર્થાત્ ) આ જ્ઞાન બધા જ્ઞેયાકારોને જાણે છે, તેથી તે જ્ઞેયાકાર થયેલું જ્ઞાન– જાણે કે પરનું જ્ઞાન છે, ( જાણે કે ) પર એમાં આવી ગયા! એમ કથંચિત્ વ્યવહારથી કહેવામાં આવે છે. લોકાલોકના જ્ઞેયોનું જ્ઞાન ( થતાં ) એ જ્ઞેયાકાર જાણે જ્ઞાનાકારમાં આવી ગયા એમ કથંચિત્ વ્યવહારથી કહેવામાં આવે છે. બાકી ખરેખર તો જ્ઞેય જ્ઞેયમાં છે અને જ્ઞાન જ્ઞાનમાં છે. **( પેઈજ નં. ૨૦૨ )**

[ ૐ ] **'( સ્વને પર ) એવા બે ભેદને લીધે'** ... બે ભેદ એટલે શું? જાણવા લાયક દ્રવ્ય આત્મા અને પર '.... 'એવા બે ભેદને લીધે બે પ્રકારનું છે' જ્ઞેય બે પ્રકારના છે – જાણનાર તે સ્વ-જ્ઞેય અને પર જ્ઞેય એવા બે પ્રકારના જ્ઞેય છે. **જ્ઞાન સ્વપર જ્ઞાયક હોવાથી જ્ઞેયનું એવું દ્વિવિધપણું માનવામાં આવે છે.** **( પેઈજ નં. ૨૦૯ )**

[ ૐ ] આત્માના જ્ઞાનમાં જણાય તે જ્ઞાન પણ પરિણામવાળું છે અને જ્ઞેયો જે જ્ઞાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જણાય, એ જ્ઞેયો પણ પરિણમનવાળા છે, કૂટસ્થ નથી. **તેથી...**' એટલે બન્નેને પરિણમવાવાળો –બદલવાવાળો સ્વભાવ હોવાથી... **આત્માને, દ્રવ્યો જેનું અવલંબન છે...**' દ્રવ્યો જેનું અવલંબન છે તેનો અર્થ નીચે છે– જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન અર્થાત્ નિમિત્ત્ છે. એ શું કહ્યું ? આત્માનું જ્ઞાન કેવળજ્ઞાનપણે પરિણમે તેમાં જ્ઞેયો જે છે તે નિમિત્ત છે. જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યોનું આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞાન જ્ઞેયને ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું ? જ્ઞાન અનંત અનંત જ્ઞેયોને ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું ? **( પેઈજ નં. ૨૧૬ )**

[ ૐ ] ... **દ્રવ્યોને,**... એટલે ત્રિકાળી વસ્તુને, '... **જ્ઞાનને અવલંબીને,**... એટલે જ્ઞાનમાં નિમિત્ત થાય એવી '... જ્ઞેયાકારરૂપે પરિણતિ.. ' એટલે કે એ જ્ઞેયને જ્ઞાન નિમિત્ત થાય છે એ રીતે સામે જ્ઞેયાકારરૂપ પરિણતિ '... **અબાધિતપણે તપે છે - પ્રતાપવંત વર્તે છે.** આહા... હા ! સામે જ્ઞેયનું પરિણમન છે અને અહીંયા જ્ઞાનનું પરિણમન છે. એ જ્ઞાનના પરિણમનમાં જ્ઞેયનું પરિણમન નિમિત્ત છે. અને જ્ઞેયના પરિણમનમાં જ્ઞાનનું પરિણમન નિમિત્ત છે. એ રીતે અબાધિત પ્રતાપ વર્તે છે. **( પેઈજ નં. ૨૧૯ )**

[ ૐ ] એવો જે પ્રભુ ! જેણે અંતરમાંથી સર્વજ્ઞપણું પ્રગટ કર્યું છે એણે પ્રાપ્તની પ્રાપ્તિ કરી, એવા કેવળજ્ઞાની પરમાત્મા છે, અનંત અનંત પદાર્થોની પર્યાયો વીતી ગઈ અને ભવિષ્યની અનંતી પર્યાયો થઈ નથી તેને આમ વર્તમાનવત્ જાણે છે. દૃષ્ટાંત આવશે–

એક સાધારણ બાઈ છે તેણે લોટના પિંડમાંથી થોડો પિંડ કાઢયો. તેના ખ્યાલમાં છે કે આ પર્યાય છે, અને આની રોટલી થશે, તે સમયે એ ખ્યાલમાં આવી જાય છે. તેમ દરેક દ્રવ્યની પર્યાયનું જ્ઞાન છદ્મસ્થને પણ આવી જાય છે. તેણે વિચાર કે દિ' આવો કર્યો છે ? **( પેઈજ નં. ૨૨૩ )**

[ ૐ ] **શ્રોતા:-** એકી સાથે ખ્યાલમાં આવે કે ક્રમે – ક્રમે ?

**સમાધાન:-** એક સાથે ખ્યાલમાં આવે છે. ભલે ક્રમ પડે પણ આમ એક સાથે ખ્યાલમાં આવે છે.

એમ ભગવાનના જ્ઞાનમાં અનંતા દ્રવ્યો જે છે, તેની અનંતી પર્યાયો જે થઈ ગઈ, અનંતી પર્યાયો ભવિષ્યમાં થશે – તેને આમ વર્તમાનવત્ જાણે છે. આ રહી... આ રહી એમ ! એ જ્ઞાનનું સામર્થ્ય છે. પર્યાયનું હોં ! આહાહા ! અને જ્ઞેયોની પણ એવી શક્તિ છે કે, ( પોતે ) જેવી જાતનું જેવું છે – તે તેને અર્પી દે ! અર્થાત્ જ્ઞાનમાં જણાય જાય. **( પેઈજ નં. ૨૨૩ )**

[ ૐ ] **વળી જ્ઞાન ચિત્રપટ સમાન છે, જેમ ચિત્રપટમાં અતીત, અનાગત અને વર્તમાન વસ્તુઓના આલેખ્યાકારો ( આલેખ્ય આકારો... )** જેમ પાટિયામાં કે સ્થંભમાં ગયા કાળના તીર્થંકરો, વર્તમાન તીર્થંકરો અને ભવિષ્યના તીર્થંકરો આમ ચીતરે તો ( એનો ) એક સમયમાં બધો ખ્યાલ આવી જાય છે. ( શ્રી જયસેન આચાર્યદેવે ) બાહુબલીનો દાખલો આપ્યો છે. **'बाहुबलिभरतादि'** પણ એ બાહુબલીને ચિતર્યા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય ( કે ) તીર્થંકરને સ્થંભમાં કોતર્યા હોય, ચોવીશ તીર્થંકરો–ભૂતકાળમાં થયા એને વર્તમાન અને ભવિષ્યના ( કોતર્યા હોય ) તો અહીં એક સમયમાં બધા તીર્થંકરો જણાય છે. જણાય છે કે નહીં ? ભલે છદ્મસ્થને થોડો ક્રમ લાગે, એ જુદી વસ્તુ છે. પણ એનો સ્વભાવ તો એક સમયમાં જાણવાનો જ છે. **( પેઈજ નં. ૨૩૩ )**

[ ૐ ] તેથી **'...જ્ઞાન ચિત્રપટ સમાન છે. જેમ ચિત્રપટમાં અતીત...**, એટલે ગયો કાળ, ...**અનાગત** એટલે ભવિષ્ય, ...**અને વર્તમાન વસ્તુઓના આલેખ્યાકારો' ( આલેખ્ય આકારો )**...' તેનો નીચે અર્થ છે– આલેખ્ય–આલેખવા યોગ્ય; ચીતરવા યોગ્ય... **સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે, તેમ જ્ઞાનરૂપી ભીંતમાં ( જ્ઞાનભૂમિમાં, જ્ઞાનપટમાં ) પણ અતીત અનાગત અને વર્તમાન પર્યાયોના જ્ઞેયાકારો સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે.** **( પેઈજ નં. - ૨૩૪ )**

[ ૐ ] જ્ઞાન પર્યાય જે થાય છે એ પણ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં જે પ્રકારનો રાગ આવ્યો, તે છે માટે અહીં ( જ્ઞાન ) જાણે છે એમ નથી. એના જ્ઞાનના ક્રમમાં સ્વનું અને પરનું જ્ઞાન ( કરવાવાળી ) પર્યાય એના ક્રમમાં આવી એટલે એમાં એ જણાયું છે. બહુ ઝીણું બાપુ ! **( પેઈજ નં. - ૨૩૫ )**

[ ૐ ] **વળી સર્વ જ્ઞેયાકારોનું તાત્કાળિકપણું ( વર્તમાનપણું- સાંપ્રતિતકપણું ) અવિરુદ્ધ છે.** શું કહે છે ? જગતની બધી ચીજો– જ્ઞેય છે એના પર્યાયોના આકાર, ( તેનું તાત્કાળિકપણું– વર્તમાનપણું– સાંપ્રતિકપણું ) અવિરુદ્ધ છે. **'જેમ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓના આલેખ્યાકારો વર્તમાન જ છે.** કોઈ પણ ચીજની પર્યાય બદલી, નષ્ટ અને અનુત્પન્ન ( એટલે ) ઉત્પન્ન થઈ નથી એ વસ્તુ. એ વસ્તુઓના આલેખ્યાકારો ખ્યાલમાં આવી જાય છે. આહા ! **વર્તમાન જ છે.** **( પેઈજ નં. - ૨૩૬ )**

[ ૐ ] અહીં તો એટલું જ કહેવું છે કે– થશે, થાય છે અને થઈ ગયું– એને જાણવાનો જ્ઞાન સ્વભાવ છે. ભગવાન આત્માનો સ્વભાવ છે. ભગવાનનો તો છે અને આ આત્માનો પણ એવો સ્વભાવ છે... **અનુમાન દ્વારા જાણી શકે છે, તદાકાર થઈ શકે છે;**... જેવું સામે ભૂત–ભવિષ્યનું સ્વરૂપ છે તે આકાર પણ ખ્યાલમાં આવી શકે છે. **તો પછી પૂર્ણ જ્ઞાન નષ્ટ અને અનુત્પન્ન પર્યાયોને કેમ ન જાણી શકે ?**

**'ચિત્રપટની માફક જ્ઞાનશક્તિ જ એવી છે,...'** આહાહા ! જ્ઞાન સ્વભાવ જ એવો છે કે– એને કોઈ ભૂત અને ભવિષ્યની વાત ન જણાય એવું ( નથી. ) એ તો ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે ! **( પેઈજ નં. - ૨૩૮ )**

[ ૐ ] **'... જ્ઞાન શક્તિ જ એવી છે કે તે અતીત અને અનાગત પર્યાયોને પણ,...** 'પણ' કેમ લીધું ? કેમકે વર્તમાન તો જાણે છે પણ ( અતીત અને અનાગતને )... **પણ જાણી શકે છે. વળી, આલેખ્યત્વશક્તિની માફક,...** એટલે આલેખેલા ચિત્ર જેમ દેખાય કે આ પૂર્વભવ હતો, આ વર્તમાન છે અને આ ભવિષ્યનો ભવ છે. ચિત્ર આમ મૂકેને ? ભગવાનનો પૂર્વે સિંહભવ હતો, પછી આ ભવ હતો અને અત્યારે ભગવાન છે. એમ એક સાથે દેખાય ને આમ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'...આ રીતે આત્માની અદ્ભૂત જ્ઞાન શક્તિ,...** આહા..હા ! જાણનારો... જાણનારો... જાણનારો...જાણનારો...જાણે...જાણે...જાણે... ! ગઈ અવસ્થા, વર્તમાન અને ભવિષ્યનો જાણનાર– એવી આત્માની અદ્ભૂત શક્તિ છે. **'દ્રવ્યોની અદ્ભૂત જ્ઞેયત્વ શક્તિ... , આહાહા !** એ જ્ઞેયની પણ જે અવસ્થા થઈ નથી તે અહીં જ્ઞાનમાં જણાય એવી જ્ઞેયની શક્તિ છે. જ્ઞાનની તો શક્તિ છે પણ જ્ઞેય પણ એવું છે.

**'આ રીતે આત્માની અદ્ભૂત જ્ઞાન શક્તિ અને દ્રવ્યોની અદ્ભૂત જ્ઞેયત્વશક્તિને લીધે કેવળજ્ઞાનમાં સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોનું એક જ સમયે ભાસવું અવિરુદ્ધ છે.** એક સમયમાં બધું ભાસે ! **( પેઈજ નં. ૨૩૮ થી ૨૩૯ )**

[ ૐ ] આ.. હા.. હા ! ભગવાન ! તું એવો છો ! તારું અંદર એવું સામર્થ્ય છે. કહે છે– ભૂત અને ભવિષ્યની પર્યાય ન હોય છતાં પણ જ્ઞાનમાં નિર્ણય કરવા જાય તો એ શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ એ પરોક્ષ છે. પરોક્ષ પણ એ પ્રમાણ છે ને ! કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ છે. સમજાય છે ? **( પેઈજ નં. - ૨૪૭ )**

[ ૐ ] એ કેવળજ્ઞાનની પર્યાયનો એવો સ્વભાવ છે કે, ભવિષ્યની પર્યાય થઈ નથી, ભૂતની થઈને નષ્ટ થઈ ગઈ– એ અપેક્ષાએ અસદ્ભૂત છે. છતાં જ્ઞાન પ્રત્યે નિશ્ચિત થયેલી છે. જ્ઞાન એને પ્રત્યક્ષ–સદ્ભૂત તરીકે જાણે છે. આહાહા ! જ્ઞાનમાં એ ત્રણકાળની પર્યાયો અંદરમાં નિયત–નિશ્ચયથી જણાય છે. એવો જ્ઞાનનો પ્રત્યક્ષ સ્વભાવ છે. આ તમારા ક્રમબદ્ધમાં આવી ગયું. **( પેઈજ નં. - ૨૫૨ )**

[ ૐ ] **'પથ્થરના સ્તંભમાં કોતરાયેલા ભૂત...'** ભૂત એટલે ગયા કાળના ભરત અને બાહુબલી'...અને ભાવિ  શ્રેણિક રાજા આદિ **તીર્થંકરદેવોની માફક પોતાનું સ્વરૂપ અકંપપણે...**પથ્થરમાં કોતરાયેલા ભૂત, ભાવિ અને વર્તમાન પ્રત્યક્ષ દેખાય એમ.... **પોતાનું સ્વરૂપ અકંપપણે'**...જગતમાં અનંતા જ્ઞેયો છે અને તેની જે ભૂત અને ભવિષ્યની પર્યાયો છે તે બધી...પોતાનું સ્વરૂપ અકંપપણે ( જ્ઞાનને ) અર્પતા...અર્થાત્ એ જ્ઞેયો જે છે તે જ્ઞાનમાં અકંપપણે વર્તે છે.

આત્મામાં એક પરિણમ્યપરિણામકત્વ નામનો ગુણ છે. એટલે કે જ્ઞેયોના સમય સમયના જે કાંઈ પરિણામ–આકાર થાય તેને જ્ઞાન જાણે, અને પોતાના જે જ્ઞાનાકાર છે તે સામાના કેવળજ્ઞાનાદિ પર્યાયમાં તે જ્ઞાનાકાર ગ્રહણ થાય. પરનું પ્રમેય કરે અને પરના જ્ઞાનમાં તે ( પોતે ) પ્રમેય થાય.

૧૫ મો ગુણ છે ને ! પરિણમ્યપરિણામકત્વ. એ પરિણમ્ય પરિણામકત્વ એટલે જ્ઞેયાકારને ગ્રહણ કરે અને જ્ઞાનાકારને ગ્રહણ કરાવે. બીજાના જ્ઞાનમાં જ્ઞાનાકાર ગ્રહણ કરાવે, તેને હિસાબે એટલે બીજા જીવના હિસાબે તો અહીં જ્ઞેયત્વ છે ને ! પણ અહીં જ્ઞાનાકાર જેવી પોતાની દશા છે તેવું તેમાં પ્રમેયપણે થાય–જણાય. અને પરનું પ્રમેય પોતામાં પ્રમાણ થાય.

**...અકંપપણે ( જ્ઞાનને ) અર્પતા એવા ( તે પર્યાયો ) વિદ્યમાન જ છે.** જ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયમાં જેટલા જ્ઞેયો–પર્યાયો છે તે બધી એક સમયમાં અહીંયા જ્ઞાનમાં અકંપપણે (પોતાને) અર્પે છે. જેમ કે ત્રણકાળનું બધું એકદમ સ્થિર હોય એવું અકંપપણે અર્પે છે. ગયા કાળની પર્યાય, ભવિષ્યની પર્યાય અને વર્તમાનની બધી પર્યાય આમ જાણે સ્થિર હોય એવી રીતે અર્પે છે. આહાહા! પોતાનો પણ જે પૂર્ણ જ્ઞાન પર્યાય છે અને અનંતગુણનો પર્યાય છે એ પણ પરના જ્ઞાનમાં જ્ઞેયપણે અકંપપણે વર્તે છે.

**(પેઈજ નં. - ૨૫૩-૨૫૪)**

[ ૐ ] પરમાણુની પણ ભૂત અને ભવિષ્યની પર્યાયો વર્તમાનની અપેક્ષાએ, જ્ઞેયની અપેક્ષાએ અવિદ્યમાન છે; પણ તે જ્ઞાનની અપેક્ષાએ વિદ્યમાન છે! આ શું કહે છે!! (જ્ઞાનને) જ્ઞેય અર્પાઈ ગયું (છે.) કેમકે જ્ઞેયમાં પ્રમેયપણું છે ને! પ્રમેયપણું કહો કે જ્ઞેયપણું કહો! જણાવા યોગ્ય એનો સ્વભાવ છે તે જાણનારમાં અર્પાઈ ગયો છે– પ્રમેય થઈ ગયો છે.

**(પેઈજ નં. - ૨૫૮)**

[ ૐ ] **...એ રીતે તેમને પોતાના પ્રતિ નિયત ન કરે (-પોતામાં નિશ્ચિત ન કરે, પ્રત્યક્ષ ન જાણે... તો એ જ્ઞાનની દિવ્યતા શી?** એ તો જ્ઞાનની દિવ્યતા! અલૌકિકતા! વિસ્મયતા છે.

**'આથી એમ કહ્યું કે- પરાકાષ્ટાને પહોંચેલા જ્ઞાનને આ બધું ઉત્પન્ન જોઈએ (-યોગ્ય) છે.** 'પરાકાષ્ટાને' (એટલે) છેલ્લામાં છેલ્લી જ્ઞાનની ઉત્કૃષ્ટ દશા થઈ ગઈ એને બધું યોગ્ય છે. નહીં થયેલી અને થઈ ગયેલી એને પણ વર્તમાન પ્રત્યક્ષ જાણે એવો જ કોઈ જ્ઞાનનો સ્વભાવ છે– (એમ કહેવું છે). **(પેઈજ નં. ૨૬૩)**

[ ૐ ] **'... અનુત્પન્ન તેમજ વ્યતીત પર્યાયમાત્ર,... જ્ઞેયપણાને નહીં અતિક્રમતા હોવાથી...** , (અર્થાત્) તે બધી પર્યાયો જ્ઞેયપણે છે, જ્ઞાનમાં જણાય એવી છે. તેથી જ્ઞેયપણાને એટલે જણાવા યોગ્યપણાને નહીં અતિક્રમતી હોવાથી. ગયા કાળની અનંતી અવસ્થાઓ અને ભવિષ્યની અનંતી... અનંતી અવસ્થાઓ જ્ઞેયપણાને છોડતી નથી. માટે જ્ઞેય છે. જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાવા લાયક છે. **(પેઈજ નં. ૨૮૧)**

[ ૐ ] **... જ્ઞેયપણાને નહીં અતિક્રમતા હોવાથી જ્ઞેય જ છે... '** પરમાણુની અને આત્માની ભલે અનંતકાળ પછી દશા થાય, પણ એ જ્ઞેય છે. જ્ઞેય છે તેથી જણાવા યોગ્યને પાત્ર છે. આહાહા! પ્રમેય છે તેથી જણાવાને લાયક છે. અરે...! અરે... આવી વાતું હવે!

**(પેઈજ નં. ૨૮૩)**

[ ૐ ] **'... પ્રજ્વલિત અગ્નિ ને,...** સળગતી અગ્નિ છે– તે અનેક પ્રકારના લાકડાં, છાણાં આદિ... **દાહ્યપણાને નહીં અતિક્રમતું... '** એ બળવાને લાયકપણાને છોડતા નથી. બધાં બળવાને લાયક છે. જેમ ભૂતની–ગયાકાળની અને ભવિષ્યની પર્યાય જ્ઞેયપણાને અતિક્રમતી નથી, તેથી તે સર્વજ્ઞ પરમાત્માને જ્ઞાનમાં જણાઈ જાય છે. એમ અનેક પ્રકારના લાકડાં દાહ્યપણાને એટલે બળવાને લાયકને અતિક્રમતાં નથી. દાહ્ય છે– બળવા લાયક છે તેને અગ્નિ બાળે છે. એમ ભૂત અને ભવિષ્યની પર્યાયો જ્ઞેયપણાને નહીં છોડતી તે સર્વજ્ઞના જ્ઞાનમાં જણાઈ જાય છે. અહા! આવો તો ન્યાય આપે છે.

**(પેઈજ નં. - ૨૮૪)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] આત્મા જ્ઞાન સ્વરૂપ જ છે. એમાં જ્ઞેયવસ્તુ નથી અને જ્ઞેયને લક્ષે જે રાગ થાય તે તેમાં નથી. એટલે જે જ્ઞાન સ્વરૂપ આત્મા છે એ જ્ઞેયાર્થ નામ પરના પ્રયોજનને માટે અર્થાત્ જ્ઞેયને જાણવાના પ્રયોજનમાં જાય તો તેને રાગ થાય. એ ન્યાય આવી ગયો છે કે– **'परदव्वादो दुग्गई'**

સર્વજ્ઞ પ્રભુ એમ કહે છે કે– આત્મા જ્ઞાન સ્વરૂપ પ્રભુ છે! તે પર ભગવાનને જાણવા જતાં રાગ થશે. કારણકે તેના ( માટે ) હું પરજ્ઞેય છું. મને જાણતાં... લક્ષ તેનું રાગ ઉપર ગયું તેથી રાગરૂપનું પરિણમન તે જ્ઞાન જ નથી. સમ્યગ્દષ્ટિને રાગ આવે પણ તેનું ( પરિણમન ) રાગથી ભિન્ન છે. અને તેનું જ્ઞાન આત્માપણે પરિણમે છે... તેથી તે જ્ઞેયાર્થપણે પરિણમતું નથી પરંતુ તેનું જે સ્વજ્ઞેય તે રૂપે પરિણમે છે.

**'જ્ઞાતા જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય,... '** એટલે કે એકલો જ્ઞેયપદાર્થને જાણવાપણે પરિણમતો હોય તો તો રાગ જ થયો. અને એકલા રાગરૂપે પરિણમે તે જ્ઞાની નહીં, તે જ્ઞાન નહીં. જ્ઞેયાર્થ પરિણમે એ સમ્યગ્જ્ઞાન જ નહીં. જયસેન આચાર્યદેવે ટીકામાં બે–ત્રણ અર્થ કર્યા છે, પણ મૂળ સાર આ છે. કેમકે પોતે જ્ઞાનસ્વરૂપ છે તે બંધનું કારણ નથી. બંધનું કારણ તો પરને જાણતાં– પરને જાણવામાં રોકાતાં જે રાગ થાય તે બંધનું કારણ છે. એક–એક જ્ઞેયને ભિન્ન–ભિન્ન જાણવા માટે પરિણમે તો તેને જ્ઞાન જ ન કહીએ. તો પછી ક્ષાયિક જ્ઞાન તો શેનું હોય ?

અહીંયા એમ કહે છે કે– જે પરજ્ઞેય અર્થે પરિણમે છે તેને સમ્યગ્જ્ઞાન નથી. એટલે એને સર્વજ્ઞપદ પ્રાપ્ત નહીં થાય. પણ જે કોઈ સ્વ–જ્ઞાતા છે તેને લક્ષે જ્ઞાનપણે પરિણમશે, નિર્વિકલ્પ શાંતિપણે પરિણમશે તેને સર્વજ્ઞપદ પ્રાપ્ત થશે. તેને રાગ હોવા છતાં તે રાગ સંબંધીનું જ્ઞાન તેમજ પોતા સંબંધીનું જ્ઞાન થાય છે. એ વાત તો સમ્યગ્જ્ઞાનીની કરી. પણ સ્વજ્ઞાનને છોડીને, પરજ્ઞેય એટલે આત્મા સિવાય **'णेयमदुं'** પરજ્ઞેયને અર્થે પરિણમે છે તે અજ્ઞાની છે.

**'... તેને સકળ કર્મવનના ક્ષયે પ્રવર્તતા સ્વભાવિક જાણપણાનું કારણ ( ક્ષાયિકજ્ઞાન ) નથી;... '** ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર લોકાલોકને જાણે છે પણ ( ખરેખર તો ) સ્વને જાણવાના જ્ઞાનના પરિણમનમાં એ જણાય જાય છે. **ખરેખર તો પોતાની જ્ઞાનપર્યાય જણાઈ જાય છે.**

**'... કારણકે દરેક પદાર્થરૂપે પરિણતિ દ્વારા મૃગતૃષ્ણામાં જળસમૂહની '** જેમ ઝાંઝવામાં પાણી નથી છતાં મૃગલા પાણી જાણીને દોડે છે. અહા! એમ પરજ્ઞેયને જાણવા ( અજ્ઞાની દોડે છે તેને ) જ્ઞાન નથી. એ તો પરદ્રવ્યને જાણવા જાય છે ત્યાં રાગ થાય છે. આ... હા... હા! મૃગલા જેમ ઝાંઝવાના પાણી દેખીને પાણી માટે દોડયો જાય છે, એમ ભગવાન આત્માનું જ્ઞાન, સ્વ–પરને જાણવાનું છે એ સ્વ તરફ ઢળીને જાણે તો તો સ્વ–પરનું યથાર્થજ્ઞાન થાય. પરંતુ સ્વને ભૂલીને પરજ્ઞેયને જાણવાના પ્રયોજનપણે તો તેને જ્ઞાન જ નથી. આવી વાત હવે!

ચિદાનંદ જ્ઞાન સ્વરૂપ પ્રભુ જ્ઞાતા... **'परिणमदि णेयमदुं णादा'** ! આહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન જ્ઞાતા આત્મા, તે પરજ્ઞેયને અર્થે પરિણમે તો સ્વજ્ઞેયને અર્થે પરિણમવાનું તેનું રહી ગયું– એ જ્ઞાનને મિથ્યા કહે છે.

આહા ! જાણનારો જણાય છે તે તો જ્ઞાનનું પરિણમન છે. જાણનારો બીજાને જાણવા જાય એમાં એને રાગ થાય– તો તે જ્ઞાન નથી.

ભગવાન જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે એમ કહ્યું છે કે– જે કોઈ અમારી સામું જોશે, તેને માટે અમે પરજ્ઞેય છીએ માટે તને રાગ થશે. પરદ્રવ્ય અનુસારી રાગ થશે અને સ્વદ્રવ્ય અનુસારી વીતરાગતા થશે. જો રાગરૂપે પરિણમ્યો તો જ્ઞેયાર્થ પરિણમ્યો તો તારું જ્ઞેય રહી ગયું, સ્વજ્ઞેય રહી ગયું.

એકલો પરપદાર્થને ચિંતવવામાં રોકાઈ ગયો એને રાગાદિ વિકલ્પ રહિત સ્વસંવેદન જ્ઞાન જ નથી– એમ જિનેન્દ્ર દેવોએ કહ્યું છે. પોતાના સ્વભાવનું આશ્રયપણું છોડીને, પર પદાર્થનો આશ્રય લઈને જે રાગ થાય, તે એક એક પરને જાણતાં... જાણતાં... જાણતાં એ પૂર્ણ નહીં જાણી શકે. અને એક–એકને જાણવા રોકાતાં તે રાગથી સર્વજ્ઞપદ પણ નહીં થાય. જે રાગથી ભિન્ન પડી અને સ્વસંવેદન જ્ઞાન કરશે તેને સર્વજ્ઞપણું પ્રાપ્ત થશે.

**સહજ આનંદમાં લીન રહી સહજપણે જાણ્યા કરવું તે જ જ્ઞાનનું સ્વરૂપ છે; જ્ઞેય પદાર્થોમાં અટકવું તે જ્ઞાનનું સ્વરૂપ નથી.** ' મૂળ તો આ વાત છે. પોતાને જાણવાનું છોડી દઈને પરને જાણવામાં રોકાઈ રહેવું... તેમના **સન્મુખ** વૃત્તિ થવી... , એટલે પર **સન્મુખ** એ જ્ઞાનનું સ્વરૂપ નથી.

પરજ્ઞેયોમાં ભગવાન પણ પર છે, ગુરુ પણ પર છે ! ધર્માસ્તિકાય– અધર્માસ્તિકાય પર છે. સ્ત્રી આદિનો જીવ પણ પર છે. એ પરમાં જાણવામાં અટકવું, તેમના **સન્મુખ** વૃત્તિ થવી– તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આહા ! આવી વાત છે ! પરમાં જાણવામાં રોકાવું તે મિથ્યાત્વ અજ્ઞાન છે. મિથ્યાત્વમાં અનંતાભવ કરવાની તાકાત છે. ભગવાન આત્માનું જ્ઞાન થતાં અનંતુ... અનંતુ સર્વજ્ઞનું જ્ઞાન અને શાંતિ પ્રગટે એવી એનામાં તાકાત છે. **( ગાથા-૪૨, પેઈજ નં. ૨૮૯ થી ૨૯૯ )**

[ ૐ ] ભગવાન આત્મા ! નિર્મળાનંદ, સત્ ચિદાનંદ પ્રભુ છે. શુદ્ધ આનંદ કંદ સત્ ચિદાનંદ આત્મા ! એની શુદ્ધતામાં પર્યાયની કોઈ અશુદ્ધતા છે નહીં. છતાં એની પર્યાયમાં અશુદ્ધતા છે એ પોતાને કારણે છે. એ કર્મને કારણે અને પરને કારણે નહીં. કહ્યું ને– સ્ફટિક નિર્મળ છે, એની નિર્મળતામાં કાળા, લીલા ફૂલ જોડયા હોય તો કાળી, લીલી ઝાંય દેખાય છે. એ કાળા, લીલા ફૂલને લઈને નહીં. એ પોતાની પર્યાયની લાયકાત– યોગ્યતાને કારણે કાળી, લીલી પર્યાય દેખાય છે. **( પેઈજ નં. ૩૩૫ )**

[ ૐ ] એ સ્ફટિક જેમ સ્વચ્છતાના સ્વભાવવાળું હોવા છતાં ફૂલના સંગે પોતાની યોગ્યતાથી ( તેમાં ) કાળી, લાલ ઝાંય દેખાય છે. એમ ભગવાન આત્મા નિર્મળાનંદ સ્વચ્છ સ્ફટિક જેવો હોવા છતાં તેની પર્યાયમાં કર્મના નિમિત્તના સંગે પોતાને કારણે તે શુભાશુભપણે પરિણમવું થાય છે. **( પેઈજ નં. - ૩૩૭ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] ૮૦ મી ગાથામાં આવશે ને ! '**जो जाणदि अरहंतं दव्वत्त गुणत्तपज्जयत्तेहिं**' જે અરિહંતના પર્યાય જાણે...! એ તો હજુ પર થયું. એને જાણીને અંદરમાં પોતામાં મેળવે... આ... હા... હા...! અર્થાત્ વર્તમાન પર્યાયને ગુણમાં ભેળવે અને ગુણને અભેદ કરે અને સમ્યગ્દર્શન – અનુભવ કરે ત્યારે તેણે સર્વજ્ઞની પર્યાય જાણી એમ વ્યવહારે કહેવામાં આવે છે. **( પેઈજ નં. - ૩૫૯ )**

**'હવે સર્વને નહિ જાણનાર એકને પણ જાણતો નથી એમ નક્કી કરે છેઃ-** આ... હા... હા ! આ અધિકાર જરા સૂક્ષ્મ છે. અંદર ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ અને તે બધાને જાણવાના સ્વભાવવાળું તત્ત્વ છે. જે કોઈ બધાને જાણનારું તત્ત્વ છે એ બધાને જાણતો નથી. એ પોતાને પણ જાણતો નથી કેમકે જગતમાં જેટલાં જ્ઞેયો છે તે બધાને જાણવારૂપે પરિણમવું એવો એનો સ્વભાવ છે. **સર્વજ્ઞને તો પૂર્ણપણે પ્રત્યક્ષ પર જ્ઞેયાકારરૂપે જ્ઞાન પરિણમે છે. પરંતુ નીચેના છદ્મસ્થ શ્રુતજ્ઞાની ધર્મી જીવને પણ શ્રુતજ્ઞાનમાં બધા જ્ઞેયોનું પરોક્ષરૂપે જાણવાનું પર્યાયમાં પરિણમન છે. આવો માર્ગ ભારે !**

જે કોઈ સર્વને જાણે નહીં તો; પોતે સર્વનો જાણનાર એવો પોતાનો સ્વભાવ છે, તેથી તે પોતાને પણ જાણતો નથી. એ વાત કહે છે.

અહીં તો ચૈતન્ય જ્યોતિ ઝળહળ ભગવાન આત્મા ! પર્યાયમાં કેવળજ્ઞાનપણે છે તે ત્રણકાળને ત્રણલોકમાં રહેલાં દ્રવ્ય, ગુણ ને પર્યાયોને જો ન જાણે એટલે કે તેના જ્ઞાનાકારમાં જ્ઞેયાકારોનું પરિણમન ન થાય તો એ જ્ઞાનાકારરૂપ પર્યાયને ધરનારું દ્રવ્ય છે, તે દ્રવ્યની તેને ખબર નથી. આહા ! બહુ ઝીણું બાપુ !

**( પ્રવચન નં-૪૬ તા. ૨૧-૨-૭૯, ગાથા-૪૮ )**

[ ૐ ] એ મોટપ શેની ? જાણવા–દેખવાની ! તારી જાણવાની એટલી મોટપ છે કે– એક સમયમાં ત્રણ કાળના અનંતા દ્રવ્યો અને અનંતી પર્યાયને જાણે– એવું તારું સ્વરૂપ છે. ભલે છદ્મસ્થને જાણવામાં થોડો ક્રમ પડે છતાં પણ તારા જ્ઞાનમાં ખરેખર તો એક સમયમાં શ્રુતજ્ઞાનમાં પણ, અનંતા દ્રવ્યને પર્યાયોના સમુદાયનો ભગવાન જાણનારો છે.

એ પંડિતે એમ કહ્યું કે– પરનો કર્તા ન માને તો એ દિગમ્બર જૈન નથી ! અરે... ભગવાન ! બાપુ ! તું તને નુકસાન કરે છે, ભાઈ ! આ... હા... હા ! કરવાની તો વાતે નથી પણ એ મારા છે એમ માનવું એ પણ એમાં નથી. શરીરના રજકણે રજકણો પુદ્ગલ છે... અને તેની વર્તમાન થતી અવસ્થા અને ભૂત–ભવિષ્યની ( બધી અવસ્થાઓ ) અને આ અક્ષરોની– આ પુદ્ગલની ( અવસ્થાઓ ), એ બધા દ્રવ્યો અને તેની ત્રિકાળી પર્યાયોનો આખો સમુદાય એક બાજુ ! પ્રભુ ! તે જ્ઞેય તરીકે જાણવા તરીકે છે અને તું તેનો જાણનાર તરીકે છો. પર જ્ઞેય અને આત્મા જ્ઞાતા તે પણ વ્યવહાર સંબંધ છે. અહીં તો એ સિદ્ધ કરવું છે ને ! કે જે સર્વને જાણે તે એકને જાણે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં ૪૭ શક્તિમાં તો એ લીધું ભાઈ ! સર્વજ્ઞ શક્તિ ! સર્વને જાણવું એટલે કે એ આત્મજ્ઞાન છે– આત્મજ્ઞ છે. સર્વને જાણ્યું માટે સર્વ પર આવ્યા એમ નહીં ! એ જે સર્વજ્ઞ છે તે આત્મજ્ઞ છે. એ પર્યાય આત્માની છે. સર્વજ્ઞ સર્વદર્શિ શક્તિ છે ને !

એ અહીં કહે છે કે – અગ્નિ જેમ દાહ્યાકાર પર્યાયે પરિણમેલું દહન તે અગ્નિનું સ્વરૂપ છે, એવા પોતારૂપે પરિણમે છે. એ પોતારૂપે પરિણમ્યો છે... **તેમ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા,...'** જેમ સમસ્ત બળવા યોગ્યને બાળતો અગ્નિ અગ્નિરૂપ છે. **'... તેમ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા ( -આત્મા ) સમસ્ત જ્ઞેય હેતુક...'** – અર્થાત્ બધા જ્ઞેયો જેમાં નિમિત્ત છે, એવો સમસ્ત જ્ઞેયાકારે પરિણમેલો પર્યાય, **સમસ્ત જ્ઞેયાકાર પર્યાયે પરિણમેલું સકળ એક જ્ઞાન જેનો આકાર છે...'** સકળ એટલે આખું, પરિપૂર્ણ. તે આત્મારૂપે થયો થકો પરિણમે છે. **'... એવા પોતારૂપે- જે ચેતનપણાને લીધે સ્વાનુભવ પ્રત્યક્ષ છે તે- રૂપે પરિણમે છે. –'** એ તો પોતે પોતારૂપે સ્વાનુભવપણે પરિણમ્યો એમ કહે છે. જેમ દાહ્યાકાર બળવા લાયક જે વસ્તુ છે તે રૂપે અગ્નિ થઈ છે. એમ જાણવા લાયક વસ્તુ છે તે જ્ઞાનાકારરૂપે જ્ઞાન પોતે થયું છે.

**...પોતારૂપે- જે ચેતનપણાને લીધે સ્વાનુભવ પ્રત્યક્ષ છે તે- રૂપે- પરિણમે છે. '** આ.. હા.. હા ! બળવા લાયક પદાર્થોને બાળતો અગ્નિ, અગ્નિરૂપ છે, એમ જ્ઞેયાકાર ( –જ્ઞેયો જેમાં ) – જ્ઞાનાકારમાં નિમિત્ત છે, એવું જ્ઞેયાકારરૂપે પરિણમતું જ્ઞાન તે આત્મા–જ્ઞાન છે, તે ચેતન છે, આ... હા... હા ! તે જ્ઞાતા ભિન્ન છે અને તે જ્ઞેય ભિન્ન છે.

શું કહે છે ? જુઓ ! આ જગતની અંદર છ દ્રવ્ય છે. છ દ્રવ્ય ! અને એના અનંતાગુણો ! અને એની ત્રણકાળની પર્યાયો ! એ બધાં જ્ઞેય છે. આ આત્મામાં, છ દ્રવ્ય જે ભિન્ન છે અને તેના ગુણો અને તેની ત્રિકાળ પર્યાયો છે– તે બધો સમુદાય જ્ઞેય છે. અને તે જ્ઞેયનું જાણનાર આ જ્ઞાન છે. એ જ્ઞાનમાં, જે ત્રિકાળી દ્રવ્ય, ગુણ, પર્યાયના જ્ઞેયાકારો છે– તે જ્ઞેયાકાર જેમાં હેતુ છે, એવું જ્ઞાનાકારે પરિણમવું એ જીવનો–આત્માનો સ્વભાવ છે. )

આ... હા... હા ! અહીંયા તો કેવળજ્ઞાનની વાત ચાલે છે પણ શ્રુતજ્ઞાનમાં પણ એમ છે ! સરવાળો તો ત્યાં લઈ જવો છે ને ! જ્યારે આ જગતના બધા પદાર્થો, કેવળીઓ, સિદ્ધો, ગુરુ, દેવ, શાસ્ત્રો... એ બધો જ્ઞેય સમુદાય છે ! એમાં કોઈ મારો છે, એવો કોઈ જ્ઞેયમાં સ્વભાવ નથી, આહા... હા ! તેમ જ્ઞાનમાં તે જ્ઞેય જણાય છે, જેના જ્ઞાનના પરિણમનમાં જ્ઞેયાકાર એવા જીવો ( અને બીજું ) દ્રવ્યો આદિ છે એ નિમિત્ત છે. જ્ઞાનનું પરિણમન પોતાથી છે. આ... હા... હા ! એ જ્ઞેયાકારપણે જ્ઞાનાકાર થાય છે એ તો જ્ઞેયોને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે... માટે તે જ્ઞેયાકારરૂપ જ્ઞાન પરિણમે છે. એ જ્ઞેયાકારરૂપ જ્ઞાન પરિણમે છે. એ જ્ઞેયાકાર નથી, ખરેખર જ્ઞાનાકાર છે.

બીજી રીતે કહીએ તો– ભાવશ્રુતજ્ઞાન જે છે તેમાં એ વ્યવહારે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામથી માંડીને ( બાકીના બધાં દ્રવ્યો ) જ્ઞેય સમુદાય છે. ભગવાન આત્મા ! પોતાના સ્વભાવના લક્ષે પોતાના જ્ઞાન – ભાવ શ્રુતજ્ઞાનપણે જે પરિણમે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે શ્રુતજ્ઞાનના પરિણામમાં જ્ઞાનીને પણ જે રાગાદિ થાય છે, એ રાગથી માંડીને આખી દુનિયા જ્ઞેય સમુદાય છે, ફકત કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષપણું છે શ્રુતજ્ઞાનમાં પરોક્ષપણું એ પરની અપેક્ષા છે. સ્વનું તો પ્રત્યક્ષપણું છે. શું કહ્યું? ભાઈ! સમજાય છે કાંઈ? ભગવાન! તત્ત્વદૃષ્ટિ બહુ આકરી.

આહા! કોઈ જીવને મારી શકું કે જીવાડી શકું એવું સ્વરૂપ કોઈ જ્ઞેયમાં નથી, તેમ તેવું અહીં જ્ઞાનમાં નથી. એ... આખી દુનિયા જ્ઞેય સમુદાય છે. એક બાજુ રામ ને એક બાજુ ગામ! એટલે રાગથી માંડીને આખી દુનિયાનો સમૂહ! પંચ પરમેષ્ઠી પણ જ્ઞેયમાં જાય છે. એ પંચ પરમેષ્ઠી જ્ઞાનમાં જ્ઞેય છે. એ જ્ઞેય, જ્ઞાનની ચીજ નથી. પણ તે જ્ઞેયાકાર જ્ઞાન પોતે પોતાથી પરિણમે છે. તેવું જે જ્ઞાન બધાને જાણવારૂપે પરિણમે એ જ્ઞાનાકાર જ્ઞાન ( રૂપે થવું ) એવો જ્ઞાનનો સ્વભાવ છે. આમાં તો એ પણ ઊડી જાય છે કે– વ્યવહાર હોય તો નિશ્ચય થાય, નિમિત્તથી થાય એ બધી વાત ઊડી જાય છે. કેમકે એ વ્યવહાર અને નિમિત્ત જ્ઞેય સમુદાયમાં છે.

શું કહે છે? બળવા લાયક જે દાહ્ય છે, તે રૂપે અગ્નિ પોતે દાહ્યાકારરૂપે પરિણમે છે તે અગ્નિ છે– તે અગ્નિનું રૂપ છે. તેમ જ્ઞેયાકારો – જગતમાં જેટલાં જ્ઞેયો છે– અનંત સિદ્ધો, અનંત નિગોદ અને અનંત સ્કંધો, અનંત પરમાણુ– એ બધા જ્ઞેયો અને તેની ત્રણકાળની પર્યાયો, એ જ્ઞેયને આકારે જ્ઞાન પરિણમે છે. કેમકે એનું જ્ઞાન છે એ બધાને જાણનારું છે. એ બધાને જાણનારું જ્ઞાન જો આ રીતે ન હોય તો તે એકને પણ જાણતો નથી. કારણકે એક પોતે છે એ બધાને જાણવાપણે પરિણમેલું ( જ્ઞાન ) પોતે એકરૂપ છે. જો એ બધાને જાણવાપણે પરિણમતો નથી ( તેને ) જાણતો નથી, તો તે એકને પણ જાણતો નથી. ભાઈ! આ ગાથાનો વિષય એ છે કે– જે બધાને જાણતો નથી તે એકને જાણતો નથી. એકને જાણે તે સર્વને જાણે એ હવે પછીની ગાથામાં કહેશે.

એમ કેમ કહ્યું? કેમકે જે અગ્નિ દાહ્ય એવાં બધાને બળવા લાયકને બાળતી અગ્નિરૂપે ન થાય તો તે અગ્નિ નથી. એમ જ્ઞેયાકાર–જગતની અનંતી ચીજો જ્ઞેયાકાર, જ્ઞાનના પરિણમનમાં નિમિત્તહેતુ છે. હેતુ કીધું ને? 'દાહ્યહેતુક' **'... તેમ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા ( -આત્મા ) સમસ્ત જ્ઞેય હેતુક...'** ઝીણી વાત છે!

જગતના છ દ્રવ્યો અને અનંતગુણની ત્રિકાળી પર્યાયો– એવી જે અસ્તિ છે, એ જ્ઞેય સમુદાયની અસ્તિ છે. તેને કોઈપણ એક જીવ જ્ઞાતા ને જ્ઞાનપણે – તેના આકારપણે પરિણમે તો તેના જ્ઞાન પરિણમનમાં તે નિમિત્ત છે. ઉપાદાન તો જ્ઞાનનું પરિણમન બધાને જાણવાનો એનો સ્વભાવ છે. તો એ બધાને જાણવાના સ્વભાવરૂપે પરિણમ્યું અને બધાને જાણે તો પોતે એકરૂપે થયો. બધાને જાણવાપણે એક જ્ઞાયક થયો છે.

**'... તેમ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા ( -આત્મા ) સમસ્ત જ્ઞેયહેતુક...** એટલે જેમાં જ્ઞેય નિમિત્ત છે. ... **સમસ્ત જ્ઞેયાકાર પર્યાયે,...** ( એટલે ) સમસ્ત જ્ઞેયના આકારે – સ્વરૂપે પોતાની પર્યાય પરિણમે... **પરિણમેલું સકળ એક જ્ઞાન જેનો આકાર છે...** ( એટલે ) સકળ એક જ્ઞાન જેનું સ્વરૂપ છે. **...એવા પોતારૂપે- જે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ચેતનપણાને લીધે સ્વાનુભવ પ્રત્યક્ષ છે તે રૂપે-પરિણમે છે.** બધાંને જાણવાપણે પરિણમે છે એ ચૈતન્યના પોતાનારૂપે પરિણમે છે.

'નિમિત્ત' કીધું ને ? પણ અહીં ઉપાદાન તો ષટ્કારકપણે પરિણમેલું શ્રુતજ્ઞાન પર્યાય પૂર્ણ છે. બધા જ્ઞેયોને જાણવાનું જ્ઞાન અહીં પૂર્ણ છે. ભલે અહીં પરોક્ષ છે, કેવળીને પ્રત્યક્ષ છે, પણ છે તો પૂર્ણ ! તેથી કહ્યું ને કે– કેવળજ્ઞાની ભગવાન કેવળજ્ઞાનથી આત્માના પૂર્ણ સ્વરૂપને જાણે છે માટે તે કેવળી છે. અને અમે પણ શ્રુતજ્ઞાન દ્વારા આત્માને જાણીએ છીએ, માટે અમે પણ શ્રુતકેવળી છીએ. આહા... ! ગજબ વાત છે ! ભાઈ ! આ પધ્ધતિ સાંભળવી કઠણ પડે એવી છે !

કહે છે કે– **કેવળજ્ઞાની પરમાત્મા લોકાલોકને જાણે છે માટે કેવળી છે- એમ નહીં. એ પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા છે તેને પોતે જાણે છે માટે તેને કેવળી કહીએ છીએ. ભલે એને આખું- પૂર્ણ લોકાલોક જ્ઞાનમાં આવતું હોય પણ છતાં આત્માને જાણે છે માટે તે કેવળી કહેવાય છે. કેમકે લોકાલોકને જાણવું એવી જે પર્યાય, એવી અનંતી પર્યાયોનો પિંડ જ્ઞાનગુણ છે, એવા જ્ઞાનગુણના ધરનાર આત્માને અમે જાણીએ છીએ...** અને ભગવાન પણ એને જાણતા હતા. એ વાત પહેલા આવી ગઈ છે– મુનિઓ ! પંચમ આરાના સંત કહે છે કે અમે શ્રુતકેવળી છીએ !! કેમ કે ( તેમણે ) કેવળ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જાણ્યો, તેની પર્યાયમાં પૂર્ણ જાણવું એવો તેનો સ્વભાવ છે. એવી– એવી અનંતી પર્યાયનો પિંડ તો દ્રવ્ય છે. એવા દ્રવ્યને અમે શ્રુતથી જાણ્યું... ! માટે અમે પણ શ્રુતકેવળી છીએ. શ્રુતથી જાણનારા આત્માને કેવળ જાણ્યો માટે શ્રુતકેવળી છીએ. કેવળીએ પણ આત્માને જાણ્યો માટે કેવળી છે.

તેમ ભગવાન આત્મા ! કેવળજ્ઞાનપણે જે પર્યાય થાય છે, એ લોકાલોક જ્ઞેય છે– નિમિત્ત છે, માટે અહીં કેવળજ્ઞાન થાય છે; એવી એને અપેક્ષા નથી. એ કેવળજ્ઞાનની પર્યાય ષટ્કારકપણે પોતે પરિણમે છે. એનો હેતુ એટલો કે – જ્ઞાનની પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર છે– એટલું, પણ એ દ્રવ્ય ઉપર લક્ષ પોતે સ્વતંત્ર કરે છે.

અહીંયા કહે છે કે – એવા સમસ્ત જ્ઞેયપણે પરિણમેલું જે જ્ઞાન તે જો ન હોય તો તે જ્ઞાન જ નથી, આ.. હા.. હા ! એકવાર આપણે ( ૪૨ ગાથામાં ) આવી ગયું છે– ક્ષાયિક જ્ઞાન નથી. ક્રમે ક્રમે જાણે તે ક્ષાયિક જ્ઞાન તો નથી પણ જ્ઞાન જ નથી. ત્યાં એવા બે અર્થ લીધા છે. જે જ્ઞાન પોતાથી પરિણમતું પરિણમે નહીં અને પરની અપેક્ષા રાખીને પરિણમે તો તે જ્ઞાન જ નથી. જુઓ ! ૪૨ ગાથામાં છે –

**તે જ્ઞાનરૂપ પરિણમન પોતાથી, પોતામાં, ( પર ) જ્ઞેયની અપેક્ષા વિના થાય છે. દ્રવ્યનો સ્વભાવ સ્વપર પ્રકાશકપણે પરિણમવાનો હોવાથી પોતે પરિણમે છે તેને અહીં 'જ્ઞાન' કહેવામાં આવે છે.** સમજાણું કાંઈ ? આ તો પ્રવચનસાર છે ! આ જ્ઞાન અધિકારમાં જ્ઞાનપ્રધાન કથન છે. ઝીણું બહુ બાપુ !

**અહીંયા તો પ્રભુ એમ કહે છે કે- બળવા લાયક દાહ્યને બાળતી અગ્નિ પોતે પોતારૂપે પરિણમે છે તે અગ્નિ છે. પણ દાહ્યાકારરૂપે અગ્નિ પરિણમેલી નથી. તે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અગ્નિ જ પોતે અગ્નિ નથી. એમ જ્ઞેયાકારપણે પરિણમેલું જ્ઞાન છે તે આત્મા છે, પણ જ્ઞેયાકારપણે નથી પરિણમેલું જ્ઞાન, તો તે જ જ્ઞાન નથી. જ્ઞેયાકારપણે પરિણમે છે એવો પોતાનો સ્વભાવ છે, એવું જો નથી તો તે આત્મા નથી. આવી વાતું છે !**

**'... એવા પોતારૂપે- પોતે ચેતનપણાને લીધે સ્વાનુભવ પ્રત્યક્ષ હોવા છતાં...'** પણ તે પરના પૂર્ણ જ્ઞેયપણાના જ્ઞાનપણે પરિણમતો નથી તો તે આત્મા નથી. **પોતાને પરિપૂર્ણપણે અનુભવતો નથી- જાણતો નથી'** ... તે આત્મા નથી. **'આ રીતે એમ ફલિત થાય છે કે જે સર્વને જાણતો નથી તે પોતાના આત્માને જાણતો નથી. '** આ સરવાળો ! શું કહ્યું ? જે સર્વ જ્ઞેય છે તેને અહીંયા પોતાના જ્ઞાનમાં જાણતો નથી; તો સર્વને જાણતો નથી; તો એ તો પોતે જ એ રૂપે છે એ પોતાને પણ જાણતો નથી. સમજાય છે ? નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... ! **નિશ્ચય એટલે... તું... તું... તું... તું પ્રભુ ! નિશ્ચય એટલે તું !**

જ્ઞેયો નિમિત્ત હોવા છતાં, જ્ઞેયાકારપણે આત્મા જ્ઞાનાકારપણે થાય છે. એ નિમિત્તની અપેક્ષાથી જ્ઞાન પરિણમતું નથી. સ્વપર પ્રકાશકપણે પરિણમવું એ જ્ઞાનનો પોતાનો સ્વભાવ છે. કેમકે બધાને જાણવું એ જ્ઞાનનું જાણવું છે. માટે જો બધાનું જાણવું નથી થતું તો પોતે એવડો છે એને જાણતો નથી– ( એટલે આત્માને જાણતો નથી ).

આંધળો માણસ સૂર્યના પ્રકાશમાં પ્રકાશતી ચીજને જાણતો નથી તો તે આંધળો સૂર્યને જાણતો નથી. દર્પણમાં જે પ્રતિબિંબ પડે છે એ દર્પણની અવસ્થા છે. એ દર્પણની અવસ્થામાં પડેલી આ ચીજોને જે જાણતો નથી તે દર્પણને જ જાણતો નથી. કારણકે જે દર્પણમાં અવસ્થા છે તે પરજ્ઞેયોની નથી. પરંતુ એના સંબંધીની દર્પણની અવસ્થામાં એ દર્પણની અવસ્થા છે. જે દીપકના પ્રકાશમાં રહેલા પદાર્થને જાણતો નથી તે દીવાને જાણતો નથી. દર્પણમાં જણાતા પદાર્થને જાણતો નથી તે દર્પણને જાણતો નથી. તે આંધળો છે– એમ કહે છે. **( પ્રવચનસુધા, પ્રવચન નં-૪૭, તા. ૨૨-૨-૭૯ માંથી )**

[ ૐ ] અહીંયા કહે છે – અનંત પર્યાયવાળું દ્રવ્ય જેણે જાણ્યું તેણે સર્વને જાણ્યું. જો સર્વને ન જાણે તો તેણે પોતાના આત્માને અનાદિ અનંત પર્યાયવાળો જ જાણ્યો નથી. **"જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને જાણતો નથી તો તે ( પુરુષ ) યુગપદ્ સર્વ અનંત દ્રવ્ય સમૂહને કઈ રીતે જાણી શકે ?** 'એકને નહીં જાણનાર સર્વને જાણતો નથી' એમ અહીંયા સિદ્ધ કરવું છે.... **( પેઈજ નં. ૩૯૯ )**

[ ૐ ] **"ખરેખર જ્ઞાનમય હોવાથી જ્ઞાતાપણાને લીધે જ્ઞાન જ છે; એ જ્ઞાન દરેક આત્મામાં વર્તતું ( -રહેલું ) પ્રતિભાસમય મહાસામાન્ય છે.** એ જ્ઞાનમાં જ્ઞાન જણાય– આત્મા જણાય એવું એ પ્રતિભાસમય મહાસામાન્ય છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, એમાં એ જ્ઞાનસ્વરૂપ પૂર્ણ જાણે એવું પ્રતિભાસમય મહાસામાન્ય જ્ઞાન છે. **"તે પ્રતિભાસમય મહાસામાન્ય અનંત વિશેષોમાં વ્યાપનારું છે."** જે જ્ઞાનમાં ત્રિકાળી સામાન્ય છે તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય છે એવો જે જ્ઞાન સ્વભાવ તે અનંત વિશેષોમાં વ્યાપનારું છે. એ જ્ઞાનનો સામાન્ય પર્યાય છે એમાં અનંત વિશેષ એટલે જગતના જેટલા પ્રકાર છે એ બધાને પોતાની વિશેષ પર્યાયને જાણે છે. એ વિશેષ એનું સ્વરૂપ છે. સામાન્ય જ્ઞાનનું વિશેષ એનું એ સ્વરૂપ છે કે –જેમાં ત્રણકાળ ત્રણલોકના અનંતા દ્રવ્ય, ગુણ, પર્યાયો આવી જાય છે......

**"જ્ઞાન દરેક આત્મામાં વર્તતું ( રહેલું ) પ્રતિભાસમય મહાસામાન્ય છે."** હવે એના વિશેષોમાં વ્યાપનારું છે. ( અર્થાત્ ) એ જ્ઞાન જગતના અનંતા પદાર્થોને પોતાની વિશેષ પર્યાયમાં જાણે, એવું વિશેષપણે પરિણમવું એ એનો સ્વભાવ છે.

**( પેઈજ નં - ૪૦૦ )**

[ ૐ ] હવે અહીં તો પર્યાયમાં પૂર્ણ છે એ બતાવવું છે... એવું જ એની પર્યાયમાં –વિશેષમાં ( સ્વરૂપ છે ). આહા... હા ! એક બાજુ એક જ જ્ઞાનની પર્યાય લ્યો અને એક બાજુ આખો આત્મા ને ગુણ ને લોકાલોક લ્યો તો એક જ પર્યાયમાં બધું આવી જાય છે.

**( પેઈજ નં. - ૪૦૧ )**

[ ૐ ] **"लोकालोकादिपरिज्ञानं व्याप्तिज्ञानरूपेण छद्मस्थानामपि विधते"** એવું જ્ઞાન છે, તે પૂર્ણ જ્ઞાન છે, એમ અંદરમાં અનુમાનથી આત્મામાં વ્યાપ્તિ થઈ જાય છે – ખ્યાલમાં આવી જાય છે. તે ભલે પ્રત્યક્ષ ન હોય પરંતુ પરોક્ષરૂપથી પોતાનું જ્ઞાન જાણી લ્યે છે. શુદ્ધ–ચૈતન્ય સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદના નાથનો આશ્રય લઈને જે સમ્યગ્જ્ઞાન –ભાવશ્રુતજ્ઞાન થયું તે ભાવશ્રુતમાં પણ ( આ ખ્યાલમાં આવી જાય છે કે ) હું પરોક્ષરૂપથી એટલું જાણું છું તો પ્રત્યક્ષ જાણવાવાળો પણ છે. આ પ્રકારે પ્રત્યક્ષ જાણવાવાળો છે એવું પરોક્ષજ્ઞાનમાં ( જાણવામાં ) આવી ગયું.

એક સમયમાં ત્રણકાળ–ત્રણલોકને જાણે એવી એક પર્યાયની તાકાત છે ! આત્માનું ધ્યાન કરીને જે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું પરંતુ એટલું જ્ઞાન નીચે ( છદ્મસ્થદશામાં ) નથી તો તે પોતાના આત્માનું ધ્યાન કરીને કેવળજ્ઞાનની ઉત્પત્તિ કેવી રીતે થાય ? કેમ કે આપ તો એમ કહો છો કે– સર્વને જાણે તે આત્મા ! સર્વને જાણવું એ નીચેની દશા નથી તો શું આત્મા નથી ? અને આત્મા નથી તો તે આત્માનું ધ્યાન કેવી રીતે કરે ? છદ્મસ્થને પણ શ્રુતજ્ઞાનમાં લોકાલોકને જાણું છું એવું પરોક્ષરૂપથી છે, પરોક્ષ જ્ઞાનમાં આત્માને જાણે છે.

**( પેઈજ નં. - ૪૧૪ )**

[ ૐ ] **"જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુરૂપથી અન્યત્વ હોવા છતાં પણ પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાનનું પોતાની અવસ્થામાં અન્યોન્ય મિલન થવાના કારણે"** ... જ્ઞાતા નામ જાણવાવાળો ભગવાન અને જ્ઞેય અન્ય ( પદાર્થ ), એવું અન્યત્વ હોવા છતાં પણ પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાન અર્થાત્ જાણવા લાયક અને જાણ્યું એ બધું પોતાની પર્યાયમાં થયું. જ્ઞેયનું જ્ઞાન થયું તેનું જ્ઞાનની સાથે મિલન થયું. તેમાં જ્ઞેયનું જે જ્ઞાન છે તે જ્ઞાન અને પોતાનું જ્ઞાન તે બધું એક થયું તેમાંથી અન્યનું જ્ઞાન કાઢી નાખે એવી એ ચીજ છે નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન જ્ઞાન સામાન્ય છે તેની અવસ્થા વિશેષમાં લોકાલોક જાણવામાં આવ્યા તે તો તેની વિશેષ અવસ્થા છે. તેની અવસ્થામાં જે લોકાલોક અન્ય છે તે જાણવામાં આવ્યા તો એ અપેક્ષાએ ભલે અન્ય હોય પરંતુ તે અન્ય છે તેનું અહીં જ્ઞાન થયું છે તો જ્ઞાનમાં અન્યત્ત્વ ન રહ્યું.

ભગવાનની જ્ઞાન પર્યાયમાં લોકાલોક જ્યારે જાણવામાં આવ્યા અર્થાત્ (પોતાની) પૂર્ણ પર્યાય જાણી. પૂર્ણ જાણ્યું તો એમાં એ આવ્યું કે – જે જ્ઞેય છે તે તેમાં આવ્યા નથી. કેમકે અનંત જ્ઞેય ભિન્ન છે તો પણ જેવું જ્ઞેયનું સ્વરૂપ છે તેવું પોતાના જ્ઞાનમાં જાણવામાં આવ્યું તો એ જ્ઞાનમાં અન્યત્વ પણ આવી ગયું. તેથી કહે છે કે એ બન્નેને ભિન્ન કરવા અશક્ય છે. **(પેઈજ નં. - ૪૧૯-૪૨૦)**

[ ૐ ] **જ્ઞાનમયતાને કારણે સ્વસંચેતક હોવાથી...,** અર્થાત્ પોતાનો પોતાને અનુભવ હોવાથી... **જ્ઞાતા અને જ્ઞેયના વસ્તુરૂપથી અન્યત્ત્વ હોવા છતાં પણ....,** જાણવાવાળું જ્ઞાન અને જાણવામાં આવવાવાળું જ્ઞેય તે પ્રકારે અન્ય હોવા છતાં પણ **'... પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાન...' અર્થાત્ પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાન સ્વયંની પર્યાય છે.** શું કહ્યું એ કાંઈ સમજમાં આવ્યું? પર્યાય પ્રતિભાસ અને પર્યાય પ્રતિભાસવા યોગ્ય – પોતે જ પોતે બધું છે. **પરનો જે કાંઈ પ્રતિભાસ અહીં જાણવામાં આવે છે તે પોતાની પર્યાય છે અને તેને જાણવું એ સ્વયંની યોગ્યતા છે.**

એવું અન્યોન્ય મિલન હોવાના કારણે; જ્ઞેયને જાણ્યું છે તે તો જ્ઞાન જ છે; ત્યાં જ્ઞેય નથી. એટલે કે **જ્ઞાનમાં જે પરનો પ્રતિભાસ થયો પરંતુ તે પ્રતિભાસ પણ સ્વયંનો થયો અને પ્રતિભાસ્યમાન પણ સ્વયં થયો.**

**"તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી..."** આત્માની જ્ઞાન પર્યાયમાં પૂર્ણ જ્ઞેય છે તે જાણવામાં આવે છે તો એ જ્ઞેયનું જ્ઞાન આત્મામાંથી ભિન્ન કરવું અશક્ય છે. તેથી તે જ્ઞેય જ છે (અર્થાત્) જ્ઞેયનું જ્ઞાન આત્માથી ભિન્ન કરવું અશક્ય છે... તેથી તે જ્ઞેય જ છે (અર્થાત્) જ્ઞેયનું જ્ઞાન તે તો પોતાનું જ્ઞાન છે. પર જ્ઞેય હતું તેનું અહીં જ્ઞાન થયું તો, પોતાનું જ્ઞેય થઈ ગયું. **(પેઈજ નં. ૪૨૦-૪૨૧)**

[ ૐ ] **"તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી,....'** અરીસામાં તેનાથી બાહ્ય ચીજ જ છે તેનું પ્રતિબિંબ ઊઠે છે. હવે, તે પ્રતિબિંબ છે એવું કહે તો તેનું (જ્ઞેયનું) પ્રતિબિંબ છે, પરંતુ ખરેખર તો દર્પણની અવસ્થા જ એવડી છે. દર્પણની અવસ્થા જ એવી છે કે– પ્રતિબિંબને પોતાની સ્વચ્છતામાં જાણે છે. તેમ જ્ઞાન પર્યાયમાં અનંતા જ્ઞેયો (પ્રતિબિંબિત થાય) તે અન્ય જ્ઞેયોને જ્ઞાનની પર્યાયની તાકાતથી જાણે છે, તો જે અન્યનું જ્ઞાન થયું તેને જ્ઞેયનું જ્ઞાન કહીને પોતાનું પણ જ્ઞાન અને જ્ઞેયનું પણ જ્ઞાન તે બન્નેને ભિન્ન કરવા અશક્ય છે... જ્ઞેયનું જે જ્ઞાન છે અને (જ્ઞાયકના) જ્ઞાનને જુદા કરવા અશક્ય છે. જ્ઞેયનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન તે બન્ને મળીને જ્ઞાન છે. તેમાંથી જ્ઞેયનું જ્ઞાન ભિન્ન કરવું અશક્ય છે. **(પેઈજ નં. - ૪૨૧)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] અહીં કહે છે કે – **'બધું આત્મામાં નિખાત ( પ્રવિષ્ટ ) થઈ ગયું,** સર્વ જ્ઞેયનું જ્ઞાન થયું તો જ્ઞેય જ જાણે જ્ઞાનમાં આવી ગયા. **'આ પ્રકારે પ્રતિભાસિત થાય છે'** જુઓ ! પર્યાયમાં પોતાની પર્યાય પ્રતિભાસિત થાય છે તો એ બધા અંદર આવી ગયા ( તેમ ) જ્ઞાત થાય છે. **( પેઈજ નં. - ૪૨૨ )**

[ ૐ ] **"આત્મા જ્ઞાનમય હોવાથી તે પોતાનો અનુભવ કરે છે-જાણે છે... અને પોતાને જાણતાં સમસ્ત જ્ઞેય એમ જ્ઞાત થાય છે કે - જાણે તે જ્ઞાનમાં સ્થિત જ હોય."** આહાહા ! પ્રતિભાસમાં પોતે જ પ્રતિભાસીત થયો, અર્થાત્ પોતાની જ્ઞાન પર્યાય જાણે અને જ્ઞાન જાણવામાં આવ્યું. પર્યાય જાણે અને પર્યાય જાણવામાં આવી. એમાં સંપ્રદાયની પર્યાય આવી તેથી પર્યાય લેવાવાળો પણ એ અને દેવાવાળો પણ એ. જ્ઞેયનું જે જ્ઞાન થયું તે જ્ઞાનની પર્યાય પોતામાં રાખી અને પોતાને જ આપી તે સંપ્રદાન; પર્યાયમાં ષટ્કારક છે ને ! કેવળજ્ઞાન ષટ્કારકરૂપ પરિણમે છે હોં !! કેવળજ્ઞાન કર્તા, કેવળજ્ઞાન કર્મ–કાર્ય, કેવળજ્ઞાન કરણ, કેવલજ્ઞાન સંપ્રદાન, કેવળજ્ઞાન અપાદાન, કેવળજ્ઞાન કેવળજ્ઞાનથી થયું અને કેવળજ્ઞાન અધિકરણ –જ્ઞાનનો આધાર જ્ઞાન છે. આહાહા ! બહુ સૂક્ષ્મ બાપુ !

તેવી રીતે જે શ્રુતજ્ઞાન થયું તે પણ ( પોતાના ) ષટ્કારકથી થયું. અહીં પરનું જ્ઞાન થયું તે પર્યાય ( પોતાના ) ષટ્કારકથી પરિણમિત થાય છે. ભગવાન આત્મા ! જ્યાં જાણવામાં આવ્યો તો કહે છે કે – તેનો જાણવાનો પૂર્ણ સ્વભાવ સાથે આવી ગયો... તેને ભિન્ન કરવો અશક્ય વસ્તુ છે. પ્રતિભાસ અને પ્રતિભાસમયી પર્યાય જ પોતાની છે. પ્રતિભાસ તેનો થયો એમ નથી ( પરંતુ ) પ્રતિભાસ અહીં ( જ્ઞાનમાં ) થયો.

**( પેઈજ નં. - ૪૨૩ )**

## પ્રવચન સુધા ભાગ- ૩

[ ૐ ] ..... જે ઇન્દ્રિયાદિ અન્ય સામગ્રી શોધતું નથી અને જે અનંત શક્તિના સદ્ભાવને લીધે અનંતતાને ( બેહદપણાને ) પામ્યું છે એવા તે પ્રત્યક્ષ જ્ઞાનને – જેમ દાહ્યાકારો દહનને અતિક્રમતા નથી તેમ જ્ઞેયાકારો જ્ઞાનને નહીં અતિક્રમતા હોવાથી – યથોક્ત પ્રભાવને અનુભવતું ( ઉપર્યુક્ત પદાર્થોને જાણતું ) કોણ રોકી શકે ? ( અર્થાત્ કોઈ ન રોકી શકે. ) આથી તે ( અતીન્દ્રિય જ્ઞાન ) ઉપાદેય છે. **( પેઈજ નં. - ૨૦ )**

[ ૐ ] **"જેમ દાહ્યાકારો દહનને અતિક્રમતા નથી તેમ જ્ઞેયાકારો જ્ઞાનને નહીં અતિક્રમતા હોવાથી"** – જ્ઞેયાકારો જ્ઞાનને ઓળંગી શકતા નથી. એક એક પર્યાયમાં અનંતી ષટગુણી હાનિવૃદ્ધિ એવી અનંતી પર્યાયમાં ( ષટ્ગુણ હાનિવૃદ્ધિ ) ! એક પ્રગટ ( પર્યાયમાં ) હોં ! એ બધા જ્ઞેયોને જ્ઞાન ઓળંગતું નથી. એ જ્ઞેયપણું છે એ જ્ઞાનને ઓળંગતું નથી. જ્ઞાન તેને જાણી લ્યે છે અને જ્ઞેય છે એ ( જ્ઞાનમાં ) જ્ઞાનાકાર થઈ જણાય જાય છે.

**( પેઈજ નં. - ૩૧ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] પરિણમ્ય પરિણામકત્વ ( શક્તિ ) આવે છે ને ! પ્રભુ આત્મા કેવો છે? એક ગુણ અંદરમાં એવો છે કે – જે જ્ઞેયો છે તેને જાણવાનો સ્વભાવ છે. પછી તે પરમેષ્ઠી હો કે પછી તે રાગ હો કે સિદ્ધ હો ! એ પણ જ્ઞાનમાં જણાય જાણવા લાયક છે એ મારું સ્વરૂપ છે. એ જ્ઞાનીને જ્ઞાનમાં જણાય એવું સ્વરૂપ છે. પરના સ્વરૂપને અર્થાત્ જ્ઞેયાકારને હું જાણું છું એવો મારો સ્વભાવ છે. અને મારા જ્ઞાનાકાર પરના જ્ઞાનમાં પ્રમેય થઈને જણાય એવો મારો સ્વભાવ છે. **( પેઈજ નં. - ૪૮૩, ૪૮૪ )**

---

**( સામાન્ય કરતાં વિશેષ બળવાન )**

કોઈ જ્ઞાનીને ધારણા ભલે ઓછી હોય પણ એને પ્રયોજનભૂત જ્ઞાન તો બરોબર હોય છે—તેથી તેને વિરોધતા ન આવે. કદાચ ! વિશેષ સ્પષ્ટીકરણ ન કરી શકે; તો પણ તેને સ્વભાવની અપેક્ષા અને પરની ઉપેક્ષા હોવાથી સમયે સમયે જ્ઞાનની વિશેષ નિર્મળતા થતી જાય છે;—**"તે સામાન્ય કરતાં વિશેષ બળવાન છે" -એમ સમજવું.**

**( દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર પર્યાય દૃષ્ટિ જિનેશ્વર )**

**શ્રોતા-** જ્ઞાન સ્વરૂપ આત્મા તો નિરંતર છે ને ?

**ઉત્તર-** હા, આત્મા તો છે પણ કોને ? કે જે સેવે છે તેને માટે આત્મા છે. જ્ઞાનની સેવા કરે છે તેને માટે આત્મા છે. રાગને સેવે છે તેને આત્માનો અનુભવ નથી. જ્ઞાન સ્વરૂપ આત્મા નિરંતર હોવા છતાં જેને તેની દૃષ્ટિ નથી, દશા બદલાણી નથી તેને આત્માની ઉપલબ્ધિ એક સમયમાત્ર પણ નથી. પોતાની દશામાં જ્ઞાનની અનુભૂતિ થાય તેમાં આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે તેને આત્માની ઉપલબ્ધિ છે. માત્ર વાતોથી કાંઈ આત્માની ઉપલબ્ધિ નથી.

**( નાટક સમયસાર પ્રવચન ભાગ-૧, પેઈજ -૨૧૬ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ધ્યેયપૂર્વક જ્ઞેય-

[ ૐ ] કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જાણનાર છે અને એનાથી છ દ્રવ્ય જુદાં છે, અને તે જ્ઞેય છે. જણાવા યોગ્ય તે છ દ્રવ્ય છે ને જાણનારો આત્મા તે જ્ઞાયક છે એમ કોઈ કહે તો 'એવું તો નથી. કળશમાં બીજી લીટીમાં કહ્યું છે કે' 'જ્ઞેયો જ્ઞેયજ્ઞાનમાત્રઃ સ નૈવ' 'જીવવસ્તુ જ્ઞાયક, પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્ય જ્ઞેય છે. ભિન્ન એટલે અનંતા સિદ્ધો, અનંતા નિગોદો એ બધાય એક સમયની પર્યાયમાં જ્ઞેય તરીકે અને ( અહીં ) જ્ઞાન ( એમ છે ? ) કહે–ના. મારો જ્ઞાનનો પર્યાય જ છે. અનંત દ્રવ્યગુણપર્યાયને જ્ઞેય કરનારો છું; હું એકલા છ દ્રવ્યોને જ્ઞેય કરું એટલા જ્ઞાનરૂપ નથી. એ છ દ્રવ્યો તો જ્ઞેય નહીં, પણ એના સંબંધી એક સમયના જ્ઞાનનું પરિણમન એટલુંય જ્ઞેય નહીં. વર્તમાન જ્ઞાન પર્યાય એટલુંય જ્ઞેય નહીં. જ્ઞેય તો આખું દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણેય થઈને જ્ઞેય છે. આ તો ઝીણી વાત છે. બહુ ઊંચી વાત છે એટલે કે તેના સતના ઘરની વાત છે.

**( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં.-૧૮૮-૧૮૯ )**

[ ૐ ] ભાવાર્થ આ પ્રમાણે છે કે– હું મારા સ્વરૂપને વેદ્ય–વેદક રૂપથી જાણું છું. આ અધિકારમાં કહે છે કે–જ્ઞેય, જ્ઞાતા ને જ્ઞાન તે ત્રણેય હું એક જ છું. હું જાણનાર અને છ દ્રવ્ય જણાય એવો હું નથી અને એટલોય હું નથી. અહીં તો વસ્તુ એકરૂપ નિર્વિકલ્પ અભેદ છે – એમ સિદ્ધ કરવું છે. હું જાણનાર ને છ દ્રવ્ય જણાય એવો અને એટલું પણ મારું જ્ઞેય નથી, અને એટલા જ્ઞાનમાત્ર પણ હું નથી. ઇજ્ઞાનમાં આ ( પર ) જે જણાય છે તે જણાતું નથી, પણ મારો જ્ઞાન પર્યાય જ્ઞેય થઈને મને જણાય છે. ( શું કહ્યું ? ) જ્ઞાનના પર્યાયમાં જે જ્ઞેય જણાય છે, એ જ્ઞેય નહીં; ( મને જણાય ) એ તો મારો જ્ઞાન પર્યાય છે. એ મારો જ્ઞાન પર્યાય; આખા દ્રવ્યગુણ પર્યાય તે ત્રણેયને જાણે છે. એકલા પર ને જાણે છે એમ નથી.

જાણનારે હું, જણાવા યોગ્યેય હું અને જાણનાર જ્ઞાન એ પણ હું. જાણનાર જ્ઞાયકભાવેય હું, જાણનાર જ્ઞાનેય હું અને જણાવા યોગ્ય પણ હું. ( શ્રોતાઃ– ( પર ) જ્ઞેય છે ને પણ ! ) ઉત્તરઃ– એ જ્ઞેય એનામાં રહી ગયા; અહીં શું છે ? અહીં એક સમયની પર્યાયમાં જણાયા તે તો જ્ઞાનની પર્યાય થઈ અને એ જ્ઞાનપર્યાય જેટલોય નહીં. ખરેખર એ જ્ઞેયને ( પરને ) જાણું છું–એમ પણ નહીં.

જોનારો હું છું અને આ ( પર ) જણાય છે–એમ નજર કરીને ( પરિણમે છે ! ) અહીં તો કહે છે ઇહું જોનાર છું અને એ જણાય છે એ વાત તો બહિરબુદ્ધિમાં ગઈ. પરંતુ હું જણાવા લાયક અને હું મને જ્ઞાન દ્વારા જાણું અને તે ( બે થઈને ) જ્ઞાયક–એવા ત્રણ પ્રકાર પણ નથી. અભેદ વસ્તુ ઉપર દ્રષ્ટિ થતાં આવા ત્રણ પ્રકારના ભેદ પણ રહેતા નથી.

**( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૧૯૧-૧૯૨ )**

[ ૐ ] છ દ્રવ્યો જે જ્ઞેય છે તે તો એક બહિર્મુખ જ્ઞાનની પર્યાયના વિષયમાં એટલું જ્ઞાન તો આવી જાય છે. છ દ્રવ્યો છે, અનંતા સિદ્ધો છે, નિગોદ છે, એ તો **બહિર્મુખ** પરલક્ષી એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયની પર્યાયમાં એટલું જ્ઞાન તો આવી જાય છે, હું એટલો નથી. હું તો એ પર્યાય સહિત આખું દ્રવ્ય, ગુણ ને પર્યાયનો પિંડ તે મારું જ્ઞેય છે.....

**( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૧૯૨ )**

[ ૐ ] એની એક સમયની પર્યાયમાં **બહિર્મુખે** લોકાલોક જણાય એટલુંય મારું જ્ઞાન નહીં ને એટલો ઈ મારો જ્ઞેય નહીં– એમ કહે છે. અહીંયાં શું કહે છે? આ જગત ચૌદ બ્રહ્માંડ છે... અનંત ખાલી ભાગ છે. ખાલી.. ખાલી.... ખાલી.... ખાલી.... અનંત.... અનંત એ મારા જ્ઞેય અને હું એને જ્ઞાનની અવસ્થામાં જાણું એટલું એ જ્ઞેય નહીં અને એને જાણવાવાળો પર્યાય એટલું જ્ઞાનેય નહીં. હું તો મારા અનંતગુણનો પિંડ આખો જ્ઞાયક તેને હું જ્ઞેય તરીકે જ્ઞાનમાં જાણું છું. હું **જ્ઞાયક, ( હું જ્ઞાન, હું જ્ઞેય ) તેવા ત્રણ પ્રકારના ભેદ પણ મારી ચીજમાં નથી. એવી વસ્તુની અનુભૂતિ થવી એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ આત્માનો સાક્ષાત્કાર અને એનું નામ મુક્તિનો ઉપાય છે.**

ભગવાન આત્મા અનંત–અનંતગુણમયી છે. જેના એક જ્ઞાનગુણમાં અનંત કેવળજ્ઞાન સમાઈ ગયા છે. એક સયમમાં લોકાલોકને જાણે; આવું તો મતિ–શ્રુતજ્ઞાનમાંય જણાય છે ને કેવળમાંય જણાય છે. એવી એવી તો અનંતી પર્યાય જેના એક ગુણમાં સમાઈ જાય છે, એવા એવા અનંતગુણનું એકરૂપ તે મારું જ્ઞેય અને તેને જાણનારું તે મારું જ્ઞાન અને આખો જ્ઞાયક તે હું એક છું. **( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૧૯૪ )**

[ ૐ ] એમ કહે છે કે –આ લાકડું નથી જણાતું. લાકડું ( સામે છે ) ત્યારે લાકડું નથી જણાતું પણ જ્ઞાનનો પર્યાય એ પણે પરિણમ્યો છે તે જણાય છે. છતાં એ જ્ઞેય છે, અને તેટલું જ મારું જ્ઞેય છે– એમ નથી. આ લાકડાનો દાખલો આપ્યો તેમ લોકાલોકનું સમજવું. જણાવા યોગ્ય લોકાલોક જેટલું મારું જ્ઞેય નથી. મારું જ્ઞેય તો અનંતગુણનો પિંડ આખો જ્ઞાયક અર્થાત્ દ્રવ્યગુણપર્યાય તે મારું જ્ઞેય છે.

**( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૧૯૪ )**

[ ૐ ] ..... મહા ચૈતન્ય સાગર ભગવાન આત્મા છે તે અનંત ગુણનો સાગર છે. એ ચૈતન્ય રત્નાકરના એક ગુણમાં આખા લોકાલોકને જાણે એવી અનંતી પર્યાયો તો એક જ્ઞાન ગુણમાં પડી છે. એવા અનંતગુણનો ( સાગર ) ભગવાન આત્મા તે મારું જ્ઞેય છે, લોકાલોક એ જ્ઞેય નહીં–એમ કહે છે. એને જાણવું એ તો મારું જ્ઞાન છે અને એ બધું થઈને આખો જ્ઞાયક છું. **( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૧૯૫ )**

[ ૐ ] ... જ્ઞાનની અવસ્થામાં છ દ્રવ્ય જણાય એવું જે એક સમયની પર્યાયનું જ્ઞેયપણું તે ખરું જ્ઞેય નહીં. છ દ્રવ્ય તો જ્ઞેય નહીં, પણ એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય એ પર્યાય જેટલો હું જ્ઞેય નહીં અને એટલું જ્ઞાન નહીં. પોતાનો જ્ઞેય પોતે; પોતે જાણનાર, પોતે જણાવા યોગ્ય, પોતે જ્ઞાતા એવા ત્રણ ભેદ પણ જેમાં નહીં. મારી પર્યાયમાં પરજ્ઞેય જણાય તેટલો હું નહીં, પણ હું આખી ચીજ સ્વજ્ઞેય એનો જાણનાર ( જ્ઞાન ) અને જ્ઞાતા એવા ત્રણ ભેદ પણ મારામાં નથી. **( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૧૯૭ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] ( સમયસાર નાટક–સાધ્ય–સાધક દ્વાર ૪૬ ) જ્ઞેયના બે પ્રકારઃ એક નિજરૂપ જ્ઞેય–જણાવા લાયક અને એક પરરૂપજ્ઞેય જણાવા લાયક. એમાં પણ પરરૂપ જણાવા લાયક જ્ઞેય એટલો પણ હું નહીં– એમ અહીં સિદ્ધ કરવું છે. ઓહોહોહો ! છ દ્રવ્યમાં તો અનંતા સિદ્ધોય જ્ઞાનની પર્યાયમાં આવી ગયા, અનંતા કેવળી આવી ગયા, અનંતા કેવળીઓ, સિદ્ધો, છદ્રવ્ય અને તેના ગુણ પર્યાયો; આટલા જ્ઞેયોને એક સમયમાં જાણવાની પર્યાય જાણે–તેટલો જ્ઞાનમાત્ર, તેટલો જ્ઞેયમાત્ર હું નહીં.

**( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૧૯૮ )**

[ ૐ ] **... કહે છે કે.. આવા પરનો જાણનાર હું જ્ઞાયક અને પર મને જણાય; તો કહે -ના, એવો તો હું નથી. આ શરીરનો ધર્મ જીવ પદમાં જણાય છે, લોકના સ્વભાવો જ્ઞાનની પર્યાયમાં જણાય છે.... તો કહે છે એટલો જ જ્ઞેય છું ? અને એ છ દ્રવ્યને જાણવાનો જે મારો વર્તમાન પર્યાય એટલું જ જ્ઞાન છે ? અને એટલું જ જ્ઞેય છે ? ના. ( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૧૯૮-૧૯૯ )**

[ ૐ ] હવે અહીંયા ત્રણ બોલનો ( નિષેધ ) કરે છે. હું જ્ઞાનદ્વારા જાણનારો અને છદ્રવ્ય જણાય મારી જ્ઞાન પર્યાયમાં – એટલોય હું જ્ઞેય નહીં. ઝીણી વાત છે. જ્ઞાનની અવસ્થામાં છ દ્રવ્ય જણાય એવી જે એક સમયની પર્યાય તે પણ ખરું જ્ઞેય નહીં. ( શું કહે છે ? ) છ દ્રવ્ય તો જ્ઞેય નહીં, પણ એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય– એટલો હું જ્ઞેયને એટલું જ્ઞાન– તે હું નહીં. પોતે પોતાનું જ્ઞેય છે. પોતે જાણનાર, પોતે જણાવા યોગ્ય, પોતે જ્ઞાતા એવા ત્રણ ભેદ પણ જેમાં નહીં. પરનો જ્ઞાતા અર્થાત્ મારી પર્યાયમાં પરજ્ઞેય જણાય તેટલો હું નહીં, પણ હું સ્વજ્ઞેય–આખી ચીજ તે સ્વજ્ઞેય; એનો જાણનાર તે જ્ઞાતા એવા ત્રણ ભેદ પણ મારામાં નથી. **( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૧૯૭ )**

[ ૐ ] એક સમયની જ્ઞાન પર્યાયમાં છ દ્રવ્યો જણાય; ઓહો ! અનંતા કેવળી જણાય.... શ્રુતજ્ઞાનની પર્યાયમાં હોં !! એમ છતાં એક સમયની પર્યાય જેટલું મારું જ્ઞાન નહીં.

શું કીધું ? મારા વર્તમાન શ્રુતજ્ઞાન પર્યાયનો અંશ જે છે તે અનંતા સિદ્ધોનું કેવળજ્ઞાન સ્વરૂપ જે અનંતું છે તેને જ્ઞેય તરીકે મારો પર્યાય જાણે છે. કહે છે કે– આટલા બધા અનંતા કેવળીઓ, અનંતા સિદ્ધોને એનાથી અનંતગુણા નિગોદ આદિ, એ બધાની સર્વજ્ઞ શક્તિઓ, અનંત સર્વજ્ઞની પ્રગટ ( અવસ્થા ) અને સર્વજ્ઞ શક્તિવંત ( અવ્યક્ત દશાવાળા ) એવા અનંત આત્માઓ અને એક એક પરમાણું અને અનંતગુણોનો પિંડ છે ( સ્કંધ ) જ જડ–અચેતન છે તેની પર્યાયમાં અનંતગુણી ધોળી, લીલી આદિ પર્યાયો એ બધાને મારી એક સમયની પર્યાય જ્ઞેય તરીકે જાણે, એક સમયનો પર્યાય એવડું જાણે તેટલો પર્યાયમાત્ર હું નથી. ભારે વાત ! સમયની પર્યાય અનંતા કેવળીઓને જાણે, સર્વજ્ઞ શક્તિવંતને જાણે છે ને ! તે અંશ જે છે તેટલું જ્ઞેય પણ નહીં અને તેટલું જ્ઞાન પણ નહીં– આ તો લાજિકથી વાત ચાલે છે. એક સમયના અંશની જ્ઞાનદશા તેટલું જ જ્ઞેય ? તો બાકીમાં આખી વસ્તુ જે અનંતગુણનો પિંડ પ્રભુ ચૈતન્યપિંડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આખો સર્વસ્વ રહી જાય છે. અર્થાત જ્ઞેયપણે આખો રહી જાય છે અને જ્ઞાનમાં પણ આખો રહી જાય છે. આખું સ્વરૂપ જ્ઞાનમાત્ર ચૈતન્ય છે. સમજાણું કાંઈ ?

**( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં.-૧૯૯-૨૦૦ )**

[ ૐ ] જ્ઞાનનો એકસમયનો પર્યાય, કેવડો મોટો કે જેમાં છ દ્રવ્ય જણાઈ જાય એવડો મોટો તો હું ખરો કે નહીં ? છ દ્રવ્યમાં ક્યું શાસ્ત્રનું બાકી રહી ગ્યું ? કેવળજ્ઞાનીઓ બાર અંગના ભણનારા પણ એની જ્ઞાનની પર્યાયમાં આવી ગયા છે. આહાહા ! મનઃ પર્યયજ્ઞાનીઓ, કેવળજ્ઞાનીઓ, ચૌદપૂર્વના ધરનાર, બાર અંગના ધરનાર, અલ્પજ્ઞતા ધરનાર ને શક્તિરૂપે ગુણના પૂરણ ધરનાર બધાં દ્રવ્યો જ્ઞાનની એક સમયની પર્યાયમાં આટલું આવ્યું છતાં, એટલા જ્ઞેયમાત્ર હું નહીં હોં ! ઈ પરથી તો ભિન્ન છે જ. પણ પર્યાય જેટલોય હું નહીં, એમ અહીંયાં તો સિદ્ધ કરવું છે. આંહીયા તો આવી એક સમયની પર્યાય, જેટલું જ્ઞેય નહીં ને એટલું જ્ઞાને નહીં. આખા દ્રવ્યનું જ્ઞાન ને દ્રવ્યનું આખું જ્ઞેય રહી જાય છે એમ કહે છે. આખો ભગવાન પૂર્ણ અખંડાનંદ પ્રભુ જે જ્ઞેયરૂપ છે અને જે જ્ઞાનરૂપ છે એ આખું દ્રવ્ય જ્ઞાનની પર્યાયમાં ( જ્ઞેયપણે ) ન આવે અને એક જ પર્યાયનો અંશ જ જ્ઞેય તરીકે જણાય ને મનાય અને એટલો જ્ઞાનમાત્ર આત્મા માને, એણે આત્મા જાણ્યો જ નથી, એની પર્યાયબુદ્ધિ, મૂઢ મિથ્યાબુદ્ધિ છે.

**( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં.-૨૦૨ )**

[ ૐ ] કહે છેઃ "ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય એમ તો નથી હોં ? તો કેમ છે ? આમ છે – "ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः" આહાહા ! જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ અને જ્ઞેય ( અર્થાત્ ) જણાવાયોગ્ય શક્તિ" પોતાની હોં પોતાનું પ્રમેય દ્રવ્ય, ગુણ ને પર્યાયમાં વ્યાપેલું છે, જ્ઞેયશક્તિ છે તે આખું દ્રવ્ય, આખું ગુણ ને પર્યાય ત્રણેય થઈને એક જ્ઞેય છે. છ દ્રવ્યને જાણે તેવો એક સમયનો પર્યાય તે સ્વજ્ઞેય નથી. સમજાણું કાંઈ ?

**( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં.-૨૦૫ )**

[ ૐ ] ગજબ વાત છે ને ! ક્યાં લાવીને મૂકયા છે. પરજ્ઞેયથી ઊઠાવી લીધો, પોતાના જ્ઞાનની પર્યાયમાં એટલું જણાય–એટલું જ્ઞેય ત્યાંથી ઊઠાવી દીધો, ઊઠી જા ત્યાંથી. અને જ્ઞાન પર્યાયમાં આટલું બધું તેં તારી જ્ઞાન પર્યાયથી જાણ્યું–એટલા જ્ઞાનમાત્ર તું છો ? ઊઠી જા ત્યાંથી. **( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. ૨૦૮ )**

[ ૐ ] પરજ્ઞેયનું જ્ઞાન એની વાત તો અહીંયા છે જ નહીં. હું એક જ્ઞાયક ને હું જ્ઞેય–એ કથનમાત્રની વ્યવહારની પદ્ધતિ છે. બાકી તો જ્ઞાનેય હું, જ્ઞાતાય હું અને જ્ઞેય પણ હું; એવો એક હું છું. એવા સ્વભાવ માત્રની દૃષ્ટિ કરવી તેને સમ્યગ્દર્શન અને ધર્મની ઉત્પત્તિ કહે છે. આહાહા ! ભેદ કાઢી નાખ્યા ! સમજાણું ! ?

**( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં.-૨૦૯ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ૐ ] **અહીં અંદર પરમાત્મામાં ઉતારે છે. અંદર તું જો તો ચેતના સર્વસ્વ સ્વભાવ જ્ઞેય. આહાહા ! એ પર્યાયથી છ દ્રવ્ય જણાણા, એટલાને ન જો ! એ જ્ઞેયને જ્ઞાયક સંબંધ વ્યવહારથી છે. આત્મા જાણનાર ને પર જણાય એવો સંબંધ વ્યવહારથી પર્યાયની સાથે છે, વસ્તુની સાથે એ સંબંધ છે નહીં. કેમ કે એવી તો અનંતી પર્યાય પરની અપેક્ષા રાખ્યા વિના પોતામાં અંદર પડેલી છે. ચેતના સર્વસ્વ એવું જે જ્ઞેય, જ્ઞાન-જ્ઞાયકરૂપ સર્વસ્વ એનો તું જાણનાર છે. ( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૨૨૨ )**

[ ૐ ] આહાહા ! ભગવાન આત્માની જે જ્ઞાનની પર્યાય વર્તે છે એ **પરસન્મુખ** જાણવામાં રોકાણી છે, છોડી દે– ( **એની સન્મુખતા** ) આહાહા ! એ જ્ઞાનની પર્યાયને સ્વજ્ઞેયમાં લાવ ! ત્યારે એને આત્મા જેવડો છો પૂર્ણ એવડો જ્ઞાનમાં જ્ઞેયપણે જણાય એ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહીએ, એ જ્ઞાનને સમ્યગ્દર્શન કહીએ અને એ જ્ઞાનમાં ઠરવું એને ચારિત્ર કહીએ. **( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૨૨૭ )**

[ ૐ ] **અહીં તો જ્ઞેય-જ્ઞાયકનો વ્યવહાર સંબંધ પણ છોડાવે છે.** ઝીણી વાત છે ભાઈ ! જાણક સ્વભાવ એવો ભગવાન આત્મા તે જ્ઞાયક એ જ્ઞાયક–જાણવાવાળો અને છદ્રવ્ય જ્ઞાનમાં જ્ઞેય–એમ નથી. ( છ દ્રવ્યમાં ) અનંત કેવળી અને સિદ્ધો પણ આવ્યા. અહાહા ! કહે છે કે–જુઓ, જીવ વસ્તુ જ્ઞાયક અને પુદ્‌ગલથી માંડીને –એક પરમાણુંથી માંડીને અચેતન–મહાસ્કંધ–કર્મ આદિ જ્ઞેય–એમ નથી. અહીં તો આત્મા જ્ઞાયક છે અને વ્યવહાર રત્નત્રયનો રાગ ઉત્પન્ન થાય તે જ્ઞેય અને આત્મા જ્ઞાયક–એમ છે જ નહીં. ( સમયસાર ) બારમી ગાથામાં કહ્યું કે– ( રાગ ) જાણેલો પ્રયોજનવાન છે. ત્યાં તે તો જાણે છે પોતાની જ્ઞાન પર્યાયને, તે પર્યાય પોતાનું જ્ઞેય છે. રાગ–જ્ઞેય એ તો વ્યવહારથી કહેવામાં આવ્યું છે. આહા ! બહું ઝીણું ! **( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૨૨૮ )**

[ ૐ ] .... છેલ્લા શ્લોકમાં તો એકદમ ભારે અને આકરી વાતું છે. જ્ઞાનની પર્યાય આત્મા અર્થાત્ જ્ઞાયક અને છ દ્રવ્ય કેવળજ્ઞાનમાં જ્ઞેય છે કે નહીં ? ( વ્યવહારથી ) એ વ્યવહાર છે એનો અર્થ શું ? કે **એમ છે નહીં**. ભગવાન લોકાલોકને જાણે છે– એમ છે નહીં, – એમ કહે છે. ત્યારે શું ? લોકાલોકને જાણતા નથી ? આહાહા ! પોતાની જ્ઞાન પર્યાયમાં, લોકાલોકનું જ્ઞાન પોતાના કારણથી થયું છે એ પર્યાય પોતાનું જ્ઞેય છે, લોકાલોક જ્ઞેય નથી. **( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૨૨૯ )**

[ ૐ ] **જાણપણારૂપ શક્તિમારી, જાણવાયોગ્ય શક્તિ પણ મારી. મારી પર્યાયના જ્ઞાનનું જ્ઞેય હું બનું છું. મારી પર્યાય જ્ઞેય, હું જ્ઞાન અને એવી બે શક્તિમયી જ્ઞાતા, જ્ઞાતા અનંત શક્તિએ બિરાજમાન છે. જાણનશક્તિ એક, જ્ઞેય શક્તિ અર્થાત્ પ્રમેય શક્તિ એક અંદર છે કેમકે દ્રવ્ય-ગુણ-પર્યાય ( ત્રણેય ) માં પ્રમેયશક્તિનું વ્યાપકપણું છે. તો એ પ્રમેય નામ જ્ઞેયરૂપ પર્યાય પણ હું અને અનંત શક્તિસંપન્ન જ્ઞાતા પણ હું, આવી શક્તિમયી જ્ઞાતા, ભાઈ ! તારે પર સામું જોવાનું નથી. બહુ સરસ વાત છે. આ તો વીતરાગની વાણી છે.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભગવાન ત્રિલોકીનાથ સમવસરણમાં બિરાજે છે એ તારું જ્ઞેય અને તું જ્ઞાયક - ( એમ નથી. ) તેનાથી તો તારી જ્ઞાનની પર્યાય થઈ નથી, પણ તેને જાણે છે-એમ પણ નથી. તે સંબંધી પોતાની જ્ઞાન પર્યાયમાં જે જ્ઞાન થયું એ જ્ઞેયને આત્મા જાણે છે. એ જ્ઞેય પણ પોતાનું અને જ્ઞાન પણ પોતાનું અને અનંત શક્તિસંપન્ન જ્ઞાતા પણ પોતે. ( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૨૩૨ )**

[ ૐ ] એ ( પંચ પરમેષ્ઠી ) સંબંધીનું તને જ્ઞાન થયું એ તારી જ્ઞાન પર્યાય જ્ઞેય થઈ તારામાં. કેમકે પ્રમેય નામનો ગુણ તારામાં છે. અને તારું જ્ઞાન તેનું પ્રમાણ કરીને એ પ્રમેયને જાણે છે. પર પ્રમેયને જાણે છે–એમ અહીંયાં છે નહીં– સમજમાં આવ્યું ? **"પરિણમ્ય પરિણામકત્વ" એ શક્તિ એનામાં છે. પરનું જ્ઞેય થવું ને પોતાનામાં પ્રમાણ થવું- એવી એક શક્તિ છે. પર જ્ઞેય થાય છે એ વ્યવહારથી કહ્યું. જ્ઞાન સ્વરૂપ પોતાનું પ્રમાણ થવું અને પરનું જ્ઞાનમાં પ્રમેય થવું-એને વ્યવહાર કહેવામાં આવે છે. એ શક્તિ છે પણ એ વ્યવહાર છે. આહાહા ! તારું પ્રમેય પરના જ્ઞાનમાં આવ્યું-એમ છે નહીં. પરનું પ્રમેય તારા જ્ઞાનમાં આવે છે- એમ છે નહીં.**

**( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૨૩૪ )**

[ ૐ ] **આહાહા ! એ ( લોકો કહે છે ) પરદ્રવ્યનો કર્તા ન માને એ દિગમ્બર જૈન નથી. અહીં તો કહે છે કે-પરનો જાણવાવાળો માને એ દિગમ્બર જૈન નથી. આહાહા ! પ્રભુ ! તારો આવો મારગ છે ! ભગવંત સ્વરૂપ છે પ્રભુ તું ! તારી શક્તિમાં બીજાની જરૂરત નથી. પરને જાણવા માટે પરની જરૂરત નથી. તને જાણવામાં તને તારી શક્તિની જરૂર છે. ( આવું સમજે તો ) હવે આમાં વિષય ને કષાયનો રસ ક્યાં રહે ! વિષય ને કષાયના ભાવ એ પરજ્ઞેય તરીકે છે. એ ( વિકારીભાવો ) જ્ઞેય અને આત્મા જ્ઞાન-એમ છે એમ છે નહીં. આહાહા ! આ ભગવાન જ્ઞાન સ્વરૂપી આત્મા છે ને ? અને આ વિષય-કષાયના પરિણામ થયા તે તેનું જ્ઞેયને આત્મા જ્ઞાનરૂપ-( જાણનાર )-એમ નથી. જ્ઞાનમાં તો એ છે નહીં, પણ એ પરિણામ જ્ઞેય અને આત્મા જ્ઞાન-એમ પણ છે નહીં. આહાહા ! એકેક શ્લોકમાં, એકેક પદમાં શું ગંભીરતા છે !! ( ધ્યેયપૂર્વક જ્ઞેય, પેઈજ નં. -૨૩૫ )**

**અહીંયા 'કેલિ કરે છે' એમ લીધું ને ? "परमकलया" કેવળજ્ઞાન સાથે ક્રિડા કરે છે. આહા ! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય તેનો જ્યાં અનુભવ, દૃષ્ટિ થઈ ત્યારે જેટલી સંખ્યામાં ગુણ છે તેટલી સંખ્યામાં વ્યક્ત થઈ ગયા. જે અંશ પ્રગટ થયો તે પૂર્ણ અંશ સાથે ક્રીડા કરે છે– તેમાં પૂર્ણ કળાને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન છે.**

**( કલશામૃત ભાગ-૩, પેઈજ નં-૪૧૫ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# મોક્ષમાર્ગ પ્રકાશક પ્રવચન ભાગ-૧

[ ૐ ] હજુ તો સર્વજ્ઞ કથિત ધર્મ શું છે! તત્ત્વ શું છે! તે સાંભળવાના દ્વાર પણ અજ્ઞાનીએ બંધ કરી રાખ્યા છે. અજ્ઞાની કહે છે કે— મેં પ્રશંસા સાંભળી, પરંતુ તેણે પોતાની જ્ઞાન પર્યાયને જાણી છે— એ વાત તેને બેસતી નથી. ફૂલ સૂંઘ્યું તેમાં તે તરફની પ્રવૃત્તિ કરતો થકો રાગને જાણ્યો છે. તેને પોતાના જ્ઞાન સ્વભાવની ખબર નહીં હોવાથી તે કહે છે કે–મેં ફૂલ સૂંઘ્યું; પરંતુ ખરેખર ફૂલને નથી સૂંઘ્યું, રાગને નથી સાંભળ્યો; પરંતુ તેને પોતાની જ્ઞાન પર્યાય જે થઈ રહી છે તેમાં પ્રવર્તે છે અને માને છે કે—મેં ફૂલને સૂંઘ્યું છે. અજ્ઞાનીના જ્ઞાને તે તરફ પ્રવૃત્તિ કરીને જ્ઞાન કર્યું છે, પરંતુ **સ્વસન્મુખ** પ્રવૃત્તિ કરીને જ્ઞાન કરતો નથી. મેં પદાર્થનો સ્પર્શ કર્યો, સ્વાદ ચાખ્યો, એ પ્રકારે પર તરફ પ્રવૃત્તિ કરી રહ્યો છે. **( હિન્દી, પેઈજ નં-૨૧૧ )**

[ ૐ ] હું અનાદિ અનંત જ્ઞાન સ્વરૂપ આત્મા છું—એમ અંતર્મુખ જ્ઞાનમાંથી પર્યાય આવે છે અને ( પરમાં—પર્યાયમાં ) અટકે તો રાગ થાય છે. સ્વને જાણતો થકો રાગને જાણવો જોઈએ તેના બદલે એકલા રાગને જાણતો થકો રાગના સ્વાદને લ્યે છે અને માને છે કે– મેં પરનો સ્વાદ લીધો. અજ્ઞાની માને છે કે– મેં નૃત્ય દેખ્યું; પરંતુ ખરેખર તેણે નૃત્ય નથી દેખ્યું. નૃત્ય અને જ્ઞાનની વચ્ચે અત્યંત અભાવ છે. શું જ્ઞાન પર્યાય પોતાનું ક્ષેત્ર છોડીને જ્ઞેયમાં આવે છે ? નહીં. જ્ઞાન પોતાના ગુણથી પ્રગટ થાય છે. અજ્ઞાની તે જ્ઞાન પર્યાયને નહીં દેખતો; હું નૃત્ય દેખું છું—એમ માને છે, પરંતુ એ માન્યતા મિથ્યા છે. તેને ખરેખર નૃત્ય નથી દેખાતું, પરંતુ પોતાની સ્વપર પ્રકાશક સ્વભાવવાળી વર્તમાન જ્ઞાનપર્યાય દેખાય છે.

હું અનાદિ અનંત જ્ઞાન સ્વરૂપ આત્મા છું—એવી માન્યતા નહીં હોવાના કારણે; તે એવું માને છે કે—મેં નૃત્ય જોયું તેને ધર્મ નથી થતો. કેમકે તેને જ્ઞાનની સ્થિતિની ખબર નથી. મેં મારી જ્ઞાન પર્યાયને જોઈ છે અને તે અનાદિ અનંત સ્વરૂપનો અંશ છે— એવું ન માનીને; તે એમ માને છે કે–મારા જ્ઞાને સ્ત્રી, નૃત્ય, હાથી, ઘોડા દેખ્યા. એવું માનવા છતાં તેણે જ્ઞાનમાં જ્ઞાનને દેખ્યું છે—એ વાત ન રહેતાં અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે. **( હિન્દી, પેઈજ નં-૨૧૨ )**

[ ૐ ] જ્ઞાનની સ્વપર પ્રકાશક પર્યાય નૃત્યની પાસે જતી નથી, તે નૃત્યની સામે જોતી નથી. નૃત્યની સામે જોવું એટલે શું ? પર તો પરમાં પરિણમે છે. હવે પોતાના જ્ઞાનમાં પ્રર્વતી રહેલી પર્યાય પોતાને જાણે છે; એમ ન માનીને હું પરને દેખું છું તે માન્યતા મિથ્યા છે. અજ્ઞાની માને છે કે—મેં સ્ત્રી, આંખ, હાથ, ચેષ્ટા આદિને દેખ્યા; પરંતુ ખરેખર તો તેની જ્ઞાનની સ્વપર પ્રકાશક પર્યાય ખીલી છે. તે પર્યાય પણ પર પદાર્થ છે એટલે નથી થઈ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરંતુ અનાદિ અનંત સ્વભાવ છે તેથી પ્રગટ થાય છે. પર છે એટલે નહીં, પરને કારણે નહીં, પર સામે દેખાયું એટલે ( પણ ) નહીં; પરંતુ મારી જ્ઞાનપર્યાય મારાથી પ્રગટ થાય છે— એવું માનવું જોઈએ. **( હિન્દી, પેઈજ નં-૨૧૨, ૨૧૩ )**

[ ॐ ] જેમ લીંબુની ખટાશ, સાકરની મીઠાશ, નિમકની ખારાશ, અફીણનો કડવો સ્વભાવ છે; તેવો જ આત્માનો સ્વભાવ ચૈતન્ય છે. જેમ દર્પણનો સ્વચ્છ સ્વભાવ છે; તેવો જ આત્માનો સ્વચ્છ સ્વભાવ છે. તેમાં પર પદાર્થ પ્રતિભાસે છે, અર્થાત્ પર-પદાર્થ પરમાં છે અને આત્મા તેનાથી ભિન્ન રહીને જાણે છે. આ એક જ સુખી થવાનો ઉપાય છે. જ્ઞાન સિવાય અન્ય કોઈ સુખી થવાનો ઉપાય નથી. **( પેઈજ નં.- ૧૪૯ )**

[ ॐ ] દ્રવ્ય ત્રિકાળી છે, તેના ગુણ પણ ત્રિકાળી છે અને તેની પર્યાય એક સમયની નવી-નવી થાય છે. તેનો ભેદ કર્યા વિના અર્થાત્ ભાગ કર્યા વિના પ્રતિભાસ થાય તેને દર્શન ( ઉપયોગ ) કહે છે. જુઓ ! આ સ્વભાવ સંપદાની વાત કરે છે. સ્વભાવ આવો હોવા છતાં થોડું દેખે છે, થોડું જાણે છે. અને આ વિકાર દશા છે તે તારું સ્વરૂપ નથી એમ કહે છે. **( પેઈજ નં. - ૧૪૯ )**

[ ॐ ] હે આત્મા ! તારી જ્ઞાનની દશા તારા જ્ઞાનગુણનો જ અંશ છે. તે અંશે ગુણનો અનુભવ ન કરતાં 'આ નૃત્ય દેખ્યું, ' -એવું માને છે. ખરેખર તો તને નૃત્ય જાણવામાં નથી આવતું, પરંતુ તારું જ્ઞાન જાણવામાં આવે છે. પર્યાયમાં જ્ઞાન જાણવામાં આવે છે, તો પણ હું નિમિત્તને જાણું છું – એમ અજ્ઞાની માને છે. અજ્ઞાની માને છે કે હું પરને જાણું છું, તોપણ તેને જ્ઞાન પર્યાય સિવાય કંઈ જાણવામાં નથી આવતું. જીવ પોતાને જાણતો પરને જાણે છે- એવું ન માનતાં; હું પરને જાણું છું- તેમ અજ્ઞાની માને છે. જીવ ખરેખર પોતાની સ્વપર પ્રકાશક જ્ઞાન પર્યાયને જાણે છે.

કોઈ નૃત્ય કરતું હોય અને આપણો ઉપયોગ અન્યત્ર હોય તો નૃત્ય દેખાતું નથી. તેથી ખ્યાલ આવે છે કે- તું તારી પોતાની જ્ઞાન પર્યાયને જાણે છે, નૃત્યને જાણતો નથી. છતાં પણ માને છે કે- આ રાગનો મીઠો સ્વર સાંભળ્યો, ત્યારે તે સમયે પોતાની પ્રગટ જ્ઞાન પર્યાયમાં પ્રવૃત્તિ થઈ છે; તો પણ પરને સાંભળ્યું એવું માને છે તે **પર સન્મુખદશા** અધર્મ છે. સ્વ સન્મુખ થઈને જ્ઞાન કરવું તે જ ધર્મ છે. **( પેઈજ નં.- ૨૧૦ થી ૨૧૧ )**

[ ॐ ] જ્ઞાનની વર્તમાન પર્યાય સ્વભાવમાં પરિણતિ થકી નૃત્યને સ્પર્શતી નથી. તે નૃત્યની સામે દેખતી નથી. તારી સત્તામાં- તારા અસ્તિત્વમાં પ્રવર્તે છે. તારું અસ્તિત્વ છોડી બહાર ગયું નથી. ભગવાન ! તારા જ્ઞાન સ્વભાવ નૃત્યના અભાવપણે વર્તતો થકો પોતાના ભાવરૂપે પરિણમે છે. જો રૂપી પર્યાય અહીં આત્મામાં આવે તો આત્મા રૂપી થઈ જાય છે. પરંતુ આત્માનું જ્ઞાન અરૂપી છે. તે સ્વના અસ્તિત્વમાં સ્વના સામર્થ્યથી જ જાણે છે. આ વસ્તુ સ્થિતિની અજ્ઞાનીને ખબર નથી. પોતાનામાં રહીને પોતામાં જ્ઞાન પર્યાય થાય છે- એમ ન માનતાં, મેં આ નૃત્ય જોયું તેમ માને છે- એ મિથ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

માન્યતામાં હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ– એ પાંચે પાપ આવી જાય છે. હું અનાદિ અનંત જ્ઞાનવાન છું– જે એમાં પ્રવર્તતી જ્ઞાન પર્યાયના સામર્થ્યને નથી માનતો અને હું પરને જાણું છું– એવું માને છે તે પોતાના અસ્તિત્વને ઉડાડે છે. આ જીવ ખરેખર નૃત્યને જાણતો નથી. જો તે ખરેખર નૃત્યને જાણે તો નૃત્ય જ્ઞાનમાં આવી જાય અને તો જ્ઞાનરૂપી થઈ જાય. (પેઈજ નં.-૨૧૩)

[ ૐ ] મેં સ્વર સાંભળ્યો – એમ અજ્ઞાની કહે છે. સ્વર જડ છે, નિંદા અને પ્રશંસાના શબ્દ જડ છે; તેથી ખરેખર રાગને કે સ્વરને સાંભળ્યો નથી, પરંતુ તે ક્ષણની સ્વપરની સામર્થ્યરૂપ શક્તિને જાણી છે. શબ્દનો સ્પર્શ કર્યા વિના, શબ્દની **સન્મુખ** દેખ્યા વિના પોતાના સામર્થ્યથી સાંભળે છે. જો તે શબ્દ કે રાગ જ્ઞાનમાં આવે તો તો જ્ઞાન જડ થઈ જાય. અને જ્ઞાન સ્વરમાં જાય તો જ્ઞાન અને સ્વર એક થઈ જાય. જો જ્ઞાન સ્વરને જાણે તો જ્ઞાનની હૈયાતિ (અસ્તિત્વ) ન રહે. સ્વ–પર પ્રકાશક સામર્થ્ય પોતાનું છે અને તે નિશ્ચયથી છે. જ્ઞાન પરને જાણે છે એમ કહેવું વ્યવહાર છે. અજ્ઞાની કહે છે કે– "મેં આ નિંદા સાંભળી, મારો યશ ગવાય છે તેને હું સાંભળું છું." અરે ભાઈ! તે સમયે તારું અસ્તિત્વ છે કે નહીં? કે એના અસ્તિત્વને તું સાંભળે છે? તું જ તારી જ્ઞાન પર્યાયને જાણી રહ્યો છો અનાદિ અનંત જ્ઞાન સ્વરૂપ છે તેની જ્ઞાન પર્યાયનું પ્રવર્તન થઈ રહ્યું છે– એમ ન માનતાં, હું પરને જાણું છું એમ માનવું અધર્મ છે. હું શબ્દને સાંભળું છું અર્થાત્ પરને સાંભળું છું કે સ્વને? સ્વને છોડીને પરને સાંભળું છું, મને નૃત્ય અને રાગમાં મજા આવે છે– એવું માનવાવાળાને જ્ઞાન અને આનંદ બન્નેના સંબંધમાં ભૂલ છે.

પંડિતજીએ કેવી શૈલીથી વાત કરી છે!! વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. (અજ્ઞાની) સ્વના સામર્થ્યને નહીં માનતો થકો– 'મેં ફૂલ સૂંઘ્યું' એમ માને છે. ફૂલ તો જડ છે, અજીવ–મૂર્તિક છે. તેની પર્યાય મૂર્તિક છે. આત્માનું જ્ઞાન મૂર્તને સૂંઘતું નથી. તે મૂર્ત તરફ જઈને જાણતું નથી; પરંતુ અમૂર્ત તરફ રહીને પોતાને જાણે છે. પરંતુ અજ્ઞાની પોતાના જ્ઞાન સ્વભાવની સામર્થ્યને નહીં જાણતો થકો, 'હું પરને જાણું છું' – એવી માન્યતાને કારણે પરની રુચિને છોડતો નથી.

અહો! પૂર્વાચાર્યોએ જે કહ્યું તે અનુસાર પંડિત ટોડરમલજી કહે છે.

હું જ્ઞાન સ્વભાવી આત્મા છું, તેમ જ્ઞાનનો અનુભવ અજ્ઞાનીને નથી. અહીં કહે છે કે– તે જ્ઞાન ગંધને નથી જાણતું... પરંતુ જ્ઞાનને જાણે છે. સામે જ ફૂલોનો ગજરો હોય છતાં તે પ્રકારનું જ્ઞાન ન હોય તો તે જ્ઞાત થતું નથી, આથી જ્ઞાનનું જ્ઞાન થાય છે. છતાં પણ પદાર્થનું જ્ઞાન થયું, પુરુષનું જ્ઞાનથયું, ફૂલની સુગંધનું જ્ઞાન થયું– એવું માનવું તે વિપરીત માન્યતા છે. આત્મા સુગંધને સ્પર્શતો નથી, જ્ઞાન પર્યાય સુગંધ તરફ ગઈ નથી પરંતુ પોતાના જ્ઞાનમાં રહી છે. જ્ઞાનને જાણતાં થકા ફૂલને જાણ્યું છે– એમ નહીં માનીને; એકાન્ત ફૂલને જાણું છું– એમ માનવું વિપરીત શ્રધ્ધા જ્ઞાન આચરણ છે.

હું જ્ઞાન સ્વભાવી આત્મા છું– એમ ન માનતાં, મેં પર પદાર્થને સ્પર્શ કર્યો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ માને છે. અરૂપી આત્મા સ્પર્શને અડતો નથી. આ પદાર્થ સોહામણો છે, આ પદાર્થ પસંદ છે એમ અજ્ઞાની માને છે. અજ્ઞાનીને પોતાના જ્ઞાનનો અનુભવ નથી અને તે જ્ઞાન પોતાના સામર્થ્યથી પોતાનામાં પ્રવર્તે છે– એમ ન માનતાં, પદાર્થને અડયો– એમ માને છે. ભાઈ ! તારું અસ્તિત્વ, તારી દશા જ્ઞાન પર્યાય છે. શું જ્ઞાન સ્પર્શને અડે છે ? નહીં. જ્ઞાન છે માટે સ્પર્શને આવવું પડે છે ? નહીં. તો સ્પર્શને કારણે જ્ઞાન છે ? નહીં. જ્ઞાન સ્પર્શને અડતું નથી અને સ્પર્શ જ્ઞાનને અડતું નથી. માટે સ્પર્શને જાણ્યું એમ કહેવું ઉપચાર છે.

અહીં બે વાત કરે છે. વિષયોમાં સ્વાદ નથી પરંતુ જીવ પોતાના રાગનો સ્વાદ લ્યે છે. તેને સ્પર્શાદિક વિષયોનો સ્વાદ નથી. તાત્પર્ય એ છે કે– જીવમાં સ્પર્શાદિ પદાર્થોનો અભાવ છે તેથી તું તેને અડતો નથી **પરંતુ તેને જાણે છે- એમ કહેવું એ પણ ઉપચાર છે. પોતાના સ્વભાવથી તું જ્ઞાનને જાણે છે.** જ્ઞાનને જાણતો થકો પરને જાણે છે; તો પણ એકાન્ત– 'હું પરને જાણું છું' એમ કહે તે જ્ઞાનમાં ભૂલ કરે છે.

જગત ભ્રમ નથી, જગત જગત રૂપથી છે; પરંતુ જ્ઞાન જગતને સ્પર્શતું નથી. બધા પોત પોતાના કારણથી છે. 'મેં જગતને દેખ્યું' તું એમ માને છે પરંતુ શું તું જગતરૂપ થઈ ગયો છે ? તે વસ્તુઓના કારણે જ્ઞાન નથી અને ન જ્ઞાનના કારણે તે વસ્તુઓ છે. **ખરેખર તો જ્ઞાન તે વસ્તુઓને જાણતું નથી. પોતાને જાણતો થકો ઉપચારથી જગતને જાણે છે.**

અજ્ઞાનીને પોતાના અસ્તિત્વની ખબર નથી, પરના અસ્તિત્વની ખબર નથી અને સ્વપરની ભિન્નતાની ખબર નથી. આ પ્રમાણે ભેદજ્ઞાન વિના તેને ધર્મ થતો નથી. મેં દૂધપાક, શીખંડ, રસગુલ્લા, ગુલાબજાંબુ ને જાણ્યા– એવું કહેવું તે વ્યવહાર છે. શું તું પરમાં પ્રવર્તે છે ? ખરેખર તેં સ્વાદને જાણ્યો નથી, પોતાને અને પરને જાણવાનો તારો જ્ઞાન સ્વભાવ તારામાં છે. **પરને જાણે છે - એમ કહેવું તે ઉપચારનું કથન છે. જ્ઞાન જ્ઞાનનું છે, જ્ઞાનમાં પોતાને જાણવાનો સ્વભાવ છે, છતાં સ્વાદને જાણ્યો એમ કહેવું તે ઉપચાર છે. તો પણ અજ્ઞાની ઉપચારને યથાર્થ માની લ્યે છે. પર વસ્તુ જ્ઞાત થવા સમયે, મને મારી જ્ઞાન પર્યાય જણાય છે - એવું ન માનતો, 'હું પરને જાણું છુ'- એમ માનીને તેં અવાસ્તવિકતા ઊભી કરી છે.**

જ્ઞાન અને સ્વાદની વચ્ચે મોટું ભારે અંતર છે. પદાર્થ નજીક અથવા દૂર તે તો આકાશના ક્ષેત્રની અપેક્ષાથી છે. જ્ઞાન તથા પદાર્થમાં અત્યંત અભાવ છે, બન્ને સદા દૂર જ છે. તું તારા જ્ઞાન સ્વભાવના અસ્તિત્વને પર પ્રવૃત્તિમાં મેળવી દે છે અને પરને કારણે તારી પ્રવૃત્તિ છે એમ તું માને છે– પરંતુ એ વાત સત્ય નથી. **જો તારું વર્તમાન જ્ઞાન તારા કારણે ન હોય તો - પરને જાણ્યું એ ઉપચાર પણ સંભવતો નથી.**

**( પેઈજ નં. ૨૧૩ થી ૨૧૫ )**

[ ૐ ] આત્માએ મીઠા પદાર્થને નથી જાણ્યો. સ્વને જાણતો થકો પરને ઉપચારથી જાણે છે. **અનારોપ વિના આરોપ ક્યાંથી આવે ?** મીઠાની પર્યાયના અભાવરૂપ રહેતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને પોતાના ભાવમાં રહેતો થકો, હું મને જાણું છું એમ ન માનતો; પરને જાણું છું તેમ અજ્ઞાની માને છે. **( પેઈજ નં. - ૨૧૬ )**

[ ૐ ] ( અજ્ઞાની ) જ્ઞેયમિશ્રિત જ્ઞાન કરે છે પરંતુ તે જ્ઞેયમિશ્રિત થયો નથી. આવા જ્ઞેયમિશ્રિત જ્ઞાનથી વિષયોની જ પ્રધાનતા ભાસિત થાય છે. મારી જ્ઞાન પર્યાય મારાથી જ પ્રવર્તે છે એવું ભાસિત નથી થતું પરંતુ વિષયોથી જ્ઞાન પર્યાય પ્રવર્તે છે એવું ભાસિત થાય છે. આને જાણ્યું, ફૂલને સૂંઘ્યું આ રીતે પરને પ્રધાનતા આપે છે. કલ્પનામાં જ્ઞેય અને જ્ઞાનને મિશ્રિત કરે છે. **પાંચ ઇન્દ્રિય તેમજ મનના વિષયોને** પોતાનામાં એકમેક કરે છે. આ વસ્તુ હોય તો જાણવામાં આવે, તેથી તે વસ્તુઓને મેળવવા ઈચ્છે છે. પરને મેળવવા ઈચ્છે છે, પરને જાણવા ઈચ્છે છે; પરંતુ પોતાને જાણવા ઈચ્છતો નથી, પોતાને તેનાથી ભિન્ન માનતો નથી. જ્ઞેય મિશ્રિત જ્ઞાનથી તે વસ્તુઓની મુખ્યતા ભાસે છે, પરંતુ હું જાણવા–દેખવાવાળો છું એવું ભાસિત થતું નથી... તેથી ભગવાન આત્મા પૂરો રહી જાય છે. કોઈ કહે કે– 'હું' બાગમાં ન હતો અને બાગને દેખ્યો તો તે ખોટો છે. તેમ નૃત્યને જાણવામાં, સુગંધને જાણવામાં 'હું' ન હતો અને મેં નૃત્યને દેખ્યું તો તેનું આ કહેવું ખોટું છે. પોતાના અસ્તિત્વ વિના 'આ વસ્તુ છે' તેમ દેખ્યું કોણે ? તથા અજ્ઞાનીને વિષયોનો સ્વાદ નહીં આવવા છતાં પણ રાગના સ્વાદને પરનો સ્વાદ માનીને બેઠો છે.

જ્ઞાનની પર્યાય પોતાની છે અને કમજોરીનો રાગ પણ પોતાનો છે છતાં પણ જ્ઞાન પરનું છે અને વિષયોનો સ્વાદ આવે છે– એવું અજ્ઞાની માને છે, પરંતુ જો એમ માને કે રાગનો સ્વાદ આવે છે અને **જ્ઞાન મારું છે તો તે જ્ઞાન વિષયોની તરફથી ખસી અને સ્વ સન્મુખ થવાનો પ્રસંગ આવે અને રાગ ઘટીને અંતર સ્થિરતાનો પ્રસંગ આવે. ખરેખર આત્માએ વિષયોનું ગ્રહણ નથી કર્યું, આત્મા વિષયોનો સ્વાદ નથી લેતો; આત્માએ ખરેખર વિષયોને જાણ્યા પણ નથી; પરંતુ આત્માને જ જાણ્યો છે અને રાગનો સ્વાદ લીધો છે એમ નિશ્ચિત કરે તો સ્વસન્મુખ થાય.**

આ જીવને વિષયોની ઈચ્છા એટલે થાય છે કે– તેને વિષયોનો સ્વાદ આવે છે એવું માને છે; તથા તેને જાણું છું એવું તે માને છે; એ કારણે સ્વને જાણવા અને સ્વનો સ્વાદ લેવાની તરફ તે ફરતો નથી. તેને વિષયોની જ પ્રધાનતા ભાસે છે. આ પ્રકારે મોહના નિમિત્તથી આ જીવને વિષયોની ઈચ્છા થાય છે. **( પેઈજ નં.- ૨૧૬-૨૧૭ )**

[ ૐ ] ખરેખર વિષયોમાં સ્વાદ નથી અને એ કારણે જ્ઞાન નહીં હોવા છતાં પણ અજ્ઞાનને કારણે ત્રણકાળના પદાર્થો તરફની ઈચ્છા થઈ અને પોતાની પર્યાય પરને જાણવામાં રોકાઈ ગઈ તે મિથ્યાદૃષ્ટિ ( છે ). 'મેં નૃત્ય દેખ્યું' એ પ્રકારે વર્તમાન જ્ઞાન પરમાં રોકાયેલું હોવાથી તે સમસ્ત પર પદાર્થોને સ્પર્શ કરી લઉં, સર્વનો સ્વાદ લઉં એવું એની માન્યતામાં રહે છે. સર્વને સૂંઘૂં, સર્વને સાંભળું અને સર્વને જાણું એવી તેની તીવ્ર ઈચ્છા છે. એક પદાર્થનો થોડો સ્વાદ આવ્યો એવું માન્યું તેથી સર્વ પદાર્થોનો સ્વાદ લેવા ઈચ્છે છે. તેથી બધાને દેખૂં અને બધાને સાંભળું એવી ઈચ્છા કરે છે. પોતે જ્ઞાનસ્વભાવી આત્મા છે તેની તેને પ્રતીતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. 'બધાને જાણું' એવી માન્યતામાં ચૈતન્ય સ્વયં ( જાણવાનો ) રહી ગયો. સમસ્ત પદાર્થોને જાણું એવી ઈચ્છા વર્તે છે, આટલી બધી ઈચ્છા છે. અજ્ઞાનીને એટલી બધી વ્યગ્રતા છે કે– બધાનો સ્વાદ લઈ લઉં, પરંતુ શકિત અલ્પ છે. ઇન્દ્રિયોની **સન્મુખ** વર્તમાન થઈ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દમાંથી કોઈનું કિંચિત્ જાણવું થાય છે અથવા સ્મરણાદિક દ્વારા મનથી કિંચિત્ જાણવું થાય છે તે પણ અનેક કારણો મળ્યાથી સિદ્ધ થાય છે– આવી પરાધીનતા હોવાથી તેની ઈચ્છા કોઈ કાળે પૂર્ણ થતી નથી.

આ બધાનો સાર એ છે કે– તારો પરને જાણવાનો રસ્તો અને પરમાં સ્વાદ માની રાગનો સ્વાદ લેવાનો રસ્તો શાંતિનો નથી, તેનાથી તું દુઃખી થઈ રહ્યો છે. વિષયોનો સ્વાદ નહીં અને વિષયોનું જ્ઞાન નહીં, પરંતુ રાગનો સ્વાદ છે અને જ્ઞાનનું જ્ઞાન છે. વિષય પર છે અને રાગ ક્ષણિક છે, તે સ્વભાવમાં નથી; અને જ્ઞાન પર્યાય જ્ઞાન સ્વભાવવાનની છે– આ પ્રકારે રાગરહિત નિત્ય જ્ઞાન સ્વભાવીની દૃષ્ટિ થાય. આવું સમજે તો નિમિત્તબુદ્ધિ અને રાગબુદ્ધિ છૂટીને સ્વભાવબુદ્ધિ થાય, ધર્મ થાય.

આત્મા જ્ઞાન સ્વભાવી છે, અનાદિ અનંત છે. તેની વર્તમાન પર્યાયની રુચિ સ્વમાં હોય તો પરને ન જાણતો તે સ્વને જાણે છે– એમ માને. બીજું પરનો સ્વાદ ન માનતાં રાગનો સ્વાદ આવે છે– એમ માને તો તેને રાગની અધિકતા તૂટી જાય છે અને અંશી જ્ઞાન સ્વભાવની સાથે સંધિ હોવાથી તેને રાગની ગૌણતા થઈ જાય છે અને અનાકુળ સ્વભાવની અધિકતા થઈ જાય છે. આવું થતાં – હું પરને જાણું છું એ વાત રહેતી નથી. હું પરનો સ્વાદ લઉં છું એ વાત પણ રહેતી નથી.

**જો કોઈ એમ કહે કે લોકાલોક છે માટે જ્ઞાન પર્યાય જાણે છે તો પોતાનો સ્વપર પ્રકાશક સ્વભાવ જ સિદ્ધ થતો નથી. અને જો એમ માને કે - જગતમાં નિમિત્ત જ નથી તો સ્વપર પ્રકાશક જ્ઞાનનું સામર્થ્ય પોતાનું છે - એ વાત રહેતી નથી તો પોતાનો આત્મા પણ રહેતો નથી.**

પહેલાં એ નક્કી કરાવે છે કે– આ ભૂલ થઈ રહી છે. સામે પર વસ્તુ હોય તો મારામાં પર પ્રકાશક સામર્થ્ય છે– એમ અજ્ઞાની માને છે. શું લોકાલોક છે એ કારણે પરપ્રકાશક સામર્થ્ય છે? નહીં, એમ નથી.

જો જ્ઞાન જ જાણે છે તો લોકાલોક રહેતું નથી– એવું કોઈ કહે તો તેનું સમાધાન– આત્માનું સ્વપર પ્રકાશક સામર્થ્ય નિશ્ચય છે. તે નિશ્ચય એમ કહે છે કે– જગતમાં મારાથી અન્ય વસ્તુઓ અનંત છે. આ ન માને તો પોતાની પર્યાયનું જે સ્વપર પ્રકાશક સામર્થ્ય નિશ્ચય છે તે પણ રહેતું નથી. અને આવું થતાં તેને જ્ઞાનગુણ અને આત્મદ્રવ્ય પણ રહેતું નથી.

જેમ દર્પણમાં કેરી, નાળિયેર, જામ્બુ આદિ જાણવામાં આવે છે તે દર્પણની પર્યાય છે. ત્યાં દર્પણમાં કેરી આદિ આવી ગયા નથી... છતાં પણ દર્પણની સામે કેરી આદિ છે જ નહીં – એમ કહે તો દર્પણની સ્વપર સ્વચ્છત્વ શક્તિ રહેતી નથી. કેરીને બતાવનારું દર્પણનું સામર્થ્ય તો નિશ્ચય છે. તે માનવામાં ન આવે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સામેવાળી વસ્તુ તેના પોતાના કારણે છે એ વાત રહેતી નથી. અને તેને નહીં માનવાથી દર્પણનો જે સ્વચ્છ સ્વપર પ્રકાશક સ્વભાવ રહેતો નથી.

ઉપાદાન–નિમિત્ત તે બન્ને વસ્તુઓ છે, પરંતુ ઉપાદાનમાં કાર્ય થાય છે એટલે નિમિત્તને આવવું પડે છે– એમ નથી. અને નિમિત્ત છે એટલે ઉપાદાનમાં કાર્ય થાય છે– એમ પણ નથી. બન્ને પોત પોતાને કારણે સ્વતંત્ર છે એ સિદ્ધાંત અહીં પણ ઊભો રહે છે.

દર્પણ દર્પણને જ બતાવે છે અને અન્ય વસ્તુઓ સ્વયં પોતાને કારણે છે– એમ દર્પણ બતાવે છે. તેમજ ચૈતન્યબિંબ આત્માની પર્યાય છે તેનો સ્વપર પ્રકાશક સ્વભાવ નિશ્ચયથી છે. તે પરને જાણે છે એમ કહેવું તે અસદ્‌ભૂત ઉપચાર છે. પરંતુ પર પ્રકાશક સ્વભાવ વ્યવહારથી છે એમ કહે તો પરપ્રકાશક સ્વભાવ રહેતો નથી. અર્થાત્ સ્વભાવ સ્વપર પ્રકાશક પૂર્ણપણે સાબિત થતો નથી. તેથી પરપ્રકાશક સ્વભાવ આત્માનો નિશ્ચયથી છે.

જ્ઞાન પર્યાય સ્વને જાણે અને સ્વના સામર્થ્યથી પરને ન જાણે તો સ્વપર પ્રકાશક સામર્થ્ય ઉડી જાય છે. અને સ્વપર પ્રકાશક જ્ઞાનને કારણે લોકાલોક છે– એમ માને તો નિમિત્તની નિરપેક્ષતા સાબિત થતી નથી.

વસ્તુ સ્વભાવ ધર્મ છે. આત્માનો સ્વભાવ મુખ્યપણે જ્ઞાન છે, તેનું યથાર્થ ભાન થવું તે ધર્મ છે. તે જ્ઞાનમાં સ્વપર પ્રકાશક સ્વભાવનો ઈન્કાર કરે તો પોતાના સ્વભાવનો નકાર થાય છે. અને અન્ય પદાર્થોનો નકાર કરે તો પોતાના સામર્થ્યનો નકાર થાય છે. અન્ય વસ્તુઓને કારણે તે સ્વભાવ નથી, પરંતુ પોતાના જ કારણથી છે.

અજ્ઞાની કહે છે કે– મેં આડું દેખ્યું અથવા ઊંચુ દેખ્યું તેથી આ પદાર્થ દેખાયો; પરંતુ એમ છે જ નહીં. પર્યાયમાં સ્વપર પ્રકાશક સામર્થ્ય છે તે પૂર્વના કારણે નથી તેમજ ભવિષ્યના કારણે નથી, તે અન્ય ગુણોના કારણે નથી, પર પદાર્થોને કારણે નથી, પરંતુ પોતાના જ સામર્થ્યના કારણે છે. આ પ્રમાણે સ્વપર પ્રકાશક સ્વતંત્ર પર્યાયનો સ્વીકાર કરે તો સ્વભાવવાન આત્માનો સ્વીકાર થાય છે.

**સ્વપર પ્રકાશક સ્વભાવ નિરપેક્ષ છે... અને લોકાલોક નિરપેક્ષ છે. બન્ને પોત પોતાના કારણે નિરપેક્ષ છે - એમ સાબિત કરી અને પછી સાપેક્ષતા લાગુ પડે છે, તેના વિના સાપેક્ષતા લાગુ પડતી નથી.**

**.....પ્રત્યેક આત્મા ચૈતન્ય રત્ન છે. તેની એક પર્યાયની હોંશમાં સંસાર છે. જ્ઞાનની પર્યાય સ્વપર પ્રકાશક સામર્થ્યવાળી છે. તેમાં પર પદાર્થના અભાવનું પોતામાં જ્ઞાન અને સ્વ પદાર્થના સદ્‌ભાવનું પોતાનામાં જ્ઞાન છે. પરના અભાવરૂપનું નાસ્તિપણે પરિણમન તે પોતાના કારણથી છે અને સ્વની અસ્તિરૂપ પરિણમન પણ પોતાના કારણથી છે. આત્મા અનંત પર પદાર્થોથી નાસ્તિરૂપ છે, એવા અનંત પદાર્થોના નાસ્તિપણાનો ભાવ તે પોતાનો ભાવ છે, તે પરનો ભાવ નથી, પરને કારણે નથી - એવું સમજે તો સ્વસન્મુખ થઈને ધર્મ પ્રગટ થાય. ( પેઈજ નં. ૨૧૮ થી ૨૨૨ )**

[ ૐ ] પ્રશ્ન – સ્વપર પ્રકાશક સ્વભાવમાં બેપણું આવ્યું કે એકપણું ?

ઉત્તર – શક્તિ એક છે, એક પર્યાયમાં અખંડપણું છે, બેપણું નથી. સ્વપર પ્રકાશક

સામર્થ્યનું એકપણું છે. ભેદ કરીને બેપણું કહેવાય છે.

અજ્ઞાની માને છે કે હું પર પદાર્થને કરું છું અથવા જાણું છું. અહીં કહે છે કે – પરને કરવારૂપ તારી તાકાત નથી. પરંતુ પર પદાર્થ તેના કારણે આવે છે અને જાય છે, તેને જાણવાં તે અસદ્‌ભૂત ઉપચાર છે. પરમાં **તન્મય** થયા વિના આત્મા સ્વ સામર્થ્યથી પરને જાણે છે. તેમ છતાં આત્મા પરને કરે છે – એમ માનવું તે તો સ્થૂળ અજ્ઞાન છે.

આત્મામાં ત્રિકાળને જાણવાનો સ્વભાવ છે – એવી ખબર નથી, તેથી અજ્ઞાની ગુલાંટ ખાઈ ગયો છે. હું બધાને સ્પર્શ કરું, હું બધાનો સ્વાદ લઉં, હું બધાને સૂંઘું, બધાને દેખું અને બધાને સાંભળું તથા બધાને જાણું– એ પ્રકારે પરને જાણવાની અને ભોગવવાની ઈચ્છા તો અનંત છે, પરંતુ વર્તમાન શક્તિ તો અત્યંત અલ્પ છે અને તે પણ બાહ્ય કારણોના મળવાથી પ્રગટ થાય છે, તેથી તેની ઈચ્છા કોઈ કાળમાં પૂર્ણ થતી નથી. કારણકે ઈચ્છા તો કેવળજ્ઞાન થવાથી જ પૂર્ણ થાય છે. અર્થાત્ કેવળજ્ઞાન થતાં ઈચ્છાનો અભાવ થઈ જાય છે.... **( પેઈજ નં. ૨૨૨ - ૨૨૩ )**

[ ૐ ] ખરેખર જીવે આ જગતને જાણ્યું નથી. જો જીવ ખરેખર જગતને જાણે તો જગત અને જીવ એક થઈ જાય. તારું જ્ઞાન જો માનસ્થંભને જાણે તો તારું જ્ઞાન તેમાં ચાલ્યું જાય, તો તું અને માનસ્થંભ એક થઈ જાવ. તેથી ખરેખર જીવ પોતાની જ્ઞાન પર્યાયને જ જાણે છે, ખરેખર માનસ્થંભ આદિ પર વસ્તુને જ્ઞાન જાણતું નથી. **( પેઈજ નં. ૨૨૩ )**

[ ૐ ] .....વર્તમાન જ્ઞાનની યોગ્યતા જ એવી છે કે તે સ્વને ન જાણતાં નિમિત્તને જાણવાનું કામ કરે છે, એટલે જ્ઞાન યથાર્થ કામ કરે છે – એવી કોઈ દલિલ કરે તે વાત પણ ખોટી છે. ભાઈ ! તે જ્ઞાન પર્યાય સ્વયં પોતાને તો જાણે છે અને પોતાને જાણતી થકી ઇન્દ્રિયો અને નિમિત્તને જાણી લ્યે છે. જ્ઞાનની સ્વપરને જાણવાની તાકાત છે– એમ ન માનતાં; ઇન્દ્રિયજનિત જ્ઞાન પરને વિષય કરીને મિથ્યાદર્શનના કારણે ઈચ્છા સહિત બનીને દુઃખનું કારણ બને છે.

આત્મ વસ્તુ ત્રિકાળ છે, તેનો જ્ઞાનસ્વભાવ પણ ત્રિકાળ છે. તેની વર્તમાન પર્યાય નવી નવી પ્રગટ થાય છે. તેની યોગ્યતા અનુસાર જે જ્ઞાન અવસ્થા થઈ તેમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનું પોતાનું યથાવત્ જ્ઞાન થઈ શકે છે. ભલે અલ્પજ્ઞ અવસ્થા હોય તો પણ સ્વદ્રવ્યને, ગુણને તથા પોતાની અલ્પજ્ઞ પર્યાયને, રાગને, નિમિત્તને તથા ઇન્દ્રિયોને જાણવાની તાકાતવાળો છે; પરંતુ મિથ્યાદર્શનને કારણે સ્વદ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવાને બદલે જ્ઞાનને પરનો જ જાણવાવાળો માની બેઠો છે.

પર્યાયમાં સ્વપર પ્રકાશક જ્ઞાનની તાકાત હોવા છતાં પણ મિથ્યાદર્શનને કારણે જ્ઞાનને પરમાં– રાગમાં રોકે છે અને ઇન્દ્રિયોને પુષ્ટ કરવા માગે છે, પરંતુ પોતામાં એકાગ્ર થઈને સ્વને વિશેષ જાણતો થકો પરને વિશેષ પ્રકારથી જાણી શકે છે– એમ તે નથી માનતો તેથી બહારમાં રોકાઈ જાય છે.

હવે સાચી સમજ કરીને વિપરીતતાને ટાળે તો તે પર્યાય મારી છે, સ્વ અને પરને

જાણવાની તાકાતવાળી છે – એવું જ્ઞાન હોય અને સ્વમાં વિશેષ લીન હોતાં સ્વને જાણવાનો ઉઘાડ વિશેષ થઈને પર પદાર્થને જાણવાનો ઉઘાડ પણ વિશેષ ઉઘડે, રાગ ઘટે, આસક્તિ ઘટે અને બાહ્ય વિષયોને મેળવવાની ઈચ્છા પણ ઘટી જાય અને શાંતિને પ્રાપ્ત કરે.

**અહીં કહે છે કે જ્ઞાનનો ઓછો ઉઘાડ દુ:ખનું કારણ નથી, પરંતુ જ્ઞાન પરમાં અને રાગમાં રોકાઈ ગયું અને તે જ્ઞાન જેટલો પરને જાણવાવાળો માનવો તે જ દુ:ખનું કારણ છે. સ્વજ્ઞેયને પકડવાથી સ્વપર બન્નેને જાણવાનો ઉઘાડ વધી જાય છે. સ્વભાવને પુષ્ટ કરે તો તેનાથી પરને જાણવાનો ઉઘાડ સહજ વધી જાય છે. આવું ન કરતાં પરમાં રોકાઈને બાહ્ય ઉપાય કરે છે તે- મિથ્યા છે.**

**પોતાની જ્ઞાન પર્યાયને પોતામાં રોકવાથી સ્વપર પ્રકાશક જ્ઞાન સ્વભાવ ખીલે છે... અને વિશેષ લીનતા થતાં રાગ ઘટી જાય છે અને ક્રમે ક્રમે વીતરાગ દશા પામી સર્વજ્ઞદશા પ્રાપ્ત કરે છે, તે જ પોતાનું વાસ્તવિક ગૃહપ્રવેશ છે. ( પેઈજ નં. ૨૩૧-૨૩૨ )**

[ ૐ ] **દુ:ખનું લક્ષણ આકુળતા છે અને આકુળતા ઈચ્છા થવાથી થાય છે... ચાર પ્રકારની ઈચ્છાઓ...**

**... એક ઈચ્છા તો વિષય ગ્રહણની છે તેનાથી એ દેખવા-જાણવા ઈચ્છે છે. જેમ કે વર્ણ દેખવાની, રાગ સાંભળવાની, અવ્યક્તને જાણવાની ઇત્યાદિ ઈચ્છા થાય છે. ત્યાં અન્ય કોઈ પીડા નથી. પરંતુ જ્યાં સુધી દેખતો જાણતો નથી ત્યાં સુધી તે મહાવ્યાકુળ થાય છે. આ ઈચ્છાનું નામ વિષય છે. ( પેઈજ નં. ૩૧૬ )**

[ ૐ ] હે જીવ ! "ઈચ્છા બધું ખોવે છે, ઈચ્છા દુ:ખનું મૂળ છે," તારો આત્મા સ્વભાવથી જ જાણવા-દેખવાવાળો છે- તેને જાણવાથી બધું જાણવામાં આવી જાય છે. છતાં તું એ સ્વભાવને નથી જાણતો અને બહારના વિષયોને જાણવાની આકુળતા કરે છે- તે દુ:ખ છે. **( પેઈજ નં. - ૩૧૮ )**

[ ૐ ] ભગવાનના જ્ઞાનમાં બધી વસ્તુઓ પોત પોતાનાં સ્વભાવ સહિત પ્રત્યક્ષ ભાસિત થાય છે. તેમાં પોતાને કંઈ પણ અનિષ્ટ નથી રહેતું- તે કારણે ભગવાનને જુગુપ્સા હોતી નથી. વળી આત્માનો અતીન્દ્રિય આનંદ પ્રગટ થઈ ગયો છે. તેથી કામ પીડા નથી; તે કારણે સ્ત્રી-પુરુષની સાથે રમવાની ઈચ્છા નથી. અર્થાત્ ત્રણ પ્રકારના વેદ નથી. આ પ્રમાણે ભગવાનને મોહની ઉત્પત્તિના કારણોનો અભાવ હોવાથી તેને દુ:ખ નથી. **( પેઈજ નં. - ૩૩૦ )**

[ ૐ ] **... અહીં પ્રશ્ન છે કે - કેવળજ્ઞાન વિના સર્વ પદાર્થ યથાર્થ ભાસિત થતા નથી અને યથાર્થ ભાસિત થયા વિના યથાર્થ શ્રધ્ધાન થતું નથી, તો પછી મિથ્યાદર્શનનો ત્યાગ કેવી રીતે બને ? ...** હવે અહીં શિષ્ય પ્રશ્ન કરે છે- તત્ત્વ તો અનંત છે, તે બધા પદાર્થો ( તત્ત્વાર્થો ) નું જ્ઞાન તો કેવળજ્ઞાન વિના થતું નથી અને કેવળજ્ઞાન વિના સર્વ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ ભાસ્યા વિના તેનું યથાર્થ શ્રધ્ધાન પણ ક્યાંથી થાય ? તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાદર્શનનો ત્યાગ પણ કેવી રીતે સંભવે ? ( પેઈજ નં. ૩૩૮ )

**[ ૐ ] આત્માનું પ્રગટ જ્ઞાન આત્મ સન્મુખ ઝૂકે તો તેને સમ્યક્ કહેવાય છે અને પરથી મને નુકશાન છે, વિકારથી મને લાભ છે - એમ જાણીને જે જ્ઞાન પરસન્મુખ ઝૂકે છે - તે જ્ઞાન મિથ્યા છે. આ રીતે મિથ્યાશ્રધ્ધાને કારણે મિથ્યાજ્ઞાન કહેવાય છે અને સમ્યક્ શ્રધ્ધાને કારણે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. ( પેઈજ નં. - ૪૦૧ )**

**( જે ક્ષયોપશમજ્ઞાન સ્વભાવનો અંશ છે તે ઔદયિકભાવ નથી. )**

**[ ૐ ] જ્ઞાનના ઉઘાડની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનમાં કંઈ ભેદ નથી. બન્નેનું ક્ષયોપશમ જ્ઞાન સ્વભાવનો અંશ છે. તે અંશ કેવલજ્ઞાનનું કારણ છે, તે જ્ઞાન કેવળજ્ઞાનમાં જઈ મળે છે. અભવ્યનું પ્રગટ જ્ઞાન પણ સ્વભાવનો અંશ છે. બીજા અધિકારના નવીન બંધ વિચાર પ્રકરણમાં કહ્યું છે કે - 'આ કર્મોના ક્ષયોપશમથી જેટલું જ્ઞાન, દર્શન, વીર્ય સ્વભાવ પ્રગટ છે તે જીવના સ્વભાવનો જ અંશ છે, તે કર્મોદયજન્ય ઔદયિક ભાવ નહીં... ' ( પેઈજ નં. - ૪૦૪ )**

**( જે જ્ઞાન પ્રયોજનભૂત તત્ત્વોનું જ્ઞાન કરતું નથી તે મિથ્યા જ્ઞાન છે. )**

**[ ૐ ] આ પ્રયોજનભૂત વાતો પર વિપરીતરુચિને કારણે લક્ષ જતું નથી. મિથ્યાજ્ઞાનમાં મિથ્યાદર્શન નિમિત્ત છે, પરંતુ જ્ઞાનના ઉઘાડનો દોષ એ છે કે તે પ્રયોજનભૂત વિષયોનો નિર્ણય કરતું નથી, તેથી એ જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે. એ કારણે મિથ્યાજ્ઞાન સંસારનું કારણ છે. એક ગુણની પર્યાયને અન્ય ગુણની પર્યાય ઉપાદાન કારણ થતી નથી, પરંતુ નિમિત્ત કારણ થાય છે. જ્ઞાન પોતાના કારણથી સ્વતઃ સ્વસન્મુખ થાય તેમાં જ્ઞાન પર્યાય ઉપાદાન કારણ છે અને સમ્યગ્દર્શન પર્યાય જ્ઞાનને માટે નિમિત્ત કારણ છે. એ પ્રમાણે જ્ઞાન પોતાના કારણથી પરસન્મુખ થાય તો તે મિથ્યાજ્ઞાનનું ઉપાદાન કારણ જ્ઞાન સ્વયં છે અને મિથ્યાદર્શન પર્યાય તેમાં નિમિત્ત છે.**

**મિથ્યાજ્ઞાન પરજ્ઞેયોને વિષય કરે છે, તેથી તેને બંધ માર્ગ કહ્યું છે. જેમ 'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ' માં જ્ઞાનને મોક્ષમાર્ગ કહ્યો છે તેમ 'મિથ્યાદર્શન જ્ઞાન ચારિત્ર' માં મિથ્યાજ્ઞાન પણ બંધનું કારણ છે. જ્યાં જે અપેક્ષાથી જેમ કહ્યું હોય ત્યાં તે અપેક્ષાએ બરોબર સમજવું જોઈએ. મિથ્યાજ્ઞાનમાં મિથ્યાદર્શન નિમિત્ત છે અને તેના નિમિત્તથી જ્ઞાન પરમાં અટકે તથા તેણે પ્રયોજનભૂત તત્ત્વને ન જાણ્યાં તે જ્ઞાનનો દોષ છે- એ કારણે તેને બંધનું કારણ કહ્યું છે.**

**મિથ્યાદર્શનના નિમિત્તથી જ્ઞાન પરજ્ઞેયોમાં લાગે છે, સંસારના કાર્યોમાં લાગે છે, પરંતુ જે નવતત્ત્વ પ્રયોજનભૂત છે તેમાં લાગતું નથી- તે જ્ઞાનનો દોષ છે. જો જ્ઞાનનો પોતાનો દોષ ન હોય તો મિથ્યાદર્શનનું નિમિત્તપણું પણ તેમાં સંભવે નહીં. જીવ શુદ્ધ છે તેનો નિર્ણય કરવામાં તો જ્ઞાન નથી લાગતું અને અન્ય કાર્યોમાં રોકાય છે, તે જ્ઞાનનો દોષ છે. જ્ઞાન સંસ્કૃત, વ્યાકરણ આદિ જાણવામાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**રોકાય છે, પરંતુ વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન કરતું નથી તેને જ મિથ્યાજ્ઞાન કહે છે.**
**( પેઈજ નં. - ૪૦૪-૪૦૫ )**

[ ૐ ] **( તે મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ આ પ્રમાણે છે- )**

**( ૧ ) જ્ઞાન સ્વને વિષય નથી કરતું તેમજ પ્રયોજનભૂત તત્ત્વોનું જ્ઞાન કરતું નથી- તેથી તેને 'મિથ્યાજ્ઞાન' કહે છે.**

**( ૨ ) તત્ત્વજ્ઞાનનો અભાવ હોવાથી તેને 'અજ્ઞાન' કહે છે.**

**( ૩ ) હું શાંત સ્વભાવી છું, વિકાર દુઃખદાયક છે; પોતાના આશ્રયે જ શાંતિ છે - એ પ્રકારે પોતાનું પ્રયોજન સાધીને કલ્યાણ નથી સાધતું તે તે કારણે તેને 'કુજ્ઞાન' કહે છે. ( મોક્ષમાર્ગ પ્રકાશક પ્રવચન, પેઈજ નં. - ૪૦૫ )**

[ ૐ ] સ્વભાવનું ભાન થયા પછી જ્ઞાની સંસારના કર્તા નથી પરંતુ સંસારના જ્ઞાતા છે. જ્ઞાની દયા–દાનાદિરૂપ સંસારના જ્ઞાતા છે એમ કહેવું તે પણ ઉપચારથી છે. ત્યાં રાગ થાય છે માટે જ્ઞાન થાય છે – એમ નથી. રાગની સાથે જ્ઞાનનું **તન્મયપણું** નથી. જ્ઞાનનું **તન્મયપણું** જ્ઞાતાની સાથે છે. **( પેઈજ નં. - ૪૧૧ )**

---

**સાંભળવાથી જ્ઞાન થતું નથી સાંભળવું તે તો ઉપાધિ છે અને તેમાં જે રાગ થાય છે તે ઉપાધિ છે. ભાવશ્રુત ઉપયોગ સાંભળવાથી થતો નથી. ભાવશ્રુતજ્ઞાન જ્ઞાયક આત્મામાં નિર્વિકલ્પ થાય છે ત્યારે અંદરમાંથી ઉત્પન્ન થાય છે. અહીં તો થોડું જાણપણું થઈ જાય તો અમને જ્ઞાન થયું– એમ થઈ જાય છે. પરંતુ "ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન જ નથી" નવપૂર્વ અને અગિયાર અંગ એ પણ ઇન્દ્રિયજ્ઞાન છે.**

**આચાર્યદેવ કહે છે કે- આત્માને જાણવાવાળું જ્ઞાન અને શરીરને જાણવાવાળું જ્ઞાન ભિન્ન-ભિન્ન છે. બન્ને જ્ઞાન જ ભિન્ન છે. ભગવાન આત્મા ઇન્દ્રિય ( જ્ઞાન ) થી જાણવામાં આવ્યો નથી.**

**( દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર-પર્યાય દૃષ્ટિ વિનશ્વર-બોલ નં-૬૦૯ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સમયસાર સિદ્ધિ ભાગ-૧

[ ૐ ] 'જેમાં અનેક વસ્તુઓના ભાવો પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે' આહાહા ! આ બધા જીવના વિશેષણ કહ્યાં ને ? જીવવસ્તુને વિશેષણથી ઓળખાવી કે આવો જીવ છે. **( ગાથા-૨, પેઈજ નં. ૧૦૪ )**

[ ૐ ] પરનું કાંઈ કરી શકતો તો નથી. કેમકે ( પાઠમાં ) પરના આકારો એમ કીધું ને ! એ ( આકારો ) તો પરરૂપે છે એમ આવ્યું ને ? 'પોતાના અને પરદ્રવ્યોના આકારોને'; પરદ્રવ્ય તો પરદ્રવ્યરૂપે છે– એનાં દ્રવ્ય ગુણ પર્યાય. પોતામાં પોતાના દ્રવ્યગુણપર્યાય છે...એને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી પરરૂપે થઈને નહીં; પોતાના જ્ઞાનમાંથી ખસીને પરને જાણે છે. એમ નહીં, આહા ! પોતાના જ્ઞાનના અસ્તિત્વમાં રહીને, સ્વને પરના આકારોને જાણવા છતાં 'એકરૂપે રહે છે' એક નો બે થાતો નથી.

**( ગાથા-૨, પેઈજનં. ૧૦૪ )**

[ ૐ ] ત્રિલોકીનાથ ( પરમાત્મા ) એમ કહે છે – પ્રભુ તું જેવડો મોટો છે એવડો ભગવાન આત્મા તારી એક સમયની અજ્ઞાન પર્યાયમાં જણાય છે. કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે. એ પર્યાયમાં સ્વ પ્રકાશે તો છે પણ તારી નજર ત્યાં નથી. તારી નજર દયા કરી, ભક્તિ કરી, વ્રત પાળ્યા, પૂજા કરી એવા રાગ ઉપર છે, તેથી એ નજરને લઈને રાગની આગળ; રાગને જાણનારી જે જ્ઞાન પર્યાય છે એ જ પર્યાય સ્વને જાણનારી છે. ( અજ્ઞાનીની ) નજર તેમાં ( સ્વમાં ) નહીં હોવાથી રાગને, પર્યાય જણાય છે તેથી મિથ્યાબુધ્ધિ છે. **( ગાથા-૬, પેઈજ નં. ૨૦૮ )**

[ ૐ ] જ્ઞેયાકાર થવાથી' જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞેય જણાવા યોગ્ય, પદાર્થનો આકાર અહીં આવવાથી, એ જાણે કે જ્ઞેયકૃત આકાર છે–એમ નથી. એતો જ્ઞાનનો પોતાનો જ આકાર એ રીતે પરિણમ્યો છે.

એકદમ સમજાય એવું નથી આ તેથી ફરીને.... જેમ બળવાયોગ્યને આકારે અગ્નિ થવાથી, અગ્નિને બળવાયોગ્ય પદાર્થની અશુદ્ધતા–પરાધીનતા તેને નથી. અગ્નિ પોતે જ એ આકારે થઈ છે. તેવી રીતે જ્ઞેયાકાર જ્ઞાનમાં શરીર, વાણી, મન, મકાન, પૈસાનો આમ દેખાય, તેને આકારે અહીં જ્ઞાન થયું માટે તે જ્ઞેયાકારની અપેક્ષાથી થયું છે એવા જ્ઞાનના આકારને પરાધીનતા નથી. જ્ઞાન સ્વયં પોતે તે રૂપે તે આકારે થયું. પરને જાણવા કાળે, પરચીજ જેવી છે તે આકારે જ્ઞાન થયું પણ તે જ્ઞાન જાણવાલાયક ( પરજ્ઞેય ) છે તેને કારણે થયું છે– એમ નથી. એ જ્ઞાન જ પોતે પોતાથી સ્વતંત્રપણે તે આકારે પરિણમ્યું છે.

હવે જરી સૂક્ષ્મ લઇએ. 'જ્ઞેયાકાર થવાથી', સમકિતી–જ્ઞાનીને પણ રાગ થાય છે, એ રાગ જેવી અહીં જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય પણ થાય છે; એથી જ્ઞાનની પર્યાય રાગને લઈને થઇ છે એમ નથી. એ જ્ઞાનની પર્યાય પોતાથી સ્વતંત્રપણે તે આકારે પરિણમે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આહાહા ! ધર્મી જીવને–આત્મજ્ઞાન થયું છે, તેને હજુ રાગ આવે છે; તે આકારે અહીં જ્ઞાન થાય છે. પર્યાયમાં જેવો રાગ છે તેવું અહીં જ્ઞાન થાય પણ તેથી તે જ્ઞાનાકાર રાગના આકારે થયું માટે તે પરાધીન છે–એમ નથી. એ રાગનું જ્ઞાન થઈને જ્ઞાનાકાર જ્ઞાન પોતે પોતાથી જ પરિણમ્યું છે. જ્ઞેય–રાગને લઈને નહીં.

**( ગાથા-૬ પેઈજ નં. ૨૧૧-૨૧૨ )**

[ ૐ ] એ રાગ સંબંધીનું જ્ઞાન, રાગના આકારે થયેલું એ જ્ઞાન, પોતાને આકારે થયું છે. એ રાગને કારણે થયું નથી, એનો સ્વપર પ્રકાશક સ્વભાવને કારણે એ પર પ્રકાશકપણે જ્ઞાન થયું છે. **( ગાથા-૬, પેજનં. ૨૧૩ )**

[ ૐ ] આંહી તો સમકિતી–જ્ઞાનીને ત્રિકાળ આત્માનું શુદ્ધજ્ઞાન પર્યાયમાં થયું છે, તેથી તેને શુદ્ધ કહેવામાં આવે છે. હવે, તેની પર્યાયમાં રાગ થાય છે અને તેની પર્યાયમાં આ શરીર, મકાન આદિ જણાય છે. જેવું જ્ઞેય છે તે આકારે આંહી જ્ઞાન થાય છે, માટે તે જ્ઞાનની પર્યાય જ્ઞેયને કારણે ( થઈ ) એટલી પરાધીનતા તો છે ? તો કહે, ના. એ જ્ઞેયકૃત જ્ઞાન થયું નથી. એ જ્ઞાનનો પોતાનો સ્વભાવ જ પરપ્રકાશનો–તે પ્રકારનો છે તે રૂપે થયું છે. ગહન વિષય છે બાપુ ! **( ગાથા-૬, પેજનં. ૨૧૩ )**

[ ૐ ] આહાહા ! જેણે ત્રિકાળી શુધ્ધને પકડયો અને જ્ઞાનની પર્યાયમાં શુધ્ધતા અને આનંદનો સ્વાદ આવ્યો એટલે એ જ્ઞાનની પર્યાય સ્વપ્રકાશક થઈ. ( સાધક ) ને પણ હજુ પુર્ણ કેવળજ્ઞાન નથી એથી તેને રાગ આવે છે, તો રાગનું અહીં જ્ઞાન થાય છે. રાગમંદ હોય તો મંદનું, તીવ્રહોય તો તીવ્રનું – એ રાગ છે તો રાગના આકારે જ્ઞાન થયું છે ? કે જ્ઞાનનો પોતાનો જ્ઞાનકૃત આકાર તે પ્રકારે થવાને કારણે થયું છે ?

**( ગાથા-૬, પેજનં. ૨૧૪ )**

[ ૐ ] 'જ્ઞેયાકાર થયો, એ જ્ઞાનાકાર પોતાનો છે.' 'તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી.' તેવી રીતે 'જ્ઞેયાકાર થવાથી', જ્ઞાયક–જાણક સ્વભાવ પોતાને જાણ્યો. બીજી ચીજના આકારે જ્ઞાન પરિણમ્યું–જ્ઞેયાકાર થવાથી તે ભાવને–તે જાણકભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, 'જાણનાર છે એવું એને પ્રસિદ્ધ છે, તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી..' 'જાણનાર' જણાવાયોગ્યને આકારે થયું જ્ઞાન, છતાં તેને જણાવાયોગ્યના કારણે, એ જ્ઞાનની પર્યાય થઈ–એમ નથી. આહાહા ! એનું પોતાનું પરિણમન જ્ઞાનાકારરૂપે જ એ જાતનું છે. સ્વને જાણવું અને પરને જાણવાનો પર્યાય થયો એ પોતાથી થયો છે. પરવસ્તુ રાગાદિ છે તેથી અહીંયાં રાગનું જ્ઞાન તે પણે થયું છે–એમ નથી.

[ ૐ ] અહીં તો કહે છે કે – રાગ ને શરીર જે કાંઈ દેખાય તે કાળે તેને આકારે જ્ઞાન થયું, માટે તેને કારણે થયું એમ નથી. અમારો જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે સ્વને જાણતાં પરને જાણવાનો પર્યાય મારો પોતાથી પોતામાં થયો છે....એને અમે જાણીએ છીએ. અરે ! પ્રભુ એની વાણી તો જુઓ ! સંતોની વાણી સાક્ષાત્ મળે. ગજબ વાતું છે ને ! જ્ઞેયાકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો, જોયું ? જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે-જ્ઞાનની પર્યાયપણે એ જણાણો છે, તે પરની પર્યાય તરીકે જણાણો છે-એમ નથી.

.....આહાહા ! 'જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી' એટલે ? રાગ ને એ વખતે શરીરની ક્રિયા થાય, તે રીતે જ્ઞાન પોતે પરિણમે છે અને જાણે છતાં એ જ્ઞેયકૃતની અશુદ્ધતા પરાધીનતા જ્ઞાનના પરિણમનને નથી. એ જ્ઞાનનું પરિણમન જે થયું તે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો, 'એ જાણનારો જણાયો છે' એમાં જણાય એવી ચીજ જણાઈ નથી. જે જણાય છે એ ચીજ જણાઈ નથી. એ 'જાણનારો જણાયો છે' ચેતન સ્વરૂપ જ અલૌકિક છે. ગૂઢ વાતું છે ભાઈ. **( ગાથા-૬, પેજનં. ૨૧૯ )**

[ ૐ ] જેણે અનંતા સિદ્ધોને પોતાની પર્યાયમાં સ્થાપ્યાં એને જ્ઞાયકનું જ્ઞાન થયું, તે જ્ઞાન રાગને, શરીરને જાણે તેથી તેને જ્ઞેયકૃત-પ્રમેયકૃત અશુદ્ધતા ન થઈ, ( કેમ કે ) એ તો જ્ઞાયકની જ પર્યાય છે તેને એ જાણે છે એ રાગને જાણવા કાળે રાગ આકારે જ્ઞાન થયું, તે જ્ઞાન રાગના કારણે તે આકારે થયું છે એમ નથી. તે કાળે જ્ઞાન જ પોતાના આકારે થવાનો પર્યાયનો સ્વભાવ છે તે રીતે થયું છે. તો તે વખતે રાગ જણાયો નથી, જાણનારાની પર્યાયને તેણે જાણી છે. સમજાણું કાંઈ ?

'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ પોતે જણાણો છે. શું કીધું ઈ ? જ્ઞાયક પ્રભુ પોતાને જ્ઞાયક તરીકે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જણાયો, તે વખતે જે જ્ઞાનમાં, રાગાદિ પર જ્ઞેય જણાય તે કાળે પણ તે રાગને જાણ્યું છે એમ નહીં. રાગસંબંધીનું પોતાનું જ્ઞાન, પોતાથી થયું છે તેને તે જાણે છે. જ્ઞેયાકારના કાળમાં, પણ પોતાની અવસ્થાને જાણે છે. અને સ્વરૂપ-પ્રકાશનની અવસ્થામાં પણ, બે વાત લીધીને ? શું કીધું ? 'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો, તે 'સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ દીવાની જેમ, પોતે જણાણો છે' આહાહા ! સ્વરૂપ-પ્રકાશનની અવસ્થામાં પણ જેમ જ્ઞેયાકારના જ્ઞાન કાળે પણ જ્ઞાનની પર્યાય ( પણે ) જણાયો છે એ પર્યાય એની 'જાણનારો જે છે' તેની પર્યાય જણાણી છે એમ સ્વરૂપ પ્રકાશનની અપેક્ષાએ પણ,..... **( ગાથા-૬, પેઈજ નં. ૨૧૯-૨૨૦ )**

[ ૐ ] જ્ઞાયક નામ પણ જ્ઞેયોને જાણવાથી આપવામાં આવે છે. કેમકે જ્યારે જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયનું પ્રતિબિંબ ઝળકે છે ( તેથી જ્ઞાયક કહેવાય છે. ) આ વાત પર્યાયની ચાલે છે. તેની પર્યાયમાં રાગ જાણવામાં આવે છે, આ શરીર છે એમ જાણવામાં આવે છે- અર્થાત્ જ્ઞાનની પર્યાયમાં તેની જે ઝલક છે તે જાણવામાં આવે છે. આહા ! જ્ઞેયનું પ્રતિબિંબ જ્ઞાનની પર્યાયમાં ઝલકે છે; કેમકે તે પર્યાયનું સ્વ-પર પ્રકાશક સામર્થ્ય વિકસિત થયું છે. ( એ સ્વચ્છતામાં ) રાગ અને શરીરાદિ દેખવામાં -જાણવામાં આવે છે... ત્યારે જ્ઞાનમાં એવો અનુભવ થાય છે" કે હું તો જ્ઞાનની પર્યાય છું; તો પણ તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. **( ગાથા-૬, પેઈજ નં. ૨૩૯ )**

[ ૐ ] "તોપણ તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. કેમકે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસત થયું; અર્થાત્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શરીર, રાગાદિ ( ત્યારે ) પોતાની પર્યાયમાં સ્વજ્ઞેય જાણવામાં આવ્યું ( તેથી જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. ) જ્યારે જ્ઞાન પર્યાયમાં પર પ્રતિભાસિત થયું ત્યારે ( જ્ઞાયક પણ પ્રતિભાસિત થયો ) તે જ્ઞાયકનો અનુભવ કરતાં તો તે જ્ઞાયક જ છે. એ જાણવાની પર્યાય પ્રગટી તે તો ( અભેદનયે ) જ્ઞાયક જ છે, એ પર્યાય રાગની નથી.

**( ગાથા-૬, પેઈજ નં. -૨૩૯ )**

[ ૐ ] આ પર્યાયની વાત છે કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું ત્યારે જ્ઞાયકનો અનુભવ કરતાં તો તે જ્ઞાયક જ છે. કેમ કે એ જાણન પર્યાય જ્ઞાયકની જ છે. સ્વનું જાણવું અને પરનું જાણવું થયું એ પર્યાય તો જ્ઞાયક જ છે. ( અથવા ભેદથી કહીએ તો ) તે પર્યાયમાં જ્ઞાયક જ જાણવામાં આવે છે, ત્યાં પર જાણવામાં આવ્યું છે–એમ છે નહીં.

**( ગાથા-૬, પેઈજ નં. -૨૩૯-૨૪૦ )**

## સમયસાર સિદ્ધિ ભાગ-૨

[ ૐ ] ક્ષણિક વ્યક્તિમાત્ર નથી એટલે અવ્યક્ત છે–એ તો ઠીક. વ્યક્તતા અને અવ્યક્તતા એકમેકપણે–મિશ્રિતરૂપથી પ્રતિભાસિત થવા છતાં એ વાત અહીં છે. વ્યક્ત નામ પ્રગટ પર્યાય, અવ્યક્ત નામ દ્રવ્ય; ( તે બન્નેનું ) એકમેક ( અર્થાત્ ) મિશ્રિતરૂપે જ્ઞાન હોવા છતાં, બે નું જ્ઞાન એક સાથે હોવા છતાં તે કેવળ વ્યક્તતાને સ્પર્શ કરતો નથી. આહાહા ! વ્યક્ત નામ પર્યાય તે એકલા દ્રવ્યને સ્પર્શ નથી કરતી– તેથી અવ્યક્ત છે. દ્રવ્ય કેવળ વ્યક્તતાને સ્પર્શ કરતું નથી એટલે અવ્યક્ત છે......

**( શ્લોક-૯, પેઈજ નં. -૧૩૬ )**

[ ૐ ] જુઓ, વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનના, જ્ઞેયાકાર ( અર્થાત્ ) જે ઇન્દ્રિયોના વિષયોનું જ્ઞેયાકાર જ્ઞાનનું ઢંકાઈ જવું અને અતીન્દ્રિય જ્ઞાનનું અંદર ઉત્પન્ન થવું તે જ્ઞાનને સામાન્ય જ્ઞાન કહેવામાં આવે છે. ભાવશ્રુત જ્ઞાનની વીતરાગી પર્યાયને સામાન્યજ્ઞાન કહેવામાં આવે છે, કેમકે એ પર વસ્તુના ઇન્દ્રિયના જ્ઞાનના આકારથી રહિત એકાકાર જ્ઞાનનો આકાર છે. ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપ, જેને ત્રિકાળ પાંચ ભાવ સ્વરૂપ કહ્યો તેનું એકાકાર ( જ્ઞાન ) થયું. તેના એક દ્રવ્યના આકારે એકાકાર જ્ઞાન થયું. ( એ જે ) એકાકાર જ્ઞાન થયું તેને સામાન્ય જ્ઞાન કહેવામાં આવે છે. **( ગાથા-૧૫, પેઈજ નં. ૨૨૮ )**

[ ૐ ] .... અનેક પ્રકારના જ્ઞેયોના આકારોની સાથે – ( પર ) વિષયોના લક્ષે ઇન્દ્રિયજ્ઞાનમાં જે જ્ઞાનના જ્ઞેયાકાર થાય છે તે જ્ઞાનની પર્યાય છે, તે કોઈ પરજ્ઞેયની નથી. ( પરના ) લક્ષે જ્ઞાનની પર્યાયમાં આ જ્ઞાયક છે એવું નથી. ૧૭–૧૮ ગાથામાં કહ્યું કે –અજ્ઞાનીની જ્ઞાનની પર્યાયમાં પણ દ્રવ્ય જ ( જાણવામાં ) આવે છે. કેમકે જ્ઞાનની પર્યાય પ્રગટ છે, એ પર્યાયનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે, એ કારણે એ જ્ઞાનની પર્યાયમાં દ્રવ્યનું જ જ્ઞાન થાય છે. પરંતુ અજ્ઞાનીનું તેની ઉપર લક્ષ નથી. તેનું લક્ષ પર્યાય ને રાગ ઉપર છે, તેથી જ્ઞાનની પર્યાયમાં ( સ્વ ) જ્ઞેય જાણવામાં આવે છે તેને તે જાણવામાં આવતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે. પછી તે અજ્ઞાનીનું જ્ઞાન હો તો પણ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે કે નહીં? એ જ્ઞાનની પર્યાયમાં જે સામાન્ય દ્રવ્ય ત્રિકાળી જ્ઞાયક છે તેનું જ્ઞાન થાય છે તે સ્વપ્રકાશક છે. પરપ્રકાશક પણ છે અને સ્વપ્રકાશક પણ છે. અજ્ઞાનીની જ્ઞાન પર્યાયમાં સ્વપ્રકાશક જ્ઞાન હોવા છતાં પણ તેનું લક્ષ પરજ્ઞેય ઉપર છે, સ્વજ્ઞેય ઉપર છે નહીં.

.....ખરેખર તો જ્ઞેયાકાર જે જ્ઞાન છે તેમાં પણ જ્ઞાનની પર્યાય છે તો પોતાની. એ પર્યાય પરને જાણે છે, એ જાણવાની પર્યાય છે તો પોતાની. પરનું જ્ઞાયકપણાથી જ્ઞાન થાય છે એ પરપ્રકાશક જ્ઞાનની પર્યાય છે તો પોતાની. પણ તેમાં સ્વ તરફનું લક્ષ નથી તો એને-જ્ઞાનનો જ્ઞેયાકારપણે સ્વાદ આવે છે. એકલા જ્ઞાનનો સ્વાદ આવતો નથી.
**( ગાથા-૧૫, પેઈજ નં. ૨૪૪ )**

[ ૐ ] અનેક પ્રકારના જ્ઞેયોના આકારોની સાથે મિશ્રિતરૂપથી ઉત્પન્ન અને સામાન્યના તિરોભાવથી અજ્ઞાનીને એકલા સામાન્ય જ્ઞાનનો આનંદ આવવો એ ઢંકાઈ ગયો અને વિશેષનો આર્વિભાવ થયો. જ્ઞેયાકાર જ્ઞાનના અનુભવમાં આવવાવાળા વિશેષભાવરૂપ-અનેકાકારરૂપ જ્ઞાન એમાં અજ્ઞાની જ્ઞેયલુબ્ધ છે. ( દ્રષ્ટાંતમાં ) શાકનો લોલુપી કહ્યો હતો, અહીં ( સિદ્ધાંતમાં ) જ્ઞેયલુબ્ધ કહ્યો. પોતાના જ્ઞાયકભાવનું લક્ષ છોડીને તે જ્ઞેયલુબ્ધ થયો. આહાહા! પોતાની પર્યાયમાં જે પરના લક્ષે થયું જ્ઞાન એ પણ પરજ્ઞેય છે, કેમકે તેમાં પોતાનું જ્ઞાન આવ્યું નહીં. તેને અહીં પરજ્ઞેયમાં લુબ્ધ પ્રાણી કહ્યો.....
**( ગાથા૧૫૬, પેઈજ નં. ૨૪૫ )**

[ ૐ ] ૧૫મી ગાથા, ભાવાર્થ ઉપરની ચાર લીટી છે. સૂક્ષ્મ વાત છે ભગવાન! અલુબ્ધ જ્ઞાનીઓને તો ' અર્થાત્ ઇન્દ્રિયના જ્ઞાનથી જે જ્ઞાન અનેક પ્રકારે થાય છે-પર જ્ઞેયાકાર જ્ઞાન, તેની પણ રુચિ છોડીને; આહાહા! તેનો પણ આશ્રય નામ અવલંબન છોડીને, પોતાના ત્રિકાળી જ્ઞાયકભાવમાં જે દૃષ્ટિ લગાવે છે તે અલુબ્ધ જ્ઞાની છે. આહાહા! પર્યાયમાં ઇન્દ્રિયજ્ઞાનના વિષયથી અનેકાકાર જ્ઞાનની પર્યાય થાય છે તેમાં ગૃદ્ધિપણું છોડીને. પછી તે શાસ્ત્રનું જ્ઞાન હો! જે પર તરફના લક્ષવાળું છે તે ઇન્દ્રિયજ્ઞાનનો વિષય છે, તેમાં પણ જેની લુબ્ધતા નથી. હું જ્ઞાની છું, મને જ્ઞાન થયું છે- એમ લુબ્ધ નથી.
**( ગાથા-૧૫, પેઈજ નં. ૨૪૬ )**

[ ૐ ] "જે જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી" પર્યાયમાં પણ જ્ઞાન થાય છે તો જ્ઞેયોના આકારથી પણ જ્ઞાનની પર્યાય, જ્ઞાનનો સ્વાદ લેવામાં ખંડિત થતી નથી.
**( શ્લોક નં. -૧૪, પેઈજ નં. ૨૫૫ )**

[ ૐ ] આહાહા! જે વર્તમાન જ્ઞાનની પર્યાય ( છે ) તે પર્યાયનો સ્વભાવ જ સ્વપર પ્રકાશક છે. પછી તે અજ્ઞાન હો કે જ્ઞાન હો! ( પરંતુ ) એ પર્યાયમાં આત્મા જ જાણવામાં આવે છે. કેમકે સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી જ્ઞાનની પર્યાયમાં સ્વ વસ્તુ છે તે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવામાં ને અનુભવમાં આવે છે પર્યાયમાં દ્રવ્ય જ જાણવામાં આવે છે.

**( પેઈજ નં. ૨૫૫ )**

[ ૐ ] સદા જેનો વિલાસ ઉદયરૂપ છે. જેનો અર્થાત્ જે એકરૂપ પ્રતિભાસમાન છે, ત્રિકાળ એકરૂપ છે, એવું પર્યાયમાં ભાસન થાય છે. આહાહા ! છે તો ખરા પણ 'છે' એવું ભાસન કોને ( થાય ? ) છે તો છે એવો, પરંતુ પર્યાયમાં એવો પ્રતિભાસ થાય છે કે– આ વસ્તુ અખંડાનંદ પરિપૂર્ણ છે–તેને પ્રતિભાસ થયો–આવી વાતું છે.

**( શ્લોક નં.-૧૪, પેઈજ નં. ૨૫૬ )**

[ ૐ ] ભગવાન આત્માની જ્ઞાનની પર્યાય ભલે અજ્ઞાનરૂપ હો ! પણ એ પર્યાયમાં, પર્યાયનો સ્વભાવ જ્ઞાન ( હોવાથી ) તેનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે, તેથી પર્યાયમાં આબાળ–ગોપાળ ( સૌને ) સદા સ્વયં આત્મા જ જાણવામાં આવે છે. આવું હોવા છતાં પણ રાગના સંબંધના બંધના વશે, એ પર્યાયમાં અબંધ ( પ્રભુ ) જાણવામાં આવે છે તેને જાણતો નથી અને રાગને જાણે છે. **( ગાથા-૧૭-૧૮, પેઈજ નં. ૨૯૬ )**

[ ૐ ] અરીસાની અંદર જે જ્વાળા દેખાય છે તે અગ્નિની છે, ( અરીસાની તો સ્વચ્છતા જ છે ). તેમ ભગવાન આત્મા જ્ઞાયક અરીસો છે તેમાં જે રાગ દેખાય છે એ તો પોતાના જ્ઞાનની નિર્મળતાની પ્રધાનતાથી આ રાગ છે એમ દેખાય છે, ( એ રાગ ) તે હું એમ નથી. અરે ! ક્યાં જવું ? **( ગાથા-૧૯, પેઈજ નં. ૩૨૩ )**

[ ૐ ] જાણનારની સ્વચ્છતા એ તારી છે. સ્વને પરને જાણનારી જ્ઞાતૃતા એ તારી છે. શરીર, કુટુંબ, પરિવાર, દેશ એ તારું નહીં. **( ગાથા-૧૯, પેઈજ નં. ૩૨૪ )**

[ ૐ ] અહીંયા તો કહે છે–સ્વદેશ એ ભગવાન આત્મા છે અને રાગાદિમાં જવું તે પરદેશ છે, તે સ્વધામ નહીં. ભગવાન અતીન્દ્રિય આનંદ ધામ અમૃતનો સાગર છે, અને સ્વચ્છતા તેની છે. રાગ સંબંધી પોતાના જ્ઞાનની પર્યાય અને પોતાની પર્યાય ( જણાય ) એ સ્વચ્છતા તેની છે. રાગ અને પર તે તેનાં છે જ નહીં. અરેરે ! હજુ તો આવી દૃષ્ટિ નું ય ઠેકાણું નથી. ( દૃષ્ટાંતમાં ) રૂપી અરીસો, ( સિદ્ધાંતમાં ) અરૂપી આત્માની પોતાને અને પરને જાણવાવાળી જ્ઞાતૃતા ( જ છે ) બસ. **( ગાથા-૧૯, પેઈજ નં. ૩૨૪ )**

[ ૐ ] .... આહાહા ! જવાળા તો અગ્નિમાં જ છે, ( તેનો ) દર્પણમાં પ્રવેશ નથી; દર્પણમાં તો તે દેખાઈ રહી છે. ભગવાન આત્મામાં નોકર્મનો પ્રવેશ નથી. આત્માની તો જ્ઞાન સ્વચ્છતા જ એવી છે કે –જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાઈ છે. જાણવાની ચીજ જેને જાણે છે તેનું પ્રતિબિંબ જ્ઞાનમાં આવે છે, એ ચીજ આવતી નથી.......

**"એવી રીતે કર્મ નોકર્મ જ્ઞેય છે." રાગ એ જ્ઞાનનું પરજ્ઞેય છે, સ્વજ્ઞેય નહીં. દયા-દાન-વ્રત-ભક્તિ આદિનો વિકલ્પ ઊઠે છે એ જ્ઞેય છે, પરજ્ઞેય છે. એટલે એ પ્રતિભાસિત થાય છે. જ્ઞાનનો સ્વભાવ છે સ્વપર-પ્રકાશક તેથી પ્રતિભાસિત હો !**

**( ગાથા-૧૯, પેઈજ નં. ૩૨૯ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ॐ ] અહીં કહે છે– અચલિત અનુભૂતિને પ્રાપ્ત કરે છે. આહાહા ! જ્ઞાનાનંદ પ્રભુ જ્ઞાનરૂપી સ્વચ્છ અરીસો છે. રાગથી ભિન્ન થઈને અનુભવ થાય એ અનુભવ દર્પણ જેવો છે. "તે પુરુષ દર્પણની જેમ" આહાહા ! પોતાનામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવમાં, નિરંતર વિકાર રહિત રહે છે. **( શ્લોક-૨૧, પેઈજ નં. ૩૩૨-૩૩ )**

[ ॐ ] એ અહીં કહે છે–આત્માનું ભાન થયું; હું તો વિકલ્પ અને પર સંયોગથી તદ્દન ભિન્ન એવો અનુભવ થવાથી દર્પણની સ્વચ્છતામાં અનેક પર પ્રતિબિંબિત દેખાય છે, પણ દર્પણ વિકારી થતું નથી. તેમ પોતાના જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાતાપણાનું ભાન થયું એ સમકિતી–ધર્મીને રાગાદિ, શરીરાદિ દેખવામાં આવે છે ( ત્યારે ) પણ એ જ્ઞાન કરે છે. તેનું જ્ઞાન કરવાથી જ્ઞાનમાં વિકાર થતો નથી.... **( શ્લોક-૨૧, પેઈજ નં. ૩૩૩ )**

[ ॐ ] ( સાધક ) નિરંતર વિકાર રહિત થયા છે. જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિબિંબિત થાય છે તેનાથી તે રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી. **( શ્લોક-૨૧, પેઈજ નં. ૩૩૩ )**

[ ॐ ] ..... આહાહા ! એ સ્ફટિકમાં લાલ–પીળા સંયોગને કારણે ( સ્ફટિકમણિ ) લાલ–પીળો થઈ ગયો હોય તેવો ભાસ થાય છે. જાણે કે એ સ્ફટિકની દશા છે તેમ માને છે. તેમ અજ્ઞાની પોતાના ચૈતન્ય જ્ઞાયક સ્વભાવની સમીપમાં રાગાદિ અતિ નિકટતાથી દેખવામાં આવે છે તો તેને આ મારી ચીજ છે એમ માની, અજ્ઞાની મૂઢ રાગનું વેદન કરે છે. તે અજીવનું વેદન કરે છે જીવનું નહીં– એમ કહે છે.

**( ગાથા-૨૩ થી ૨૫, પેઈજ નં. ૩૫૨ )**

[ ॐ ] .... જેનું હૃદય સ્વતઃ સ્વયંથી વિમોહિત થયું છે તેવો અપ્રતિબુદ્ધ શું કહે છે ? જેમ સ્ફટિકમાં, સ્ફટિક નિર્મળ હોવા છતાં પણ સંયોગ આદિથી અથવા જે ચીજની અંદર સ્ફટિકને મૂક્યું હોય તેની ઝાંય પડે. પીત્તળનું વાસણ હોય તો તેની ઝાંય પડે તે ઉપાધિ છે. તેમ સ્ફટિક જેવો ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપી છે. તેમાં રાગ–પુણ્ય–પાપના ભાવની ઝાંય દેખાય છે– તે ઉપાધિ છે એ અસ્વભાવભાવ છે. સ્વસ્વભાવ રહિત તેને પોતાનું માનીને અજ્ઞાની ( થાય છે ). અસ્વભાવ ભાવને પોતાનું માનીને વેદે છે. પરંતુ પોતાનો આત્માં શું છે ? તેને ( પર્યાયમાં ) રાગ છે પણ રાગને જાણવાવાળો આત્મા રાગથી ભિન્ન છે તેની અજ્ઞાનીને ખબર નથી.....

**( ગાથા-૨૩ થી ૨૫, પેઈજ નં. -૩૫૫ )**

[ ॐ ] જેમ સ્ફટિક પાષાણમાં અનેક પ્રકારના રંગોની નિકટતાને લીધે, અનેક રંગરૂપ અવસ્થા દેખાઈ છે; ( તેથી જોનારને ) સ્ફટિકનો નિજ શ્વેત નિર્મળભાવ દેખાતો નથી. સ્ફટિકને વાસણમાં મુક્યું હોય તો તેની ઝાંય દેખાય છે. તેમ અજ્ઞાનીને કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ ગયો છે. આહાહા ! એ રાગને અસ્વભાવભાવને પોતાનો માનીને તેનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે......

**( ગાથા-૨૩ થી ૨૫, પેઈજ નં. -૩૫૬ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ૐ ] સ્ફટિકને લાલ-પીળા આદિ વાસણમાં મૂકવાથી તેની ઉપાધિ દેખાય છે, સ્ફટિકની અંદરનો નિર્મળ સ્વભાવ દેખાતો નથી. તેમ અજ્ઞાની પોતાના ચૈતન્ય જ્ઞાન સ્વભાવી પ્રભુ ! તે રાગની ઉપાધિને પોતાની માની છે તેથી તેને સ્વચ્છતાનું જ્ઞાન થતું નથી.....
**( ગાથા-૨૩ થી ૨૫, પેઈજ નં. -૩૫૬ )**

[ ૐ ] ..... જેમ અરીસામાં સામે ચીજ હોય તો તેનું પ્રતિબિંબ પડે છે ને ? તે પ્રતિબિંબ તે ચીજનું પણ તે ચીજ નથી, તે તો અરીસાની સ્વચ્છતા છે. એ સ્વચ્છતામાં જાણે પર ચીજ પેઠી હોય એમ દેખાય છે. તેમ ભગવાન આત્માનું જ્યાં સમ્યગ્જ્ઞાન થયું તો એ ( જ્ઞાન ) પર્યાયમાં આખું લોકાલોક, અનંત કેવળીઓ, અનંત સિદ્ધો જેમાં અંતર્મગ્ન છે એવું જ્ઞાન થઈ ગયું. એક બાજુ રામ અને એક બાજુ ગામ, તે ( સર્વ ) અંતર્મગ્ન થઈ ગયું હોય એમ દેખાય છે. ધીરાના કામ છે ભાઈ ! **( ગાથા-૩૭, પેઈજ નં. ૫૬૫ )**

[ ૐ ] પ્રભુ તારા દ્રવ્યગુણની તો વાત શું કરવી ! આહાહા ! ભગવાન જ્ઞાયક સ્વભાવ; તેનો જ્ઞાનગુણ આદિની તો શું વાત કરવી પ્રભુ ! પરંતુ તેનું જ્ઞાન થયું, એ જ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત છે કે-આખો આત્મા તો જાણવામાં આવે છે, પણ એ પર્યાયથી ભિન્ન અનંત પદાર્થ છે-તેમાં અનંત સિદ્ધો, અનંત નિગોદના જીવ, જેની સંખ્યાનો પાર નથી. એ બધું જ્ઞાનની એક સમયની પર્યાયમાં જાણવામાં આવી ગયું છે-કોળિયો થઈ ગયો. જાણે લોકાલોક જ્ઞાનમાં અંતર્મગ્ન થઈ ગયા હોય ! સમ્યગ્દૃષ્ટિને અખંડ આનંદ જ્ઞાન સ્વરૂપની પ્રતીતિ આગળ આ બધા પદાર્થો તુચ્છ છે. એ બધા પદાર્થો જ્ઞાનની પર્યાયમાં એવી રીતે જાણવામાં આવે છે કે જાણે કોળિયો થઈ ગયો હોય ! જાણે બધા અંતર્મગ્ન થઈ ગયા હોય..... એ રીતે ( પદાર્થો ) જ્ઞાનમાં તદાકાર થઈને ડૂબી રહ્યા હો !

"એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે" જુઓ ! ત્યાં ચિત્તિશક્તિ કહી હતી ને ! પરંતુ અહીંયા 'પ્રકાશમાન' ( એ અર્થ ) માં પર્યાય લઈ લેવી. આત્મામાં પ્રકાશમાન ધર્માસ્તિ, અધર્માસ્તિકાય છે. ચૌદ બ્રહ્માંડમાં એક ધર્માસ્તિકાય દ્રવ્ય છે, જે જડ, ચૈતન્ય ગતિ કરે તો તેમાં તેને નિમિત્ત કહેવામાં આવે છે. એ ધર્માસ્તિકાય અહીંયા ( જ્ઞાનમાં ) ઘૂસી ગયું અર્થાત્ અહીં તેનું જ્ઞાન આવી ગયું; કેમ કે તે જ્ઞેય છે ને ! તો પોતાના જ્ઞાનમાં ધર્માસ્તિકાયનું જ્ઞાન થઈ ગયું. અહીં જ્ઞાયક સ્વરૂપ આત્માનું જ્યાં જ્ઞાન થયું તો એ જ્ઞાનની પર્યાયમાં ધર્માસ્તિકાય જ્ઞેય છે તેનું જ્ઞાન થયું તો ધર્માસ્તિકાય પદાર્થ જાણે અંદર આવી ગયા હોય, અંતર્મગ્ન થઈ ગયા હોય-તેમ જ્ઞાન થયું. અને એ ધર્માસ્તિકાયમાં પણ અનંત અનંત અનંત ગુણ એ બધા જાણે જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થઈને આવી ગયા.
**( ગાથા -૩૭, પેઈજ નં. ૫૬૫-૫૬૬ )**

[ ૐ ] પોતાનો જ્ઞાયક ભગવાન ચૈતન્ય સ્વરૂપ પ્રભુ એકલો ચૈતન્યલોક છે, તેનું જ્યાં જ્ઞાન થયું એ તો એ જ્ઞાનમાં એટલી તાકાત છે કે-આકાશના પ્રદેશના ક્ષેત્રનો અંત નહીં, ગુણનો અંત નહીં... તેનું પણ જ્ઞાન થઈ ગયું. આ તો હજુ મતિ-શ્રુત જ્ઞાનની પર્યાયની વાત ચાલે છે. ( શ્રોતાઃ- મતિશ્રુતમાં તો પરોક્ષ જણાય છે ને ! ) પરોક્ષ ભલે હો ! પણ

જાણવાની શક્તિ પોતાથી થઈ છે. પરોક્ષ અને પ્રત્યક્ષમાં એટલો ફેર છે પણ જેવું કેવળી જાણે છે તેવું જ શ્રુતકેવળી જાણે છે. **( ગાથા-૩૭, પેઈજ નં. ૫૬૬ )**

[ ૐ ] જેના દ્રવ્યગુણનો તો પાર નહીં, ભગવાન આત્માની શક્તિઓનો પાર નહીં... એવા ( આત્માને ) સ્વજ્ઞેય બનાવીને જે સમ્યગ્જ્ઞાન થયું, તેમાં પરજ્ઞેયનું જ્ઞાન આવી ગયું. ( પરજ્ઞેયો ) જાણે અંતર્મગ્ન થઈ ગયા હોય તેમ ( જ્ઞાન થયું ) આવો માર્ગ છે.

**( ગાથા-૩૭, પેઈજ નં. ૫૬૭ )**

[ ૐ ] અહીંયા તો ( કહે છે ) – ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપી પ્રભુ એકલો જ્ઞાયક સ્વભાવ ધ્રુવ ચૈતન્ય તેનું જ્ઞાન થવાથી અહીં પરની વાત નથી. અહીં તો સ્વનું જ્ઞાન હોતાં એ પર્યાયમાં પરનું જ્ઞાન સહજ થઈ જાય છે. ઝીણી વાત છે ભાઈ ! જીવ અધિકારમાં જ્ઞાનની પર્યાયનું ( સ્વરૂપ ). ધર્મ સમજ્યો એટલે કે સમ્યગ્દર્શન પામ્યો– ભગવાન પૂર્ણાનંદના નાથને પ્રતીતમાં લીધો. આહાહા ! પૂર્ણાનંદના નાથ તેનું ( જે ) જ્ઞાન થયું એ જ્ઞાનની પર્યાયની વાત ચાલે છે. આહાહા ! અનંતા જીવ સિદ્ધો છે, તેને પ્રભુ જાણે કોળિયો કરી ગયો એવા જ્ઞાનનો પર્યાય સ્વના લક્ષે ( થયો ). વસ્તુના તત્ત્વમાં જ્ઞાયકપણું ભર્યું છે, એના આશ્રય નામ લક્ષે જે સમ્યગ્જ્ઞાન થાય તે પર્યાયમાં અનંતા સિદ્ધો જણાય જાય છે. તેને જાણવા માટે ઉપયોગ જુદો મૂકવો પડતો નથી. સ્વને જાણવાનો ઉપયોગ થયો એમ ( પરજ્ઞેયોને ) તેને જાણવા માટે ઉપયોગ જુદો મૂકવો પડતો નથી. આહાહા ! જુઓ ! આવા ભગવાન આત્માના જ્ઞાનની પર્યાયને સમ્યગ્જ્ઞાન કહીએ.

**( ગાથા-૩૭, પેઈજ નં. -૫૭૦ )**

[ ૐ ] "એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે એવાં આ ધર્મ, અધર્મ આકાશ, કાળ, પુદ્‌ગલ, અન્ય જીવ–એ સર્વ પરદ્રવ્યો મારા સંબંધી નથી," મારાં જ્ઞાનમાં એ અનંત અનંત પરમાણુઓ, અનંતા જીવો જાણવામાં આવે છે, છતાં મારે ને તેને કાંઈ સંબંધ નથી. ( શ્રોતાઃ– જાણવામાં આવે એટલો સંબંધ તો થયો ને ? ) જાણવામાં આવ્યું છે એ પોતાનું સ્વરૂપ છે.... પણ એ ( પરજ્ઞેય ) જાણવામાં આવ્યું તેને વ્યવહાર કહ્યો. ( શ્રોતાઃ– વ્યવહાર સંબંધ તો ખરોને ? ) વ્યવહાર એટલે ? નિમિત્ત છે સામે એટલું. વ્યવહાર એટલે શું ? જાણવામાં પોતાથી જાણ્યું છે. જ્ઞાનના સ્વપર પ્રકાશક સ્વભાવરૂપ સામર્થ્યથી પ્રકાશમાન દ્રવ્યો જાણ્યાં.... , પણ એ પોતાની સ્વશક્તિથી જાણે છે. તેણે પરને જાણ્યાં એમ કહેવું એ વ્યવહાર છે. નિમિત્ત–નિમિત્ત સંબંધ એટલો બતાવ્યો.... છતાં મારો જે જ્ઞાયક સ્વભાવ આગળ આત્મા તેની સાથે તેને કાંઈ સંબંધ નથી.......

એક સમયની જ્ઞાનની પર્યાયની તાકાત ! એવી એવી અનંતી પર્યાયમાં એટલી જ બધી તાકાત છે. એ બધી પર્યાયોનો જાણનાર મારી પર્યાય એમ જાણે છે કે, "ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવપણાથી પરમાર્થે અંતરંગ તત્ત્વ તો હું છું" ( આવું ) જાણે છે વર્તમાન પર્યાય. એ પ્રગટ પર્યાય એમ જાણે છે કે –ટંકોત્કીર્ણ એવો ને એવો ચૈતન્ય સ્વભાવ, એક જ્ઞાયક સ્વભાવ ( હું છું ). પર્યાયો ભલે અનેક હો, ગુણ અનેક

હો પણ વસ્તુ છે એ તો એકરૂપ જ્ઞાયકભાવ છે. એક જ્ઞાયક સ્વભાવભાવ, સ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું. એ પર્યાય એમ જાણે છે કે– હું અંતરંગ તત્ત્વ છું, અને આ પર્યાયમાં જે બધું જણાય છે એને જાણનારી મારી પર્યાયમાં પ્રકાશમાન છે. એવી પર્યાય એમ જાણે છે કે–હું તો ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ અંતરંગ તત્ત્વ છું. એ બધા ( દ્રવ્યો ) જણાય છે એ ( પરપ્રકાશન ) પર્યાયમાં, એ પર્યાય જેટલોય હું નથી. આહાહા ! ભાઈ ! વીતરાગ માર્ગ બહું સૂક્ષ્મ છે. એ જ્ઞાન પર્યાય આવા અનંતા દ્રવ્યોને એક સમયમાં એના ગુણોને પ્રકાશવામાં પોતાથી સમર્થ છે. એ પર્યાય એમ કહે છે કે– હું તો એક જ્ઞાયક સ્વભાવપણાથી, મારો તો ત્રિકાળી જ્ઞાયક સ્વભાવથી ભરેલો છે, એક સમયની પર્યાય જેટલો ( હું ) નહીં.... **( ગાથા-૩૭, પેઈજ નં. ૫૭૪ )**

[ ૐ ] પરમાર્થે અંતરંગતત્ત્વ જ્ઞાયકભાવ તે હું છું. પરમાર્થે બાહ્ય તત્ત્વપણાને છોડવા અસમર્થ છે એટલે કે મારે જ્ઞાન પર્યાયમાં એ ભિન્ન સ્વભાવવાળા પ્રકાશે છે છતાં એ તેનું જ્ઞેયપણું છોડતાં નથી. તેનું જ્ઞેયપણું છોડીને મારી પર્યાયમાં આવી જતા નથી. કેમ કે તે પોતાના સ્વભાવનો અભાવ કરીને જ્ઞાનમાં પેસતા નથી. શું કહ્યું ? મારા પ્રભુની પર્યાયના જ્ઞાન પ્રકાશમાં આ બધા પ્રકાશે છે, છતાં એ પ્રકાશમાં મારી જ્ઞાનની પર્યાયમાં ( પર ) જ્ઞેયો આવતા નથી. આહા ! એ તો એનામાં રહીને મારા જ્ઞાનની પર્યાયમાં પ્રકાશે છે. તે મારામાં આવીને પ્રકાશે છે –એમ નથી. આહાહાહા ! એ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા હો ! પરમાર્થે તેનું બાહ્યપણે રહીને તેને મારી પર્યાયમાં તેનું જાણવું થાય છે. તેથી તે બાહ્યપણું છોડીને મારામાં આવે છે એમ નથી. ( બાહ્ય પદાર્થો ) બાહ્યપણે રહીને તેને મારી પર્યાય, પ્રકાશે છે, "કેમકે તે પોતાના સ્વભાવનો અભાવ કરીને જ્ઞાનમાં પેસતા નથી." **( ગાથા-૩૭, પેઈજ નં. ૫૭૬ )**

[ ૐ ] ..... ધર્મી એમ કહે છે કે મારી પર્યાયમાં અનંતા અનંતા ( દ્રવ્યો ) પ્રકાશે છે, છતાં તેનો સ્વભાવ તે છોડતા નથી. અને તેને પ્રકાશે છે તેટલી પર્યાયવાળો હું નથી. આહા ! હું તો અંતરંગતત્ત્વ જ્ઞાયકભાવ સ્વભાવવાળો છું અને તે મારી પર્યાયમાં પ્રકાશે છે, એની સાથે હું અનાકુળ આનંદના અનુભવને અનુભવું છું. એ બધા ( જ્ઞાનમાં ) પ્રકાશે છે. માટે ત્યાં આકુળતા થાય છે ( એમ નથી ). જ્ઞાનનો સ્વભાવ વર્ણવ્યો તેની સાથે આનંદને વર્ણવે છે. જ્યાં હોય ત્યાં સાથે જ્ઞાન ને આનંદ બેને મૂકે છે. મારો પ્રભુ ! મારી પર્યાયમાં અનંતા દ્રવ્યના સ્વભાવને અડયા વિના જાણે છે, એના સ્વભાવને છોડતા નથી. છતાં હું એ પર્યાય જેટલો નથી, હું તો અંતરંગ પૂર્ણાનંદ જ્ઞાયકભાવ છું. જેમ પ્રકાશમાં અનંતાને પ્રકાશું છું મારી પર્યાયના બળથી, તેમ મારા આનંદની પર્યાયથી હું મારા આત્માને અનાકુળ અનુભવું છું. **( ગાથા-૩૭, પેઈજ નં. ૫૭૭ )**

[ ૐ ] સમસ્ત લોકમાં રહેલા પદાર્થો "**आलोकमुच्छलति**" કહ્યું' તું ને ! તેનો બીજો અર્થ કર્યો છે. સમસ્ત લોકમાં રહેલા પદાર્થો એકી વખતે જ જ્ઞાનમાં આવીને ઝળકે છે. ( શ્રોતાઃ– પદાર્થો એમાં આવીને ઝળકે છે ! ) એક સમયમાં જ્ઞાન પણ બધું થાય–

ત્રણકાળ ત્રણલોક એક સમયમાં ઝળકે છે એ પણ વ્યવહાર છે, એટલે કે પર્યાયમાં જાણવામાં આવે છે તેને સર્વ લોક દેખો !

**( શ્લોક-૩૨, પેઈજ નં. ૬૨૪ )**

## સમયસાર સિદ્ધિ ભાગ-૩

[ ॐ ] હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવોને, ભગવાને જીવ ન કહ્યા, શુભભાવ દયા, દાનનો થાય એને જીવ ન કહ્યો અને અન્ય ચૈતન્ય સ્વભાવને જીવ કહ્યો, તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે. એ શુભભાવ રાગ છે. એ દયા દાનનો વિકલ્પ જે રાગ છે. એ ચૈતન્યની સાથે સંબંધ રાખનારો દેખાય છે. એ કાંઈ પરમાણું સાથે સંબંધ રાખે છે એમ દેખાતું નથી...... **( પેઈજ નં-૬૦ )**

[ ॐ ] .....પર્યાયનું ય જ્ઞાન છે, દ્રવ્યનું ય જ્ઞાન છે. એને મિશ્રિત કીધું, એવું મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં, જ્ઞાનની પર્યાયમાં પર્યાયનું જ્ઞાન ને દ્રવ્યનું જ્ઞાન એમ મિશ્રિતરૂપે ભાસ–પ્રતિભાસ થવા છતાં જ્ઞાનમાં દ્રવ્યનો ને પર્યાયનો પ્રતિભાસ હોવા છતાં; વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પોતાની પર્યાયનો પ્રતિભાસ અને બીજી પર્યાયનો પ્રતિભાસ અને તે પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યનો પ્રતિભાસ હોવા છતાં વસ્તુ છે એ તો વસ્તુમાં રહી. જેમ બિંબ છે સામે તેમ અરીસામાં પ્રતિબિંબ પડે એ પ્રતિબિંબપણે એ અરીસો છે એ બિંબપણે નથી. એમ અંહીં વ્યક્તપણે પર્યાય છે અને અવ્યક્તપણે વસ્તુ છે, એટલે કે આ દ્રવ્ય પર્યાયમાં આવ્યું નથી. એ બેનું એક ક્ષણે મિશ્રિત જ્ઞાન હોવા છતાં એ વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી. **( પેઈજ નં-૧૩૫ )**

[ ॐ ] ભગવાન આત્મા તેની પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન થાય ને પોતાના દ્રવ્યનું પણ જ્ઞાન થાય પણ એ વાત અહીં ન કરી. ફક્ત પર્યાયનું ને દ્રવ્યના જ્ઞાનની વાત કરી. પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન તો છે, જ્ઞાનની પર્યાયમાં એને પર્યાય કહીએ. **ભલે શ્રુતજ્ઞાનની પર્યાય હો પણ એ પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી તે શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ પરપ્રકાશકપણું આવી જાય છે,** એવી જે એક સમયની પર્યાય જેનું જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવે છે. ૧૭–૧૮ મી ગાથામાં એમ આવ્યું કે એ પર્યાય સ્વને જાણે જ છે પણ એની દૃષ્ટિ ત્યાં નથી. શું કહ્યું એ ? કે ક્ષણિક જે જ્ઞાનની પર્યાય છે એ પર્યાયનો સ્વભાવ જ સ્વપરપ્રકાશક છે, એથી એ પરને પ્રકાશે છે એમ એને જણાય છે પણ તે પર્યાય સ્વને જ પ્રકાશે -કેમકે **પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. એકલો પર પ્રકાશક છે એમ નહિ, તેમ એકલો સ્વપ્રકાશક છે એમ નહિ. એ પર્યાયનું સામર્થ્ય જ એટલું છે, કે સ્વને ય પ્રકાશે ને પરનેય પ્રકાશે જ છે. અજ્ઞાનીની પર્યાય પણ આવી છે.** પણ તેની નજરું ત્યાં નથી. વર્તમાન પર્યાય ત્રિકાળને પ્રકાશે છે, એવો પર્યાયનો સ્વભાવ હોવાથી તે સ્વદ્રવ્યને પ્રકાશે છે, પણ પર્યાયદૃષ્ટિવંતની દૃષ્ટિ પર્યાય ઉપર છે, અંતર્મુખદૃષ્ટિ ઉપર નથી, માટે તેને જણાતાં છતાં તેને જાણતો નથી.

**( પેઈજ નં. -૧૩૫-૧૩૬ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# કલશામૃત ભાગ-૧

[ ૐ ] **આહાહા ! કરવા લાયક શું અને ન કરવા લાયક શું તે ટૂંકી વાત આમાં છે. પર્યાયમાં આત્મા જાણવામાં આવે છે તો પણ તેને છોડી દીધો અને પર્યાયમાં જે રાગ જાણવામાં આવ્યો તે પર પ્રકાશનની એકત્વબુદ્ધિ કરી. પર્યાયનો સ્વભાવ તો છે સ્વ-પર પ્રકાશક જે ખુદને ( પોતાને ) પ્રકાશે છે અને પરને પ્રકાશે છે.** રાગ પણ જાણવામાં આવે છે અને આત્મા પણ જાણવામાં આવે છે. એ જ્ઞાનની દશામાં સ્વ જાણવામાં આવે છે તો પણ તે તરફ તેની દૃષ્ટિ નથી. અને દયા–દાન આદિની જે વૃત્તિ ઊઠે છે તે વિકારમાં એકત્વબુદ્ધિને કારણે સ્વનું એકત્વપણું દૃષ્ટિમાં આવતું નથી. **જ્ઞાનનો પર પ્રકાશક સ્વભાવ છે પણ એકલો પર પ્રકાશક સ્વભાવ નથી; સ્વપર પ્રકાશક સ્વભાવ છે.** **( પેઈજ નં. ૧૯૦ )**

[ ૐ ] ધર્મીને પર ચીજનું જ્ઞાન થાય છે કે નહીં ? કે એકલું જ્ઞાન જ જ્ઞાન થાય છે ? તેને સ્વનું જ્ઞાન છે ને પરનું જ્ઞાન છે. પર વસ્તુ અહીંયા આવતી નથી. પર વસ્તુના સંબંધપૂર્વક પોતાના જ્ઞાનની પર્યાય જે પર પ્રકાશક છે તે પોતાથી પોતામાં થઈ છે. તેમાં કોઈ પરને જાણ્યું તો વિકાર થઈ જાય–એમ નથી. **( પેઈજ નં. ૨૦૨ )**

[ ૐ ] .....અરીસામાં ચીજ દેખવામાં આવે છે તેથી ચીજ અરીસામાં ધૂસી જાય છે– એમ નથી. તેમ જ્ઞાન અરીસો છે. ચૈતન્યમૂર્તિ પ્રભુ ! ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર પ્રભુ તેમાં પર વસ્તુ અનંત જાણવામાં આવે તો તેનાથી કોઈ વિકાર છે નહીં. તે ચીજ અહીં આવી નથી. ભાષા તો એમ બોલવામાં આવે છે કે તે ચીજનું અહીંયા પ્રતિબિંબ થાય છે. પ્રતિબિંબનો અર્થ એ કે–પર જે ચીજ છે તે ચીજનું તેવું અહીંયા જ્ઞાન થાય છે– તેનું નામ પ્રતિબિંબ છે. એ ચીજ તો જડ છે. તે સંબંધી તેનું અહીં જ્ઞાન થાય છે....

**( પેઈજ નં. ૨૦૩ )**

[ ૐ ] ભાષા 'પ્રતિબિંબ' લીધી. પ્રતિબિંબ એટલે જે ચીજ સામી છે તેનું અહીંયા જ્ઞાન થાય છે તે જ્ઞાનમાં પર વસ્તુનું પ્રતિબિંબ પડે છે એમ કહેવામાં આવે છે. આત્મા તો અરૂપી જ્ઞાનસ્વરૂપ છે. શું જડ ( વસ્તુ ) જ્ઞાનમાં આવી જાય છે ? સામે લીમડો દેખાય છે તે જડ છે. લીમડાના પાંદડા પણ જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. લીમડાનો તો મોટો આકાર છે અને અહીંયા જ્ઞાનમાં તે સંબંધી જ્ઞાન થાય છે. તો જ્ઞાની જ્ઞાતાદૃષ્ટા રહે છે. તે ચીજ મારી છે તેવું જ્ઞાની માનતા નથી અને પર ચીજ જાણવાથી વિકાર થતો નથી.

**અરે ! ભાવશ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ અનંત દ્રવ્ય-ગુણ પર્યાય જાણવામાં આવે છે. કેવળીને પ્રત્યક્ષ જાણવામાં આવે છે અને શ્રુતજ્ઞાનીને પરોક્ષ જાણવામાં આવે છે. પ્રત્યક્ષ ને પરોક્ષ બે ભેદ છે, જાણવામાં ભેદ છે નહીં. આહા.. હા ! આ શ્રુતજ્ઞાનની વાત કરે છે હોં !**

**( પેઈજ નં. ૨૦૩ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કલશામૃત ભાગ-૨

[ ૐ ] શું કરીને ? " વિશ્વં વ્યાપ્ય " સમસ્ત જ્ઞેયોને પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને. ત્રણ લોકને કોના વડે જાણે છે ?

અનુભવમાં આનંદના સ્વાદને તો લીધો, હવે સાથે જ્ઞાનને પણ લ્યે છે. જગતની જેટલી ચીજો છે તે જ્ઞેય છે તેને પ્રત્યક્ષપણે જ્ઞાનમાં પ્રગટ કરતો. "પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને" તેનો અર્થ જ એ છે કે– પ્રત્યક્ષપણે તેનું જ્ઞાન થયું. એટલે જ્ઞેયો અહીં જ્ઞાનમાં પ્રતિબિંબિત થયા. જેટલા જ્ઞેયો છે તેનું અહીંયા જ્ઞાન પોતાથી પોતા વડે પ્રગટ કર્યું. આહા... હા ! આવી વાત છે. કેવળજ્ઞાન તો ત્રણલોકને પ્રત્યક્ષ–બધું જાણે છે. પરંતુ શ્રુતજ્ઞાન પણ લોકાલોકને ( પરોક્ષ ) જાણે છે તેટલી તેની તાકાત છે.

( પેઈજ નં.-૧૩૮ )

[ ૐ ] "સકળ જ્ઞેય વસ્તુને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે." કેવળજ્ઞાનની અપેક્ષાએ સમસ્ત વસ્તુને સાક્ષાત જાણે છે, પરંતુ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ પણ એક સમયમાં બધું જાણે છે. તે અનંત દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે છે. સ્વપર પ્રકાશક પર્યાયનો એવો સ્વભાવ છે કે સ્વને તો જાણે જ છે પરંતુ પરને પણ જાણે છે. આહાહા ! સમ્યગ્જ્ઞાન થયું તો ચૈતન્ય સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ છે તેવું ભાન થયું. એ જ્ઞાનની પર્યાય સ્વને તો જાણે જ છે, પરંતુ પર્યાયનો ધર્મ સ્વપર પ્રકાશક છે તેથી શ્રુતજ્ઞાની પણ પરને–લોકાલોકને જાણે છે. એ સ્વપર પ્રકાશક જ્ઞાન પર્યાયની તાકાત એટલી છે. તે તાકાત દ્રવ્ય–ગુણને લઈને નહીં. દ્રવ્ય–ગુણ તો ત્રિકાળ છે જ પરંતુ પર્યાયમાં ત્રિકાળ વસ્તુને જાણવાની તાકાત પ્રગટ થઈ છે. ( પેઈજ નં.-૧૪૯ )

## કલશામૃત ભાગ - ૩

[ ૐ ] જ્ઞાન એટલે આત્મા વિકારરૂપ પરિણમ્યો છે તેવો પ્રતિભાસ થાય છે. પ્રતિભાસ થાય છે તેથી જ્ઞાન વિકારરૂપ થઈ ગયું છે ? એ તો પર્યાયમાં વિકારરૂપ થયું છે અને અજ્ઞાનીને એમ ભાસે છે કે –વસ્તુ વિકારરૂપ થઈ ગઈ છે. શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો રસકંદ તે તો અનાદિ અનંત શુદ્ધ અને નિર્મળ જ છે.

અજ્ઞાનીને વિકારી પરિણમનને લીધે એમ પ્રતિભાસે છે કે – જાણે આત્મજ્ઞાન વિકારી થઈ ગયું હોય ! કેમ કે – પર્યાયની દૃષ્ટિ વિકાર તરફની છે.

( પેઈજ નં. ૮ )

[ ૐ ] ....અજ્ઞાનીની વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પણ સ્વનું જ જ્ઞાન થાય છે. કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે. પરને પ્રકાશે છે તે એક બાજુ રાખો. છતાં તે પર્યાયમાં ( સ્વપર સંબંધી ) સ્વજ્ઞાન જાણવામાં આવે છે. અજ્ઞાનીને તેની જ્ઞાન પર્યાયમાં સ્વજ્ઞેય જાણવામાં આવવા છતાં, અજ્ઞાનીની દૃષ્ટિ તેના પર નહીં હોવાથી તેને સ્વજ્ઞેયનું જ્ઞાન થયું નહીં. ( પેઈજ નં. ૩૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] જ્ઞાનગુણ અને મિથ્યાત્વ રાગાદિરૂપ તેનું એકપણું ભાસતું નથી... અર્થાત્ એકપણું છે નહીં માટે એકપણું ભાસતું નથી. અંતર– દ્રવ્યદૃષ્ટિથી દેખવાથી રાગ અને જ્ઞાન એક નથી. અંદરમાં રાગ દેખાતો નથી. **( પેઈજ નં. ૨૨૮ )**

[ ૐ ] એક સમયની પર્યાય સ્વદ્રવ્યનું પણ જ્ઞાન કરે છે... અને છ દ્રવ્યનું પણ જ્ઞાન કરે છે. એક સમયની પર્યાય તે શ્રુતજ્ઞાનની પર્યાય ભલે અલ્પ હોવા છતાં તે જ્ઞાનની પર્યાયમાં સ્વદ્રવ્યનું જ્ઞાન છે. પરંતુ સ્વદ્રવ્ય તે પર્યાયમાં નથી આવતું. એ પર્યાયમાં છ દ્રવ્ય નથી આવતા પરંતુ છ દ્રવ્યનું જ્ઞાન છે. એક જ સમયે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનું જ્ઞાન થયું. એક જ્ઞાનગુણની એક સમયની પર્યાયમાં આટલી તાકાત છે. પરંતુ ( પર્યાય ) પ્રતીતિનો વિષય આશ્રયભૂત દ્રવ્ય તેનો આશ્રય કરતી નથી, છતાં તે પર્યાયમાં દ્રવ્ય ભાસે છે. ( છ દ્રવ્ય ) ભાસવા છતાં એ પર્યાયનું લક્ષ ભાસવાવાળી ચીજ ઉપર નથી.
**( પેઈજ નં. ૪૦૦ )**

---

## કલશામૃત ભાગ - ૪

---

[ ૐ ] જેમ સ્ફટિક છે તેની સામે લાલ–પીળાં ફૂલ હોય તો તેમાં લાલ–પીળી ઝાંય દેખાય છે... પણ એ સ્ફટિકની ચીજ નથી. સ્ફટિક તો સફેદ–ધોળું છે. તેમ ભગવાન આત્મા ! ચૈતન્ય સ્ફટિક જેવો નિર્મળાનંદ છે. એમાં જે પુણ્ય–પાપના–મિથ્યાત્વના ભાવ થાય છે તેને જડ દર્શનમોહ કરે છે, એ એની ઝાંય છે. એ ઝાંય પર્યાયમાં છે, પણ વસ્તુમાં નથી. વસ્તુ તો અનાદિ– અનંત નિર્મળાનંદ છે.
**( કળશ નં.-૧૧૬, તા. ૪/૧૦/૭૭, પ્રવચન નં.-૧૧૩ )**

[ ૐ ] ભૂત અર્થાત્ ગયો કાળ, વર્તમાન અને ભવિષ્ય તે બધાય અનંત દ્રવ્યો અને દરેક દ્રવ્ય તેની પર્યાય સહિત છે તેને જ્ઞાન પ્રત્યક્ષ કરે છે – પ્રતિબિંબિત કરે છે. જે પ્રતિબિંબિત થાય છે તેનું જ્ઞાન અહીંયા થઈ જાય છે. ભવિષ્યની અનંતી પર્યાય સહિત જે દ્રવ્ય છે તેનું અહીંયા જ્ઞાન થઈ જાય છે.

પોતાના સ્વભાવમાં પ્રતિબિંબિત કરતો થકો. પ્રત્યેક ચીજ જ્યાં જેવી છે... એવી અહીંયા જાણવામાં આવે છે. જેવું બિંબ છે એવું પ્રતિબિંબ થાય છે. એ પ્રકારની પર્યાય અહીંયા જ્ઞાનમાં આવી જાય છે... અર્થાત્ તે પ્રકારનું જ્ઞાન આવી જાય છે... તે પર્યાય આવી જતી નથી.

**"पररूपत: व्यावृतं" જ્ઞેયાકાર પરિણમનથી પરાઙ્મુખ છે."** શું કહે છે ? પોતાના નિજરસ જ્ઞાનગુણથી પરિપૂર્ણ છે. પોતાના જ્ઞાનમાં જે પરવસ્તુ જાણવામાં આવે છે. દયા–દાન–વ્રત–ભક્તિના વિકલ્પ, શરીર–વાણી–મન–આહાર એ જ્ઞેયાકાર અને અહીંયા જે જ્ઞાન થાય છે તે પરના કારણે થતું નથી. અહીંયા સ્વના જાણવાપણે પોતાની જ્ઞાન પરિણતિ આવી પ્રગટ થાય છે.

"જ્ઞેયાકાર પરિણમનથી" શું કહે છે ? સમ્યગ્દર્શનમાં જ્ઞાન સ્વરૂપ પ્રભુનું ભાન થયું પછી દયા–દાન આદિનો રાગ થાય છે તે જ્ઞેયનું અહીંયા જ્ઞાન થાય છે. એ જ્ઞેયના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેયાકારે થવું એ પણ વ્યવહાર છે. જ્ઞાન જ્ઞેયાકાર થતું જ નથી જ્ઞાન તો પોતાના આકારે થાય છે.

**"જ્ઞેયાકાર પરિણમનથી પરાઙ્મુખ છે."** પરથી તો પરાઙ્મુખ છે જ પણ જે ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એમાં જે આ... રાગ-દયા-દાન-વ્રત-શરીર-મન-વાણી-લક્ષ્મી (આદિ) જ્ઞેયોનું અહીંયા જ્ઞાન થાય છે, તે જ્ઞેયાકાર જ્ઞાન થયું... તેને પણ વ્યવહાર કહેવામાં આવે છે. ખરેખર જ્ઞેયરૂપ જ્ઞાન ત્યાં થતું નથી, જ્ઞેયના કારણથી જ્ઞાન થતું નથી, પરંતુ પોતાના કારણે પોતામાં સ્વપરનું જ્ઞાન થાય છે. એ જ્ઞાનાકાર પોતાની ચીજ છે તે જ્ઞેયાકાર છે જ નહીં.

આહાહા! પોતાના જ્ઞાન સ્વરૂપમાં પોતાનું જ્ઞાન અને રાગ-શરીર-વાણીનું જ્ઞાન કહેવું તે વ્યવહારે છે. ખરેખર સ્વપરનું જ્ઞાન તે પોતાની પર્યાયનું સામર્થ્ય છે. આહાહા! એ પર્યાયનું સામર્થ્ય શું છે? આ તો જૈનદર્શનનો એકડો છે તેની હજુ ખબર ન મળે!

અહીંયા તો પ્રભુ એમ કહે છે – પ્રભુ! તારી શક્તિ નિજરસ... જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાનગુણ-જ્ઞાન સ્વભાવ... જ્ઞાન... જાણવું... જાણવું... જાણવું તારું રૂપ છે – શક્તિ છે. એમાં જે રાગાદિ અને પરસંબંધીનું જ્ઞાન થાય છે તે જ્ઞેયાકાર જ્ઞાન થયું તેમ કહેવું તે વ્યવહાર છે. કેમકે જ્ઞેય જ્ઞાનમાં આવતા નથી. રાગનું જ્ઞાન થાય છે તો રાગ કાંઈ જ્ઞાનમાં આવતો નથી. રાગ સંબંધી પોતાની પર્યાયમાં... પોતાનું સ્વપર પ્રકાશક જ્ઞાન આવે છે.

તારા ઘરમાં ચીજની કેટલી તાકાત છે... એ તાકાતવાળી ચીજ કઈ છે તેની તને ખબર નથી. અહીંયા કહે છે – શરીર, વાણી, રાગ આદિ પર (જ્ઞેયો) પોતામાં તો આવતા નથી, પરંતુ તે સંબંધી જે જ્ઞાન થયું તે જ્ઞેયાકાર જ્ઞાન થયું એમ પણ નથી, ત્યાં તો પોતાના જ્ઞાનાકારપણે જ્ઞાન થયું છે. પરને જ્ઞાન જાણે તે જ્ઞાન પોતાના જ્ઞાનાકારે થયું છે. ઝીણી વાતું છે બાપુ!

..... સંવરના પરિણામ તે શુદ્ધભાવ-શુદ્ધોપયોગ છે. એ શુદ્ધ પરિણામમાં રાગાદિકનું અને પરનું જ્ઞાન થાય છે એમ કહેવું તે વ્યવહાર છે. પોતાનું અને પરનું જ્ઞાન પોતાનામાં પોતાથી જ્ઞાનાકાર જ્ઞાન થાય છે. પર ચીજ તો તેમાં આવતી નથી. તેથી પરને કારણે જ્ઞાન થયું એમ છે નહીં.

**(તા. ૧૬/૧૦/૭૭, પ્રવચન નં. -૧૨૩, શ્લોક ૧૨૪-૧૨૫)**

[ ॐ ] **"पररूपत: व्यावृत्त" જ્ઞેયાકાર પરિણમનથી પરાઙ્મુખ છે."** પરરૂપથી વ્યાવૃત્તની વ્યાખ્યા આટલી બધી કરી. **ભાવાર્થ આમ છે કે- સકળ જ્ઞેયવસ્તુને જાણે છે, તદ્રૂપ થતી નથી."** અનંત કેવળીઓને પણ જ્ઞાનની પર્યાય જાણે... છતાં પણ જ્ઞાન પરરૂપ થતું નથી. સ્વરૂપમાં સ્વક્ષેત્રના સ્વભાવમાં રહીને પરને જાણે છે... એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ તો પોતાના ક્ષેત્રમાં રહીને... પોતાને પોતે પૂર્ણ જાણે છે.

તું કોણ છો? અંદર ભગવત્ સ્વરૂપ છો. એ જ્ઞાનવસ્તુ ચેતનરસ સ્વભાવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ છે... તે પોતાના સિવાય પર અનંત જ્ઞેયો તેને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. કેમકે એ ચીજને એની પર્યાય અડતી નથી. તેમ તે જ્ઞેયો જ્ઞાનની પર્યાયને અડતા નથી.

**"સકળ જ્ઞેયવસ્તુને જાણે છે, તદ્રુપ થતી નથી" રાગ આવે, તે રાગને જ્ઞાન જાણે તેમ કહેવું તે વ્યવહાર છે. રાગની અસ્તિને પોતે પોતાના સ્વપર પ્રકાશક જ્ઞાનમાં ( જાણે છે ). પોતાનું જ્ઞાન પોતાના સ્વપર પ્રકાશકના સામર્થ્યથી પ્રગટ થયું છે, એમાં રાગ જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. બાકી તો પોતાની પર્યાય જ સ્વપર પ્રકાશકપણે જણાય છે.**

**( તા. ૧૭/૧૦/૭૭, શ્લોક નં. -૧૨૫, પ્રવચન નં. -૧૨૪ )**

[ ૐ ] ... આ તો કેવળજ્ઞાનના વિજ્ઞાનનું વિજ્ઞાન છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ જેના જ્ઞાનમાં ત્રણકાળ–ત્રણલોક જણાયા એમ કહેવું તે વ્યવહાર છે. એ પર્યાયનો એવો જ સ્વભાવ છે કે ( સમસ્ત જણાય ) જેમ સ્વચ્છ પાણીમાં ચંદ્ર, કરોડો તારાઓ, ગ્રહ આદિ જે છે તે, પાણીની સ્વચ્છતાને જોતાં તે જણાય જાય છે. પાણીની જે અવસ્થા છે તે કાંઈ પેલી ચીજ નથી, તેમ તે ચીજની અવસ્થા ત્યાં નથી... ( છતાં સ્વચ્છતામાં જણાય. ) તેમ ભગવાન આત્માના જ્ઞાનગુણમાં પેલા લોકાલોક નથી, ત્યાં તો પાણીની સ્વચ્છતાનું એવું સ્વરૂપ છે.

**( તા. ૧૨-૧૧-૭૭, પ્રવચન નં. -૧૪૭ માંથી )**

[ ૐ ] સમયસાર ૧૭–૧૮ ગાથામાં કહ્યું ને !! જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ સ્વપર પ્રકાશક છે. ભલે અલ્પજ્ઞાન હો ! પણ... પર્યાયનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે. માટે જ્ઞાનની પર્યાયમાં આ બાળ– ગોપાળને, બાળકથી માંડીને વૃધ્ધને તેના જ્ઞાનની પર્યાયનું સ્વરૂપ સ્વપર પ્રકાશક હોવાથી.... જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા જ જણાય છે. આત્મા જ જણાય છે, છતાં તે પર્યાયમાં આત્મા આવતો નથી. એ પર્યાયમાં આખો આત્મા જણાય છે કેમકે પર્યાયનું સ્વપર પ્રકાશકપણું એ સ્વરૂપ છે. આવું ઝીણું !! **( શ્લોક નં. -૧૪૦, પ્રવચન નં. -૧૪૪ તા. ૯/૧૧/૭૭ )**

[ ૐ ] દૃષ્ટાંત આપ્યું કે – જેમ રસાયણ પીને તરંગ ઊઠે છે તેમ જેની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકની પર્યાયો જણાય જાય છે તેને જ્ઞાનના તરંગોની સાથે અનંત આનંદના તરંગ ઊઠે છે. રસાયણ પીને જેમ મત નામ મસ્ત થઈ જાય છે. તેમ આત્માના જ્ઞાનની પર્યાયમાં પૂર્ણનું ( જાણપણું થઈ જાય છે. ) પૂર્ણની વાત છે ને ! છ દ્રવ્યો અને તેના અનંત ગુણો અને તેની પર્યાયો એ બધાનું ( **मन्डल** ) એટલે સમૂહ. ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયના સમૂહ જેની જ્ઞાનની પર્યાયમાં મગ્ન થઈ ગયા છે એટલે જણાય ગયા છે. રસાયણની ઔષધિ પીને જેમ મસ્ત થઈ જાય તેમ ત્રણકાળ ને ત્રણલોકના પર્યાયોને જાણીને એ અતીન્દ્રિય આનંદની પર્યાય મસ્ત થઈ ગઈ છે. અતીન્દ્રિય જ્ઞાન તો છે પણ સાથે અતીન્દ્રિય આનંદથી મસ્ત થઈ જાય છે. **( તા. ૧૩/૧૧/૭૭, પ્રવચન નં. -૧૪૮ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કળશટીકાનું પ્રવચન

**( મોક્ષઅધિકાર શ્લોક-૧૩ ના પ્રવચનમાંથી )**

[ ૐ ] આ દેહ તો જડ-માટી-ધૂળ છે. જે જાણનાર છે તે આત્મા છે. આત્મા પરને જાણે છે—એમ અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. **ખરેખર તો પોતાની જ્ઞાન પર્યાયમાં પોતાનું જ્ઞાન થાય છે-- એ નિશ્ચય છે. વર્તમાન જ્ઞાન પર્યાયમાં આ જે બધું જણાય છે તે ખરેખર જણાતું નથી, જાણવામાં તો પોતાની જ્ઞાન પર્યાયની તાકાત આવે છે.**

એક સમયની પોતાની વર્તમાન દશામાં આ... આ... આ... જણાય છે એમ કહેવું એ તો વ્યવહાર છે. **નિશ્ચયથી તો પોતાની જ્ઞાનપર્યાય પોતાથી પ્રગટ થઈ છે તે પોતાને જ જાણે છે. કેમ કે, જેમાં તન્મય થઈને જાણે તે જાણવાને જ નિશ્ચય કહેવામાં આવે છે. પરનું જાણવું કાંઈ પરમાં તન્મય થઈને થતું નથી માટે પરને જાણવું તે વ્યવહાર છે. પર સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થાય છે તેને જ્ઞાન જાણે છે એ નિશ્ચય છે.**

અહીં તો આત્માને ભગવાન તરીકે જ બોલાવીએ છીએ. એને ખબર નથી કે હું ભગવાન છું પણ એ ભગવાન સ્વરૂપ જ છે. **વર્તમાન જ્ઞાનની પર્યાય જ્ઞાન પર્યાયને જ જાણે છે એ પણ હજુ પર્યાયબુદ્ધિ છે. ઝીણી વાત છે ભાઈ ! સર્વજ્ઞ પરમાત્મા થયા તે ક્યાંથી થયા ? અંદરમાં જેવા સ્વરૂપે હતાં તેમાંથી પ્રગટ થયા છે. એ સર્વજ્ઞ પર્યાય પરમાં તન્મય નથી માટે તે પરને જાણે છે એ વ્યવહાર છે. પોતામાં તન્મય છે માટે પોતાને જાણે છે—એ નિશ્ચય છે. હવે એ એક સમયની પર્યાય પોતાને જાણે છે એ પણ પર્યાયની વાત થઈ. દ્રવ્ય જેવું છે તેવું પર્યાયમાં જાણવામાં આવે ત્યારે સમ્યગ્દર્શન થાય છે.**

અહીં તો એ વાત છે કે- એક સમયની વર્તમાન પર્યાયમાં કેવળજ્ઞાની ભગવાન પરને જાણે છે એ તો અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. કેમકે પરમાં જ્ઞાન તન્મય નથી. **જ્ઞાન પોતાની પર્યાયમાં તન્મય છે માટે પોતાને જાણે છે એ નિશ્ચય છે. તેમ જ્ઞાની કે અજ્ઞાની કોઈપણ જીવ પરને તન્મય થઈને જાણતાં નથી માટે પરનું જાણવું વ્યવહારથી કહેવાય છે. પર સંબંધીના પોતાના જ્ઞાનને પોતે તન્મય થઈને જાણે છે માટે તે નિશ્ચય છે. હવે અહીં તો એથી પણ આગળ લઈ જવા છે...** **( આત્મધર્મ અંક ૭૩૭ પેઈજ નં-૨, ૩ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પ્રવચન નવનીત ભાગ- ૧

[ ૐ ] અહીં કહે છે કે: 'વ્યક્તતા' એટલે પ્રગટ નિર્મળ પર્યાયો અને 'અવ્યક્ત' એટલે દ્રવ્ય. બેયનો એકરૂપ પ્રતિભાસ–પર્યાયમાં બેઉનું જ્ઞાન–હોવા છતાં પણ, 'અવ્યક્ત' દ્રવ્ય 'વ્યક્તતા' ને સ્પર્શતું નથી.

આહાહાહા ! ત્રિકાળ નિરાવરણ અખંડ જ્ઞાયક એકરૂપ સ્વરૂપ–એનું ધ્યાન કરે છે. ધ્યાન છે પર્યાય. પણ પર્યાયનું ધ્યેય–ધ્યાનનું ધ્યેય– 'ધ્રુવ' છે. એ 'ધ્રુવ' ધ્યાનનું ધ્યેય હોવા છતાં પણ, જ્ઞાનની પર્યાયમાં એ 'ધ્રુવ' નું જ્ઞાન આવે છે; 'ધ્રુવ' નથી આવતું. આવે છે ને... "પ્રતિભાસિત" . એવું જ્ઞાન હોવા છતાં પણ–દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન હોવા છતાં પણ–દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી.

"અખંડ–એક–પ્રત્યક્ષ પ્રતિભાસમય" –એ ચીજનો જ્ઞાનમાં પ્રત્યક્ષ પ્રતિભાસ આવે છે. જ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય જાણવામાં આવે છે. દ્રવ્ય જાણવામાં આવે છે... હોં ! દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. ( એનો ) પ્રતિભાસ કહ્યો ને ? 'પ્રત્યક્ષ પ્રતિભાસ' – પર્યાયમાં પ્રત્યક્ષ પ્રતિભાસ, એટલે જેવો છે તેવો ખ્યાલમાં આવવો. અર્થાત્ એ આખા આત્માનો ક્ષયોપશમજ્ઞાનમાં પણ પ્રત્યક્ષ પ્રતિભાસ આવવો.

**( ગાથા-૪૯ પેઈજ નં. ૩૯ )**

## પ્રવચન નવનીત ભાગ- ૪

[ ૐ ] **"અમૂર્તિક આત્મ પ્રદેશોમાં"**.... શુંકહે છે ? કહે છે કે– ભગવાન આત્મા તો અમૂર્તિક પ્રદેશી છે. આત્માના અસંખ્ય પ્રદેશ છે તે તો અમૂર્ત છે. આમાં કોઈ વર્ણ, રસ, સ્પર્શ, ગંધ નથી. **"અમૂર્તિક આત્મ પ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક"**...લોક અને અલોકમાં જડ પણ આવ્યું. તે જડના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પણ અમૂર્ત આત્મ પ્રદેશોમાં જાણવામાં આવે છે. તે મૂર્ત ( દિવ્ય ) અહીં આત્મામાં આવતું નથી.

સ્વચ્છત્વ શક્તિનો એટલે સ્વભાવ છે કે–પોતાના આત્મ પ્રદેશ અમૂર્ત હોવા છતાં પણ મૂર્ત અને અમૂર્ત બધી ચીજને પોતાનામાં, પરની અપેક્ષા રાખ્યા વિના, સ્વચ્છતાના કારણે સ્વચ્છ–શુદ્ધ પરિણમન થાય છે. **( પેઈજ નં.-૧૪૮ )**

[ ૐ ] અહીં કહે છે, ભગવાન તો અમૂર્ત છે ને; તો મૂર્ત ( દ્રવ્ય ) અંદરમાં આવે છે અંદરમાં મૂર્તની પ્રતિછાયા પડે છે ? લીમડો દેખાય છે તો જ્ઞાનમાં લીમડાનો આકાર આવે છે ? તે તો જડનો આકાર છે. વર્ણ, રસ, ગંધ, લીલો રંગ છે તે અહીંયા આવે છે ? પરંતુ તે સંબંધી જ્ઞેયાકારરૂપ પોતાનું જ્ઞાન પોતાનાથી પરિણમન કરે છે–તે જ્ઞેયાકાર જ્ઞાન થયું– ત્યાં જડ છે તેથી અહીં જડરૂપ પરિણમન થયું–એમ નથી. અને તે મૂર્ત છે તો અહીં મૂર્તરૂપ પરિણમન થાય છે–એમ નથી. આત્મા અમૂર્ત છે તો મૂર્ત ક્યાંથી આવ્યું.

**( પેઈજ નં ૧૫૦ )**

[ ૐ ] ભગવાન આત્માના પ્રદેશ અમૂર્ત છે. "અમૂર્તિક આત્મ પ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારથી".... 'આકાર' શબ્દનો અર્થ કે–તે વસ્તુ ( અહીં ) નથી પરંતુ તે સંબંધીનું વિશેષજ્ઞાન છે. સ્વચ્છતામાં તે સંબંધીનું અને પોતા સંબંધીનું વિશેષ જ્ઞાન થાય છે. તે જડનો આકાર અહીં આવે છે ? આકાર તો વર્ણ, રસ, સ્પર્શ, ગંધ, જડ છે. આ પથ્થર છે તેનો આકાર અંદર આવે છે ? પરંતુ આકારનો અર્થ–સ્વ–પર અર્થનું જ્ઞાન તેનું નામ આકાર કહે છે. સ્વ અને પર પદાર્થનું જ્ઞાન થાય તેનું નામ આકાર છે. વાત–વાતમાં ફેર લાગે પણ માર્ગ આવો છે બાપુ ! **( પેઈજ નં.-૧૫૦ )**

[ ૐ ] **"અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારથી મેચક ( અર્થાત અનેક-આકારરૂપ )..."** સ્વનો અને પરનો આકાર એટલે જ્ઞાન. સ્વનું અને પરનું જ્ઞાન તેનું નામ અહીં આકાર કહે છે. જ્ઞાનને સાકાર કહે છે અને દર્શનને નિરાકાર કહે છે. જ્ઞાનને સાકાર કહે છે તો પરનો આકાર આવે છે, તેથી સાકાર કહે છે ? ( એમ છે નહીં ). પરંતુ તે સ્વ–પર પ્રકાશક પરિણમિત થયું તેનું નામ આકાર કહે છે. વિશેષરૂપથી પરિણમન થયું તેનું નામ આકાર છે. **( પેઈજ નં.-૧૫૦ )**

[ ૐ ] એક તો અમૂર્તિક આત્મપ્રદેશ તેમાં લોકાલોક પ્રકાશમાન ( થાય છે ). લોક–અલોકમાં મૂર્ત અને જડ બધું આવી ગયું. અને આકાર એટલે વિશેષતા તે બધાના વિશેષાકારે જ્ઞાનમાં જ્ઞાનની પરિણતિ થાય છે. જ્ઞાનની જ્ઞેયાકારરૂપ પરિણતિ. જ્ઞેયાકાર એટલે જડનો આકાર એમ–નથી. પરંતુ જ્ઞેયનું જે સ્વરૂપ છે તે રૂપે જ્ઞાનનું પરિણમન થવું તેને અહીં આકાર કહેવામાં આવે છે. અને તે પણ મેચક ( અર્થાત્ ) અનેકરૂપ થયું. જ્ઞાનની પર્યાયમાં એકરૂપ ન રહ્યુ. ( પરંતુ ) લોકાલોકને જાણવામાં જ્ઞાનની પર્યાય અનેકરૂપ થઈ. **( પેઈજ નં.-૧૫૧ )**

[ ૐ ] **"મેચક ( અર્થાત્ અનેક આકારરૂપ )...** એમ કહ્યું ને ! મેચક એટલે અનેક. "એવો ઉપયોગ" અર્થાત્ જાણવું. **"...એવો ઉપયોગ જેનું લક્ષણ છે તેવી સ્વચ્છત્વશક્તિ."...** અંદરમાં એવી કોઈ જ્ઞાનની નિર્મળતા છે તે કહે છે. એવી સ્વચ્છતા–નિર્મળતા છે કે– લોકાલોક જેમાં મૂર્ત અને અમૂર્ત પ્રકાશમાન થાય છે. આત્માના અમૂર્ત પ્રદેશોમાં જ્ઞાન થાય છે.

"જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેની પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશિત થાય છે. ઘટ–પટ ત્યાં જતા નથી પરંતુ ઘટપટ સંબંધીની સ્વચ્છતા ત્યાં દેખવામાં આવે છે. અહીં અગ્નિ છે અને બરફ છે તો અગ્નિ આમ–આમ થાય છે. તે દર્પણમાં પણ આમ આમ થાય છે. તે દર્પણમાં ( અગ્નિ ) નથી. તે દર્પણની સ્વચ્છશક્તિનું પરિણમન છે. અંદર અગ્નિ દેખાય છે પરંતુ ( વાસ્તવિક ) અગ્નિ નથી, તે તો દર્પણની સ્વચ્છ શક્તિ છે. તે તો દર્પણની પર્યાય છે. ત્યાં અગ્નિની પર્યાય આવી નથી. અગ્નિમાં તો હાથ બળે છે પણ ત્યાં દર્પણ ઉપર શરીર રાખો તો બળે છે ? તે તો દર્પણની પર્યાય છે. તેમ ભગવાન આત્માની સ્વચ્છતાની પર્યાયમાં લોકાલોક ( પ્રકાશિત થાય છે ). જેમ ઘટ–પટ દર્પણમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેખાય છે તો ત્યાં ઘટ–પટ નથી. ત્યા તો દર્પણની સ્વચ્છતાની પર્યાય છે. તેમ લોકાલોક જાણવામાં આવે છે તે સ્વચ્છતાની પર્યાય છે. **( પેઈજ નં.-૧૫૨ )**

[ ૐ ] ભગવાન તો એમ કહે છે, જુઓ! "ઘટપટઆદિ પ્રકાશિત થાય છે..." તે પ્રમાણે આત્માની સ્વચ્છત્વ શક્તિથી...' સ્વચ્છત્વ અર્થાત્ તે પોતાની નિર્મળતાના કારણથી લોકાલોક દેખવામાં આવે છે, તે લોકાલોક નથી ( દેખાતું ) પરંતુ લોકાલોક સંબંધી પોતાની સ્વચ્છતાની પર્યાય દેખવામાં આવે છે. **( પેઈજ નં.-૧૫૨ )**

[ ૐ ] ....જેમ દર્પણમાં ઘટ–પટ આદિ પ્રકાશિત થાય છે, તે ઘટ–પટ ( તેમાં ) નથી પરંતુ તે દર્પણની પર્યાય છે. દર્પણની સામે ઘટ–પટ અગ્નિ કે બરફ આદિ હોય...! ( દર્પણમાં ) બરફ પીગળતો હોય તેમ દેખાય પણ એ બરફને ઘટપટ ( તે ) દર્પણમાં નથી. તે તો દર્પણની સ્વચ્છતાની અવસ્થા છે. તેમ ભગવાન આત્મા અમૂર્ત અસંખ્ય પ્રદેશી ચીજમાં લોકાલોકનો ભાસ થાય છે ( પણ )તે લોકાલોક ( આત્મામાં ) નથી. અહીં સ્વચ્છત્વની શક્તિની પર્યાયમાં લોકાલોક ભાસિત થાય છે– આ સ્વચ્છત્વ શક્તિનું જ પરિણમન છે. તે લોકાલોકથી પરિણમન છે–એમ નથી. **( પેઈજ નં.-૧૫૪ )**

[ ૐ ] **"અમૂર્તિક આત્મ પ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકાર''**...આકાર નામ વિશેષતા. જગતનો જડનો આકાર અહીં આવતો નથી પરંતુ તેનો જે વિશેષ સ્વભાવ છે તેનું જ્ઞાન અહીં પોતાથી થાય છે. "...મેચક ( અર્થાત્ ) અનેક આકારરૂપ.." જ્ઞાનની સ્વચ્છતાની પર્યાયમાં જે અનેકરૂપતા આવી તે પોતાની પર્યાયનો સ્વભાવ છે. અનેક છે તો અનેકરૂપ પરિણમન થયું–એમ નથી.

"( અનેક આકારરૂપ ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વ શક્તિ." આ સ્વચ્છત્વશક્તિ અનંત શક્તિમાં નિમિત છે અને અનંત શક્તિમાં સ્વચ્છત્વ શક્તિનું રૂપ પણ છે.... **( પેઈજ નં.-૧૫૪ )**

---

**સ્વચ્છત્વ શક્તિના લઈને જ્ઞાનમાં રૌદ્રધ્યાનના પરિણામ જણાય ત્યાં સ્વચ્છત્વ શક્તિમાં કાંઈ અશુદ્ધતા આવી જતી નથી. અરીસામાં અગ્નિ જણાવવાથી અરીસામાં ઉષ્ણતા આવી જતી નથી. અશુદ્ધતા જણાતાં જ્ઞાન પણ અશુદ્ધ થઈ જતું નથી તે જ્ઞાન ને જે છોડવા માગે છે તે સ્વચ્છત્વ શક્તિને સમજ્યો નથી.**

**( આત્મધર્મ અંક ૭૨૯ ) પૂ. ગુરુદેવશ્રીના હૃદયોદ્ગાર ( ૩૧૫ )**

ૐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# આત્મ વૈભવ

[ ૐ ] અરે ભાઈ ! શું કહે છે તું ? સિદ્ધનેય પરાધીન કહીને તારે શું કરવું છે ? અહીં તને તારામાં સ્વાધીનતા ભાસતી નથી એટલે તારી પરાધીન દૃષ્ટિમાં સિદ્ધ પણ તને પરાધીન દેખાય છે. **( શક્તિ-૭, પેઈજ નં.-૧૦૦ )**

[ ૐ ] એકેક શક્તિના વર્ણનમાં આચાર્યદેવે ખુબી કરી છે. અહીં સર્વદર્શિત્વશક્તિ **'લોકાલોકને દેખવામયી' એમ ન કહ્યું પણ 'લોકાલોકને દેખનારા એવા આત્માને દેખવામયી' એમ કહ્યું, એટલે 'આત્મદર્શનમયી' એમ કહીને નિશ્ચયની વાત લીધી. ને સાથે સાથે લોકાલોકને દેખવાનું તેનું સામર્થ્ય છે તે પણ બતાવી દીધું**. લોકાલોકને દેખતું હોવા છતાં તે દર્શન આત્મદર્શનમય છે; આત્મા પોતે એવા દર્શન સામર્થ્યરૂપે પરિણમ્યો છે; તે કાંઈ **પરસન્મુખ** જોઈ પરિણમતો નથી પણ આત્મ દર્શનની સ્વચ્છતામાં જ એવું સામર્થ્ય છે કે લોકાલોક તેમાં દેખાય જાય છે. **( શક્તિ-૮, પેઈજ નં.-૧૪૨ )**

[ ૐ ] જેમ કાચના સ્વચ્છ ગોળામાં ( હાંડીમાં ) ચારેકોરની વસ્તુઓ સહેજે ઝળકે છે તેમ આત્માની સર્વજ્ઞતારૂપ ચૈતન્ય ગોળાના પ્રકાશમાં વિશ્વના પદાર્થો સહેજે ઝળકે છે. આવું વિશ્વપ્રકાશી રત્ન આત્માના નિધાનમાં પડયું ને એવા તો અનંતા મહારત્નોનો ભંડાર આત્મા છે. **( શક્તિ-૯, પેઈજ નં.-૧૫૫ )**

[ ૐ ] લોકાલોકની **સામે જોયા વિના** જેના જ્ઞાનમાં લોકાલોક ઝળકે–એવો ભગવાન આત્મા જ લોકમાં ઉત્તમ પદાર્થ છે. **( શક્તિ-૧૦, પેઈજ નં.-૧૬૩ )**

[ ૐ ] જ્ઞાનસ્વરૂપ આત્મામાં એવી સ્વચ્છતા છે કે તેના ઉપયોગમાં લોકાલોક જણાય છે. પોતે અરૂપી હોવા છતાં રૂપી અરૂપી સમસ્ત પદાર્થો તેના જ્ઞાનમાં જણાય છે.

..... જેમ અરીસાની સ્વચ્છતામાં અનેક ચિત્ર–વિચિત્ર પદાર્થો... જણાય છે. ત્યાં અરીસામાં જાણે કેટલાય પદાર્થો હોય એવું મેચકપણું ( અનેકપણું ) લાગે છે, પણ ખરેખર કાંઇ અરીસામાં બીજી વસ્તુ નથી, એ તો અરીસાની સ્વચ્છતાનો જ એવો સ્વભાવ છે તેમ અરૂપી આત્મ પ્રદેશોમાં લોકા–લોકના સમસ્ત પદાર્થોના દ્રવ્ય–ગુણ–પર્યાયો પ્રકાશમાન થાય છે. ત્યાં જ્ઞાનમાં જાણે કેટલાય પદાર્થો જણાતા હોય એવું મેચકપણું ( અનેકપણું ) લાગે છે પણ ખરેખર કાંઈ જ્ઞાનમાં બીજી વસ્તુ નથી, જ્ઞાનની જ એવી સ્વચ્છતા છે અને અરીસાની માફક ખરેખર જ્ઞાનમાં અન્ય વસ્તુનું પ્રતિબિંબ નથી પડતું— કેમકે જ્ઞાન તો અરૂપી છે તેમાં પ્રતિબિંબ ન પડે; પણ પદાર્થો જ્ઞાનમાં પ્રતિબિંબિત થયા એનો અર્થ એમ છે કે પદાર્થોનું જેવું સ્વરૂપ હતું તેવું જ્ઞાને જાણી લીધું, જ્ઞાનની સ્વચ્છતામાં એવી તાકાત છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુને પણ જાણી લ્યે. જ્ઞાનમાં સ્વચ્છતા થતાં પોતે પોતાને તો જાણે ને લોકાલોકને પણ જાણી લ્યે એવી તેની તાકાત છે. એક મતિજ્ઞાન– કે જે કેવળજ્ઞાનના અનંતમાં ભાગનું છે. તેની સ્વચ્છતામાં પણ એવી તાકાત છે કે પૂર્વના કેટલાય ભવને જાણી લ્યે. તો કેવળજ્ઞાનની તાકાતની શી વાત ? **( શક્તિ-૧૧, પેઈજ નં.-૧૬૬ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ જ્ઞાન દર્પણમાં તો જ્ઞાનની સ્વચ્છતા જ છે )

[ ૐ ] અહા, એકેક શક્તિમાં તો કેવા રહસ્યો ભર્યા છે ? જ્ઞાન તો દર્પણ સમાન અવિકાર છે. ઉષ્ણ જવાળા અગ્નિની છે. દર્પણની નહિ. દર્પણની તો સ્વચ્છતા જ છે, **તેમ જ્ઞાનદર્પણમાં તો જ્ઞાનની સ્વચ્છતા જ છે. રૂપીપણું કે રાગ એ તો પર જ્ઞેયના છે, તે કાંઈ જ્ઞાનનાં નથી; જ્ઞાન તેવું થઈ ગયું નથી જ્ઞાન તો સ્વચ્છ જ રહ્યું છે.**

**( શક્તિ-૧૧, પેઈજ નં.-૧૬૭ )**

[ ૐ ] ભાઈ ! લોકાલોક જેની સ્વચ્છતામાં જણાય એવા તારા પવિત્ર આત્માને તારે જાણવો હોય તો તારું જ્ઞાન સ્વચ્છ કર. મલિન દર્પણમાં મોઢું ન દેખાય, તેમ મલિન ભાવમાં આત્માનું સાચું સ્વરૂપ ન દેખાય. માટે જ્ઞાનને ચોખ્ખું કર વિકાર વગરનું કર.

**( શક્તિ-૧૨, પેઈજ નં.-૧૬૭ )**

[ ૐ ] ..... જેમ રાજાની આજ્ઞા કોઈ લોપે નહિ તેમ આ જ્ઞાન–રાજાની આજ્ઞાને જગતમાં કોઈ લોપી શકતું નથી, એકકેય જ્ઞેય જ્ઞાનની આજ્ઞાથી બહાર રહેતું નથી. જ્ઞાનની પૂરી સ્વચ્છતા ખીલે ને એકકેય જ્ઞેય તેમાં જણાયા વગરનું રહી જાય–એમ બનતું નથી. આવી પારમેશ્વરી શક્તિવાળો પોતે, પણ પોતાને પોતાનું માહાત્મ્ય ન ભાસ્યું.

**( શક્તિ-૧૩, પેઈજ નં.-૧૬૮ )**

**( જ્ઞાનગુણની સ્વચ્છતાનું રૂપ અનંતગુણમાં )**

[ ૐ ] આકાશમાં ઊડતું પંખી નિર્મળ પાણીમાં દેખાય, મેલા પાણીમાં ન દેખાય— જો કે તેમાં તો બન્ને મૂર્ત છે, અહીં અમૂર્ત જ્ઞાન દર્પણમાં મૂર્ત ને અમૂર્ત બધુંય દેખાય છે; રાગ વગરના નિર્મળ જ્ઞાનદર્પણમાં લોકાલોક સ્પષ્ટ દેખાય છે, મલિન જ્ઞાનમાં લોકાલોક દેખાતા નથી. આત્માની સ્વચ્છતાના સામર્થ્યને લીધે લોકાલોક જણાય તેથી જ્ઞાનમાં કાંઈ મલિનતા નથી. જ્ઞાન તો સ્વચ્છ છે ને સાથે અનંતા ગુણની સ્વચ્છતાને ભેગી રાખીને પરિણમે છે. એવો જ્ઞાયક આત્માનો સ્વભાવ છે.

**( શક્તિ-૧૪, પેઈજ નં.-૧૬૯ )**

[ ૐ ] જે ઉપયોગ પર્યાયમાં સ્વ–પર જ્ઞેયો યથાર્થ ન ભાસે તે પર્યાય સ્વચ્છ નથી. અહીં તો સ્વચ્છ ઉપયોગ રૂપે પરિણમતો આત્મા તેજ ખરો આત્મા છે.

**( શક્તિ-૧૪, પેઈજ નં.-૧૭૦ )**

[ ૐ ] ભાઈ ! તારો આત્મા અમૂર્તિક તેની સ્વચ્છતાનું એવું સામર્થ્ય છે કે તેના ઉપયોગમાં સમસ્ત પદાર્થો પ્રકાશમાન છે. આત્મા જડ અથવા આંધળો નથી કે પદાર્થો ન જાણે. અજ્ઞાનરૂપી મલિનતામાં સ્વ–પર પદાર્થો જણાતા નથી, પરંતુ સ્વ–શક્તિને સંભાળતાં જ્યાં કેવળજ્ઞાન પ્રકાશ ખીલ્યો ને સ્વચ્છતા પ્રગટી ત્યાં બધું ય તેમાં જ્ઞેયપણે ઝળકે છે. કેવળજ્ઞાનનો આકાર કેવડો ? કે પોતાના દ્રવ્ય–ગુણ જેવડો અને તેમાં જણાય કેટલું ? કે લોકાલોકના અનંત પદાર્થોના સમસ્ત આકાર તેમાં જણાય. —એવી તેની અસાધારણ તાકાત છે. **( શક્તિ-૧૪, પેઈજ નં.-૧૭૧ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ॐ ] ઉપયોગની સ્વચ્છતામાં લોકાલોક ઝળકે છે તેથી તેને સાકાર કહ્યો છે પણ સાકારનો અર્થ એવો નથી કે લીમડો પર્વત–પ્રતિમા વગેરે પરદ્રવ્યનો આકાર જ્ઞાનમાં પ્રવેશી જાય અથવા જ્ઞેય વસ્તુ જેટલી લાંબી–પહોળી–ઊંચી હોય તેટલું લાંબુ–પહોળું–ઊચું જ્ઞાન થઈ જાય. **( શક્તિ-૧૪, પેઈજ નં.-૧૭૨ )**

[ ॐ ] ..... તેમ અહીં પણ એકેક શક્તિ અનંતશક્તિવાળા આખાં આત્માને પ્રસિદ્ધ કરે છે. જ્ઞાન–દર્શન–સુખ વગેરે ગુણભેદથી વર્ણન કરવા છતાં કાંઈ ગુણભેદનું અવલંબન નથી અનંતધર્મવાળો આત્મા જ અવલંબવા જેવો છે. તેના જ અવલંબને સમ્યગ્દર્શનાદિરૂપ સ્વચ્છતા પ્રગટે છે. એક સાથે અનંતાગુણમાં સ્વચ્છતાનું પરિણમન થવા માંડે છે. તેનું નામ ધર્મ છે. અનંત ગુણથી ભરેલા આખા આત્મસ્વભાવનું અવલંબન તે મૂળવસ્તુ છે તે જ સમ્યકદર્શનની ઉત્પત્તિનો ઉપાય છે, ને તે જ ઉપાય વડે ચૈતન્યદર્પણની પૂર્ણ સ્વચ્છતા ખીલીને લોકાલોક સહજપણે તેમાં ઝળકે છે, તેથી એવા કેવળ જ્ઞાનને જગતનું મંગલ દર્પણ કહ્યું છે. **( શક્તિ-૧૪, પેઈજ નં.-૧૭૩-૧૭૪ )**

[ ॐ ] પરિણામકઃ આત્માને પરિણામક કહ્યો તેથી કાંઈ સામાના જ્ઞાનને આત્મા પરિણમાવે છે એમ નથી; પણ પોતે જ્ઞેયપણે સામાના પ્રમાણજ્ઞાનમાં ઝળકે છે એવો તેનો સ્વભાવ છે તેથી આત્માને પરિણામક કહ્યો છે, એવો જ્ઞેય થવાનો આત્માનો સ્વભાવ છે. **( શક્તિ-૧૫, પેઈજ નં.-૨૧૨ )**

[ ॐ ] ..... જગતના જીવોને બહારના પદાર્થોમાં વસ્ત્રમાં મીઠાઈમાં રમતગમતમાં સ્ત્રીમાં મકાનમાં રેડીયા મોટર કે ધન વગેરેમાં ને રાગમાં સુખ ભાસે છે, તે તો મૂઢતાથી માત્ર માનેલું છે; ખરેખર તેમાં ક્યાંય સાચા સુખનો અંશ પણ નથી. **( શક્તિ-૨૧, પેઈજ નં.-૨૭૭ )**

[ ॐ ] ..... અશુદ્ધ પર્યાયની તેવી યોગ્યતા હોય તે કાંઈ સ્વભાવની ચીજ નથી; ધર્મી તેને સ્વભાવથી જુદાપણે જાણે છે, એટલે સ્વભાવમાં તેનું કર્તૃત્વ તે સ્વીકારતો નથી વિકારના કાળે જ જ્ઞાનમાં તેનું અકર્તાપણું જેને ન ભાસે તેણે વિકારથી જુદા આત્માને જાણ્યો જ નથી. **( પેઈજ નં.-૨૮૯ )**

[ ॐ ] ..... જેને કર્મનું જોર લાગે છે ને શુદ્ધાત્માનું જોર નથી ભાસતું તેણે ખરેખર પોતામાં કર્મનો અભાવ દેખ્યો નથી, ને નિર્મળ અવસ્થાનું વિદ્યમાનપણું પણ તેને નથી; 'ભાવ શક્તિ તથા અભાવશક્તિ' વાળા આત્માને તેણે ઓળખ્યો નથી. આવી શક્તિવાળા આત્માને જે ઓળખે તેને પર્યાયમાં નિર્મળતાની વિદ્યમાનતા થાય, ને તેમાં વિકારનો તથા કર્મનો અભાવ ભાસે. **( શક્તિ-૩૩-૩૪, પેઈજ નં.-૩૫૪ )**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ભાવશ્રુતજ્ઞાનમાં અરિહંતના દર્શન

## ચૈતન્યશક્તિનું ધ્યાન તૃપ્તિ ઉપજાવે છે

[ ૐ ] તત્ત્વાનુશાસન ૧૯૨ મી ગાથામાં કહે છે કેઃ અરિહંત અને સિદ્ધનું ધ્યાન કરવું. ત્યાં પ્રશ્ન ઊઠયો છે કે અરિહંતપદ કે સિદ્ધપદ અત્યારે તો આત્મામાં નથી, તો તેનું ધ્યાન કરવું એ તો જૂઠ-મૂઠ ફોગટ છે! ત્યારે તેનું સમાધાન કરતાં કહે છે કે હે ભાઈ! થોડા સમય પછી આત્મામાં જે અરિહંતપદ અને સિદ્ધપદ પ્રગટવાના છે તે પર્યાયો સાથે આ આત્મદ્રવ્ય અત્યારે સંકળાયેલું છે, આત્મામાં તે પર્યાયો પ્રગટવાની તાકાત ભરી છે; સર્વજ્ઞસ્વભાવ અત્યારે અંદર શક્તિપણે ભરેલો છે, તેનું ધ્યાન કરતાં તૃપ્તિ-શાંતિ ને નિરાકુળ આનંદ અત્યારે અનુભવાય છે. જો અસત્ હોય તો તેના ધ્યાનથી શાંતિ કેમ થાય? જેમ કોઈને તરસ લાગી હોય ને મૃગજળમાં 'આ પાણી છે' એવી અસત્ કલ્પનાથી પાણીનું ધ્યાન કરે તેથી કાંઈ તેની તરસ મટે નહિ, પરંતુ અહીં તો અમને અર્હંત અને સિદ્ધપદના ધ્યાનથી આત્મસ્વભાવમાં **સન્મુખતા** થાય છે ને ચૈતન્યના અમૃતપાનથી અશાંતિ મટીને શાંતિ થતી પ્રત્યક્ષ વેદાય છે, માટે તે ધ્યાન અસત્ નથી પણ સત્ છે, સત્-સ્વભાવમાં જે સામર્થ્ય પડયું છે તેનું ધ્યાન જરૂર તૃપ્તિ ઉપજાવે છે. અરે, આખું સ્વભાવ સામર્થ્ય વર્તમાન વિદ્યમાન ભર્યું છે, તેને અંતરમાં દેખે તો માર્ગ ખૂલી જાય ને બધા સમાધાન થઈ જાય. **( આત્મધર્મ અંક-૨૫૩, પેઈજ નં.-૧૭ )**

## "ધ્યેયપૂર્વક જ્ઞેય"

[ ૐ ] તત્ત્વાનુશાસન પુસ્તક છે. તેમાં નાગસેન મુનિએ એક પ્રશ્ન ઉઠાવ્યો છે કે- તમે અરિહંતનું ધ્યાન કરો છો; પણ અરિહંત તો છે નહીં, છતાં અરિહંતનું ધ્યાન કરો છો તે અરિહંતનું ધ્યાન નથી ( તેથી ) તમારું ધ્યાન ખોટું થયું- જૂઠું થયું!

અરે! સાંભળ તો ખરો! અરિહંત અમારા આત્મામાં પડેલ છે. અરિહંત સ્વરૂપ અમારો આત્મા છે અમે તેનું ધ્યાન કરીએ છીએ માટે અરિહંતનું ધ્યાન અમારું બરાબર છે. કેમ કે અમારું સ્વરૂપ જ અરિહંત છે— આત્મ સ્વરૂપ જ અરિહંત છે તેથી એ અરિહંતના ધ્યાનથી ( ખરેખર તો ) પોતાનું ધ્યાન થઈ રહ્યું છે. આ ( નિજ ) અરિહંત ( પર ) તે અરિહંત નહીં.

નાગસેન મુનિએ પ્રશ્ન ઉઠાવ્યો કે કોઈ પ્રશ્ન કરે કે—તમે અરિહંતનું ધ્યાન કરો છો, તો અત્યારે અરિહંત તો છે નહીં! તો તમારું ધ્યાન નિરર્થક થયું. ( આચાર્ય કહે છે ) સાંભળ તો ખરો! એ ધ્યાન નિરર્થક નથી થયું. અરિહંતને પર્યાય પ્રગટ થઈ તેવી અનંતી પર્યાય અમારા દ્રવ્યમાં પડી છે... તેથી દ્રવ્યનું ધ્યાન કરવાથી અરિહંત પર્યાય પ્રગટે છે. તેથી અમારા અરિહંતનું ધ્યાન કરીએ છીએ તે નિષ્ફળ નથી. કેમ નિષ્ફળ નથી? જો અરિહંતનું ધ્યાન નિષ્ફળ હોય તો આનંદ ન આવે, પણ અમને તો આનંદ આવે છે. અમને અતીન્દ્રિય આનંદ આવે છે તેથી સિદ્ધ થાય છે કે- અમે અરિહંતનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બરાબર ધ્યાન કરીએ છીએ. પાઠમાં લખ્યું છે કે- એ ધ્યાન જૂઠ-મૂઠ નથી. જો જૂઠ-મૂઠ હોય તો આનંદ ક્યાંથી આવ્યો ? સમજમાં આવ્યું ? આ તો અલૌકિક વાતું છે ભાઈ ! આ તો પરમેશ્વરના ઘરની પરમેશ્વરને પહોંચવાની વાત છે !! બાકી બધી જગતની વાતું છે !

અમે ભગવાનનું ધ્યાન કરીએ છીએ. અમે ભગવાન છીએ. અમારા ભગવાન અમારી પાસે છે એમ પણ નહીં અમે જ ભગવાન છીએ.

કેમકે એવી અનંત કેવળજ્ઞાનાદિ પર્યાય અને તેવી અનંતી અનંતી કેવળદર્શન, કેવળ આનંદની પર્યાય મારા પેટમાં મારા ગર્ભમાં પડી છે. એ ગર્ભનું અમે ધ્યાન કરીએ છીએ તો અમને આનંદ આવે છે.

**( ધ્યેય પૂર્વકજ્ઞેય-૩૨૦ ગાથાના પ્રવચન પેઈજ નં-૯૧-૯૨ )**

**પરમાત્મ પ્રકાશ પ્રવચન**

[ ૐ ] તત્ત્વાનુશાસનમાં એક પ્રશ્ન ઉઠાવ્યો છે- પ્રભુ ! આપ આત્માના અરિહંતપદનું ધ્યાન કરવાનું કહો છો પણ આત્મામાં અરિહંત દશા તો છે નહીં તેનું ધ્યાન કેવી રીતે કરવું ? તેના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે ભાઈ ! આત્મદ્રવ્યમાં વર્તમાનમાં અરિહંત પર્યાય પડી છે. ભૂત-ભવિષ્યની પર્યાયો દ્રવ્યમાં જ રહે છે. અરિહંતપદ, સિદ્ધપદ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પદ એ પાંચેય આત્માના જ પદ છે— આત્માની જ પર્યાય છે. મુનિરાજનું શરીર કે વિકલ્પ એ મુનિપદ નથી, અંતરમાં પ્રગટેલી શુદ્ધિ તે મુનિપદ છે. એમ પાંચેય પરમેષ્ઠી પદ એ આત્માની પર્યાય છે.

આ આત્મા ભવિષ્યમાં સર્વજ્ઞ થવાનો છે તો તે ભવિષ્યની પર્યાય આ દ્રવ્યમાં જ પડી છે. **'सर्वद्रव्येषु सर्वदा द्रव्यरूपेणास्ते'** એટલે સર્વ દ્રવ્યમાં— જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ આ બધા દ્રવ્યમાં ભૂતકાળની અને ભવિષ્યકાળની ( પર્યાયો ) વર્તમાનમાં જ દ્રવ્ય સાથે તાદાત્મ્યરૂપે પડી છે. ( દ્રવ્યમાં ) ન હોય તો તે પ્રગટે ક્યાંથી ? જો તે જૂઠ-મૂઠ હોય તો શાંતિ પ્રગટ કયાંથી થાય ? માટે પોતાના અરિહંતપદનું ધ્યાન કરવું તે ભ્રમ છે એમ કોઈ કહે તો તેની વાત જૂઠી છે. આ ભ્રમ નથી. અરિહંત અને સિદ્ધપદ આત્મામાં વર્તમાનમાં દ્રવ્યનિક્ષેપરૂપે વસ્તુરૂપ છે. જો વસ્તુરૂપ ન હોય તો તેનું ધ્યાન કરવાથી શાંતિ પણ પ્રગટ ન થાય.

વર્તમાનમાં અલ્પજ્ઞ પર્યાય હોવા છતાં દ્રવ્યમાં પૂર્ણ... પૂર્ણ પર્યાય વસ્તુરૂપે ભરી પડી છે. વર્તમાન એક સમયની પર્યાય સિવાયની ભૂત અને ભવિષ્યની અનંત પર્યાય દ્રવ્યમાં પડી છે. ન હોય તો તો આવે જ ક્યાંથી ?

આ ભવ્ય જીવની વાત ચાલે છે. ભવ્ય લાયક જીવને ભવિષ્યમાં અરિહંત અને સિદ્ધ પર્યાય પ્રગટ થશે થશે ને થશે જ અને જેને દ્રવ્ય સ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા થઈ છે તેને તો અલ્પકાળમાં જ સિદ્ધ પર્યાય પ્રગટ થશે, થશે ને થશે જ. તો એ પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્તમાનમાં ક્યાં રહે છે ? કે તે દ્રવ્યરૂપે વસ્તુમાં જ રહેલી છે માટે જ તેના ધ્યાનથી પર્યાયમાં શાંતિ આદિ સર્વ ગુણોની નિર્મળતા પ્રગટ થાય છે. જો અરિહંતપદ અંતરમાં ન હોય તો 'હું અરિહંત છું' એવું ધ્યાન કરવાથી કષાય ઉત્પન્ન થવો જોઈએ; પણ તેને તો શાંતિ ઉત્પન્ન થાય છે. માટે અરિહંતનું ધ્યાન જૂઠું નથી.

ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્ છે. પુદ્ગલ દ્રવ્યમાં પણ તેની ભૂત, ભવિષ્યની પર્યાયો સત્‌રૂપે દ્રવ્યમાં પડી છે, એમ છ એ દ્રવ્યની પર્યાયો તે-તે દ્રવ્યમાં રહેલી છે, પણ અહીં તો આપણે જીવની નિર્મળ પર્યાયની વાત ચાલે છે કે- અરિહંત અને સિદ્ધદશા તારા જીવદ્રવ્યમાં પડી છે. વર્તમાન પર્યાયમાં સિદ્ધદશા નથી પણ દ્રવ્યમાં વર્તમાનમાં જ સિદ્ધપણું પડયું છે તેની શ્રદ્ધા અને ધ્યાન કરનારને અલ્પકાળમાં જ સિદ્ધદશા પ્રગટ થાય છે. શરીરની ક્રિયા, વિકલ્પ કે વ્યવહાર રત્નત્રયના ધ્યાનથી સિદ્ધદશા પ્રગટ થતી નથી; એક માત્ર નિશ્ચય સ્વભાવના ધ્યાનથી જ મોક્ષદશા પ્રાપ્ત થાય છે.

આકાશદ્રવ્યની અનંત શ્રેણી-ધારા છે તેમાંથી એક જ શ્રેણીમાં ત્રણકાળના સમયો સમાય જાય છે અને ત્રણકાળના સમય જેટલી જ દરેક દ્રવ્યના એક એક ગુણની પર્યાય છે. એ પર્યાયની શક્તિનો પણ કોઈ પાર નથી. ક્ષેત્ર નાનું છે પણ એક-એક પર્યાયનું ભાવ સામર્થ્ય અનંતગણું છે. આવું સામર્થ્ય વર્તમાનમાં જ દ્રવ્યમાં રહેલું છે માટે તેના ધ્યાનથી શાંતિ પ્રગટ થાય છે. સત્ હોય તેમાંથી શાંતિ આવે, અસત્‌માંથી કેવી રીતે આવે ?

વર્તમાનમાં જ તું સિદ્ધ સમાન સામર્થ્યવાળો છે તેનો વિશ્વાસ કર ! ભ્રાંતિ છોડ-ભ્રમ ન કર. આ તો પરમાત્મ પ્રકાશ છે ને ! પરમાત્માની જેટલી પર્યાય પ્રગટ થવાની છે તે બધી દ્રવ્યમાં રહેલી છે માટે એવા પરમાત્મ સ્વરૂપ નિજ આત્માનું ધ્યાન કરો. નિજ ભગવાનનું સન્માન સત્કાર કરો તો કેવળજ્ઞાન પ્રગટ થઈ જશે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ કહે છે કે પાંચેય પદ આત્માના છે તો એ પાંચેય પર્યાય વર્તમાનમાં આત્મામાં ન હોય તો કયાંથી આવે ? વર્તમાનમાં જ દ્રવ્યમાં અરિહંતાદિ પદ રહેલાં છે. દ્રવ્યમાં આવો પાવર-શક્તિ રહેલી છે એવી શ્રદ્ધા ન આવે ત્યાં સુધી નિર્વિકલ્પ દૃષ્ટિ થતી નથી. નિર્વિકલ્પ દૃષ્ટિમાં જ એવી તાકાત છે કે- એક સમયમાં હું વર્તમાનમાં જ પૂર્ણ પરમાત્મા છું એવી પ્રતીતિ કરી લે છે.

શંકા છોડી દે... નિશંક થા કે જેવા સિદ્ધ છે તેવો જ હું છું. અમે જેવા કહીએ છીએ તેવો જ તું છો એમાં શંકા ન લાવ. જેવો તારો સ્વભાવ છે તેવી જ તને પ્રતીતિ કરાવીએ છીએ, સ્વભાવમાં નથી અને કહીએ છીએ—એમ નથી.

અરે, ભગવાન તારા ઘરે બિરાજમાન છે અને તું બહાર કોને શોધવા જાય છે ? તારા દ્રવ્યમાં અનંત સિદ્ધ પર્યાય છે છે ને છે જ. પરિપૂર્ણ અસ્તિની વાત છે ત્યાં નાસ્તિની વાત જ નથી. ઓહોહો ! વર્તમાનમાં પૂર્ણ ! વર્તમાનમાં કેવળજ્ઞાન, વર્તમાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂર્ણ વીર્ય, વર્તમાનમાં કેવળદૃષ્ટા આદિ બધું વર્તમાનમાં જ છે, તેની મહિમા લાવી ધ્યાન લગાવ તો તને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થશે.

**( પરમાત્મ પ્રકાશ ભાગ-૧, ગાથા-૨૬-૨૭, પેઈજ નં.-૯૪ થી ૯૬ )**

## ભક્તામર-સ્તોત્ર પર પ્રવચનો

[ ૐ ] અહા, પ્રભો ! તારા નખની પ્રભા વડે ઇન્દ્રના મુગટ ઝગમગે અને તારી જ્ઞાન પ્રભા વડે તો સમસ્ત લોકાલોક ઝળકે – તારા મહિમાની શી વાત !

**( શ્લોક-૧-૨, પેઈજ નં.-૬ )**

[ ૐ ] ચંદ્રને દેખીને રામ કહે છે– 'મા ! મને ચાંદલિયો વહાલો.. એ મારા ગજવામાં આલો... ' ચંદ્રને દેખીને બાળક રામચંદ્રજી તેને હાથમાં લેવાની માંગણી કરે છે; ત્યારે દીવાનજી તેમના હાથમાં દર્પણ આપીને તેમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાડે છે; તે દેખીને રામ પ્રસન્ન થાય છે. બાળકને ચંદ્ર ઉપર પ્રેમ છે તેથી તેના પ્રતિબિંબને જોઈને પણ તે ખુશી થાય છે; તેમ અહીં સાધક કહે છે.

હે નાથ ! અમને આપના ઉપર ( –સર્વજ્ઞતા ઉપર ) પરમ પ્રેમ છે, તેથી આપની ગેરહાજરીમાં પરોક્ષપણે પણ આપની સ્તુતિ વડે અમારા મતિ–શ્રુતજ્ઞાનરૂપ દર્પણમાં આપનું પ્રતિબિંબ ઝીલીને ( એટલે કે આપના જેવા અમારા જ્ઞાનસ્વભાવને અંતરમાં દેખીને ), અમે પ્રસન્નતા અનુભવીએ છીએ. **( શ્લોક-૩, પેઈજ નં.-૧૮ )**

[ ૐ ] ચંદ્રની જેમ સિદ્ધપ્રભુ તો કાંઈ ઉપરથી નીચે નહિ આવે, પણ મારા સ્વચ્છ જ્ઞાનદર્પણમાં તેમનું પ્રતિબિંબ ઝીલીને, તેમના જેવા શુદ્ધાત્માને અનુભવમાં લઈને હું પોતે સિદ્ધ થઈશ ને ઉપર જઈશ. –આવા ભાવથી સાધક જીવો સર્વજ્ઞની સ્તુતિ કરે છે.

**( શ્લોક-૩, પેઈજ નં.-૨૨ )**

[ ૐ ] અહા, પ્રભુનો આત્મા તો સર્વજ્ઞ... તેમના દિવ્ય જ્ઞાનતેજમાં તો ત્રણકાળ–ત્રણલોક ઝળકે; અને પ્રભુનો દેહ પણ એવો તેજસ્વી–પ્રભાવાળો કે તેમાંય જોનારને પોતાના સાત ભવ ( પૂર્વના, ને આગલા હોય તો તે ) દેખાય. અરે, પ્રભુને ઓળખતાં ને તેમના 'જ્ઞાનદર્પણ' માં જોતાં, પોતાનો મોક્ષ પણ તેમાં દેખાય છે. પ્રભો ! આપની વીતરાગી મુદ્રા પાસેનું પ્રભામંડળ, તે ખરેખર તો અમારા મોક્ષને જોવાનું મંગલ–દર્પણ છે; જગતના તે પવિત્ર દર્પણમાં અમને તો અમારો મોક્ષ દેખાય છે, આપના જ્ઞાનમાં અમારા મોક્ષનું પ્રતિબિંબ દેખાય છે. અને આપના શુદ્ધાત્માને દેખતાં અમારો શુદ્ધાત્મા દેખાય છે. **( શ્લોક-૩૪, પેઈજ નં.-૧૧૧ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# કાર્તિકેયાનુંપ્રેક્ષા પ્રવચન ભાગ-૧

[ ૐ ] અહો ! જાણે અત્યારે જ સાક્ષાત્ ભગવાન પાસે બેઠા હોઈએ ને દિવ્ય ધ્વનિ સાંભળતા હોઈએ– એમ પૂર્વ કાળને વર્તમાન પણે જ લક્ષમાં લેવો તે નૈગમનય છે.

ભૂતકાળમાં ભગવાનનો સાક્ષત્ ઉપદેશ સાંભળ્યો હોય, તેને જ્ઞાનના બળે વર્તમાનમાં જોડી દેવો કે અહો ! અત્યારે જ અમે ભગવાનની સન્મુખ બેઠા છીએ ને ભગવાનની વાણી સાંભળી રહ્યા છીએ– આ પ્રમાણે કાળનો ભેદ તોડીને ભૂતકાળની પર્યાયને વર્તમાનપણે સાધવી તે નૈગમનય છે. ભૂતકાળમાં ભગવાન પાસે સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળી હોય, ત્યાં તેને મુખ્ય કરીને વર્તમાનમાં એમ કહેવું કે અહો ! અમે ભગવાન પાસે બેઠા છીએ ને ભગવાનની વાણી ઝીલી રહ્યા છીએ. ગણધરો, સંતો બેઠા છે–એમ ભૂતને વર્તમાનપણે જાણવું તે નૈગમનય છે. આમાં જ્ઞાનનો પુરુષાર્થ છે. જ્ઞાનીને જ આવો નય હોય છે.

એ જ પ્રમાણે ભૂતકાળમાં ગીરનાર પર્વત ઉપરથી નેમિનાથ ભગવાન મોક્ષ પધાર્યા, તેને વર્તમાનમાં યાદ કરીને કહેવું કે અહો ! ભગવાન અત્રેથી જ મોક્ષ પધાર્યા ! જ્ઞાનબળે ભૂતકાળને વર્તમાનપણે જાણે છે. અહો ! જાણે કે મારી સન્મુખ જ નેમિનાથ ભગવાન ગીરનાર ઉપરથી ઊર્ધ્વગમન કરી રહ્યા હોય– એમ પોતાના જ્ઞાનમાં કાળભેદ કાઢી નાખીને જાણવું તે નૈગમનય છે.

સિધ્ધ પર્યાય છે તથા આ મનુષ્ય પર્યાય છે એમ કહે તો ત્યાં સંસાર પર્યાય તો અતીત–અનાગત–વર્તમાન ત્રણકાળ સંબંધી પણ છે, સિદ્ધપણું અનાગત જ છે તથા મનુષ્યપણું વર્તમાન જ છે છતાં આ નયના વચનથી અભિપ્રાયમાં વર્તમાન–વિદ્યમાનવત્ સંકલ્પથી પરોક્ષરૂપ અનુભવમાં લઈને કહે છે 'આ દ્રવ્યમાં મારા જ્ઞાનમાં હાલ આ પર્યાય ભાસે છે' એવા સંકલ્પને નૈગમનયનો વિષય કહે છે, આમાંથી કોઈને મુખ્ય તથા કોઈને ગૌણરૂપ કહે છે. જેની સ્થિતિ અલ્પભવ રહી હોય તે જ જીવ જિનપ્રતિમાને જિન સમાન જાણે છે. પોતાને પોતાના સ્વભાવની ઉગ્રતા થઈ છે, ત્યાં સામે ભગવાનને પણ સાક્ષાત્ જ જાણે છે. પૂર્વે ભગવાન જોયા હોયને વર્તમાનમાં વિરહ હોય, પણ નૈગમનયના બળે જાણે વર્તમાનમાં જ ભગવાન સાક્ષાત્ હોય– એમ સંકલ્પ કરીને જ્ઞાની તે વિરહને તોડી નાખે છે.

જુઓ ! તીર્થંકર જન્મે ત્યાં ઇન્દ્ર–ઇન્દ્રાણી આવીને તાંડવનૃત્ય કરે, શરીર વાંકુંચૂંકું કરીને ભક્તિથી નાચે, ઇન્દ્ર ક્ષાયિક સમકિતી છે, ઇન્દ્ર–ઇન્દ્રાણી બંને એકાવતારી છે, પણ તીર્થંકર ભગવાન પ્રત્યે આવો ભક્તિભાવ ઊછળે છે. બાળક જન્મ્યા ત્યારથી જ તેને તીર્થંકરપણે ભાળે છે ! સમ્યગ્દર્શન સહિતના સમ્યગ્જ્ઞાનમાં આવો નૈગમનય હોય છે. ભક્તિનો ઉત્સાહ આવતાં ભાવિ તીર્થંકરને વર્તમાનપણે દેખે, અહો નાથ ! આપ તીર્થંકર છો, એમ નૈગમનયથી જ્ઞાનને લંબાવીને કાળ ભેદને તોડી નાખે છે. ઇત્યાદિ અનેક પ્રકારના નૈગમનય જાણવા. તે દ્રવ્યાર્થિકનયનો એક પ્રકાર છે.

**( પેઈજ નં.-૪૦૦ થી ૪૦૫ ગાથા-૨૭૧ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સમયસાર નાટક પ્રવચન ભાગ-૧

[ ॐ ] '**चैतन्यता**' પણ આત્માનું લક્ષણ છે. ભગવાન જ્ઞાનના પ્રકાશ વિના સૂર્યના, ચંદ્રના, દીપકના પ્રકાશને કોણ જાણે ? માટે, સ્પષ્ટ પ્રકાશપણું અનંત અનંત કોટિ દીપક, મણિ, ચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રતિભાસતી નથી અર્થાત્ તે સર્વ પોતે પોતાને જણાવા અથવા જાણવા યોગ્ય નથી. તેને જે જાણનાર છે તે જીવ છે. સૂર્યાદિની કાંતિ જેના વિના– પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી તેને જે જાણનાર છે તે જીવ છે. સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી એટલે કે આ દીવો છે, આ મણિ છે, આ સૂર્ય છે તેનો પ્રકાશ છે તેને જાણનાર સિવાય કોણ જાણે ? પ્રકાશના અસ્તિત્વવાળા પદાર્થને પણ જેના પ્રકાશમાં જાણવાનું થાય તે ચૈતન્ય ચિન્હ જીવનું લક્ષણ છે.

**( પેઈજ નં. ૫૪-૫૫ )**

[ ॐ ] જેમ દર્પણની સ્વચ્છતા દર્પણને બતાવે છે અને અગ્નિની જ્વાળા આદિને પણ દર્શાવે છે. તો પણ દર્પણમાં દેખાતો સ્વ–પરના આકારનો પ્રતિભાસ – પ્રતિબિંબ તે દર્પણની સ્વચ્છતાની જ અવસ્થા છે. તે કાંઈ અગ્નિની અવસ્થા નથી, પ્રતિબિંબ વસ્તુની અવસ્થા નથી. વળી જેવા પદાર્થો દર્પણની સામે હોય તેવું પ્રતિબિંબ દેખાડવું તે દર્પણની સ્વચ્છતાનો સ્વભાવ હોવાથી પ્રતિબિંબિત પદાર્થના લીધે પ્રતિબિંબ પડતું નથી. પણ દર્પણની સ્વચ્છતાને લીધે જ પ્રતિબિંબ પડે છે. તેવી રીતે જ્ઞાતૃતા તે આત્મની જ છે અર્થાત્ સ્વપરને જાણનાર જ્ઞાન સ્વરૂપ આત્મા છે અને ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મ પુદ્‌ગલના પરિણામ છે. જ્ઞાન સ્વરૂપી જ્ઞાયકને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તેનું જ્ઞાન કરવું તથા પરજ્ઞેયને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તે સંબંધીનું જ્ઞાન થવું તે જ્ઞાનનો સ્વતઃ સિદ્ધ સ્વભાવ જ છે. પરદ્રવ્યો છે માટે તેનું જ્ઞાન થયું એવો પરતંત્ર સ્વભાવ જ નથી. **( પેઈજ નં. ૧૨૬ )**

[ ॐ ] જેમ ચંદ્રમામાં પહેલાં બીજ ઊગે અને પછી વધતાં પૂનમ થાય છે તેમ ભેદજ્ઞાન એ કેવળજ્ઞાનરૂપી પૂનમની પ્રથમ કળા છે. જ્ઞાનીને આવી સુવિવેક કળાનો રસ પ્રગટ થઈ ગયો છે. "**भाव अनंत भये प्रतिबिंबित**" – આત્મા નિજધર્મને પામે છે. રાગની વૃત્તિથી ભિન્ન સમ્યગ્જ્ઞાન થતાં તેનું જ્ઞાન નિર્મળ થાય છે. તેમાં જગતના પદાર્થો જણાય છતાં તે જ્ઞાન મેલું થતું નથી. **( પેઈજ નં. ૧૭૭ )**

[ ॐ ] જેમને એવું જ્ઞાન જાગૃત થયું છે કે, જેમાં દર્પણની પેઠે લોકાલોકના ભાવ પ્રતિબિંબિત થાય છે. એવું કેવળજ્ઞાન ભગવાનને પ્રગટ થયું છે. શરીર તો રોગાદિ રહિત નિર્મળ છે પણ આત્મામાં જ્ઞાનની એવી શક્તિ પ્રગટ થઈ ગઈ છે કે જેમાં કોઈ પણ પદાર્થ જાણવામાં બાકી રહેતો નથી. જેમ સ્વચ્છ અરીસામાં બધી વસ્તુ સ્પષ્ટ ઝલકે છે તેમ ભગવાનના જ્ઞાનરૂપી અરીસામાં બધું સ્પષ્ટ જણાય છે. આમ, જ્ઞાનથી આત્માનું સ્વરૂપ કહ્યું. **( પેઈજ નં. ૧૯૦ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] વ્યવહાર રત્નત્રયનો રાગ આવ્યો તેને જ્ઞાને જાણ્યું, ત્યાં જ્ઞાન પોતાની પર્યાયને જાણે છે. રાગને નહીં. જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તોપણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે. સમ્યગ્દષ્ટિ ચક્રવર્તીને રાગનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું નથી પણ સ્વપર પ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી. કેમ કે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

(પેઈજ નં. ૨૨૬)

**પ્રશ્નઃ-** **છદ્મસ્થ જીવ કેવળજ્ઞાનનું સ્વરૂપ ક્યાંથી સમજી શકે ?**

**ઉત્તરઃ- છદ્મસ્થ જ્ઞાની પણ કેવળજ્ઞાનનું સ્વરૂપ બરાબર નક્કી કરી શકે છે. એણે જ્ઞાનને સ્વસન્મુખ કરીને સર્વજ્ઞતાના અખંડ સામર્થ્યની ભરપૂર એવા પોતાના જ્ઞાનસ્વભાવનો જે નિર્ણય કર્યો છે તેમાં કેવળજ્ઞાનનું સ્વરૂપ પણ સ્પષ્ટ ભાસી ગયું છે. જો કેવળજ્ઞાનને જ ન સમજે તો મોક્ષતત્ત્વને પણ ન સમજે, મોક્ષતત્ત્વને જે ન સમજે તે મોક્ષમાર્ગને પણ ન સમજે, ને મોક્ષમાર્ગને જે ન સમજે તેને ધર્મ ક્યાંથી થાય ? જેમ કોઈ સજ્જન પાસે એક રૂપીઓ સાચો હોય, ભલે અજબ રૂપીઆ તેની પાસે ન હોય, તેથી શું અબજ રૂપીઆને તે જાણી ન શકે ? જેવો મારી પાસે રૂપીઓ છે તેવી જ જાતના અબજ રૂપીઆ હોય, એમ તે બરાબર જાણી શકે છે, તેમ સમકિતી મતિ-શ્રુતજ્ઞાની સંત પાસે કેવળજ્ઞાન ભલે પ્રગટ ન હોય, પરંતુ શુદ્ધાત્માની શ્રદ્ધાના બળે જ્ઞાનસ્વભાવનો પણ નિર્ણય કરીને, કેવળજ્ઞાન કેવું એ તેણે બરાબર જાણી લીધું છે, ને કેવળજ્ઞાનની જાતનું જ મારું આ સમ્યગ્જ્ઞાન છે-એમ તે નિઃશંક જાણે છે, હજાર પાંખડીવાળા કમળની જે કળી પહેલાં થોડી ખીલી તે જ વધીને પૂરી ખીલે છે, તેમ અનંત પાંખડીવાળું જે ચૈતન્યકમળ તેમાં સમ્યગ્દર્શન થતાં જે મતિશ્રુતરૂપ થોડી જ્ઞાનકલા ખીલી તે જ કળા સ્વરૂપમાં એકાગ્રતા વડે વધતાં વધતાં કેવળજ્ઞાનરૂપ પૂર્ણકલા ખીલી જશે. આ રીતે સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ મતિ-શ્રુત ને કેવળની જાતિ એક જ છે. આ ચિઠ્ઠિમાં જ આગળ જતાં અષ્ટસહસ્રીનો આધાર આપીને કહ્યું છે કે કેવળજ્ઞાનની જેમ શ્રુતજ્ઞાન પણ સર્વ તત્ત્વને પ્રકાશનાર છે, માત્ર પ્રત્યક્ષ અને પરોક્ષનો જ તેમાં ભેદ છે પરંતુ વસ્તુસ્વરૂપે તેઓ એકબીજાથી અન્ય નથી.**

**(આત્મધર્મ અંક-૨૫૯, પેઈજ નં.-૫૮)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પરમાત્મ પ્રકાશ પ્રવચન ભાગ-૧

[ ૐ ] સિદ્ધ ભગવાનની પર્યાય લોકાલોકને જાણે છે પણ તેમાં **તન્મય** નથી. માટે તેને વ્યવહાર કહ્યો છે. પોતાની પર્યાયને પોતે સીધી જાણે છે – **તન્મય** થઈને જાણે છે માટે તેને નિશ્ચય કહ્યો છે. **( પેઈજ નં. - ૨૦ )**

[ ૐ ] કેટલાકને એમ પ્રશ્ન થાય છે કે સિદ્ધ થયા પછી પણ લોકાલોકનું જ્ઞાન હોય તો તો કેટલી ઉપાધિ રહે ! અહીં બે-પાંચ ઘરનું ધ્યાન રાખીએ છીએ ત્યાં કંટાળી જઈએ છીએ તો સિદ્ધને કેટલી ઉપાધિ ? અરે ભાઈ ! સિદ્ધને ઉપાધિ નથી. **જ્ઞાનનો જે સ્વભાવ છે તે પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો છે તે કોને ન જાણે ! અને તેમાં પણ ભગવાનને કાંઈ ઉપયોગ બહાર મૂકવો પડતો નથી. પોતાની પર્યાયમાં પૂરું સામર્થ્ય પ્રગટ થયું તેમાં ઉપયોગ મૂકયા વિના લોકાલોક જણાય છે. એવું જ પૂર્ણ પર્યાયનું સ્વરૂપ છે, તેમાંથી કોઈ વિરુદ્ધ માને તો તે આત્માને સમજતા નથી... અને સિદ્ધ ને પણ સમજતા નથી, પાંચ પદને સમજતા નથી અને ભગવાનની આજ્ઞાને પણ સમજતા નથી.**
**( પેઈજ નં. - ૨૦ )**

[ ૐ ] ભગવાન જો પર પદાર્થને તન્મય થઈને જાણે તો તો પરના સુખ દુઃખનો ભોગવટો ભગવાનને થાય; તો તો નારકીને જાણતાં ભગવાનને દુઃખ થાય, અગ્નિને જાણતાં દાઝી જાય, એમ દરેક પદાર્થનો ભોગવટો થાય– પણ એમ બનતું નથી. કેમ કે ભગવાન પર વસ્તુમાં એકમેક થયા વગર પોતામાં **તન્મય** રહીને પરનું જ્ઞાન કરે છે. – ( થાય છે ).
**( પેઈજ નં. - ૨૧ )**

[ ૐ ] એક સમયની જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યનો નિર્ણય કરવાની તાકાત છે, પણ એ પર્યાય જેવડું જ દ્રવ્ય નથી. છ દ્રવ્યનું પણ યથાર્થ જ્ઞાન ક્યારે કહેવાય ? કે જ્યારે પોતે જીવદ્રવ્ય પોતાના જ્ઞાનથી જ્ઞાનનું સ્વસંવેદન કરે ત્યારે તેના સ્વપર પ્રકાશક જ્ઞાનમાં છ દ્રવ્ય સહેજે જણાય છે ત્યારે તેને જાણ્યા કહેવાય. સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન પણ યથાર્થ નથી. **( પેઈજ નં. - ૮૦ )**

[ ૐ ] **જગતના પ્રપંચોને તું જાણે છે અને પોતાના સ્વભાવને જાણતો નથી ? જાણવાવાળાને જાણતો નથી ? તું તેને કેમ જાણતો નથી ? જાણવાવાળાને જાણ્યા વગર દુનિયાના પ્રપંચમાં કેમ પડયો છે ? પોતાના દ્રવ્ય સિવાય પરદ્રવ્યનું જ્ઞાન કરવું એ પણ પ્રપંચ છે. જે દેખવાની ચીજ છે તેને કેમ દેખતો નથી ? જે જાણવાની ચીજ છે તેને કેમ જાણતો નથી ? જેમાં ઠરવા જેવું છે તેમાં કેમ ઠરતો નથી ? પૂર્ણાનંદ પ્રભુ જ દેખવાની, જાણવાની અને ઠરવાની ચીજ છે. આ એક નિજ સ્વરૂપ જ ઉપાદેય છે.** **( પેઈજ નં. - ૯૮ )**

[ ૐ ] જેનો કોઈ અંત નથી એવા અનંત આકાશમાં એક નક્ષત્રનું ક્ષેત્ર તો બહુ નાનું છે. તેમ મુક્ત જીવના કેવળજ્ઞાનમાં આખું લોકાલોક એક નક્ષત્ર સમાન ભાસે છે એટલે આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન કેવડું મોટું અને મહાન છે કે જેમાં ત્રણલોક એક નક્ષત્ર જેવા નાના ભાસે છે! આવો આ જ્ઞાન સ્વભાવ જીવમાં અનાદિથી રહેલો છે...... ( પેઈજ નં. - ૧૩૯ )

[ ૐ ] **વસ્તુ મુક્ત સ્વરૂપ છે તો તેને બંધ સાથે સંબંધ કેમ થાય છે? કહે છે- મુક્ત સ્વરૂપ વસ્તુ છે એવો તેને સ્વીકાર નથી, તેથી વસ્તુને જે બંધ સાથે સંબંધ છે તે અજ્ઞાનીના અજ્ઞાનનું માહાત્મ્ય છે. જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ પર્યાય સાથે છે, ધ્રુવને તો જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નથી.** ( પેઈજ નં. - ૧૪૪ )

[ ૐ ] આત્માના જ્ઞાન પ્રકાશમાં જાણે આખું જગત અંદર આવી ગયું હોય તેમ પ્રતિભાસે છે અને આખા જગતમાં પોતે વ્યાપી ગયો છે છતાં આત્મા જગતની કોઈ ચીજને કે રાગાદિને કદી અડતો નથી. આત્મા જ્ઞાતા છે અને જગત જ્ઞેય છે એટલે શું? જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય ગોળો પોતે જાણનાર છે અને વિકલ્પથી માંડીને આખું જગત જ્ઞેય છે. એટલે જાણવાની અપેક્ષાએ આખું જગત જ્ઞાનમાં વસે છે અને પોતે જગતમાં વસે છે છતાં જગતને બિલકુલ અડતો નથી. ( પેઈજ નં. - ૧૪૯ )

[ ૐ ] **આ તો પરમાત્મ પ્રકાશ છે ને! પરમાત્મામાંથી પ્રગટેલા પ્રકાશથી પરમાત્મા જણાય છે. ઈન્દ્રિયો અને ઈન્દ્રિયો તરફના પ્રગટેલા જ્ઞાનના પ્રકાશથી તે જણાય તેવો નથી. એટલે કે બહિર્મુખની લાગણીથી કે પરલક્ષી પરિણતિથી તે પકડાઈ તેવો નથી. તે તો અંતર્મુખના લક્ષે જ લક્ષમાં આવી શકે તેવો છે.**
( પેઈજ નં. - ૧૬૪ )

[ ૐ ] જે મહા...મહા...મહા... જ્ઞાન સ્વભાવ તેમાંથી નીકળતી એક સમયની કેવળજ્ઞાન પર્યાયની શક્તિની કોઈ હદ નથી કે આટલું જ જાણે! તો તેના અંતર સ્વભાવની શક્તિનું શું કહેવું! આહા... હા! આ તો તારા સ્વભાવની અલૌકિકતાનું વર્ણન થાય છે. તારા એક જ્ઞાન ગુણની એક સમયની જ્ઞાન પર્યાયમાં લોકાલોકને જાણે છે એટલું જ જ્ઞાન સામર્થ્ય છે– એમ નથી. જ્ઞેય ખૂટે છે પણ જ્ઞાન ખૂટતું નથી. અરે, વર્તમાન શ્રુતજ્ઞાનની પણ કેટલી તાકાત છે કે આખા લોકાલોકને જાણે છે, માત્ર પ્રત્યક્ષ અને પરોક્ષનો જ ભેદ છે. આવી તો શ્રુતજ્ઞાનની પર્યાયની બેહદતા છે તો જ્યાં કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ ગઈ તેનું શું કહેવું! જ્ઞેય ખૂટયાં પણ જ્ઞાન ખૂટતું નથી. જ્ઞેય ખૂટયાં ત્યાં જ્ઞાન કામ નથી કરતું એમ નથી કહેતાં. ( પેઈજ નં. - ૧૭૨ )

[ ૐ ] ભગવાન પરમાત્માના એક સમયના કેવળજ્ઞાન પર્યાયની એટલી તાકાત છે કે, તેમાં પોતાના ત્રિકાળી દ્રવ્ય–પર્યાય સહિત ત્રણલોકના સર્વ પદાર્થોના દ્રવ્ય–પર્યાય એક સાથે જણાય છે. જ્ઞાન સર્વનું અંતર્યામિ છે, જ્ઞાનની પરિણતિ સર્વાકાર છે એટલે કે તેમાં પોતાનો ત્રિકાળી સ્વભાવ, પર્યાય સ્વભાવ અને જગતના દરેક પદાર્થો– તેની ત્રણકાળની પર્યાય સહિત એક સો જણાય છે. આવું જ્ઞાનનું સ્વરૂપ જાણી જ્ઞાનનું આરાધન કરો.
( પેઈજ નં. - ૧૭૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ૐ ] આ રીતે સર્વ વ્યાપક જ્ઞાન અર્થાત્ સર્વને પહોંચી વળતું નિર્વાણી જ્ઞાન– કેવળજ્ઞાન કે જેમાં સર્વ પદાર્થ ઝલકે છે એવો જેનો પ્રગટરૂપ સ્વભાવ છે તે જ્ઞાન જેનું છે એવો શુદ્ધ ભગવાન આત્મા ઉપાદેય છે. એ જ દ્રષ્ટિમાં અંગીકાર કરવાલાયક છે.

**( પેઈજ નં. - ૧૭૬ )**

## ( વેદાંત મતાર્થીનું ખંડન કરવા માટેનો સિદ્ધાંત- )

[ ૐ ] આ આત્મા વ્યવહારનયથી લોક–અલોકને જાણે છે. તેને વ્યવહાર કેમ કહ્યો ? લોકાલોકને જાણવા છતાં જ્ઞાન તેમાં એકમેક થતું નથી. એકમેક થયા વગર જાણવું તેને વ્યવહાર કહેવામાં આવે છે. અત્યારે પણ શરીરને જાણતું જ્ઞાન શરીર સાથે **તન્મય** થઈને શરીરને જાણતું નથી. રાગને જાણતું જ્ઞાન રાગમાં એક થઈને રાગને જાણતું નથી. અજ્ઞાની ભલે એમ માને કે રાગમાં હું **તન્મય** છું પણ જ્ઞાન તેમાં **તન્મય** નથી. રાગથી ભિન્ન રહીને રાગને જાણે છે. **તન્મય** થતું નથી માટે રાગને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. તે જ રીતે કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય છે તે વ્યવહાર છે કેમકે, જ્ઞાનની પર્યાય લોકાલોકમાં **તન્મય** થતી નથી. જો **તન્મય** થઈ હોય તો તો લોકાલોકના સુખ–દુઃખ પણ વેદનમાં આવવા જોઈએ પણ એમ તો બનતું નથી.

લોકાલોકને કેવળજ્ઞાન વ્યવહારથી જાણે છે તેનો અર્થ એ કે **તન્મય** થઈને નથી જાણતું. પણ જાણવું જ નથી થતું એમ નથી. કેમ કે **તન્મય** થવાનો તો એનો સ્વભાવ નથી પણ સ્વપર પ્રકાશકપણે પૂર્ણ જાણવાનો તો એનો સ્વભાવ છે. **નિશ્ચયથી તો જ્ઞાન જ્ઞાનને જ જાણે છે. કેવળજ્ઞાનનો પર્યાય જ્ઞાનને જાણે છે, પોતે પોતાને જાણે છે.**

**ચૈતન્ય પ્રભુ આત્મા જ્ઞાનનો સૂર્ય છે. એ સૂર્ય પ્રકાશી રહ્યો છે તેનો પ્રકાશ પરને અને રાગને પ્રકાશે છે તે વ્યવહાર છે. સ્વમાં તન્મય થઈને જ્ઞાન જ્ઞાનને પ્રકાશે તેનું નામ નિશ્ચય છે. 'સ્વાશ્રિત તે નિશ્ચય અને પરાશ્રિત તે વ્યવહાર'**

જ્ઞાનમય ચૈતન્યની જે અસ્તિ તેમાં પ્રકાશતું જ્ઞાન શરીર અને રાગાદિને જાણે કે 'આ છે' પણ જ્ઞાન પોતાના ક્ષેત્રમાં અથવા ભાવમાં રહીને જાણે છે. જ્ઞાન, શરીર કે રાગરૂપ થઈને તેને જાણતું નથી. **છતાં એ રાગાદિ ભાવોનું જ્ઞાન નથી- એમ નથી. જ્ઞાન તો થાય છે પણ તે વ્યવહાર છે અને જ્ઞાનને જ્ઞાનનું જાણવું તે નિશ્ચય છે. પોતાને પોતે જાણવું તે નિશ્ચય છે.** **( પેઈજ નં. - ૧૯૨ )**

## ( વેદાંત મતાર્થીનું ખંડન )

[ ૐ ] જ્ઞાન જેમ પોતાને જાણે છે તેમ જ પરને જાણે છે, જાણવામાં કાંઈ ફેર નથી. માત્ર પરમાં **તન્મય** થતો નથી માટે તેને વ્યવહારથી જાણે છે એમ કહેવાય છે પણ લોકાલોક સંબંધીના જ્ઞાનનો જ અભાવ છે એમ કહ્યું નથી. **( પેઈજ નં. -૧૯૪ )**

[ ૐ ] જગતના અનેક પદાર્થ છે તે કદી એક થતા નથી. અનેકને જ્ઞાન અનેકપણે જાણે છે પણ જ્ઞાન અનેકપણે થતું નથી. પોતાને જાણતાં જ્ઞાન પોતામાં **તન્મય** છે. પણ પરને જાણતાં જ્ઞાન પરમાં **તન્મય** નથી. – પરંતુ પોતામાં જ **તન્મય** છે. જેવું સ્વનું સ્પષ્ટ

જ્ઞાન થાય છે તેવું પર સંબંધીનું જ્ઞાન થાય છે. પરમાં જ્ઞાન **તન્મય** થતું નથી. માટે પરના જ્ઞાનનો જ અભાવ છે–એમ નથી. આવો ભગવાનના જ્ઞાનનો સ્વપર પ્રકાશક સામર્થ્ય–સ્વભાવ છે. આમ બરોબર જાણે અને નક્કી કરે તો આત્માની **સન્મુખ** થઈ અને સમ્યગ્દર્શનની પ્રતીત થાય. **( પેઈજ નં.-૧૯૭ )**

[ ૐ ] ભગવાન અરિહંત પરમાત્મા છે... તેમના જ્ઞાનમાં આખું લોકાલોક **તન્મય** થયા વિના જણાય છે. જો **તન્મય** થતું હોય તો તો નારકી આદિ દુઃખી જીવોને જાણતાં ભગવાનને પણ દુઃખ થાય, સુખી જીવોને જાણતાં તેમનું પણ વેદન થવું જોઈએ. રાગી–દ્વેષી જીવોને જાણતાં ભગવાનને પણ રાગ–દ્વેષ થઈ જાય–પણ એમ બનતું નથી. કેમકે ભગવાન તેને **તન્મય** થઈને જાણતાં નથી. **( પેઈજ નં.-૧૯૯-૨૦૦ )**

[ ૐ ] **તન્મય** એટલે **'તે-મય'**. એક સમયમાં ભગવાનને જ્ઞાન પણ પૂરું છે અને આનંદ પણ પૂરો છે. એ બન્ને **તન્મય** છે, જુદાં નથી. જ્ઞાન અને આનંદ એક સમય માટે પણ ભિન્ન ન હોઈ શકે. ત્રણકાળ ત્રણલોકમાં તો દુઃખ પણ ઘણું છે પણ તેને જાણતું જ્ઞાન તેમાં **તન્મય** થતું નથી. જ્ઞાન તો પોતાના આનંદમાં **તન્મય** રહે તેવી શક્તિ છે. **પરને જાણતાં જ્ઞાન તેમાં તન્મય નથી માટે જ તો પરના જ્ઞાનને ઉપચાર કહ્યું છે** એ વાત અહીં સિદ્ધ કરી છે. આમ પરથી ભિન્ન અને પોતાના આનંદથી અભિન્ન એવું જ્ઞાન જ ઉપાદેય છે– એવો અભિપ્રાય જાણવો. **( પેઈજ નં.- ૨૦૧ )**

[ ૐ ] શ્રી પરમાત્મ પ્રકાશની ૫૩ મી ગાથામાં યોગીન્દુદેવે– એક અપેક્ષાથી આત્માને પણ જડ કહેવાય છે, તે કેવી રીતે ? તે આ ગાથામાં કહે છે.

જે જ્ઞાન પર અને વિકારનું લક્ષ કરતું હતું તે એકાન્ત પરપ્રકાશક મિથ્યાજ્ઞાન હતું. ઈન્દ્રિયોના નિમિત્તે થતું એકલું **પરસન્મુખ** જ્ઞાન હતું. એ જ્ઞાન ઈન્દ્રિયો અને પરનું લક્ષ છોડી જ્ઞાન સ્વરૂપ આત્મામાં ઠરે તેવા જીવોને ઈન્દ્રિયજ્ઞાન નાશ થઈ જાય છે.

જાણવાના અસ્તિત્વવાળું આ જ્ઞાન, ઈન્દ્રિય, રાગ અને પરને જ જાણતું હતું ત્યાં સુધી એ એકાન્ત પરપ્રકાશક મિથ્યાજ્ઞાન હતું. કેમ કે તેમાં જેનું જ્ઞાન છે એ પોતે તો જ્ઞાનમાં આવ્યો ન હતો. એ જ વર્તમાન જ્ઞાનની દશા, દશાવાનમાં અર્થાત્ જ્ઞાનવાનમાં ઠરે તો એ વખતે ઈન્દ્રિયજ્ઞાન રહેતું નથી– એ વખતે આત્મા ઈન્દ્રિયના જ્ઞાનથી આંધળો થઈ જાય છે, એ અપેક્ષાએ નિર્વિકલ્પ શાંતિ અને જ્ઞાનના કાળે, જ્ઞાની ઈન્દ્રિયજ્ઞાનથી રહિત એવો 'જડ' કહેવામાં આવે છે. પણ જ્ઞાનનો અભાવ થઈ જાય છે–એમ નથી.

બીજી રીતે કહીએ તો જીવ જ્યારે પરને જાણવામાં સાવધાની રાખે છે ત્યારે એ ઈન્દ્રિય, રાગ અને પર સંબંધીનું જ્ઞાન છે, **એ જ્ઞાન જ્યારે સ્વને જાણવાની સાવધાનીમાં હોય છે ત્યારે બહારમાં નગારા વાગતાં હોય તો પણ એને ખબર ન હોય એટલી પરના જ્ઞાનમાં અસાવધાની વર્તે છે..... એ અપેક્ષાએ એ વખતે ઈન્દ્રિયજ્ઞાનથી રહિત તે જ્ઞાનને જડ કહેવાય છે.**

કેવળીને તો સ્વપરનું પૂરું જ્ઞાન થઈ ગયું છે, પરંતુ સાધકદશામાં તો જ્ઞાન પૂરું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી એટલે જે જ્ઞાન પર પદાર્થને જાણતું હતું, **એ જ આમ પોતા તરફ વળતાં પોતામાં એવું એકાકાર થઈ જાય છે કે બહારમાં નગારા વાગે, શરીર ઉપર કોઈ પાણી છાંટે કે ચારેકોર ધૂપ લગાવ્યો હોય તેની તેને ખબર ન હોય. અરે ! ધ્યાનના કાળે શરીર આખું પાણીમાં તણાય જાય તો પણ તેને ખબર ન હોય. જેમ પરમાં તલ્લીન થયો છે તેને સ્વની કાંઈ ખબર રહેતી નથી, તેમ સ્વમાં તલ્લીન થાય છે તેને પરની કાંઈ ખબર રહેતી નથી માટે કહ્યું કે-હે યોગી ! આ કારણથી તું જ્ઞાન ને જડ પણ જાણ.** **( પેઈજ નં.-૨૦૪ )**

[ ૐ ] ભાવાર્થઃ– મહામુનિઓને વીતરાગ નિર્વિકલ્પ સમાધિના સમયમાં સ્વસંવેદન જ્ઞાન હોવાથી ઈન્દ્રિયજ્ઞાન હોતું નથી. **મુનિરાજ શીતળ...... શીતળ આનંદમૂર્તિમાં જામી ગયા હોય ત્યારે તે જ્ઞાન આનંદના પ્રત્યક્ષ વેદન કાળમાં પાંચ ઈન્દ્રિયનું જ્ઞાન હોતું નથી. પછી વિકલ્પમાં આવે ત્યારે ઈન્દ્રિયજ્ઞાન થાય છે,** વાઘ આદિ ખાતા હોય તે તરત જણાય છે પણ સ્વવંવેદનકાળે તો એ જ્ઞાનથી જડ થઈ ગયા હોય છે. અને જે પાંચ ઇન્દ્રિયના જ્ઞાનમાં લીન છે એવા અજ્ઞાનીને અતીન્દ્રિય આત્માનું જરાય ભાન થતું નથી. **શરીર, ઈન્દ્રિય, સ્પર્શ, રસ, ગંઘ, આદિ અને મન તરફના જ્ઞાનવાળાને આત્મા ગમ્ય નથી અને આત્માના જ્ઞાનમાં લીન છે તેને પરપદાર્થો ગમ્ય નથી. આ સ્વસંવેદન જ્ઞાનના કાળની વાત છે હોં !** તે સિવાયના કાળમાં તો મુનિને પણ ઇન્દ્રિયોનું જ્ઞાન થાય છે. તેમાં દોષ નથી પણ અતીન્દ્રિય જ્ઞાનના કાળે ઈન્દ્રિયનું જ્ઞાન થતું નથી એમ કહેવું છે.

કેવળીઓને તો કોઈપણ સમયે ઇન્દ્રિયજ્ઞાન હોતું જ નથી. તેમને એકલું અતીન્દ્રિયજ્ઞાન જ છે. માટે ઇન્દ્રિયજ્ઞાનના અભાવની અપેક્ષાએ ( તેમને ) જડ પણ કહી શકાય છે. **( પેઈજ નં.-૨૦૫ )**

[ ૐ ] ત્રીજો બોલ– આત્મા શ્રુતજ્ઞાનરૂપ વ્યાપ્તિ જ્ઞાનથી આખા લોકાલોકને જાણે છે. માટે, આત્માનું જ્ઞાન થતાં બધું જાણવામાં આવી ગયું છે. ભાવશ્રુતજ્ઞાન વડે જેમ આત્માને જાણ્યો તેમ એ જ્ઞાનની વ્યાપ્તિ દ્વારા એટલે કે એ શ્રુતજ્ઞાન વડે પરોક્ષપણે આખો લોકાલોક જણાય જાય એવો એ જ્ઞાનનો સ્વભાવ છે. આત્માને જાણનાર ભાવશ્રુતજ્ઞાનમાં લોકાલોકને પણ જાણવાથી બધું જણાય છે.

ચોથો બોલ– વીતરાગ નિર્વિકલ્પ સમાધિના બળથી કેવળજ્ઞાન ઉત્પન્ન કરીને જેમ દર્પણમાં ઘટ–પટ આદિ પદાર્થ ઝલકે છે તેમ જ્ઞાનરૂપી દર્પણમાં આખો લોક–અલોક ભાસે છે–જણાય છે. આમાં કેવળજ્ઞાન કેવી રીતે થાય એ વાત પણ આવી ગઈ. કોઈ પંચમહાવ્રતના પરિણામ કે ક્રિયાકાંડથી કેવળજ્ઞાન પ્રગટ થતું નથી પણ વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન, સ્થિરતાની શાંતિ દ્વારા અને તેમાં પણ નિર્વિકલ્પ સમાધિ ધ્યાનના બળથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તેમાં આત્માનું તો પૂરું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે સાથે લોકાલોકનું પણ પૂરું અને પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. જેમ અરીસામાં સર્વ પદાર્થો ઝલકે છે તેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળજ્ઞાન રૂપી દર્પણમાં લોક–અલોક જેવા છે તેવા ભાસે છે. માટે, કહ્યું કે આત્માને જાણવાથી બધું જણાય છે.

આમ ચાર બોલથી 'આત્માને જાણતાં સર્વ જણાય છે' એ સ્પષ્ટ કર્યું. તેમાં સારાંશ એ આવ્યો કે આ ચારેય વ્યાખ્યાનોનું રહસ્ય જાણીને, બાહ્ય–અભ્યંતર બધો પરિગ્રહ છોડીને સર્વપ્રકારે પોતાના શુદ્ધાત્માની ભાવના કરવી જોઈએ. ભાવના તો ઉત્કૃષ્ટ રાખીને પ્રયત્ન કરવો જોઈએ.

ચાર વ્યાખ્યાન થયા તે સમજાયા ?

( ૧ ) એક તો જાણતા આ આત્માના શુદ્ધ ચિદાનંદ સ્વરૂપને અંતરદૃષ્ટિ અને જ્ઞાનથી જાણતાં બધું જણાય જાય. માટે એકને જાણતા સર્વ જાણ્યું.

( ૨ ) બીજું–આત્માને નિર્વિકલ્પ આનંદના સ્વાદ દ્વારા જાણતાં, આ આનંદ તે આત્મા, બાકી રાગાદિ જે દુઃખરૂપ ભાવો અને શરીરાદિ તે હું નહીં એમ, આત્માને જાણતાં તેનાથી ભિન્ન એવા સર્વભેદોને જાણી લે છે.

( ૩ ) ત્રીજું – ભાવશ્રુતજ્ઞાન –વિકલ્પ વિનાની જ્ઞાનદૃષ્ટિ વડે જાણતાં, આત્મા જણાય તે જ્ઞાનમાં લોકાલોકને પણ જાણવાની તાકાત છે. લોકાલોકમાં આમ જ હોવું જોઈએ તેમ બરાબર જણાય છે.

( ૪ ) ચોથું–નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા દ્વારા કેવળજ્ઞાન થતાં આત્મા અને લોકાલોક પ્રત્યક્ષ જણાય છે. માટે આત્માને જાણતાં સર્વ જણાય છે એ સિદ્ધ થયું.

**( પેઈજ નં.-૪૩૪ )**

[ ૐ ] 'એક આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું' એ પ્રવચનસારની ૪૮, ૪૯ ગાથામાં પણ આવે છે. શ્રીમદ્‌માં પણ આવે છે, –અહો ! જેણે એક સમયમાં અનંતા ગુણો અને એક ગુણના અંશો ત્રિકાળ રહે એવી અનંત પર્યાયો સહિત આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું. એક જ્ઞાનમાં બધું સમાય છે. એને બાર અંગ જણાય જશે, બધા ભેદો જણાય જશે, કેવળજ્ઞાનમાં બધું પ્રત્યક્ષ થઈ જશે. જેણે પહેલાં આત્માને શ્રદ્ધા, જ્ઞાનમાં લીધો તેને કેવળજ્ઞાનમાં અનંતગુણો પ્રત્યક્ષ થઈ જશે. માટે, એક જાણ્યું તેણે બધુ જાણ્યું' એમ અત્યારે પણ કહેવામાં આવે છે. **( પેઈજ નં.-૪૩૯ )**

[ ૐ ] અર્થઃ– જેમ તારાઓનો સમૂહ નિર્મળ જળમાં પ્રતિબિંબિત થતો પ્રત્યક્ષ દેખાય છે તેમ, મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોથી રહિત સ્વચ્છ આત્મામાં સમસ્ત લોક–અલોક ભાસે છે. એક ચંદ્ર અને એક સૂર્યની સાથે છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડા–ક્રોડી તારા હોય છે. તે તેનો એક પરિવાર કહેવાય છે. એક ચંદ્રની સાથે એક સૂર્ય, ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬૯૭૫ ક્રોડા–ક્રોડી તારા હોય છે. તે એક પરિવાર થયો. એવા તો અસંખ્ય ચંદ્ર અને અસંખ્ય સૂર્ય હોય છે. અઢી દ્વીપની બહાર પણ ચંદ્ર, સૂર્ય તો છે. કેવળજ્ઞાનમાં આ બધું જણાય છે. તેને કાંઈ ગણવું પડતું નથી. જેમ છે તેમ સહજ જણાય છે. અનંત દ્રવ્ય, અનંતક્ષેત્ર, અનંતકાળ, અનંતભાવ એક સમયમાં જણાય ત્યાં બાકી શું રહે ! એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુનો સ્વભાવ છે. તેમાં સંદેહ ન કર ! હાથમાં રાખેલા આંબળાની જેમ કેવળજ્ઞાનમાં બધું પ્રત્યક્ષ જણાય છે. એક દ્રવ્યના એક જ્ઞાનગુણની એક સમયની પર્યાયનો આવો સ્વભાવ છે તો તે ગુણ અને દ્રવ્યનું શું કહેવું !! અનંતને જાણે એવી એવી અનંત પર્યાયનો પુંજ અંદરમાં પડયો છે. અનંતને પણ અનંતથી ગુણો એટલી અનંતા–અનંત પર્યાયની યોગ્યતા અંદરમાં રહેલી છે. એ તારા સ્વભાવમાં એકાગ્ર થા ! તેનું વેદન કર ! તો કેવળજ્ઞાન થઈ જશે.

જેમ રાત્રે જળમાં નજર કરીએ તો બધા તારા તેમાં દેખાય છે, તારા સામે નજર કરવી પડતી નથી. તેમ જ્ઞાનની એક સમયની કેવળજ્ઞાન પર્યાયમાં લોકાલોક જણાય જાય છે. લોકાલોકની સામે નજર કરવી પડતી નથી. એવો તારી જ્ઞાન પર્યાયનો સ્વભાવ છે.

**શ્રોતાઃ- આ ભવમાં એવું કેવળજ્ઞાન ક્યાં થઈ શકે તેમ છે ?**

**પૂજ્ય ગુરુદેવશ્રીઃ- આ ભવમાં થાય છે, થયેલું છે અને થશે..... કેવળજ્ઞાનને પ્રગટ કરનારું સ્વસંવેદન જ્ઞાન તો થઈ શકે છે ને ! શ્રદ્ધામાં તો કેવળજ્ઞાન આવે છે. ઇચ્છામાં કેવળજ્ઞાન છે અને મુખ્યનયની અપેક્ષાએ તો કેવળજ્ઞાન વર્તે છે એમ પણ કહેવાય છે.**

**( પેઈજ નં. -૪૪૪ - ૪૪૫ )**

---

**શ્રોતા-** **કેવળી અને સર્વજ્ઞ વચ્ચે કાંઈ ફેર ખરો ?**

**સમાધાન-** **સર્વજ્ઞ કહો કે કેવળી કહો ( બન્ને એકાર્થ છે. ) સર્વજ્ઞ એટલે આત્મજ્ઞ.**

**શ્રોતા-** **સર્વજ્ઞ સર્વને જાણે... !**

**સમાધાન-** **નહીં, એ નહીં... નહીં... સર્વજ્ઞનો અર્થ જ આત્મજ્ઞ છે. ૪૭ શક્તિમાં આ રીતે છે. સર્વજ્ઞ એટલે ? સર્વ એટલે પરિપૂર્ણ ભગવાન ( આત્માનું ) આત્મજ્ઞાન છે– માટે જ આત્મજ્ઞ છે. તેને જાણવું એ તો એક સમયની પર્યાયમાં પોતાના સામર્થ્યથી જાણે છે. એવા જે પોતાના પોતાથી થયેલા વિશેષો દ્વારા આત્માને જાણે છે. 'કેવળ આત્માને' એ શબ્દ ટીકામાં છે. તેની ઉપર વજન છે હોં ! વિશેષ છે એ પર્યાય છે. કેવળી ભગવાન એક સમયની વિશેષરૂપ પરિણમતી પર્યાય દ્વારા એક સમયમાં કેવળ એકલા ભગવાન આત્માને જાણે છે.**

**( પ્રવચન સુધા ભાગ-૨, પેઈજ નં-૧૭૨-૧૭૩ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## - પરમાગમસાર -

[ ૐ ] જ્ઞાનની દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન જણાય છે, છતાં તેને તું કેમ જાણતો નથી. અરેરે ! ! જ્ઞાનની દશામાં ભગવાન જણાવા છતાં અનાદિથી વિકલ્પને તાબે થઈને રહ્યો હોવાથી ભગવાન જણાતો નથી. જ્ઞાનરૂપી અરીસાની સ્વચ્છતામાં ભગવાન આત્મા જણાવા છતાં પોતાને ખબર કેમ પડતી નથી ? –તે રાગના વિકલ્પને વશ થયો હોવાથી તેની નજરમાં રાગ આવે છે તેથી ભગવાન જણાવા છતાં જણાતો નથી. અજ્ઞાની અનાદિથી દયા–દાન આદિ વિકલ્પને તાબે થઈ ગયો હોવાથી જ્ઞાનની વર્તમાન દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જણાય છે તોપણ તેને જાણતો નથી.
**( બોલ નં-૮૨ )**

[ ૐ ] **પ્રશ્નઃ- મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાન વિપરીત કહેવાય છે ?**

**ઉત્તરઃ- મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાનને વિપરીત કહેવું એ તો નિમિત્તથી કથન થયું. જ્ઞાન સ્વપ્રકાશક હોવા છતાં સ્વને પ્રકાશતું નથી તે જ્ઞાનનો પોતાનો દોષ છે.**
**( બોલ નં-૧૮૫ )**

[ ૐ ] **પ્રશ્નઃ- જ્ઞાન વિભાવરૂપ પરિણમે છે ?**
**ઉત્તરઃ- જ્ઞાનમાં વિભાવરૂપ પરિણમન નથી. જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવી છે પણ જે જ્ઞાન સ્વને પ્રકાશે નહિ ને એકલા પરને પ્રકાશે તે જ્ઞાનનો દોષ છે.**
**( બોલ નં-૧૮૪ )**

[ ૐ ] પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી. કેમ ? –કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી પરદ્રવ્યોની સાથે એકત્વબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી. **( બોલ નં-૩૫૨ )**

[ ૐ ] જ્ઞાનની પર્યાયમાં વસ્તુ જેવી છે તેવી પ્રત્યક્ષપ્રતિભાસમય પ્રથમ આવે. પછી આત્મા જેવો જાણ્યો તે હું છું એમ પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય અને પછી તેમાં–પોતાનામાં સ્થિર થાય ત્યારે સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે. **( બોલ નં-૩૫૪ )**

[ ૐ ] પ્રશ્નઃ– જ્ઞેયને જાણવાથી રાગ–દ્વેષ થાય કે ઇષ્ટ–અનિષ્ટ બુદ્ધિ કરવાથી રાગ–દ્વેષ થાય ?
ઉત્તરઃ– પરજ્ઞેયને જાણવા ગયો ( પરની **સન્મુખ** થવું ) તે જ રાગ છે. ખરેખર પરજ્ઞેયને જાણવા જવું પડતું નથી. **( બોલ નં-૪૮૪ )**

[ ૐ ] જ્ઞેયોની આકૃતિનું સ્મરણ થતાં આવું ન જોઈએ એમ જ્ઞેયનો તિરસ્કાર કરતાં પોતાના જ્ઞાન પર્યાયસ્વભાવનો અને જ્ઞાનવાન આત્માનો નિષેધ થઈ જાય છે તેની અજ્ઞાનીને ખબર પડતી નથી. **( બોલ નં-૬૩૨ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ૐ ] ભગવાન આત્મા સદા અંતર્મુખ છે. અતિ અપૂર્વ, નિરંજન અને નિજબોધના આધારભૂત એવો કારણ પરમાત્મા છે, **તેને સર્વથા અંતર્મુખ સહજ અવલોકન વડે જે મુનિઓ અવલોકે છે તેને ભગવાન સંવર અને આલોચના** કહે છે. **( બોલ નં-૬૩૫ )**

[ ૐ ] ચૈતન્ય ચૈતન્યમાં એકાગ્ર થતાં ભેદપણું રહેતું નથી. આ એક જ શ્લોકમાં ( ૨૭૮ મા કળશમાં ) અનાદિનું અજ્ઞાન છે તે અને તેનો અભાવ કેમ થાય તે વાત કરી છે. દોરાનો ફાળકો ગૂંચવાણો હોય અને ગાંઠ પડી ગઈ હોય. પણ તે ગૂંચ કાઢતાં ગાંઠ રહેતી નથી તેમ આત્માની પર્યાયમાં અજ્ઞાનરૂપી ગૂંચ ઊભી થઈ હતી તે જ્ઞાનથી ઉકેલી નાખી પછી તે કાંઈ છે જ નહિ. અંશબુદ્ધિમાં રાગ દ્વેષ અજ્ઞાન વગેરે ભાસતા હતા. પણ સ્વભાવ બુદ્ધિ થતાં તે કાંઈ ભાસતું નથી. આમાં મોક્ષમાર્ગ સમાવી દીધો છે. હજારો શાસ્ત્રોનો આ સાર છે. **( બોલ નં-૬૫૧ )**

[ ૐ ] જ્ઞાનનું વીર્ય જ્ઞાનમાં કામ કરી જ્ઞાનમાં રમે તે મારું સ્વરૂપ છે. આત્માનું લક્ષણ જ્ઞાન છે. તેને છોડી રાગાદિમાં રોકાય તો તે બંધનું લક્ષણ છે. **( બોલ નં-૬૬૦ )**

[ ૐ ] પ્રશ્નઃ- જ્ઞાન હેય ઉપાદેય કરે છે ને ?
સમાધાનઃ- ચારિત્રની અપેક્ષાએ એ ઉપચાર આવે છે. જ્ઞાન તો માત્ર બધાને જાણે છે. પરને જાણવું એમ કહેવું તે વ્યવહાર છે. કારણકે પરમાં **તન્મય** થયા વિના જાણે છે. **( બોલ નં-૭૦૬ )**

[ ૐ ] જ્ઞાનદ્વારમાં સ્વરૂપ શક્તિને જાણવી. લક્ષણ જ્ઞાન, અને લક્ષ્ય આત્મા પોતાના જ્ઞાનમાં ભાસે છે. ત્યારે સહજ આનંદધારા વહે છે તે અનુભવ છે. **( બોલ નં-૭૧૦ )**

[ ૐ ] આત્મા સ્વભાવને પકડીને તેમાં જે એકાગ્ર થયું તે જ્ઞાનનો જ મહિમા છે. અધૂરા જ્ઞાનનો એવો જ ખંડખંડરૂપ સ્વભાવ છે કે જેટલો ઉઘાડ હોય તેટલો પૂરેપૂરો ઉપયોગ કદી થાય નહિ ! કેવળજ્ઞાન પરિપૂર્ણ છે, તેમાં લબ્ધ ને ઉપયોગ એવા ભેદ નથી. **( બોલ નં-૭૭૩ )**

[ ૐ ] ઊંધી માન્યતામાં હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ એ પાંચે પાપ આવી જાય છે. હું અનાદિ અનંત જ્ઞાનવાન છું. એમાંથી પ્રવર્તતી જ્ઞાનપર્યાયનાં સામર્થ્યને જે માનતો નથી ને પરને જાણું છું એમ માને છે તે પોતાની હૈયાતી ઉડાડે છે. **( બોલ નં-૮૬૨ )**

[ ૐ ] પ્રશ્નઃ- જ્ઞાન જ્ઞાનને જ જાણે છે તો જગતની બીજી ચીજની શી જરૂરીયાત છે ?
સમાધાનઃ- જ્ઞાનમાં બીજી ચીજો નિમિત્ત નથી એમ કહે તો સ્વ-પર પ્રકાશક સામર્થ્ય એટલું રહેતું નથી. નિમિત્તને લીધે નહીં પણ પોતાના કારણે જ જ્ઞાન સ્વ-પર પ્રકાશક સામર્થ્યવાળું છે. વર્તમાન ઉઘાડ અંશ દેખાય છે. તે આખી ચીજનો અંશ છે. એમ નહિ માનતા તે અંશ નિમિત્તને જ અથવા રાગને જ **તન્મય** થઈને જાણતો હોય ને પરનો સ્વાદ લેતો હોય એમ માને છે તે નિમિત્તબુદ્ધિ ને પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ જીવ છે. **( બોલ નં-૮૬૬ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] ચૈતન્યબિંબ આત્માની પર્યાય સ્વ-પર પ્રકાશક સ્વભાવ નિશ્ચયથી છે. તે પરને જાણે છે એમ કહેવું તે અસદ્‌ભૂત ઉપચાર છે. પણ પર પ્રકાશક સ્વભાવ વ્યવહારથી છે એમ કોઈ કહે તો પર-પ્રકાશક સ્વભાવ રહેતો નથી. અને સ્વભાવ આખો સ્વ-પર પ્રકાશક સાબિત થતો નથી. **માટે પર-પ્રકાશક સ્વભાવ આત્માનો નિશ્ચયથી છે.**
**( બોલ નં-૮૬૮ )**

[ ૐ ] સ્વ-પરનું જાણવું તે ઉપાધિ નથી, અને વિકારનું કારણ પણ નથી. અજ્ઞાની કહે છે કે અમને પરદ્રવ્ય જાણતાં રાગાદિ થાય છે માટે કોઈ પરદ્રવ્યનું લક્ષ કરવું નથી. **તો તે સ્વ-પર પ્રકાશક જ્ઞાનની સ્વચ્છતાને જાણતો નથી. જ્ઞાની તો જેને જાણે તેને સમ્યગ્જ્ઞાનની સ્વચ્છતા જાણે છે.** તેમાં રાગનો અભિપ્રાય નથી. તેથી તેનું જેટલું જ્ઞાતાભાવથી જાણવું છે, તેટલી વીતરાગતા જ છે. **( બોલ નં-૯૯૧ )**

## દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાય દ્રષ્ટિ વિનશ્વર

[ ૐ ] આબાળ-ગોપાળ સૌ ખરેખર જાણનારને જ જાણે છે, પણ એને જાણનારનું જોર દેખાતું નથી તેથી આ રાગ છે, આ પુસ્તક છે, આ વાણી છે માટે જ્ઞાન થાય છે એમ એનું જોર પરમાં જ જાય છે. એની શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી. તેથી જાણનારને જ જાણે છે એ બેસતું નથી. **( બોલ નં- ૨૭ )**

[ ૐ ] જ્ઞાનની પર્યાયમાં જાણનાર જણાય છે છતાં તેને જાણતો નથી ને પરજ્ઞેયો જણાય છે તેને પોતાના માને છે કે રાગ તે હું છું, -એવી એકત્વબુદ્ધિ કરે છે તે ભૂલ છે, તે મહા-અપરાધ છે. અનંત જ્ઞાન આનંદ આદિનો દરબાર છે તેને જાણતો નથી અને પુણ્ય-પાપના રાગાદિને પોતાના જાણે છે તે મહા-અપરાધ છે, તે નાનો ગુન્હેગાર નથી પણ મહા-ગુન્હેગાર છે. **( બોલ નં-૯૭ )**

[ ૐ ] ભૂત ને ભવિષ્યની બધી પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં વિદ્યમાન જ છે. જ્ઞાનમાં તો તેઓ વિદ્યમાન જ છે એવો જ જ્ઞાનનો સ્વભાવ છે. પ્રભુ ! તારો સ્વભાવ સર્વજ્ઞસ્વરૂપી છે. એ સર્વજ્ઞસ્વરૂપી પર્યાય પ્રગટે તેમાં ત્રણકાળના પર્યાયો સ્થિરબિંબ પડયા છે. આહાહા ! આ વાત જેને જ્ઞાનમાં યથાર્થ બેઠી તેને ભવનો અંત આવી ગયો ! એને કેવળજ્ઞાન થયે જ છૂટકો, એના ક્રમમાં કેવળજ્ઞાન આવશે જ અને એ કેવળજ્ઞાન અત્યારે બીજાના કેવળજ્ઞાનમાં અકંપપણે અર્પાઈ જ ગયું છે. **( બોલ નં-૯૯ )**

[ ૐ ] જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે. પરસત્તાવલંબી જ્ઞાનના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. ત્રિકાળીનાથનો આદર કર્યા વિના વિકારપણે પરિણમે છે તેને શુભાશુભભાવે પરિણમવું ભાસે છે પણ ચૈતન્યપણે પરિણમવું ભાસતું નથી. **( બોલ નં-૧૦૪ )**

[ ૐ ] બાળકથી માંડીને વૃદ્ધને સર્વને એટલે કે અજ્ઞાનીને સદા સ્વયં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવે છે. વર્તમાન જ્ઞાનની જે વર્તમાન અવસ્થા છે, અજ્ઞાનીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ વિકાસરૂપ જે ભાવેન્દ્રિયની ખંડખંડ જ્ઞાનરૂપ પર્યાય છે તેમાં આત્મા જ અનુભવમાં આવે છે, કેમ કે તે પર્યાયમાં સ્વપરપ્રકાશક તાકાત છે, તેથી તેમાં સ્વજ્ઞેય જ જાણવામાં આવે છે. બાળકથી માંડીને વૃદ્ધ ને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સર્વને સદાકાળ સ્વયં અનુભવમાં આવે છે. પર્યાયમાં આત્મા જ ખ્યાલમાં આવે છે. પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે. **( બોલ નં-૧૦૫ )**

[ ૐ ] ભૂતકાળની અનંતી પર્યાયો અને ભવિષ્યકાળની અનંતી પર્યાયો કે જે થઈ ગઈ છે અને જે હજુ થઈ નથી તે પર્યાયો ખરેખર પ્રગટ નથી, વિદ્યમાન નથી, અવિદ્યમાન છે, છતાં કેવળજ્ઞાન તેને પ્રત્યક્ષ જાણતું હોવાથી તે પર્યાયો વિદ્યમાન છે, ભૂતાર્થ છે એમ જાણે છે. આહાહા ! **ભૂત-ભાવિ પર્યાયો અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં સીધી જણાતી હોવાથી જ્ઞાનમાં વિદ્યમાન છે, ભૂતાર્થ જ છે એમ જાણે છે-એ જ્ઞાનની દિવ્યતા છે ! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે ! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે, તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે ? વસ્તુ સત્ છે ને ! વિદ્યમાન છે ને ! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને !** આહાહા ! જેની હયાતી નથી તેની હયાતી જાણે તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે તેને જાણ ને ! ભાઈ ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ !

**( બોલ નં-૧૧૯ )**

[ ૐ ] સ્વ-પરને જાણવાની યોગ્યતા પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા લાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેયને-ભગવાન આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાય જાય એવી તે પર્યાયની શક્તિ છે.

**( બોલ નં-૧૪૯ )**

[ ૐ ] સ્વભાવથી જ હું જ્ઞાયક હોવાને લીધે સમસ્ત વિશ્વ સાથે મારે જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ છે, પરંતુ આ જ્ઞેય ઇષ્ટ-અનિષ્ટ છે કે જ્ઞેયના લઈને જ્ઞાન થાય છે કે આ જ્ઞેય મારું ને હું તેનો સ્વામી એવો કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. જ્ઞાયકનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી લોકાલોક જાણે કે જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય એમ એક ક્ષણમાં જ જાણી લે છે. આવા જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધને લીધે એકીસાથે અનંતા જ્ઞેયોને અનંતપણે જાણવા છતાં જ્ઞાયક તો સદાય જ્ઞાયકપણે જ-એકરૂપપણે જ રહ્યો છે. **અનાદિથી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**જ્ઞાયક તો જ્ઞાયકભાવે જ રહ્યો છે, પણ મિથ્યાત્વને લઈને અન્યથા મનાઈ રહ્યો છે, તેથી એ મિથ્યાત્વને મૂળથી ઉખેડીને સ્વભાવથી જ જ્ઞાયક એવા આત્મતત્ત્વના જ્ઞાનપૂર્વક શુદ્ધાત્મામાં પ્રવર્તવા સિવાય અન્ય કાંઈ કરવા યોગ્ય નથી.**

**( બોલ નં-૧૭૪ )**

[ ૐ ] તત્ત્વાનુશાસનમાં ૧૬૨ શ્લોકમાં લખ્યું છે કે 'સ્વ-પર પ્રતિભાસસ્વરૂપ તારો સ્વભાવ છે.' સ્વ અને પરને જાણવાનો આત્માનો સ્વભાવ છે. પોતાને આવો અચિંત્ય સ્વભાવવાળો ન માનતાં હું રોગી, હું કાળો, હું રૂપાળો, હું પૈસાવાળો એમ પરપદાર્થમાં અને વિભાવમાં પોતાની અસ્તિ માનવી તે આત્માને કલંક છે. **( બોલ નં-૨૨૨ )**

[ ૐ ] જેમ દર્પણની સ્વચ્છતા દર્પણને બતાવે છે અને અગ્નિની જ્વાળા આદિને પણ દર્શાવે છે. તોપણ દર્પણમાં દેખાતો સ્વ-પરના આકારનો પ્રતિભાસ-પ્રતિબિંબ તે દર્પણની સ્વચ્છતાની જ અવસ્થા છે. તે કાંઈ અગ્નિની અવસ્થા નથી, પ્રતિબિંબિત વસ્તુની અવસ્થા નથી. વળી જેવા પદાર્થો દર્પણની સામે હોય તેવું પ્રતિબિંબ દેખાડવું તે દર્પણની સ્વચ્છતાનો સ્વભાવ હોવાથી પ્રતિબિંબિત પદાર્થના લીધે પ્રતિબિંબ પડતું નથી પણ દર્પણની સ્વચ્છતાને લીધે જ પ્રતિબિંબ પડે છે. તેવી રીતે જ્ઞાતૃતા તે આત્માની જ છે અર્થાત્ સ્વ-પરને જાણનાર જ્ઞાનસ્વરૂપ આત્મા છે અને ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મ પુદ્ગલના પરિણામ છે. જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તેનું જ્ઞાન કરવું તથા પરજ્ઞેયોને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તે સંબંધીનું જ્ઞાન થવું તે જ્ઞાનનો સ્વતઃસિદ્ધ સ્વભાવ જ છે. પરદ્રવ્યો છે માટે તેનું જ્ઞાન થયું એવો પરતંત્ર સ્વભાવ જ નથી. **( બોલ નં-૨૩૧ )**

[ ૐ ] **ભૂત-ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી માટે એ પર્યાયની અપેક્ષાએ તો અવિદ્યમાન જ છે, પણ જ્ઞાને તેને વર્તમાનવત્ પ્રત્યક્ષ કરી માટે ભૂતાર્થ કહ્યું છે, તો આ ભગવાન આત્મા તો વર્તમાન ભૂતાર્થ છે, સકળ નિરાવરણ અખંડ એકરૂપ પ્રત્યક્ષ-પ્રતિભાસમય વર્તમાનમાં ભૂતાર્થ છે, તો એ ભગવાન આત્મા વર્તમાનમાં પ્રત્યક્ષ કેમ ન થાય ? વર્તમાનમાં છે અને તેનો સ્વભાવ પ્રત્યક્ષ થવાનો છે તો એ વર્તમાનમાં જ્ઞાનમાં પ્રત્યક્ષ કેમ ન થાય ? જરૂર થાય.** **( બોલ નં-૨૬૬ )**

[ ૐ ] શરીરના નામથી પણ એવો રંગાઈ ગયો છે કે ઘોર નિંદ્રામાં પણ એનું નામ લ્યો ત્યાં બેઠો થઈ જાય ! તેમ આત્મામાં એવો રંગાઈ જાય કે ચૈતન્ય જ્ઞાયકજ્યોત છું એમ સ્વપ્નમાં પણ એ જ વાત આવે. જેને જેની લગની લાગી હોય તેને સ્વપ્ના પણ એ જ આવે. અમે આનંદ ને શુદ્ધ ચૈતન્ય છીએ, પુણ્ય ને પાપ તે અમે નહીં,

**( બોલ નં-૨૮૪ )**

[ ૐ ] પ્રભુ ! તું સર્વને જાણનાર દેખનાર સ્વરૂપે પૂરો છો ને ! પણ તારા પૂર્ણ સ્વરૂપને નહિ જાણતાં એકલા જ્ઞેયને જાણવા-દેખવા રોકાઈ ગયો તે તારો અપરાધ છે. પુણ્ય-પાપના ભાવને કરવા અને જાણવા દેખવાના સ્વભાવને ભૂલી ગયો તે તારો અપરાધ છે.

પુણ્ય-પાપ એ જ અને એટલું જ મારું જ્ઞેય છે એમ માનીને તેને જ જાણવામાં રોકાઈ ગયો ને પોતાના પૂરણ જાણવાના સ્વભાવને ભૂલી ગયો એ તારો અપરાધ છે. કર્મના કારણે તારા પૂરણ સ્વભાવને જાણતો નથી એમ નથી, પણ એ તારો પોતાનો જ અપરાધ છે. **( બોલ નં-૩૩૨ )**

[ ૐ ] વર્તમાન વર્તમાન વર્તતી ચાલુ કાળની જ્ઞાનપર્યાય તે ત્રિકાળી જ્ઞાયકનો જ એક અંશ છે. તેને અંતરમાં વાળતાં "ચૈતન્ય હીરો" જ્ઞાનમાં આવે છે. અવયવ દ્વારા અવયવી ખ્યાલમાં આવે છે. જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળીને જો તો તારો ચૈતન્યસૂર્ય તને ખ્યાલમાં આવશે, તેનો પ્રકાશ તને દેખાશે. **( બોલ નં-૩૩૬ )**

[ ૐ ] પરિણામને પરિણામ વડે દેખ એમ નહીં પણ પરિણામ વડે ધ્રુવને દેખ. પર્યાયથી પરને તો ન દેખ, પર્યાયને પણ ન દેખ પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને પર્યાયથી દેખ. તેને તું જો. તારી દૃષ્ટિ ત્યાં લગાવ. છ મહિના આવો અભ્યાસ કર. અંતર્મુખ તત્ત્વને અંતર્મુખના પરિણામ વડે દેખ. અંતરમાં પ્રભુ પરમેશ્વર પોતે બિરાજે છે તેને એકવાર છ માસ ( મહિના ) તો તપાસ કે આ શું છે ? બીજી ચપળાઈ ને ચંચળાઈ છોડી દઈ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સિદ્ધસદૃશ પ્રભુ છે તેને છ માસ ( મહિના ) તપાસ. **( બોલ નં-૩૪૧ )**

[ ૐ ] જીવ કયારેય ત્રિકાળી સ્વભાવની સન્મુખ થયો નથી, તેણે કયારેય ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિ કરી નથી. ખરેખર તો અજ્ઞાનીને પણ એક સમયની અજ્ઞાનની પર્યાયમાં પણ જ્ઞાયક જણાય છે પણ જ્ઞાયકની દૃષ્ટિ નહીં હોવાથી, પર્યાયદૃષ્ટિ હોવાથી માત્ર પર્યાયને-રાગને જાણવાવાળો રહે છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયમાં આખી વસ્તુ જાણવામાં આવે છે, કેમ કે સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે; છતાં અજ્ઞાનીની દૃષ્ટિ સ્વ તરફ નહીં હોવાથી તેની દૃષ્ટિમાં એકલી પર્યાય જ આવે છે. દૃષ્ટિ ત્રિકાળી તરફ ઝૂકેલી નથી ને પર્યાય તરફ ઝૂકેલી છે, પણ જ્યાં દૃષ્ટિ અંતર્મુખ વળે છે ત્યાં દ્રવ્યની શ્રદ્ધા આવી. જોકે શ્રદ્ધાને ખબર નથી કે 'આ દ્રવ્ય છે' પરંતુ શ્રદ્ધાની સાથે જે અનુભૂતિ છે-જ્ઞાન છે તેમાં ખ્યાલ આવે છે કે 'આ દ્રવ્ય છે.' **( બોલ નં-૩૮૦ )**

[ ૐ ] જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેય જણાય છે પણ તેના તરફ તેં દૃષ્ટિ કરી નથી, ત્યાં દૃષ્ટિ કરીને તને જાણ તો તને સુખ થશે. પર તરફના વલણવાળા જ્ઞાનથી દુઃખ થશે કેમ કે તે પરના લક્ષે થાય છે. સ્વપ્રકાશક જ્ઞાન થયા પછી જ્ઞાન પરને જાણે તો તે દુઃખરૂપ નથી, કેમ કે એ તો પોતાની પર્યાય છે તે પરના લીધે પરપ્રકાશક નથી. જેને સ્વસત્તાનું અવલંબન આવ્યું છે તેને પરપ્રકાશકજ્ઞાન એ પોતાના જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે એમ જાણે છે તેથી તેને તે દુઃખરૂપ નથી. **( બોલ નં-૪૨૦ )**

ભગવાન આત્મા દ્રવ્ય-અપેક્ષાએ વર્તમાનમાં અત્યારે જ મુક્તસ્વરૂપ છે, કર્મથી ને વિભાવથી ભિન્ન નિર્લેપ ચીજ છે. એમ ન હોય તો પર્યાયમાં નિર્લેપતા આવશે કયાંથી ? જેમ સ્ફટિકમાં રંગની ઝાંય દેખાવા છતાં સ્ફટિક તે જ વખતે સ્વભાવે નિર્મળ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, તેમ જીવની પર્યાયમાં વિભાવો જણાવા છતાં જીવ તે જ વખતે સ્વભાવે નિર્મળ છે, નિર્લેપ છે. 'આ બધા જે શુભાશુભ વિભાવો જણાય છે તે જ્ઞેયો છે. હું તો તદ્દન છૂટો જ્ઞાયક છું' એમ ઓળખે–પરિણમન કરે તો પર્યાયમાં પ્રગટ નિર્લેપતા થાય છે.....
**( બોલ નં-૫૧૦ )**

[ ૐ ] રાગ હોવા છતાં જ્ઞાનની પર્યાય રાગની **સન્મુખતાથી** ખસીને અંદર જ્ઞાયક **સન્મુખ** ઢળે એટલે બસ ! પર્યાયે ત્રિકાળીનો સ્વીકાર કર્યો. પહેલાં પર્યાય પર્યાયનો સ્વીકાર કરતી હતી ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હતો ને પર્યાયે દ્રવ્યનો સ્વીકાર કર્યો એટલે સમ્યગ્દૃષ્ટિ થયો. આ તો અંદરથી આવેલી વસ્તુ છે. દુનિયા ગમે તેમ કહે પણ વસ્તુ છે તે ફરે તેમ નથી. વસ્તુ તો વસ્તુરૂપે જ રહેશે. **( બોલ નં-૫૬૮ )**

[ ૐ ] આહાહા ! જાતિસ્મરણજ્ઞાનમાં સામાનો પૂર્વદેહ જણાતો નથી, આત્મા જણાતો નથી, છતાં, નિર્ણય કરી લ્યે કે આ આત્મા જ સંબંધમાં હતો ! આટલી તો જાતિસ્મરણની તાકાત ! તો કેવળજ્ઞાનની કેટલી તાકાત હોય !! મતિજ્ઞાનની પર્યાય પણ આટલું નિરાલંબનપણે કામ કરે તો કેવળજ્ઞાનના નિરાલંબનપણાની શું વાત !!
**( બોલ નં-૬૦૦ )**

[ ૐ ] તું પરમાત્માસ્વરૂપ છો માટે જાણવા–દેખવાનું જ તારું સ્વરૂપ છે. સર્વજ્ઞસર્વદર્શી સ્વભાવવાળો છો, પણ તેને ન જોતાં રાગને જાણવામાં અટકયો છો તેથી સર્વને જાણનાર એવા તને જાણતો નથી. રાગમાં રોકાયો છો–બંધમાં અટકયો છો, માટે **સર્વને સર્વપ્રકારે જાણનાર એવા પોતાને જાણતો નથી. સર્વને જાણતો નથી એમ નથી કહ્યું પરંતુ સર્વને જાણનાર એવા પોતાને જાણતો નથી તેમ કહ્યું છે.**
**( બોલ નં-૬૮૫ )**

[ ૐ ] આત્માધીન સુખ કેમ પ્રગટે ? –કે આત્માને જાણવાથી પ્રગટે. પોતાને જાણવાનું છોડીને બહારના જાણપણામાં જાય છે ત્યાં દાહ થાય છે. પ્રભુ ! તને જાણવાથી સુખ થશે, પરને જાણવાથી દુઃખ થશે. જેનું જ્ઞાન છે તેને જાણવાથી સુખ થશે. તારા જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વ–પરપ્રકાશક છે તેથી તારી પર્યાયમાં આત્મા ત્રિકાળી ભગવાન વસ્તુ જણાય છે, પણ ત્યાં જોતો નથી ને પરજ્ઞેય જણાય છે એમ જોવે છે માટે પર્યાયના ધર્મથી વિપરીત તે જાણ્યું એટલે તને આત્મા જણાતો નથી. **( બોલ નં-૬૮૬ )**

[ ૐ ] સ્વભાવનું સામર્થ્ય તને નજરમાં આવ્યું નથી ને દરિદ્રપણું તને નજરમાં આવ્યું છે. શાસ્ત્રનું ગમે તેટલું જાણપણું કરવાથી પણ આત્માનું સુખ નહીં થાય. આત્મા કોણ છે તે જાણવાથી તને સુખ થશે, કારણકે તેમાં સુખ છે. પરમાં સુખ નથી તેથી પરને જાણવાથી દુઃખ થશે, રાગથી તો દુઃખ થશે પણ પરના જાણવાથી પણ દુઃખ થશે. કેમ કે પરપ્રકાશક જ્ઞાન કયારે સાચું થયું કહેવાય ? –કે સ્વપ્રકાશક જ્ઞાન પ્રગટે ત્યારે. સ્વપ્રકાશક વિનાના એકલા પરપ્રકાશક જ્ઞાનથી દુઃખ થશે. **રાગ તો બંધનું કારણ છે પણ ધર્મી પરપ્રકાશક જ્ઞાનને પણ મોક્ષમાર્ગ માનતા નથી. ( બોલ નં-૬૮૭ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ૐ ] સર્વને જાણવું-દેખવું એવો જેનો સ્વભાવ છે એવા પોતાના આત્માને જ તે દેખતો નથી. કેમ કે બંધ-અવસ્થામાં પોતાના અપરાધથી રાગમાં રોકાઈ ગયો છે. સર્વને જાણનાર એવા પોતાને તું જાણતો નથી ને બીજાને જાણવામાં તું રોકાઈ ગયો તે તારો પોતાનો જ અપરાધ છે. ( બોલ નં-૭૧૭ )

[ ૐ ] જેમ અરીસાના યોગથી દૂર એવા ચંદ્ર-સૂર્ય પણ નજીક ભાસે છે તેમ હે પ્રભુ ! રત્નત્રયરૂપ અરીસામાં આપ કાળે દૂર છતાં નજીક ભાસો છો.

સિદ્ધ કાંઈ નીચે ઊતરતાં નથી. પણ સાધક જીવ કહે છે કે હે સિદ્ધ ભગવાન ! આપ કાંઈ નીચે આવતાં નથી. તેથી હું જ્ઞાન-દર્પણમાં એકાગ્ર થઈને આપને મારા જ્ઞાન-દર્પણમાં નીચે ઊતારું છું. ( બોલ નં-૮૪૦ )

[ ૐ ] એને ઝાઝા જ્ઞેયોની સામું જોવાની ટેવ પડી ગઈ છે એટલે એને એક જ્ઞેય તરફ આવવું કઠણ લાગે છે. ઝાઝા બહારના જ્ઞેય સામું જોતા તેને ભરેલું-ભરેલું લાગે છે અને એક જ્ઞેયમાં એને ખાલી ખાલી લાગે છે. ખરેખર તો ઝાઝા જ્ઞેયોમાં ખાલીખમ છે અને આ એક જ્ઞેય ભરેલું છે. અનંતા જ્ઞેય તરફ વળતાં એકનું જ્ઞાન સાચું થતું નથી અને એકને જાણતાં અનંતાનું જ્ઞાન સાચું થઈ જાય છે. આ એક જ્ઞેયમાં જ મહાનતા છે. જેમાંથી અનંતી અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટ થાય છે એ જ મહાન જ્ઞેય છે.

( બોલ નં-૯૬૫ )

---

**શ્રોતા-** **પ્રભુ ! આ દરિયો તો દેખાતો નથી ?**

**ઉત્તર-** **અરે બાપા ! એ જ દેખાય છે. જ્યાં હોય ત્યાં આ દેખાય છે. આ આમ છે એમ નક્કી કોણ કરે ? પોતાની હૈયાતિ વગર જાણે કોણ ? આ શરીર છે, આ રાગ છે એ જાણ્યું કોણે ? જ્ઞાન-ભૂમિ સિવાય કઈ ભૂમિકામાં જાણવાનું કાર્ય થાય ? આ જ્ઞાન છે તે જ આત્મા છે, જ્યાં જુએ ત્યાં આત્મા જ જણાય છે પણ તેની સામે નજર નહીં અને પર સામે જ નજર છે, તેથી ચૈતન્ય રત્નાકર દેખાતો નથી-એમ તેને લાગે છે.** **( નાટક સમયસાર પ્રવચન ભાગ-૧ પેઈજ નં-૧૧ )**

**જ્ઞાન ભલે અલ્પ હો ! પણ એ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય કેટલું છે ? સ્વપર પ્રકાશક એટલે સ્વ-પરને જાણવું. નાટક સમયસારમાં કહે છે-**

**"સ્વ-પર પ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચન ભેદ ભ્રમ ભારી;**
**જ્ઞેય શક્તિ દુવિધા પ્રકાશી, નિજરૂપા-પરરૂપા ભાસી"**

**પર્યાયમાં સ્વ-પરને પ્રકાશનારી અમારી શક્તિ છે. સ્વ-પર એમાં બે જ્ઞેય આવ્યા. સ્વજ્ઞેય અર્થાત્ સ્વને અને પરજ્ઞેય અર્થાત્ પરને હવે સૌ પ્રથમ તો પર્યાયમાં સ્વજ્ઞેય જાણવામાં આવે છે.** **( કલશામૃત-ભાગ-૩, પેઈજ નં-૪૦૦ )**

# પ્રવચન રત્નો ભાગ-૨

[ ॐ ] **આહા.. હા ! ( એ ) પરને જાણે છે એમેય નથી, પરને જાણવા માટે ( જ્ઞાનની ) પર્યાય પરમાં જાય છે-એમેય નથી. આહા.. હા ! એ તો પોતાની પર્યાયનો સ્વભાવ સ્વપર પ્રકાશક પોતાની પર્યાયથી જ એ વસ્તુ છે. જો એ પર્યાય નથી તો વસ્તુ નથી. કેમ કે કાર્ય પર્યાયમાં થાય છે અને એ જો પરથી થાય અને પરને કરવા જાય તો પોતાનું કાર્ય રહેતું નથી અને પરનું કાર્ય કરવા જાય તો એનું કાર્ય રહેતું નથી-આવું છે. સિદ્ધાંત તો આ બહુ અલૌકિક મૂક્યો -" જેનું જે છે તે તે જ છે.**
**( પેઈજ નં.-૨૭ )**

[ ॐ ] સિદ્ધાંત 'જેનું જે હોય તે... તે જ હોય. ' તે તે જ હોય, તે બીજું નહીં. પરને જાણવા કાળે, જ્ઞાન જ્ઞાનનું છે અર્થાત્ જ્ઞાન આત્માનું છે; પરનું નહીં–જ્ઞેયનું નહીં. ( આત્મા ) પરના કરવાપણે તો નહીં, આત્મા હાથ–પગ હલાવે કે મોઢેથી બોલે કે એ તો ત્રણકાળમાં છે નહીં, પરંતુ એ એને જાણે છે એ ટાણે ( સમયે ) પણ પોતે પોતાના જાણવાના અસ્તિત્વમાં રહીને, પરમાં પ્રવેશ કર્યા વિના, પર અને સ્વ વચ્ચે અત્યંત અભાવ રાખીને, પોતાની સ્વપર પ્રકાશક પર્યાય પોતાથી થાય છે તેથી તે ( જ્ઞાન ) તે આત્મા છે.... **( પેઈજ નં. ૨૭-૨૮ )**

[ ॐ ] **કર્તાબુદ્ધિથી કરવું એ તો મિત્થયાત્વ છે, પણ તેને જાણવું એય વ્યવહાર છે; નિશ્ચય નહીં. પરને જાણવામાં - એમાં એ ભળતો નથી. ભિન્ન રહીને એને જાણે છે એટલે નિશ્ચયથી તો એ જાણતો નથી. નિશ્ચયથી પોતાને જાણે છે. હવે પોતાને જાણે છે ઈ જાણનાર જાણનારને જાણે છે-આવો જે ભેદ એ પણ વ્યવહાર છે, 'જ્ઞાયક જ છે' એ તો છે એ છે. શબ્દ આવી ગયો છે ને ! 'જેનું જે હોય તે તે જ હોય' - એમાં મોટો સિદ્ધાંત છે. ( પેઈજ નં. ૩૩-૩૪ )**

[ ॐ ] આત્મા લોકાલોકને જાણે એ પોતાની પર્યાય છે. લોકાલોકને લઈને લોકાલોકની નહીં. લોકાલોક છે માટે પરને જાણવાની એ પર્યાય થઈ છે એમ નથી. લોકાલોક છે તો લોકાલોક એના ઘરે ( એનામાં ) રહ્યાં. **ભગવાન જાણનાર છે તે જાણનારમાં રહ્યો. એ જાણનાર લોકાલોકમાં ક્યાં ગ્યો છે અને લોકાલોકનું જ્ઞાન અહીં ક્યાં થયું છે ? એ તો એનું પોતાનું જ્ઞાન એને થયું છે.** " જે જેનું હોય તે તે જ હોય " આ મહાસિદ્ધાંત.
**( પેઈજ નં. ૩૬ )**

[ ॐ ] એમ આ જ્ઞાન પણ પરને જાણવા કાળે, પરને લઈને થાય તો જ્ઞાન જે છે તેનો ઉચ્છેદ થઈજાય. આહા... હા ! 'પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણકે એક દ્રવ્યનો અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ જવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. ક્યાં કર્યો છે ? સમયસાર ૧૦૩ ગાથામાં, ( આચાર્યદેવ કહે છે– ) પહેલેથી જ નિષેધ કરતા આવીએ છીએ.
**( પેઈજ નં. ૩૮ )**

[ ૐ ] **રંગને દેખતાં દેખનાર દેખનારમાં રહીને દેખે છે-એમ કહેવું એ પણ વ્યવહાર છે. પોતેપોતાને દેખે છે- એય વ્યવહાર છે. એમાં ય જરી ભેદ છે. પોતે પોતાને દેખે છે એ પણ સ્વસ્વામી અંશ વ્યવહાર એટલે સદ્‌ભૂત વ્યવહાર છે....**

**( પેઈજ નં. ૪૨ )**

[ ૐ ] આહાહા ! વસ્તુ જે અંદર છે એ તો જ્ઞાન, દર્શન, ચારિત્ર ( સ્વરૂપ છે ). ચારિત્ર એટલે ? પરના ત્યાગના અભાવ સ્વભાવ સ્વરૂપ છે એ તો એની પોતાની 'અભાવ' શક્તિ છે. અભાવ નામની એ શક્તિ છે તે પર અને રાગાદિના અભાવરૂપે એ પોતે છે. એ 'છે' એટલે એમાં પરનો અભાવ થયો–એ તો નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. ભારે ઝીણી વાતું છે ભાઈ ! જૈન ધર્મ બહુ સૂક્ષ્મ છે ! જેમ જાણવામાં એ ચીજ જણાય છે એથી એ ચીજને જાણવામાં નિમિત્ત કહેવાય, અને જાણનાર એને જાણે છે એથી જાણનારને નિમિત્ત કહેવાય. ( પરંતુ ) **એક બીજા, એક બીજાને અડતા નથી. એક બીજા એકબીજાને નિશ્ચયથી તો જાણતાય નથી. આહા... હા ! પરને જાણતા નથી, પરને દેખતા નથી, પરને શ્રદ્ધતા નથી, પરને છોડતા નથી..... ( પેઈજ નં. ૮૫ )**

[ ૐ ] **શ્રોતાઃ- પરને કોણ જાણે છે ?**
**ઉત્તરઃ- જાણે આત્મા પોતાને, આત્મા પરને જાણતો જ નથી. પોતાને જાણતાં સ્વપર જાણવાની તાકાત પોતાની પોતામાં છે. લોકાલોક જાણવાની તાકાત લોકાલોક વિના પોતાની જ છે. લોકાલોકની અસ્તિ છે માટે તેને જાણવાની અહીં ( આત્મામાં ) શક્તિ છે એમ નથી....... ( પેઈજ નં. ૯૨ )**

[ ૐ ] આહાહા ! પરદ્રવ્યનો કાંઈ કર્તા, દયા પાળે પરની, પરની હિંસા કરે એવું તો એનામાં છે જ નહીં. કર્તાપણું તો એ ચીજમાં નથી. પણ, **પરને જાણવું એવો જે સંબંધ 'જ્ઞેય-જ્ઞાયક' તે પણ કહી શકાતો નથી.** માટે 'જાણનાર' તો પોતાનો સ્વભાવ છે, 'પોતાના સ્વભાવમાં સ્વપરમાં રહીને પોતાને જાણે છે' એ તો પરને અડચોય નથી. એને તો જાણનાર જણાય છે. **( પેઈજ નં. ૯૩ )**

[ ૐ ] **જાણનાર, દેખનાર, શ્રદ્ધનાર અને ત્યાગ કરનાર એ ચારેય બોલ ( આત્માને ) લાગુ પડતાં નથી. કારણકે પરદ્રવ્યને અને આત્માને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી. ખરેખર પરદ્રવ્ય અને આત્માને કોઈ જાતનો કાંઈ સંબંધ નથી. 'એ જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ વ્યવહાર છે. બાકી તો પોતે જ જ્ઞેય-જ્ઞાયક છે' !**

**( પેઈજ નં. ૯૩-૯૪ )**

[ ૐ ] સિદ્ધ ભગવાન જોઈ–જાણી રહ્યાં છે. જૈનધરમના વાડામાં ગમે તે વિરોધ થાય કે ગમે તે થાય.... છે એને વિકલ્પ ? ( શ્રોતાઃ– ) અમને તો બધુંય જણાય છે ( ઉત્તરઃ– ) એનો અર્થ એ થયો કે આત્માનો સ્વભાવ જ એ છે. પોતે જાણવું–દેખવું પોતાને બસ ! એ સ્વભાવ છે. પરને જાણવું–દેખવું તો નહીં, અને પરનું કરવું તે તો બિલકુલ નહીં.

**( પેઈજ નં. ૯૭ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] એ અહીં કહ્યું: 'જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે' જગતને ભ્રમ આમ પડે છે કે– જ્ઞાનસ્વરૂપનો સ્વભાવ એવો છે કે સ્વપર પ્રકાશક સ્વભાવ છે. તે જ્ઞાનમાં બીજા જ્ઞેયો જણાય છે, એથી અજ્ઞાની એમ જાણે–બીજા જ્ઞેયો મારા જ્ઞાનમાં આવ્યા માટે મેં જાણ્યા– એ મિથ્યાભ્રમ છે.

**આહા... હા ! કેવળજ્ઞાનનો પોતાનો સ્વભાવ, પરને અડયા વિના-પરમાં પ્રવેશ કર્યા વિના-પરને સ્પર્શ્યા વિના પોતાનું અને પરનું જ્ઞાન પોતાથી, પોતામાં ( થાય છે ). પરની અપેક્ષા વિના થાય છે. ( પેઈજ નં. ૧૦૪ )**

[ ૐ ] જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે. જ્ઞાનમાં શરીર જણાય, કરમ જણાય, વાણી જણાય, રાગ જણાય, સ્રી –કુટુંબ–પરિવાર, પૈસો, મકાન જણાય. **એ જણાવાં છતાં ( જ્ઞાનમાં મલિનતા થતી નથી ) કેમકે તે તો જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે. પરને જાણવું એ તો પોતાના સ્વચ્છતાના સ્વભાવને લઈને છે. પરને લઈને પરને જાણે છે- એમ નથી. ( પેઈજ નં. ૧૦૫ )**

[ ૐ ] ચૈતન્યસ્વરૂપ જ્ઞાન સ્વરૂપી ભગવાન આત્મા ! એ પરચીજને જાણતાં, પરચીજમાં મારું જ્ઞાન પ્રવેશ કરતું નથી, અને પરચીજ જ્ઞાનમાં પ્રવેશ કરતી નથી, ફક્ત જ્ઞાનનો સ્વભાવ સ્વચ્છતાનો છે તેથી પોતાને અને પરને પોતામાં રહીને જાણે છે. પોતે પરરૂપે થઈને પરને જાણે છે–એમ નથી. સ્વરૂપે રહીને સ્વ ને પરને જાણે છે. **( પેઈજ નં. ૧૦૬ )**

[ ૐ ] પ્રભુ કહે છેઃ પ્રભુ, એ તો જ્ઞેય છે ને ! એ તો તારા જ્ઞાનમાં જ્ઞાનની સ્વચ્છતાને લઈને જણાય છે ને ! એ ચીજ તારામાં આવી નથી. તારામાં આવ્યા વિના તારી ક્યાંથી થઈ ગઈ ? આહાહા ! ભારે આકરું કામ ! આખી દુનિયાથી ઉલ્ટી વાત છે ! આખો દિ' કામ કરીએ, પરના કરી એને, આમ કરી લઈએ, આમ કરી દ્યે ! કહે છેઃ જે કામ થાય છે તે જ્ઞાનની સ્વચ્છતાને લઈને તે જ્ઞાનમાં જણાય છે પણ જ્ઞાન એવો ભગવાન આત્મા તે કામમાં પ્રવેશ કરતો નથી, તે કામ તારામાં પ્રવેશ કરતું નથી. **( પેઈજ નં. ૧૦૬ )**

[ ૐ ] જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી. આ પ્રકાશને જ્ઞાન જાણે છે તો જ્ઞાન કાંઈ પ્રકાશને સ્પર્શતું– અડતું નથી. આહાહા ! અંધારાને જ્ઞાન જાણે છે પણ એ જ્ઞાન અંધારાને સ્પર્શતું નથી, તેમ તે જ્ઞાન અંધારામાં પ્રવેશ કરતું નથી. આહા... હા ! આ વાત કઈ રીતે માને ! આખી દુનિયાથી ઊંધું, પેલામાં તો આ કરોને ( તે કરો ). અહીં કહે છે–તું જે કરવાનું કહે છે એ તો તારા જ્ઞાનનું જ્ઞેય છે. આહા ! અને તે પણ જ્ઞેય જ્ઞાનમાં રહીને, તારી સ્વચ્છતાના સ્વભાવને લઈને તે જ્ઞેય અને તારું જ્ઞાન તારે લઈને તારામાં થાય ! ગજબ વાત છે' આખી દુનિયાથી ઉલ્ટી વાત છે ! **( પેઈજ નં. ૧૦૭ )**

[ ૐ ] ક્રમબદ્ધ પર્યાયમાં જે આવે છે– એમાં સ્વપરનું જાણવું આવે છે, એ પરને લઈને નહીં. એ સ્વપર જાણવાનો સ્વભાવ પોતાની સ્વચ્છતાનો છે. નિર્મળતાનો સ્વભાવ છે માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તું અને પર જણાય છે તારામાં તારે લઈને. એ પરને લઈને તું જણાય છે, ને પરને તું જાણે છે–એમ નથી. ભારે આકરું કામ ! ..... (પેઈજ નં. ૧૦૭)

[ ૐ ] એ ચીજ પોતાની સત્તા છોડીને, તારા જ્ઞાન સ્વરૂપી આત્માની સત્તામાં એ આવતી નથી. અને તારો ભગવાન આત્મા પોતાની જ્ઞાન સત્તા છોડીને પરમાં પ્રવેશ કરતો નથી. આહા ! આકરું કામ ! શું કહે છે ? જ્ઞાન કાંઈ તેમને સ્પર્શતું નથી, તેઓ જ્ઞાનને સ્પર્શતા નથી. બન્ને જ્ઞાનમાં જણાય પણ (જ્ઞાન) તેને સ્પર્શતું નથી. જણાય છે તે ચીજ જ્ઞાનને સ્પર્શતી નથી. આહા... હા ! આ શબ્દ જ્ઞાનમાં જણાય છે એ શબ્દ નથી જણાતા. શબ્દ સંબંધીનું પોતાનું જ્ઞાન છે એ આંહી જણાય છે. એ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વ અને પરને જાણવાનો પોતાનો સ્વતઃ સ્વતંત્ર સ્વભાવ છે– એથી પોતે સ્વપરને જાણે છે. પરને અર્થાત્ આ શબ્દોને જાણે છે–એમ છે નહીં. શબ્દો તો જ્ઞેય છે, જ્ઞાનમાં જણાવા લાયક છે અને આત્મા જાણનાર છે.–એ જાણનારમાં જ્ઞેયનો પ્રવેશ નથી.

**શ્રોતાઃ-** છદ્મસ્થને જ્ઞાન અડયા વગર કેવી રીતે થાય ?

**ઉત્તરઃ-** પરને અડયા વિના જ જાણે છે, તે પોતાના સ્વચ્છતાના સ્વભાવને લઈને (જાણે છે). જ્ઞાનનો સ્વપર પ્રકાશક સ્વતઃ પરની અપેક્ષા વિના, નિરપેક્ષપણે જાણવાનો સ્વભાવ છે. (પેઈજ નં. ૧૦૮)

[ ૐ ] .....કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતુ નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતા નથી. આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને જ્ઞાનમાં તે તે સમય જે જાણવાની યોગ્યતા હોય તે તે પદાર્થ જણાય. એ પદાર્થ જણાય એમ કહેવું વ્યવહાર છે. એ સંબંધીનું પોતાના જ્ઞાનનું જાણવું થાય તેનું નામ નિશ્ચય છે. (પેઈજ નં. ૧૧૩)

[ ૐ ] **શ્રોતાઃ-** જ્ઞાનનો સ્વપર પ્રકાશક સ્વભાવ નિશ્ચય છે કે વ્યવહાર ?

**ઉત્તરઃ-** સ્વપર પ્રકાશક સ્વભાવ નિશ્ચય છે. પરંતુ પરને જાણવું એ નહીં. સ્વપર પ્રકાશક એ સ્વ પોતે છે. પરપ્રકાશક છે માટે પર છે એમ નહીં. એ ૪૭ શક્તિમાં આવી ગયું.

**સર્વજ્ઞ, સર્વને જાણે માટે સર્વજ્ઞ છે ? તો કહે ના, એ આત્મજ્ઞ છે. સર્વજ્ઞપણું તે આત્મપણું છે.**

આહા... હા ! સર્વજ્ઞ, એક સમયમાં ત્રણકાળ–ત્રણલોકને જાણે માટે એ સર્વજ્ઞ છે ? કે–ના, એ તો આત્મજ્ઞ જ છે. આહા... હા ! **એ જ્ઞાનમાં સ્વપર પ્રકાશક પોતાના સામર્થ્યથી પોતાને પોતા વડે પોતે જણાય છે.** (પેઈજ નં. ૧૨૦)

[ ૐ ] આહા ! પૃથ્વી ચાંદનીની જરાપણ થતી નથી તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરાપણ થતું નથી. આહા... હા ! આત્માનો જ્ઞાન સ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે. ઝળકે છે એ એની અપેક્ષાએ સમજાવ્યું છે.–એ તો પોતાની સ્વચ્છતાનો સ્વભાવ છે.

**એ તો જ્ઞાન પોતે પોતારૂપે પરિણમે છે એમાં એ જ્ઞેયનું જ્ઞાન પણ પોતે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પોતારૂપે પરિણમે છે તેને આ જ્ઞેય ઝળકે છે-એમ કહેવામાં આવે છે.**

**( પેઈજ નં. ૧૨૨ )**

[ ૐ ] ..... જ્ઞાનમાં આ પર ચીજ જણાય છે એ ચીજ જણાતી નથી ( પણ ) જ્ઞાન જણાય છે– જ્ઞાનની પર્યાય જણાય છે. આ જે પર જણાય છે, તેમાં એની સાથે એનું જ્ઞાન છે ક્યાં ? જ્ઞાનની પર્યાય આ પર સાથે **તન્મય** ક્યાં છે ? પોતાની પર્યાય પોતા સાથે **તન્મય** છે, પર સાથે તો **અતન્મય** છે. **( પેઈજ નં. ૧૨૫ )**

[ ૐ ] **શ્રોતાઃ-** આ લાડવા ને મેસુબ ને ચાખે નહીં પણ એને જાણે ખરો કે નહીં ?

**ઉત્તરઃ-** જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. સાંભળો ! જે આ બીજી ચીજ છે તેને આત્મા જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. કેમ ? કે આત્મા તેમાં **તન્મય** થયા વિના જાણે ? ભાઈ ! આ દુનિયાથી જુદી જાત છે.

એ રસ છે કે લાડવો છે તેને જાણતોય નથી. ખરેખર તો સ્વ અર્થાત્ પોતે પોતાને જાણે છે. કારણકે લાડવામાં આત્મા તન્મય થતો નથી. એકમેક થયા વિના તેને જાણે ક્યાંથી !! આહા... હા ! અરે ! આવી વાતું ! ચાખતો તો નથી પણ તેને જાણે છે કેં નહીં ? એમ ભાઈ પૂછે છે !!

**શ્રોતાઃ-** જાણ્યા વગર એ મીઠો છે તેની શી ખબર પડે ?

**ઉત્તરઃ- જાણે છે એ પોતાને જાણે છે. પોતાને એ સંબંધીનું જ્ઞાન પોતાને થાય છે તેને જાણે છે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં થાય છે તેને જાણે છે. એક અક્ષર પણ ઓછો-અધિક થશે તો ઊંધું પડશે.**

કેરીનો રસ છે, અત્યારે કેરીની મોસમ છે ને ! કેરીના કટકા કર્યા હોય, આમ ખાતો હોયને ! ઓહોહો ! આ શું છે પ્રભુ ! તને શું થયું છે ! એ ચીજને આત્મા ચાખવા તો જતો નથી, પણ ખરેખર તું એને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. કેમ ? જેને જાણે છે એમાં એ **તન્મય** નથી, ફક્ત એને જાણવાનું જે જ્ઞાન પોતાનું છે એમાં એ **તન્મય** છે. ખરેખર તો પોતે પોતાને જાણે છે. પણ એવો ક્યાં વિચાર ? ને વખત ક્યાં ?

અગ્નિને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. જ્ઞાનનો પોતાનો સ્વભાવ છે કે પોતે પોતાને જાણે, અને પરની અપેક્ષા વિના પરને પોતામાં જાણે. પરને અડયા વિના, પરને સ્પર્શ્યા વિના, પરની હસ્તિ છે. માટે તેને જાણે છે એમ નહીં, જાણવાના અસ્તિત્વનો એવો સ્વભાવ છે એ પોતે પોતાને જાણે છે. **( પેઈજ નં. ૧૩૮ )**

[ ૐ ] **......આલોચના એટલે શું ? આલોચનાનો અર્થજ જોવું-જાણવું.... બસ ! એ જોવે-જાણે, તેજ તેનું સ્વરૂપ છે. એ પણ પોતે પોતાને જોવે ને જાણે ! પરને જોવે-જાણે તે ( પણ ) એમાં તન્મય થયા વિના જાણે એ જાણ્યું નહીં. એ તો અસદ્‌ભૂત્ વ્યવહારનયનું કથન છે.** **( પેઈજ નં. ૧૪૯ )**

[ ૐ ] કહે છે એ તો અખંડ છે. અખંડ કેમ કહ્યો ? આત્માના જ્ઞાનમાં જ્ઞેય જાણવામાં આવે છે તો જ્ઞાન ખંડ થઈ જાય છે એવું છે નહીં. આહા.... ! શું કહ્યું ? આ આત્મા જ્ઞાનમાત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે પણ એ જ્ઞાન અખંડ છે. અનેક જ્ઞેયાકારોથી ( જ્ઞાન ખંડિત થતું નથી. ) આહા... હા ! **પોતાના જ્ઞાન સ્વભાવ સિવાય રાગ, દયા, દાન, ભક્તિથી માંડીને પંચ પરમેષ્ઠી અને આખી દુનિયા તેનું જ્ઞેયાકાર જ્ઞાન થાય છે પણ એ જ્ઞેયાકાર જ્ઞાન પરાધીન નથી. એ જ્ઞાનાકાર જ્ઞેયાકાર છે. ( પેઈજ નં. ૧૬૭-૧૬૮ )**

[ ૐ ] પ્રભુ ( આત્મા ) તો જ્ઞાનમાત્ર છે અને જ્ઞાન પરને જાણે છે એ કારણે જ્ઞાનમાં જ્ઞેય જાણવામાં આવ્યા એવું છે નહીં. **એ જ્ઞાન, જ્ઞાનાકારે જ્ઞેયાકાર થયું છે ! જ્ઞાન, જ્ઞાન જ રહ્યું છે અને જ્ઞાન, જ્ઞાનપણે પરિણમ્યું છે, એ જ્ઞેયને જાણે છે તો જ્ઞેયાકાર થયું જ નથી.** આહા... હા ! જ્ઞાન અખંડ છે, અખંડ શબ્દનો અર્થ થાય છે. કે પ્રભુ ( આત્મા ) જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય છે એ સર્વને જાણે છે તો ખરો ! અહીંયા અનંતને જાણે છે તો તે પર જ્ઞેયાકાર ખંડ ખંડ થાય છે ? જ્ઞાન જાણે છે અનંતને તો અનંતને જાણવાથી, જ્ઞાનમાં અનંતતાના ખંડ–ખંડ–ભંગ–ભંગ થઈ જાય છે ? એવું છે નહીં. **( પેઈજ નં. ૧૬૮ )**

[ ૐ ] પ્રભુ તું જ્ઞાન છો ને ! તું બીજી કોઈ ચીજ –શરીર, વાણી, કર્મ, રાગ–દયા, દાન, ભગવાનની ભક્તિ એ તું નથી. એ તો બીજું તત્ત્વ છે, ત્યારે **તું તો જ્ઞાનમાત્ર છો તો ( તારો ) જાણવાનો સ્વભાવ છે કે નહીં ! પરને ( જાણતાં ) પરરૂપે તું ન થા, પણ પરરૂપનું તારામાં જ્ઞાન થાય છે તો પરજ્ઞેયાકારનું જ્ઞાન ( થયું ) તો એટલું તો જ્ઞાન પરાધીન થઈ જાય છે કે નહીં ? કે ના. ઈ જ્ઞેયાકારનું જ્ઞાનાકાર પોતાનું થાય છે. પોતાના જ્ઞાનાકારમાં જાણવામાં આવે છે. ( પેઈજ નં. ૧૭૦ )**

[ ૐ ] કહે છે–અચળ છે. એ જ્ઞાનરૂપથી ચળતું નથી. જ્ઞેયને પોતાના જ્ઞાનમાં, પોતાના સિવાય બીજા સર્વને જાણે છે છતાં એ જ્ઞેય–રૂપે થતો નથી ! આહા... હા ! અરીસામાં અગ્નિ અને બરફ આમ દેખાય, જે બહાર અગ્નિને બરફ હોય તે અગ્નિને બરફ અંદર નથી. બરફ ઓગળતો હોય તો એમાં ( એ રીતે જ ) અરીસામાં દેખાય છે. અગ્નિની ( લાલ લાલ જ્વાળા ) ત્યાં દેખાય એ અરીસાની અવસ્થા છે. અગ્નિ અને બરફના કારણથી ( એ અવસ્થા ) થઈ નથી. એ તો અરીસાની અવસ્થા છે. એવી રીતે ભગવાન આત્મા ! જ્ઞાન અરીસો છે, ( તે ) લોકાલોક ( ને ) જાણે, એ તો પોતાની પર્યાયનું સ્વરૂપ છે. આહા.. હા ! પરરૂપને જાણવાથી, પરરૂપ એવી અગ્નિ કાંઈ ( જ્ઞાનમાં ) ધુસી ગઈ નથી. અરીસો છે તેમાં અગ્નિ ને બરફ ધુસી ગયા નથી. તેમ જ્ઞાનમાં આ જ્ઞેય જાણવામાં આવે છે, ખરેખર તો બહુ ઝીણી વાત છે–**પ્રભુ ! આ ( પરજ્ઞેય ) જાણવામાં નથી આવતું. આ પ્રકારની સ્થિતિ પોતાના જ્ઞાનમાં છે. પરજ્ઞેયને, પોતામાં-પોતાની જાણવાની તાકાતથી- જાણે છે. ( પેઈજ નં. ૧૭૨ )**

[ ૐ ] **જ્ઞેયરૂપ થયો નથી. ત્યારે કેવો છે ? પરને જાણે છે એનું સ્વરૂપ શું ? પોતાને જાણે છે-પરને જાણે છે એ તો સ્વપર પ્રકાશક શક્તિ પોતાની સ્વસંવેદ્ય છે. જુઓ ! સ્વસંવેદ્ય છે-પોતાથી જ જ્ઞાન થવા યોગ્ય છે, પોતાથી જ્ઞાત થવા યોગ્ય છે.**

અહા ! જ્ઞાન સ્વરૂપ ભગવાન ( આત્મા ) પરજ્ઞેયને જાણે છે તેથી પરનું વેદન

થઈ ગયું ? એવું છે નહીં. એ 'સ્વસંવેદ્ય' છે. પોતાનું ને પરનું જ્ઞાન, એ પોતાનું સ્વરૂપ છે. એ પોતાના સ્વરૂપનું વેદન કરે છે. બહુ ઝીણી વાત !

પ્રભુ તું જ્ઞાન સ્વરૂપ છો, તો એમાં પર તો જાણવામાં આવે છે; તો શું અંદરમાં પર જાણવામાં આવ્યા ? કહે–ના. પર સંબંધી પોતાનું જ્ઞાન છે એ જાણવામાં આવ્યું છે. –જે પોતાનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે. એ પરને પ્રકાશે છે માટે પર પ્રકાશક છે એવું છે નહીં. **( પેઈજ નં. ૧૭૩ )**

[ ૐ ] **એ ચીજ છે માટે તને તેના સંબંધી જ્ઞાન થયું છે-એ પણ ભ્રમ છે. એ ચીજ છે તો ઈ ચીજની અપેક્ષાથી મને એનું જ્ઞાન થયું એ પણ ભ્રમ છે. મારા જ્ઞાનમાં સ્વપરને જાણવાની તાકાત મારામાં જ છે ! અને તે કારણે હું તો સ્વસંવેદ્ય છું. સ્વસંવેદ્ય, પોતાનાથી જ જ્ઞાત થવા યોગ્ય છે. ( અર્થાત્ પોતાથી જ પોતે જણાય છે ) સ્વસંવેદ્ય, સ્વનામ પોતે વેદ્યનામ વેદન, પોતાનું પોતાથી જ વેદન કરવાવાળો ( આત્મા ) છે, એ પરનું વેદન નહીં. પર જ્ઞેયાકાર થયો પણ એ તો જ્ઞાનાકાર છે, એનું વેદન છે. પરનું વેદન એને છે નહીં. ( પેઈજ નં. ૧૭૩ )**

[ ૐ ] 'સ્વસંવેદ્ય' છે ( તેથી ) પરનું જાણવું એ પણ પોતે પોતાથી જ જાણે છે. પોતામાં રહીને, પોતાને જાણે છે એમાં એ ( જ્ઞેય ) જાણવામાં આવે છે. પોતામાં પોતે રહીને પોતાને જાણે છે એમાં પરનું જ્ઞાન આવી જાય છે. એ તો પોતાનું જ વેદન છે, પરનું વેદન છે નહીં. જ્ઞાનમાં પર જાણવામાં આવ્યા તે કારણે પરનું વેદન છે કાંઈ ? 'સ્વસંવેદન' છે તે પોતાથી જ છે. 'જ' એ નિશ્ચય છે. જ્ઞાત થવા યોગ્ય છે તે કોઈ પરના કારણથી, ભગવાનના કારણથી, પંચ પરમેષ્ઠીના કારણથી, અરે ! ભગવાનની વાણીના કારણથી આત્મજ્ઞાન થાય છે ? ના. તે તો પોતાથી જ જ્ઞાત થવા યોગ્ય છે.

**( પેઈજ નં. ૧૭૩-૧૭૪ )**

---

### ( સામાન્ય જેવું જ વિશેષ )

આત્મા વીતરાગ સ્વરૂપ છે– એવી દૃષ્ટિપૂર્વક રાગનો અભાવ કરવાનો છે. હું સ્વભાવથી શુદ્ધ છું, અવિકારી છું—એવું જાણવું તે જ્ઞાનની વિશેષતા છે. આત્માના ભાન વિના અગિયાર અંગ ભણવા છતાં પણ જ્ઞાનની વિશેષતા આવતી નથી. જ્ઞાનપણે તો સામાન્ય રીતે બધા જીવ સમાન છે. નિગોદના જીવને જ્ઞાનનો ઉઘાડ છે તેને વિશેષ નથી કહ્યું અને મિથ્યાદૃષ્ટિના અગિયાર અંગના જ્ઞાનને પણ વિશેષ નથી કહ્યું. પરંતુ હું જ્ઞાન સ્વભાવી છું, નિમિત્ત પૃથક છે, રાગ સ્વભાવમાં નથી— એવું જાણવાવાળા જ્ઞાનને વિશેષ જ્ઞાન કહે છે. એકલા પર પ્રકાશક જ્ઞાનને વિશેષજ્ઞાન કહેતા નથી. ચિદાનંદ સ્વભાવને પકડીને જે સ્વપર પ્રકાશક જ્ઞાન પ્રગટ થયું તે વિશેષ જ્ઞાન પૂજ્ય છે. **( મોક્ષમાર્ગ પ્રકાશક પ્રવચન ભાગ-૧ ( હિન્દી ) પેઈજ નં-૩૦ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રી નિયમસારના પ્રવચનમાંથી

[ ૐ ] **"અતિ આસન્નભવ્ય જીવોને-આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે ( અર્થાત્ ) સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે ) સફળ થયો છે;"** નિરંજનપણાને લીધે એનો અર્થ: સદા નિરંજનપણે એને પ્રતિભાસ્યો હોવાને લીધે. ભલે ( સ્વભાવથી ) નિરંજનપણે છે, પણ 'છે' એમ પ્રતિભાસ્યા વિના એ ક્યાંથી આવ્યું ?

એ શું કહ્યું ? ભગવાન આત્મા નિરંજન છે શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. પણ એ ભાસ્યા વિના– જ્ઞાનમાં ભાસ્યા વિના આ પરમ નિરંજન છે એમ ક્યાંથી આવ્યું ? ભાસ્યું ત્યારે જાણ્યું કે આ પરમ નિરંજન છે.

આહાહા ! એમાં પણ પરમ નિરંજન નાથ ભાસ્યો છે, એ 'છે' એટલું એમ નહીં– પરમ સ્વભાવભાવ નિરંજન છે. એમ નહીં; પણ એ 'છે' એવો ભાસ્યો છે માટે 'છે'. ભાસ્યા વિના 'છે' એમ એને આવે ક્યાંથી ? ( ન આવે. ) આહા.. હા ! સમજાણું કાઈ ?

સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે–પ્રતિભાસ્યો એટલે જ્ઞાનની પર્યાયમાં ભાસ્યો હોવાને લીધે... સફળ થયો છે. પ્રતિભાસ થાય નહીં કે આ છે ઈ સફળ ક્યાંથી ? શું કીધું ? સદા નિરંજન છે ભગવાન આત્મા, પણ ભાસ્યા વિના– જ્ઞાનમાં ભાસ્યા વિના– પ્રતિભાસ વિના સદા નિરંજન છે એમ જાણે કોણ ? એ પ્રતિભાસ્યો છે એમ એણે જાણ્યું છે.

કહે છે કે– એને સદા નિરંજનભાવ ભાસ્યો છે તેથી તેને સદા નિરંજનભાવ સફળ થયો છે. સૌને નિરંજનભાવ છે તો ખરો ! પણ... આસન્નભવ્ય જીવને સફળ થયો છે. આહાહા ! પર્યાયમાં –દૃષ્ટિમાં ભાસ્યો છે એથી એને ( નિરંજનપણે ) જેવો છે તેવો ભાસ્યો છે–તેથી તેને તે સફળ થયો છે. 'છે' તેવું તેને ભાન થઈ ગયું છે. 'છે' ની પ્રતીતિ ને જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવી ગયું છે. આખો ( પૂર્ણ ) પરમાત્મા જ્ઞાનની પર્યાયમાં આવ્યો છે એટલે ખ્યાલમાં આવ્યો છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ પ્રતિભાસ.... છે. આખો નિરંજન નિરાકાર ભગવાન આત્મા પ્રતિભાસ્યો છે તેથી તે સફળ થયો છે. નિરંજન ( નિરાકાર સ્વરૂપ ) સદા છે; પણ જેને પ્રતિભાસ્યો છે માટે સફળ થયો છે.

પ્રતિભાસ વિના આ 'છે' એટલે શું ? આહાહા ! જુઓ ! આ એવી વાત છે. કહે છે–સદા નિરંજનપણાને લીધે સફળ થયો છે. સફળ થયો છે એનો અર્થ કર્યો કે– એમાં સદા નિરંજનપણું એવું ભાસ્યું છે તેથી સફળ થયું છે. સમજાય છે કાંઈ ?

ત્રિલોકનાથ..... સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ ! નિરંજન નિરાકાર હોવા છતાં પ્રતિભાસ્યો ત્યારે તેને હોવાપણું છે એમ બેઠું; તેથી તેને સફળ થયું છે. પ્રતિભાસ્યો છે તેથી તેને સફળ થયો છે. જેને પ્રતિભાસ્યો નથી તેને સફળ ક્યાંથી થાય ? ( ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય ) આહાહા ! તેના જ્ઞાનમાં પૂર્ણ સ્વરૂપ છે એવો ભાસ થયો એટલે ભવન થયું છે. એને સદા નિરંજનપણું સફળ છે... કેમકે એનું ફળ તેને આવ્યું. જેને એ માનવામાં આવ્યું નથી એટલે કે અનુભવમાં આવ્યું નથી–દૃષ્ટિમાં આવ્યું નથી, જ્ઞેય તરીકે તે જ્ઞાનમાં જણાતું નથી, તેને સફળ નથી. પણ જેવું જ્ઞેય છે એવું જ્ઞાનમાં આવ્યું છે તેથી તેને તે સદા નિરંજનપણું સફળ થયું છે. ગજબ વાત કરી છે ને !

( હવે કહે છે ) જેથી, આ પરમ પંચમભાવ વડે અતિ–આસન્નભવ્ય જીવને નિશ્ચય–પરમ આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું 'આલુંછન' નામ સિદ્ધ થાય છે. આત્મા પ્રતિભાસ્યો છે માટે આલુંછન સિદ્ધ થાય છે. આહા.. હા.. હા !

ત્રિકાળી નિરંજન જ્ઞાનમાં સદા પ્રતિભાસ્યો છે એટલે જ્ઞાનમાં–પર્યાયમાં ભાસ્યો છે–પ્રતિભાસ્યો છે તેવો પ્રતિભાસ થયો છે–જેથી તેનું સફળપણું થયું છે. તેથી ( આસન્ન ભવ્ય જીવને ) નિશ્ચય–પરમ આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું 'આલુંછન' નામ સિદ્ધ થાય છે. એ સફળપણું થયું એજ આલુંછન છે.

**( નિયમસાર ગાથા-૧૧૦ના પ્રવચનમાંથી )**

[ ॐ ] પેલા ચક્રવર્તીએ તો છ ખંડને સાધ્યા છે, જ્યારે આ ચક્રવર્તી તો લોકાલોકને જાણે છે. એને જાણવામાં ઉપયોગ પર ઉપર મૂકવો પડે તેમ નહીં. સ્વમાં ઉપયોગ ( એકાગ્ર છે ) તેમાં એ બધું જાણવામાં આવી જાય છે. આવી તાકાત ભગવાન આત્માની દેહ દિઠ બિરાજે છે.

**( નિ. સાર, શ્લોક-૨૭૮, પ્રવચન નં. ૧૯૩ તા. ૨૬-૭-૮૦ માંથી )**

[ ॐ ] આત્મા એકાન્તે પર પ્રકાશક છે– એ વાતનું ખંડન કરે છે. અનેકાન્તે તો પર પ્રકાશક છે...! જ્ઞાન એકલું પરને જાણે છે તો એમ નથી–એટલું અહીં સિધ્ધ કરવું છે. જ્ઞાન પરને જાણે છે તેમ સ્વને પણ જાણે છે, પણ તેનો અર્થ એવો નથી કે– જ્ઞાન પરને જાણે છે માટે તે નિશ્ચય છે!! કેમકે જ્ઞાન તો જ્ઞાનને જ જાણે છે. જ્ઞાનની તે સમયની પરને જાણવા સંબંધીની પોતાની તાકાત પોતાને લઈને ખીલેલી છે.

**( નિ. સાર શ્લોક-૨૭૮ પ્રવચન નં. ૧૯૩ તા. ૨૬-૭-૮૦ માંથી )**

[ ॐ ] **શ્લોક ૨૬૯ "નિજરૂપમાં પોતાની શક્તિથી સ્થિત રહીને, મોહ ક્ષીણ હોતાં અમે લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ."**

પ્રભુને અવલોકતાં જગતને તૃણવત્ અવલોકીએ છીએ– એમ કહે છે. તે બે ની સરખામણી કરતાં આમ છે. પ્રભુ ! પૂર્ણાનંદના નાથનો ઉપયોગ જ્યાં ( અંદર ) જતાં આખી દુનિયા તૃણવત્ દેખાય છે ( એ તો ) જ્ઞાનમાં સ્વ–પર જણાય એ અપેક્ષાએ; બાકી તો અંદર પરપણે પોતે જ જણાય છે.

**( નિ. સાર શ્લોક ૨૬૯, પ્રવચન નં. ૧૮૨, તા. ૧૫/૭/૮૦ )**

[ ॐ ] એકાન્તે જ્ઞાન પરને જ જાણે અને સ્વને ન જાણે તે જૂઠી વાત છે. તો ( પછી ) અનેકાન્તથી જાણે એમ આવ્યું !? એ ( પણ ) વ્યવહાર છે. જ્ઞાન પરને જાણે તે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહાર છે. શું થાય ! ! વ્યવહારની કથની એવી આવે ! એ કથનીમાંથી નિશ્ચય તારવી લેવો ( જોઈએ ). ભગવાનનું સ્વરૂપ એકલું જુદું છે–તેને જાણવા ( સુધી પહોંચવું પડે )

**( નિયમસાર ૧૬૩ ગાથા પ્રવચન નં. ૧૯૩, તા. ૨૬-૭-૮૦ માંથી )**

**સદા નિરંજનપણે પ્રતિભાસ્યો તેને પરમભાવ સફળ થયો.**

[ ૐ ] અતિ આસન્નભવ્ય જીવને એટલે કે જેમાં અજંપાનો જાપ નથી ચાલતો પણ જંપાજાપ થઈ ગયો છે, મુક્તિનો જાપ થઈ ગયો છે એવા આસન્નભવ્ય જીવને આ પરમભાવ–ત્રિકાળી પરમ સ્વભાવ તત્ત્વ સદા નિરંજનપણાને લીધે, જેને અંજન–મેલ છે જ નહીં એવા નિરંજનપણાને લીધે એટલે કે સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે સફળ થયો છે આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે એટલે કે જેમાં અંજન નથી, રાગની ગંધ નથી, ઉદયને સ્પર્શ્યો નથી એવો જે પરમ પરમાત્મા પડયો છે તે પરમાત્મા થવાને લાયક છે, થવાને લાયક નથી એ વાત સાંભળવા જેવી નથી.

અતિ આસન્નભવ્ય જીવોને આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે એટલે કે છે તેવો ભાસ્યો હોવાને લીધે સફળ થયો છે. જ્ઞાનમાં આ છે એવું એટલે કે જ્ઞાનમાં 'આ સદા નિરંજનપણે છે' –એમ ભાસ્યું હોવાને લીધે સફળપણું થયું છે. અતિ આસન્નભવ્ય જીવને નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે આ પરમભાવ સફળ થયો છે. જ્ઞાનમાં ભાસ્યા વિના આ પરમભાવ છે–એમ કયાંથી આવ્યું ? પણ જ્ઞાનમાં પરમભાવ છે એવો ભાસ્યો છે ત્યારે તેને સદા નિરંજનપણે છે. જ્ઞાનમાં નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે પરમભાવ સફળ થયો છે. સદા નિરંજનપણે તો છે પણ જ્ઞાનમાં પ્રતિભાસ્યા વિના સફળપણું કયાંથી આવ્યું ? જ્ઞાનમાં સદા નિરંજનપણે પ્રતિભાસ્યો છે ત્યારે તે આસન્ન ભવ્યોને નિરંજનભાવ સફળ થયો છે. છે તેવી પ્રતીતિ અને જ્ઞાનમાં આવ્યો તેથી તે સફળ થયો છે. નિરંજનપણે સદા છે પણ જ્ઞાનમાં પ્રતિભાસ્યો છે માટે સફળ થયો છે. જેવો છે તેવો પ્રતિભાસ્યો છે તેને તે સફળ થયો છે. જેને જ્ઞાનમાં પ્રતિભાસ્યો નથી તેને સફળપણું આવ્યું નથી પણ જેના જ્ઞાનમાં જેવું પૂરણ સ્વરૂપ છે એવું ભાસ્યું છે એને એનું ફળ આવ્યું છે માટે તેને તે સફળ છે. **( આત્મધર્મ અંક -૪૩૮, પેઈજ નં. -૩૮-૩૯ )**

[ ૐ ] જ્ઞાન પરને જાણે છે તેમાં ( જ્ઞાનની ) નિર્મળતા, શોભા, મહિમા બતાવે છે. સ્વ–પર પ્રકાશક સામર્થ્યમાં પરને જાણવા છતાં પર તરફ લક્ષ નથી. કેવળી ભગવાન પરને જાણે–તેમાં તેમનો ઉપયોગ પર તરફ નથી. ઉપયોગતો પોતે પોતામાં જ છે.

**( નિ.સાર-પ્ર.નં.૧૮૭, શ્લોક ૨૭૨, તા. ૨૦-૭-૮૦ )**

[ ૐ ] ... અજોગ સ્વરૂપથી ભરેલો પ્રભુ છે તેમાં કંપન છે જ નહીં. તે ત્રિકાળ નિરાવરણ છે. ત્રિકાળ પ્રત્યક્ષ પ્રતિભાસ થાય તેવો છે. એ પર્યાયમાં જણાય એવો એ છે–પર્યાયમાં પ્રતિભાસે એવો છે. ૩૨૦ ગાથામાં એ શબ્દ છે– "ત્રિકાળ નિરાવરણ... પ્રત્યક્ષ પ્રતિભાસ." મારા જ્ઞાનમાં પ્રત્યક્ષ પ્રતિભાસ થાય એવો છે. એ ( વસ્તુ ) ત્યાં રહે છતાં પ્રતિભાસ થાય. પ્રતિબિંબ કહેવાય છે ને એનું ! સામે બિંબ બહાર હોય અને અરીસામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનું પ્રતિબિંબ દેખાય. જેવી ચીજ છે એવી ત્યાં પ્રતિબિંબિત થાય. એમ મારી પર્યાયમાં એ આખી ચીજ પૂર્ણ પ્રત્યક્ષ દેખાય છે, પ્રત્યક્ષ જણાય છે.

**( શ્રી નિયમસારજી ગાથા-૧૦૩, પ્રવચન નં.-૧૧૩, તા. ૨૧/૧૨/૭૯ )**

[ ૐ ] "સહજ શુદ્ધ જ્ઞાન ચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો થકો" સ્વાભાવિક શુદ્ધ જ્ઞાન ચેતના-જ્ઞાન સ્વરૂપ જે આત્મા છે. જ્ઞાન સ્વરૂપ એટલે ? આ શાસ્ત્રનું જ્ઞાન છે એ નહીં, અંદર ચૈતન્ય જ્ઞાન સ્વરૂપ જ છે. જેની સત્તામાં આ જણાય... આ... છે... આ... છે... આ... છે... એ જ્ઞાન સત્તા છે. **આ ( પર ) ચીજ જણાતી નથી. ખરેખર તો એ જ્ઞાન જણાય છે. જેનાં અસ્તિત્વમાં -જેની હૈયાતિમાં આ જણાય છે-એમ કહેવું એ પણ વ્યવહાર છે. જેની હૈયાતિમાં જે જાણે છે એ તો જ્ઞાન જાણે છે. જ્ઞાન જ્ઞાનમાં રહી જ્ઞાનને જાણે છે.**

**( શ્રી નિયમસાર ૧૦૨ ગાથા, તા. ૨૦/૧૨/૭૯, પ્રવચન નં.-૧૧૨ )**

[ ૐ ] જ્ઞાન પરને જાણે છે તેમાં ( જ્ઞાનની ) નિર્મળતા, શોભા, મહિમા બતાવે છે. સ્વપર પ્રકાશક સામર્થ્યમાં પરને જાણવા છતાં પર તરફ લક્ષ નથી. કેવળી ભગવાન પરને જાણે-તેમાં તેમનો ઉપયોગ પર તરફ નથી. ઉપયોગ તો પોતે પોતામાં જ છે.

**( નિયમ સાર પ્રવચન નં. ૧૮૭, શ્લોક ૨૭૨ તા. ૨૦/૭/૮૦ )**

[ ૐ ] આ બધું જણાય છે:- એ વાત એમ નથી. કેમકે જેની સાથે તન્મય નથી એને જાણે છે એમ કહેવું એ તો અસદ્‌ભૂત વ્યવહારનું કથન થયું. આહાહાહા ! શું કહ્યું એ ? **આ જે જણાય છે... આ.... આ... આ.... પણ એ જણાય છે તો જ્ઞાનની પર્યાય; જ્ઞાનની પર્યાય ( પર પદાર્થમાં ) એમાં જતી નથી. એ પદાર્થ જે છે-શરીર, વાણી એ બધું છે તે કાંઈ જ્ઞાનમાં આવતું નથી. જ્ઞાન જ્ઞાનમાં રહીને; સ્વને પરનાં સામર્થ્યવાળું સ્વપર પ્રકાશક પોતાથી જ પ્રકાશે છે, પરને લઈને એ પ્રકાશતું નથી. નિશ્ચય તો જ્ઞાતા પણ આત્મા, જ્ઞેય પણ આત્મા ને જ્ઞાન પણ આત્મા છે. પર જ્ઞેયને અહીં જ્ઞાન તે બધા કથન વ્યવહાર છે.** જેની સત્તામાં જણાય છે ( તે તો જ્ઞાન છે ) અને જે જણાય છે એની સત્તામાં જ્ઞાન નથી; કેમ કે જ્ઞાન તો અહીં ( સ્વમાં ) છે. જ્ઞાનની સત્તા અહીં છે, **એની સત્તામાં જણાય છે આ.... આ.... આ.... એ એની પર્યાય છે. જ્ઞાનની પર્યાયમાં એ જણાય છે; એ ( પર ) જણાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે.** આવી વાત ! બે ચાર ઘડી નિવૃત્તિ લેવી હોય તો મળે નહીં;

**( શ્રી નિયમસાર શ્લોક-૧૪૦-૧૪૧, તા. ૨૩/૫/૭૯, પ્રવચન નં.-૧૧૫ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# જ્ઞાનશક્તિ અદ્ભૂત છે-

"સર્વજ્ઞ ભગવાન પરિપૂર્ણજ્ઞાનરૂપે પરિણમી ગયા છે."

[ ૐ ] સર્વજ્ઞ પરમાત્મા કેવો હોય? તેમની કેવળજ્ઞાન પર્યાય કેવડી મોટી હોય? સર્વજ્ઞ ભગવાનને ભાવ તેમજ દ્રવ્ય ઘાતિકર્મો ક્ષય પામ્યા હોવાથી, સ્વયમેવ પરિપૂર્ણ જ્ઞાનરૂપે પરિણમી ગયા છે. તેઓ છદ્મસ્થ જીવોની માફક ક્રમથી જાણતા નથી પરંતુ વિશ્વના સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને એક સાથે પૂર્ણપણે જાણે છે.

કેવળી પરમાત્મા પોતાને –પોતાના દ્રવ્યગુણપર્યાયને સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને તથા પોતાના સર્વગુણોના ત્રણેકાળના પર્યાયોને –સંપૂર્ણપણે પ્રત્યક્ષ જાણે છે.

"સાથે સાથે તેઓ સ્વક્ષેત્રમાં રહીને, પરસમીપ ગયા વિના, પર સન્મુખ થયા વિના, નિરાળા રહીને લોકાલોકના સર્વ પદાર્થોને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે."

જ્ઞાનનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે. કેવળજ્ઞાનરૂપે પરિણમેલો આત્મા પોતાના સર્વગુણોના ભૂત–વર્તમાન–ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત વિશ્વના સમસ્ત પદાર્થોને, સ્વક્ષેત્રમાં રહીને, જ્ઞેયરૂપ પર પદાર્થની સમીપ ગયા વિના, પરિણતિને **પર સન્મુખ** કર્યા વિના, તદ્ન નિરાળો રહીને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે.

"પરને જાણવા માટે તેઓ **પરસન્મુખ** થતા નથી."

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં સંપૂર્ણ લોકાલોકને –સ્વપર સમસ્તને –એકસાથે જાણે છે, લોકાલોકને જાણવા માટે તેઓ લોકાલોક **સન્મુખ** થતા નથી. "નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ **સન્મુખ** જરા," અંશે પણ **પરસન્મુખ** થયા વિના સ્વયં સ્વત: જાણે છે.

**"પરસન્મુખ થવાથી તો જ્ઞાન દબાઈ જાય છે-રોકાઈ જાય છે, ખીલતું નથી."**

**જ્ઞાન પૂર્ણ સ્વસન્મુખ થતાં પર્યાયમાં પૂર્ણ જ્ઞાનપણે પરિણમે છે; વસ્તુ દ્રવ્ય સ્વભાવે જેવી કૃતકૃત્ય છે તેવી, પર્યાયમાં કૃતકૃત્ય થઈ જાય છે. કૃતકૃત્ય થવાથી નવું કરવાનું કાંઈ રહ્યું નથી. જ્ઞાન સ્વસન્મુખ ન થતાં જો પરસન્મુખ થાય તો તે દબાઈ જાય છે- ઢંકાઈ જાય છે, ખીલતું નથી. સ્વસન્મુખ થવાથી જ્ઞાન ખીલે છે, પરસન્મુખ થવાથી જ્ઞાન રોકાઈ જાય છે, બિડાઈ જાય છે.**

જ્ઞાનગુણની શક્તિ તો સ્વભાવે અદ્ભૂત છે જ, પણ તેની પરિપૂર્ણ ખીલેલી પર્યાયની શક્તિ પણ અદ્ભૂત છે. જ્ઞાનના પૂર્ણ પરિણમનનો એવો સહજ સ્વભાવ છે કે –પોતાના અને પરના ભૂત–વર્તમાન–ભવિષ્યના બધા ભાવોને એક સમયમાં સહજપણે પ્રત્યક્ષથી જાણે. સર્વજ્ઞપણે પરિણમેલી પર્યાય જો બધાને યુગપદ્ પ્રત્યક્ષ ન જાણે તો તે જ્ઞાનની દિવ્યતા શી? અનંત મહિમાવંત કેવળજ્ઞાનની તો એ દિવ્યતા છે કે તે અનંત દ્રવ્યોના સમસ્ત પર્યાયોને–ભૂત અને ભાવિ પર્યાયોને પણ સંપૂર્ણપણે એક જ સમયે પ્રત્યક્ષ જાણે છે. ખરેખર પરિણમેલી –વ્યક્ત થયેલી જ્ઞાન શક્તિ પણ અદ્ભૂત છે.

**( સંવત-૨૦૪૫-અંક નં-૫૫૪, પેઈજ નં.-ટાઈટલ પેઈજ તેમજ ૨૪ ઉપર )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ધર્મીની જ્ઞાનચેતના અનંતગુણના વૈભવસહિત પ્રગટી છે.

[ ૐ ] જ્ઞાનશક્તિરૂપ ગુણ આત્મામાં સદાય છે, પણ જ્ઞાનચેતના સદાય નથી હોતી, તે તો નવી પ્રગટે છે, –જ્યારે જ્ઞાનાદિ અનંત શક્તિસંપન્ન પોતાનો અનુભવ કરીને જ્ઞાન પરિણમ્યું ત્યારે જીવને જ્ઞાનચેતના પ્રગટી. તે જ્ઞાનચેતના અનંત ગુણોનું વેદન સાથે લઈને પ્રગટી છે.

[ ૐ ] **પ્રશ્નઃ-** ત્યાર પહેલાં શું જ્ઞાનની પર્યાય ન હતી ?

**ઉત્તર :-**હતી તો ખરી, પણ તે પર્યાય મિથ્યાત્વસહિત અજ્ઞાનરૂપ હતી, રાગથી ભિન્ન ચૈતન્યસ્વાદનું વેદન તેમાં ન હતું તેથી તેને જ્ઞાનચેતના કહેતા નથી. એકલા પરસન્મુખી ઈંદ્રિયજ્ઞાનમાં આત્માની પ્રસિદ્ધિ નથી તેથી તે ઈંદ્રિયજ્ઞાનને આત્માનું લક્ષણ પણ ખરેખર કહેતા નથી; ઈંદ્રિયજ્ઞાનવડે આત્માનું ગ્રહણ થતું નથી. અતીન્દ્રિય થઈને આત્માને પકડનારું જ્ઞાન, આત્માના અનંતધર્મો સહિત પરિણમી રહ્યું છે. –આ રીતે આત્માનું જ્ઞાન અનેકાન્તસ્વરૂપે વિલસી રહ્યું છે.

**( આત્મધર્મ અંક - ૩૬૩, પેઈજ નં. -૧૨ )**

# આત્મામા અભેદ થાય તે જ ખરું જ્ઞાન છે.

[ ૐ ] **શાસ્ત્રો અને વાણી તો જડ છે. તે તો જ્ઞાન નથી જ, પણ મંદ કષાયને લીધે એકલા શાસ્ત્રના લક્ષે થતો જ્ઞાનનો ઉઘાડ તે પણ ખરું જ્ઞાન નથી. જિનેન્દ્ર ભગવાને કહેલા દ્રવ્ય-ગુણ-પર્યાય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન -નિમિત્ત, નવતત્ત્વો વગેરે સંબંધી જ્ઞાનનો ઉઘાડ માત્ર શાસ્ત્રોના લક્ષે થાય અને સ્વભાવનું લક્ષ ન કરે તો તે જ્ઞાનના ઉઘાડને પણ દ્રવ્યશ્રુતમાં ગણીને અચેતન કહ્યો છે. શાસ્ત્ર વગેરે પરદ્રવ્યો, તેના લક્ષે થતો મંદકષાય અને તેના લક્ષે કાર્ય કરતો વર્તમાન પૂરતો જ્ઞાનનો ઉઘાડ તે બધાનો આશ્રય છોડીને, તેની સાથેની એકતા છોડીને, ત્રિકાળી આત્મ સ્વભાવનો આશ્રય કરીને આત્મામાં જે જ્ઞાન અભેદ થાય તે જ ખરું જ્ઞાન છે.**

**( આત્મધર્મ અંક-૬૩-૬૪, પોષ-મહા, પેઈજ નં. -૬૨ )**

## જ્ઞાન

[ ૐ ] આત્મા જ્ઞાનસ્વરૂપ છે; જગતના કોઈ પણ પ્રસંગને કે કોઈ પણ પદાર્થને જાણતી વખતે, તેને જાણનારું પોતાનું જ્ઞાન ત્યાં વર્તી જ રહ્યું છે; પરંતુ ત્યાં 'આ જ્ઞાન છે તે હું છું' – એવા જ્ઞાનસ્વરૂપનો સ્વીકાર ન કરતાં, એકલા જ્ઞેયોનો જ સ્વીકાર કરે છે તે જીવ અજ્ઞાનભાવને લીધે, પરદ્રવ્ય સાથે એકતાબુદ્ધિરૂપ મોહથી, આત્માને સાધી શકતો નથી. સર્વ પ્રસંગે મારું જ્ઞાન સર્વ પરજ્ઞેયોથી પૃથકપણે વર્તી રહ્યું છે, ને એ જ્ઞાનસ્વરૂપ હું છું, –પરને જાણતાં હું પરરૂપ થઈ જતો નથી, –આમ જ્ઞાનસ્વરૂપે પોતાના આત્માને અનુભવતાં ભગવાન આત્માની પ્રસિદ્ધિ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેયોને જાણતાં, અજ્ઞાનીને એકલું પરજ્ઞેય જ દેખાય છે; પણ તે જ્ઞેયોને જાણનારું પોતાનું જ્ઞાન ત્યાં વર્તી રહ્યું છે તે તેને દેખાતું નથી, એટલે જ્ઞાનસ્વરૂપ આત્માને તે સાધી શકતો નથી, દેખી શકતો નથી.

જ્ઞેયોને જાણતી વખતે પણ આમાં જે જાણનાર છે તે જ હું છું અર્થાત્ જ્ઞાનસ્વરૂપ જ હું છું– એમ જાણતો થકો ધર્મીજીવ નિઃશંકપણે સદા પોતાને જ્ઞાનસ્વરૂપે જ અનુભવે છે. એટલે જ્ઞાનસ્વરૂપ આત્માની તેને સિદ્ધ થાય છે. માટે આત્માને સદા જ્ઞાનસ્વરૂપે સેવવો.

અનાદિથી આત્માને રાગરૂપે માનીને રાગનું જ સેવન કર્યું છે, પણ રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે આત્માને ઓળખીને તેનું સેવન પૂર્વે કદી ક્ષણમાત્ર પણ કર્યું નથી. જો આત્માને જ્ઞાનસ્વરૂપે ઓળખીને એક ક્ષણ પણ તેનું સેવન ( શ્રદ્ધા–જ્ઞાન–રમણતા ) કરે તો તેના સેવનથી જીવ અવશ્ય મુક્તિ પામે છે.

**( આત્મધર્મ અંક-૨૦૯, પેઈજ નં. ૩ )**

## વિકસતું જ્ઞાન પરદ્રવ્યને રાગદ્વેષનું નિમિત્ત બનાવતું નથી

[ ॐ ] જ્ઞાન–દર્શન–ચારિત્રની જે નિર્મળ પર્યાય ખીલી તેમાં વ્યવહાર કેવો હોય તે અહીં બતાવે છે. પર સાથેનો સંબંધ તોડી **અંતર્મુખ** સ્વભાવમાં **તન્મયપણે** પરિણમતું જ્ઞાન વિકલ્પથી જુદું પડયું ત્યાં હવે તે વિકલ્પ સાથે તેને કર્તાકર્મપણું તો ન રહ્યું, પરંતુ ઊલ્ટું તે વિકલ્પ જ્ઞેયપણે જ્ઞાનમાં નિમિત્ત થયો. પ્રતિકૂળ સંયોગ આવતાં શું જ્ઞાનમાં પ્રતિકૂળતા આવી ગઈ ? તો કહે છે કે ના, એ તો મારા જ્ઞાનનું નિમિત્ત છે; એ મને દ્વેષનું નિમિત્ત નથી પણ જ્ઞાનનું જ નિમિત્ત છે. એ જ રીતે અનુકૂળ સંયોગ આવે ત્યાં પણ જ્ઞાની તો નિજભાવથી જ્ઞાનરૂપ જ પરિણમતો થકો તેને જ્ઞાનનું જ નિમિત્ત બનાવે છે. જ્ઞાની જ્ઞાનરૂપપણાને છોડીને અન્યભાવરૂપે પરિણમતો જ નથી. જ્ઞાન પોતે કોઈ સંયોગરૂપે પરિણમતું નથી ને સંયોગને પોતારૂપે પરિણમાવતું નથી. આવું જ્ઞાન તે નિજસ્વરૂપ છે. જ્ઞેયો જ્ઞાનમાં જણાય તે તો જ્ઞાનના વિકાસની પ્રસિદ્ધિ કરે છે. વિકસતા જ્ઞાનમાં પ્રતિભાસતા જ્ઞેયો કાંઈ રાગદ્વેષનું કારણ થતા નથી.

**( આત્મધર્મ અંક-૨૫૩, પેઈજ નં. ૧૫-૧૬ )**

## જ્ઞાન મહિમા

**( હે જીવ ! જ્ઞાનમાં ઠર તો જ જ્ઞેયોનો પાર પામીશ )**

[ ॐ ] ઘણાને પ્રશ્ન ઊઠે છે કેઃ આકાશ અનંત છે તો તે જ્ઞાનમાં કઈ રીતે જણાય ? –કાળ અનાદિ અનંત છે તે જ્ઞાનમાં કઈ રીતે જણાય ? જણાય તો તો તેનો છેડો આવી જાય !

**તેનું સમાધાનઃ** પ્રથમ તો આકાશ અને કાળની અનંતતા કરતાંય જ્ઞાનસામર્થ્યની અનંતતા વધારે છે એ વાત લક્ષમાં લેવી જોઈએ. વળી, કોઈપણ વસ્તુ જ્ઞાનમાં પ્રમેય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય તેથી તે મર્યાદિત થઈ જાય એવો કાંઈ નિયમ નથી. જ્ઞેયની અનંતતા જ્ઞાનમાં જણાય તેથી કાંઈ તેની અનંતતા મટીને શાંત બની જતી નથી. અમર્યાદિત વસ્તુ અમર્યાદપણે રહીને પણ જ્ઞાનમાં પૂરી પ્રમેય થાય છે; જ્ઞાનમાં પ્રમેય થવાથી કાંઈ અમર્યાદિત વસ્તુ મર્યાદિત નથી બની જતી; અમર્યાદિત જ્ઞાન સામર્થ્ય એના કરતાં પણ વધુ છે. એ અમર્યાદિત જ્ઞાન સામર્થ્યની દિવ્યતા લક્ષમાં આવે તો જ ( અનંત આકાશ, અનાદિ અનંતકાળ વગેરે ) અમર્યાદિત વસ્તુનું પ્રમેયપણું જ્ઞાનમાં કયા પ્રકારે છે તે ખ્યાલમાં આવે. જ્યાં સુધી જ્ઞાનનો દિવ્ય મહિમા ન ભાસે ત્યાં સુધી એ વાત બેસે નહિં. **આકાશની અનંતતા કરતાં જ્ઞાન સામર્થ્યની અનંતતા વિશાળ છે,** એ સામર્થ્યનો મહિમા ભાસવો જોઈએ. –**સ્વસન્મુખતા**થી જ તે ભાસે. એટલે આકાશનું પ્રમેયત્વ નક્કી કરવા પહેલાં તો આત્મા તરફ વળીને તેને પ્રમેય કરવો જોઈએ.

ભાઈ, તને આકાશની અનંતતાનો મહિમા આવે છે, તો તે અનંતતાને અનંતપણે પોતામાં જ્ઞેયપણે સમાવી દેનારા ( જાણી લેનારા ) જ્ઞાનસામર્થ્યની અનંતતાનો મહિમા કેમ નથી આવતો ? જ્ઞાનના દિવ્ય અપાર સામર્થ્યનો તને ખ્યાલ નથી એટલે જાણે જ્ઞાન કરતાં જ્ઞેયો ઘણા મોટા હોય ને જ્ઞાન નાનું હોય એમ તને લાગે છે, એટલે જ્ઞાન કરતાં જ્ઞેયોનો મહિમા તને વધી જાય છે... તેથી તું જ્ઞાનસ્વભાવ તરફ નથી ઢળતો.

જો આકાશ તેના **ક્ષેત્ર સામર્થ્ય**થી અનંત છે તો આત્મા પોતાના **જ્ઞાન સામર્થ્યથી** અમાપ છે. આકાશના અનંતક્ષેત્રના અવિભાગ પ્રદેશો કરતાં આત્માના અનંત જ્ઞાનસામર્થ્યના અવિભાગ અંશો અનંતગુણા છે. આકાશ ક્ષેત્રની અનંતતા કરતાં જ્ઞાનસામર્થ્યની અનંતતા ઘણી મોટી મહિમાવંત છે. તેથી ( જ્ઞાનને ) આકાશમાં લંબાવવા કરતાં જ્ઞાનમાં ઠર... ( તો જ્ઞેયોનોય પાર પમાશે. )

**( આત્મધર્મ અંક-૨૫૩, પેઈજ નં. ૩૯ રાત્રી ચર્ચામાંથી )**

[ ૐ ] ચૈતન્ય તેજથી ઝબકતો જ્ઞાનદીવડો તેના પ્રકાશમાં વળી વિકારનાં અંધારા કેમ હોય ? ચૈતન્યના આનંદના વેદનમાં વળી કર્મનું ફળ ક્યાંથી ઘૂસી ગયું ? જ્ઞાનમાં વળી બીજું કોણ ઘૂસી જાય ? જ્ઞાનમાં તો જ્ઞાનનું જ વેદન હોય; જ્ઞાનમાં વિકારનું કે જડનું વેદન કેમ હોય ? અગવડતાનો પ્રસંગ હો કે સગવડતાનો પ્રસંગ હો, તેનું વેદન જ્ઞાનમાં નથી; બહારની અગવડતા જ્ઞાનમાં કાંઈ દુઃખનું વેદન કરાવી દ્યે, બહારની સગવડતા જ્ઞાનમાં કાંઈ સુખનું વેદન કરાવી દ્યે, એમ નથી, કેમ કે જ્ઞાનને બહારના પદાર્થનું વેદન જ નથી. આહા ! આવા જ્ઞાનને પ્રતીતમાં લઈને ધર્મી જીવ ચૈતન્યના આનંદને જ ભોગવે છે.

**( આત્મધર્મ અંક-૨૫૪, પેઈજ નં. ૨૩ )**

## અહો, સર્વોત્કૃષ્ટ ચૈતન્યરત્ન !

( ૧ ) આ આત્મા છે તે સર્વોત્કૃષ્ટ ચૈતન્યરત્ન છે.
( ૨ ) સમસ્ત શ્રુતસમુદ્રનું મંથન કરી કરીને સંતોએ આ સર્વોત્કૃષ્ટ રત્ન પ્રાપ્ત કર્યું છે.
( ૩ ) આકાશ ક્ષેત્રસ્વભાવથી અનંત છે, છતાંય તે તો અચેતન–જડ છે. જ્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન તો ભાવ સામર્થ્યથી અનંત છે, ને તે ચૈતન્યમૂર્તિ જાણનાર છે.

(૪) અનંત આકાશ તે નથી તો પોતાને જાણતું કે નથી પરને જાણતું. અનંત જ્ઞાનસ્વભાવી આત્મા તે પોતાને જાણે છે ને પરનેય જાણે છે.

(૫) અનંત આકાશનેય પોતાના સામર્થ્યથી માપી લેનારું જ્ઞાન, તેની અનંતતા આકાશની અનંતતા કરતાંય વધારે છે. કેટલી વધારે ? કે અનંતગુણી.

(૬) તો એવા અનંતગુણા જ્ઞાનસામર્થ્યનો અનંતગુણો મહિમા લાવીને હે જીવ ! તે જ્ઞાનમાં જ એકાગ્ર થા... જ્યાં તું જ્ઞાનમાં એકાગ્ર થયો ત્યાં લોકાલોક તો તારા જ્ઞાનમાં ઝૂકેલાં છે. જેમ ઇન્દ્રોના મુગટ તીર્થંકરના ચરણમાં ઝૂકી પડે છે તેમ લોકાલોક કેવળજ્ઞાનમાં ઝૂકી પડે છે. તે કેવળજ્ઞાનની આજ્ઞા જગતમાં કોઈ લોપી શકે નહિ. તેના જ્ઞેયપણાથી કોઈ બહારમાં રહી શકે નહિં. અહા, કેવું દિવ્ય જ્ઞાનસામર્થ્ય !! કેવો અચિંત્ય એનો મહિમા !

(૭) અરે, તારા મતિ–શ્રુતજ્ઞાનનીય એવી તાકાત છે કે આવા કેવળજ્ઞાન–સામર્થ્યનો પોતામાં નિર્ણય કરી લ્યે–પણ ક્યારે ? –કે જ્યારે તે **સ્વસન્મુખ** થાય ત્યારે.

(૮) ચૈતન્ય ચિંતામણિના અચિંત્ય મહિમાનું ઊંડું ચિંતન કરતાં, વિકલ્પ અને જ્ઞાનની એકતા તૂટી જાય છે, ને જ્ઞાન જ્ઞાનમાં જ એકાગ્ર થાય છે. –એટલે આત્મા સમ્યક્ત્વાદિ ભાવોરૂપે ખીલી ઊઠે છે. આ રીતે આત્માર્થી જીવને આ સર્વોત્કૃષ્ટ ચૈતન્યચિન્તામણિ ઉત્તમ ઇચ્છિત ફળનો (મોક્ષનો) દાતાર છે.

(૯) કેવળજ્ઞાનના દિવ્ય કિરણોથી ઝલકતા સર્વોત્કૃષ્ટ ચૈતન્યહીરાની કિંમત જે આંકે તે જીવ ઉત્તમ સમ્યક્ત્વરત્નને પામીને પછી સર્વોત્તમ કેવળજ્ઞાનરત્નને પામશે.

**(આત્મધર્મ અંક-૨૫૫, પેઈજ નં.-૨ ટાઈટલ)**

## જ્ઞાન સ્વભાવ

[ ૐ ] સામે લોકાલોક છે તો અહીં સર્વજ્ઞતા છે એમ નથી. સર્વજ્ઞતા છે તે પોતાથી છે અને તે આત્મજ્ઞાનમયી છે; **આત્મસન્મુખ** રહીને તે લોકાલોકને જાણે છે. સર્વજ્ઞસ્વભાવી આત્માના જ્ઞાનમાં સર્વજ્ઞતા ખીલી જાય છે; **આત્મસન્મુખતાથી** સર્વજ્ઞતા ખીલે છે, **પરસન્મુખતાથી** સર્વજ્ઞતા ખીલતી નથી. વળી જ્ઞાનમાં કાંઈ એવા બે ભાગ નથી કે એક ભાગ સ્વને જાણે ને બીજો ભાગ પરને જાણે. (સ્વપર પ્રકાશક શક્તિ અખંડ છે) પરને જાણે અને સ્વને જાણે પણ બંનેને જાણનાર જ્ઞાન તો એક જ છે, કાંઈ બે જ્ઞાન જુદા નથી. એક જ જ્ઞાનનું એવું સામર્થ્ય ખીલી ગયું છે કે **સ્વસન્મુખ** રહીને સ્વ–પરને જાણે છે. સ્વમાં તન્મય રહીને જ્ઞાન સ્વ–પરને બધાને જાણે છે. જ્ઞાન સ્વપણે રહીને પરને જાણે છે, પરને જાણતાં કાંઈ તે પરરૂપ થઈ જતું નથી. પરનું જ્ઞાન તે કાંઈ પર નથી જ્ઞાન તો સ્વ છે. એનો નિર્ણય કરીને **સ્વસન્મુખ** પરિણમતાં જ્ઞાનનો વિકાસ સર્વજ્ઞતારૂપે ખીલી જાય છે. **(આત્મધર્મ અંક-૨૫૭, પેઈજ નં.-૪)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## જ્ઞાનનો વિશ્વાસ

**( મુંઝવણથી છૂટવા શું કરવું ? -જ્ઞાનનો વિશ્વાસ કરવો. )**

[ ૐ ] એક ભાઈ પ્રતિકૂળતાથી મુંઝાઈને કહે કે સાહેબ ! આ પ્રતિકૂળતા આવી તેનાથી મુંઝવણ થાય છે. આ મુંઝવણથી છૂટવા શું કરવું ? ગુરુદેવ કહેઃ ભાઈ, જ્ઞાનનો વિશ્વાસ રાખવો. જ્ઞાન જાણે કે જ્ઞાન ખેદ કરે ? આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેનો વિશ્વાસ કરવો કે હું તો જ્ઞાન છું; જ્ઞાનમાં પ્રતિકૂળતા કેવી ? ને જ્ઞાનમાં ખેદ કેવો ? જ્ઞાનમાં તો જાણપણું હોય, આવા જ્ઞાનનો વિશ્વાસ રાખે તેને પ્રતિકૂળતામાંય મુંઝવણ થાય નહીં; કેમકે પ્રતિકૂળતા જ્ઞાનમાં પ્રવેશતી નથી, એ તો જ્ઞાનથી બહાર જ રહે છે. જ્ઞાનમાં ભવદુઃખને પણ મટાડવાની તાકાત છે ત્યાં બીજા રોગની શી વાત ?

રોગ આવ્યો, તો શું તે જ્ઞાનમાં પ્રવેશી ગયો છે ? –ના; તે બહાર રહીને જ્ઞાનમાં જણાય છે; માટે પ્રતિકૂળતા જ્ઞાનમાં નથી. આવા જ્ઞાનનો વિશ્વાસ રાખવો; તે જ્ઞાન સ્વયં સમાધાનરૂપ–સુખરૂપ છે.

જ્ઞાનમાં પ્રતિકૂળતા ને દુઃખ નથી. જ્ઞાનમાં સમાધાન ને શાંતિ છે. આવા જ્ઞાનની ભાવના તે જ મુંઝવણ ટાળવાનો માર્ગ છે.

"જ્યારે સંસારમાં હજારો પ્રકારની પ્રતિકૂળતા ક્યારેક એક સામટી આવી પડે, ક્યાંય ઉપાય ન સૂઝે, તે પ્રસંગે માર્ગ શું ?

એક જ માર્ગ.............. **'જ્ઞાનભાવના'**

'જ્ઞાનભાવના' ક્ષણમાત્રમાં બધી મુંઝવણને ખંખેરી નાખીને હિતમાર્ગ સુઝાડે છે, ને કોઈ અલૌકિક ધૈર્ય તથા અચિંત્ય તાકાત આપે છે. જ્ઞાન ભાવના એ સર્વ દુઃખોની પરમ ઔષધિ છે. **( આત્મધર્મ અંક-૨૫૯, પેઈજ નં.-૯ )**

## જ્ઞાન સ્વભાવની વિરાધનાનું ફળ નિગોદ-

[ ૐ ] **પુણ્યથી કે જડની ક્રિયાથી આત્માનો ધર્મ માનશે તે જીવ મિથ્યાત્વને લીધે નિગોદમાં જશે એમ કહ્યું તે-વાત કાંઈ બીવરાવવા માટે કરી નથી, પણ યથાર્થ સ્વરૂપ સમજાવ્યું છે જેણે આત્માના જ્ઞાનને સ્વભાવથી છોડાવી ને સંયોગ સાથે જોડયુ છે તેના જ્ઞાનનું પરિણમન અનંત હીણું થઈ જશે, તેનું જ નામ નિગોદ દશા છે; તેની જ્ઞાન શક્તિ અત્યંત હણાઈ ગઈ હોવાથી બાહ્ય નિમિત્તરૂપે પણ માત્ર એક સ્પર્શેઇન્દ્રિય સિવાય બીજી કોઈ ઇન્દ્રિયો હોતી નથી.**

**( આત્મધર્મ અંક-૭૧, પેઈજ નં. -૨૦૨ છેલ્લું ટાઈટલ પેઈજ )**

## જ્ઞા... ન... મ... હિ... મા

[ ૐ ] જ્ઞાનની અચિંત્ય મહિમા લક્ષમાં આવવાથી પરિણતિ અંતર્મુખ થાય છે અને સંસારનો રસ છૂટી જાય છે.

જ્ઞાન સ્વભાવનું અચિંત્ય સામર્થ્ય છે; તેની જેને ધૂન લાગે તેને તેનું ધ્યાન થઈ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય, અને બીજી બધી ચીજનું મહાત્મ્ય છૂટી જાય; પરિણતિ અંતર્મુખ થઈ જાય.

પોતાના જ્ઞાનપદનો નિર્ણય જીવે ક્યારેય કર્યો નથી. જ્ઞાન સ્વભાવની મહિમામાં જેનું મન લાગ્યું તેને સંસારની ઉપાધિ અડી શકતી નથી.

પર્યાયને જ્ઞાન સ્વભાવમાં એકાગ્ર કર્યા વિના જ્ઞાન સામર્થ્યની પ્રતીત થઈ શકતી નથી.

જ્ઞાન સ્વભાવનો જેને નિર્ણય કરવાની ધૂન લાગી તેને રાગ તરફ ઝૂકાવ ન રહ્યો, રાગથી જુદી પડીને જ્ઞાન પરિણતિ અંતરમાં વળી, તે જ્ઞાન ભલે અલ્પ હોય તોપણ કેવળજ્ઞાનનું અચિંત્ય સામર્થ્ય તેણે લક્ષમાં લઈ લીધું છે. આહા! આટલું જોરદાર કેવળજ્ઞાન છે–એમ પ્રતીત કરનારું જ્ઞાન અંતર્મુખ થઈને તે પ્રતીત કરે છે; રાગમાં રહીને ( સ્વભાવ ) ની પ્રતીત ન થાય.

અહા! આવા જ્ઞાનનો મહિમાનો વિચાર પણ સંસારની સર્વ ઉપાધિને ભૂલાવી દે છે. જ્ઞાનમાં સંસાર નથી; જ્ઞાનમાં વિભાવ નથી.

**આત્માનો મહિમા અચિંત્ય છે, તેનું જ્ઞાન સામર્થ્ય અચિંત્ય છે. જ્ઞેયોમાં ત્રૈકાલિક સામર્થ્ય વર્તમાનમાં છે તો જ્ઞાનમાં પણ ત્રૈકાલિક જાણવાનું સામર્થ્ય વર્તમાન છે. જ્ઞેય પદાર્થ જેમ ત્રિકાળી પર્યાયના સામર્થ્ય સહિત એક સમયમાં પૂરો છે તેમ જ્ઞાન સામર્થ્ય પણ એક સમયમાં ત્રણકાળને જાણવાના સામર્થ્ય સહિત પૂરું છે. ને તે સામર્થ્યને પ્રતીતમાં લેનારું શ્રુતજ્ઞાન પોતાના પૂર્ણ સામર્થ્યને પ્રત્યક્ષભૂત કરતું પ્રગટે છે. તે જ્ઞાન પર્યાય નિઃસંદેહ છે. પૂરું જ્ઞાનને પૂરું જ્ઞેય- તેનો નિર્ણય કર્યો તે જ્ઞાન હવે પોતે પૂરું પરિણમ્યા વગર રહેશે નહીં, એટલે અલ્પકાળમાં શ્રુતજ્ઞાનમાંથી કેવળજ્ઞાન થશે. અહો! કેવળજ્ઞાનના અચિંત્ય સામર્થ્યને પ્રતીતમાં લેનાર શ્રુતજ્ઞાનનું પણ કેટલું સામર્થ્ય છે!! તે શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનને પ્રતીતમાં લેવાનું સામર્થ્ય વર્તમાનમાં છે. તે શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન સાથે કેલિ કરનારું છે, એટલે ભવ કરવા કે વિકાર કરવો એવું તે જ્ઞાનમાં રહેતું નથી.**

**જુઓ, આ જ્ઞાનનું દિવ્ય સામર્થ્ય! આવા દિવ્ય સામાર્થ્યને કઈ રીતે નક્કી કરશે? શું ઇન્દ્રિયોમાં કે રાગમાં તે નક્કી કરવાની તાકાત છે? -ના; શું અલ્પ પર્યાય સામે જોયે તે સામર્થ્ય પ્રતીતમાં આવશે? -ના; જ્ઞાનપર્યાયને અંતરમાં વાળીને દિવ્ય સ્વભાવ સન્મુખ કરવાથી જ આવા જ્ઞાનસામર્થ્યની પ્રતીત થાય છે; આ જ સમ્યગ્દર્શનની રીત છે.**

**બસ, લક્ષને ફેરવીને અંતરમાં લઈ જા. બીજું કાંઈ કરવાનું નથી. સ્વભાવનું માહાત્મ્ય આવે તેમાં ક્યાંય ઝગડો નથી, ઝંઝટ નથી. ચિદાનંદ વસ્તુને ભેટતાં જ્ઞાનપર્યાય ઊઘડે છે, રાગને ભેટતાં જ્ઞાનપર્યાય ઊઘડતી નથી. નિજ જ્ઞાનસ્વભાવનો મહિમા લાવીને જ્ઞાનને અંતર્મુખ પરિણમાવવું એ જ મુક્તિનો ઉપાય છે.** **( આત્મધર્મ અંક -૨૩૭, પેઈજ નં. -૧૯ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ૐ ] અતીન્દ્રિય જ્ઞાનનું સામર્થ્ય એવું અચિંત્ય છે કે પોતે પોતામાં સ્થિર રહીને સમસ્ત પદાર્થોને પોતામાં જાણી લ્યે છે. પૂર્ણ જ્ઞાનશક્તિ ખીલી તેમાં બધા જ્ઞેયો પોતાની ત્રણકાળની પર્યાયો સહિત સીધા વર્તમાન–પ્રત્યક્ષ એક સાથે જણાય છે. જ્ઞાન અને જ્ઞેય બંનેનું સામર્થ્ય વર્તમાનમાં પૂરું છે. બધા જ્ઞેયોને એક સમયમાં પૂરું નિમિત્ત થવાની જ્ઞાનની તાકાત છે, પણ જીવ પોતાની તાકાતનો વિશ્વાસ કરતો નથી. જ્યાં આવું જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું ત્યાં તેની પૂરી તાકાત એવી ઊઘડી કે બધા પદાર્થો જ્ઞેયપણે તેમાં અર્પાઈ જાય છે. જ્યાં આવું જ્ઞાન હોય ત્યાં જ પૂરું સુખ હોય તેથી આચાર્યદેવે ફરીફરીને આ જ્ઞાનનો અચિંત્ય મહિમા અને પ્રશંસા કરીને તેને ઉપાદેય બતાવ્યું છે.

**( આત્મધર્મ અંક -૨૩૮, પેઈજ નં. -૧૭ )**

## જ્ઞાનની સેવા વડે શુદ્ધાત્માની સિદ્ધિ

[ ૐ ] કોઈપણ પદાર્થને જાણતાં તેમાં પોતાનું જ્ઞાન તો મુખ્ય છે જ; જ્ઞાનના અસ્તિત્વ વગર જ્ઞેયનું અસ્તિત્વ જાણી શકાય જ નહીં. જ્ઞાન વગર જ્ઞેય શેમાં જણાય ? આમ જ્ઞાનની હૈયાતીમાં જ જ્ઞેયનું અસ્તિત્વ જણાતું હોવા છતાં, અજ્ઞાની તે જ્ઞાનને જ ભૂલી જાય છે. –અરે ભાઈ, જ્ઞેયોને જાણતાં જ્ઞાનસ્વરૂપે તારું અસ્તિત્વ છે–તેને તું કેમ ભૂલી જાય છે ! અરે, જાણનારે પરને જાણ્યાં પણ પોતે પોતાને જ ભૂલ્યો !

શ્રીમદ્ રાજચંદ્રજી એક પત્રમાં જ્ઞાનની મુખ્યતા બતાવતાં લખે છે કે – " **કોઈપણ જાણનાર, ક્યારે પણ, કોઈપણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનવાયોગ્ય નથી; પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે.... સર્વથી પ્રથમ રહેનારો જે પદાર્થ, તે જીવ છે; તેને ગૌણ કરીને એટલે તેના વિના કોઈ કંઈ પણ જાણવા ઈચ્છે, તો તે બનવાયોગ્ય નથી; માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કાંઈ જાણી શકાય.**" આ રીતે જીવનું ઊર્ધ્વપણું છે, મુખ્યપણું છે, તેના અસ્તિત્વમાં સર્વ પદાર્થો જાણી શકાય છે. બધાને જાણનારો પોતે, છતાં પોતે પોતાને ભૂલી રહ્યો છે !

**ઘટપટ આદિ જાણ તું તેથી તેને માન;**
**( પણ ) જાણનારને માન નહિ, કહિએ કેવું જ્ઞાન !**

હું જ્ઞાનસ્વરૂપ નથી અને પદાર્થો મને જણાય છે–એ વાત કેવી ? પદાર્થો જણાય છે, તો પહેલાં તેને જાણનારો તું જ્ઞાનસ્વરૂપે સત્ છો–એમ તારું અસ્તિત્વ જાણ.

અહા, દરેક જીવને પર્યાયે પર્યાયે જ્ઞાન તો પ્રકાશી જ રહ્યું છે; પણ જ્ઞાનને જ્ઞાનપણે ન ઓળખતાં રાગપણે ને જડ જ્ઞેયોપણે કલ્પી લ્યે છે, હું જ્ઞાનસ્વરૂપ છું એમ નથી અનુભવતો પણ રાગાદિપણે જ પોતાને અનુભવે છે. –આ રીતે 'અનુભૂતિરૂપ જે જ્ઞાન છે તે જ હું છું' –એવું આત્મજ્ઞાન નહીં હોવાથી તે અજ્ઞાનીને જ્ઞાનસ્વરૂપમાં એકાગ્રતારૂપ મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી, તે તો રાગાદિમાં જ એકાગ્રપણે અજ્ઞાનભાવથી સંસારમાં રખડે છે.

જ્ઞાન વગરનો ક્યો જીવ હોય ? કોઈ જીવ જ્ઞાન વગરનો હોય નહીં, તે જ્ઞાનપણે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતે પોતાને ન ઓળખતાં અન્ય ભાવપણે જ પોતાને માનવો તે અનાત્મજ્ઞાન છે– મિથ્યાત્વ છે, અપ્રતિબુદ્ધપણું છે. તે કેમ ટળે તેની આ વાત છે.

જ્ઞાનસ્વરૂપ અનુભવ તે જ હું છું–એમ શુદ્ધાત્માના સેવન વડે અજ્ઞાન ટળીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય છે. આ જ્ઞેયપણે જણાતાં અનેક ભાવોમાં જે જ્ઞાનની રચના કરનાર છે તે જ હું છું; રાગની રચના કરનારો હું નહિ, જડની–ભાષાની–શરીરની રચના કરનારો હું નહિ; તેને જાણનારું જે જ્ઞાન, તે જ્ઞાનને રચનારો જ્ઞાનસ્વરૂપ હું છું–એમ પરભાવોથી પૃથક્કરણ કરીને જ્ઞાનસ્વરૂપે પોતે પોતાને અનુભવમાં લેવો તેનું નામ જ્ઞાનનું સેવન છે, તે જીવરાજાની સેવા છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

પર્યાય અંતરમાં જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકીને તન્મય થવાને બદલે રાગાદિ પરભાવોના જ વેદનમાં તન્મયપણે વર્તે છે તો તે પર્યાય સ્વયં વિકારરૂપ–અજ્ઞાનરૂપ છે, તેમાં જ્ઞાનસેવનની ક્રિયા નથી પણ અજ્ઞાનનું સેવન છે. જ્ઞાનનું સેવન તો ત્યારે જ થાય કે જ્યારે જ્ઞાનીનો યથાર્થ ઉપદેશ પામીને જીવ પુરુષાર્થ વડે પ્રતિબુદ્ધ થાય ને રાગથી અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપે જ પોતાને જાણીને અનુભવ કરે. આવો અનુભવ તે જ્ઞાનની ક્રિયા છે, તે મોક્ષમાર્ગ છે, તે અપૂર્વ જ્ઞાનક્રિયા નવી પ્રગટે છે. જ્યારે પર્યાયમાં આવો જ્ઞાનભાવ પ્રગટયો ત્યારે જ 'મારા દ્રવ્ય–ગુણ પણ આવા જ્ઞાનસ્વરૂપ જ છે' એમ ખરી ઓળખાણ થઈ. દ્રવ્ય–ગુણ શુદ્ધ છે–એમ ઓળખે ત્યાં પર્યાય પણ તેમાં તદ્રૂપ થઈને શુદ્ધ થાય જ. અંતરમાં તદ્રૂપ થઈને પર્યાયમાં શુદ્ધતા થયા વગર દ્રવ્ય–ગુણની શુદ્ધતાને ઓળખી કોણે ? ઓળખવારૂપ કામ તો પર્યાયમાં થાય છે. આ રીતે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે એકરૂપ થઈને શુદ્ધ જ્ઞાનભાવરૂપે પરિણમ્યા ત્યારે આત્મા 'શુદ્ધ' થયો, ત્યારે જ્ઞાનની સેવા થઈ, ત્યારે જ જ્ઞાનની પરમાર્થ ઉપાસના થઈ, ત્યારે ધર્મની ક્રિયા થઈ ને મોક્ષમાર્ગ થયો. આ રીતે જ્ઞાનની સેવા વડે શુદ્ધઆત્માની સિદ્ધિ થાય છે. **( આત્મધર્મ અંક -૩૦૨, પેઈજ નં. ૩ થી ૬ માંથી )**

## જ્ઞાનચેતનાનો મહિમા

[ ૐ ] જગતમાં પ્રશંસાના શબ્દો પરિણમે, તે જ્ઞાનમાં જણાય, તેથી રાગ કરે એવો જ્ઞાનનો સ્વભાવ નથી, તેમજ જગતમાં નિંદાના શબ્દો પરિણમે, તે જ્ઞાનમાં જણાય, તેથી દ્વેષ કરે એવો જ્ઞાનનો સ્વભાવ નથી, તેમજ તે પ્રશંસા કે નિંદાના શબ્દો જીવને એમ નથી કહેતાં કે તું અમારી સામે જોઈને રાગ–દ્વેષ કર.

જીવનો જ્ઞાનસ્વભાવ પણ એવો નથી કે જ્ઞેયોની **સન્મુખ** થઈને તેને જાણે કે રાગ–દ્વેષ કરે. બાહ્ય પદાર્થો પ્રત્યે ઉદાસીન રહીને, એટલે કે નિજસ્વરૂપમાં અચલ રહીને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે. આવું જ્ઞાન તે જ આત્માનો મહિમા છે.

આવા પોતાના જ્ઞાનમહિમાને જે નથી જાણતો તે જ અજ્ઞાનથી રાગ–દ્વેષ કરે છે, અને પર પદાર્થો મને રાગ–દ્વેષ કરાવે છે એમ અજ્ઞાનથી માને છે. વસ્તુસ્વભાવની સાચી સ્થિતિને તે જાણતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] સિદ્ધ ભગવાન કે અરિહંત ભગવાન આ આત્માના જ્ઞેય છે, તેને જાણતાં જ્ઞાન રાગ કરે એવો આત્માનો સ્વભાવ નથી ને સિદ્ધભગવાન પણ કાંઈ રાગ કરાવતા નથી. અને નિગોદનો કે નરકનો જીવ તે પણ જ્ઞેય છે, તેને જાણતાં દ્વેષ કરે એવો આત્માનો સ્વભાવ નથી, ને તે જીવો પણ દ્વેષ કરાવતા નથી. જ્ઞાન ઉપયોગનો સ્વભાવ પર તરફ ઝૂકવાનો નથી પણ નિજસ્વરૂપમાં જ સ્થિર રહેવાનો તેનો સ્વભાવ છે. પોતાના જ્ઞાનસ્વરૂપમાં જ ઉપયોગની **તન્મયતા** થઈ ત્યાં રાગ-દ્વેષ રહેતા નથી. કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક સમસ્ય જ્ઞેયો જણાતા હોવા છતાં જરાપણ રાગ-દ્વેષ થતાં નથી. -આવી જ્ઞાનની વીરતા છે.

**( આત્મધર્મ અંક -૩૨૩, પેઈજ નં. -૨૪-૨૫ માંથી )**

## જ્ઞાન સત્તાનો સ્વીકાર

[ ૐ ] સ્વસત્તા પૂર્વક પરને જાણનારું જ્ઞાન તે પ્રમાણ છે. એટલે જાણનારો જાણનારના પોતાના જ્ઞાનપૂર્વક પરને સાચું જાણે છે.

**જાણનારો જ્ઞાનશક્તિવાળો પદાર્થ તે કર્તા,**
**જ્ઞાનવડે જાણે છે તે જ્ઞાન તેનું સાધન,**
**જાણવારૂપ પરિણતિ કરે છે તે તેની ક્રિયા**

આ રીતે કર્તા કરણ-ક્રિયા એ ત્રણેય આત્મામાં સમાય છે. હવે જાણનાર પોતે કર્તા થઈને, પોતાના જ્ઞાન સાધન વડે અને પોતાની જ્ઞાનક્રિયા વડે પરજ્ઞેયને જાણે છે, —ત્યાં તે પરજ્ઞેયની જ સત્તાને સ્વીકારે ને જાણનારની પોતાની સત્તા ન સ્વીકારે તો તે જ્ઞાન કેવું ? તેને પ્રમાણ કોણ કહે ? ઘટ-પટ આદિ જાણ તું તેથી તેને માન; પણ જાણનારને માન નહીં, કહીએ કેવું જ્ઞાન ? એ જ્ઞાન નથી, એ તો અજ્ઞાન છે.

જેમાં જ્ઞાન સ્વરૂપ પોતાની સત્તાનો સ્વીકાર મુખ્ય હોય તે જ સાચું જ્ઞાન છે. પદાર્થોને હું મારા જ્ઞાન વડે જાણું છું— એમ કોઈ કહે અને મને પદાર્થો પ્રત્યક્ષ ગોચર થાય છે. પણ મારું જ્ઞાન પ્રત્યક્ષ ગોચર થતું નથી—એમ કહે તો તે સ્વસત્તાનો અસ્વીકાર કરવા જેવું છે.

દીવાના પ્રકાશમાં પદાર્થો પ્રત્યક્ષ જણાય છે ને દીવાનો પ્રકાશ નથી જણાતો એમ કેમ બને ? તેમ પદાર્થો જણાય છે-પણ જેમાં પદાર્થો જણાય છે તે જ્ઞાન નથી જણાતું--એમ કેમ બને ? અહો ! ચૈતન્ય સ્પર્શી ન્યાયોથી સંતોએ તો જ્ઞાનનું સ્વસંવેદન કરાવ્યું છે. અરે જીવ ! સર્વત્ર પહેલાં તું તારા જ્ઞાનને જો. **સ્વોન્મુખી** થઈને જ્ઞાનસ્વરૂપ પોતાને પ્રત્યક્ષ જાણ્યા વગર એક પણ પદાર્થનું જ્ઞાન તારું સાચું નહીં થાય. સ્વના જ્ઞાન સહિત પરનું જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે. **( આત્મધર્મ અંક ૩૪૬, પેઈજ નં ૧૧-૧૨ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્મજ્ઞાનની ભાવના ન કરી-

[ ૐ ] આ સંસારી જીવ અનાદિકાળથી આત્મજ્ઞાનની ભાવનાથી રહિત છે. રાગનું જ્ઞાન કર્યું, પર્યાયનું જ્ઞાન અનંતવાર કર્યું, પણ આત્માનું જ્ઞાન ન કર્યું. અનંતવાર સંયોગી ચીજનું જ્ઞાન કર્યું, અનંતીવાર રાગનું ને પર્યાયનું જ્ઞાન કર્યું પરંતુ એકવાર પણ નિજ શુદ્ધાત્માનું જ્ઞાન ન કર્યું. આત્મજ્ઞાનની ભાવના ન કરી એટલે કે—સ્વભાવની સન્મુખતા કરી નહીં ને **સ્વભાવની વિમુખ થઈ**ને પર્યાયનું જ્ઞાન કરીને અનંતકાળ સંસારમાં રખડયો છે. ૩૧ સાગરની સ્થિતિએ સ્વર્ગમાં અનંતવાર રહ્યો પણ આત્મજ્ઞાન ન કર્યું, તેથી આત્મજ્ઞાન વિના મરીને તિર્યંચ ને નરકમાં જતો રહ્યો.

**( આત્મધર્મ અંક-૩૯૯, પેઈજ નં-૨૬ )**

### * સુગમ દ્દષ્ટાંત દ્વારા ગહન સિદ્ધાંતની સમજૂતી *

[ ૐ ] એક સુંદર મજાનો અરીસો છે.

તેના ઉપર કાદવ ચોપડીને કોઈ પોતાનું મુખ જુએ તો અરીસામાં પોતાનું મુખ દેખાશે નહીં.

અરીસા ઉપર કાદવને બદલે કોઈ ચંદન ને ઉત્તમ સમજી તેનો લેપ લગાડીને પોતાનું મુખ જુએ તો તે ચંદનના લેપવાળા અરીસામાં પણ પોતાનું મુખ નહીં દેખાય.

કાદવ કે ચંદન બંને લેપ છે–અરીસાની સ્વચ્છતાના બાધક છે; તેમ સમજીને બંને લેપથી રહિત સ્વચ્છ અરીસામાં જુએ તો જ પોતાનું મુખ બરાબર દેખાય છે.

તેમ આપણો આ આત્મા સ્વ–પરપ્રકાશક સ્વચ્છ ચૈતન્ય અરીસો છે.

પણ તેના ઉપર પાપનો કાદવ ચોપડીને કોઈ જુએ તો તેને પોતાનું સ્વરૂપ નહીં દેખાય.

કદાચ પાપના કાદવને બદલે પુણ્યરૂપ લેપ લગાડીને પોતાનું સ્વરૂપ જોવા જશે તો પણ પોતાનું સ્વરૂપ નહીં દેખાય.

ચૈતન્ય સ્વચ્છ સ્વભાવવાળા અરીસાને માટે પાપ અને પુણ્યભાવ બંને લેપ છે, આવરણ છે, ચૈતન્ય અરીસાની સ્વચ્છતાના બાધક છે. તેથી તે શુભાશુભ રાગરૂપી લેપને દૂર કરીને જુએ તો જ્ઞાન–અરીસામાં પોતાનું અચિંત્ય સ્વરૂપ કે જે તેણે ભૂતકાળમાં કદાપિ જોયું નથી તેના દર્શન થાય. અરીસાની માફક ભગવાન આત્મા લોકાલોક પ્રકાશક દિવ્ય અરીસો છે, કે જે ચૈતન્ય અરીસામાં ત્રણ–કાળ ત્રણ–લોકના પદાર્થો એક જ સમયમાં યુગપદ્ પ્રતિબિંબિત થાય છે. **( આત્મધર્મ અંક ૩૮૮ પેઈજ નં-૨૬ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સાધકના જ્ઞાનનું સ્વરૂપ

[ ૐ ] પ્રશ્નઃ– સમ્યગ્દષ્ટિનો ઉપયોગ પરમાં હોય ત્યારે સ્વપ્રકાશક છે ?
ઉત્તરઃ– સમ્યગ્દષ્ટિનો ઉપયોગ પરમાં હોય ત્યારે પણ ( જ્ઞાન ) સ્વપ્રકાશક છે પણ ઉપયોગરૂપ પરપ્રકાશક વખતે ઉપયોગરૂપ સ્વપ્રકાશક ન હોય અને ઉપયોગરૂપ સ્વપ્રકાશક હોય ત્યારે ઉપયોગરૂપ પર પ્રકાશક ન હોય પણ જ્ઞાનનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક જ છે. **( પરમાગમસાર બોલ નં-૧૫૮, પેઈજ નં. ૪૭ )**

**[ ૐ ] પ્રશ્નઃ- સમ્યગ્દષ્ટિને ખંડજ્ઞાન અને અખંડજ્ઞાન બન્ને એક સાથે હોય ?**
**ઉત્તરઃ- સમ્યગ્દષ્ટિને અખંડની દષ્ટિ છે તેમ ખંડ ખંડ જ્ઞાન જ્ઞેય રૂપ છે, એક જ્ઞાનપર્યાયમાં બે ભાગ છે, જેટલું સ્વલક્ષીજ્ઞાન છે તે સુખરૂપ છે. જેટલું પરલક્ષી પરસત્તાવલંબી જ્ઞાન છે તે દુઃખરૂપ છે. પર તરફનું શ્રુતનું જ્ઞાન ઇન્દ્રિયજ્ઞાન છે, પરજ્ઞેય છે, પરદ્રવ્ય છે. આહાહા ! દેવ-ગુરુ તો પરદ્રવ્ય છે પણ ઇન્દ્રિયજ્ઞાન પણ પરદ્રવ્ય છે. આત્માનું જ્ઞાન તે જ વાસ્તવિક જ્ઞાન છે.**

**( પરમાગમસાર, બોલ નં-૪૮૧ )**

## અંતર - મંથન કરવા યોગ્ય અદ્‌ભૂત રહસ્ય

**[ ૐ ] નિશ્ચય અને વ્યવહાર જુદા છે એટલે નિશ્ચય તરફ ઢળતું જ્ઞાન; તે વ્યવહાર તરફ ઢળતા જ્ઞાનથી જુદું છે. નિશ્ચય અને વ્યવહાર બન્નેનું જ્ઞાન સાધક જીવને હોય છે... પરંતુ સ્વભાવના આશ્રયે ક્ષણે ક્ષણે નિશ્ચયનય વધતો જાય છે ને વ્યવહારનય ટળતો જાય છે એટલે કે સ્વભાવની એકતા તરફ જ્ઞાનનું વલણ વધતું જાય છે, ને પર તરફનું જ્ઞાનનું વલણ ટળણું જાય છે. અ રીતે ક્રમે ક્રમે સ્વભાવમાં સંપૂર્ણ એકતા થતાં, વ્યવહાર સંપૂર્ણ ટળી જાય છે અને કેવળજ્ઞાન થાય છે. સ્વભાવ તરફ ઢળેલું જ્ઞાન તે જ આત્મા છે, તે જ્ઞાન જ સમ્યક્‌ત્વ છે, તે જ ચારિત્ર છે, તે જ સુખ છે. જ્ઞાન આત્મામાં અભેદ થતાં દ્રવ્ય -પર્યાયનો ભેદ ન રહ્યો એટલે તે જ્ઞાન જ આત્માનું સર્વસ્વ છે. અહો ! આચાર્ય ભગવાને આત્માના અંતર સ્વભાવનું પરમ અદ્‌ભૂત રહસ્ય બતાવ્યું છે. આ રહસ્ય સમજીને અંતરમાં મંથન કરવા જેવું છે. માત્ર ઉપર ઉપરથી સાંભળી લેવું ન જોઈએ પણ બરાબર ધારણ કરી ને અંતરમાં જાતે વિચારીને નિર્ણય કરવો જોઈએ.**

**( આત્મધર્મ અંક-૬૫, પેઈજ નં. -૯૫ )**

[ ૐ ] **પ્રશ્નઃ-** જ્ઞાનીનું જ્ઞાન સ્વને સ્વ અને પરને પર જાણે છે, છતાં તેનો જ્ઞાનઉપયોગ સ્વમાં ટકી શકતો નથી ને પર તરફ જ્ઞાનનો ઉપયોગ જાય છે તો તે જ્ઞાનનો દોષ ખરો કે નહિ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તરઃ-** પરમાં ઉપયોગ વખતેય જ્ઞાનીને જ્ઞાનનું સમ્યકપણું તો ખસતું નથી, ને મિથ્યાપણું થતું નથી તેથી તે અપેક્ષાએ તેના જ્ઞાનમાં દોષ નથી; પણ જ્ઞાન હજી કેવળજ્ઞાનરૂપ નથી પરિણમતું તે જ્ઞાનનો દોષ છે; જ્ઞાનનો સ્વભાવ કેવળજ્ઞાનરૂપ થવાનો છે, **જ્યાં સુધી કેવળજ્ઞાનરૂપે ન પરિણમે ત્યાંસુધી જ્ઞાન સદોષ છે-આવરણવાળું છે-મિથ્યા નથી છતાં દોષિત તો છે.** ઉપયોગ ભલે સ્વમાં હો ત્યારે પણ પૂરું કેવળજ્ઞાનભાવે નથી પરિણમ્યું તે તેનો દોષ છે. આમ છતાં, તે વખતે જે રાગ છે તે કાંઈ જ્ઞાનકૃત નથી, રાગ તો ચારિત્રનો દોષ છે. **( અંક-૨૬૧, જુલાઈ-૧૯૬૫, પેઈજ નં. -૩૦ )**

## -ક્યુ જ્ઞાન આત્મા સાથે અભેદ થાય છે-

[ ૐ ] **અહો ! આચાર્યદેવ કહે છે કે-ત્રિકાળ ચૈતન્ય સ્વભાવમાં ઢળતા જ્ઞાનને અને પરલક્ષ તરફ ઢળતા જ્ઞાનને જુદાઈ છે, બન્ને જ્ઞાનધારા જુદી છે. જે જ્ઞાન પરનો વિચાર છોડીને સ્વભાવ તરફની એકતા કરે તે જ્ઞાન આત્મા સાથે અભેદ છે, તે સમ્યગ્જ્ઞાન છે, તે જ્ઞાનને અહીં આત્મા જ કહ્યો છે.**

**એવું સમ્યગ્જ્ઞાન પ્રગટયા પછી પણ જ્ઞાનનો જ અંશ પર તરફ વળે છે તેને અને સ્વભાવ તરફ ઢળતા જ્ઞાનને વ્યતિરેક છે- ભિન્નતા છે. જે ધર્માત્માને આવું સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું છે તેને સમયે સમયે સ્વ તરફની જ્ઞાનધારા વધતી જાય છે ને પર તરફની જ્ઞાનધારા ઘટતી જાય છે; જ્યારે કર્મને જાણતા હોય ત્યારે પણ તેમને સ્વભાવમાં જ્ઞાનની એકતા વધતી જાય છે અને પરતરફનું વલણ ઘટતું જાય છે. ( ભેદ વિજ્ઞાનસાર, પેઈજ નં. ૧૨૪-૧૨૫ )**

[ ૐ ] અખંડ ત્રિકાલી જ્ઞાન સ્વભાવને જ્ઞેય બનાવી ને **તે આશ્રયે એકાગ્ર થયેલા જ્ઞાન પરિણામ, વિભાવ અંશથી ભિન્ન રહેતો થકો, વિભાવને પરજ્ઞેયની જેમ જાણે દેખે છે-આ જ ભેદજ્ઞાન છે. સાધકને એક જ સમયમાં, એક જ પરિણામમાં બન્ને પ્રકારના ભિન્ન-ભિન્ન અનુભવ થાય છે તે અનાકુળ જ્ઞાનભાવનો આકુલિત વિભાવઅંશથી પૃથક્ સ્વાદનો પ્રત્યક્ષ અંતર ભાસિત થાય છે.**

**[ પૂ. સોગાનીજી, આધ્યાત્મિક પત્રાંક નં.-૩૭ ]**

[ ૐ ] તત્ત્વદ્રષ્ટિએ સ્વભાવમાં આવવું-જવું અગર ન આવવું-જવું, **જુદા જ્ઞાનમાં સહજ હી મોહભાવ પ્રતિભાસિત થાય છે;** આ મોહભાવ ત્રિકાળમાં ( ત્રણેકાળમાં ) પૌદગલિક જ છે, તો તેની પકડ કેમ ? તે અમારા છે જ નહીં-તેનાથી ભિન્ન અનુભવમાત્ર અમારું લક્ષ થઈ જવું જોઈએ. **[ પૂ. સોગાનીજીના પત્રાંક નં.-૪૧ માંથી ]**

[ ૐ ] **પ્રશ્ન-** ધર્મીને જ્ઞાન ચેતના ક્યારે હોય ?

**ઉત્તર-** નિરંતર હોય. ઉપયોગરૂપ જ્ઞાન ચેતના ભલે ક્યારેક થાય, પરંતુ રાગ અને જ્ઞાનની ભિન્નતાના વેદનરૂપ જ્ઞાન ચેતના તો તેના અંતરમાં નિરંતર પરિણમી જ રહી છે. **( આત્મધર્મ અંક નં-૩૬૨ પેઈજ નં-૨૫ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# નિશ્ચય અને વ્યવહારનું સાચું જ્ઞાન ક્યારે થાય ?

[ ૐ ] મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવમાં વાળીને દ્રવ્યમાં એકતા કરે તે નિશ્ચય છે, અને સ્વભાવની એકતાપૂર્વક સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ તે વ્યવહાર છે. વ્યવહારને જાણતાં જે જ્ઞાન વ્યવહારમાં જ અટકી રહે તે જ્ઞાન વ્યવહારથી જુદું પડયું નથી એટલે કે તેણે નિશ્ચય અને વ્યવહારને જુદા જાણ્યા નથી, તેથી ત્યાં વ્યવહાર પણ સાચો હોતો નથી. જ્ઞાન વ્યવહારને જાણે ખરું, પણ વ્યવહાર-જ્ઞાન જેટલો જ આત્મા નથી એમ સમજી, વ્યવહારથી જુદું પડી, અખંડ સ્વભાવ તરફ વળે ત્યારે શ્રુતજ્ઞાન પ્રમાણ થાય છે અને ત્યારે જ નિશ્ચય તથા વ્યવહાર બન્નેનું જ્ઞાન સાચું હોય છે.

જીવનું જે શ્રુતજ્ઞાન સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને જાણે તે શ્રુતજ્ઞાન જેટલો જ આત્માને જે સ્વીકારે અને તેના ઉપર જ વલણ રાખ્યા કરે પણ ત્રિકાળી જ્ઞાન સ્વભાવ તરફ ન વળે તો તે શ્રુતજ્ઞાન મિથ્યા છે, તેને નિશ્ચય અને વ્યવહાર જુદા ન રહ્યાં, પણ ક્ષણિકને જ ત્રિકાળીરૂપ માની લીધું એટલે કે વ્યવહારને જ નિશ્ચય માની લીધો; તેને નિશ્ચય – વ્યવહારનું સાચું જ્ઞાન નથી. ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરીને જે જ્ઞાન એમ સ્વીકારે કે 'આ દેવ-ગુરુ-શાસ્ત્રથી હું જુદો અને તેને જાણનાર ક્ષણિક જ્ઞાન છે તેટલો પણ હું નથી' – તો તે સમ્યગ્જ્ઞાન છે. તેને ત્રિકાળી સ્વભાવનું તેમજ વર્તમાન પર્યાયનું એટલે કે નિશ્ચય-વ્યવહારનું સાચું જ્ઞાન છે. **( ભેદ વિજ્ઞાનસાર, પેઈજ નં. ૧૨૬-૧૨૭ )**

[ ૐ ] હે ભવ્ય, આ રીતે મતિશ્રુતાદિ જ્ઞાન પર્યાયનું સ્વરૂપ કહ્યું અને તે જ્ઞાનમાં સમ્યક્તા પણ પ્રવર્તતી રહી. તે સમ્યક્તા બે પ્રકારે છે તે દર્શાવવામાં આવે છે :-

આ સમ્યગ્દ્રષ્ટિની ઇન્દ્રિયમનસંજ્ઞાધારી ઉપયોગપરિણામભાવની જે સમ્યગ્તા તે સવિકલ્પરૂપ છે. વળી તેને તું દેખ-વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દરૂપ જ્ઞેયોને દેખવા જાણવારૂપે એક ઉપયોગ પરિણામ પરિણમે તે જાણવા દેખવા એ એક ઇન્દ્રિયસંજ્ઞાધારી, તેને હવે ભિન્ન-ભિન્ન ઇન્દ્રિયોના નામથી કહેવામાં આવે છે.

**આ સમ્યગ્દ્રષ્ટિના ઇન્દ્રિય નામના જે ઉપયોગ પરિણામ તે પરિણામથી જ્યારે જ્યારે જે જે જ્ઞેયોને દેખે-જાણે ત્યારે ત્યારે તે ઉપયોગ પરિણામ સ્વવસ્તુનું યથાર્થ ભાન રાખે છે.** ( સાથો સાથ જ્ઞેયથી ભિન્ન સ્વવસ્તુનો-આત્માનો યથાર્થ લક્ષ-ખ્યાલ રાખે છે. ) વળી ચિંતા, વિચાર, સ્મરણરૂપ વિષયભોગ, સંયોગ-વિયોગ, સ્નેહ, સુખ-દુ:ખ કષાયાદિ અશુદ્ધ પરિણતિના દ્રવ્યગુણપર્યાયને, સ્વના- પરના ભેદ-અભેદ આદિરૂપ સર્વ શાસ્ત્રોને, સર્વ વિકથાના શાસ્ત્રોને, સર્વ સ્વપરની અતીત, અનાગત, વર્તમાન અવસ્થાની ચિંતા, વિચાર, સ્મરણ, કલ્લોલરૂપ વિકલ્પને જાણવા દેખવાને ઉપયોગના જે પરિણામ પરિણમે છે તે પરિણામના દેખવા-જાણવા એ **મનસંજ્ઞા** ધારણ કરી. તેથી હવે એમને મન નામથી કહેવામાં આવે છે. **આ સમ્યગ્દ્રષ્ટિના મન નામના તે ઉપયોગ પરિણામ તે પરિણામ વડે જ્યારે જ્યારે જે જે સ્મરણરૂપ ચિંતાને, વિચારને દેખે જાણે ત્યારે ત્યારે તે કાલે જ તે ઉપયોગ પરિણામ સ્વવસ્તુનું**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**( આત્માનું ) યથાર્થ ભાન ( લક્ષ ) રાખે છે. દેખો, એવી રીતે ઇન્દ્રિયસંજ્ઞા પરિણામ અને મનસંજ્ઞા પરિણામમાં ઉપયોગની જે સમ્યકતા તે સવિકલ્પરૂપ છે.**

**[ આત્મઅવલોકન, પેઈજ નં. ૧૩૧-૧૩૨ ]**

[ ૐ ] **અર્થઃ-** સમ્યગ્દ્રષ્ટિ જીવને સમ્યગ્બુધધારા નિરંતર હોય છે; સ્વ–પરને ભિન્ન જાણવાથી તે સમ્યક્પ્રકારે ભિન્ન જ્ઞાયક રહે છે.

**અર્થઃ-** જ્યાં સુધી ઉપયોગના ભેદ ભિન્ન–ભિન્ન જ્ઞેયસ્થાનોનું સાધન કરે છે ત્યાં સુધી જ મન ઇન્દ્રિયભાવ છે અને જ્યારે સર્વ ઉપયોગ એક સ્વરૂપનું સાધન કરે છે ત્યારે તેનું મન ઇન્દ્રિયરૂપ રહેતું નથી.

**અર્થઃ-** એક પદનું અભેદ સાધન કર્યું ત્યારે મન ઇન્દ્રિયનો ખેલ ન રહ્યો તેથી મન ઇન્દ્રિય ભેદ પદનાં નામ છે; અતીન્દ્રિય એક અભેદ પરિણામ છે.

સ્વાનુભવના સમયમાં બધા બુદ્ધિ પરિણામો એકાગ્ર થાય છે તેથી છદ્મસ્થ જીવને અતીન્દ્રિય સ્વ–અનુભવ આનંદપ્રદ હોય છે.

**અર્થઃ-** આ ( ભેદ ) વિધિથી મનઇન્દ્રિય થાય છે, તે ( અભેદ ) વિધિથી તેમનો અભાવ થાય છે. ત્યારે તે પરિણામોને મનઇન્દ્રિયનું પદ રહ્યું જ ક્યાં ? બતાવો.

**[ આત્મઅવલોકન, દોહા ૯ થી ૧૩ નો અર્થ, પેઈજ નં. ૧૫૯-૧૬૦ ]**

[ ૐ ] **હવે વળી પૂછે છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :-**

**ગાથાર્થઃ-** કારણ કે જ્ઞાનગુણ, જઘન્ય જ્ઞાનગુણને લીધે ફરીને પણ અન્યપણે પરિણમે છે, તેથી તે ( જ્ઞાનગુણ ) કર્મનો બંધક કહેવામાં આવ્યો છે.

**ટીકા- જ્ઞાનગુણનો જ્યાં સુધી જઘન્યભાવ છે ( ક્ષાયોપશમિક ભાવ છે ) ત્યાં સુધી તે ( જ્ઞાનગુણ ) અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી ફરીફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે. તે ( જ્ઞાનગુણનું જઘન્યભાવે પરિણમન ), યથાખ્યાત ચારિત્ર-અવસ્થાની નીચે અવશ્યંભાવી રાગનો સદ્ભાવ હોવાથી, બંધનું કારણ જ છે.**

**( સમયસાર-૧૭૧નો ગાથાર્થ તેમજ ટીકા )**

[ ૐ ] ભગવાનની વાણી સાંભળીને જે જ્ઞાન થયું તે ઇન્દ્રિયજ્ઞાન છે, વિશેષજ્ઞાન છે, તે આત્માનું જ્ઞાન–અતીન્દ્રિયજ્ઞાન–સામાન્યજ્ઞાન નથી. જ્ઞાનીને આત્માનું જ્ઞાન થયું છે તે સામાન્ય જ્ઞાનને પોતાનું જ્ઞાન જાણે છે અને પરને જાણતું ઇન્દ્રિયજ્ઞાન જે અનેકાકારરૂપ પર સત્તાવલંબી જ્ઞાન થાય છે તેને પોતાનું જ્ઞાન માનતો નથી. જેમ પરજ્ઞેયને પોતાના માનતો નથી તેમ પરના જ્ઞાનને પોતાનું જ્ઞાન માનતો નથી. જેમાં આનંદનો સ્વાદ આવે છે તેને પોતાનું જ્ઞાન માને છે.

**( આત્મધર્મ અંક ૪૨૩- પેઈજ નં-૨૮ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ઉપયોગમાં ક્રમ શા કારણે છે?

[ ૐ ] છદ્મસ્થ જીવોને જ્ઞાનોપયોગ અને દર્શનઉપયોગમાં ક્રમ પડે છે અને એક ઉપયોગ અંતર્મુહૂર્ત કરતાં વધારે કાળ સ્થિર રહેતો નથી પણ બદલી જાય છે. આ રીતે ઉપયોગ બદલવાનું અને તેના ક્રમ પડવાનું કારણ શું છે? કેવળજ્ઞાનીને જ્ઞાન-દર્શન બન્ને ઉપયોગ સાથે જ હોય છે... અને તેમનો ઉપયોગ એક જ્ઞેયથી બીજા જ્ઞેય ઉપર બદલતો નથી.

જ્યારે છદ્મસ્થને ઉપયોગ બદલે છે અને ક્રમ પડે છે તેનું કારણ રાગ નથી પરંતુ **જ્ઞાન-દર્શનનો પર્યાય જ ક્ષયોપશમભાવે છે તેથી તેમાં ક્રમ પડે છે અને ઉપયોગ બદલે છે. બારમા ગુણસ્થાને વીતરાગતા છે, ત્યાં રાગ ન હોવા છતાં ઉપયોગમાં ક્રમ તો પડે છે અને ઉપયોગ બદલે પણ છે. તેથી, રાગ હોય તો જ ઉપયોગ બદલે- એમ નથી, પણ જ્ઞાન દર્શનનાં પરિણમનની અપૂર્ણતાને કારણે ઉપયોગ બદલે છે.** સાતમાથી બારમાં ગુણસ્થાન સુધીમાં પણ ઉપયોગ બદલાય છે, શ્રુતજ્ઞાનનું અવલંબન છે અને વચ્ચે ઉપયોગ બદલતાં દર્શન ઉપયોગ પણ આવી જાય છે.

**( પૂ. ગુરુદેવશ્રીની રાજકોટ ચર્ચા તા. ૨૩/૧૧/૪૪, આત્મધર્મ અંક-૫૫ પેઈજ નં-૧૨૮ )**

## એક સમયે એક જ ઉપયોગ

[ ૐ ] સાધક દશામાં જ્ઞાનના ઉપયોગમાં બે પ્રકાર છે. ( ૧ ) જ્ઞાનધારા ( ૨ ) કર્મધારા જ્ઞાનધારા સ્વતરફનો ઉપયોગ. કર્મધારા પર તરફનો ઉપયોગ.

સાતમા ગુણસ્થાને પ્રધાનપણે તો સ્વતરફનો ઉપયોગ ( જ્ઞાનધારા ) હોય છે, છતાં ગૌણપણે કર્મધારા પણ વર્તે છે, કેમ કે કેવળજ્ઞાન નથી એટલે હજી સંપૂર્ણપણે સ્વ તરફનો ઉપયોગ નથી. જો ઉપયોગ સંપૂર્ણ પણે સ્વમાં ઠરી જાય તો કેવળજ્ઞાન હોય પણ સાતમે કેવળજ્ઞાન નથી એટલે અધૂરાશ છે અને અધૂરાશ છે ત્યાં કર્મધારા સૂક્ષ્મપણે છે.

**પ્રશ્ન-** એક સ્વ તરફનો ઉપયોગ અને બીજો પર તરફનો ઉપયોગ એમ બે ઉપયોગ એક સાથે હોઈ શકે?

**ઉત્તર-** ઉપયોગ એક સમયે એક જ છે, પરંતુ તે ઉપયોગ મિશ્રરૂપ છે; એટલે સ્વ તરફનો ઉપયોગ હજી પૂર્ણ નથી; તેથી અમુક પર તરફ પણ છે. પર તરફનો તદ્દન ગૌણપણે છે, તેથી સ્વ તરફના ઉપયોગની મુખ્યતાથી ત્યાં સ્વ તરફનો જ ઉપયોગ કહેવાય છે. **ખરી રીતે સાધકદશામાં મિશ્ર ઉપયોગ હોય છે. મિશ્ર ઉપયોગ કાં તો કેવળીને ન હોય અને કાં તો અજ્ઞાનીને ન હોય. કેવળીને સંપૂર્ણપણે સ્વ તરફનો ઉપયોગ હોય અને અજ્ઞાનીને એકલો પર તરફનો ઉપયોગ હોય, પણ સાધકને તો મિશ્રઉપયોગ હોય છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૧-૧૨ મા ગુણસ્થાને ઉપયોગમાં જો કે કષાયનો વિકલ્પ નથી છતાં ત્યાં **ભાવમનનો** સદ્‌ભાવ છે તે પૂરતો ત્યાં દ્રવ્યમન સાથે સંબંધ છે. **બારમા ગુણસ્થાને પણ કષાયનો અભાવ હોવા છતાં ક્ષયોપશમજ્ઞાન વર્તે છે અને ક્ષયોપશમજ્ઞાનમાં મનનું નિમિત્ત અબુદ્ધિપૂર્વક છે, તેથી ત્યાં પણ મિશ્ર ઉપયોગ છે.**

**( આત્મધર્મ અંક ૨૫, પેઈજ નં-૧૦ )**

[ ૐ ] **જીવ દ્રવ્યમાં શ્રદ્ધા-જ્ઞાનાદિ અનંતગુણો છે, તેમાં કથંચિત્‌ ગુણભેદ છે. જો ગુણભેદ ન જ હોય તો શ્રદ્ધા નિર્મળ થઈ તે જ સમયે કેવળજ્ઞાન થઈ જાય–પણ તેમ બને જ નહીં. વચ્ચે સાધકદશા તો આવે જ. સમ્યક્‌શ્રદ્ધા થયા પછી એક સમયમાં કોઈને કેવળજ્ઞાન થઈ જાય નહીં. કેમ કે દ્રવ્યના દરેક ગુણ કથંચિત્‌ જુદા છે. વસ્તુ અપેક્ષાએ ગુણો અભેદ છે, તેથી સમ્યક્‌શ્રદ્ધા વખતે દૃષ્ટિ ગુણભેદનો વિકલ્પ છૂટી ગયો છે; પણ તે જ વખતે જ્ઞાનમાં અબુદ્ધિપૂર્વક સૂક્ષ્મ ગુણભેદનો વિકલ્પ છે. ( અબુદ્ધિપૂર્વક વિકલ્પ એટલે જ્ઞાનનું મન સાથેનું સૂક્ષ્મ જોડાણ. ) જો વસ્તુમાં ગુણ સર્વથા અભેદ જ હોય તો એક ગુણ નિર્મળ થતાં બધા જ ગુણો પૂર્ણ નિર્મળ થઈ જવા જોઈએ. પરંતુ શ્રદ્ધા અને જ્ઞાનની પૂર્ણતામાં અંતર પડે જ છે કેમ કે ગુણભેદ છે. ગુણભેદ છે માટે ગુણસ્થાન ભેદ પડે જ છે; અને દ્રવ્યદૃષ્ટિએ વસ્તુમાં ગુણો અભેદ છે તેથી એક ગુણની નિર્મળતા ઊઘડતાં બધા ગુણોની નિર્મળતા અંશે ઉઘડે જ છે.**

**( સંવત ૨૪૭૨, કારતક માસ, આત્મધર્મ અંક ૨૫, પેઈજ નં-૯ )**

[ ૐ ] **પ્રશ્ન-** પરદ્રવ્યને જાણવા તરફ પરિણતિ જાય એટલે કે ઉપયોગ બહારમાં ભમે, અને તે વખતે વીતરાગતા રહે–એમ બને ?

**ઉત્તર-** સ્વાશ્રયે જેટલી વીતરાગ પરિણતિ થઈ છે તેટલી વીતરાગતા તો પરજ્ઞેય તરફ લક્ષ વખતેય સાધકને ટકી જ રહે છે. પણ સાધકને પરજ્ઞેય તરફ ઉપયોગ વખતે પૂરી વીતરાગતા નથી, એટલે **રાગ** અને **વિકલ્પ** છે. પરજ્ઞેય તરફ ઉપયોગ જાય ને સંપૂર્ણ વીતરાગતા હોય એમ ન બને, ત્યાં રાગનો અવશ્ય સદ્‌ભાવ છે. **પણ તે ભૂમિકામાં જેટલી વીતરાગતા થઈ છે તેટલી તો ત્યારે પણ ટકી રહે છે; જેમકે ચોથા ગુણસ્થાને પરલક્ષ વખતે એક કષાય તો થતો જ નથી એટલી વીતરાગતા ટકી રહે છે.** કેવળી ભગવાન પરનેય જાણે છે પણ તેમને ઉપયોગ પરમાં મૂકવો પડતો નથી, સ્વમાં જ ઉપયોગ લીન છે. **( ૧૯૬૫-જુલાઈ, આત્મધર્મ અંક-૨૬૧, પેઈજ નં-૨૬ )**

[ ૐ ] **પ્રશ્ન-** સમ્યગ્દર્શન થયું તે સમયે ચેતનાનો દર્શન ઉપયોગ હોય છે કે જ્ઞાનોપયોગ ?

**ઉત્તર-** સમ્યક્‌શ્રદ્ધા વખતે સ્વ તરફનો જ્ઞાન ઉપયોગ હોય છે. જ્યારે સમ્યગ્દર્શન પ્રગટે તે સમયે દર્શન ઉપયોગ હોતો નથી... પણ સ્વ તરફનો જે જ્ઞાન ઉપયોગ હોય છે તે દર્શન ઉપયોગ પૂર્વક હોય છે. સમ્યક્‌શ્રદ્ધા વખતે સ્વ તરફ વળેલા જ્ઞાનને ઈન્દ્રિયનું અવલંબન નથી, બુદ્ધિ પૂર્વકના વિકલ્પો ત્યાં નથી. ( જે જ્ઞાન છે ) તે કેવળજ્ઞાનનો અંશ છે. મતિજ્ઞાન પોતાના વિષયને અભેદપણે ગ્રહણ કરે છે. જો કે સમ્યગ્દર્શન વખતે જ્ઞાન મનના અવલંબનથી છૂટયું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એટલે કે ત્યાં બુદ્ધિપૂર્વકના વિકલ્પો નથી પણ અબુદ્ધિપૂર્વક સૂક્ષ્મ વિકલ્પ વર્તે છે. જો સર્વથા મનનું અવલંબન છૂટી જાય તો કેવળજ્ઞાન થાય. પરંતુ સમ્યક્શ્રદ્ધા થતાં તુરત જ કેવળજ્ઞાન થઈ જાય નહીં, વચ્ચે ગુણસ્થાન ભેદ આવે જ.

**( ૨૪૭૨ કારતક-આત્મધર્મ અંક ૨૫, પેઈજ નં-૮/૯ )**

સમકિતીને સ્વના ઉપયોગ સિવાય જેટલો ( ઉપયોગ ) પર ઉપર જાય તે પરાલંબી ( ઉપયોગ ) છે; તેને મોક્ષમાર્ગ કહેતા નથી. **( પ્રવચન નવનીત ભાગ-૩, પેઈજ નં-૫૬ )**

આહાહા ! પરસત્તાવલંબી જ્ઞાન સમકિતીને પણ હોય; પણ તે સ્વનો ઉપયોગ નહીં––તે આત્માનો ઉપયોગ નહીં. જે ઉપયોગમાં નિમિત્તનું અવલંબન અને આશ્રય આવે તે ઉપયોગ આત્માનો નહીં. **( પ્રવચન નવનીત ભાગ-૩, પેઈજ નં-૫૦ )**

સમ્યગ્દ્રષ્ટિને વિષયભોગાદિ ભાવો વિકારરૂપ જુદા જ પ્રતિબિંબે છે અને તેમાં ચેતનાસ્વભાવભાવ જુદો પ્રવર્તે છે. એક જ કાલમાં સમ્યગ્જ્ઞાનમાં જુદા જુદા પ્રત્યક્ષ થાય છે. આ કારણથી તે ચારિત્રશક્તિમાં બુદ્ધિરૂપ રાગદ્વેષમોહરૂપ વિકાર ઘૂસતો નથી.

એ રીતે સમ્યગ્દ્રષ્ટિ બુદ્ધિરૂપ વિકલ્પરૂપ પરિણતિથી પણ બારમા ગુણસ્થાન સુધી સર્વથા નિરાસ્રવ–નિર્બંધ પ્રવર્તે છે. વળી તે સમ્યગ્દ્રષ્ટિની ચેતના વિષય, કષાય, ભોગ, હિંસા, રતિ, અરતિ આદિ ( માં ) અબુદ્ધિરૂપ પરિણમે છે તે, સમ્યગ્મતિ, સમ્યગ્શ્રુતરૂપ જઘન્ય–જ્ઞાનગોચર થતા નથી, અજ્ઞાનને લીધે છે તેથી શક્તિમાં અબુદ્ધિરૂપે રાગ, દ્વેષ, મોહ વિદ્યમાન છે. તેથી અબુદ્ધિરૂપે ચોથાથી માંડી દશમા ગુણસ્થાન સુધી કિંચિત્માત્ર આસ્ત્રવબંધભાવ ઊપજે છે. **વ્યવહારપરિણતિ, અશુદ્ધપરિણતિ, જીવના અબુદ્ધિ અને બુદ્ધિરૂપ પરિણતિરૂપ જ્ઞાનાદિગુણ દશમા બારમા ગુણસ્થાન સુધી પરિણમે છે.** **( આત્માવલોકન પેઈજ નં-૧૦૦ )**

## ઇતિ મિશ્રધર્મવાદ

એ રીતે, કોઈ ભવ્ય જીવને કાલલબ્ધિ પામીને **સમ્યક્ત્વગુણ, જ્ઞાન - દર્શન - સ્વચારિત્ર** – પરમાનંદભોગસ્વભાવ–**વીર્યગુણની કેટલીક શક્તિ સ્વભાવરૂપે પ્રગટ થઈને પ્રવર્તી. તે જીવના અસંખ્યાત પ્રદેશોમાં, જ્ઞાન, દર્શન, ચારિત્ર, પરમાનંદાદિ ગુણની શક્તિ બુદ્ધિરૂપ શુદ્ધ, અબુદ્ધરૂપ ( અબુધરૂપ ) ચિત્વિકાર થઈ અશુદ્ધ પ્રવર્તે છે. તો એ રીતે સ્વરૂપરૂપ, વિકારરૂપ બન્ને ધારા બારમા ગુણસ્થાન સુધી રહે છે, તે કારણે આ જીવને એટલા કાલ સુધી મિશ્રધર્મપરિણતિ કહેવામાં આવે છે. કારણ કે સ્વભાવ તો પ્રગટ થયો છે પરંતુ ગુણવિકાર પણ પ્રવર્તે છે. તેથી તેટલા કાલ સુધી તે જીવદ્રવ્યને મિશ્રધર્મી કહેવામાં આવે છે, વળી જે કાલે મન-ઇન્દ્રિયની બુધશક્તિ સર્વથા સ્વભાવરૂપ થઈ રહેશે ત્યારે જ્ઞાનગુણની અનંતશક્તિ સ્વભાવરૂપ થશે ત્યાં સર્વથા સ્વભાવરૂપ ગુણ કહેવામાં આવશે.** ઇતિ મિશ્રધર્મ અંતરાત્માપરિણતિકથન સમાપ્તમ્. **( આત્માવલોકન પેઈજ નં-૫૭ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સર્વજ્ઞસ્વભાવી આત્મા

[ ૐ ] **દિવ્ય જ્ઞાનસ્વભાવી આત્મા તે જૈનશાસનનું મહાન રત્ન છે. તે જેણે જાણી લીધું તેણે સમસ્ત જૈનશાસનને જાણી લીધું**

ઉપયોગસ્વરૂપી આત્મા, સર્વને જાણનાર એવો સર્વજ્ઞસ્વભાવી છે; આવા પોતાના સર્વજ્ઞસ્વભાવને જે ન જાણે, ન અનુભવે તે સર્વ પદાર્થોને પણ જાણી શકતો નથી. આત્મા સર્વજ્ઞસ્વભાવી છે-એમ જે સ્વસંવેદનથી જાણે છે તે જીવ બધાય જીવોને જ્ઞાનસ્વરૂપી જાણે છે. જ્ઞાનઅપેક્ષાએ બધાય જીવો સાધર્મી-સમાનધર્મી છે.

'સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાય'

જે જ્ઞાન સામાન્ય છે તે પોતાના અનંતજ્ઞાન વિશેષોમાં વ્યાપનારું છે; જ્ઞાન સામાન્ય પોતે અનંત વિશેષોરૂપે પરિણમે છે. કેવળજ્ઞાન અનંત વિશેષોરૂપ મહાન જ્ઞાન છે, તેમાં જ્ઞાનસ્વભાવ વ્યાપે છે. જો કે મતિ-શ્રુતજ્ઞાનમાં પણ અનંત વિશેષો છે, પણ કેવળજ્ઞાન સર્વોત્કૃષ્ટ છે; સમસ્ત પદાર્થોનો પ્રતિભાસ જેમાં એકસાથે ભર્યો છે એવું અદ્‌ભુત અનંત વિશેષોસ્વરૂપ કેવળજ્ઞાન, તેમાં સર્વજ્ઞસ્વભાવી મહાસામાન્ય જ્ઞાન વ્યાપેલું છે; ને તે આત્માનો સ્વભાવ જ છે. -આવા આત્માને જે સ્વાનુભવ-પ્રત્યક્ષ નથી કરતો તેને સર્વજ્ઞપણું હોતું નથી.

જુઓ, ૮૦ મી ગાથામાં કહ્યા પ્રમાણે અરિહંતદેવના ચૈતન્યરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તેમાં આવા સર્વજ્ઞસ્વભાવી આત્માનું જ્ઞાન ભેગું આવી જ જાય છે. અરે, સર્વજ્ઞતાની તાકાતની શી વાત! રાગ જેને ઝીલી શકે નહીં ને રાગનો કણ જેમાં સમાય નહિ-એવા સર્વજ્ઞસ્વભાવને તો **સ્વસન્મુખ** અતીન્દ્રિયજ્ઞાન જ ઝીલી શકે છે. અરે, સર્વજ્ઞ અરિહંતને પોતાના જ્ઞાનમાં સમાડવા-એ તે કાંઈ સાધારણ વાત છે!

ભાઈ, તારી જ્ઞાનપર્યાયમાં તારા જ્ઞાનસ્વભાવને જ વ્યાપેલો દેખ. તારી જ્ઞાનપર્યાયમાં પરવસ્તુને કે રાગને વ્યાપેલો ન દેખ.

અહા! આવો જ્ઞાનસ્વભાવ નક્કી કરે ત્યાં તો પરથી ને રાગથી જ્ઞાન છૂટું પડી જાય, ભેદજ્ઞાન થઈને મોક્ષમાર્ગ ઊઘડી જાય.

ભાઈ, જાણવારૂપે તારું જ્ઞાન છે, તે જ્ઞાનમાં કોણ વ્યાપ્યું છે? જ્ઞાનમાં જણાતાં શરીરાદિ બાહ્ય પદાર્થો કાંઈ જ્ઞાનમાં વ્યાપતા નથી, તે તો જ્ઞાનથી બહાર જ છે. જો અચેતન પદાર્થો જ્ઞાનમાં વ્યાપીને **તન્મય** થાય તો જ્ઞાન પણ અચેતન થઈ જાય.

રાગ-દ્વેષાદિ ભાવો-કે જેઓ જ્ઞાનમાં અન્યજ્ઞેયપણે જણાય છે, તે રાગ-દ્વેષભાવો પણ જ્ઞાનમાં વ્યાપેલા નથી. જો જ્ઞાનમાં રાગ-દ્વેષ વ્યાપેલા હોય તો, તે રાગ-દ્વેષ છૂટી જતાં જ્ઞાન પણ છૂટી જાય, રાગ-દ્વેષ વગર જ્ઞાનનું અસ્તિત્વ રહી ન શકે. પરંતુ રાગ-દ્વેષના અભાવમાંય જ્ઞાન તો પોતાના સર્વજ્ઞસ્વરૂપે શોભી રહે છે. માટે જ્ઞાનમાં રાગ-દ્વેષ વ્યાપેલા નથી. પછી પૂજા-ભક્તિનો શુભરાગ હો કે વિષય-કષાયનો પાપ-રાગ હો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તે જ્ઞાનનું સ્વરૂપ નથી.

હવે ત્રીજી વાત– પૂર્વની જે જ્ઞાનપર્યાય છે તે વ્યય થાય છે ને પછીની જ્ઞાનપર્યાય ઉત્પન્ન થાય છે, ત્યાં પૂર્વની પર્યાય તે પછીની પર્યાયમાં વ્યાપતી નથી; મતિ– શ્રુતજ્ઞાન છૂટીને કેવળજ્ઞાન થયું ત્યાં તે કેવળજ્ઞાનમાં મતિ–શ્રુતજ્ઞાનપર્યાય વ્યાપતી નથી, એટલે પર્યાયના ખંડખંડ સામે જોવાનું રહેતું નથી. બે સમયની પર્યાયો કદી એક થતી નથી.

તો હવે કોણ બાકી રહ્યું–કે જે આત્માની વિશેષ જ્ઞાનપર્યાયમાં વ્યાપે છે! અને તે વિશેષ જ્ઞાનપર્યાય જેને અવલંબીને પ્રવર્તે છે! વિશેષ વખતે જ આત્માનો જ્ઞાનસામાન્યરૂપ મહાન સ્વભાવ છે તે જ વિશેષોમાં વ્યાપે છે. જ્યારે જુઓ ત્યારે તે પોતામાં વિદ્યમાન જ છે. અનાદિઅનંતકાળની જે વિશેષ જ્ઞાનપર્યાયો (–જેમાં ભવિષ્યની અનંત–કેવળજ્ઞાનપર્યાયો પણ આવી જાય છે–તે સમસ્ત પર્યાયો) માં વ્યાપે એવો એક જ્ઞાનસ્વભાવી આત્મા હું છું–એમ ધર્મીજીવ સ્વસંવેદનપ્રત્યક્ષ વડે પોતાના આત્માને જાણે છે. પોતાના સામાન્ય અને વિશેષ બંનેમાં તેને જ્ઞાન જ દેખાય છે.

અરે, પોતાની પર્યાયની અંદર વ્યાપેલા પોતાના જ્ઞાનસ્વભાવને પણ જે ન જાણે, તે પોતાની પર્યાયથી બહાર એવા પરદ્રવ્યને ક્યાંથી જાણે?

**(પ્રવચનસાર ૪૯ ગાથાના પ્રવચનમાંથી, આત્મધર્મ અંક-૩૭૫, પેઈજ નં-૩ થી ૫)**

## આત્માની સેવાનું ફળ મુક્તિ-રાગની સેવાનું ફળ બંધન

[ ॐ ] ઇષ્ટોપદેશ–૨૩મી ગાથા પૂરી થઈ. હવે શિષ્ય પૂછે છે કે–અધ્યાત્મલીન જ્ઞાનીને શું ફળ મળે છે? અધ્યાત્મલીન એટલે આત્મામાં લીન થઈ ગયા છે–જામી ગયા છે એવા યોગીની અપેક્ષાએ સ્વાત્મધ્યાનનું ફળ શું છે? તે પ્રશ્નનો પૂજ્યપાદ સ્વામી ગાથારૂપે જવાબ આપે છે.

**"આત્મધ્યાનના યોગથી, પરિષહો ન વેદાય,**
**શીઘ્ર સસંવર નિર્જરા, આસ્રવ રોધન થાય."**

ધર્મીજીવ પોતાના જ્ઞાન સ્વરૂપ આત્માના ધ્યાનમાં જેટલો લીન થયો છે તેટલું તેનું પરિષહો તરફ લક્ષ નથી, તેને પરિષહોનું વેદન થતું નથી, પ્રતિકૂળતા તરફનું લક્ષ ન રહેવાથી તેનો અનુભવ થતો નથી.

ધર્મ પણ રોકડિયો છે અને શુભાશુભ ભાવનું ફળ પણ રોકડિયું છે. જે સમયે શુભાશુભભાવ થાય છે તે જ સમયે આકુળતા છે–તે તેનું ફળ છે. અને આત્માના સ્વરૂપના ધ્યાનરૂપ ધર્મનું ફળ શાંતિનું વેદન તે તે સમયે જ થાય છે.

ભગવાન આત્મા જ્યાં અંતર સ્વરૂપના ધ્યાનમાં લીન થાય છે ત્યારે શરીરમાં ક્ષુધા–તૃષાનું દુઃખ છે તેના તરફ તેનું ધ્યાન જ નથી તેથી તેનું વેદન પણ નથી. સર્પ કરડે, વીંછી કરડે, તો પણ તેનું સ્મરણ તેને થતું નથી. જ્ઞાન જ્યાં સ્વજ્ઞેયમાં જામે છે ત્યાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરજ્ઞેયનું સ્મરણ ધર્મીને થતું નથી. જ્યાં લીનતા છે ત્યાં જ તેનું જ્ઞાન છે.

આ આત્મા અનંત જ્ઞાન-દર્શન-આનંદના અસ્તિત્વ-સત્તાવાળું તત્ત્વ છે તેને સ્મરણમાં લેતાં બીજું વિસ્મરણ થઈ જાય છે. ત્યારે બહાર શરીરમાં પરિષહ છે કે નહીં ? ક્ષુધા તૃષા છે કે નહીં ? પ્રતિકૂળતા ઉપસર્ગ આદિ છે કે નહીં તેનો ખ્યાલ એ વખતે ધર્મીને હોતો નથી.

અહીં કહેવાનો આશય એ છે કે-જ્ઞાનીને પરિષહ આદિનું કષ્ટ જ નથી. બહારથી જોતાં લોકોને એમ લાગે કે-બહુ પરિષહ -ઉપસર્ગ આદિ કષ્ટ સહન કરે ત્યારે ધર્મ થાય-પણ એમ નથી. જ્ઞાનીનું જ્ઞાન જ્યારે સ્વરૂપમાં એકાકાર થાય છે ત્યારે બહારમાં શું, પરિષહ-ઉપસર્ગ આદિ પ્રતિકૂળતા છે તેનું લક્ષ પણ જ્ઞાનીને નથી. માટે જ્ઞાનીને બહુ પરિષહ સહન કરવા પડે છે એવું નથી. મુનિરાજ ધ્યાનમાં એકાકાર હોય છે ત્યારે બહાર શરીરને સિંહ ફાડી ખાતો હોય તેનો મુનિને ખ્યાલ પણ નથી. મુનિ તો પોતાના ધ્યાનમાં મસ્ત છે.

જે ધ્યાતા ધ્યાન અને ધ્યેયને એકાકાર કરે છે તેને પરિષહાદિનું ધ્યાન જ નથી, તેનું વિજ્ઞાન જ નથી; એટલે કે તેનું તેને ભાન જ નથી. તે વખતે જ્ઞાન જ નથી. લોકોને એમ લાગે છે કે-ઓહો ! આ તો કેટલું કષ્ટ સહન કરે છે પણ લોકોને ક્યાં ખબર છે કે-એ કષ્ટ સહન કરતા નથી પરંતુ પોતાના ધ્યાનમાં લીન છે. સ્વરૂપ તરફના વલણમાં -આનંદમાં લીન છે. શરીરમાં રોગ છે કે નહીં ? અગ્નિમાં શરીર બળી રહ્યું કે નહીં ? સિંહ- વાઘ કે શિયાળ શરીરને ખાય છે કે નહીં ? કોઈ દેવ કે મનુષ્ય ઉપસર્ગ કરે છે કે નહીં તેનું તેમને સ્મરણ જ નથી. તે તરફનો વિકલ્પ તો નથી પણ સ્મરણ પણ થતું નથી.

**ભગવાન આત્માને જ્ઞેય બનાવી-ધ્યેય બનાવીને જે તેના ધ્યાનમાં લીન થાય છે તેને તે પરિષહની સ્મૃતિ પણ થતી નથી. આ છે આત્માના ધ્યાનનું ફળ ! કે પરિષહાદિ તરફનો વિકલ્પ તો નથી પણ સ્મરણેય નથી. એકલું આનંદનું વેદન છે.**

આમ, જ્ઞાની જ્યાં શુદ્ધ સ્વરૂપમાં લીન થાય છે ત્યાં કર્મોનું આગમન પણ અટકી જાય છે. અને જૂના કર્મો છૂટતા જાય છે-તેની નિર્જરા થઈ જાય છે. આ તો વ્યવહારથી કથન છે હોં ! **ખરેખર તો જ્ઞાનીને પરદ્રવ્ય સાથે સંબંધ હતો જ ક્યારે તો છૂટે ? બહુ ઝીણી વાત છે પણ ખ્યાલમાં લેવા જેવી વાત છે.**

સંસારના કોઈ કાર્યના ઊંડા વિચારમાં જીવ પડયો હોય ત્યારે પાસેથી સર્પ ચાલ્યો જાય તેનું પણ ધ્યાન રહેતું નથી. એક ભાઈ કહેતાં હતાં કે -હું ઓશીકા ઉપર ચોપડો લઈને નામું લખતો હતો ને ઓશીકા નીચેના પોલાણમાંથી સર્પ નીકળ્યો પણ મને ખબર ન પડી. પછી કોઈએ જોઈને કીધું ત્યારે ખબર પડી. અલ્યા સંસારના કામના ધ્યાનમાં પણ બહારનું ધ્યાન નથી રહેતું તો આત્માના ધ્યાન વખતે બહારનું ધ્યાન ક્યાંથી રહે ? **( આત્મધર્મ અંક -૪૯૯, પેઈજ નં. ૧૩-૧૪ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] અહો ! જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય કેટલું છે ! સામર્થ્ય કેવું છે ! એનું જગતને ભાન નથી. આકાશના અનંતા પ્રદેશો છે તેમાં અહીંથી તેની ગણતરી કરતાં આકાશનો છેલ્લો પ્રદેશ કયો ? તેનો અંત છે જ નહિ. કાળના અનંત સમયો છે તેમાં વર્તમાન સમયથી ગણતાં કાળનો છેલ્લો સમય કયો ? તેનો અંત છે જ નહિ. તેમ દ્રવ્યો અનંતા છે તેની ગણતરી કરતાં છેલ્લું દ્રવ્ય કયું ? તેનો અંત છે જ નહિ. તેમ એક જીવ દ્રવ્યના જ્ઞાન-દર્શનાદિ ગુણ આકાશના પ્રદેશ કરતાં પણ અનંતગુણા છે, તેમાં છેલ્લો ગુણ કયો ? તેનો અંત છે જ નહિ. આહાહા ! ગજબ વાત છે, જ્ઞાનનો પર્યાય જ્ઞેયપ્રમાણ છે ને જ્ઞેય લોકાલોક છે, જેનો પાર નથી એવા અપાર અનંતાનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જ્ઞેય બનાવનારી એક સમયની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય કેટલું ? તેની તાકાત કેટલી ? એ એક સમયની પર્યાયમાં અનંતાનંત જ્ઞેય-પ્રમાણ જ્ઞાનની પર્યાયના અવિભાગપ્રતિચ્છેદ કેટલા ? એનો છેલ્લો પ્રતિચ્છેદ કયો ? આહાહા ! ગજબ વાત છે. સિદ્ધ થાય તેની આદિ ગણાય પણ અંત નથી. સિદ્ધ થયા તેના ભવનો અંત-છેડો તો આવી ગયો પણ તેનો પહેલો ભવ કયો ? અનાદિ છે, તેની શરૂઆત છે જ ક્યાં ? અંત વિનાના દ્રવ્યો છે તેનો અંત આવે કેમ ? અંત વિનાનું ક્ષેત્ર છે તેનો અંત આવે કેમ ? અંત વિનાનો કાળ છે તેનો અંત આવે કેમ ? અંત વિનાના ભાવ છે તેનો અંત આવે કેમ ? આહાહા ! આટલા આટલા અનંતા જ્ઞેયો છે એને જાણનાર જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે. **આવા અનંત પદાર્થોને શ્રુતજ્ઞાનમાં જ્ઞેય બનાવ્યા એની પર્યાયમાં વિષયોનો રસ રહી શકે નહિ.** રાગ રહે પણ રાગનો રસ રહી શકે નહિ. આહાહા ! આત્મવસ્તુ જ કોઈ એવી અદ્‌ભુત ચમત્કારિક છે કે એનું શું કહેવું ભાઈ ! **( આત્મધર્મ અંક નં.-૪૧૭, પેઈજ નં.-૩૧ )**

[ ૐ ] આત્માને કેવળજ્ઞાન થતાં તેમાં લોકાલોક એક સાથે જણાય છે ને સદાય તે જ્ઞાનમાં લોકાલોક જણાયા જ કરે છે. એટલે ત્યાં જ્ઞેય-જ્ઞાયકનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સરખો રહ્યા કરે છે. અહીં કેવળજ્ઞાનની એકરૂપ ધારા છે અને એને જ્ઞેયપણે લોકાલોક સદાય રહ્યા કરે છે. પણ છદ્મસ્થને જ્ઞાન પર્યાય ક્ષણે-ક્ષણે બીજા-બીજા જ્ઞેયને જાણવારૂપે પલટી જાય છે. નવી-નવી પર્યાય પલટે છે. તે પર્યાય તે કાળના જ્ઞાનને અને તે તે કાળના જ્ઞેયને જાણે છે, એટલે તે જ્ઞાન અને જ્ઞેયનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સરખો રહેતો નથી. સ્વભાવના આશ્રયે પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે તે સદા એવું ને એવું ટકી રહે છે. નીચલી દશામાં જ્ઞાન પર્યાય પ્રગટી તે પણ પોતાથી જ છે. તે જ્ઞાન જ્ઞેયને લીધે નથી, તે રાગને લીધે પણ નથી. મારું જ્ઞાન મારે લઈને અને પરની પર્યાય પરને લઈને એવું ભાન હોવાથી ધર્મીને પર્યાયના ફેરફારે હર્ષ-શોક થતા નથી પણ સ્વભાવની ભાવના કરતા એકાગ્રતા અને સંવર વધતો જાય છે. અજ્ઞાનીને પર સંયોગને લીધે હર્ષ-શોકની માન્યતાને લીધે આસ્રવ વધતો જાય છે.

**( આત્મધર્મ અંક નં. -૪૭૭, પેઈજ નં. -૧૧ )**

[ ૐ ] મિથ્યાદૃષ્ટિ કે જેને ધર્મની ખબર નથી તેને જાણે રાગ આત્મામાં પેસી ગયો હોય એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લાગે છે. દયા–દાન આદિનો વિકલ્પ છે તે રાગ છે, તે આત્મામાં પેસી ગયો હોય એમ જે માને છે તે મિથ્યાદ્દષ્ટિ અજ્ઞાની છે. પરંતુ રાગથી ભિન્ન પડીને ભેદ વિજ્ઞાન કરે છે, સમ્યગ્દર્શન કરે છે ત્યારે અરીસામાં જેમ બીજી ચીજ દેખાય તેમ જ્ઞાનમાં રાગ ભિન્નપણે જણાય છે. ધર્મી જીવને અતીન્દ્રિય જ્ઞાનનું જ્ઞાન હોવાથી તેની પર્યાયની નિર્મળતા એવી હોય છે કે અરીસામાં જેમ અગ્નિ જણાય તેમ જ્ઞાનમાં રાગ જણાય છે પણ રાગનું જ્ઞાન નથી, રાગ સંબંધી જ્ઞાનનું જ્ઞાન છે.

દેવ–ગુરુની શ્રદ્ધા, પંચ મહાવ્રતાદિનો રાગ છે તે અંદર પેઠા નથી પણ અરીસામાં જેમ પર ચીજ પ્રતિબિંબ તરીકે જણાય છે તેમ જ્ઞાનમાં રાગ પ્રતિબિંબ તરીકે જણાય છે. ભગવાન ચૈતન્ય અરીસો છે ને તેમાં રાગ પ્રતિબિંબ તરીકે છે. અરીસામાં અગ્નિ દેખાય છે પણ એ અગ્નિ નથી, તે અરીસાની અવસ્થા છે. તેમ રાગ છે એ દુઃખ છે અને તેનું જ્ઞાન થતાં એ જ્ઞાન રાગનું નથી પણ અનાકુળ આનંદનું જ્ઞાન છે, રાગનું જ્ઞાન નથી. ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ રાગથી ભિન્ન છે, તેમાં રાગ જણાયો પણ તે રાગ સ્વરૂપમાં નથી, તો રાગ જણાયો ને ? કહે છે એ તો પ્રતિબિંબરૂપે ઝલકતું જ્ઞાન થયું.

.....રાગ ક્ષણિક કૃત્રિમ ને સ્વભાવ ત્રિકાળી અકૃત્રિમ એમ ભેદજ્ઞાન કરતાં રાગાદિ જ્ઞાનઅરીસામાં પ્રતિબિંબસ્વરૂપ છે. જેમ અરીસામાં અગ્નિ પ્રતિબિંબરૂપ છે તેમ ભેદજ્ઞાન કરતાં ચૈતન્યના પ્રકાશરૂપી અરીસામાં રાગ પ્રતિબિંબરૂપ જણાય છે. જોકે રાગ જણાય છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન છે એ જ્ઞાન જણાય છે. રાગને ભિન્ન પાડીને આત્માનું જ્ઞાન કર્યું તે જ્ઞાનમાં રાગ સંબંધી પોતાનું જ્ઞાન જણાય છે, એ જ્ઞાન રાગને લઈને થયું નથી.

અજ્ઞાની પરાધીનતાથી આકુળતામાં પીલાઈ ગયો છે. આનંદસ્વરૂપ હોવા છતાં પુણ્ય–પાપની આકુળતામાં ઘેરાઈ ગયો છે, બહારથી પૈસાવાળો આદિ ભલે દેખાય પણ અંદરમાં તે દુઃખી છે. અહીં કહે છે કે રાગથી ભિન્ન પડીને આત્માને જાણતાં એ જ્ઞાનની સ્વચ્છતાને લઈને તેમાં રાગ જણાય છે, જેમ અરીસામાં બીજી વસ્તુ જણાય છે તેમ. **( આત્મધર્મ અંક-૪૨૧, પેઈજ નં.-૨૨-૨૩ )**

[ ૐ ] એક દ્રવ્યની અંદર કોઈપણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ ભાસતું નથી. જ્ઞાન જ્ઞેયને જાણે છે એ તો જ્ઞાનની જાણવાની સ્વચ્છતાનું સામર્થ્ય છે, તોપણ જ્ઞાનને અન્ય દ્રવ્યની સાથે સ્પર્શ હોવાની માન્યતાથી જગત આકુલિત થાય છે. જ્ઞાનમાં વીંછીનો ડંખ–કરડ ભાસે ત્યાં વીંછી મને કરડયો તેમ માની દુઃખી થાય છે. જ્ઞાન રાગને જાણતાં રાગમયપણે પોતાને માની આકુલિત થાય છે. જ્ઞાન રાગને કે અન્ય દ્રવ્યોને અડતું–સ્પર્શતું નથી. જ્ઞાન જ્ઞેયને જાણે એ તો જ્ઞાનની સ્વચ્છતાનું સામર્થ્ય છે.

**( આત્મધર્મ અંક ૪૧૦, પેઈજ નં-૨૨, જ્ઞાનગોષ્ઠી )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રી પ્રવચનસાર ગાથા - ૨૦૦ ના પ્રવચનમાંથી

[ ૐ ] સ્વભાવથી જ હું જ્ઞાયક હોવાને લીધે સમસ્ત વિશ્વ સાથે મારે જ્ઞેયજ્ઞાયક લક્ષણ સંબંધ છે. પરંતુ આ જ્ઞેય ઇષ્ટ–અનિષ્ટ છે કે જ્ઞેયના લઈને જ્ઞાન થાય છે કે આ જ્ઞેય મારું ને હું તેનો સ્વામી એવો કોઈ પણ પ્રકારનો સંબંધ નથી.

જ્ઞાયકનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી લોકાલોક જાણે છે કે જ્ઞાનમાં કોતરાઈ ગયા હોય એમ એક ક્ષણમાં જ જાણી લ્યે છે. આવા જ્ઞેય જ્ઞાયક લક્ષણ સંબંધને લીધે એકી સાથે અનંતા જ્ઞેયોને અનંતપણે જાણવા છતાં જ્ઞાયક તો સદાય જ્ઞાયકપણે જ એકરૂપપણે જ રહ્યો છે. અનાદિથી તો જ્ઞાયક તો જ્ઞાયકભાવે જ રહ્યો છે, પણ મિથ્યાત્વને લઈને અન્યથા મનાઈ રહ્યો છે. તેથી એ મિથ્યાત્વને મૂળથી ઉખેડીને સ્વભાવથી જ જ્ઞાયક એવા આત્મતત્ત્વના જ્ઞાનપૂર્વક શુદ્ધાત્મામાં પ્રવર્તવા સિવાય અન્ય કાંઈ કરવા યોગ્ય નથી.

મારે ને પરને સ્વસ્વામી સંબંધ નથી. હું કર્તા છું ને પરદ્રવ્યની પર્યાય મારું કર્મ છે એવું નથી, પરદ્રવ્ય કર્તા અને મારા પરિણામ કર્મ છે એવું નથી. **માત્ર જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. પરિણામ-પરિણામી સંબંધ છે નહીં.** વિકાર મારા પરિણામને હું પરિણામી એવો સંબંધ નથી, વિકાર જ્ઞેય ને હું જ્ઞાયક એવો સંબંધ છે. હું શ્રદ્ધા કરનારો ને ભગવાન શ્રદ્ધા કરવા લાયક એવો શ્રદ્ધા–શ્રદ્ધેય સંબંધ પણ નથી, **પ્રમેય પ્રમાણ એટલો વ્યવહાર સંબંધ છે. પરવસ્તુ પ્રમેય જાણવા લાયક ને હું જાણનાર પ્રમાણ એટલો ઉપચરિત વ્યવહાર સંબંધ છે. નિશ્ચયથી તો જ્ઞાતા હું, જ્ઞાન હું, ને જ્ઞેય હું. હું જાણનારો ને ભગવાન જ્ઞેય એ ઉપચરિત વ્યવહાર છે.**

જ્ઞાયક સ્વભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તતા અનંત અર્થાત્ અનંત દ્રવ્યોની ક્રમે ક્રમે પ્રવર્તતી અનંત, ભૂત, વર્તમાન ભાવિ; "વિચિત્ર પર્યાય સમૂહ" એટલે કે ક્ષણમાં હરણને ફાડવાની પર્યાયને ક્ષણમાં સમ્યગ્દર્શન પર્યાય, એવી વિચિત્ર પર્યાયોવાળા અગાધ સ્વભાવ અને ગંભીર એવા સમસ્ત દ્રવ્યમાત્રને એક ક્ષણમાં જ શુદ્ધાત્મા પ્રત્યક્ષ કરે છે – કેવી રીતે જાણે છે ? – કે જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય, લોકાલોક જાણે કે જ્ઞાયકમાં ચીતરાઈ ગયા હોય, એક સમયની જાણવાની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોકના પર્યાયો જાણે ખોડાઈ ગયા હોય, ડૂબી ગયા હોય, જ્ઞાનમાં જાણે કે સમાઈ ગયા હોય ( એ રીતે જાણે છે. )

લોકાલોક જાણે કે જ્ઞાનમાં પ્રતિબિંબિત થયા હોય એમ એક ક્ષણમાં જ શુદ્ધ આત્મા પ્રત્યક્ષ કરે છે. ભવિષ્યની પર્યાય થઈ નથી તેને પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે. આહાહા ! જ્ઞાનનો કોઈ અદ્ભૂત મહિમા છે.

જ્ઞેય–જ્ઞાયક સંબંધની અનિવાર્યતાને લીધે જ્ઞેય–જ્ઞાયકને ભિન્ન પાડવા અશક્ય હોવાથી ( એટલે કે ) જ્ઞેયો–જ્ઞાયકમાં ન જણાય એમ કરવું અશક્ય હોવાથી સમસ્ત વિશ્વને જાણવા છતાં જ્ઞાયક છે તે એકરૂપતાને છોડતો નથી.

**( આત્મધર્મ અંક -૫૨૮, પેઈજ નં. -૧૨-૧૩-૧૪ માંથી )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ ॐ ] જુઓ, સ્વચ્છ અરીસામાં કેરીને જાંબુડા, સોનું ને કોલસો, અગ્નિને બરફ, મોરને કાગડો તથા વસ્ત્ર એવી નવ ચીજોનું પ્રતિબિંબ દેખાય છે, ત્યાં બહારની નવે ચીજો તો અરીસાથી જુદી જ છે, ને અરીસામાં નવ પ્રતિબિંબ દેખાતાં અરીસો કાંઈ નવ પ્રકારે ખંડ-ખંડરૂપ થઈ ગયો નથી, પણ અરીસો તો પોતાની એકરૂપ સ્વચ્છતારૂપે જ છે, તેના સ્વચ્છ સ્વભાવનું જ તેવું પરિણમન છે. આ પ્રમાણે ઓળખે તો અરીસાના સ્વભાવને જાણ્યો કહેવાય. તેમ જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ એવા નવતત્ત્વો તેઓ આત્માના જ્ઞાનની પર્યાયમાં જણાય છે. ત્યાં જ્ઞાનમાં નવતત્ત્વો જણાતાં જ્ઞાન કાંઈ નવ પ્રકારે ખંડ-ખંડરૂપ થઈ ગયું નથી, પણ એકરૂપ જ્ઞાનની સ્વચ્છદશાનું તેવું પરિણમન છે. નવતત્ત્વને જાણતાં જ્ઞાન તે નવતત્ત્વના વિકલ્પ રૂપે પરિણમી જતું નથી, પણ વિકલ્પથી જુદું રહે છે. આ પ્રમાણે નવતત્ત્વના ભેદના વિકલ્પથી ભિન્ન એવા જ્ઞાનને અંતર્મુખ કરીને એકરૂપ ભૂતાર્થ જ્ઞાનાનંદ સ્થિર સ્વભાવને અનુભવમાં પકડવો તેનું નામ સમ્યગ્દર્શન છે, તે ધર્મની પહેલી ભૂમિકા છે.

ધર્મી જાણે છે કે મારો આત્મા સ્વપર પ્રકાશક જ્ઞાન સ્વરૂપ છે. બહારના પદાર્થો જણાય તે મારા સ્વપર પ્રકાશક જ્ઞાનનું જ સામર્થ્ય છે તેથી જણાય છે.

**( આત્મધર્મ -૧૪૮, પેઈજ નં. -૬૦-૬૧ )**

**હવે બંધનું લક્ષણ કહે છે.**

[ ॐ ] શુભ ને અશુભ રાગ બંધનું લક્ષણ છે, આત્માનું લક્ષણ નથી. પુણ્ય-પાપના ભાવ આત્માની સાથે સદા ભાસતા નથી. જેમ જ્ઞાન આનંદ આદિની પર્યાય આત્મા સાથે રહે છે તેમ પુણ્ય-પાપના ભાવ આત્મા સાથે સદા ભાસતા નથી એટલે કે જ્યાં જ્યાં રાગ ત્યાં ત્યાં આત્મા એમ પ્રતિભાસતું નથી. પુણ્ય-પાપના ભાવ કે જે બંધનું લક્ષણ છે તે ચૈતન્ય ચમત્કારમાં ભિન્નપણે જાણવામાં આવે છે પણ ચૈતન્ય ચમત્કારરૂપ તેઓ જાણવામાં આવતા નથી. વળી રાગ વિના પણ ચૈતન્ય હોય છે, સિદ્ધ ભગવાનને રાગાદિ નથી. જો રાગાદિ આત્માના હોય તો જ્યાં જ્યાં આત્મા હોય ત્યાં ત્યાં રાગાદિ હોય, પણ તેમ પ્રતિભાસતું નથી, માટે રાગાદિ આત્માના નથી પણ તેઓ બંધનું લક્ષણ છે.

ચૈતન્ય જાણનરૂપી આંખ રાગને જાણે છે પણ ચૈતન્ય ને રાગ એકરૂપ જતાં નથી પરંતુ જ્ઞાન અને રાગનું એકસાથ ઊપજવું થતું હોવાથી અતિ નિકટતાને કારણે અજ્ઞાનીને એક જેવા લાગે છે પણ તે એક પદાર્થ નથી. અરીસામાં મોર દેખાય છે તે અરીસાની સ્વચ્છ અવસ્થા છે પણ મોર ને અરીસો એક નથી. તેમ જ્ઞાનની સ્વચ્છતામાં રાગ જણાય છે પણ જ્ઞાન ને રાગ એક નથી. ભગવાન આત્મા જાણનાર છે અને તે રાગાદિને જાણે છે પરંતુ રાગાદિ આત્મામાં આવી જતા નથી.

**( આત્મધર્મ અંક ૪૦૫, પેઈજ નં-૧૦ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જે સર્વને જાણતો નથી તે એક આત્માને પણ જાણતો નથી-

[ ૐ ] અનંતા દ્રવ્યોનો સમુદાય તે જ્ઞેયો છે ને આત્મા જ્ઞાતા છે. સ્ત્રી-પુત્ર આદિ જ્ઞાનમાં જણાય એવા જ્ઞેય તરીકે છે પણ સ્ત્રી-પુત્ર આદિ મારા તરીકે છે એમ નથી. અનંતા દ્રવ્યો ને પર્યાયોનો સમુદાય જ્ઞેય છે ને આ આત્મા જ્ઞાતાદ્રવ્ય છે અર્થાત્ બીજા જીવને મારી શકે કે રાખી શકે એવો તું નથી પણ બીજા જીવને જાણનારો જ્ઞાતાદ્રવ્ય છો. પ્રભુ ! તારી મોટપ કેવી ? તારા શ્રુતજ્ઞાનમાં અનંતા દ્રવ્યો ને પર્યાયોને જાણનારો તું છો. પણ એવો હું જ્ઞાતા છું એમ ન માનતા, હું પરનું કાંઈ કરી દઉં એવું માનીને તેં જ્ઞાતાને મારી નાખ્યો છે. ત્રણકાળની પર્યાયો સહિત જગતના બધા પદાર્થો જ્ઞેય છે ને આત્મા જ્ઞાતા છે. પરંતુ એવું કોઈ જ્ઞેય નથી કે આત્માનું સુખ તેમાં હોય. પર જ્ઞેય ને આત્મા જ્ઞાતા એટલો માત્ર જ્ઞેય જ્ઞાયકનો વ્યવહાર સંબંધ છે. બધા જ્ઞેયો છે તે જ્ઞાનમાં નિમિત્ત છે ને જ્ઞાન તે બધાને જાણવા આકારે પરિણમે એવો જ્ઞાનનો સ્વભાવ છે. બધાને જાણવારૂપ પરિણમવું એ જ્ઞાનનો સ્વભાવ છે. તેથી જો એ સમસ્ત જ્ઞેયને ન જાણે તો જાણવારૂપ એકરૂપ સ્વરૂપ છે તેને પણ તે જાણતો નથી. બધાને જાણવારૂપ પરિણમે છે એ ચૈતન્યરૂપે પરિણમે છે, પોતાના સ્વાનુભવ પ્રત્યક્ષપણે પરિણમે છે.

જે કોઈ સર્વને જાણે નહીં તે સર્વને જાણવાનો જેનો સ્વભાવ છે એવા પોતાને જાણે નહીં-એમ અહીં કહે છે.

**"જાણે નહીં યુગપદ ત્રિકાળિક ત્રિભુવનસ્થ પદાર્થને,**
**તેને સપર્યય એક પણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે." ૪૮.**

ગાથાર્થઃ- જે એકી સાથે ત્રણકાળના અને ત્રણલોકના પદાર્થોને જાણતો નથી, તેને પર્યાય સહિત એક દ્રવ્ય પણ જાણવું શક્ય નથી.

પ્રભુ ! તારી મોટપ કેવી ? —કે તારા શ્રુતજ્ઞાનમાં અનંતા દ્રવ્યોને પર્યાયોને જાણનારો તું છો પણ એવો હું જ્ઞાતા છું એમ ન માનતા હું પરનું કાંઈ કરી દઉં—એવું માનીને જ્ઞાતાને તે મારી નાખ્યો છે.

અહીં તો કેવળજ્ઞાનની વાત ચાલે છે પણ શ્રુતજ્ઞાનમાં પણ એમ છે. જગતના બધા પદાર્થો જ્ઞેય છે પણ કોઈ જ્ઞેય મારા છે-એમ નથી. એ જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે. એ જાણવારૂપ પરિણમન પોતાનું છે ને જ્ઞેયો તેમાં નિમિત્ત છે. ભાવશ્રુતજ્ઞાનમાં વ્યવહાર રત્નત્રયથી માંડીને બધોય સમુદાય જ્ઞેયમાં જાય છે. ભગવાન આત્મા સ્વભાવના લક્ષે શ્રુતજ્ઞાનપણે પરિણમે છે એ ભાવશ્રુતજ્ઞાનમાં રાગથી માંડીને આખી દુનિયા જ્ઞેય સમુદાય છે, ફક્ત શ્રુતજ્ઞાનમાં એ જ્ઞેયો પરોક્ષ છે ને કેવળજ્ઞાનમાં એ જ્ઞેયો પ્રત્યક્ષ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ જીવને મારી કે જીવાડી શકું એવું જ્ઞેયમાં પણ નથી ને જ્ઞાનમાં પણ નથી. પંચપરમેષ્ઠી પણ જ્ઞાનના જ્ઞેયમાં જાય છે ને જ્ઞેય છે તે જ્ઞાનની ચીજ નથી. જ્ઞેયાકારે જ્ઞાન પોતે પરિણમે એવો જ્ઞાનનો સ્વભાવ છે. વ્યવહાર રત્નત્રય જ્ઞેય સમુદાયમાં જાય છે ને ભગવાન આત્મા જ્ઞાતા છે. પંચ પરમેષ્ઠીથી માંડીને દુનિયા આખી પર જ્ઞેય છે. એ પર જ્ઞેયોમાં ભાગ પાડે કે આ મારાને આ તારા એ મિથ્યાદૅષ્ટિ છે, કેમકે એ વસ્તુની સ્થિતિથી વિપરીત માન્યતા છે.

આહાહા ! આ બધોય સમુદાય તે જ્ઞેય છે ને હું જ્ઞાતા છું. શરીરના આ રજકણોને તેની ભૂત-ભવિષ્યની પર્યાયો જ્ઞેય ને હું જ્ઞાતા છું પણ આ શરીર મારું છે—એમ એ મારા તરીકે નથી, એ તો જ્ઞેય તરીકે જ છે. પર જ્ઞેયને આત્મા જ્ઞાતા એટલો માત્ર જ્ઞેય જ્ઞાયકનો વ્યવહાર સંબંધ છે.

જગતમાં અનંત અનંત પદાર્થોને તેની પર્યાયો છે તેના આકારે—જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે છે. જો બધાને જાણવા આકારે પરિણમતો નથી તો તે એકને પણ જાણતો નથી. કેમકે જે બળવા યોગ્ય બધા પદાર્થોને ન બાળે તે અગ્નિ ન કહેવાય તેમ જાણવા યોગ્ય સમસ્ત જ્ઞેય સમુદાયને જાણવારૂપ પરિણમતો નથી તે એકને જાણવારૂપ પરિણમતો નથી.

બધા જ્ઞેયો છે તે જ્ઞાનમાં નિમિત્ત છે ને જ્ઞાન તે બધાને જાણવા આકારે પરિણમે એવો જ્ઞાનનો સ્વભાવ છે. જગતના છ દ્રવ્યો ને તેની ત્રિકાળિક પર્યાયો તે જ્ઞેય છે ને તે જ્ઞાનમાં નિમિત્ત છે ને બધાને જાણવારૂપ પરિણમવું એ જ્ઞાનનો સ્વભાવ છે ને જ્ઞાનમાં નિમિત્ત થવું એ જ્ઞેયનો સ્વભાવ છે. તેથી જો એ સમસ્ત જ્ઞેયને ન જાણે તો જાણવારૂપ એકરૂપ સ્વરૂપ છે તેને પણ તે જાણતો નથી. બધાને જાણવારૂપે પરિણમે છે એ ચૈતન્યરૂપે પરિણમે છે, પોતાના સ્વાનુભવ પ્રત્યક્ષપણે પરિણમે છે.

પણ એવું જો પરિણમવું થતુ નથી તો એ આત્મા નથી. સમસ્ત જ્ઞેયના પુર્ણ જ્ઞાનપણે પરિણમ્યો નથી એ આત્મા નથી.

**( પ્રવચનસાર ગાથા-૪૮ ઉપરના પ્રવચનમાંથી )**

[ ૐ ] ન્યાલભાઈએ દાખલો આપ્યો છે- અરીસાનો અરીસો છે એની પર્યાયમાં આ બધું ભાસે છે. એનું દળ જે રહે છે એ પર્યાયમાં આવતું નથી. આહા... હા ! એ પર્યાય જે છે એમાં ભાસે ને ? સર્પ, કોલસા, અગ્નિ, બરફ છે તો એની પર્યાય, એ પોતે નહીં પણ એ પર્યાયમાં ભાસે છે, પણ એ પર્યાયમાં આખું ચૈતન્યદળ આવ્યું નથી. કારણકે આ તો પલટતી દશા છે અને પેલી તો એકરૂપ વસ્તુ છે. આહાહા ! એ પર્યાયમાં દળ નથી, દળ તો દળમાં છે. એનું જેને ભેદજ્ઞાન નથી એ બંધાણા છે-એમ કહે છે.

**( શ્રી સમાધિતંત્ર-શ્લોક-૭૮, તા૧૮/૭/૭૫, પ્રવચન નં.-૯૩ )**

**વિભાવ પરિણામ વખતે પણ હું તો સદાય નિર્મળ જ છું–**

[ ૐ ] અરીસામાં જેમ પ્રતિબિંબ પડે છે એટલે કે જેવું સામે બિંબ છે તેવું અરીસામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતિબિંબ પડે છે. પરંતુ એ વખતે જ અરીસો તો નિર્મળ જ છે, અરીસો કાંઈ બરફ કે અગ્નિરૂપ પ્રતિબિંબપણે થતો નથી.

અરીસાના બે પ્રકાર :– એક ત્રિકાળી દળ અને એક અરીસાની સ્વચ્છ પર્યાય જે કાંઈ પ્રતિબિંબ પડે તે અરીસાની સ્વચ્છ પર્યાયમાં જણાય છે, અરીસાના દળમાં પ્રતિબિંબ પડતું નથી.

તેમ વિભાવ પરિણામ વખતે જ એટલે કે વિકલ્પ ઊઠે તે કાળે જ તારામાં નિર્મળતા ભરેલી પડી છે, બરફના પ્રતિબિંબ વખતે અરીસો બરફમાં ગયો નથી ને બરફ અરીસામાં આવ્યો નથી. તેમ વિભાવ પરિણામ સ્વભાવમાં આવતા નથી ને સ્વભાવમાં વિભાવ આવતો નથી. ભગવાન આત્મા જ્ઞાયકની ઝળહળ જ્યોતિ, ચૈતન્ય અરીસો, નિર્મળાનંદ પ્રભુ છે. તે વિભાવ વખતે પણ નિર્મળ જ છે. વિભાવને જાણે એ વખતે વિભાવને જાણતું નથી પણ વિભાવ સંબંધી જે પોતાનું જ્ઞાન તેને તે જાણે છે. વિભાવના જ્ઞાન કાળે પણ પ્રભુ તો નિર્મળ જ છે પણ તેને દૃષ્ટિમાં નિર્મળ પ્રભુ આવતો નથી. કેમકે તેની દૃષ્ટિ વિભાવ ઉપર છે. વિભાવની ભૂમિકાની સ્થિતિ વખતે પણ તેને જાણનાર નિર્મળાનંદ જ છે.

**( આત્મધર્મ અંક ૪૨૮, પેઈજ નં-૨૯ )**

## "અગાધ અને ગંભીર આત્મ સ્વભાવ"

[ ॐ ] અનંતી પર્યાયમાં છેલ્લી પર્યાય નહીં, એવી જ્ઞાનની એક પર્યાય જ્ઞેય પ્રમાણે. જ્ઞેય કેટલા ? –અનંતા આત્માઓ અને અનંતા પરમાણુઓ એ જ્ઞેય. **જ્ઞાન જ્ઞેય પ્રમાણે, એ જ્ઞેય કેટલા ?** –કે **લોકાલોક પ્રમાણે. એક સમયની પર્યાયમાં પ્રમેય લોકાલોક.** જેના ભાવનો અંત નથી એવા અનંતા આત્માઓના ને પરમાણુના ગુણો ને તેની પર્યાયો **એક સમયની શ્રુતજ્ઞાનની પર્યાયમાં જણાય જાય** તો કેવળજ્ઞાનની તો વાત શું કરવી! એવી એક સમયની પર્યાયમાં પણ અનંતા અવિભાગપ્રતિચ્છેદ!

[ ॐ ] અનંતા દ્રવ્યો ને તેના અનંતા ગુણો કે જેનો પાર નહીં ને એક એક ગુણની પર્યાય કે જેનો પાર નહીં **એનો પાર શ્રુતજ્ઞાનની પર્યાયે જાણી લીધો.** એ જ્ઞાનની એક સમયની પર્યાયે આવા અનંતા પદાર્થવાળા લોકાલોકને જાણ્યા તો એટલા ભાગ એ પર્યાયમાં પડી ગયા, અંશો પડી ગયા, કેટલા અંશો ? –કે અંશોનો છેડો નહીં.

**( આત્મધર્મ અંક -૪૧૮, પેઈજ નં.-૬ )**

## સ્વપર પ્રકાશક જ્ઞાનસ્વભાવ

[ ॐ ] શિષ્યના પ્રશ્નના જવાબમાં મુનિરાજ મૂળ પૂંજીની વાત કરે છે. ભગવાન! તું તો પરિપૂર્ણ ગુણથી ભર્યો છો ને! તારી પર્યાય વર્તમાનમાં એકાન્ત પરલક્ષી અને એકાન્ત પરને જાણવાવાળી થઈ છે તે તારો સ્વભાવ નથી. પરને પોતાના માનવા કે તેનો કર્તા થવું એ તો તારા સ્વભાવમાં છે જ નહીં પણ સ્વને જાણ્યા વિના એકલા પરને જાણવું એ પણ તારી પર્યાયનો વાસ્તવિક સ્વભાવ નથી. સ્વ–પર બન્નેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવાનો તારો સ્વભાવ છે. સ્વભાવ તરફ દૃષ્ટિ કરતાં જ પર્યાયમાં સ્વ-પરને જાણવાનો સ્વભાવ પ્રગટ થાય છે.

**"સ્વ-પર પ્રકાશક શક્તિ હમારી, તાંતે વચન ભેદભ્રમ ભારી,**
**જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પર રૂપા ભાસી."**

ભગવાન એમ ફરમાવે છે કે-જીવની સ્વ-પર પ્રકાશક શક્તિ તે તેનો સ્વભાવ છે, તેથી સ્વ-પર પ્રકાશક પર્યાય પ્રગટ કરવામાં તેને કોઈ રાગ કે નિમિત્તના સાધનની જરૂર નથી. જો તને ભગવાનની શ્રદ્ધા હોય તો ભગવાન તો આમ કહે છે-તેનો તું સમજીને સ્વીકાર કર!

અતીન્દ્રિય આનંદ સ્વરૂપ નિજ આત્મામાં એકાગ્રતા કરવાવાળો જીવ સ્વતઃ પોતામાં એકાગ્રતા કરે છે; સેવા કરે છે. તેમાં તેને અન્ય દ્રવ્યોની મદદની જરૂર નથી. અન્ય દ્રવ્યો જ્ઞાનમાં જણાય તો ભલે જણાય પણ તે મને જરાય હિતકારક નથી. આવો પહેલાં નિર્ણય જોઈશે, નિર્ણયની યથાર્થ ભૂમિકા થયા વિના હિતનો પંથ હાથ આવે તેમ નથી. **માટે પ્રથમ યથાર્થ નિર્ણય કરો....!**

**( આત્મધર્મ અંક -૪૯૪, પેઈજ નં. ૧૮-૧૯ )**

[ ૐ ] **પ્રશ્નઃ-** વગર પ્રયત્ને જણાય છે?

**ઉત્તરઃ-** એનો જાણવાનો સ્વભાવ જ છે. જ્ઞાનગુણની વર્તમાન પ્રગટ પર્યાય છે તેનો સ્વ-પરને જાણવાનો સ્વભાવ હોવાથી સ્વને જાણે જ છે. પ્રભુ! તારી દશા ભલે અલ્પજ્ઞ હો! પણ તે પર્યાયમાં ત્રિકાળી જ્ઞાયક જણાય છે, કોને? આબાળ-ગોપાળ સૌને સદાકાળ જણાય છે, સર્વજ્ઞદેવ એમ કહે છે કે પ્રભુ! તારી વર્તમાન દશામાં સદાકાળ તું પોતે જ જણાય છે. પર્યાયમાં આખો આત્મા જણાય એવો એનો સ્વભાવ છે. જ્ઞાનની જે અવસ્થા છે તેનો સ્વભાવ જ એવો છે કે જ્ઞાનની પર્યાયમાં આખો પૂરણ ભગવાન જણાયજ છે.

ભગવાન ત્રિલોકનાથનું ફરમાન છે કે પ્રભુ! તારી વર્તમાન દશા છે તે પૂરણ ભગવાન આત્માને જાણે એવો જ તેનો સ્વભાવ છે. આમ હોવા છતાં પણ અનાદિથી રાગની સાથે એકતાના કારણે રાગને વશે થઈને જ્ઞાયક જણાવા છતાં, રાગને જાણે છે. અરેરે! જ્ઞાન-અરીસામાં તું તને જાણે જ છો...... છતાં અનાદિથી બંધના વશે તારી નજરમાં રાગ આવે છે તેથી તારી નજર રાગમાં રોકાઈ ગઈ છે માટે જ્ઞાયક તને જણાતો નથી. જ્ઞાનની પર્યાયમાં સ્વચ્છતાનો સ્વભાવ હોવાથી ભગવાન આત્મા જણાય છે જ છતાં અજ્ઞાનીને તે જણાતો નથી.

**( આત્મધર્મ અંક ૪૧૭, પેઈજ નં.-૧૨ )**

[ ૐ ] .....એ આકાશનો એક પ્રદેશ છે કેવડો? એક પરમાણુ રહે એટલા માપવાળો છે. છતાં તેમાં અનંતને અવગાહન આપવાનું અમાપ સામર્થ્ય છે. એ વાત કહીને કહેવું છે તો એ કે એ બધાને જાણનાર જીવની એક સમયની જ્ઞાન પર્યાયનું સામર્થ્ય કેટલું? એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયની જ્ઞાન પર્યાય અનંતા અનંતા પદાર્થોને ભૂત-ભવિષ્યની પર્યાય સહિત જાણી લ્યે છે. એ જાણવાના સ્વભાવની અમર્યાદિતતા -અમાપતા કેટલી ? અરે ! જડ એવા આકાશનો એક પ્રદેશ અનંત રજકણોને અવગાહન આપી શકે તો તેના જાણનાર જીવના જાણવાના સ્વભાવનું સામર્થ્ય કેટલું ? આહાહા ! જાણનાર જીવના સ્વભાવની અમર્યાદિતતા, અમાપતા, અપરિમિતતા, અનંતતાનું કહેવું શું ? ગજબ વાત છે ? આ તો પોતાનું હિત કરવા માટે વાત છે. બીજાને સમજાવી દેવા માટે નથી પણ પોતાના જ્ઞાનનું સામર્થ્ય કેટલું છે તે પોતે સમજી, વિશ્વાસમાં લઈને અંદર સમાવા માટે છે. શ્રીમદ્ કહે છે ને ! કે- સમજ્યા તે સમાઈ ગયા, કહેવા રોકાયા નહીં. આહાહા !! આવા સ્વભાવનું મહાત્મય આવે એ પર્યાય અંદર ગયા વિના રહે જ નહીં, ભગવાનને ભેટે જ.

**( આત્મધર્મ અંક -૪૨૨, પેઈજ નં. -૨૯ )**

[ ૐ ] અરસના પાંચમાં બોલમાં કહે છે કે સકલ વિષયોના વિશેષોમાં સામાન્ય એકરૂપ સ્વસંવેદન પરિણામરૂપ જાણવાનો તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદના પરિણામને પામીને રસને ચાખતો નથી માટે અરસ છે. જેમ અરીસામાં કોલસો, અગ્નિ, બરફ આદિ અનેક વસ્તુ એકીસાથે દેખાય છે તેમાં કોલસાનું એકનું જ પ્રતિબિંબ પડે ને બીજાનું ન પડે તેમ બનતું નથી, તેમ એકી સાથે બધા જ્ઞેયોને જાણવાનો આત્માનો સ્વભાવ છે. તેમાં એક જ રસને જાણવું તેવો તેનો સ્વભાવ ન હોવાથી એકલા રસનું સંવેદન કરતો નથી માટે આત્મા અરસ છે.

..... જુદા જુદા આકારરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુ એમ કહીને એમ પણ કહ્યું કે આ લાડવા રોટલી આદિના આકારરૂપે થયેલ પુદ્ગલો સ્વયં પરિણમે છે. પરિણમેલી શબ્દ ઉપર વજન છે, એટલે પુદ્ગલો સ્વયં પરિણમે છે એને બીજો કોઈ પરિણમાવતો નથી, પણ સમસ્ત વસ્તુઓ સ્વયં પરિણમે છે. તેના આકારે જ્ઞાન જાણવારૂપે પરિણમે છે, તોપણ સામી જ્ઞેય વસ્તુના કારણે જ્ઞાન પરિણમ્યું નથી પણ પોતાથી જ જાણવારૂપે પરિણમ્યું છે. સમસ્ત જ્ઞેય વસ્તુના આકારે જ્ઞાન પરિણમવા છતાં જ્ઞેયના સંબંધથી રહિત હોવાથી જીવ અનિર્દિષ્ટસંસ્થાનવાળો છે.

**( આત્મધર્મ અંક -૩૯૦, પેઈજ નં. -૩૬-૩૭ )**

[ ૐ ] જેમ આકાશમાં તારાઓ છે તે પાણીમાં પ્રતિબિંબિત થતાં પાણીને દેખતાં તારા દેખાય છે. પાણીમાં એ તારા નથી પણ પાણીની સ્વચ્છ પર્યાય છે. તેમ કેવળજ્ઞાનની પર્યાય પોતાને જાણતાં તે પર્યાયમાં લોકાલોક પ્રતિબિંબપણે જણાય જાય છે. લોકાલોકને જાણવા જવું પડતું નથી પણ પોતાને જાણતાં જ જણાય જાય છે.

**( આત્મધર્મ અંક -૩૯૦, પેઈજ નં. -૪ )**

[ ૐ ] અવ્યક્તનો પાંચમો બોલઃ- વ્યક્તપણું તથા અવ્યક્તપણું મિશ્રિતરૂપે પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. વ્યક્તપણું એટલે પ્રગટ પર્યાય, અવ્યક્તપણું એટલે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય, તે બન્ને એક સમયમાં ભેગા પ્રતિભાસવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છતાં, વ્યક્તપણાને સ્પર્શતો નથી. ભગવાન આત્મા ધ્રુવ છે તે વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી અડતો નથી, માટે અવ્યક્ત છે. વર્તમાન પર્યાયમાં ક્ષણિકનું અને ધ્રુવ વસ્તુનું જ્ઞાન થાય છે તોપણ ધ્રુવ વસ્તુ ક્ષણિક પર્યાયને સ્પર્શતી નથી. જો ક્ષણિક પર્યાયમાં ધ્રુવ આવી જાય તો ધ્રુવવસ્તુનો નાશ થઈ જાય. વ્યક્તને તથા અવ્યક્તને જ્ઞાનની વ્યક્ત પર્યાય જાણે છે. વ્યક્ત પર્યાય પોતાને અને ધ્રુવદ્રવ્યને જાણે, તોપણ ધ્રુવ આત્મા વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. **( આત્મધર્મ અંક -૩૯૦, પેઈજ નં. -૪૧ )**

[ ૐ ] રામચંદ્રજી તે ભવે મોક્ષ પામવાના હતા, તેમના બાળપણની એક વાત આવે છે કે, એકવાર આકાશમાં ચંદ્રને દેખીને નાનકડા રામને ભાવના જાગી કે આ ચાંદલિયો નીચે ઉતારીને મારા ગજવામાં રાખું. એટલે ચંદ્ર તરફ હાથ લાંબા કરીને તેને નીચે ઉતારવાની ચેષ્ટા કરવા લાગ્યા. અંતે સ્વચ્છ દર્પણમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખીને સમાધાન કર્યું. તેમ આતમરામ એવા સાધક ધર્માત્મા ચંદ્ર જેવા પોતાના સિદ્ધપદને પ્રગટ કરવા ચાહે છે; પણ સિદ્ધ કાંઈ ઉપરથી નીચે ન આવે. એટલે સાધક પોતાના સ્વચ્છ જ્ઞાનદર્પણમાં સિદ્ધના પ્રતિબિંબરૂપ પોતાના શુદ્ધઆત્માને દેખીને, તેના શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ વડે સિદ્ધપદને સાધે છે. સિદ્ધપણું પોતાના આત્મામાં જ દેખે છે.

**( આત્મધર્મ અંક-૩૧૯, પેઈજ નં. ૩૨ )**

[ ૐ ] પ્રભુ ! તારી પ્રભુતા સમયે સમયે તારી પર્યાયમાં જ ભરી છે. તારી પર્યાયનું સ્વપરપ્રકાશકપણાનું સામર્થ્ય છે તે સામર્થ્ય ન માનતાં જ્ઞેય સાથે એકત્વબુદ્ધિ માને છે તે બંધમાર્ગ છે. જ્ઞેયને કારણે નુકશાન માન્યું તો તેં તારા સામર્થ્યને માન્યું નથી. જ્ઞેયને કારણે રાગ-દ્વેષ માન્યાં તેને રાગ-દ્વેષ થયા વિના રહેશે નહીં. જેવી માન્યતા તેને અનુસરીને જ વર્તન થાય છે.

મારા જ્ઞાનની સ્વાધીન પર્યાયને કોઈ રોકવા સમર્થ નથી, 'ભગવાન સર્વજ્ઞ છે તેમને ભવ નથી, રાગ-વિકાર નથી. ' એમ સર્વજ્ઞના સ્વરૂપનો જે જ્ઞાને નિર્ણય કર્યો, તેને મારામાં ભવ છે કે રાગ-દ્વેષ છે, એમ આવ્યું ક્યાંથી ?

'સર્વજ્ઞને ભવનો અભાવ છે, રાગ-દ્વેષનો અભાવ છે. ત્રણકાળ-ત્રણલોકને એક સમયમાં જાણે છે' અને મારું સ્વરૂપ પણ સર્વજ્ઞ સમાન જ છે, એમ મારા જ્ઞાનની પર્યાયમાં નિર્ણય કર્યો તો તેમાં ભવ પણ નથી, રાગ-દ્વેષ નથી; એવો મારો સ્વભાવ છે એમ પોતાના જ્ઞાનની પ્રતીત ન આવતાં જે જ્ઞેય ઉપર ઢાળી દે છે, તેને પોતાના સ્વપર પ્રકાશક સ્વભાવની પ્રતીત નથી.

**( આત્મધર્મ અંક ૧૦-૧૧, પેઈજ નં. -૧૮૪ )**

[ ૐ ] સમકિતી-ધર્માત્મા લડાઈમાં દુશ્મન સામે બાણ ઉપર બાણ છોડતા હોય ત્યારે પણ તેનો આત્મા ખરેખર ક્રોધરૂપે થતો નથી પણ જ્ઞાનરૂપે જ થાય છે; તે વખતેય આત્મા ક્રોધરૂપે થતો પ્રતિભાસતો નથી પણ જ્ઞાનરૂપે જ થતો પ્રતિભાસે છે. -આ રીતે બંન્નેને ભિન્ન-ભિન્ન જાણતો થકો તે વખતે તે જ્ઞાનપણે જ થાય છે, ક્રોધપણે થતો નથી;

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભેદજ્ઞાન એક ક્ષણ પણ ખસતું નથી, જ્ઞાન અને ક્રોધની એકતા જરા પણ થતી નથી.

અરે ભાઈ! એક વાર આવું ભેદજ્ઞાન તો કર..... તો તને ખબર પડે કે ધર્મ શું ચીજ છે! વિભાવોથી ભિન્નપણે તારા જ્ઞાનસ્વભાવનું અંદરમાં લક્ષ કરતાં તને તારું જ્ઞાન ક્રોધાદિથી જુદું અનુભવાશે. **અંતર્મુખ** અનુભવમાં 'હું જ્ઞાન છું' એમ પ્રતિભાસે છે, પણ 'હું ક્રોધ છું' એમ પ્રતિભાસતું નથી; કેમકે જ્ઞાનમાં ક્રોધ નથી.

અજ્ઞાનીને રાગ વખતે આત્મા તે રાગરૂપે જ પ્રતિભાસે છે, તે રાગથી જુદું જ્ઞાન તેને પ્રતિભાસતું નથી, તેથી અજ્ઞાનભાવે તે રાગાદિના કર્તાપણે જ પરિણમે છે.

ભેદજ્ઞાનીને સતત જ્ઞાનભવન છે, અજ્ઞાનીને સદા ક્રોધાદિનું ભવન છે; ક્રોધ વખતે તેનાથી જુદો કોઈ આત્મા અજ્ઞાનીને પ્રતિભાસતો નથી એટલે તે તો ક્રોધરૂપે જ પરિણમે છે. જ્ઞાનીને ક્રોધ વખતેય પોતાનો જ્ઞાન સ્વભાવી આત્મા તેનાથી જુદો પ્રતિભાસે છે, તેથી તે ક્રોધ વખતેય જ્ઞાનરૂપે જ પરિણમતા થકા તે જ્ઞાની જ છે.

**( આત્મધર્મ અંક ૧૯૩, પેઈજ નં. -૬ )**

## વીતરાગ વિજ્ઞાનમાં જણાતો-વિશ્વના જ્ઞેય પદાર્થોનો સ્વભાવ

[ ૐ ] જુઓ, આ જ્ઞેય અધિકાર છે. બધાય જ્ઞેયો સત્ છે, ને તેને જાણનારું જ્ઞાન છે. બધાય જ્ઞેયો જેમ છે તેમ એક સાથે જ્ઞાનમાં જણાય છે. અહીં આત્મા જ્ઞાનનો સાગર છે અને સામે સ્વ-પર સમસ્ત જ્ઞેયોનો સાગર પડયો છે. બસ, આમાં એકલી વીતરાગતા જ આવી. જ્ઞેયમાં 'આ આમ કેમ' એવો રાગ-દ્વેષ કે ફેરફાર કરવાનું ન રહ્યું. અહો! આચાર્યદેવે ગાથાએ ગાથાએ વીતરાગી સુખડીના થર નાખ્યા છે, એકેક ગાથામાંથી વીતરાગતાનાં ચોસલાં નીકળે છે.

**( આત્મધર્મ અંક-૮૭, વર્ષ-૮, અંક-૩ )**

[ ૐ ] .....અહીં જ્ઞાન પ્રધાન કથન છે તેથી, બધા દ્રવ્યો પરિણમન સ્વભાવમાં રહેલા છે- એમ કહીને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ જ્ઞેય બતાવ્યા છે, એવા સર્વ જ્ઞેયોના સ્વભાવની અને તેને જાણનારા જ્ઞાન સ્વભાવની શ્રધ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે.

**( આત્મધર્મ અંક-૮૭, વર્ષ-૮, અંક-૩ )**

[ ૐ ] આ, જ્ઞાનમાં જણાવા યોગ્ય જ્ઞેય પદાર્થોનું વર્ણન છે. કોઈ કહે કે- આવી સૂક્ષ્મ વાત કેમ જણાય? પણ ભાઈ! એ બધા જ્ઞેયો છે માટે જરૂર જણાય તેવા છે, અને તારો જ્ઞાન સ્વભાવ બધા જ્ઞેયોને જાણે તેવો છે. આત્મા જ્ઞાતા છે અને પોતે સ્વજ્ઞેય પણ છે. તથા અન્ય જીવ, પુદ્ગલાદિ તે પર જ્ઞેયો છે. તે જ્ઞાન અને જ્ઞેયને કેવા પ્રતીતિમાં લેવાથી સમ્યક્ત્વ થાય તેની આ વાત છે.

**( આત્મધર્મ સળંગ અંક-૮૭, પેઈજ નં. ૪૪, માંથી, વર્ષ-૮, અંક-૩ )**

[ ૐ ] **આ જ્ઞેય અધિકારમાં એકલા પરપ્રકાશકની વાત નથી, પણ સ્વસન્મુખ સ્વપ્રકાશક સહિત પરપ્રકાશકની વાત છે. જ્યાં પોતાના ધ્રુવ સ્વભાવની સન્મુખતાથી સ્વપ્રકાશક થયો ત્યાં આખા જગતના બધા પદાર્થો પણ આવા જ છે એવું પર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**પ્રકાશકપણું પણ જ્ઞાનમાં ખીલી જ જાય છે.** દ્રવ્ય પણ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યાત્મક છે. તે ઉત્પાદ–વ્યય–ધ્રુવ ક્યારે નક્કી થાય ? જ્ઞાયક ચૈતન્ય દ્રવ્યની યથાર્થ રુચિ અને તે તરફ વલણ થતાં બધું નક્કી થઈ જાય છે. **જેમ સ્વના જ્ઞાન સહિત જ પરનું સાચું જ્ઞાન થાય છે, તેમ ધ્રુવની દ્રષ્ટિથી જ ઉત્પાદ-વ્યયનું સાચું જ્ઞાન થાય છે.**

**( આત્મધર્મ અંક-૮૭, પેઈજ નં.-૬૮ )**

[ ૐ ] જો કે આત્મા પોતે પોતાનું સ્વજ્ઞેય પણ છે. પણ તે સ્વજ્ઞેય ક્યારે થાય ? જ્યારે અંતરમાં જ્ઞાયક સ્વભાવ તરફ વળે ત્યારે જ પોતે પોતાનું સ્વજ્ઞેય થાય છે. એક સમયની વ્યક્ત પર્યાયમાં ત્રિકાળી તત્ત્વ આખું આવી જતું નથી, પણ એક સમયની પર્યાયમાં ત્રિકાળી તત્ત્વ જણાય છે ખરું. આખું તત્ત્વ જ્ઞાનમાં જણાય જાય છે. એ અપેક્ષાએ વ્યક્ત કહી શકાય, પણ એક સમયની વ્યક્ત પર્યાયમાં તે આખું તત્ત્વ પ્રગટી જતું નથી માટે ભગવાન આત્મા અવ્યક્ત છે. એક સમયની વ્યક્ત પર્યાયની પ્રતીત કરવાથી આખો આત્મા પ્રતીતમાં આવતો નથી માટે આત્મા અવ્યક્ત છે– આવા આત્માની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે. **( આત્મધર્મ અંક-૯૦, પેઈજ નં. ૧૨૯ )**

[ ૐ ] આત્મા દેહથી ભિન્ન જ્ઞાન સ્વરૂપ છે, તેનું જ્ઞાન સામર્થ્ય એવું મહાન છે કે –એક ક્ષણમાં ત્રણકાળ–ત્રણલોક તેમાં જણાઈ જાય છે, આવું અચિંત્ય જ્ઞાન સામર્થ્ય હોવાને લીધે આત્મા સ્થૂળ છે, અને ઇન્દ્રિયોથી કે રાગથી આત્મા જણાતો નથી. પણ જ્ઞાનના સ્વ સંવેદનથી જણાય છે, તેથી આત્મા સૂક્ષ્મ છે. –આ રીતે આત્મા સ્થૂળ પણ છે અને સૂક્ષ્મ પણ છે. **( આત્મધર્મ અંક-૧૨૫, પેઈજ નં. ૯૦ )**

[ ૐ ] શુદ્ધ જ્ઞાનપ્રકાશક એવો આત્મા, તેની નિર્વિકલ્પ શાંતિનું વેદન કરવું, તેમાં શુદ્ધ જ્ઞાનવડે જે શુધ્ધાત્મા ઝળકે છે, તે જ તારણહાર તીર્થ છે. સમ્મેદશિખર વગેરે ક્ષેત્ર તે વ્યવહારથી તીર્થ છે, તેની યાત્રા–પૂજા–ભક્તિમાં શુભભાવ છે. –એવી યાત્રા વગેરેનો વ્યવહાર ધર્મીનેય હોય છે, તેનો કાંઈ નિષેધ નથી. પણ તેની મર્યાદા કેટલી ? શુભરાગ અને પુણ્ય બંધાય તેટલી તેની મર્યાદા છે. ભવથી તરવાનું અને મોક્ષ પામવાનું સાધન તો જ્ઞાનને જ્ઞાનમાં જોડવું તે જ છે; અને તે જ ખરું પ્રયોજન છે. જ્ઞાન **અંતર્મુખ** થઈને આત્મસ્વભાવમાં જોડાય ત્યાં જ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે, તે વધતાં વધતાં કેવળજ્ઞાન અને મોક્ષને સાધે છે. **( આત્મધર્મ અંક-૨૫૩, પેઈજ નં.-૨૦ )**

[ ૐ ] જેમ સર્વજ્ઞના જ્ઞાનમાં રાગદ્વેષ નથી, સર્વજ્ઞનું જ્ઞાન સર્વ જ્ઞેયોને જાણવા છતાં સર્વત્ર ઉદાસીન છે, ક્યાંય પણ આસક્ત નથી, તેમ દરેક આત્માનો જ્ઞાનસ્વભાવ રાગદ્વેષ વગરનો છે, પરથી ઉદાસીન છે; જ્ઞાનની સ્વચ્છતામાં પરજ્ઞેય જણાઓ ભલે, પણ તેથી કાંઈ તે જ્ઞાનમાં રાગદ્વેષ ઉત્પન્ન કરતા નથી. અહા ! કેવું સ્વતંત્ર જ્ઞાન !! એ જ્ઞાનને પરમાં ક્યાંય રાગદ્વેષ કરીને અટકવાપણું નથી. જ્ઞાન તો પોતાના સ્વરૂપથી જાણનાર જ છે. રાગને જાણનારો રાગરૂપે નથી પરિણમતો, રાગને જાણનારો જ્ઞાનરૂપે જ પરિણમે છે. **( આત્મધર્મ અંક-૨૫૪, પેઈજ નં.-૧૦ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] આ પહેલો કળશ એ સમયસારની ટીકાનું અપૂર્વ માંગળિક છે. આત્માનો શુદ્ધ અસ્તિ સ્વભાવ શું છે, તેનું અલૌકિક વર્ણન છે. આત્માનો સર્વજ્ઞ સ્વભાવ અગાધ સામર્થ્યથી ભરેલો છે, તેની અતીન્દ્રિય સ્વચ્છતામાં લોકાલોક સહેજે જણાઈ જાય છે. જેમ અગાધ આકાશમાં અનેક નક્ષત્રો-તારાઓ ઝળકે છે, તેમ સ્વચ્છ ચૈતન્યઆકાશમાં લોકાલોક જ્ઞેયપણે ( આકાશમાં એક નક્ષત્રની માફક ) ઝળકે છે. ચૈતન્યની સ્વચ્છતાને જોતાં સમસ્ત જ્ઞેયો સહેજે જણાઈ જાય છે. કાંઈ જ્ઞેયોને જાણવા માટે બહિર્લક્ષ કરવું નથી પડતું. આવો જ્ઞાનસ્વરૂપ જે શુદ્ધઆત્મા તે 'સમયસાર' છે, તેનું આમાં વર્ણન છે. તેને અહીં સારભૂત ગણીને માંગળિકમાં નમસ્કાર કર્યા છે.

**( આત્મધર્મ અંક-૨૫૭, પેઈજ નં. ૫ એ )**

[ ૐ ] શુદ્ધાત્માને નમસ્કાર એટલે શું ?

શુદ્ધઆત્મા, જ્ઞાન ને સુખસ્વભાવથી ભરેલો છે તેને ઓળખીને શ્રદ્ધા-જ્ઞાનમાં લેવો ને પરિણામને તેમાં વાળવા-ઢાળવા-લીન કરવા તે શુદ્ધઆત્માને નમસ્કાર છે; ને આ રીતે સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે શુદ્ધઆત્મા તરફ નમનારો જે ભાવ છે તે માંગલિક છે. આવા આત્માને જાણે ને અતીન્દ્રિયસુખનું વેદન ન થાય એમ બને નહીં, **પરસન્મુખ** થઈને પરને જાણતાં તો સુખ નથી, પોતાની અશુદ્ધતાને જાણતાં પણ જાણનારને સુખ નથી, જાણનારને સુખ ક્યારે થાય ? કે જાણનારો જ્યારે પોતે પોતાને જાણે ત્યારે તેને સુખ થાય. ને જે સુખને લાવે તેને જ માંગલિક કહેવાય. આ રીતે શુદ્ધાત્માને નમસ્કારરૂપ માંગલિક કર્યું.

**( આત્મધર્મ અંક-૨૫૭, પેઈજ નં. ૭-૮ એ )**

## શ્રુતના સંસ્કારથી બુદ્ધિમાં અતિશય પ્રાપ્ત થાય છે

[ ૐ ] જેમ આંખ બહાર દેખી શકાતા પદાર્થોને જ દેખે છે, પોતાના મુખને દેખી શકતી નથી પણ દર્પણના નિમિત્તે તેને પણ દેખી શકે છે; તેમ મતિ એટલે કે ઇન્દ્રિય અને મન દ્વારા થતું જ્ઞાન તે જો કે દૃષ્ટ ઇન્દ્રિય અને મનના વિષયરૂપ પદાર્થોને જ જાણનાર છે તોપણ શાસ્ત્ર અર્થાત્ આપ્તભગવાનના વચનરૂપી દર્પણ વડે ઉત્પન્ન દૃષ્ટ-અદૃષ્ટ પદાર્થસંબંધી જ્ઞાનથી અતિશયને પામીને તે ઇન્દ્રિય અને મનના અવિષયભૂત એવા અદૃષ્ટ અતીન્દ્રિય પદાર્થને પણ પ્રકાશિત કરે છે.

**( અનાગારધર્મ. પૃ. ૪૨, આત્મધર્મ અંક-૨૫૮, પેઈજ નં. -૨૩ )**

[ ૐ ] **પ્રશ્નઃ-** સ્વ-પરપ્રકાશક જ્ઞાનને પ્રમાણ કહ્યું છે, તે કઈ રીતે ? છદ્મસ્થને તો કાંઈ સ્વ-પરનો એક સાથે ઉપયોગ હોતો નથી.

**ઉત્તરઃ-** પ્રમાણને સ્વપરપ્રકાશક કહ્યું છે ત્યાં કાંઈ સ્વ અને પર બંનેમાં એક સાથે ઉપયોગ હોવાની વાત નથી, પણ જે જ્ઞાને સ્વને સ્વપણે ને પરને પરપણે જાણ્યું છે તે સમ્યગ્જ્ઞાન પ્રમાણ છે-એમ તેનું સ્વ-પરપ્રકાશકપણું સમજવું. અવધિ, મનઃપર્યયનો ઉપયોગ તો પરમાં જ હોય છે, છતાં તે પણ સ્વને સ્વપણે ને પરને પરપણે જાણે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી પ્રમાણ છે. છદ્મસ્થને ઉપયોગ તો સ્વમાં હોય ત્યારે પરમાં ન હોય, ને પરમાં હોય ત્યારે સ્વમાં ન હોય, છતાં પ્રમાણરૂપ સમ્યગ્જ્ઞાન તો જ્ઞાનીને સદૈવ વર્તે છે પરને જાણતી વખતેય 'હું જ્ઞાન છું' એવું આત્મભાન ખસતું નથી, એ જ જ્ઞાનની પ્રમાણતા છે. **( આત્મધર્મ અંક-૨૬૧, જુલાઈ-૧૯૬૫, પેઈજ નં. -૨૯ )**

[ ૐ ] એક સમયની અવસ્થાને જાણવા જ્ઞાન લંબાતા તે જ્ઞાન ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં અભેદ થાય છે ને દ્રવ્યની પ્રતીતિ થાય છે, અને તે દ્રવ્યના આશ્રયે જ્ઞાન સૂક્ષ્મ થતાં કેવળજ્ઞાન થાય છે. એ રીતે સંપૂર્ણ સ્વપર પ્રકાશક સ્વભાવ ખીલી જતાં જ્ઞાનના સામર્થ્યમાં સ્વ-પર બધું એક સાથે એક સમયમાં જણાય જાય છે, એવો જ્ઞાનનો સ્વભાવ છે. પરને જાણવા માટે તે જ્ઞાને પરનું લક્ષ કરવું પડતું નથી.

**( આત્મધર્મ -૭૦, પેઈજ નં. -૧૭૨ )**

**જેણે સ્વ સાથે જોડી, તેણે પર સાથે તોડી.**

[ ૐ ] જે આત્માને સંસાર બંધનનો ત્રાસ લાગ્યો હોય ને જે પોતાના આત્માને તે બંધનથી છોડાવવા માંગતો હોય તેની આ વાત છે. જે જીવ આત્મા સાથે સંબંધ જોડીને જગત સાથેનો સંબંધ તોડે છે તે આ પ્રમાણે

હું જ્ઞાયક સ્વભાવી આત્મા, જગતના પદાર્થોથી હું અત્યંત જુદો; કોને હું રાજી કરું ? કે કોનાથી હું રાજી થાઉં ? દુનિયા દુનિયામાં, ને હું મારામાં; હું જ્ઞાન ને, પદાર્થો જ્ઞેય; જ્ઞેયો જ્ઞેય પણે તેમના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં પરિણમી રહ્યા છે, હું મારા જ્ઞાન સ્વભાવમાં જ સ્વકીય ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપે પરિણમું ! આમ નિર્ણય કરીને ધર્મી જીવ જ્ઞાન સ્વભાવને આશ્રિત જ નિર્મળભાવે પરિણમે છે. આ રીતે જ્ઞાન સ્વભાવમાં ઉપયોગને જોડતા પર સાથેનો સંબંધ તૂટી જાય છે. અને એકત્વ સ્વભાવની ભાવનામાં લીન એવો તે આત્મા પર સાથેનો સંબંધ અત્યંત તોડીને સિદ્ધપદને પામે છે.

**( પ્રવચનસાર-૧૦૧ ગાથાના પ્રવચનમાંથી, આત્મધર્મ અંક-૧૮૩, છેલ્લું પેઈજ )**

[ ૐ ] .... જેમ અરિસાની સ્વચ્છતામાં અગ્નિ, બરફ, વિષ્ટા સુવર્ણ પુષ્પાદિ દેખાય છતાં અરીસાને તેનાથી કાંઈ વિકૃતિ થતી નથી અનેક ચીજો અનેકપણે દેખાય તે તેની સ્વચ્છતા છે. ઉપાધી નથી; તેમ મારા જ્ઞાન દર્પણની સ્વચ્છતામાં પર પદાર્થ જણાય પણ તે આત્મામાં ગુણ-દોષ કરાવવા સમર્થ નથી. **( આત્મધર્મ અંક નં-૨૨૮ )**

**( આત્માનું સ્વરૂપ ઓળખાવવા માટે સિદ્ધપ્રભુ પ્રતિબિંબ સમાન )**

[ ૐ ] આવા સિદ્ધ ભગવાનનું સ્વરૂપ ઓળખીને તેમના ધ્યાન વડે ભવ્ય-જીવોને સ્વ-પરનું તેમજ સ્વભાવ અને વિભાવનું ભેદવિજ્ઞાન થાય છે. આ આત્માનું પરમાર્થ સ્વરૂપ પણ સિદ્ધ ભગવાન જેવું, પરથી ને વિભાવથી ભિન્ન છે-એવી ઓળખાણ વડે પોતાને સિદ્ધ સમાન થવાનું સાધન થાય છે. આ રીતે, સાધવા યોગ્ય એવું જે પોતાનું શુદ્ધ સ્વરૂપ તેને દર્શાવવા માટે સિદ્ધ ભગવાન પ્રતિબિંબ સમાન છે.

જેમ સ્વચ્છ દર્પણમાં જોતાં પોતાનું મુખ દેખાય છે, તેમ સિદ્ધ ભગવાનને જોતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પોતાના આત્માનું વાસ્તવિક સ્વરૂપ જણાય છે. સ્વચ્છ દર્પણમાં પ્રતિબિંબ જોતા ખ્યાલ આવે છે કે – મારું રૂપ આવું છે, તેમ સિદ્ધ ભગવાન આ આત્માનું શુદ્ધ સ્વરૂપ જોવા માટે સિદ્ધ ભગવાન સ્વચ્છ દર્પણ સમાન છે, તેમને ઓળખતાં પોતાનું સ્વરૂપ ઓળખાય છે.

**( આત્મધર્મ અંક ૧૩૬, પેઈજ નં.-૧૧૫-૧૧૬ )**

[ ૐ ] પ્રતિબિંબ પડે તે કાળે જ દર્પણ સ્વચ્છ અને નિર્મળ છે તે દૃષ્ટાંત પ્રમાણે–વિભાવ પરિણામના સમયે જ તારામાં અંદર નિર્મળતા ભરેલી છે. નિર્મળ ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ દે તો ( પર્યાયમાં નિર્મળતા પ્રગટે. ) જ્યાં રાગાદિનું પ્રતિબિંબ દેખાય છે ત્યાં, તે જ સમયે નિર્મળતા ભરી છે તે પણ દેખાય છે. પરિણામમાં પુણ્ય–પાપના વિભાવ થાય છે તે જ વખતે અંદર આત્મા તો નિર્મળાનંદ છે. પોતાને નિર્મળજ્ઞાન ને નિર્મળ આનંદથી ભરપૂર જાણે અને રાગાદિ વિભાવને પરભાવ જાણે તો જન્મ–મરણથી રહિત થવાય. જન્મ–મરણથી રહિત થવાની આ રીત કોઈ અલૌકિક છે. **( આત્મધર્મ અંક -૫૬૨, પેઈજ નં. -૩ બોલ નં. ૩ )**

[ ૐ ] આત્માની જે જ્ઞાન પર્યાય વર્તમાન છે એ પર્યાય જ્ઞેયપદાર્થને જાણે છે. સ્વભાવ બાજુ જુઓ તો ત્રિકાળી જ્ઞાયકને જાણે છે અને પર્યાય બાજુ જુઓ તો રાગ વગેરે થાય તેને જાણે છે; કારણકે જ્ઞાયક પ્રભુ તો જાણનાર.... જાણનાર.... જાણનારનું કામ કરે છે. જ્ઞાનમાં પ્રતિબિંબિત કહ્યું, ત્યાં જ્ઞેય ચીજો જ્ઞાનમાં આવી જતી નથી; પણ જેવું સામે રાગાદિ જ્ઞેય છે તેવું અહીં જ્ઞાન થાય છે. રાગની અપેક્ષા રાખ્યા વિના, જ્ઞાનની પર્યાય સ્વપર પ્રકાશકપણાના સામર્થ્યવાળી હોવાથી, જ્ઞાન પોતે પોતાની ઝળકમાં રાગાદિ જ્ઞેયને જાણે છે. જ્ઞેયને જાણે છે – એમ કહેવું તે કથનમાં જ્ઞેયની એટલે પરની અપેક્ષા આવતી હોવાથી વ્યવહાર છે. બહુ આકરું કામ ભાઈ !

**( આત્મધર્મ અંક નં. -૫૬૨, પેઈજ નં. -૯, બોલ નં. -૨૭ )**

[ ૐ ] આત્માના જ્ઞાન પ્રકાશમાં જાણે આખું જગત અંદર આવી ગયું હોય તેમ પ્રતિભાસે છે અને આખા જગતમાં પોતે વ્યાપી ગયો છે છતાં આત્મા જગતની કોઈ ચીજને કે રાગાદિને કદી અડતો નથી. આત્મા જ્ઞાતા છે અને જગત જ્ઞેય છે એટલે શું ? જ્ઞાન સ્વરૂપ ચૈતન્યગોળો પોતે જાણનાર છે અને વિકલ્પથી માંડીને આખું જગત જ્ઞેય છે. એટલે જાણવાની અપેક્ષાએ આખું જગત જ્ઞાનમાં વસે છે અને પોતે જગતમાં વસે છે છતાં જગતને બિલકુલ અડતો નથી. **( આત્મધર્મ અંક -૫૬૬, પેઈજ નં. ૫ )**

[ ૐ ] જ્ઞાનનું વર્તમાન પૂરતું હોવાપણું જે જાણવામાં આવે છે તે પર્યાયનું અસ્તિત્વ તો છે. તે અંશ અદ્ધરથી થયો છે એમ નથી; તે કોઈ અંદર ત્રિકાળી ચીજને જણાવે છે. જેનો એ અંશ છે તે– તેના ત્રિકાળી તત્ત્વને જણાવે છે. તે તત્ત્વ પોતાને – સ્વયંને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે, પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છેઃ

**( આત્મધર્મ અંક -૫૬૯, પેઈજ નં. -૪, બોલ નં. -૧૦ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



*** પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કર ***

[ ૐ ] અરે ભાઈ ! તું રાગાદિથી નિર્લેપ સ્વરૂપ પ્રભુ છો ! કષાય આવે તેને જાણવો તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા તે તારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય કષાયોથી નિર્લેપ તરતો ને તરતો જ છે. જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે તેમ કષાયભાવો-વિભાવો જ્ઞાનમાં જણાય છે, તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પો આવે તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે. જ્ઞાયકની જાતના નથી તેથી કજાત છે- પરજાત છે, પરજ્ઞેય છે, સ્વજાત-સ્વજ્ઞેય નથી.... **( આત્મધર્મ અંક -૪૭૧, પેઈજ નં. -૧૨ )**

[ ૐ ] શ્રોતા- આ પ્રયોગ ૨૪ કલાકમાં કેટલી વાર થઈ શકે ?
ઉત્તર- જ્ઞાન નિત્ય છે, અનાદિથી જ્ઞાયક જ રહ્યો છે; છતાં અજ્ઞાનથી મિથ્યારૂપે ભાસે છે. દૃષ્ટિમાં માને છે કે હું દેહ, રાગરૂપે છું, ઇચ્છાથી પરનું કરી શકાય છે, પરથી મારામાં ફેરફાર થાય છે એમ અજ્ઞાનથી મિથ્યારૂપે પ્રતિભાસે છે. તે ભૂલને જાણીને જ્ઞાનમાત્ર છું એમ સ્વમાં ઢળીને જ્ઞાનમાં એકતાની દૃષ્ટિ કરી તે ચોવીસે કલાકનો પ્રયોગ છે.... **( આત્મધર્મ અંક -૫૪૩, પેઈજ નં. -૧૫ )**

[ ૐ ] આવો અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા આ બાળ ગોપાળ સૌને પોતે જ અનુભવમાં આવે છે. અનાદિનો આત્મા જ્ઞાનની પર્યાયથી જણાય છે એવો છે એનું જ્ઞાન જ જણાય છે. કોને ? આ બાળ ગોપાળ સૌને એટલે બાળકથી માંડીને વૃદ્ધ સુધીના બધાને સદાકાળ-વિરહ પડયા વિના પોતે જ અનુભવમાં આવી રહ્યો છે. ભલે શરીર, રાગાદિને જાણે પણ ખરેખર તો જ્ઞાન જ જાણવામાં આવે છે. જાણનારનું જ્ઞાન જ જાણવામાં આવે છે – જ્ઞાન જ અનુભવમાં આવે છે. છતાં અનાદિ બંધના વશે પર ( દ્રવ્યો ) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ એવા અજ્ઞાની જીવોને 'આ અનુભૂતિ છે તે જ હું છું' – એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી. **( આત્મધર્મ અંક નં. -૫૪૫, પેઈજ નં. -૧૪ )**

[ ૐ ] **ભગવાન આત્મામાં બે અંશ છે- એક સામાન્ય ત્રિકાળી ધ્રુવ અંશ અને બીજો વિશેષ-પર્યાય અંશ છે, તેમાં વર્તમાન પર્યાય અંશમાં રાગ છે તેને જ જો મુખ્ય કરે તો ત્રિકાળી સામાન્ય અંશ દૃષ્ટિમાંથી ઓઝલ થઈ જાય છે અને જો સામાન્ય ત્રિકાળી પરમાનંદ સ્વભાવ- અંશને મુખ્ય કરીને તેની દૃષ્ટિ જ્ઞાન અને સ્થિરતા કરે તો પર્યાય અંશ અને પરદ્રવ્ય બધું દૃષ્ટિમાંથી ઓઝલ થઈ જાય છે. ત્યારે શરીરની વિશેષ અવસ્થાનો તો ખ્યાલ નથી રહેતો પણ પોતાની વિશેષ અવસ્થાનો પણ ખ્યાલ રહેતો નથી. કેમકે પર્યાય પોતે જ સ્વભાવ તરફ ઢળેલી છે.**
**( આત્મધર્મ અંક -૫૩૭, પેઈજ નં. -૯-૧૦ )**

[ ૐ ] શ્રોતાઃ- પણ બહુ સૂક્ષ્મ વાત છે પ્રભુ !
ઉત્તરઃ- સૂક્ષ્મ પણ યથાર્થ છે ને ! આ એક જ માર્ગ છે. બીજો કોઈ માર્ગ નથી. સૂક્ષ્મને સૂક્ષ્મ જાણનારો છે, તેને સૂક્ષ્મ ક્યાં રહ્યું ? તેને તો માર્ગ ખુલ્લો થઈ જાય છે. સૂક્ષ્મ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ અનુભવમાં બરાબર આવે તેવો છે. જેની દૃષ્ટિ જ પર પદાર્થ અને શુભાશુભ વિકારી ભાવો ઉપર છે તેને તો ભગવાન આત્મા દૃષ્ટિમાં ઓઝલ છે પણ જેણે આત્મ સ્વભાવને જ દૃષ્ટિમાં લીધો તેને પછી શું બાકી રહે ? જ્ઞાનમાં સામાન્ય દ્રવ્ય સ્વભાવને જ્ઞેય બનાવ્યો તેને આખો સ્વભાવ જણાય જાય છે.

**( આત્મધર્મ અંક -૫૩૭, પેઈજ નં. -૧૦ )**

**પરદ્રવ્યને ને આત્માને કાંઈ પણ સંબંધ નથી.**

[ ૐ ] પ્રભુ ! તું તો જ્ઞાનસ્વરૂપી છો ને ! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બોલાય પણ એક ચીજને બીજી ચીજ વચ્ચે અભાવ છે. આ શરીર તો જડ છે, જડ ને આત્માને કાંઈ સંબંધ નથી. જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ છે તે તો વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતે જ જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન છે. પરને જાણવા કાળે પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. જ્ઞાનની પર્યાયના સામર્થ્યવડે સ્વને પર જણાય છે. પરને લઈને જાણે છે એમ પણ નથી. **( આત્મધર્મ અંક -૪૯૩, પેઈજ નં. ૨૮ )**

[ ૐ ] એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ ભાસતું નથી. જ્ઞાન જ્ઞેયને જાણે છે એ તો જ્ઞાનની જાણવાની સ્વચ્છતાનું સામર્થ્ય છે. તો પણ જ્ઞાનને અન્ય દ્રવ્યની સાથે સ્પર્શ હોવાની માન્યતાથી જગત આકુલિત થાય છે. જ્ઞાનમાં વીંછીનો ડંખ-કરડ ભાસે ત્યાં વીંછી મને કરડયો તેમ માની દુ:ખી થાય છે. જ્ઞાન રાગને જાણતાં પોતાને રાગમયપણે માની ને આકુલિત થાય છે. જ્ઞાન રાગને કે અન્ય દ્રવ્યોને અડતું-સ્પર્શતું નથી. જ્ઞાન જ્ઞેયને જાણે છે એ તો જ્ઞાનની સ્વચ્છતાનું સામર્થ્ય છે.

**( આત્મધર્મ અંક -૪૯૭, પેઈજ નં. ૯-૧૦ )**

[ ૐ ] હવે, જે જીવ દ્રવ્યશ્રુત દ્વારા લોકાલોકના પરજ્ઞેયોને જાણે છે, અન્ય પદાર્થનાં દ્રવ્ય-ગુણ-પર્યાયાદિને જાણે છે તે જીવને વ્યવહારથી શ્રુતકેવળી કહે છે. પરસંબંધી જે જ્ઞાન થયું તે જ્ઞાનની પર્યાયને જ્ઞેયો સાથે સંબંધ નથી પણ આત્મા સાથે સંબંધ છે. જેમ અરીસામાં કોલસાનું, અગ્નિનું, બરફનું પ્રતિબિંબ પડે છે, તેને કોલસા સાથે જો સંબંધ હોય તો અરીસો કાળો થઈ જવો જોઈએ, અગ્નિ સાથે સંબંધ હોય તો અરીસો ગરમ થઈ જવો જોઈએ. પરંતુ તેમ થતું નથી, કારણકે પ્રતિબિંબને અરીસા સાથે સંબંધ છે, પર પદાર્થો સાથે સંબંધ નથી. **( આત્મધર્મ અંક નં-૩૮૮ પેઈજ નં-૧૪ )**

[ ૐ ] ગાથાર્થ:- હે જિનેશ ! હે પ્રભો ! નિર્મળ સમાધિના પ્રભાવથી ચાર ઘાતિકર્મોનો નાશ થવાથી આપના સમ્યગ્જ્ઞાનરૂપી દર્પણમાં આ લોક તથા અલોક પ્રતિબિમ્બિત થાય છે.

**( પદ્‌મનંદી પંચવિંશતિનો ૠષભસ્તોત્ર-૧૩ મો અધિકાર )**

[ ૐ ] પ્રભુ ! આપે આત્માના આનંદના સ્વાદમાં મશગૂલ થઈને નિર્મળ સમાધિ વડે ચાર ઘાતિકર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું હોવાથી આપના જ્ઞાનદર્પણમાં લોકાલોક પ્રતિબિંબિત થાય છે, એમ કહીને કેવળજ્ઞાનની પ્રાપ્તિની વિધિ નિર્મળ સમાધિ છે પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પંચમહાવ્રતાદિ શુભભાવ નથી તેમ દર્શાવ્યું છે.

**( આત્મધર્મ અંક ૩૮૯ પેઈજ નં-૧૭ )**

[ ૐ ] સ્વને પૂર્ણ જાણે અને લોકાલોકને પૂર્ણ એવા જાણવાના સામર્થ્યવાળો આત્મા પોતે છે, પણ તેની અજ્ઞાનીને ખબર નથી. તેથી જે કાંઈ પર જ્ઞેય જણાય તે પર-જ્ઞેયરૂપ પોતાને માની લે છે. પર-જ્ઞેયને જાણનાર જ્ઞાનની દશા તે હું છું, તેનાથી પરજ્ઞેય ભિન્ન છે-એમ ન માનતાં; પોતાને પરજ્ઞેયરૂપ જ માને છે. સ્વપર પ્રકાશક જ્ઞાનશક્તિ તે હું છું ને શુભરાગાદિ જણાય તે મારાથી ભિન્ન છે તેમ માનતાં ધર્મ પ્રગટે છે.

**( આત્મધર્મ અંક ૩૮૯, પેઈજ નં-૨૧ )**

[ ૐ ] હવે, જે આત્મ સ્વરૂપના ભાન વિના અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનના પરિણમનરૂપ જ્ઞાતા-દ્રષ્ટાની અવસ્થાનો ત્યાગ કરે છે એટલે કે રાગરૂપે ન થવું જોઈએ અને જ્ઞાતા-દ્રષ્ટાપણે થવું જોઈએ તેને બદલે રાગરૂપે થાય છે તેથી જ્ઞાતા-દ્રષ્ટાપણાને છોડી દે છે. અર્થાત્ સ્વાભાવિક ક્રિયાનો ત્યાગ કરીને રાગરૂપે પરિણમતો પ્રતિભાસે છે તે આત્મા રાગનો કર્તા છે.

આત્મા વિકારનો કર્તા કેમ ? કે જ્ઞાતા-દ્રષ્ટાની અવસ્થા છોડીને અજ્ઞાનપણે રાગાદિરૂપ પરિણમતો પ્રતિભાસે છે તેથી તે આત્મા વિકારનો કર્તા છે. તથા જ્ઞાન પરિણતિથી જુદા એવા રાગાદિને પોતા વડે કરાતા પ્રતિભાસે છે તે અજ્ઞાનીનું કર્મ અર્થાત્ કાર્ય છે. અજ્ઞાનીનું કાર્ય દેહાદિની ક્રિયા નથી, અજ્ઞાનભાવે પણ અજ્ઞાની દેહાદિની ક્રિયાનો કર્તા નથી. અજ્ઞાનભાવે અજ્ઞાની માત્ર વિકારીભાવનો કર્તા છે.

**( આત્મધર્મ અંક ૩૯૫, પેઈજ નં-૮ )**

[ ૐ ] ખરેખર તો અજ્ઞાનીને પણ એક સમયની અજ્ઞાનની પર્યાયમાં પણ જ્ઞાયક જણાય છે. પણ જ્ઞાયકની દ્રષ્ટિ નહીં હોવાથી, પર્યાયદ્રષ્ટિ હોવાથી માત્ર પર્યાયને-રાગને જાણવાવાળો રહે છે તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે. પર્યાયમાં આખી વસ્તુ જાણવામાં આવે છે, કેમ કે સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે; છતાં અજ્ઞાનીની દ્રષ્ટિ સ્વ તરફ નહીં હોવાથી તેની દ્રષ્ટિમાં એકલી પર્યાય જ આવે છે. દ્રષ્ટિ ત્રિકાળી તરફ ઝૂકેલી નથી ને પર્યાય તરફ ઝૂકેલી છે, પણ દ્રષ્ટિ જ્યાં અંતર્મુખ વળે છે ત્યાં દ્રવ્યની શ્રદ્ધા આવી. જો કે શ્રદ્ધાને ખબર નથી કે 'આ દ્રવ્ય છે' પરંતુ શ્રદ્ધાની સાથે જે અનુભૂતિ છે-જ્ઞાન છે તેમાં ખ્યાલ આવે છે કે 'આ દ્રવ્ય છે.' **( આત્મધર્મ અંક ૩૯૫, પેઈજ નં-૧૪-૧૫ )**

[ ૐ ] એ રીતે પ્રગટ થતો આત્મા કેવો છે ? કે છે... છે... છે... એવી અનાદિ અનંત વસ્તુ છે. જે હોય તેની આદિ શું ને અંત શું ? તે તો અનાદિ અનંત શાશ્વત છે. અનાકુળ આનંદ સ્વરૂપ છે, કેવળ એકરૂપ છે. સર્વ જગત અને લોકાલોકથી ભિન્ન રહેતો થકો વિકલ્પથી માંડીને આખાય જગતથી ભિન્ન જાણે સારાયે વિશ્વ ઉપર તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય જણાય છે. એટલે કે જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્ય આવતું નથી પણ અખંડ દ્રવ્યનો પ્રતિભાસ જ્ઞાનની પર્યાયમાં આવે છે. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુનો પ્રતિભાસ થાય છે, વસ્તુ જેવી છે તેવી જ્ઞાનમાં પ્રતિભાસે છે. પર તરફથી વલણ છૂટીને સ્વ તરફ ઝૂકે છે ત્યાં એ જ્ઞાન પર્યાયમાં એટલી તાકાત છે કે—સારીયે વસ્તુનો અખંડ પ્રતિભાસ પર્યાયમાં આવી જાય છે.

વળી કેવી છે વસ્તુ ? અનંત છે, વિજ્ઞાનઘન છે કે જેમાં વિકલ્પનો પણ પ્રવેશ નથી. પરમાત્મસ્વરૂપ છે એવો જે સમયસાર તેનો આત્મા જ્યારે અનુભવ કરે છે એટલે કે આત્મા આત્માનો અનુભવ કરે છે ત્યારે તે સમયે જ આત્મા સમ્યક્‌પણે દેખાય છે અને જણાય છે.

જ્યારે આત્મા પોતાના પરમાત્માનો પર્યાયમાં અનુભવ કરે છે તે કાળે આત્માની સમ્યક્‌શ્રદ્ધા થાય છે. જ્યારે પર્યાયમાં અખંડનો પ્રતિભાસ થાય છે ત્યારે આત્માની સમ્યક્ શ્રદ્ધા થાય છે. ત્રિકાળી પરિપૂર્ણ વસ્તુ, વિજ્ઞાનઘન જેને ભાવબંધ ને ભાવમોક્ષની પણ અપેક્ષા નથી એવી અખંડ વસ્તુનો પોતાના પુરુષાર્થથી જ્યારે આત્મા અનુભવ કરે છે તે કાળે આત્મા સમ્યક્ પ્રકારે શ્રદ્ધાય છે. એમ ને એમ સાંભળે તેમ નહીં, પણ જ્યારે અનુભવ કરે છે ત્યારે આત્મા શ્રદ્ધાય છે.

**( આત્મધર્મ અંક ૩૯૭ પેઈજ નં-૧૨ )**

[ ૐ ] ભગવાન પરમાત્માના એક સમયના કેવળજ્ઞાન પર્યાયની એટલી તાકાત છે કે, તેમાં પોતાના ત્રિકાળી દ્રવ્ય–પર્યાય સહિત ત્રણલોકના સર્વ પદાર્થોના દ્રવ્ય–પર્યાય એક સાથે જણાય છે. જ્ઞાન સર્વનું અંતર્યામિ છે. જ્ઞાનની પરિણતિ સર્વાકાર છે એટલે કે તેમાં પોતાનો ત્રિકાળી સ્વભાવ, પર્યાય સ્વભાવ અને જગતના દરેક પદાર્થો—તેની ત્રણકાળની પર્યાય સહિત એક સાથે જણાય છે. આવું જ્ઞાનનું સ્વરૂપ જાણી જ્ઞાનનું આરાધન કરો.

**( આત્મધર્મ અંક ૫૭૩, પેઈજ નં-૯ )**

[ ૐ ] આ રીતે, સર્વ વ્યાપક જ્ઞાન અર્થાત્ સર્વને પહોંચી વળતું નિર્વાણી જ્ઞાન–કેવળજ્ઞાન કે જેમાં સર્વ પદાર્થ ઝલકે છે એવો જેનો પ્રગટરૂપ સ્વભાવ છે તે જ્ઞાન જેનું છે એવો શુદ્ધ ભગવાન આત્મા ઉપાદેય છે. એ જ દૃષ્ટિમાં અંગીકાર કરવા લાયક છે.

**( આત્મધર્મ અંક ૫૭૩, પેઈજ નં-૧૦ )**

[ ૐ ] કેટલાકને એમ પ્રશ્ન થાય છે કે– સિદ્ધ થયા પછી પણ લોકાલોકનું જ્ઞાન હોય તો તો કેટલી ઉપાધિ રહે ! અહીં બે–પાંચ ઘરનું ધ્યાન રાખીએ છીએ ત્યાં કંટાળી જઈએ છીએ તો સિદ્ધને કેટલી ઉપાધિ ? અરે ભાઈ ! સિદ્ધને ઉપાધિ નથી. જ્ઞાનનો જે સ્વભાવ છે તે પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો છે તે કોને ન જાણે ! અને તે પણ ભગવાનને કાંઈ ઉપયોગ બહાર મૂકવો પડતો નથી. પોતાની પર્યાયમાં પૂરું સામર્થ્ય પ્રગટ થયું, તેમાં ઉપયોગ મૂકયા વગર લોકાલોક જણાય છે. એવું જ પૂર્ણ પર્યાયનું સ્વરૂપ છે–તેનાથી કોઈ વિરુદ્ધ માને તો તે આત્માને સમજતા નથી અને સિદ્ધને પણ સમજતા નથી. પાંચ પદને સમજતા નથી અને ભગવાનની આજ્ઞાને પણ સમજતા નથી. એ માટે જ આચાર્યદેવ આ વાતને સિદ્ધ કરે છે. એક એક ગાથા પ્રયોજન સહિત હોય છે.

**( આત્મધર્મ અંક ૫૨૩, પેઈજ નં-૭ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] જ્ઞાયકતત્ત્વને જાણનાર-અનુભવનાર જ્ઞાની, રાગને જાણે ત્યાં કાંઈ તેના જ્ઞાનમાં રાગની ઉપાધિ નથી, જ્ઞાન રાગનું નથી, જ્ઞાન તો જ્ઞાન જ છે. જ્ઞાનપણે જ જ્ઞાન પ્રકાશે છે, કાંઈ રાગપણે તે પ્રકાશતું નથી. ચૈતન્યનું સ્વ-પરપ્રકાશકપણું ખીલ્યું, તે સ્વ-જ્ઞેયને પ્રકાશતાં પણ જ્ઞાયક જ છે. જ્ઞાનીનો જ્ઞાનભાવ છે તે રાગથી જુદો ને જુદો રહે છે.

**( આત્મધર્મ અંક-૩૪૩ પેઈજ નં.૪ )**

[ ૐ ] જ્ઞાયકઆત્મા જ્યારે અંતર્મુખ થઈને પોતે પોતાના સ્વરૂપને જ સ્વસંવેદનપણે પ્રકાશે છે ત્યારે પોતે જ જ્ઞાતા ને પોતે જ જ્ઞેય, એ રીતે જ્ઞાતારૂપ કર્તા ને જ્ઞેયરૂપ કર્મ એ બંનેનું એકપણું છે, જ્ઞાયક પોતે જ પોતાને પ્રકાશે છે, તેમાં વચ્ચે રાગની અપેક્ષા નથી. રાગને જાણતી વખતે પણ કાંઈ રાગને કારણે જ્ઞાયકપણું ન હતું, જ્ઞાયક પોતે પોતાથી જ જ્ઞાયક હતો. જેમ સ્વને પ્રકાશતી વખતે રાગ વગર પોતે પોતાથી જ જ્ઞાયક છે, તેમ રાગાદિ પરજ્ઞેયને પ્રકાશવાના કાળે પણ પોતે તો રાગથી જુદો જ્ઞાયકભાવપણે જ પ્રકાશે છે, રાગકૃત અશુદ્ધતા કાંઈ જ્ઞાનમાં નથી. રાગ પોતે અશુદ્ધ છે, પણ રાગને જાણનારું જ્ઞાન કાંઈ અશુદ્ધ નથી, એ તો જ્ઞાનનું સ્વપરપ્રકાશક સામર્થ્ય જ પ્રકાશે છે.

**( આત્મધર્મ અંક નં-૩૪૩ પેઈજ નં- ૩૫-૩૬ )**

[ ૐ ] **પ્રશ્ન-** જ્ઞાનનો સ્વભાવ જાણવાનો જ છે તો પોતે પોતાને કેમ નથી જાણતો ?
**ઉત્તર-** જ્ઞાન પોતાને જાણે છે, એનો સ્વભાવ પોતાને જાણવાનો છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે એટલે પોતે જણાતો નથી, પરમાં ક્યાંક ક્યાંક અધિકતા પડી છે એટલે બીજાને અધિક માનતો હોવાથી પોતે જણાતો નથી. અધિકપણાનું એનું બળ પરમાં જાય છે. તેથી પોતે જણાતો નથી.

**( આત્મધર્મ અંક ૪૧૦ પેઈજ નં-૨૬ )**

[ ૐ ] જ્ઞાયક પોતે તો જાણનાર -દેખનાર છે. જાણવું-દેખવું એ તો પોતાનો ત્રિકાળી સ્વભાવ છે. જાણનાર તો તરતો ને તરતો એટલે રાગાદિથી અધિક નામ જુદો છે. અનંતગુણના પાસાવાળો ચૈતન્ય હીરલો છે. જાણનાર છે તે તરતો ને તરતો એટલે કે રાગથી જુદો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક તો સ્વચ્છ નિર્મળ છે, તેમ રાગાદિ દેખાવા છતાં જ્ઞાયકભાવ તો તેનાથી ભિન્ન નિર્લેપ વસ્તુ છે.

**( આત્મધર્મ અંક -૪૨૨, પેઈજ નં.-૨૫ )**

[ ૐ ] પ્રશ્નઃ- આત્મા પરોક્ષ છે તો કેમ જણાય ?
ઉત્તરઃ- આત્મા પ્રત્યક્ષ જ છે. પર્યાય **અંતર્મુખ** થાય તો આત્મા પ્રત્યક્ષ છે તેમ જણાય છે. બહિર્મુખ પર્યાયવાળાને આત્મા પ્રત્યક્ષ લાગતો નથી- પ્રત્યક્ષ દેખાતો નથી પણ આત્મા પ્રત્યક્ષ જ છે, એની સન્મુખ ઢળીને દેખે તો જણાય છે.

**( આત્મધર્મ અંક -૪૨૩, પેઈજ નં. -૨૮ )**

[ ૐ ] ધ્રુવ છે ત્યાં એક નજર કર, જરૂર તને ધ્રુવની પ્રાપ્તિ થશે. સમ્યગ્દર્શનમાં ધ્રુવની નજર કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. જેમ ધ્રુવના તારાના લક્ષે વહાણ ચાલે તેમ આ ધ્રુવના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષે સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન કેમ પમાય ? તેની રીત ને વિધિ શું છે ? તેની આ વાત છે. ચૈતન્યની જાગૃત જ્યોતવાળો ધ્રુવ છે ત્યાં જા તો એ જરૂર પ્રાપ્ત થશે. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે પણ તે એકલા પરને પ્રકાશી રહ્યો છે તેથી એ જ્ઞાનની પર્યાય મિથ્યા થઈ. એ જ્ઞાનની પર્યાય જેની છે –ધ્રુવની છે– તેને પ્રકાશે ત્યારે તે સમ્યક્ કહેવાય. **( આત્મધર્મ અંક -૪૨૪, પેઈજ નં. -૨૨ )**

[ ૐ ] હવે, જે જીવ દ્રવ્યશ્રુત દ્વારા લોકાલોકના પરજ્ઞેયોને જાણે છે, અન્ય પદાર્થના દ્રવ્ય–ગુણ–પર્યાયાદિને જાણે છે તે જીવને વ્યવહારથી શ્રુતકેવળી કહે છે. પર સંબંધી જે જ્ઞાન થયું તે જ્ઞાનની પર્યાયને જ્ઞેયો સાથે સંબંધ નથી પણ આત્મા સાથે સંબંધ છે. જેમ અરીસામાં કોલસાનું, અગ્નિનું, બરફનું પ્રતિબિંબ પડે છે, તેને કોલસા સાથે જો સંબંધ હોય તો અરીસો કાળો થઈ જવો જોઈએ, અગ્નિ સાથે સંબંધ હોય તો અરીસો ગરમ થઈ જવો જોઈએ. પરંતુ તેમ થતું નથી, કારણકે પ્રતિબિંબને અરીસા સાથે સંબંધ છે, પર પદાર્થો સાથે સંબંધ નથી. **( આત્મધર્મ અંક -૩૮૮, પેઈજ નં. -૧૩ )**

[ ૐ ] અરીસાની વર્તમાન અવસ્થામાં જળ કોલસા બરફ અગ્નિ સર્પ આદિ જણાય છે, તે અવસ્થા જેટલો જ જે માને છે તે અવસ્થા બદલાતા તેની પાછળ દળ રહી જાય છે તેને માનતો નથી. તેમ એક સમયની અવસ્થા જેટલો જ આત્માને માનનાર જ્ઞેય બદલાતા જ્ઞાનની અવસ્થા બદલી જાય છે, ત્યાં હું નાશ થઈ ગયો તેમ માને છે; પણ તે જ્ઞાન પર્યાય બદલાવા છતાં જ્ઞાનસ્વભાવદળ તેની પાછળ જેવું ને તેવું પડયું જ છે તેને અજ્ઞાની માનતો નથી. **( આત્મધર્મ અંક -૩૯૦, બોલ નં. -૩૭ )**

મોક્ષમાર્ગ પ્રકાશકમાં એ લીધું છે કે– મિથ્યાત્વ તે તો બંધનું કારણ છે અને તેની સાથે છે તે મિથ્યાત્વને લઈને વિપરીત જ્ઞાન છે; માટે જ્ઞાન તે મિથ્યાત્વનું-બંધનું કારણ છે—એમ નથી. જ્ઞાન પોતે અજ્ઞાનરૂપે પરિણમે છે. તેણે સ્વને વિષય કરવો જોઈએ તેને બદલે જ્ઞાન પરના વિષયમાં રોકાઈ ગયું છે એ જ્ઞાનનો પોતાનો દોષ છે. મિથ્યાત્વ છે તે તો નિમિત્ત છે, ઉપાદાનરૂપ અજ્ઞાનપણું ( તે પર્યાયનું ) છે. અર્થાત્ એકલા પરને જાણવું એ એનો મિથ્યાજ્ઞાનનો પોતાનો સ્વભાવ છે.

**( પ્રવચન સુધા ભાગ-૨, પેઈજ નં-૪૪૪ )**

**હવે શું કહે છે ? પોતાને જાણવા લાયક જ્ઞેય હું, જાણવાવાળું જ્ઞાન હું, અને અનંતશક્તિરૂપ જ્ઞાતા-એમ ત્રણ નામ ભેદ છે; વસ્તુ ભેદ નથી. જ્ઞેય કોઈ જુદી ચીજ છે એમ નથી. પોતાની ચીજ પોતાનું જ્ઞેય છે. જ્ઞાન જુદી ચીજ છે અને જ્ઞાતા જુદો છે—એમ નથી. એ ને એ જ્ઞેય એ ને એ જ્ઞાન, એ ને એ જ્ઞાતા... ! આ વસ્તુની સ્વતંત્રતાની પરિપૂર્ણતાની પરાકાષ્ટા છે.** ( ધ્યેય પૂર્વક જ્ઞેય, પેઈજ નં-૨૩૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પરિશિષ્ટ વિભાગ-૧

## મહાન શાસ્ત્ર શ્રી જયધવલાના ગંભીર આશય રહેલા છે; તે વિષય ઉપર પૂ. ગુરુદેવે કરેલ સ્પષ્ટતા.

[ ॐ ] "જો એમ કહેવામાં આવે કે કેવળજ્ઞાન અસિદ્ધ છે" તો તેમ પણ નથી, કેમ કે સ્વસંવેદન પ્રત્યક્ષ દ્વારા કેવળજ્ઞાનના અંશરૂપ જ્ઞાનની નિર્બાધપણે ઉપલબ્ધિ થાય છે, અર્થાત્ મતિજ્ઞાનાદિક કેવળજ્ઞાનના અંશરૂપ છે અને તેની ઉપલબ્ધિ સ્વસંવેદન પ્રત્યક્ષથી સર્વેને થાય છે, તેથી કેવળજ્ઞાનના અંશરૂપ અવયવ પ્રત્યક્ષ છે, માટે કેવળજ્ઞાન અવયવીને પરોક્ષ કહેવું યુક્ત નથી.

[ ॐ ] **જીવનું સ્વરૂપ કેવળજ્ઞાન છે.મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે -તેના ન્યાયો.**
જીવનું સ્વરૂપ કેવળજ્ઞાન છે. તે કેવળજ્ઞાન સર્વ પ્રકારના આવરણનો નાશ થતાં પ્રગટ થાય છે; તથા તે કેવળજ્ઞાન ઉપર જેટલે અંશે આવરણ આવે તે અનુસાર કર્મને મતિજ્ઞાનાવરણ –શ્રુતજ્ઞાનાવરણ એમ ભેદ પાડી નામ અપાય છે, તથા તે વખતે ( આવરણ વખતે ) કેવળજ્ઞાનનો જેટલો અંશ પ્રગટ રહ્યો છે એટલે કે જેટલા ભાગ ઉપર આવરણ નથી તે ભાગને ક્ષયોપશમ અનુસાર મતિજ્ઞાન શ્રુતજ્ઞાન વગેરે નામ આપવામાં આવે છે; કેવળજ્ઞાન કદી સંપૂર્ણપણે અવરાતું નથી, કેમ કે જ્ઞાન જો સંપૂર્ણપણે અવરાય અર્થાત્ જ્ઞાનનો અભાવ થાય તો જીવને જડત્વનો પ્રસંગ આવે; પણ તેમ બનવું અશક્ય છે– એટલે કે કેવળજ્ઞાનનો અમુક ભાગ ( અંશ ) તો જીવની ગમે તે અવસ્થા વખતે પણ ખુલ્લો હોય જ છે. ( અહીં કેવળજ્ઞાન એટલે કેવળ પર્યાય નહીં પણ જ્ઞાન –એ અર્થ છે. )

મુમુક્ષુઓ પ્રત્યે સદ્ગુરુદેવનો **પ્રશ્નઃ**- "કેવળજ્ઞાન" પ્રત્યક્ષ છે કે પરોક્ષ ?

**મુમુક્ષુઓનો ઉત્તરઃ**- કેવળજ્ઞાનનો વિષય પ્રત્યક્ષ છે.

**શ્રી સદ્ગુરુદેવઃ**- મેં કેવળજ્ઞાનના વિષયનું નથી પૂછયું પણ મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ કે પરોક્ષ ? એમ પૂછયું છે. શ્રી જયધવલમાં આ બાબત આવી છે, સાંભળોઃ–

**મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે તેના ન્યાયો**

( ૧ ) કેવળજ્ઞાન તે પૂર્ણ સ્વરૂપ છે અર્થાત્ અંશી ( આખી વસ્તુ ) છે, અને મતિજ્ઞાન તે અધૂરુંજ્ઞાન એટલે કે કેવળજ્ઞાનનો અંશ ( ભાગ ) છે; જેનો એક અંશ પ્રત્યક્ષ છે જેનો એક અંશ પ્રત્યક્ષ જ છે. એક અંશ પ્રત્યક્ષ હોય અને અંશી પ્રત્યક્ષ ન હોય તેમ બને નહીં, આ રીતે મતિજ્ઞાન તે કેવળજ્ઞાનનો અંશ હોવાથી "અંશ પ્રત્યક્ષ છે ત્યાં અંશી પણ પ્રત્યક્ષ જ છે" – એ ન્યાયે મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( ૨ ) અંશી અને અંશ અર્થાત્ વસ્તુ અને વસ્તુનો ભાવ બન્ને જુદા-જુદા નથી-પણ અભેદ છે, તેથી એકના પ્રત્યક્ષ હોવાથી બન્નેનું પ્રત્યક્ષ હોવાપણું સિદ્ધ થાય છે. 'અંશ' નામ પણ અંશીની અપેક્ષા રાખીને છે.

( ૩ ) હવે તે દૃષ્ટાંતથી સિદ્ધ કરે છેઃ- જેમ કે એક થાંભલો ( સ્થંભ ) હોય, તેને જોઈને લોકો કહે છે કે "આખો સ્તંભ નજરે દેખાય છે" - આમ બોલવાનો વ્યવહાર જગત પ્રસિદ્ધ છે; ત્યાં સ્થંભ જોવામાં તો ઇન્દ્રિયનો સ્થૂળ વિષય છે, છતાં તેમાં અંશ જોવા છતાં આખી વસ્તુ જોયાનો સ્વીકાર કરે છે, તો આ કેવળજ્ઞાન તો અતીન્દ્રિય છે અને તેનો અંશ મતિજ્ઞાન પ્રત્યક્ષ છે તો મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન પણ પ્રત્યક્ષ જ છે. લોકોને પર વસ્તુમાં વ્યવહારની બરાબર ખબર પડે પણ પોતાની વસ્તુમાં ભરોસો બેસતો નથી; પોતાના સામર્થ્યનો સ્વીકાર જ કરતા નથી તેથી તેની દૃષ્ટિ બહારમાં પર ઉપર જાય છે.

આંખના વિષયમાં વસ્તુનો એક ભાગ જણાતાં આખી વસ્તુ જોઈ એમ કહે છે, તો સ્વ-અપેક્ષાએ પોતાની પર્યાયનો જે અંશ ઉઘડયો તે 'આખું' દ્રવ્ય પ્રત્યક્ષ છે' એમ ન કહેતો કોણ કહે ? સમવસરણમાં જાય અને ત્યાં ભગવાનના શરીરનો બહારનો અમુક ભાગ જ નજરે દેખાય છતાં બહાર આવીને કહે કે "મેં તો ભગવાનના પ્રત્યક્ષ દર્શન કર્યા" ત્યાં ( આંખના વિષયમાં ) પ્રત્યક્ષ માને તેમ સ્વમાં નિશ્ચયનો અંશ ઉઘડયો તેમાં આખી વસ્તુ પ્રત્યક્ષ જ છે; સંપૂર્ણ જ્ઞાનના આશ્રયે જે જ્ઞાનનો અંશ ઉઘડયો તે જ્ઞાનનો અંશ આખાને પ્રત્યક્ષ ન કરે તો કોણ કરે ?

**એક પ્રશ્નઃ-** જો કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે તો પછી કેવળજ્ઞાનનો વિષય પણ પ્રત્યક્ષ હોવો જોઈએ ને ?

**ઉત્તરઃ-** હા, કેવળજ્ઞાનનો વિષય પણ પ્રત્યક્ષ જ છે. ત્રણકાળ ત્રણલોકને જાણવાની જે વ્યાખ્યા છે તે તો લોકોની બાહ્ય દૃષ્ટિ છે, અને તેઓ બહારના મહાત્મ્યને જુએ છે માટે કહ્યું છે. પણ અહીં કેવળજ્ઞાનનો વિષય એ રીતે પ્રગટ છે કે- જગતના છએ દ્રવ્યોના ( છ દ્રવ્યોમાં પોતે પણ સાથે આવી જાય છે ) સ્વરૂપને જેમ છે તેમ યથાર્થ જાણે છે, કોઈ દ્રવ્યના સ્વરૂપથી અજાણ નથી તેથી જગતના બધા દ્રવ્યોનું સ્વરૂપ જાણે છે માટે કેવળજ્ઞાનનો વિષય પણ પ્રત્યક્ષ છે. ( **અહીં જે મતિજ્ઞાનને કેવળજ્ઞાનના અંશ તરીકે લેવામાં આવ્યું છે તે સમ્યક્મતિજ્ઞાન છે.** )

એક પુદ્ગલ પરમાણુનું યથાર્થ સ્વરૂપ જાણ્યું તો જગતમાં જેટલા પુદ્ગલો છે તે બધાનું સ્વરૂપ પણ તે જ પ્રમાણે જણાય ગયું છે; તે જ રીતે બધા જીવોનું સ્વરૂપ સરખું જ છે એ પણ જણાય ગયું છે- માટે કેવળજ્ઞાનનો વિષય પ્રત્યક્ષ છે.

મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે. મતિજ્ઞાનમાં કેવળજ્ઞાનને પ્રત્યક્ષ જાણ્યા વિના "આ મતિજ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે" એમ લાવ્યા ક્યાંથી ? કેવળજ્ઞાનને જોયા વિના "આ અંશ કેવળજ્ઞાનનો છે" એમ નક્કી શી રીતે કર્યું ? કેવળજ્ઞાનને જાણ્યા વિના તે નક્કી થઈ શકે નહીં, તેથી જ્યાં અંશ-અવયવ ( મતિજ્ઞાન ) પ્રત્યક્ષ છે ત્યાં અંશી-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અવયવી ( -કેવળજ્ઞાન ) પ્રત્યક્ષ જ છે.

લોકો પણ વસ્તુનો અંશ જોવા છતાં આખી વસ્તુને પ્રત્યક્ષ જોઈ એમ કહે છે. જેમ કોઈ બંદર ઉપર મોટો દરિયો ઊછળતો જુએ, પુનમની ભરતીનાં મોજાં ઉછળતા જુએ, ત્યારે બીજો કોઈ તેને પૂછે કે ભાઈ ! કેટલો દરિયો જોયો ? ત્યારે તરત જ કહે છે કે–મેં તો આખે આખો દરિયો જોયો. ત્યારે પૂછનાર કહે કે–દરિયાનાં મોટા માછલાં–મગરમચ્છ વગેરે બધું નજરે જોયું ? તો કહે કે –"મને તો એવો વિકલ્પ પણ નહોતો ઊઠયો, આખો જ નજરે જોયો એમાં શંકા જ નહોતી ઊઠી, આખા અને અંશ વચ્ચેનો ભેદ જ નથી." એમ અંશ જોવા છતાં પણ આખાને જોયું એમાં શંકા કરતો નથી. ત્યાં એ નિશંકતા ક્યાંથી આવી ? તેમ ચૈતન્ય આત્મા આખો અનંત ગુણોથી ભરચક પડયો છે, તેનો એક અંશ પ્રત્યક્ષ જોયો ત્યાં પૂર્ણ વસ્તુની શંકા જ નથી. પરને જોયું તેમાં આખા અને ઊણાનો ભેદ જ પાડતો નથી તો સ્વ દ્રવ્યમાં આખી વસ્તુનો એક અંશ ઊઘડયો ત્યાં પરિપૂર્ણ અને અંશ એવા ભેદ જ કોણ જાણે છે ! અખંડ પરિપૂર્ણ જ છે તેમાં શંકા જ નથી ને ! ત્રણલોકનો નાથ, ચૈતન્યગંજ આનંદનો સાગર છું, તેની પ્રતીત થઈ તેમાં વળી અંશ ઊઘડયો કે આખો તેના ભેદ જ ક્યાં છે ? અવસ્થા દ્વારા એક જ સામાન્યનું લક્ષ છે.

અહોહો ! જયધવલા ! જયધવલા ! ગજબ કરી છે. જ્યાં હાથમાં આવ્યું અને આ વિષય નજરે પડયો ત્યાં થયું કે –આહાહા ! ઓછી વસ્તુ જોઈ ( દેખી ) એવું છે જ ક્યાં ? પૂર્ણનો જ સ્વીકાર છે. બહારની વસ્તુમાં પણ અંશ જુએ છતાં આખાનો સ્વીકાર કરી લ્યે છે. એક લાખ રૂપિયાની લોનનો કાગળિયો હાથમાં આવે, ત્યાં તો માત્ર એક કાગળનો કટકો જ પ્રત્યક્ષ જુએ છતાં કહે છે કે–"આ લોનમાંથી લાખ રૂપિયા મળશે, જ્યારે જોઈએ ત્યારે આ લોનના લાખ રૂપિયાની સરકાર ના ન પાડે," એમ રૂપિયા લાવ્યા પહેલાં જ નક્કી કરે છે; તેમ આત્મામાં પણ અંશ પ્રત્યક્ષ છે ત્યાં આખી વસ્તુ પ્રત્યક્ષ જ છે, તેમાં ઊણા અધુરાનું લક્ષ કરતો જ નથી. અભેદ દૃષ્ટિના જ્ઞાનના પ્રત્યક્ષના જોરે નિર્મળદશા સહજ થાય છે.

અહો ! કેવળીનાં મુખમાં રહસ્યનો પોકાર આ જયધવલામાં કર્યો છે. કેવળીની જ વાત મૂકી છે. "હું અને તું સરખા" બોલ ! આ વાત બેસે છે ? જો કહે 'હા' –તો હાલ્યો આવ ! જ્ઞાનના પ્રત્યક્ષના જોરે દ્વૈતપણું છે– એટલે પરિપૂર્ણ વસ્તુને જાણે છે અને વર્તમાન પર્યાયને પણ જાણે છે, છતાં જે દર્શનનું સામાન્ય જોર છે તેમાંથી પોકાર ઊઠે છે કે "નહીં રે નહીં, ભેદ નહીં. અવસ્થાના અંશમાં આખી વસ્તુ જ આવી ગઈ છે. આખી વસ્તુ પ્રત્યક્ષ ન હોય તો વસ્તુનો અંશ પ્રત્યક્ષ છે' એમ કહેવું પણ ખોટું ઠરે છે, કેમકે વસ્તુ જોયા વિના 'આ અંશ વસ્તુનો છે' એમ નક્કી શી રીતે કર્યું ? તેથી અંશમા આખી વસ્તુ પ્રત્યક્ષ છે. હા પાડ અને હાલ્યો આવ ! હા જ પાડ" .

બંધાણી જ્યારે કસુંબો પીએ ત્યારે કોઈ "આવ્યો, આવ્યો" એમ કહે તો જ તેને નશો ચડે; તેમ અહીં સ્વભાવમાંથી જોર ચડે છે કે –"પૂર્ણ છું પૂર્ણ છું" પરિપૂર્ણ જ છું"

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેની હા પાડી તો પૂર્ણતા જ પ્રગટી જશે. અંતરથી પૂર્ણ સ્વભાવનું જોર ચડે કે–હા પરિપૂર્ણ જ છું, મારી અવસ્થા ઊણી હોઈ શકે જ નહીં; એમ જો હા પાડ તો હાલ્યો આવ સિદ્ધમાં, અને ના પાડતો જા નિગોદમાં.

પોતે જ્ઞાનસ્વરૂપ જ છે, ત્રિકાળ પરિપૂર્ણ જ્ઞાન સ્વરૂપ જ છો; એકવાર પરિપૂર્ણ સ્વરૂપનો અંતરથી સાચો હોંકારો આપે તે પૂર્ણ જ્ઞાનસ્વરૂપ પ્રગટ થઈ જ જાય.

અહો ! સંતોએ માર્ગ સહેલા કરી દીધાં છે. આત્મતત્ત્વના સાચા ભાન વિના તું શું કરીશ ભાઈ ? અનાદિ કાળમાં આત્મતત્ત્વના ભાન વિના પુણ્ય પણ અનંતવાર કરી ચૂક્યો, પણ ભાઈ ! જેનાથી જન્મ મરણના અંત ના આવે અને આત્મતત્ત્વની સ્વાધીનતા ન ખીલે એને તે કાંઈ આચરણ કહેવાય ? તેનાથી આત્માને શું લાભ ! બસ ! જે ભાવે જન્મ મરણ ટળે એ જ લાવ ! એ જ લાવ !

**( જયધવલા ૨૦,૨૧,૨૨,૨૩ કલમમાંથી, આત્મધર્મ અંક ૧૯, પેઈજ નં.-૧૧૦ )**

## શ્રી સમયસાર ૯૨ ગાથા ઉપરનું
## પૂ. ગુરુદેવનું પ્રવચન

[ ૐ ] રાગ–દ્વેષ, સુખ–દુઃખ આદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ હોવાથી આત્માથી અત્યંત ભિન્ન છે. પરંતુ અજ્ઞાનને લીધે તેનું ભેદજ્ઞાન નહીં હોવાથી અજ્ઞાની જીવ 'હું રાગી છું' – ઇત્યાદિ પ્રકારે રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે–એમ અહીં સમજાવે છે.

આ આત્મા પોતાના શુદ્ધ આનંદઘન સ્વરૂપના અજ્ઞાનથી ભગવાન આત્મા આનંદ સ્વરૂપ અને રાગ–દ્વેષ–કર્મ–નોકર્મરૂપ પર એ બેના ભેદને નહીં જાણતો થકો, રાગ–દ્વેષ–નોકર્મ મારા છે– એમ પરરૂપ પોતાને કરતો થકો, પોતે અજ્ઞાની રાગાદિનો કર્તા પ્રતિભાસે છે.

કહે છે કે સુખ–દુઃખની કલ્પના થાય છે તે નિશ્ચયથી પુદ્‌ગલની છે અને તેનું અહીં જ્ઞાન થયું એ જ્ઞાનને સુખ–દુઃખની કલ્પના –એ બેનું ભેદજ્ઞાન નહીં હોવાથી, અનાદિના એકત્વના અધ્યાયને લઈને 'હું રાગી છું' આદિ પ્રકારે રાગનો કર્તા પ્રતિભાસે છે. વ્રત–તપ–ઉપવાસ આદિનો ભાવ એ રાગ ને તેનું જ્ઞાન–એ બેના ભેદને જે જાણતો નથી તે, જેમ શીતઉષ્ણરૂપે આત્માનું પરિણમવું અશક્ય છે. –ક્યારેય ઠંડો ગરમ આત્મા થતો નથી તેમ, રાગ–દ્વેષ, સુખ–દુઃખની કલ્પનાના ભાવરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે. એવા રાગ–દ્વેષ–સુખ–દુઃખ આદિરૂપ અજ્ઞાનાત્મા વડે 'હું રાગાદિપણે પરિણમ્યો' – એમ માને છે. 'હું રાગાદિરૂપ થઉં છું' – એમ અજ્ઞાની માને છે પણ વસ્તુ રાગરૂપે પરિણમતી નથી.

ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે પણ જ્ઞાનપણે પ્રગટવું છોડીને અજ્ઞાનત્વ પ્રગટ કરતો પોતે સ્વયં અજ્ઞાનમય થયો થકો 'હું આ રાગનો કર્તા છું' – આદિ વિધિથી રાગાદિનો કર્તા અજ્ઞાની પ્રતિભાસિત થાય છે.

આત્માની પર્યાયમાં જે રાગાદિ દેખાય છે, રાગ–દ્વેષ–સુખ–દુઃખની કલ્પના દેખાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે પુદ્‌ગલની દશા છે. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે. આનંદ ને શાંતિની એ દશા તેની છે. રતિ–અરતિ આદિ ઉત્પન્ન થાય છે તે પુદ્‌ગલ કર્મના ઉદયનો સ્વાદ છે. જ્ઞાનમાં તે સ્વાદ જણાય છે. છતાં તે સ્વાદ છે તે મારો છે એવી મિથ્યાદૃષ્ટિની માન્યતા છે.

જેમ શીત–ઉષ્ણ એ પુદ્‌ગલની અવસ્થા છે તેથી તે પુદ્‌ગલ સાથે અભિન્ન છે, તેમ સુખ–દુઃખ આદિ કલ્પના એ પુદ્‌ગલની અવસ્થા છે, પુદ્‌ગલ કર્મના ઉદયનો એ સ્વાદ છે, એ તારા જ્ઞાનમાં ભાસે છે એ તારો સ્વાદ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે ને અતીન્દ્રિય આનંદનો સ્વાદ એ તારો સ્વાદ છે પણ અજ્ઞાની રાગ–દ્વેષને સુખ–દુઃખની કલ્પનાને મારી માની રહ્યો છે કે–જે જડની અવસ્થા છે.

રાગ–દ્વેષ–સુખ–દુઃખની કલ્પના એ તો પુદ્‌ગલની અવસ્થા છે. પુદ્‌ગલથી અભિન્ન છે ને આત્માથી અત્યંત ભિન્ન છે. પ્રભુ ! એકવાર સાંભળતો ખરો ! તારામાં અનંત ચૈતન્ય રત્નાકર ભર્યા છે, એની દૃષ્ટિ કરતા જે દશા પ્રગટ થાય એ તારી દશા છે. પરંતુ અજ્ઞાનને લીધે આનંદનો નાથ પ્રભુ અને રાગ–દ્વેષ આદિ જડની દશા એ બેનું ભેદજ્ઞાન નહીં હોવાથી એમ માને છે કે રાગ–દ્વેષ–સુખ–દુઃખાદિ અવસ્થા મારી છે, એ મારો જ સ્વાદ છે–એમ અજ્ઞાની અજ્ઞાનને લીધે માને છે. કારણ કે જ્ઞાન છે તે સ્વચ્છ છે તેથી જેમ શીત–ઉષ્ણ જ્ઞાનમાં જણાય એમ રાગાદિ જ્ઞાનની સ્વચ્છતાને લીધે જણાય છે ત્યાં અજ્ઞાનીને જાણે છે કે જ્ઞાન જ રાગાદિરૂપે થઈ ગયું હોય તેમ અજ્ઞાનથી ભાસે છે. જ્ઞાનની સ્વચ્છતામાં રાગાદિ જણાય છે, ઝળકે છે, પ્રતિબિંબિત થાય છે, ત્યાં અજ્ઞાની તેને જાણતા એમ માની લે છે કે એ મારા જ છે. કેમકે રાગાદિથી ભિન્ન સ્વરૂપની એને ખબર નથી. તેથી અજ્ઞાની એમ માને છે કે– ‘હું રાગી છું, હું દ્વેષી છું, ’ ઇત્યાદિ.

–આ રીતે અજ્ઞાની રાગ દ્વેષાદિનો કર્તા થાય છે.

**( આત્મધર્મ અંક - ૪૨૯, પેઈજ નં. -૪ થી ૬ )**

## પુરુષાર્થ સિદ્ધિ ઉપાય ગાથા-૧૪નાં પ્રવચનમાંથી

[ ૐ ] શ્રી પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની આ ૧૪ મી ગાથા છે. તેમાં સંસારનું મૂળ કારણ શું છે તે બતાવે છે.

પૂર્ણાનંદનો નાથ પ્રભુ–ભગવાન ચૈતન્ય સમાધિ સહિત છે તે વિકારી પરિણામ અને શરીરાદિથી રહિત સ્વભાવિક તત્ત્વ છે. છતાં અજ્ઞાની જીવોને મિથ્યાદૃષ્ટિમાં–હું રાગથી અને શરીરથી સહિત છું એમ ભાસે છે. અજ્ઞાની જીવ વર્ણ, ગંધ, સ્પર્શ, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય આદિથી હું સહિત છું એમ માને છે તે મિથ્યાત્વભાવ સંસારમાં રખડવાનું બીજ છે.

**बालिशानां** એટલે અજ્ઞાની–પોતાની જાતનો અજાણ અને કજાતને પોતાની જાતમાં ભેળવનાર મૂર્ખ અજ્ઞાની છે. તેને અશુભ અને શુભ વિકારી ભાવોમાં પોતાપણું ભાસે છે તે પ્રતિભાસ જ ખરેખર સંસારનું બીજ છે. અરે ! ભગવાનની ભક્તિ, સ્તુતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને ભગવાનનું સ્મરણ એ પણ નિજભાવ નથી, વિકારી ભાવ છે–તેમાં એકત્વબુદ્ધિ તે સંસારનું બીજ છે.

ચૈતન્યદેવ રાગથી રહિત છે છતાં અજ્ઞાનીને રાગરહિત ભાસે છે, એ પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. ચાહે તો એ રાગ ભલે દુનિયાનું ભલું કરી દેવાનો હો, પરોપકાર કરવાનો કે દાન દેવાનો હોય પણ તે નિજભાવ નથી. દાનના ભાવ અને દાન યોગ્ય વસ્તુ બંનેથી આત્મા રહિત છે. છતાં તેનાથી સહિત માનવો તે પ્રતિભાસ સંસારનું બીજ છે.

બહુ ટૂંકા શબ્દોમાં ધર્મની અને અધર્મની વ્યાખ્યા અહીં આપી દીધી છે પણ જીવને ગળે ઊતરવી કઠણ પડે છે.

ચૈતન્યબિંબ પ્રભુ તું તો જગતચક્ષુ છો. તું પોતે જગતરૂપ નથી. આખી દુનિયા અને રાગ અને જગતરૂપ છે તેનાથી તું સહિત નથી, રહિત છો. છતાં તને તું કર્મજનિત ભાવોથી સંયુક્ત ભાસે છે– મેલવાળો ભાસે છે, એ પ્રતિભાસ જ તારા ભવનું કારણ છે.

આ દવાનું જ્ઞાન, વકીલાતનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન એ બધાથી આત્મા રહિત છે. જો એ આત્માનું જ્ઞાન હોય તો તેનાથી આત્માને આનંદ આવવો જોઈએ પણ એ આત્માનું જ્ઞાન નથી, આત્મા તેનાથી રહિત છે; છતાં સહિત માનવો તે ચોરાશીના અવતારમાં રખડવાનું બીજ છે.

માણેક જેમ લાલ રંગનું છે તેમ સ્ફટિક લાલ રંગનું નથી પણ રતનના અપરીક્ષકને લાલ ઝાંયને કારણે સ્ફટિક જ લાલ છે એમ ભાસે છે. તેવી રીતે કર્મના નિમિત્તે આત્મા રાગાદિરૂપે પરિણમે છે તે રાગાદિ આત્માના નિજભાવ નથી. તીર્થંકરગોત્રને યોગ્ય ભાવ થાય તો પણ નિજભાવ નથી. અહિંસા, સત્ય, આદિ ભાવો પણ જીવના નિજભાવ નથી એમ ધર્મી તો બરોબર જાણે છે પણ અજ્ઞાની–અપરીક્ષક જીવ તેને નિજભાવ માને છે. જે ભાવથી પોતે રહિત છે તેનાથી પોતાને સહિત માનીને અજ્ઞાની ચૈતન્યના નિર્મળાનંદ સ્વરૂપને કલંક લગાડે છે.

જેમ લાલ ફૂલના સંગે સ્ફટિકમાં લાલ ઝાંય દેખાય છે પણ તે લાલાશ સ્ફટિકમણિની નિર્મળતામાં પેસી ગઈ નથી. તેમ કર્મના નિમિત્તે થતાં શુભાશુભ વિકલ્પ આત્માની શુદ્ધતામાં પેસી જતા નથી. આવા નિજ સ્વભાવને ઓળખે તેને ધર્મ થાય છે. આ પરમાત્માનો મારગ છે. રાગાદિ આત્માના સ્વરૂપમાં પેઠા વગર ઉપર ઉપર ઝલકરૂપે દેખાય છે. ચૈતન્યબિંબમાં રાગ પેસી શક્તો નથી. તે રાગ ભલે દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાનો હો! પંચમહાવ્રતનો હો! કે શાસ્ત્ર ભણતરનો હો! એ બધો રાગ ઉપર ઉપર તરે છે, સ્વભાવમાં પેસતો નથી. આવા સ્વભાવની દૃષ્ટિ કરીને અનુભવ કરવો તે ધર્મ છે. **( આત્મધર્મ અંક - ૫૪૯, પેઈજ નં. -૩ થી ૮ માંથી )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ઇષ્ટોપદેશના ગાથા-૫૦ ના પ્રવચનમાંથી -

[ ૐ ] ભગવાન આત્મા જ્ઞાન, આનંદ આદિ અનંતગુણ સંપન્ન સત્ય વસ્તુ છે. તે રાગાદિ પુદ્‌ગલથી ભિન્ન છે અને રાગાદિ પુદ્‌ગલ આત્માથી ભિન્ન છે. એટલું કહેવામાં સત્યાર્થ આત્માનું ગ્રહણ, જ્ઞાન, નિર્ણય અને અનુભવ થઈ જાય છે. કેમકે શરીર, રાગાદિ અને ભૂતાર્થ ભગવાન આત્માનો ભેદ ભાસતાં જ્ઞાનમાં આત્મા જ્ઞેય થઈ જાય છે. અનંતગુણોમાં એક પ્રમેયત્વગુણ છે તે પ્રમેયત્વગુણના કારણે અનંત ગુણસ્વરૂપ આત્મા જ્ઞાનમાં પ્રમેય થઈ જાય છે.

આત્મામાં પરમેશ્વર થવાનો ગુણ છે. એક પ્રભુત્વગુણના કારણે અનંતગુણોમાં પરમેશ્વરતા વ્યાપેલી છે. ભેદજ્ઞાન થતાં આત્મા પરમેશ્વર સ્વરૂપ છે એમ દૃષ્ટિમાં ભાન થઈ જાય છે. અનંતકાળથી જેને જાણતો ન હતો તેને જ્ઞાનમાં જ્ઞેય બનાવી –પ્રમાણજ્ઞાનમાં પ્રમેય બનાવી જ્ઞાનમાં તેનો નિર્ણય અને ગ્રહણ કરી લે છે.

બહુ ઝીણી પણ બહુ ટૂંકી અને ઘણી સરસ વાત આવી છે. અનંતકાળમાં જીવે કદી સ્વને પ્રમેય બનાવ્યો નથી તેને પ્રમેય બનાવવાની આ વાત છે.

અજ્ઞાની જગતના પદાર્થ જોવા મથે છે, રાગ જોવા મથે છે, શરીરને જોવા મથે છે પણ એ બધા પદાર્થો તો આત્માથી જુદા છે. એ બધાથી જુદા એવા આત્માને જોવા માટે કદી મંથન કર્યું છે ? વકીલાતનું જ્ઞાન, ડોકટરનું જ્ઞાન, મશીનોનું જ્ઞાન એવું બધું જ્ઞાન કર્યું–બધાને પ્રમેય બનાવ્યા પણ પોતાને પ્રમેય ન બનાવ્યો. હવે, હજી પણ આટલું સાંભળીને ભેદજ્ઞાન કરે તો થાય એવું છે.

વર્તમાન જ્ઞાન પોતાના પૂર્ણ જ્ઞેય તરફ ઢળતાં–અનંતગુણરૂપ એક આત્મા તેના જ્ઞાનનું પ્રમેય થતાં–સાચું પ્રમાણજ્ઞાન થાય છે. રાગાદિ આત્માથી જુદાં છે અને આત્મા રાગાદિથી જુદો છે એવું સાંભળી ભૂતાર્થ, સત્યાર્થ ભગવાન આત્મા તરફ લક્ષ કરતાં જ્ઞાનમાં આખો આત્મા ગ્રહણ થઈ જાય છે– નિર્ણયમાં આવી જાય છે.

**સર્વને જોનાર, જાણનાર એવા આત્માને જાણ્યા વગર બીજા કોઈને વ્યવહારથી પણ જીવ જાણી શકતો નથી. માટે પ્રથમ આત્માને જાણવાનો છે.** રાગાદિથી આત્મા જુદો છે એમ જાણીને નિચોડ શું કાઢવો ? ગ્રહણ શું કરવું ? તારવવું શું ? કે **વર્તમાન જ્ઞાનમાં જ્ઞાન-સ્વરૂપ આત્માને જ્ઞેય બનાવવો**-જેથી આખા જ્ઞાયકનો નિર્ણય થઈ જશે. આત્મા દૃષ્ટિમાં આવી જશે પછી તેમાં જ ઠરવા લાયક છે, રમવા લાયક છે એમ લાગશે. રાગાદિમાં રમવા જેવું નહીં લાગે.

ભાઈ ! તું ક્યાં છો ? તું કેવડો છો ? કેવો છો ? એ બધા પ્રશ્નોનો જવાબ જ્ઞાયક ઉપર દૃષ્ટિ મૂકતાં જ તને મળી જશે.

કોઈ એમ કહે કે અમને આત્મા જણાતો નથી તેણે આત્માનો જ નિષેધ કર્યો છે. ન જણાય એવા કોઈ ગુણ જ આત્મામાં નથી. દરેક ગુણ જણાય તેવો પ્રમેયત્વ ગુણ તેનામાં પડયો છે. તેનો નિષેધ કર્યો તેણે આત્મા જ નથી એમ આત્માનો નિષેધ કર્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. કેમકે પ્રમેયત્વગુણ આખા આત્મામાં વ્યાપેલો છે. માટે પ્રમેયત્વગુણનો નિષેધ કરતાં આત્માનો નિષેધ થઈ જાય છે.

કાચના કટકાની વચ્ચે હીરો પડયો હોય પણ તે હીરો અને કાચના કટકા જુદાં છે. તેમ પરદ્રવ્ય અને વિભાવની વચ્ચે રહેલો આત્મા તેનાથી જુદો છે. તે ચૈતન્ય હીરો જાણવા લાયક- જોવા લાયક છે. **નિશ્ચયથી** આત્માને જાણે ત્યારે પુદ્‌ગલ વિભાવ આદિને જાણવા તે વ્યવહાર છે. **આત્માને જાણ્યા વગર પરને જાણવું તે વ્યવહારેય નથી.** અહા ! વસ્તુનું સ્વરૂપ જ કોઈ એવું છે કે–ચારે બાજુથી સત્ય ઉભું થાય છે.

પ્રભુ ! તું પ્રભુતારૂપે પરિણમી જા એવી તારામાં તાકાત છે. તું પામરતારૂપે પરિણમ એવી તારામાં તાકાત નથી. આત્મા શરીરપણે છે કે વિકારપણે છે એમ જ્ઞાનમાં પ્રમેય થાય એમ તો બનતું જ નથી પણ આત્મા અલ્પજ્ઞપણે છે એમ પણ જ્ઞાનમાં પ્રમેય થતું નથી. આત્મા તો જ્ઞાનમૂર્તિ, આનંદમૂર્તિ, અનંતબળ સ્વરૂપ, સ્વચ્છસ્વરૂપ- એવા સ્વભાવરૂપ સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થાય એવો આત્મા છે.

આત્માને જાણ્યો ક્યારે કહેવાય ? કે જ્યારે તેના ગુણોનું અભેદ સ્વરૂપ દૃષ્ટિમાં આવી જાય ત્યારે આત્માને જાણ્યો કહેવાય. અનંતગુણનો લાભ શું છે તે જ્ઞાનમાં આવી જાય છે.

અનાદિથી અજ્ઞાની બહાર દૃષ્ટિ કરી–કરીને મરી ગયો છે. પોતાનાથી જુદાં એવા બધાને જોવા જતાં પોતે જોવાનો આખો રહી જાય છે.... તેની તેને ખબર પણ નથી. અનંતકાળમાં કદી એણે સ્વરૂપનું મંથન કર્યું જ નથી. **ખરેખર પોતાને જાણ્યા વગર પરને પણ જીવ જાણી શકતો નથી. નિશ્ચય વગર વ્યવહાર હોતો નથી.**

આ બધી વાતો જીવને અગમ–નિગમ જેવી લાગે છે.... પણ બાપા ! તું તો અગમ નિગમનો નાથ છો !

**( આત્મધર્મ અંક - ૫૫૧, સંવત ૨૦૪૫, પેઈજ નં.-૩-૪-૫-માંથી )**

## પ્રભુની પ્રભુતા

[ ૐ ] આ નવા વર્ષનું પ્રભાત છે, તેમાં માંગલિક તરીકે આત્માની પ્રભુતાની અપૂર્વવાત નીકળી છે. જેને આત્માની પ્રભુતાનો વિશ્વાસ આવ્યો તેના આત્મામાં સમ્યગ્દર્શનરૂપી પરોઢિયું થયું- અંશે સુપ્રભાત શરૂ થયું, હવે અલ્પકાળમાં સુપ્રભાત થશે અને ઝળહળતો કેવળજ્ઞાન સૂર્ય ઊગશે. આચાર્યદેવ કહે છે કે એવો ચૈતન્ય ચમત્કાર જયવંત વર્તે છે.

આત્મામાં પ્રભુત્વ સ્વભાવ છે. આત્માનો એકેક પર્યાય પણ સત્ અહેતુક સ્વતંત્ર પ્રતાપથી શોભે છે. આત્માના પ્રભુત્વ સ્વભાવનું ભાન અને એકાગ્રતા કરતાં જે કેવળજ્ઞાન પ્રગટયું તે કેવળજ્ઞાનની પ્રભુતા પાસે લોકાલોક પણ અલ્પ થઈ ગયા. સ્વભાવના આશ્રયે જ્ઞાનની બેહદતા ખીલી નીકળી ત્યાં લોકાલોકની હદ આવી ગઈ, જ્ઞાન લોકાલોકને પાર પામી ગયું. આવા જ્ઞાન સ્વભાવના ભાનમાં માંગલિક જ છે, સ્વભાવ તરફ વાળીને એકાગ્ર થયો ત્યાં અમાંગલિક કાંઈ રહે જ નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્મામાં જ પ્રભુતા છે, કોઈ બીજાની સહાય વગર પોતે પોતાથી પૂરો છે, પણ જેને પોતાના આત્માની પ્રભુતાનો વિશ્વાસ નથી તે જીવ બહારની વસ્તુઓથી પોતાની મોટાઈ કે સુખ માને છે, અને તેથી બહારની વસ્તુઓ મેળવવાની ભાવના કરે છે. આજે બેસતા વરસના પ્રભાતે અજ્ઞાની લોકો લક્ષ્મી, બાયડી-છોકરાં, શરીરની નિરોગતા, વસ્ત્ર વગેરે બહારની વસ્તુઓને મેળવવા માગે છે. પણ આચાર્ય ભગવાન કહે છે કે ભાઈ ! તું જ્ઞાન છો, તારી પ્રભુતા તારામાં છે તારા જ્ઞાનમાં એવી પ્રભુતા છે કે બધાને જાણે, પણ તારા જ્ઞાનમાં તું લક્ષ્મી વગેરે પર વસ્તુને મેળવવાનું માને તે અજ્ઞાન છે. જ્ઞાન કદી પર વસ્તુને મેળવી શકતું નથી, અને પર વસ્તુ કદી જ્ઞાનમાં આવતી નથી.

આ લોકમાં તો અનંતા અનંત પર પદાર્થો છે, તેમાંથી તું લક્ષ્મી વગેરે થોડા પદાર્થો મેળવવા માગીશ તો તારું જ્ઞાન તે થોડા પદાર્થોના લક્ષે વિકારમાં અટકી જશે; અને તે અટકેલું જ્ઞાન એક પદાર્થને પણ યથાર્થ જાણી નહીં શકે. માટે તું થોડીક પરવસ્તુને મેળવવાની ( જે ભાવના કરે છે ) તે ભાવનાને છોડીને; જ્ઞાન સ્વભાવના લક્ષે એકાગ્ર થઈને તારા જ્ઞાનમાં ત્રણકાળ-ત્રણલોકને જ્ઞેય તરીકે મેળવ તો કોઈ આત્મામાં કાંઈ પર પદાર્થો પ્રવેશી જતા નથી, માત્ર જ્ઞાનમાં જણાય છે. પોતાના જ્ઞાન-સ્વભાવના વિશ્વાસે જેને કેવળજ્ઞાન ખીલ્યું તેને આખા લોકના પદાર્થો જ્ઞેય તરીકે મળ્યા. કેવળ-જ્ઞાન થતાં એક પણ પદાર્થ જ્ઞાનમાં જણાયા સિવાય ન રહે. અજ્ઞાની એકેક વસ્તુને મેળવવાની ભાવનામાં અટકે છે તેને બદલે અહીં તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે એક સાથે ત્રણકાળ-ત્રણલોકના પદાર્થો મળી જાય- એવી વાત કરી. આનું નામ સુપ્રભાત માંગલિક ! જ્ઞાનીઓ આવા કેવળજ્ઞાન સુપ્રભાતની ભાવના કરે છે. લક્ષ્મી વગેરે બહારની વસ્તુઓ તો 'ધૂળધમાહ' છે તેની ભાવના જ્ઞાની કરતા નથી.

ખરેખર કોઈ જીવ પર વસ્તુને મેળવતો કે ભોગવતો નથી. અજ્ઞાની પર વસ્તુને મેળવવાની કે ભોગવવાની ભાવના કરે છે; પણ તે અજ્ઞાનીના આત્મામાં કાંઈ પર વસ્તુ આવી જતી નથી. અજ્ઞાની પણ ખરેખર તો તેને જાણે જ છે, પણ પરને જાણતાં 'આ મારું, આનું હું કરું, આને હું ભોગવું' – એમ મોહ ભાવ સહિત જાણે છે. પરંતુ તે કાંઈ પરને પકડતો કે ભોગવતો નથી. તો સંપૂર્ણજ્ઞાની ( છે તે ) રાગ-દ્વેષ-મોહ વગર એક સાથે ત્રણકાળ-ત્રણલોકને જાણે જ છે. અહીં તો આત્માને કેવળજ્ઞાન થાય અને ત્રણકાળ-ત્રણલોકના સર્વ પદાર્થો તેને જ્ઞેય તરીકે એક સાથે મળે અને સદાય એમ ને એમ રહ્યા જ કરે-એવી વાત કરી. પરને મેળવવાની ભાવના કરશે તેને એક પણ પદાર્થનું જ્ઞાન યથાર્થ નહીં થાય, એટલે તેના જ્ઞાનમાં એક પણ પદાર્થ નહીં મળે. અને પોતાના પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવની ભાવના કરીને તેમાં એકાગ્ર થતાં એક સાથે સર્વ પદાર્થો જ્ઞાનમાં નિમગ્ન થઈ જાય છે. -જ્ઞેય તરીકે મળે છે.

હવે, પરની ભાવના જીવ ક્યારે ન કરે ? જો પોતાના આત્મામાં પૂરેપૂરી પ્રભુતા છે તે જાણે તો તે સ્વભાવની જ ભાવના કરે અને પરની ભાવના ન કરે. પણ જો સ્વભાવની પ્રભુતાને જાણે નહીં ને અપૂર્ણતા કે વિકારને પોતાનું સ્વરૂપ માને તો તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ કદી પરને મેળવવાની ભાવના છોડે નહીં, ને તેના જ્ઞાનમાં ત્રણકાળ–ત્રણલોક કદી જ્ઞેય તરીકે મળે નહીં.

જેમ નદીમાં પાણીનો પ્રવાહ ચાલ્યો જતો હોય ત્યાં, કાંઠે ઉભેલો માણસ 'આ મારું પાણી છે' એમ માનીને તેને રોકી રાખવા માગે તો તે મૂર્ખ છે, પાણી તો તેના પ્રવાહમાં વહ્યું જ જાય છે; તેમ આ જગતના બધા પદાર્થો પોતાના પર્યાયરૂપી પ્રવાહળરું ચાલ્યા જ જાય છે, – દરેક પદાર્થ ક્ષણે ક્ષણે પોતાના પર્યાયમાં પરિણમ્યા જ કરે છે. તેને જાણવાનો જીવનો સ્વભાવ છે; તેને જાણતાં અજ્ઞાની જીવ 'આ મારું છે', હું તેનો કર્તા છું" એમ માનીને પરને પકડી રાખવા માગે છે, પરંતુ તે જીવ એક પણ પદાર્થને પકડી રાખી નહીં શકે. પણ તે પકડ છોડીને સ્વભાવની એકાગ્રતાથી જો જાણે તો એક સાથે બધાય પદાર્થોને જાણી શકશે ! જીવનો સ્વભાવ જાણવાનો છે ને પદાર્થોનો સ્વભાવ જ્ઞાનમાં જણાવવાનો છે. અજ્ઞાની જીવ પોતાના જ્ઞાન સ્વભાવને ભૂલીને પર વસ્તુમાં સુખ માને છે ને પર વસ્તુનો સંયોગ મેળવવા માગે છે, પણ અહીં તો આચાર્ય ભગવાન જ્ઞાનમાં એક સાથે બધાય પદાર્થો જ્ઞેયપણે મળે એવી વાત કરે છે. બધા પદાર્થોને જાણવારૂપે જ્ઞાન પરિણમી ગયું ત્યાં આકુળતા ન રહી, તે જ સુખ છે. કોઈ પર વસ્તુમાં સુખ નથી. શું લાડવામાં સુખ છે ? જો લાડવામાં સુખ હોય તો ચોવીસે કલાક લાડવા ખાધા જ કરે ! લુગડામાં સુખ હોય તો ઉપરા ઉપરી લૂગડા પહેર્યા જ કરે ! વિષયોમાં સુખ હોય તો ચોવીસે કલાક વિષય ભોગવ્યા જ કરે ! એ બધામાં ક્યાંય સુખ નથી, તેથી તેના લક્ષે કંટાળો આવી જાય છે.

માટે આચાર્યદેવ કહે છે કે ભાઈ ! તારા જ્ઞાનની પ્રતીત તો કર. તારા જ્ઞાન સ્વભાવમાં તારી પ્રભુતા ભરી છે તેનો વિશ્વાસ કર. 'અહો, મારા જ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ–ત્રણલોક જ્ઞેય તરીકે સમાઈ જાય–એવી મારી પ્રભુતાનો અખંડ પ્રતાપ છે' – એમ પોતાની પ્રભુતાનો એવો દૃઢ વિશ્વાસ કર કે ફરીથી કદી કોઈ અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં સુખ કે દુઃખની કલ્પના ન થાયઃ અને અખંડ પ્રતાપવાળું કેવળજ્ઞાન લેવામાં વચ્ચે વિઘ્ન ન આવે.

અહો જીવો ! પ્રતીત તો કરો ! સ્વભાવની પ્રતીત તો કરો. આત્મ સ્વભાવમાં અખંડ પ્રભુતા છે તે પ્રભુતાની પ્રતીત તો કરો. આત્મા એક સમયના વિકાર જેટલો તુચ્છ –પામર નથી પણ ત્રિકાળી અનંત શક્તિઓનો ધણી પ્રભુ છે. તે પ્રભુતાની પ્રતીત કરતાં પર્યાયમાંથી એક સમયનો વિકાર ટળી ને પ્રભુતા પ્રગટે છે, ને કેવળજ્ઞાન પર્યાયના અખંડ પ્રતાપથી આત્મા શોભે છે. આત્માના એક કેવળજ્ઞાન પર્યાયમાં એક સાથે લોકાલોકના સમસ્ત પદાર્થો જણાય છે તો પણ તે પર્યાયમાં ખંડ પડતા નથી. એક પર્યાયમાં અનેક પદાર્થો જણાય છે તો પણ તેની એકતા ખંડિત થતી નથી, એવો પર્યાયનો પ્રતાપ અખંડ છે.

જેમ એક અરીસામાં એક સાથે લાખો વસ્તુ જણાય છે છતાં અરીસાના કાંઈ લાખ ટુકડા થઈ જતા નથી, અરીસો તો અખંડિત એક જ રહે છે, તેમ આત્માની એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વચ્છ પર્યાયમાં એક સાથે અનંત પદાર્થો જણાય છે છતાં પર્યાયમાં અનેકતા થતી નથી, વિકાર થતો નથી; એવું કેવળજ્ઞાન તે ચૈતન્યનો ચમત્કાર છે. આચાર્ય ભગવાન માંગલિક કરતાં કહે છે કે– એવા કેવળજ્ઞાનરૂપી ચૈતન્ય ચમત્કાર જયવંત વર્તે છે! આત્મામાં કેવળજ્ઞાન દશા પ્રગટી તે જયવંત વર્તે છે.

જુઓ! આજે સુપ્રભાત મંગળ છે. ગઈકાલે પરોઢિયે શ્રી મહાવીર પ્રભુ મુક્તિ પામ્યા ને સાંજે શ્રી ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા, તેનાં આ ગાણાં છે. આત્મામાં એવી કેવળજ્ઞાન અને સિદ્ધ દશા પ્રગટે તે સુપ્રભાત છે.

જાણવું તે જ ચૈતનયનો ચમત્કાર છે. જ્ઞાન ઘણું જાણે તો પણ તેની એકતા તૂટતી નથી. જ્ઞાન આત્મ સ્વભાવમાં જ એકતારૂપે પરિણમી ગયું છે, હવે તે એકતામાં ખંડ પડતો નથી. ઘણા લાડવાનો ઢગલો પડયો હોય તે બધા લાડવા ખાઈ ન શકાય, પણ એક સાથે જાણી શકાય. ઘણા લાડવા એક સાથે ખાય તો પેટ ફાટે પણ લાડવાનો મોટો ઢગલો હોય તેને જ્ઞાન જાણે તો જ્ઞાન કાંઈ ફાટતું નથી, જ્ઞાનમાં ખંડ પડતા નથી. ઘણા રોટલી–કેળાં હોય, ત્યાં અમુક ખવાય, બધા એક સાથે ખાઈ ન શકાય, પણ જ્ઞાન એક સાથે તેને જાણે તો ય જ્ઞાનમાં ભાર પડે નહીં, અનંત પદાર્થોને એક સાથે જાણે છતાં જ્ઞાન પર્યાય એક મટી ને બે ન થઈ જાય. જ્ઞાનના એક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ અંશો હોવા છતાં પર્યાયની એકતા છે, અનંત અવિભાગ પ્રતિચ્છેદોને લીધે એક પર્યાયના અનંત ખંડ પડી જતા નથી; પણ અખંડતા જ રહે છે. આવું સ્વાભાવિક કેવળજ્ઞાન પ્રગટયું તે જ બેસતું વર્ષ છે. જેના આત્મામાં એવું કેવળજ્ઞાન પ્રગટયું તેને ફરીથી અવતાર નથી.

**જેણે એવા કેવળજ્ઞાનની પ્રતીત કરી-શ્રદ્ધા કરી તેણે પોતાના આત્મામાં કેવળજ્ઞાન લેવાનાં પગરણ માંડયાં છે, કેવળજ્ઞાન માટે પ્રસ્થાનું મૂક્યું છે. 'કેવળજ્ઞાન જયવંત વર્તે છે' એમ જેણે પૂર્ણજ્ઞાનની પ્રતીત અને આદર કર્યો તે જીવ અપૂર્ણતાને કે વિકારને આદરે નહીં, નિમિત્તનો આશ્રય માને નહીં, પણ પોતાના પૂર્ણ જ્ઞાન સ્વભાવનો આદર તથા આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામીને વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટ કરે છે.**

કેવળજ્ઞાનમાં લોકાલોકના સર્વ પદાર્થો નિમગ્ન થાય છે અથવા ઝળકે છે એમ આ કળશમાં કહ્યું છે–તે જ્ઞાનનું સામર્થ્ય બતાવવા કહ્યું છે, જ્ઞાનમાં લોકાલોકને જાણવાનું સામર્થ્ય પ્રગટી ગયું છે તે બતાવવા માટે એમ કહ્યું છે. ખરેખર કાંઈ પરવસ્તુઓ જ્ઞાનમાં પ્રવેશી જતી નથી, અથવા અરીસાની જેમ જ્ઞાનમાં કંઈ પરવસ્તુનું પ્રતિબિંબ ઝળકતું નથી. જ્ઞાન તો અરૂપી છે. તેમાં પર વસ્તુ કઈ રીતે ઝળકે? માત્ર જ્ઞાનમાં બધું જાણવાનું સામર્થ્ય પ્રગટી ગયું છે અને બધા પદાર્થો જ્ઞાનમાં જણાય જાય છે–તે અપેક્ષાએ કથન છે. **( આત્મધર્મ -૬૨, પેઈજ નં.-૪૩-૪૪-૪૫ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સ્વભાવને અવલંબનાર જ્ઞાનની અગાધ તાકાત

[ ૐ ] **નિજસ્વભાવને અવલંબતા જ્ઞાનમાં પરજ્ઞેયને જાણવાની આકુળતા રહેતી નથી.**

**મારો આત્મા સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે-એવો નિર્ણય કરીને જેણે અંતર્મુખ જ્ઞાનમાં પોતાના આત્માને સ્વજ્ઞેય બનાવ્યો તે સાધકજીવની રાગથી જુદી પડેલી જ્ઞાનપર્યાયમાં કેટલું અગાધ સામર્થ્ય છે! કેટલી અગાધ શાંતિ છે! તેને ઓળખતાં પણ આત્મામાં સાધકભાવની ધારા ઉલ્લસી જાય!**

સાધકની વર્તમાન પર્યાયમાં ત્રણકાળના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણવાની તાકાત છે. ધર્મીને જેમ પોતાની વર્તમાન–પર્યાયની તાકાતનો વિશ્વાસ છે, તેમ ભવિષ્યની પર્યાયની તાકાતનો પણ વિશ્વાસ છે... એટલે ભવિષ્યને માટે અત્યારે ધારણા કરી લઉં–એમ ધારણા ઉપર તેનું જોર જતું નથી. ભવિષ્યમાં મારી જે પર્યાય થશે ત્યારે તે પર્યાય પોતાના તે વખતના વિકાસના બળે ભૂત–ભવિષ્યને જાણી જ લેશે. એટલે ભવિષ્યની પર્યાય માટે અત્યારે ધારણા કરી લઉં કે બહારનો ક્ષયોપશમ વધારી લઉં એમ ધર્મીનું લક્ષ નથી; તે–તે વખતની ભવિષ્યની પર્યાય અતીન્દ્રિયસ્વભાવના અવલંબનના બળે જાણવાનું કાર્ય કરશે. અહો, આત્માની અનુભૂતિમાં જ્ઞાન એકાગ્ર થયું ત્યાં ધર્મીને બીજું કાંઈ જાણવાની આકુળતા નથી. જ્યાં જ્ઞાયકસ્વભાવ આખોય અનુભૂતિમાં સાક્ષાત્ વર્તે છે ત્યાં થોડા થોડા પરજ્ઞેયોને જાણવાની આકુળતા કોણ કરે? એ વાત પ્રવચનસારની ૩૩ મી ગાથામાં કરી છે. – "વિશેષ આકાંક્ષાથી ક્ષોભથી બસ થાઓ; સ્વરૂપ–નિશ્ચળ જ રહીએ છીએ."

સ્વભાવને અવલંબીને જે જ્ઞાન કામ કરે તેની મહત્તા પાસે શાસ્ત્રના અવલંબનરૂપ ધારણાની મહત્તા રહેતી નથી. જેને બીજા જાણપણામાં મહત્તા ભાસે છે તે જીવ નિજસ્વભાવને જાણવા તરફનું જોર ક્યાંથી લાવશે? એને મહત્તા તો બહારના જાણપણામાં વર્તે છે. વર્તમાન જ્ઞાન અંદર જ્ઞાનસ્વભાવમાં ઊતરી જાય–તેની ખરી કિંમત છે; તે પર્યાયમાં અનંત ચમત્કારીક તાકાત છે... તે રાગથી સર્વથા જુદી પડીને ચૈતન્યના અનંતગુણની ગૂફામાં ઘૂસી ગઈ છે. તે પર્યાય વર્તમાન પોતાની અગાધ તાકાતને જાણે છે, તેમજ ભવિષ્યની તે–તે પર્યાયમાં સ્વભાવના અવલંબને જે અગાધ તાકાત છે તેનો પણ વિશ્વાસ અત્યારે તેને આવી ગયો છે. ભલે અમુક ક્ષેત્રમાં ને અમુક સમયમાં કેવળજ્ઞાનાદિ થશે–એમ જુદું પાડીને તે ન જાણે, પણ સ્વભાવના અવલંબને તેને પ્રતીત થઈ ગઈ છે કે જેમ અત્યારે મારી **સ્વસન્મુખ** પર્યાય રાગથી જુદી રહીને અતીન્દ્રિય સ્વભાવના અવલંબને મહાન આનંદમય કામ કરી રહી છે, તેમ ભવિષ્યમાં પણ મારી પર્યાયો મારા અતીન્દ્રિય સ્વભાવને જ અવલંબીને અચિંત્ય–ચમત્કારિક તાકાતથી કેવળજ્ઞાનાદિ કાર્ય કરશે. આવા સ્વભાવનું અવલંબન મને વર્તે જ છે પછી 'વધારે જાણું' એવી આકુળતાનું શું કામ છે? સર્વને જાણવાના સામર્થ્યવાળો જે સર્વજ્ઞસ્વભાવ, તેનું જ અવલંબન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લઈને પર્યાય જ્ઞાનરૂપે પરિણમી રહી છે, ત્યાં લોકાલોકને જાણવાની આકુળતા રહેતી નથી; **સ્વસન્મુખી** જ્ઞાનમાં પરમ ધીરજ છે, આનંદની લીલાલહેર છે.

ઘણા અંગ–પૂર્વ જાણી લઉં તો મને આનંદ વધારે થાય–એમ વિશેષ જાણવા ઉપર જ્ઞાનીનું જોર નથી, પરંતુ મારો જે જ્ઞાનસ્વભાવ છે–તેમાં ઠરું તેટલી મને શાંતિ છે. અહો, જ્ઞાન તો કાંઈ આકુળતા કરે ? ના; જ્ઞાન તો નિર્વિકલ્પ થઈને અંદર ઠરે.

અંતરમાં સ્વસંવેદનજ્ઞાન ખીલ્યું ત્યાં પોતાને તેનું વેદન થયું, પછી તેને બીજા જાણે કે ન જાણે–તેની કાંઈ જ્ઞાનીને અપેક્ષા નથી. જેમ સુગંધી–ફૂલ ખીલે છે તેની સુગંધ બીજા કોઈ લ્યે કે ન લ્યે, તેની અપેક્ષા ફૂલને નથી, તે તો પોતે પોતામાં જ સુગંધથી ખીલ્યું છે. તેમ ધર્માત્માને પોતાનું આનંદમય સ્વસંવેદન થયું છે તે કોઈ બીજાને દેખાડવા માટે નથી; બીજા જાણે તો પોતાને શાંતિ થાય–એવું કાંઈ ધર્મીને નથી; એ તો અંદર એકલો–એકલો પોતાના એકત્વમાં આનંદરૂપે પરિણમી જ રહ્યો છે.

બૌદ્ધો આત્માને સર્વથા ક્ષણિક ( વર્તમાન પર્યાય જેટલો જ ) માનનારા ક્ષણિકવાદી કહેવાય છે. પરંતુ ખરેખર તો દ્રવ્યસ્વભાવની તાકાતને જાણ્યા વગર તેની એક પર્યાયનું પણ સાચું જ્ઞાન થતું નથી. કેમકે એક શુદ્ધ પર્યાયમાં પણ એટલી તાકાત છે કે અનાદિઅનંત દ્રવ્યને, તેના અનંતગુણોને તેમજ ત્રણેકાળની પર્યાયોને જાણી લ્યે છે. હવે એક પર્યાયની આટલી તાકાતનો સ્વીકાર કરવા જાય તેમાં તો ત્રિકાળી દ્રવ્ય–ગુણ–પર્યાયનો પણ સ્વીકાર આવી જ જાય છે. એના વગર શુદ્ધ પર્યાયની તાકાતનો પણ સ્વીકાર થતો નથી.

**અરે, જ્ઞાનીની જ્ઞાનપર્યાયમાં પણ કેટલી તાકાત છે તેની જગતને ખબર નથી. પર્યાયની અગાધ તાકાતનો નિર્ણય કરવા જાય તો ત્યાં પણ જ્ઞાન રાગથી છૂટું પડીને અંદર સ્વભાવમાં ઘૂસી જાય. પર્યાયે-પર્યાયે જ્ઞાનીનું જ્ઞાન રાગથી છૂટું જ કાર્ય કરે છે.**

અહા ! ત્રણકાળને વર્તમાનમાં જાણી લ્યે–આવી જ્ઞાનપર્યાયની તાકાત જેના વિશ્વાસમાં આવી ગઈ, તેને બહારનો ક્ષયોપશમ વધારવાની આકુળતા રહેતી નથી, તેની જ્ઞાનપર્યાય રાગથી છૂટી પડીને, અખંડ જ્ઞાનસ્વભાવના આશ્રયે કામ કરે છે, ને એ જ રીતે ભવિષ્યમાં પણ તે–તે કાળની પર્યાયમાં સ્વભાવના આશ્રયે ત્રણકાળને જાણવાની તાકાત ખીલશે, તેનો ભરોસો અત્યારે સ્વસન્મુખ થયેલી વર્તમાન પર્યાયમાં આવી ગયો છે.

ત્રિકાળી દ્રવ્ય–ગુણ તથા ત્રણકાળની પર્યાયો–તે બધા જ્ઞેયોને સ્વીકાર્યા વગર, તે જ્ઞેયોને જાણવાના સામર્થ્યવાળી જ્ઞાનપર્યાયનો પણ સ્વીકાર થઈ શકે નહીં એટલે જ્ઞાનની એક શુદ્ધ પર્યાયનો પણ જો ખરો સ્વીકાર કરવા જાય તો તે પર્યાયના જ્ઞેયરૂપ સમસ્ત દ્રવ્ય–ગુણ–પર્યાયનો પણ સ્વીકાર થઈ જાય તો તે પર્યાયના જ્ઞેયરૂપ સમસ્ત દ્રવ્ય ગુણ પર્યાયનો પણ સ્વીકાર થઈ જાય છે. દ્રવ્યના અસ્વીકારપૂર્વક અનિત્યપર્યાયનું પણ સાચું જ્ઞાન થઈ શકતું નથી.

અરે ભાઈ, તારી એક પર્યાયની પૂરી તાકાતનો સ્વીકાર કર તો તેના અપાર સામર્થ્યમાં ત્રણકાળની સમસ્ત પર્યાયો અને દ્રવ્ય–ગુણો જ્ઞેયપણે સમાયેલા છે, –તેને સ્વીકાર કરનારું જ્ઞાન રાગથી છૂટું પડીને કામ કરે છે પછી **પરસન્મુખી** જ્ઞાનના જાણપણાને વધારવાનો મહિમા તેને રહેતો નથી. એનું જ્ઞાન તો **સ્વસન્મુખ** એકાગ્ર થઈને પોતાનું કામ કરે છે, ને આનંદનું વેદન કરતું–કરતું મોક્ષને સાધે છે.

એક વર્તમાન પર્યાય ત્રણકાળને જાણે તેથી કાંઈ તેને ઉપાધિ લાગી જતી નથી, કે તેમાં અશુદ્ધતા થઈ જતી નથી. તેમજ આત્મા ત્રિકાળ ટકે તેથી કાંઈ તેને કાળની ઉપાધિ કે અશુદ્ધતા થઈ જતી નથી, નિત્યપણું તો સહજ સ્વભાવ છે. જેમ અનિત્યપણું છે તેમ નિત્યપણું પણ છે–એ બંને સ્વભાવવાળો આત્મા છે.

વર્તમાનમાં જે આત્મા છે તે ભૂતકાળમાં હતો ને ભવિષ્યકાળમાં રહેશે–એમ વસ્તુસ્વરૂપ છે, ત્રણેકાળને સ્પર્શનારી વસ્તુ છે, તેને કાંઈ ત્રિકાળ ટકવામાં બોજો કે અશુદ્ધતા નથી. આવા દ્રવ્ય સ્વભાવના સ્વીકારપૂર્વક તેમાં એકાગ્ર થઈને અતીન્દ્રિયભાવરૂપે પરિણમેલી પર્યાય રાગથી જુદું કાર્ય કરે છે; અને તે જ સ્વભાવના આશ્રયે કેવળજ્ઞાન થાય ત્યારે તે પર્યાય એકેક સમયને જુદો પાડીને પકડી શકે. એક સમયને પકડવાનું કામ છદ્મસ્થનો સ્થૂળ ઉપયોગ કરી શકે નહીં, તેનો ઉપયોગ અસંખ્ય સમયે કાર્ય કરે એવો સ્થૂળ છે. બોદ્ધ જેવા ભલે આત્માને સર્વથા ક્ષણિક એક સમયનો જ માને, પરંતુ તેનું જ્ઞાન કાંઈ એકેક સમયની પર્યાયને પકડી શકતું નથી, તે પણ અસંખ્ય સમયની સ્થૂળ પર્યાયને જ જાણી શકે છે.

દ્રવ્ય શું, પર્યાય શું, પર્યાયની તાકાત કેટલી ? –તે એક્કેય વાતનો નિર્ણય અજ્ઞાનીને હોતો નથી. તે ગમે તે વસ્તુને ગમે તે પ્રકારે અંધાધુંધ આંધળાની જેમ માની લ્યે છે. અરે, દ્રવ્ય–ગુણ–પર્યાય એમાંથી એકપણ વસ્તુનો સાચો નિર્ણય કરવા જાય તો તે જ્ઞાનમાં સમસ્ત દ્રવ્ય–ગુણ–પર્યાયનો, ત્રણકાળ–ત્રણલોકનો નિર્ણય સમાઈ જાય, ને તે જ્ઞાન રાગથી જુદું પડીને અંદરના સ્વભાવ તરફ વળી જાય; તેમાં તો અનંતગુણોના સુખનો રસ ભર્યો છે. અહા, ધર્મીની એક જ્ઞાનપર્યાયમાં કેવી અચિંત્ય તાકાત ભરી છે ને તેમાં કેવો અદ્‌ભુત આત્મવૈભવ પ્રગટયો છે, તેની જગતને ખબર નથી. જગતને તો ખબર પડે કે ન પડે પણ તે જ્ઞાની પોતે પોતામાં તો પોતાના ચમત્કારીક વૈભવને અનુભવી જ રહ્યા છે. **( આત્મધર્મ અંક -૩૫૯, પેઈજ નં. ૫ થી ૮ માંથી )**

મારી ચૈતન્યજાતમાં પૂર્વની અનંત પર્યાયો થઈ ને ભવિષ્યમાં અનંત પર્યાયો થશે–તે ત્રણેકાળની ચૈતન્યજાતિને ધર્મી જીવ જાણી લ્યે છે, તે પરમાર્થરૂપ જાતિસ્મરણ છે. આવા સ્વજાતિના સ્મરણ વગર સમ્યગ્દર્શન થાય નહીં. ભવસંબંધી જાતિસ્મરણ તે જુદી જાત છે, ને આ ચૈતન્યની સ્વજાતનું સ્મરણ તે અપૂર્વ સમ્યક્‌ત્વાદિરૂપ મહા શાંતિથી ભરેલું છે.

દ્રવ્યની **સન્મુખ** થઈને તેને જાણતાં, તે દ્રવ્યની સ્વજાતની ત્રણેકાળની પર્યાયનું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ જ્ઞાન તેમાં આવી ગયું; ત્રણેકાળને એક કાળમાં તે કળી લ્યે છે. પૂર્વભવનું સ્મરણ અત્યારે થાય છે, તો તે તાકાત તો વર્તમાનપર્યાયની છે ને! વર્તમાનપર્યાયમાં પણ કેટલી ગંભીર તાકાત છે! –કે ત્રણેકાળની પર્યાયસહિત દ્રવ્યનો તે નિર્ણય કરી લ્યે છે. દ્રવ્ય–ગુણની ત્રિકાળી અપાર શક્તિનું માપ **સ્વસન્મુખ** વર્તમાનપર્યાયે કરી લીધું છે. –આવી **સ્વસન્મુખ** પર્યાય તે વિકલ્પથી પાર છે, સમરસથી ભરેલી છે, તે જ પરમ યોગભક્તિ છે;– આવી યોગભક્તિ અતિ આસન્નભવ્ય ધર્માત્માઓને હોય છે.

ભવિષ્યની કેવળજ્ઞાનાદિ પર્યાય તે–તે કાળે મારા આ સ્વદ્રવ્યના અવલંબને જ થશે, – એમ સ્વદ્રવ્યને વર્તમાન પર્યાયે અંતર્મુખ થઈને કબજે કરી લીધું ત્યાં કેવળજ્ઞાનનો નિર્ણય તેમાં આવી ગયો. અરે! વર્તમાન પર્યાય આવડી મોટી તાકાતવાળી, તો અખંડ સ્વભાવના તારા મહિમાની શી વાત! આવો ત્રણકાળનો નિર્ણય કરવાની શું રાગમાં તાકાત છે? શું વિકલ્પમાં આવો નિર્ણય કરવાની તાકાત છે? ના. આ તો ચૈતન્યમાં **સ્વસન્મુખ** થયેલી જ્ઞાનપર્યાયની તાકાત છે.

અરે પ્રભુ! તારી એક જ્ઞાનપર્યાયમાં પણ કેવી અપાર સમૃદ્ધિ છે! –જેની પર્યાયની તાકાત ત્રણકાળનો નિર્ણય કરી લ્યે, આવો જ્ઞાનસ્વભાવ જેને અંતરમાં બેસે તેને વિકલ્પ તૂટયા વગર રહે જ નહીં. અંતરના ચૈતન્યના અવલંબને વિકલ્પ તૂટીને પોતાના આનંદનો અપૂર્વ વિલાસ તેને પ્રગટે છે.

**( આત્મધર્મ અંક -૩૫૯, પેઈજ નં. ૨૨-૨૩ બોલ નં. ૪૯ થી ૫૪ )**

## ઈષ્ટોપદેશ ગાથા-૫૦ ના
## પ્રવચનમાંથી તા. ૩/૬/૬૬

[ ૐ ] આત્મા પોતે પરથી ભિન્ન ને એ આત્માથી ભિન્ન એમ અંતરમાં નજર પડતા અર્થાત્ અંતરમાં જુદું ભાસતા; ભૂતાર્થ ભગવાન આત્મા જે જ્ઞેય થવાને લાયક છે– જે જ્ઞાનમાં પ્રમેય થવાને લાયક છે, તે થઈ જાય છે.

**શ્રોતા-** એ એટલે કોણ ?

**ઉત્તર-** આત્મા. આત્મામાં પ્રમેય નામનો ગુણ છે. તે ગુણનો એ ગુણ છે.

**શ્રોતા-** ગુણને વળી ગુણ હોય ?

**ઉત્તર-** ગુણનો નાથ આત્મા.. એનામાં પ્રમેયત્વ નામનો એક ગુણ છે.

કહે છે કે– આ આત્મા પરથી ભિન્ન અને શરીરાદિ તે આત્માથી જુદાં એમ કહેતા, આત્મા ભૂતાર્થ છે તેનું ગ્રહણ થાય છે. અનંત અનંત ગુણોમાં પ્રમેયત્વ નામનો ગુણ છે તે ગુણને ગ્રહણ કરતાં; એ પ્રમેયત્વ ગુણને લઈને અનંતગુણ તેના જ્ઞાનમાં પ્રમેય થઈ જાય છે. આત્મા જણાય કે નહીં ? અહીંયા તો કહે છે કે– ગ્રહણ થઈ શકે છે. પ્રમેયત્વ નામનો ગુણ છે તો જણાય જ ને !!

પૂજ્યપાદ સ્વામી કહે છે કે— અહીં અમે આત્માને જ્યાં પુદ્ગલથી જુદો કહ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને પુદ્‌ગલને આત્માથી જુદાં કહ્યાં એટલામાં જ આત્મા ભૂતાર્થ ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ છે તે તેના જ્ઞાનમાં ગ્રહણ થઈ શકે એવી એની તાકાત છે. આત્મા ન જણાય એમ નથી. રાગ દ્વેષથી, વિકલ્પથી અને એ બધા પુદ્‌ગલથી જુદો કહ્યો અને આત્માથી તેને જુદાં કહ્યાં-એટલું કહેતાં સત્યાર્થ ભૂતાર્થનું ( જ્ઞાનમાં ગ્રહણ થઈ જાય છે. )

આચાર્ય મહારાજે બહુ જ સંક્ષેપમાં સાર કહ્યો છે. "તત્ત્વ સંગ્રહ" અર્થાત્ ભગવાન આત્માને પુણ્ય-પાપ શરીરાદિથી જુદો કહેતાં અને આત્માથી તે પુદ્‌ગલને જુદું કહેતાં-ભગવાન જે ભૂતાર્થ સત્યાર્થ છે એ દૃષ્ટિમાં, નિર્ણયમાં આવી ગયો. આત્માનું પરથી ભિન્નપણું અને આત્માથી એનું ભિન્નપણું અંતરમાં ભાસતા તત્ત્વનો સંગ્રહ થઈ ગયો. જ્ઞાયકભાવનું જ્ઞાન થતાં તેમાં આનંદ છે તે પણ તેના જ્ઞાનમાં આવી ગયો, કેમકે તેમાં પ્રમેયત્વ છે માટે જ્ઞાનમાં પ્રમેયપણું ભાસી ગયું. આત્મામાં અકાર્ય કારણ નામનો ગુણ છે માટે તે ગુણમાં એમ ભાસ્યું કે— આત્માનું કોઈ કાર્ય નથી અને આત્મા કોઈનું કારણ નથી આત્માનો એ ગુણ છે. આત્મામાં પરમેશ્વર નામનો ગુણ પડયો છે—એ પ્રભુતા ગુણ છે એ પ્રમેય થવાને લાયક છે.

ભગવાન આત્મા પરમેશ્વર પૂર્ણ ઈશ્વર છે. અનંતગુણની ઈશ્વરતા સંપન્ન પ્રભુ આત્મા છે. આત્મામાં એક પ્રભુતા નામનો ગુણ છે તેથી અનંતાગુણમાં પરમેશ્વરતા વ્યાપી છે. એવા પરમેશ્વર સ્વરૂપ ભગવાનને ( પુણ્ય-પાપાદિથી ) ભિન્ન કહેતાં; તેના જ્ઞાનમાં આત્માનો નિર્ણય આવી ગયો... કે- ઓહો ! આ આત્મા ! અનંત અનંત પ્રભુતા, પ્રમેયત્વ આદિ ગુણોથી ભરેલો પદાર્થ છે, તેમ ભૂતાર્થનું દૃષ્ટિમાં ભાન થઈ જાય છે. જે અનંતકાળમાં નહોતું થયું તે સ્વને જ્ઞેય બનાવી સ્વને પ્રમેય બનાવી પ્રમાણ જ્ઞાનમાં આ પ્રમેય પણ છે—એમ એનો નિર્ણય ને ગ્રહણ થઈ જાય છે. ઝીણું બહુ પણ ટૂંકું... અને ઘણું સરસ. એણે કોઈ દિવસ સ્વને પ્રમેય બનાવ્યો નથી. સમજાય છે કાંઈ ?

આ જગતના પદાર્થ જોવા મથે છે કે નહીં ! તો કહે છે કે એ પદાર્થ તો તારાથી જુદા છે. આ રાગને જોવા મથે છે તો રાગ તો તારાથી જુદો છે. શરીરને જોવા મથે છે તો એ શરીર તો તારાથી જુદું છે.. અને એનાથી જુદો તું છો... એ ( આત્માને ) જોવાનું કદી મંથન કર્યું નથી. આ સંચાના જ્ઞાન ને ધૂળના જ્ઞાન ને વકીલાતના જ્ઞાન ને ડોકટરના જ્ઞાન ને... એ બધાને પ્રમેય બનાવ્યા પણ, પોતાનામાં પ્રમેય નામનો ગુણ છે તેને કોઈ દિ' પ્રમેય બનાવ્યો નથી.

આટલું કહેતાં તો તેને ભેદ ( જુદાઈ ) થઈ જાય. આને ભેદજ્ઞાન કહ્યું. ભગવાન આત્મા છે તે રાગાદિથી જુદો છે. એટલે તેનું વર્તમાન જ્ઞાન તેના પૂર્ણ જ્ઞેય તરફ ઢળતા તેના અનંતગુણરૂપ એક આત્મા તેના જ્ઞાનમાં પ્રમેય થઈને સાચું પ્રમાણજ્ઞાન થાય છે.

આત્મામાં આનંદ છે—એ રાગથી ભિન્ન અને પોતાથી એ રાગાદિ ભિન્ન એમ જ્યાં કહ્યું ત્યાં એનો અર્થ એ થયો કે— ( તેનો નિર્ણય થયો. ) ભગવાન ભૂતાર્થ આનંદ સ્વરૂપથી ભરેલો છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે. આત્માનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સત્યાર્થ ભૂતાર્થ સત્ય સ્વરૂપ છે એના તરફ લક્ષ કરતાં, પરથી જુદું પોતા તરફના લક્ષમાં જતાં એ ભગવાન આખો જ્ઞાનમાં ગ્રહણ અને નિર્ણય થઈ જાય છે. પાઠમાં "ગ્રહણ અને નિર્ણય" આ બન્ને શબ્દો લીધા છે. ગ્રહણનો અર્થ કર્યો છે—જાણવું ને નિર્ણય બેય થઈ જાય છે.

આ આત્માથી રાગાદિ ભિન્ન છે એટલે તેને જોવાનું ન રહ્યું. એનાથી ભિન્ન આત્માને એને જોવાનું રહ્યું. આત્માને જોતાં એનાથી ભિન્ન એવા રાગ, વિકલ્પ, શરીર એનું લક્ષ છોડીને એનાથી આ ભિન્ન અને આનાથી એ ભિન્ન તો પછી આને ( પરને ) જોવાનું ન રહ્યું. કારણ કે જોનારને જાણ્યા વિના આ ભિન્ન શું ચીજ છે તેને વ્યવહારથી પણ જાણી શકાય નહીં. શું કહ્યું ? સમજાણું કાંઈ આમાં ?

શું કહ્યું ? સત્યાર્થ આત્માનો નિર્ણય તે એક જ લીધું છે. ( એક ભૂતાર્થ ) ત્યાંથી લીધું છે. બે કહ્યાં તેનો હેતુ શું છે ? બેમાં એમ જાણ્યું કે આ આનાથી ભિન્ન અને એનાથી 'આ' ભિન્ન એ તો ઠીક પણ એ ભિન્ન છે એનાથી આ ( સ્વ ) જુદો–એટલી વાત. હવે એમાંથી તારવવું શું ? અહીંયા એમાંથી કાઢવું શું ? એનો નિચોડ શું ? 'હું આત્મા' એનાથી આ જુદું જુદું એટલે કોણ ? કહે—આત્મા. જે ભૂતાર્થ જ્ઞાયક અનંતગુણ સંપન્ન છે, જે વર્તમાન છે તેનું જ્ઞાન કરતાં તે પ્રમેય થઈને આખું દ્રવ્ય તેના જ્ઞાનમાં જણાય છે. આખા દ્રવ્યનો તેને નિર્ણય થઈ જાય છે.

શું કહે છે ? એ જ્ઞાયક ઉપર નજર જતાં, વિકારને પરથી જુદો એમ નજર જતાં જ્ઞાયકમાં એવી તાકાત છે... કે તેની શ્રદ્ધામાં જ્ઞાનમાં ( જ્ઞેય થઈ ) આવી શકે, તેનો આનંદ પ્રમેય થઈ શકે, પરમાં તેનું કર્તાપણું નથી એવું જ્ઞાનમાં આવી શકે, પોતાના ગુણની દશાનું કાર્ય કરી શકે એવા ગુણને પ્રમેય કરી શકે એવો એક આત્મા છે. આ રીતે ભગવાન આત્મા જે ભૂતાર્થ છે તેનો નિર્ણય અને ગ્રહણ કરી શકે છે.

કોઈ એમ કહે કે– આત્મા જણાતો નથી. તો અહીં કહે છે કે— જણાતો નથી એવો એનામાં ગુણ નથી. 'જણાતો નથી' એમ કહેનાર ( વસ્તુમાં ) પ્રમેય થવાનો ગુણ છે તેનો નિષેધ કરે છે. આત્માનો ગુણ પ્રમેય થવાને લાયક છે તેનો નિષેધ કરે છે– એટલે કે આત્મા નથી એમ એનો નિષેધ કરે છે. હું મને ન જણાઉં–એમ કહેતાં ભગવાન આત્માનો નિષેધ થઈ જાય છે. ન્યાય સમજાય છે કાંઈ ? આચાર્યદેવ બહુ જ ટૂંકામાં સમજાવે છે કે– પરથી જુદો એમ તું તને જણાવવાને લાયક છો અને તારાથી રાગાદિ જુદા એમ તારા જાણવામાં જણાવવાને લાયક છો. "હું ભગવાન આત્મા ! હું મને ન જણાઉં" તો તો 'હું' એવી સત્તા તે સત્તા મને ન જણાય–એનો અર્થ એમ કે— હોવાપણાની સાથે પ્રમેયગુણ વ્યાપેલો છે; તેથી હોવાપણાનો ભાવ ન જણાય એમ કહેનાર પોતાના હોવાપણાનો નિષેધ કરે છે.

કહે છે કે– ભગવાન આત્મા આમ નિરાળો કર્યો. આ કાચના કટકા અને આ હીરો. એ હીરો કાચના કટકાથી જુદો છે અને હીરાથી કાચના કટકા જુદા છે. હવે જુદા થયા તો નજર ક્યાં ગઈ ? જે જાણનાર છે તેના પર નજર ગઈ આ જાણનાર અહીં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પુણ્ય-પાપ, શરીર, વાણી એ કાંઈ જાણનાર નથી... પણ એ તો જણાવા લાયક છે. એ પણ ક્યારે ? કે- સ્વ જણાવા લાયક છે એવી દૃષ્ટિ થઈ ત્યારે. આ આત્મા જણાવાને લાયક છે, આત્મા શ્રદ્ધવાને લાયક છે, આત્મા ઠરવાને લાયક છે, પૂર્ણાનંદની મૂર્તિ; આનંદ પ્રગટ કરી શકે એવી આત્મામાં લાયકાત છે. એવો જે આત્મા તેના ઉપર નજર પડી કે આ કાચના કટકા હીરો નહીં અને હીરો તે એ કાચના કટકા નહીં. એમ ભગવાન ચૈતન્ય હીરો તે વિકારને પુદ્ગલ નહીં. કેમ કે વિકાર પુદ્ગલમાં જાય છે. એ વિકાર પુદ્ગલ તે આત્મા નહીં. તો નજર ક્યાં ગઈ ? ( જાણનારને ) જોવામાં ગઈ. વિકાર ક્યાં આત્મામાં છે, રાગાદિ તો વ્યવહારે જોવા લાયક છે. એ કયારે ? કે— આત્મા જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ પ્રભુ આનંદકંદ છે એમ તેને પ્રમેય બનાવીને જ્ઞાન થયું ત્યારે રાગાદિ વ્યવહારે જાણવા લાયક થયા. રાગાદિ વ્યવહારે જાણેલા પ્રયોજનવાન... એમ આવ્યું કે નહીં ! વસ્તુના સ્વરૂપની શૈલી કોઈ એવી જ છે. ચારે બાજુથી સત્ય ઉભું થાય છે.

તારો ભગવાન મહિમાવાળું તત્ત્વ પદાર્થ છે. એ પ્રભુની પ્રભુતા પ્રમેય થઈ શકે એવી તારામાં તાકાત છે. પામરતા પ્રમેય થાય એવી તારામાં તાકાત છે નહીં— એમ કહે છે. આત્મા રાગપણે છે એવું પ્રમેય થાય એવું તો તારામાં નથી, આત્મા શરીરપણે જ્ઞાનમાં જણાય પ્રમેય થાય એવો તો નથી. પણ આત્મા અલ્પજ્ઞ છે એમ જણાય એવો એ આત્મા નથી.

અહીંયા “ભૂતાર્થ સંગ્રહ” એટલે જ્ઞાનમૂર્તિ સર્વજ્ઞમૂર્તિ આત્મા છે. સર્વજ્ઞ સ્વરૂપ આત્મા છે, અનંત આનંદ સ્વરૂપ આત્મા છે, અનંત બળ સ્વરૂપ આત્મા છે, અનંત અનંત સ્વચ્છતા સ્વરૂપ છે, તે સ્વ સંવેદનમાં પ્રત્યક્ષ થાય છે. ( પ્રકાશશક્તિને કારણે ) પ્રત્યક્ષ થવાને જ લાયક છે, એ પરોક્ષ રહેવાને લાયક છે નહીં— એમ કહે છે.

આહાહા ! આત્મા માન્યો ક્યારે કહેવાય ? પરથી ભિન્ન એમ પહેલાં એનું જ્ઞાન કરવું નથી. આ સ્વતઃ પરથી જુદો, આનાથી જુદો એમ જ્યાં આત્માના અનંતગુણનું એકરૂપ જ્ઞાન થતાં તેના દરેક ગુણનું સ્વરૂપ અભેદ દૃષ્ટિમાં આવી ગયું.

શ્રોતા- એટલે પ્રમેય ગુણના ગુણવાળો છે તેનો લાભ શું ?

ઉત્તર- આત્માની શ્રદ્ધા થતાં એ પણ આવી ગયું. આ પ્રમેયગુણનો લાભ કે તે જ્ઞાનમાં જણાય જ, પ્રમેયગુણનો લાભ કે એનો આનંદ છે એ જ્ઞાનમાં જણાય. એના પ્રભુત્વગુણનો લાભ કે—એનું પ્રભુત્વ-પરમેશ્વર છે તે તેના જ્ઞાનમાં જણાય.

લ્યો ! વળી આ બીજી રીતે આવ્યું. ચૈતન્યનું મૂળ ક્યાં છે એનું કદી મંથન કર્યું નથી.

મરી ગયો બધું કરી... કરીને ! આમ જોઈને ! એનાથી જુદો તને જો ને ! ! તારાથી જુદા છે તેને જોવા જા ત્યાં આ ( સ્વ ) રહી જાય છે. તારાથી જુદાને જોવા જતાં, તું જોવાનો રહી જાય છે. એ જુદાને જોવાથી આત્મા એમાં નહીં જણાય. પોતાને સાચો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોયા વિના પર વ્યવહારે સાચા પણ જોવાશે નહીં. આ શું હશે ? આવી વાત ! અરે ! બાપા અગમ નિગમની વાત છે. તું અગમ નિગમનો ધરનાર છો.

ટૂંકમાં સાર કહેતાં-ભગવાન આત્માની અંતર જુદાઈથી પરથી ભિન્ન પાડીને જોતાં આત્માનું સાચું ભૂતાર્થ બધા ગુણ સહિતનું સ્વરૂપ તેનાં જ્ઞાનમાં નિર્ણય ને જ્ઞાન થઈ જાય છે. એટલે હું પ્રમેય ન થઈ શકું એ વાત એને રહેતી નથી. પ્રમેય એટલે જણાવા યોગ્ય હું ન થાઉં એમ બને નહીં. હું તો ત્રિકાળ જણાવા યોગ્ય જ છું. હું મને ન જણાઉં એમ જ્ઞાનીને એટલે કે આત્માના ભાનવાળાને રહેતું નથી. હું મને ન શ્રધ્ધું, મારી શ્રદ્ધા થઈ કે નહીં ? એ મને જણાય કે નહીં ? એ વાત આત્માને જાણતાં રહેતી નથી. આત્માને જાણતાં મને ભવ હશે કે નહીં ? ભગવાનના જ્ઞાનમાં ભવ ભાળ્યા હશે ? એમ આત્માને જાણતાં તેને તે ભાવ રહેતો નથી. આહાહા ! અલ્પકાળમાં મારી પૂર્ણ સંપદાવાળી લક્ષ્મી પર્યાયમાં પ્રાપ્ત થશે એવો જ એનામાં ગુણ છે. એવા ગુણવાળા ( આત્મા ) ની પ્રતીત કરી છે તેથી અલ્પકાળમાં મુક્તિ ને કેવળજ્ઞાનને પામીશ. સમસ્તગુણના કાર્યમાં આ ગુણનું કાર્ય પણ આવી ગયું છે.

આજ સવારે છોકરાંવને પ્રમેયનું પૂછયું હતું. પૂછયું કે- આત્મા પ્રમેય છે ? તો કહે- હા, પછી છેલ્લે ભૂલી ગયોને કહ્યું કે— આત્મા ન જણાય. કહ્યું કે— તને આત્મા ન જણાય એમાં શું દોષ આવે ? એનો ઉત્તર ન બોલી શક્યો. આત્મા જણાય એ પ્રમેયથી ( જણાય છે ) ન જણાય તો પ્રમેય નથી એમ ( પ્રમેયત્વ ગુણનો સ્વીકાર ન કર્યો. ) છોકરાંવ પણ અંદર તો ભગવાન છે ને ! ! આ હાંડકાંને ન દેખ, કાળા-ધોળાને ન દેખ ! નાના-મોટાને ન દેખ ! આત્મા અંદર અખંડાનંદ પ્રભુ છે તેને જો !

ભગવાન આત્મા એક સયમમાં પુદ્ગલથી જુદો એટલું કહેતા માત્રમાં એનું અનંતગુણ સહિતનું આત્માનું આખું રૂપ તેનાં નિર્ણયમાં ને જ્ઞાનમાં આવી જાય છે. તેને હવે એમ ન થાય કે- આ બધા આત્માઓ સર્વજ્ઞ સ્વરૂપે હશે કે નહીં ? બધા આત્મા સર્વજ્ઞ સ્વરૂપે છે. હું સર્વજ્ઞ સ્વરૂપે છું એમ નિર્ણય થતાં અલ્પકાળમાં મારી દશા વ્યક્ત સર્વજ્ઞની થશે એમ નિસંદેહ આવી જાય છે. આત્માને જાણતાં એનાં જ્ઞાનમાં એનું રૂપ આવી જાય છે. કોઈ કહે કે—એમ આત્માને ખબર પડે ? તો કહે છે કે— તું આત્માને જાણતો નથી.

એ શી રીતે જણાય ? સર્વજ્ઞપદ થશે ? વળી થશે એટલે શું ? સમસ્તરૂપમાં સર્વજ્ઞપદ તો શ્રદ્ધામાં આવી ગયું છે. આત્મામાં સર્વજ્ઞપદ છે એમ શ્રદ્ધામાં આવી ગયું છે, પ્રમેય થઈને જ્ઞાનમાં આવી ગયું છે ઈ એમ પોકાર કરે છે કે- અમને અલ્પકાળમાં સર્વજ્ઞપદ પૂર્ણ થઈ થશે. હું પડીશ ને, પછી રખડીશ ને એ શાસ્ત્રમાં આવેલી વાત એને રહેતી નથી. આત્મામાં બેઠા તેને ક્યાં પડવું છે ? પડવું છે એટલે આત્માનો અભાવ કરવો છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું
જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું"**

પરની દયાનો ભાવ છે તે રાગ છે ને રાગ છે તે નિજ સ્વરૂપની હિંસા છે. પરને બચાવવાનો ભાવ આવે ખરો હોં! – પણ તે રાગ છે ને રાગ છે તે સ્વરૂપની હિંસા છે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! દેહને ન જો, અંદર જે કર્મ છે તેને ન જો, પુણ્ય – પાપના વિકલ્પ થાય તેને તું ન જો. પુણ્ય – પાપના વિકારમાં પ્રવર્તતો પોતાને ભાસે તે મૂઢ છે.

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ છે તેનાથી વિરુદ્ધ જે પુણ્ય – પાપના ભાવનો જેને પ્રેમ છે તેને આત્માના ત્રિકાળી ભાવનો દ્વેષ છે, તેથી પુણ ય– પાપના ભાવને ક્રોધાદિ કહ્યા છે. સ્વભાવનો પ્રેમ નથી ને પુણ્ય – પાપના પરિણામનો પ્રેમ છે તેને સ્વભાવનો દ્વેષ છે. ચૈતન્યનો પ્રેમ છોડીને જે વિકારના પરિણામનો પ્રેમી થયો તેને સ્વભાવ ભાસતો નથી, વિકાર ભાસે છે, ક્રોધ ભાસે છે.

અરેરે બાપુ! તેં વિચાર નથી કર્યો ભાઈ! લસણ– ડુંગળીની રાય જેટલી કણીમાં અસંખ્ય ઔદારિક શરીર હોય છે ને એક શરીરમાં અનંત જીવ હોય છે એવા તો તેં અનંત ભવ કર્યા. એ કેમ કર્યા? – કે આત્મા 'જ્ઞ' સ્વભાવી વસ્તુ છે, આત્મા જેવી વસ્તુ છે તેવી તે રીતે ન ભાસી ને તેનાથી વિરુદ્ધ ભાવ તે પણે હું છું, પુણ્ય – પાપના વિકારપણે હું છું એમ માનીને તેના ફળમાં એવા અનંત ભવ કર્યા છે.

ભગવાન આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે, એની દ્રષ્ટિ અનંતકાળમાં થઈ નથી. દયા દાનનો શુભરાગ વિકાર છે, તેના પર દ્રષ્ટિ હોવાથી આત્માનું જે જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેનું પરિણમન થતું નથી. વર્તમાન અવસ્થામાં પુણ્ય–પાપનું થવું ને ભાસવું તે આત્મા નથી, જ્ઞાન ને આનંદ સ્વરૂપ પ્રભુનું તે રૂપે દશામાં થવું થાય ત્યારે તે પ્રભુ છે.

અજ્ઞાનીને વિકાર ભાસે છે આત્મા ભાસતો નથી. એની દશામાં સ્વરૂપની ખબર નથી ને એનાથી વિપરીત ભાવ તે તેને ભાસે છે. ભગવત્ સ્વરૂપ પ્રભુ તેને ન જોતાં વિકારી ભાવપણે પોતે ભાસે છે તે આત્મા નથી...

વર્તમાનમાં જ્ઞાનનું થવું ભાસે, શાતિનું થવું ભાસે ત્યારે ક્રોધાદિનું થવું ભાસતું નથી. એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહીં. બાપુ! આ તો સર્વજ્ઞ પરમાત્માના માર્ગની વાત છે, તેમાં બહુ ધીરું થવું પડે છે. જેને અંતરમાં જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માની રુચિ ભાસે છે તેને ક્રોધાદિનું થવું ભાસતું નથી. જેને જ્ઞાનનું થવું ભાસે છે તેને ક્રોધાદિનું થવું ભાસતું નથી. સ્વભાવના પ્રેમને બદલે તું જે તારા સ્વભાવમાં નથી એવા વિકારને ક્ષણે ક્ષણે નવો ઉત્પન્ન કરી તેના પ્રેમમાં ફસ્યો છે તેથી તું દુઃખી છો.

આત્મા પોતે શુદ્ધ પરિણમનપણે થાય તેને વિકારપણે પરિણમવું થાય તેવું નથી. જાણગસ્વભાવ, પ્રજ્ઞા સ્વરૂપી પ્રભુની દશામાં જ્ઞાનનું થવું ને વિકારના પ્રેમનું પણ થવું તે મિથ્યાત્વ છે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેને મંદકષાયના રાગની રુચિ છે તેને વિકારનું થવું જ ભાસે છે, ભગવાનનું થવું ભાસતું નથી. જેને વેપારમાં આત્માનું પોષાણ થયું તેને રાગનું પોષાણ થતું નથી, રાગ થાય પણ રાગનું પોષાણ થવું – પ્રેમ થવો તે હોતું નથી. **દશાવાનની સન્મુખ** થઈને દશામાં દશાવાનનું થવું થયું તેને પુણ્ય પાપના પ્રેમનું થવું ભાસતું નથી. ધર્મની જેને રુચિ ને પ્રેમ થયો છે, ધર્મદશા થઈ છે તેને વિકારનું થવું ભાસતું નથી. વિકારનું જ્ઞાન થાય છે પણ વિકારના પ્રેમરૂપ થવું ભાસતું નથી.

વસ્તુ જે જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ એનું જેને જ્ઞાન થયું તેને આત્મા ભાસે છે, તેને રાગનું થવું ભાસતું નથી એટલે કે રાગ મારો છે તેમ તેને ભાસતું નથી, રાગ સંબંધી જે પોતાનું જ્ઞાન તે જ્ઞાનનું થવું ભાસે છે, પોતાનું જ્ઞાન ને રાગનું જ્ઞાન તે જ્ઞાનપણે ભાસે છે પણ વિકારપણે ભાસતું નથી. જેને પુણ્ય–પાપનો પ્રેમ છૂટી અંદર પરમાત્મસ્વરૂપનો પ્રેમ થઈ ગયો છે તેને આત્મા ભાસે છે પણ વિકાર ભાસતો નથી. વિકાર હોય છે તેનું જ્ઞાન થાય છે પરંતુ રાગનું થવું ભાસતું નથી એટલે કે રાગ મારો એમ ભાસતું નથી.

જેને અંદરમાં પુણ્ય – પાપની હોંશ છે તેને તો પુણ્ય – પાપ અને વિકાર જ ભાસે છે, જેને પર્યાયમાં ક્રોધાદિ ભાસે છે તે મિથ્યાદૃષ્ટિ છે. વિકારી પરિણમનના પ્રેમમાં વિકાર જ ભાસે છે તેથી તેને જ્ઞાનનું થવું આત્માના પ્રેમનું થવું ભાસતું નથી. વિકારનું થવું જેને ભાસ્યું તેને જ્ઞાનનું થવું ભાસતું નથી. કેમ કે તેને આત્માના જ્ઞાનનું પરિણમન છે જ નહીં માટે ભાસતું નથી, જેને રાગનું પરિણમન ભાસે છે તેને આત્મા નથી, આત્મા છે તો ખરો પણ તેને ભાસતો નથી માટે તેને આત્મા નથી.

વિકારના પ્રેમમાં વિકાર ભાસે છે તેને આત્માના આનંદનું – જ્ઞાનનું પરિણમન હોતું નથી માટે જ્ઞાનનું પરિણમન ભાસતું નથી. હું રાગપણે છું એમ જેને ભાસે છે તેને આત્મા આત્માપણે ભાસતો નથી. મહાપ્રભુ આનંદનો નાથ તેનો તને ભરોસો નહીં, તેના હોવાપણાનો તને ભરોસો નહીં ને પુણ્ય – પાપના હોવાપણાનો તને ભરોસો ને પ્રેમ છે; ભાઈ ! તું પુણ્યના પ્રેમને પંથે ચઢીને તારા ઘરનો માર્ગ ભૂલી ગયો છે બાપુ !

પુણ્યના પરિણામ બંધતત્ત્વ છે ને મારી ચીજ અબંધસ્વરૂપ છે તેમ ભેદવિજ્ઞાન થતાં અજ્ઞાનથી જે કર્મના રજકણનો નવો બંધ થતો હતો તે બંધ જ્ઞાનીને થતો નથી. મુખ્ય તો મિથ્યાત્વનો બંધ તે જ બંધ છે, જ્ઞાની થતાં તે મિથ્યાત્વના બંધનો નિરોધ થઈ જાય છે એટલે કે જ્ઞાનમાત્ર થતાં બંધ થતો નથી. રાગથી ભિન્ન થયો ને આત્માનું જ્ઞાન થયું ત્યાં અજ્ઞાનમાં જે રાગ ભાસતો હતો તે હવે જ્ઞાની થતાં જ્ઞાન ભાસે છે ત્યારે અજ્ઞાનથી થતો બંધ ટળી જાય છે.

આમ આત્મા અને રાગાદિનું ભેદજ્ઞાન થતાં અજ્ઞાન મટે છે, અજ્ઞાન મટવાથી અજ્ઞાનથી થતો બંધ પણ અટકે છે, એ રીતે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ થાય છે.

**( આત્મધર્મ અંક ૪૦૩ પેઈજ નં-૧૮ થી ૨૩ માંથી )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# જ્ઞેય-જ્ઞાયક સંબંધની પરાકાષ્ટા

[ ૐ ] અહીં કહે છે કે જ્ઞેયજ્ઞાયક સંબંધી બહુ ભ્રાન્તિ ચાલે છે. આત્મા જ્ઞાયક છે ને છ દ્રવ્યો જ્ઞેય છે એમ નથી. જ્ઞેય – જ્ઞાયકનો વ્યવહાર સંબંધ પણ અહીં છોડાવે છે. જાણન સ્વભાવવાળો જ્ઞાયક આત્મા અને છ દ્રવ્યો, અનંતા કેવળીઓ જ્ઞેય છે એમ નથી. આત્મા જ્ઞાયક છે અને વ્યવહાર રત્નત્રયનો રાગ તે જ્ઞેય છે એમ નથી. શરીરમાં રોગ આવ્યો કે શરીર – પુત્ર આદિ જ્ઞેય ને આત્મા જ્ઞાયક છે એમ નથી. છ–દ્રવ્યો જાણવા લાયક પ્રમેય છે અને આત્મા જાણનાર પ્રમાણ છે એમ નથી.

અહીં તો પરથી પોતાને સંકેલી લેવાની વાત છે. છ – દ્રવ્યો છે તે જ્ઞેય છે એમ નથી, કેમ કે છ દ્રવ્યોને લઈને તેને જાણવાની પર્યાય થઈ નથી. પણ પોતાના જ્ઞાનથી જ્ઞાનની પર્યાય થઈ છે માટે જ્ઞાનની પર્યાય જ્ઞેય છે પરંતુ છ – દ્રવ્યો જ્ઞેય નથી.

લોકાલોકનું જ્ઞાન પોતાની જ્ઞાનપર્યાયમાં આવ્યું તે પર્યાય જ્ઞેય છે, લોકાલોક જ્ઞેય નથી. છ દ્રવ્યના જાણપણામાત્ર હું નથી. હું તો મારી જ્ઞાન–પર્યાયને જ્ઞેય બનાવીને તેને જાણનાર છું. વ્યવહારથી નિશ્ચય થાય એ વાત તો કયાંય રહી, પણ વ્યવહાર તે જ્ઞેય છે ને આત્મા જ્ઞાયક છે એમ પણ નથી.

હું ચેતન સર્વસ્વ છું એમાં પરનું જ્ઞેયપણું આવતું નથી. શાસ્ત્ર જ્ઞેય છે ને તેનાથી જ્ઞાન થયું એમ તો નથી પણ શાસ્ત્ર જ્ઞેય છે ને હું તેનો જાણનાર છું એમ પણ નથી. પરના જ્ઞાનમાત્ર એવો જ્ઞેય હું નથી. છ દ્રવ્યનું જ્ઞાન થયું એ છ – દ્રવ્યના કારણે થયું નથી, પોતાના જ જ્ઞાનથી જ્ઞાનની પર્યાય થઈ છે. સ્વ–પરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થઈ તે પર્યાય જ જ્ઞેય છે.

પોતાના દ્રવ્યથી ભિન્ન છ– દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર હું નથી અર્થાત્ હું જાણનાર ને પરમેશ્વર પરમાત્મા જ્ઞેય છે એમ નથી. પરમેશ્વરનું જ્ઞાન થયું તે તેનાથી નથી થયું, પોતાના સામર્થ્યથી પોતાની પર્યાયમાં જ્ઞાન થયું છે.

કર્મ મારામાં તો નથી, મારા નથી પણ કર્મ જ્ઞેય ને હું જ્ઞાયક છું તેમ પણ નથી. જાણપણારૂપ શક્તિ પણ મારી છે ને જાણવારૂપ શક્તિ પણ મારી છે અર્થાત્ હું પોતે જ જ્ઞેય છું હું પોતે જ જ્ઞાન ને હું પોતે જ જ્ઞાતા છું. જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું ને જ્ઞાતા પણ હું છું – એ ત્રણે મારા ભેદ છે. પર પ્રમેયને જાણે છે એમ નથી પરંતુ તે સંબંધી પોતાની જ્ઞાનપર્યાય પ્રમેય છે ને પોતે જ્ઞાતા છે. જ્ઞેય–જ્ઞાન–જ્ઞાતા એવા ત્રણ–ભેદરૂપ એક વસ્તુમાત્ર હું છું.

જાણવા લાયક પણ હું જાણનાર પણ હું ને અનંત શક્તિરૂપ જ્ઞાતા પણ હું છું, ત્રણે થઈને વસ્તુ તો એક છે. પરનો કર્તા તો કયાંય રહ્યો, પણ પરનો જાણનાર પણ નથી. પોતે જ જ્ઞેય છે, પોતે જ જ્ઞાન છે ને પોતે જ જ્ઞાતા છે. વિષય – કષાયના પરિણામ તે પરજ્ઞેય છે ને આત્મા જ્ઞાતા છે એમ પણ નથી.

હું મારા સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું માટે હું જ્ઞાન, મારા વડે જાણવા લાયક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છું માટે હું જ્ઞેય તથા એવી અનંતશક્તિરૂપ હોવાથી હું પોતે જ્ઞાતા છું. હું પર દ્વારા જાણવા યોગ્ય છું એમ નથી પણ મારા દ્રવ્ય – ગુણ – પર્યાય મારા દ્વારા જાણવા લાયક છે માટે હું જ્ઞેય છું. જ્ઞાનશક્તિ અને જ્ઞેયશક્તિ પણ હું છું ને એવી અનેક શક્તિરૂપ પણ હું છું– તેથી જ્ઞાતા પણ હું છું.

જ્ઞેય–જ્ઞાન ને જ્ઞાતા એવા નામભેદે હું છું પણ વસ્તુમાં ભેદ નથી. **અહીં વસ્તુની સ્વતંત્રતાની પરિપૂર્ણતાની પરાકાષ્ટા બતાવી છે.** જીવ પોતે જ્ઞેય, પોતે જ જ્ઞાન ને પોતે જ્ઞાતા એવો વચનભેદ છે, કથનમાં ભેદ છે પણ વસ્તુમાં તો આવા ત્રણ ભેદ પણ નથી. પર મારું ને હું તેનો એ તો નથી, પર જ્ઞેય ને હું જ્ઞાયક એમ પણ નથી પરંતુ હું જ્ઞેય ને હું જ્ઞાયક એવો ભેદ પણ નથી. **વસ્તુમાં જ્ઞેય -જ્ઞાયક ને જ્ઞાતા એવા ત્રણ ભેદ છે જ નહીં, દૃષ્ટિમાં ત્રણ ભેદ જ નથી.**

જીવ જ્ઞેય છે, જીવ જ્ઞાન છે ને જીવ જ્ઞાતા છે – એ તો વચનના ભેદ છે, વસ્તુમાં ભેદ નથી, વસ્તુ તો અભેદ વસ્તુ જ છે.

**( આત્મધર્મ અંક ૪૦૯, પેઈજ નં-૧૧-૧૨ )**

## નિશ્ચયનયનું મંતવ્ય:

[ ૐ ] **પોતાના જ પરિણામનો કર્તા-ભોક્તા પ્રતિભાસતો આત્મા.**

પોતાના પરિણામને કરતો–ભોગવતો એવો જીવ કર્મના પરિણામને પણ કરે કે ભોગવે છે–એમ નથી. મિથ્યાત્વ દશામાં કે સિદ્ધદશામાં કર્મનો ઉદય કે કર્મનો અભાવ નિમિત્ત હોવા છતાં, જેમ સમુદ્ર પોતાની તરંગ કે નિસ્તરંગ દશામાં અંતર્વ્યાપક થઈને તેને કરે છે પણ પવનનું વાવું કે ન વાવું એ કાર્યને સમુદ્ર કરતો નથી, તેમ જીવ પોતાના મિથ્યાત્વ પરિણામને કે સિદ્ધદશાના પરિણામને કરતો પ્રતિભાસે છે પણ કર્મના ઉદયને કે કર્મના અભાવને કરતો પ્રતિભાસતો નથી.

સમુદ્ર પોતાની અવસ્થાઓને કરે છે પણ પવનને લાવવાનું કાર્ય કરતો નથી. પવનનું નિમિત્તપણું હોવા છતાં સમુદ્ર પોતે જ પોતાની ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાને કરે છે પણ પવનને લાવવો એ સમુદ્રનું કાર્ય પ્રતિભાસતું નથી. પવન સમુદ્રની અવસ્થાને કરતો નથી પણ સમુદ્ર તરંગની અવસ્થાને કરતો હોવા છતાં પવનને લાવવાનું કાર્ય સમુદ્ર કરતો નથી.

રાગને કરવામાં ને રાગના અભાવને કરવામાં જીવ જ પોતે પ્રતિભાસો પણ તે કર્મને કરે એમ ન પ્રતિભાસો. રાગને કરતો ને રાગના અભાવને કરતો જીવ પ્રતિભાસો પણ જીવ કર્મને બાંધે ને કર્મને છોડે એમ ન પ્રતિભાસો.

વળી તેવી રીતે કર્મ ભાવક ને જીવ વિકારી ભાવનો ભોકત્તા એટલે કે કર્મ ભાવક ને આત્માના સુખ–દુઃખની કલ્પનાના ભાવ તે ભાવ્ય એવા ભાવકભાવ્ય ભાવનો અભાવ છે, તેથી કર્મનું આત્મા વડે અનુભવવાવું અશક્ય હોવાથી એટલે કે જીવ રાગને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભોગવતો પ્રતિભાસો પણ પરને અનુભવતો ન પ્રતિભાસો સંસાર દશામાં દુઃખને ને મોક્ષદશામાં આનંદને અનુભવતો પ્રતિભાસો પણ કર્મને કે શરીરને આત્મા અનુભવતો ન પ્રતિભાસો.

એ રીતે જીવ પોતાના જ પરિણામનો કર્તા-ભોક્તા છે પણ કર્મના કે શરીરાદિ પરદ્રવ્યનો કર્તા-ભોક્તા નથી. **( આત્મધર્મ અંક ૪૨૮ પેઈજ નં. ૬-૭-૧૩ માંથી )**

## હવે અવ્યક્તનો પાંચમો પ્રકાર સમજાવે છે-

'વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે કેવળ વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. ' વર્તમાન વ્યક્ત પર્યાય તે કાર્ય છે, અને ધ્રુવ અવ્યક્ત તે કારણ છે, એ કારણ અને કાર્ય બન્ને વર્તમાનમાં એક સાથે છે, તેમને કાળભેદ નથી અને તે બન્નેના જ્ઞાનનો પણ કાળભેદ નથી. દ્રવ્ય-પર્યાય બન્ને એક સાથે છે અને જ્ઞાનમાં તે બન્ને એક સાથે પ્રતિભાસે છે. બન્ને એક સાથે જણાવા છતાં એકલી પર્યાયને જ જાણતો નથી માટે આત્મા અવ્યક્ત છે.

વસ્તુમાં વ્યક્તપણું અને અવ્યક્તપણું બન્ને એક સાથે છે, અને જ્ઞાન પર્યાયમાં દ્રવ્ય-પર્યાય બન્નેને એક સાથે જાણવાનું સામર્થ્ય છે. એક પર્યાયના સામર્થ્યને જાણતાં દ્રવ્ય-પર્યાય બન્નેનું જ્ઞાન પણ ભેગું આવી જતું હોવા છતાં, એકલી પર્યાયને જ જાણતો નથી. પણ દ્રવ્યના જ્ઞાન સહિત પર્યાયનું જ્ઞાન કરે છે.

જુઓ ! સમ્યક્ શ્રધ્ધા જ્ઞાન એ પર્યાય છે અને તે આખા દ્રવ્યને કબુલે છે, એટલે તે પર્યાયને જાણતાં તેના વિષયરૂપ આખા દ્રવ્યનું જ્ઞાન પણ તેમાં આવી જાય છે- પરંતુ તેથી 'જ્ઞાન એકલી વ્યક્ત પર્યાયને જ જાણે છે અને અવ્યક્ત દ્રવ્યને નથી જાણતું' - એમ નથી. જ્ઞાન તો અવ્યક્ત એવા દ્રવ્યને અને વ્યક્ત પર્યાયને-બંન્નેને જાણે છે. જ્ઞાનમાં દ્રવ્ય-પર્યાય બંને એક સાથે જણાતાં હોવા છતાં, તે જ્ઞાન અવ્યક્ત દ્રવ્યની તરફ વળીને તે દ્રવ્યના જ્ઞાન સહિત પર્યાયને જાણે છે. એકલી વ્યક્ત પર્યાયને જાણતાં પરમાર્થ આત્મા જણાતો નથી પણ અવ્યક્ત દ્રવ્યના જ્ઞાન સહિત પર્યાયને જાણનારા જ્ઞાનમાં જ આત્મા જણાય છે- તેથી તે અવ્યક્ત છે.

જેમ કેવળજ્ઞાનને જાણતાં લોકાલોકના જ્ઞેયોનું જ્ઞાન પણ થઈ જાય છે તેમ એક પર્યાયના સામર્થ્યને જાણતાં તેમાં દ્રવ્ય-પર્યાય બન્નેનું જ્ઞાન આવી જતું હોવા છતાં, એકલી પર્યાયને જ આત્મા નથી જાણતો માટે તે અવ્યક્ત છે. એકલી પર્યાયને જાણતાં ભગવાન આત્માનું સ્વરૂપ જણાતું નથી, પણ દ્રવ્યના જ્ઞાન સહિત પર્યાયને જાણે તો ભગવાન આત્માનું સ્વરૂપ જણાય છે. એ રીતે અવ્યક્તના પાંચ બોલ કહ્યાં, હવે છેલ્લો બોલ કહે છે.

પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન ( પ્રકાશમાન ) છે માટે અવ્યક્ત છે.

કોઈને એમ થાય કે – પરને જાણતાં તે **પર સન્મુખ** થઈને જાણતો હશે ! તો કહે છે કે ના, પરને જાણતો હોવા છતાં આત્મા પર પ્રત્યે ઉદાસીનપણે રહીને અને **સ્વસન્મુખ** રહીને પરને જાણે છે. સ્વને જાણતાં પરનું પણ જ્ઞાન થઈ જાય છે. સ્વનું ને પરનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, છતાં પોતે સ્વદ્રવ્ય તરફ જ નિયતપણે વર્તે છે અને વ્યક્ત એવા પરજ્ઞેયો પ્રત્યે ઉદાસીનપણે વર્તે છે, જ્ઞેયોના અભાવપણે પોતે વર્તે છે માટે આત્મા અવ્યક્ત છે.

એક સમયના પ્રત્યક્ષ જ્ઞાનમાં તો આખી વસ્તુ જણાય જાય છે, પણ એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય પ્રગટી જતું નથી, એ અપેક્ષાએ ભગવાન આત્મા વ્યક્ત છે. અવ્યક્ત હોવા છતાં જ્ઞાનમાં પ્રત્યક્ષ છે.

**( આત્મધર્મ અંક-૯૦, પેઈજ નં. ૧૩૩-૧૩૪માંથી )**

## ઊણા અને પૂરા વચ્ચે કેટલો વિરહ ?

પૂર્ણ સ્વભાવનો સ્વીકાર અને અપૂર્ણતાનો નકાર–એવી સમ્યક્પ્રતીતિના જોરે શુદ્ધોપયોગ થાય છે અને એ શુદ્ધોપયોગના જોરે કેવળજ્ઞાન થાય છે. કોઈ કહે છે કે અત્યારે તો પૂર્ણતા નથી; ઊણા અને પૂરા વચ્ચે કેટલો વિરહ છે ? તેનો જવાબ–અરે ભાઈ, વિરહ કેવા ! ઊણું પોતે જ્યાં પૂરા સ્વભાવમાં લીન થઈ ગયું ત્યાં ઊણા અને પૂરા વચ્ચે આંતરો જ નથી. પહેલા જ્યારે ઊણું જ્ઞાન પર્યાયદૃષ્ટિમાં જ અટકતું ત્યારે ઊણા અને પૂરા વચ્ચે અંતર હતું, પણ હવે અપૂર્ણતાનો જ નિષેધ કરતું, પર્યાયદૃષ્ટિ છોડતું તે પૂરા સ્વભાવમાં જ એકાગ્ર થઈ ગયું ત્યાં ઊણું અને પૂરું અભેદ થઈ ગયા, વિરહ તૂટી ગયો. પર્યાયદૃષ્ટિથી પૂર્ણતા ભાસતી ન હતી, પણ સ્વભાવમાં એકાગ્ર થઈને દ્રવ્યદૃષ્ટિથી જોયું ત્યાં સ્વભાવ જ ભાસે છે, અપૂર્ણતા ભાસતી નથી. અધૂરીદશા ને પૂરીદશા એવો ભેદ તો પર્યાય અપેક્ષાએ છે, પણ દ્વ્યસ્વભાવની અપેક્ષાએ જુઓ તો દરેક સમયે પૂર્ણતા જ છે. આવા સ્વભાવ તરફના વલણમાં કેવળજ્ઞાન સાથેના વિરહ છે જ ક્યાં ? દ્રવ્ય સ્વભાવ કેવળ જ્ઞાનથી ભરેલો છે. **જો દ્રવ્ય સ્વભાવના વિરહ હોય તો કેવળજ્ઞાનના વિરહ હોય.**

કોઈ પણ જીવ પોતાના આત્મસ્વભાવનું ભાન કરીને એકાવતારી થાય અને સવાર્થસિદ્ધિ દેવલોકમાં જાય. અને ત્યાં પોતાના જ્ઞાનમાં એમ જાણે કે કેવળજ્ઞાન થવાને ૩૩ સાગરોપમની વાર છે. તો ત્યાં તેણે ખરેખર પરિપૂર્ણ સ્વભાવમાં રહીને ૩૩ સાગર કાળની સ્થિતિને જાણી છે. એટલે **પોતાના નિર્મળજ્ઞાનને કેવળજ્ઞાન તરફ લંબાવીને વિરહ તોડી નાખ્યો છે. કાળભેદને તોડી ભવિષ્યના કેવળજ્ઞાનને વર્તમાનમાં જ જાણે છે.** એ ખરેખર સ્વભાવના આશ્રયે જ્ઞાન સામર્થ્ય જ લંબાણું છે અને વચલા ૩૩ સાગરની બધી દશાઓનો જ્ઞાતા થઈ ગયો છે. જેને પોતાની પૂર્ણશક્તિની પ્રતીત થઈ છે તે જીવ વર્તમાન પૂર્ણ સ્વભાવ ઉપર જ જોર આપે છે, પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૩૩ સાગરના કાળ ઉપર તેનું જોર જતું નથી. પૂર્ણ સ્વભાવ ઉપરનું જોર પ્રગટ કર્યું તે સુપ્રભાત છે. **( આત્મધર્મ -૫૨, પેઈજ નં. -૬૦-૬૧, સં-૨૪૭૪ માહ )**

[ ૐ ] **પ્રશ્ન-** જ્ઞાનનો સ્વભાવ જાણવાનો જ છે તો પોતે પોતાને કેમ નથી જાણતો ?

**ઉત્તર-** જ્ઞાન પોતાને જાણે છે, એનો સ્વભાવ પોતાને જાણવાનો છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે એટલે પોતે જણાતો નથી, પરમાં ક્યાંક ક્યાંક અધિકતા પડી છે એટલે બીજાને અધિક માનતો હોવાથી પોતે જણાતો નથી. અધિકપણાનું એનું બળ પરમાં જાય છે. તેથી પોતે જણાતો નથી. **( આત્મધર્મ અંક ૪૧૦ પેઈજ નં-૨૬ )**

## પ્રમેયત્વગુણની સમજણ

[ ૐ ] અસ્તિત્વ, વસ્તુત્વ અને દ્રવ્યત્વ એ ત્રણ સામાન્ય ગુણોની સમજણ અપાઈ ગઈ છે. ચોથો સામાન્ય ગુણ 'પ્રમેયત્વ' છે. આ સામાન્ય ગુણ જીવમાં પણ હોય છે અને અજીવમાં પણ હોય છે.

જેમ જીવનો સ્વભાવ જાણવાનો છે તેમ જગતના બધા દ્રવ્યોમાં જણાવવાનો સ્વભાવ છે. 'ન જણાય' એવા સ્વભાવવાળું કોઈ દ્રવ્ય નથી. જેમ સ્વચ્છ અરીસાની સામે કોઈ વસ્તુ રાખો તો અરીસામાં તેનું પ્રતિબિંબ દેખાય છે તેમ આત્માના જ્ઞાનમાં છ એ દ્રવ્યો દેખાય એવો દરેક દ્રવ્યનો સ્વભાવ છે. આને 'પ્રમેયત્વગુણ' કહેવાય છે.

જાણવાનો સ્વભાવ તો એકલા જીવમાં જ છે, પણ પ્રમેય થવાનો ( જણાવવાનો ) સ્વભાવ છ એ દ્રવ્યોમાં છે. જીવનું જ્ઞાન પૂરું થાય ત્યારે તેના જ્ઞાનમાં કોઈ પણ પદાર્થ જાણવાનો બાકી રહેતો નથી. બધા જ પદાર્થો એકી સાથે એક જ સમયે જણાય છે.

કોઈ જીવ એમ ઇચ્છે કે, કેવળી ભગવાનના જ્ઞાનથી હું છૂપો રહી જાઉં તો તેમ બની શકે નહીં. કેમ કે તે જીવમાં પ્રમેયત્વગુણ છે, તેથી તે જ્ઞાનમાં જણાયા વગર રહી શકે નહીં.

ઘણા અજ્ઞાની લોકો એમ માને છે કે –આત્મા તો અરૂપી છે તેથી તેને જાણી શકાય નહીં. તેમની વાત પણ ખોટી છે. આત્મામાં પ્રમેયત્વગુણ રહેલો છે તેથી તે કોઈને કોઈ જ્ઞાનમાં જરૂર જણાય છે. એટલું ખરૂં છે કે આત્મા અરૂપી હોવાથી આંખ વગેરે ઇન્દ્રિયોથી જણાતો નથી પણ સાચા જ્ઞાનથી તો આત્મા જરૂર જણાય છે. 'આત્મા કોઈ રીતે જાણી ન શકાય' એમ જે માને છે તે આત્માના પ્રમેયત્વગુણને જાણતો નથી તેમજ આત્માના જ્ઞાનગુણને પણ જાણતો નથી. આત્મામાં જ્ઞાન અને પ્રમેયત્વ એ બન્ને ગુણ હોવાથી આત્મા પોતે પોતાને જાણી શકે છે.

આત્માનો જ્ઞાનગુણ તે વિશેષગુણ છે ને પ્રમેયત્વગુણ તે સામાન્યગુણ છે. જગતના કોઈ પદાર્થો પોતાનું સ્વરૂપ જણાવવાની ના પાડતા નથી, છતાં જીવ પોતે તેને જાણતો નથી તે પોતાના જ્ઞાનનો જ દોષ છે. પોતાના જ્ઞાનનો સ્વભાવ બધાયને જાણવાનો છે એમ સમજીને– પોતાના પૂરા જ્ઞાનનો વિશ્વાસ કરે તો જીવનું જ્ઞાન વિકાસ પામે અને તેના જ્ઞાનમાં બધાય પદાર્થો જણાય એટલે તેને આકુળતા ટળીને શાંતિ થાય, ને તેનો મોક્ષ થાય. **( આત્મધર્મ નં. -૫૬, પેઈજ નં. -૧૪૬ )**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ ૐ ] જુઓને, તીર્થંકરોનું શરીર વસ્ત્ર વગર જ કેવું શોભે છે!! એવું પવિત્ર શરીર કે જોનારને તેમાં પોતાના સાત ભવ ( આગલા-પાછલા ) દેખાય. તો આ ચૈતન્યદર્પણનું દિવ્ય ચૈતન્ય તેજ-જેમાં જગતના સમસ્ત પદાર્થો એક સાથે ઝળકે ને જે અતીન્દ્રય આનંદની સ્વાનુભૂતિમાં જ મગ્ન રહે. એવા ચૈતન્ય સમયસાર- શુદ્ધઆત્માની શોભાની શી વાત! માટે આવો ચેતન્યપદાર્થ આત્મા જ સર્વ પદાર્થોમાં શ્રેષ્ઠ-સારભૂત છે.

જુઓ, જગતમાં છ દ્રવ્યો; તેમાં પાંચ તો અજીવ છે. તે અજીવ પદાર્થોમાં જ્ઞાન નથી, સુખ પણ નથી, તે અજીવને જાણતાં જાણનારને પણ સુખ નથી. સુખ તો સ્વાનુભૂતિમાં છે. એકલા પરપ્રકાશકપણામાં સુખ નથી. શુદ્ધ જીવ પોતે સુખ છે, જ્ઞાનરૂપ છે, અને તેને જાણતાં જાણનારને પણ અતીન્દ્રિય સુખનો સ્વાનુભવ થાય છે, માટે તેને જ સારપણું છે. આવા સારભૂત જીવને ઓળખીને અહીં મંગલાચરણમાં તેને નમસ્કાર કર્યા છે. આ નમસ્કાર અપૂર્વ છે. આવા નમસ્કારનો ભાવ જીવે પૂર્વે કદી પ્રગટ કર્યો ન હતો; જ્યાં ચૈતન્યસ્વભાવમાં **સ્વસન્મુખ** થઈને તેને જાણ્યો ત્યાં અતીન્દ્રિયસુખ સ્વાનુભવમાં આવ્યું તે અપૂર્વ મંગલ છે. આ માંગલિકમાં અપૂર્વ **સ્વસન્મુખતા** છે. સ્વસન્મુખ ભાવમાં જ અતીન્દ્રિય સુખ ને જ્ઞાન છે તેથી તે સારભૂત મંગળ છે. સ્વસ્વભાવની **સન્મુખતા** વિના જ્ઞાન નહિ, ને સ્વસ્વભાવની **સન્મુખતા** વિના સુખ નહિ. જેને જાણવાથી સુખ ન મળે, જેને જાણવાથી સમ્યગ્જ્ઞાન ન થાય- એવા પદાર્થોને 'સાર' કોણ કહે ? સાર તો તેને કહેવાય કે જેને જાણતાં સુખ અને જ્ઞાન થાય. એવો સારભૂત પદાર્થ તો શુદ્ધઆત્મા જ છે. તેથી તેને નમસ્કાર કરીને માંગલિક કર્યું. **( આત્મધર્મ અંક-૨૫૭, પેઈજ નં. ૭-૮ )**

[ ૐ ] જેમ મીઠાની પૂતળી પાણીમાં નાખતા વેંત જ સમાઈ ( ઓગળી ) જાય છે તેમ આખો લોકાલોક કેવળજ્ઞાનમાં સમાઈ જાય છે અર્થાત્ કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં સર્વ પદાર્થો જણાઈ જાય છે-બધા જ્ઞેયો સમયે સમયે તેમાં સમાતા જાય છે.

સ્ફટિક જેમ અંદર-બહાર તેના આખા દળમાં પૂર્ણ સ્વચ્છ છે તેમ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશે પૂર્ણ પવિત્ર છે. શરીરના જે ભાગોમાં અશુચિ છે તે સ્થાને રહેલા આત્મપ્રદેશો પણ અશુચિમય હોતા નથી પરંતુ પવિત્ર જ હોય છે. પગના ભાગમાં રહેલા આત્મપ્રદેશો ઓછા પવિત્ર ને મસ્તક કે જે ઉત્તમાંગ કહેવાય ત્યાં રહેલા આત્મપ્રદેશો વિશેષ પવિત્ર-એવું નથી. તે તો સર્વાંગે પૂર્ણ પવિત્ર જ છે.

સ્વચ્છ મનુષ્ય જેમ અશુચિવાળા સ્થાનમાં જરા વાર પણ રહેવા ઇચ્છતો નથી પણ જલદીથી બહાર નીકળી જવા ઇચ્છે છે તેમ આસ્રવો-પુણ્ય પાપના વિકારી ભાવો કે જે અશુચિમય છે તેને આત્મશુદ્ધિનો ઇચ્છક પુરુષ જરાવાર પણ રાખવા ઇચ્છતો નથી પણ તેને જલદીથી છોડી દઈને પૂર્ણ પવિત્ર બનવા ઇચ્છે છે.

**( આત્મધર્મ -૩૮, પેઈજ નં. -૨૨ )**

[ ૐ ] પૂજ્યપાદ સ્વામી કહે છે કે-આત્મા સ્વસંવેદન પ્રમાણથી બરોબર જાણી શકાય છે. આત્મા જ્ઞાતા થઈને પોતાને જ જ્ઞેય બનાવી ને જ્ઞાનમાં બરાબર પોતાનું સ્વરૂપ જાણી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શકે છે. પુણ્ય–પાપના રાગનું, સંયોગનું જોડાણ છોડી દઈને –લક્ષ છોડી દઈને શુદ્ધ, ચૈતન્યઘન, અનાકુળ આનંદ સ્વરૂપમાં જેણે જોડાણ કર્યું છે એવા ધર્મી જીવને પોતાથી પોતાનું વેદન થાય છે. પોતે જ જ્ઞાતા થઈને પોતાને જ જ્ઞેય બનાવે ત્યારે જ્ઞાન થાય છે. આત્મા પોતે જ પોતાથી જણાવા લાયક છે. જાણનારો પણ આત્મા અને જણાવા યોગ્ય પણ આત્મા પોતે છે માટે આત્મા પ્રમાણ સિદ્ધ છે.

એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં લોકાલોકને જાણનારો, શરીર પ્રમાણ, નિત્ય સુખ સ્વરૂપ એવો આત્મા પોતાના પ્રમાણ જ્ઞાનમાં પ્રમેય થાય છે. સ્વજ્ઞેયને જ્ઞાનમાં લઈને જ્ઞાતા થવાનો આત્માનો વાસ્તવિક સ્વભાવ છે તથા લોકાલોકને જાણવાનો પણ આત્મામાં સ્વતઃ સ્વભાવ છે. લોકાલોક છે માટે જણાય છે– એમ નથી. જાણવાનો આત્માનો સ્વતઃ સ્વભાવ છે. લોકાલોકના સ્વરૂપને જાણનારું આત્માનું જ્ઞાન સામર્થ્ય ન હોત તો આ લોકાલોક છે એમ કોણ કહી શકે. જેમ લોકાલોક એક સત્તા છે તેમ તેને જાણવાનો સ્વતઃ સ્વભાવ ધરનારી જ્ઞાન–આનંદરૂપ વસ્તુ એ પણ એક સત્તા છે. આહાહા ! ગજબ વાત છે.

અહીં તો એમ કહે છે કે–કેવળ પરને જ જ્ઞેય કરવું નથી અને કેવળ પરનું જ જાણનાર થવું નથી, પણ પોતે જ પોતાને જ્ઞેય બનાવી પોતે જ જ્ઞાતા થઈને અંતર સ્વભાવમાં સમાઈ જવું છે. સ્વભાવને ઓળખીને સ્વભાવમાં ઠરી જવું છે. હીરો જોયા વગર તેના વખાણ કરવા ખોટા છે પણ જોઈને વખાણ કરે તે સાચા છે, તેમ આચાર્યદેવ ચૈતન્ય હીરો જોઈને–પ્રમાણજ્ઞાનથી સિદ્ધ કરીને તેના ગુણગાન કરે છે. લોકાલોક એક મહાસત્તા છે પણ જ્ઞાનનો લોકાલોકને અડયા વિના, તેનું લક્ષ કર્યા વિના, લોકાલોકની સત્તાની હાજરી છે માટે નહીં... પણ પોતાની સત્તાના સામર્થ્યથી લોકાલોકને એક સમયમાં જાણી લે છે. એવું જ તેનું કોઈ અચિંત્ય સામર્થ્ય છે.

પરદ્રવ્ય–પરભાવના સહારા વિના આત્મા સ્વતઃ સ્વભાવથી પ્રમાણ સિદ્ધ છે. .... પોતાના જ પ્રમાણથી પોતાનું સ્વરૂપ સિદ્ધ થાય છે. ત્યાં બીજાના પ્રમાણની જરૂર નથી, પોતાથી પોતાનું જ્ઞાન થવું તે જ સ્વસંવેદન છે. તેને સ્વ સંવેદન કહો– અનુભવ કહો, સમ્યગ્દર્શન કહો કે જે કહો તે એ જ છે.

જેનું જે સ્વ.... રૂપ છે, સ્વભાવ છે, સત્ત્વ છે તેને બીજાના પ્રમાણથી માનવાનું ક્યાં રહ્યું ? તે પોતાથી જ સ્વરૂપ સિદ્ધ છે. પોતે જ પોતાનો જ્ઞાતા થવાને લાયક છે... અને જીવ પોતે જ પોતાને જ્ઞેય બનાવવાને લાયક છે. તેથી પોતે જ પોતાને જ્ઞેય બનાવીને જ્ઞાતા પણે જાણી શકે છે–આ તેનો સહજ સ્વભાવ છે.

હું જ જ્ઞેય અને હું જ જ્ઞાયક એટલે કે હું જ જણાવા યોગ્ય અને હું જ જાણનાર છું– એમ વિકલ્પ રહિત થઈને જે સ્વસંવેદન કરે છે તે પ્રમાણ છે. કુંદકુંદાચાર્યે સમયસારમાં કહ્યું કે– **'जदि दायेज प्रमाणं'** જો હું દેખાડું તો પ્રમાણ કરજે. આમ જે કહ્યું છે તે આ સ્વસંવેદન પ્રમાણની વાત છે. આત્માનું સ્વરૂપ જેવું હું દર્શાવું છું તેવું તું અનુભવ કરીને પ્રમાણ કરજે. તારા અંતરના પ્રમાણ માટે તારે બીજા કોઈની –સહાયની જરૂર નહીં પડે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આકાશનું ક્ષેત્ર છે... છે... છે તેનો અંત ક્યાંય નહીં આવે. તેમ કાળ છે... છે... છે તેનો ક્યારેય અંત નહીં આવે તો તેના જાણનાર જ્ઞાનમાં પણ ક્ષેત્રનો કે કાળનો અંત નહીં જણાય. અસ્તિ જ જણાશે. આત્મામાં પોતાના જ્ઞાનનો ભાવ, આનંદનો ભાવ, સ્વચ્છતાનો ભાવ, શુદ્ધતાનો ભાવ, શાંતિ નામ ચારિત્રનો ભાવ, વીર્યનો ભાવ આદિ દરેક ગુણોના ભાવ અમાપ છે, છતાં તેને પણ આત્મા-પોતે પોતાને જ્ઞેય બનાવીને જ્ઞાયકપણે એક સમયમાં જાણી લ્યે છે. પોતાના પ્રમાણ જ્ઞાનમાં પોતાના અમાપ ભાવોનું જ્ઞાન થઈ જાય છે. બધા પ્રમાણમાં આ સ્વસંવેદન પ્રમાણ જ મુખ્ય છે.

અરે... પ્રભુ ! તારું સ્વરૂપ તારા જ્ઞાનમાં ન આવે અને ધર્મ થઈ જાય એ કેમ બને ! પોતાથી જ પોતાનું પ્રમાણ થાય એવું જીવનું સ્વરૂપ છે. તેનાથી ઓછું, અધિક કે વિપરીત સ્વરૂપ માને તો એ તત્ત્વથી જ વિપરીત છે.

**( આત્મધર્મ અંક -૪૯૨, પેઈજ નં. ૧૧ થી ૧૪ )**

[ ૐ ] જ્ઞાનની વર્તમાન પર્યાયમાં અખંડ-એક-પ્રતિભાસમય વસ્તુ છે તે જણાય છે, ભલે મતિ-શ્રુતજ્ઞાન હો પણ તેમાં અખંડ-એક-પ્રતિભાસમય આત્મા પ્રત્યક્ષ જણાય છે. પ્રત્યક્ષ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ વસ્તુ છે તે પર્યાયમાં જણાય જાય છે. એવો જે આત્મા છે તે અવિનશ્વર છે-કોઈ દિ' નાશ થતો નથી. પર્યાય છે તે બદલે છે પણ વસ્તુ છે તે ત્રિકાળ નિજાનંદ ધ્રુવ વસ્તુ છે. શુદ્ધ-પારિણામિક પરમભાવ જેનું લક્ષણ છે, ત્રિકાળી શુદ્ધ સ્વભાવભાવ જેનું લક્ષણ છે, એવું નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું – એમ ધ્યાતા પુરુષ ધ્યાવે છે ઉઘડેલી પર્યાય તે હું છું એમ નહીં પણ ઉઘડેલી પર્યાય એમ કહે છે કે આ ત્રિકાળી દ્રવ્ય છે તે હું છું. પરંતુ ક્ષયોપશમ જ્ઞાન પ્રગટયું છે તે હું છું એમ ધ્યાતા પુરુષ ભાવતો નથી. સમ્યગ્દર્શન ને આનંદ સહિત જ્ઞાનની પર્યાય પ્રગટેલી છે તેનું ધ્યાતા પુરુષ ધ્યાન નથી કરતો; હું ખંડ જ્ઞાનરૂપ છું એમ સમ્યગ્દૃષ્ટિ નથી ભાવતો, પણ પ્રત્યક્ષ પ્રતિભાસમય નિજપરમાત્મદ્રવ્ય હું છું – એમ જ્ઞાની પુરુષ ધ્યાવે છે.

**( આત્મધર્મ અંક ૪૦૬, પેઈજ નં-૨૭ )**

[ ૐ ] .... સમ્યગ્દર્શન કેમ પમાય ? તેની રીત ને વિધિ શું છે ? તેની આ વાત છે. ચૈતન્યની જાગૃત જ્યોતવાળો ધ્રુવ છે ત્યાં જા તો એ જરૂર પ્રાપ્ત થશે. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે પણ તે એકલા પરને પ્રકાશી રહ્યો છે તેથી એ જ્ઞાનની પર્યાય મિથ્યા થઈ. એ જ્ઞાનની પર્યાય જેની છે-ધ્રુવની છે-તેને પ્રકાશે ત્યારે સમ્યક્ કહેવાય.

**( આત્મધર્મ અંક -૪૯૦, પેઈજ નં. ૨૭ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સ્વચ્છત્વ શક્તિ

[ ॐ ] અનંત શક્તિઓવાળા આત્માના આધારે ધર્મ થાય છે, તેથી તેની શક્તિઓ વડે તેને ઓળખવા માટે આ વર્ણન ચાલે છે. આત્માના ઉપયોગમાં લોકાલોક જણાય એવો તેનો સ્વચ્છ સ્વભાવ છે. બહારમાં શરીરને ધોવાથી આત્માની સ્વચ્છતા થાય–એમ નથી; સ્વચ્છતા તો આત્માનો જ ગુણ છે; તે ક્યાંય બહારથી આવતી નથી. અજ્ઞાનીઓ ચૈતન્યના સ્વચ્છ સ્વભાવને ભૂલીને શરીરની સ્વચ્છતામાં ધર્મ માને છે, ને શરીરની અશુચિ થતાં જાણે કે પોતાના આત્મામાં મલિનતા લાગી ગઈ એમ તે માને છે; પણ આત્મા તો સ્વયં સ્વચ્છ છે, તેના ઉપયોગમાં લોકાલોક જણાય છતાં તેને મલિનતા ન લાગે એવો તેનો સ્વચ્છ સ્વભાવ ત્રિકાળ છે.

હે જીવ ! તારી સ્વચ્છતા એવી છે કે–તેમાં જગતનો કોઈ પદાર્થ જણાયા વગર રહે નહીં. જેમ અરીસાની સ્વચ્છતામાં બધું દેખાય છે તેમ સ્વચ્છત્વ શક્તિને લીધે આત્માના ઉપયોગમાં લોકાલોક જણાય છે. શરીર તો જડ છે તેનામાં કોઈને જાણવાની તાકાત નથી, રાગાદિ ભાવોમાં પણ એવી સ્વચ્છતા નથી કે તે કોઈને જાણી શકે, તે તો આંધળા છે, આત્મામાં જ એવી સ્વચ્છતા છે કે તેના ઉપયોગમાં બધુંય જણાય છે. સ્વચ્છતાને લીધે આત્માનો ઉપયોગ જ લોકાલોકના જ્ઞાનપણે પરિણમી જાય છે. શરીર સ્વચ્છ હોય તો આત્માના ભાવ નિર્મળ થાય એમ નથી.

જગતના બધા પદાર્થો મારા ઉપયોગમાં જણાય ભલે, પણ તે કોઈ પદાર્થ મારી સ્વચ્છતાને બગાડવા સમર્થ નથી. બહારના પદાર્થો કાંઈ જ્ઞાનમાં આવી જતા નથી, પણ જ્ઞાનના ઉપયોગનો એવો મેચક સ્વભાવ છે કે સમસ્ત પદાર્થોના જ્ઞાનપણે તે પરિણમે છે, છતાં પોતે સ્વચ્છતાને છોડતો નથી. જેણે પોતાના આવા પવિત્ર ઉપયોગ સ્વભાવની પ્રતીત કરી તે જીવ સ્વ સન્મુખતાથી પર્યાયે–પર્યાયે પવિત્રતાને પ્રગટ કરતો કેવળજ્ઞાનની સન્મુખ થતો જાય છે.

લોકાલોકને દેખવા માટે જીવને ક્યાંય બહાર જોવું નથી પડતું, પણ જ્યાં જ્ઞાનનો ઉપયોગ સ્વરૂપમાં લીન થઈને સ્વચ્છપણે પરિણમ્યો ત્યાં તેની સ્વચ્છતામાં લોકાલોક આપો આપ આવીને ઝળકે છે. વસ્તુપાળ તેજપાળના સંબંધમાં એમ વાત આવે છે કે– એકવાર ચોરના ભયથી ઘરેણાં વગેરે મિલ્કત દાટવા માટે જમીનમાં ખાડો ખોદતા હતા, ત્યાં તે ખાડામાંથી જ સોનામહોરોના નિધાન નીકળી પડયા. તે જોઈને તેમની સ્ત્રીઓ કહે છે કે અરે ! આપણે તે કાંઈ જમીનમાં દાટવાનું હોય ? જ્યાં પગલે પગલે નિધાન નીકળે છે ત્યાં દાટવાનું શું હોય ? માટે આ લક્ષ્મીને એવી રીતે વાપરો કે જે કોઈ ચોરી ન શકે. – આ ઉપરથી પછી તેઓએ મંદિરો બંધાવ્યા. તેમ અહીં ચૈતન્યમાં એવી ઉપયોગ લક્ષ્મીનો ભંડાર ભર્યો છે કે અંતર્મુખ ઊંડા ઊતરીને તેને ખોદતાં કેવળજ્ઞાનનાં નિધાન પ્રગટે છે, ને લોકાલોક આવીને તેમાં ઝળકે છે. તે ઉપયોગની સ્વચ્છતાને કોઈ ચોરી જઈ શકતું નથી. જેના સ્વભાવમાં આવાનિધાન ભર્યા તેને વળી કોઈ પરનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આશ્રય કેમ હોય ? સ્વભાવના આશ્રયે પર્યાયે પર્યાયે પૂરા નિધાન પ્રગટે છે. આત્મામાં જ એવી સ્વચ્છતા ભરી છે કે કોઈ પર વસ્તુના કે મંદકષાયના આશ્રય વગર જ તેનો ઉપયોગ લોકાલોકને જાણવાપણે પરિણમે છે.

સ્વચ્છ અરીસાની સામે મોર હોય ત્યાં અરીસામાં એવું સ્પષ્ટ પ્રતિબિંબ દેખાય, – જાણે કે મોર અરીસામાં પેસી ગયો હોય ! ત્યાં ખરેખર અરીસામાં મોર નથી દેખાતો પણ તેવું અરીસાની સ્વચ્છતાનું જ પરિણમન છે. તેમ ચૈતન્યમૂર્તિ આત્માનો ઉપયોગ તે આખા જગતનો મંગલ અરીસો છે; તેની સ્વચ્છતામાં લોકાલોક એવા સ્પષ્ટપણે જણાય છે કે જાણે લોકાલોક તેમાં પ્રવેશી ગયા હોય ! ખરેખર કાંઈ લોકાલોક આત્માના ઉપયોગમાં પેસી જતા નથી, લોકાલોક તો બહાર જ છે, આત્માનો સ્વચ્છ ઉપયોગ જ તેવા સ્વરૂપે પરિણમ્યો છે. આવી સ્વચ્છત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે. કાંઈ બહારના લક્ષે ઉપયોગની સ્વચ્છતા થતી નથી પણ ત્રિકાળી સ્વચ્છ ઉપયોગ સ્વભાવની સન્મુખ થતાં ઉપયોગની સ્વચ્છતા પ્રગટે છે. આ રીતે સ્વચ્છત્વ શક્તિ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેયમાં વ્યાપેલી છે. એક સમયના જગતના અનેક પદાર્થોને જાણે તેવા આકારરૂપે ઉપયોગનું પરિણમન થવા છતાં તેનામાં ખંડખંડ કે મલિનતા થઈ જતી નથી–એવો સ્વચ્છતા શક્તિનો પ્રતાપ છે.

પરની સામે જોયે કે શુભરાગને લઈને ઉપયોગનું સ્વચ્છત્વ નથી થતું, શુભરાગ તો પોતે મલિનતા છે. આત્માનો ત્રિકાળી સ્વચ્છ સ્વભાવ છે તેની પ્રતીત કરીને પરિણમતાં લોકાલોકને પ્રકાશે એવો સ્વચ્છ ઉપયોગ પ્રગટે છે. તે ઉપયોગ પરની સામે જોયા વિના પોતે પોતામાં લીન રહીને પોતાની સ્વચ્છતામાં બધાને જાણી લે છે. જેમ કોઈ વાર સ્વયંવર વગેરેમાં કન્યાને રાજકુમારો સામું જોવું ન પડે તે માટે એક સ્વચ્છ મોટો અરીસો રાખે છે, તે અરીસાની સામે જોતાં કન્યા તેમાં રાજકુમારનું મોઢું દેખી લે છે, કન્યાને સામે જોવું નથી પડતું; તેમ આત્મામાં એવી સ્વચ્છતા છે કે પર લોકાલોકની સામે જોયા વિના, પોતે પોતાના સ્વભાવની સામે જોતાં નિર્મળ ઉપયોગ ભૂમિમાં લોકાલોકને દેખી લે છે. જેમ સતી સ્ત્રીઓ પર પુરુષની સામે આંખ ઊંચી કરતી નથી તેમ પવિત્રમૂર્તિ આત્મા પરની સામે જોયા વગર જ લોકાલોકને પ્રકાશવારૂપે પરિણમવાની તાકાતવાળો છે.

દ્રૌપદી, સીતાજી વગેરે મહાન સતીઓ હતી, એક પતિ સિવાય બીજા કોઈને સ્વપ્નેય ઈચ્છે નહીં. દ્રૌપદી સતીને એક જ પતિ હતો, સ્વયંવરમાં તેણે પાંચ પાંડવોને વરમાળા નાખી નથી, પણ એકલા અર્જુનને તે વરી છે; પૂર્વના પ્રારબ્ધયોગે એવી ખોટી લોકવાયકા ઊડી ગઈ કે દ્રૌપદીને પાંચ પતિ હતા. અહો ! યુધિષ્ઠિર અને ભીમ એ જેઠ તો પિતા તુલ્ય હતા ને નકુળ–સહદેવ એ દિયર તો તેના દિકરા તુલ્ય હતા, આવી પવિત્ર સતીને પાંચ પતિ માનનારા મૂઢ છે. સતીને સ્વપ્નેય તેવું ન હોય. સતી સીતા, દ્રૌપદી, રાજિમતી વગેરે તો જગતની હીરલાઓ હતી, તેમને આત્માનું ભાન હતું, અંદરમાં બ્રહ્મ નામ આનંદનો રસ ચાખ્યો હતો તેથી વિષયો નિરસ લાગતા હતા. તેઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિષયમાં કિંચિત્ સુખ માનતા ન હતા. એવી પવિત્ર સતીઓ બીજા સામે જુએ નહીં. અહીં સતીઓનો દાખલો આપીને એમ સમજાવવું છે કે – જેમ પવિત્ર સતીઓ બીજા પુરુષની સામે જોતી નથી તેમ ભગવાન આત્માનો એવો સ્વચ્છ–પવિત્ર સ્વભાવ છે કે કોઈ બીજાની સામે જોયા વિના, પોતે પોતાના સ્વભાવથી જ લોકાલોકને જાણવારૂપે પરિણમી જાય છે, ઇન્દ્રિયોના આલંબનથી કે પરજ્ઞેયોની સન્મુખતાથી તે નથી જાણતો.

આ દ્રવ્યદૃષ્ટિની વાત છે; વર્તમાન પર્યાયમાં કચાસ હોવા છતાં, **સ્વસન્મુખ** સ્વભાવની પ્રતીત કરવાની આ વાત છે. જેટલું બહિર્મુખ વલણ જાય તે મારું સ્વરૂપ નથી, મારો **આખો** સ્વભાવ **અંતર્મુખ** છે. મારા સ્વભાવની સ્વચ્છતા એવી છે કે તેની સામે જોતાં બધુંય જણાઈ જાય છે. બહારમાં જોવા જતાં તો વિકલ્પ ઊઠે છે ને પૂરું જણાતું નથી; લોકાલોકને જાણવા માટે બહારમાં લક્ષ લંબાવવું પડતું નથી પણ અંતરમાં એકાગ્ર થવું પડે છે; અનંતું અલોકક્ષેત્ર, અનંતો કાળને લોકના અનંતા પદાર્થો તે બધુંય સ્વભાવની સામે જોતાં જણાય જાય છે. લોકાલોકની સામે જોઈને કોઈ જીવ લોકાલોકને પાર ન પામી શકે, પણ જ્ઞાન અંદરમાં ઠરતાં લોકાલોકને પાર પામી જાય છે. આમ ધર્મીને પોતાના **અંતર્મુખ** સ્વભાવની પ્રતીત છે.

આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ ! તું પરને જાણવાની આકુળતા છોડીને તારામાં ઠર. પરને જાણવાની આકુળતા કરવાથી તો સારું જ્ઞાન ઊલટું રોકાઈ જશે ને પૂરું જાણી નહીં શકે. પણ જો સ્વરૂપમાં સ્થિર થા તો તારા જ્ઞાનનો એવો વિકાસ પ્રગટી જશે કે લોકાલોક તેમાં સહજપણે જણાશે. માટે **સ્વભાવ સન્મુખ** થઈને તારી સ્વચ્છતાના સામર્થ્યની પ્રતીત કર અને તેમાં ઠર. જુઓ ! આ લોકાલોકને જાણવાનો ઉપાય.

અમૂર્તિક આત્મપ્રદેશોમાં જ લોકાલોક ઝળકે છે. લોકમાં મૂર્તિક પદાર્થો છે તેઓ પણ અમૂર્તિકજ્ઞાનમાં જણાય છે. મૂર્તિક પદાર્થોને જાણતાં જ્ઞાન કાંઈ મૂર્તિક થઈ જતું નથી, કેમકે મૂર્તિક પદાર્થોનું જ્ઞાન તો અમૂર્તિક જ છે. જગતમાં આત્મા છે, તેમાં જ્ઞાનગુણ છે, તેના ઉપયોગનું પરિણમન છે, તેનું પૂર્ણ સ્વચ્છ પરિણમન થતાં તેમાં લોકાલોક જણાય છે, સામે લોકાલોક જ્ઞેયપણે છે, પણ લોકાલોકને જાણનારું જ્ઞાન તેનાથી જુદું છે, લોકાલોકનું જ્ઞાન તો આત્મપ્રદેશોમાં જ સમાય જાય છે. –એક સ્વચ્છત્વ શક્તિને માનતાં તેમાં આ બધુંય આવી જાય છે. જે આ બધું ન સ્વીકારે તેને આત્માના સ્વચ્છત્વ સ્વભાવની પ્રતીત નથી.

અરીસાની સ્વચ્છતાને લીધે તેમાં મયૂર વગેરે સ્વયં પ્રકાશિત થાય છે. જિનમંદિરમાં બન્ને બાજુના અરીસામાં અનેક જિનપ્રતિમાની હાર હોય તેવું દેખાય છે, ત્યાં અરીસામાં કાંઈ જિન પ્રતિમા નથી, તે તો અરીસાની સ્વચ્છતાનું તેવું પરિણમન છે. અનેક પ્રકારના રંગ અને આકૃતિઓ અરીસામાં દેખાય છે તે કાંઈ બહારની ઉપાધિ નથી પણ અરીસાની સ્વચ્છતાની જ અવસ્થા છે. તેમ આત્માનો એવો સ્વચ્છ સ્વભાવ છે કે તેના ઉપયોગના પરિણમનમાં લોકાલોકનું પ્રતિબિંબ ઝળકી રહ્યું છે, અનંત સિદ્ધ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવંતો જ્ઞાનમાં એક સાથે ઝળકી રહ્યાં છે; ત્યાં જ્ઞાનમાં કાંઈ પર દ્રવ્યો નથી પણ જ્ઞાનની સ્વચ્છતાનું જ પરિણમન છે. જ્ઞાનમાં લોકાલોકની ઉપાધિ નથી. અહો! આવા સ્વચ્છ જ્ઞાન સ્વભાવમાં ક્યાંય પરનું અવલંબન, વિકાર કે અધૂરાશ છે જ ક્યાં ?

જેમ બજારમાં દુકાનમાં અરીસો ટાંગ્યો હોય તેમાં બજારમાં ચાલ્યા જતા હાથી ઘોડા મોટર સાયકલ માણસો સ્ત્રીઓ કોલસા કે વિષ્ટા વગેરે વિચિત્ર પદાર્થો ઝળકે છે પણ તે અરીસાને કોઈ ઉપર રાગ કે દ્વેષ–થતો નથી; અરીસો પોતે સ્થિર રહે છે ને પદાર્થો તેમાં સ્વયમેવ ઝળકે છે. તેમ આત્માના ચૈતન્ય અરીસામાં વિશ્વના સમસ્ત ચિત્ર–વિચિત્ર પદાર્થો ઝળકે છે એવો તેનો સ્વભાવ છે પણ તેમાં કોઈ ઉપર રાગદ્વેષ કરવાનો તેનો સ્વભાવ નથી; સિદ્ધ ઉપર રાગ અને અભવ્ય ઉપર દ્વેષ કરે એવું તેમાં નથી, તે તો નિજ સ્વરૂપમાં સ્થિર રહીને વીતરાગપણે વિશ્વના પ્રતિબિંબને પોતામાં ઝળકાવી રહ્યો છે. અરીસાનું દૃષ્ટાંત આપ્યું તે અરીસો તો જડ છે, તેને પરની કે પોતાના સ્વભાવની ખબર નથી, આત્મા તો લોકાલોક–પ્રકાશક ચૈતન્ય અરીસો છે, તે પોતે પોતાના અરીસામાં જુએ તો તેમાં પોતાનું શુદ્ધ સ્વરૂપ દેખાય, ને લોકાલોકનું પણ જ્ઞાન થઈ જાય.

**જુઓ, અહીં આચાર્ય ભગવાન કહે છે કે નિજ સ્વરૂપને જાણતાં પરનું જ્ઞાન થઈ જાય છે. સ્વભાવને જાણ્યા વગર એકલા પરને જ જાણવા જાય તો તે મિથ્યાજ્ઞાન છે, તેમાં પરનું પણ યથાર્થ જ્ઞાન થતું નથી. જ્યાં સ્વપ્રકાશકતારૂપ નિશ્ચય હોય ત્યાં જ પર પ્રકાશકતારૂપ વ્યવહાર હોય છે.**

જગતમાં સ્વ અને પર બન્ને વસ્તુઓ છે, અને તે બન્નેને જાણવાનું જ્ઞાનનું સામર્થ્ય છે; પણ સ્વમાં પરનો અભાવ છે ને પરમાં સ્વનો અભાવ છે– આમ જાણવું તે અનેકાન્ત છે, અને તે જ સત્ય સ્વરૂપ છે. આવું સત્ય સ્વરૂપ જાણ્યા વગર ખરેખર કોઈ સત્યવાદી હોઈ ન શકે. એકાન્તવાદી જે કાંઈ બોલે તે બધું મિથ્યા છે– અસત્ય છે. સ્યાદ્વાદ તે જ ખરો સત્યવાદ છે. દરેક વસ્તુ પોતપોતાના સ્વભાવ સામર્થ્યથી પરિપૂર્ણ છે ને પરથી છૂટી છે–એમ અનેકાન્ત વડે સત્ય વસ્તુ સ્વરૂપને ઓળખ્યા વગર વીતરાગી સત્યની જાહેરાત થઈ શકે નહીં.

આત્માની સ્વચ્છ શક્તિમાં વિકાર નથી અને તે સ્વચ્છ શક્તિમાં અભેદ થઈને પરિણમતા પર્યાયમાં પણ મલિનતા રહી શકતી નથી. જેમ આંખમાં એક રજકણ પણ રહી શકે નહીં, તેમ આત્માના સ્વચ્છ ઉપયોગમાં વિકારનો અંશ પણ રહી શકે નહીં.

**( આત્મધર્મ -૧૦૮, પેઈજ નં. -૨૪૧ થી ૨૪૪ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પરિશિષ્ટ વિભાગ-૨
# પૂ. ગુરુદેવશ્રીનું નિર્વાણદિનનું માંગલિક પ્રવચન
# -વી. સં. ૨૪૭૧ આસોવદ અમાસ ૦ ) )

( ૧ ) શ્રી મહાવીર સ્વામી આજે નિર્વાણ પધાર્યા-સિદ્ધ થયા અને શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રગટયું – આ પ્રમાણે જ્ઞાનમાં લઈને જીવો નિર્વાણ કલ્યાણક મહોત્સવ ઉજવે છે. મહાવીર પ્રભુજી તો ૨૪૭૧ વર્ષ પહેલાં નિર્વાણદશાને પામ્યા હતા છતાં આજે જ પ્રભુજી નિર્વાણ પામ્યા' એમ શા માટે કહે છે ? ખરી રીતે કોઈ જીવ કેવળજ્ઞાની ને કે સિદ્ધ ભગવાનને જાણતા નથી, પણ પોતાની પૂર્ણતાને જાણે છે, પોતાની પર્યાયનું સામર્થ્ય પણ તેવું જ છે તેને વર્તમાન કરીને જાણે છે. કેવળજ્ઞાન અને સિદ્ધદશાના સામર્થ્યને નક્કી કરનાર જ્ઞાન પોતે વર્તમાનરૂપ છે અને તે વર્તમાનથી જ જાણે છે તેથી સામા જ્ઞેયને પણ વર્તમાનરૂપ કરીને જ જાણે છે' સિદ્ધ ભગવંતો ગયા કાળે થઈ ગયા, એમ નહીં પણ વર્તમાન જ છે એમ, વચ્ચેના કાળને કાઢી નાખીને જ્ઞેયરૂપ સિદ્ધ ભગવાનને પણ વર્તમાન જ કર્યા.

( ૨ ) દ્રવ્ય અને ગુણ તો દરેક પર્યાય સાથે જ વર્તમાન અખંડ છે, મારા દ્રવ્ય-ગુણ અને તેની જાણવારૂપ પર્યાય એ ત્રણે વર્તમાનમાં જ રહે અને સામા જ્ઞેયમાં દ્રવ્ય-ગુણ પર્યાયના ખંડ પડી જાય એમ બને જ નહીં. અર્થાત્ જ્ઞેયરૂપ સિદ્ધ ભગવાનની પર્યાય વર્તમાન અને દ્રવ્ય-ગુણ ભૂતકાળમાં -એમ હોય નહીં. પરંતુ અહીં જેમ જ્ઞાન વર્તમાન રૂપ જ છે તેમ સામે જ્ઞેય પણ વર્તમાન રૂપે જ છે. જ્ઞાન આખા જ્ઞેય દ્રવ્યને વર્તમાન કરીને જાણે છે એટલે કે પર્યાયના ભૂત-ભવિષ્ય એવા ભેદને છોડીને, બધી પર્યાયોથી અભેદરૂપ આખું જ દ્રવ્ય વર્તમાન છે એમ જ્ઞાન જાણે છે; 'ભૂતકાળમાં મહાવીર ભગવાન સિદ્ધ થયા' એમ જ્ઞાન જાણતું નથી પણ 'વર્તમાન જ સિદ્ધ થયા' એમ જાણે છે તેમાં જ્ઞાન અને જ્ઞેય બન્ને દ્રવ્યની અખંડતાને લક્ષમાં લીધી છે. ભૂત કે ભવિષ્યની અવસ્થાથી જ્ઞાન જાણતું નથી પરંતુ વર્તમાન અવસ્થાથી જ જાણવાનું કામ કરે છે અને દ્રવ્ય-ગુણ તો વર્તમાનરૂપ જ છે એ રીતે દ્રવ્ય ગુણ પર્યાયથી અખંડ વસ્તુ વર્તમાનરૂપ છે અને જો સામે જ્ઞેય વસ્તુ આખી વર્તમાન ન હોય તો ઉપાદાન-નિમિત્તનો ( જ્ઞાન-જ્ઞેયનો ) મેળ જ થતો નથી.

( ૩ ) ભૂત-ભવિષ્યકાળની પર્યાયો છે ખરી, તેની ના નથી, પરંતુ અહીં તો બીજો ન્યાય કહેવો છે. આ ( વાત ) કઈ શૈલીથી આવે છે તે ધ્યાન રાખજો ! ખ્યાલ કરનાર વર્તમાનથી ખ્યાલ કરે છે કે ભૂત-ભવિષ્યની પર્યાયથી ખ્યાલ કરે છે ? સામા જ્ઞેયનો ખ્યાલતો વર્તમાનમાં જ કરે છે ને ! જેમ અહીં જ્ઞાન વર્તમાન જ છે તેમ સામા જ્ઞેયનો ખ્યાલ તો વર્તમાનમાં જ કરે છે ને ! જેમ અહીં જ્ઞાન વર્તમાન જ છે તેમ સામા જ્ઞેય પણ ભૂત-ભવિષ્યને ભૂલી જા ( ભૂત-ભવિષ્ય પર્યાયના ભેદને છોડીને સર્વ પર્યાયોથી અખંડરૂપ વસ્તુ ને વર્તમાન જ્ઞેયરૂપ કરીને જાણ ! ) અહીં ઉપાદાનમાં એક સમયમાં અખંડ જ્ઞાન સામર્થ્ય છે અને સામે નિમિત્તરૂપ લોકાલોક પણ એક સમયમાં પૂરા છે. અહીં જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વર્તમાનરૂપ પૂરું હોય અને સામે જ્ઞેય વર્તમાનરૂપ પૂરાં ન હોય એમ બને જ નહીં. 'એક સમય તે સૌ સમય' એટલે શું ? કે એક સમયમાં જ વસ્તુ પૂરી છે, બીજા સમયની પૂર્ણતા બીજે સમયે છે અને ત્રીજા સમયની ત્રીજા સમયે છે, એમ દરેક સમયે વસ્તુ પૂરી છે, પણ ઘણા સમય ભેગા થયા પછી વસ્તુની પૂર્ણતા થાય છે–એમ નથી.

(૪) વર્તમાન જ્ઞાન વર્તમાન જ્ઞેયને અખંડ કરીને જાણે છે એટલે ખરેખર તો પોતે એક સમયમાં આખો વર્તમાન છે તેની કબુલાત છે. શું જ્ઞેય વસ્તુનો કોઈ ભાગ ભૂત ભવિષ્યમાં વર્તે છે કે વર્તમાન જ આખું છે ? વર્તમાન જ આખું છે તેથી જ્ઞાનમાં આખું જ્ઞેય આવી જાય છે. કાળનું લંબાણ કરીને ભૂત–ભવિષ્ય પર્યાયના ભેદને લક્ષમાં લેવા તે વ્યવહાર છે. પરમાર્થથી ગુણ–પર્યાયો સહિત એક જ સમયમાં આખું દ્રવ્ય વર્તમાન છે. સમયે સમયે થતી પર્યાય ને અખંડ ગુણ દ્રવ્યને એકેક સમયમાં વર્તમાનરૂપ ટકાવી રાખે છે. જેમ કોઈ વસ્તુની પર્યાયને જોતાં જ જ્ઞાનમાં અખંડ ને પ્રતીતમાં લઈને કહે છે કે–આખી વસ્તુ દેખાય છે; એમ જેનું જેનું જ્ઞાન કરે છે તેને વર્તમાન આખું બનાવે છે, ભૂત–ભવિષ્ય બાકી રહી જતા નથી; આવો જ્ઞાન સ્વભાવ છે તેથી, મહાવીર પ્રભુજી પૂર્વે સિદ્ધદશા પામ્યા એમ ભૂતથી ખ્યાલ નહીં કરતાં, પ્રભુજી આજે જ સિદ્ધદશા પામ્યા એમ વર્તમાન ખ્યાલ કરે છે.

અહો સિદ્ધદશામાં આત્મા પરિપૂર્ણ જ્ઞાન–આનંદ દશારૂપે પરિણમી ગયો; સિદ્ધદશામાં પણ આત્માને ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યપણું હોય છે. ત્યાં પરિપૂર્ણ જ્ઞાન–દર્શન–સુખ–વીર્યાદિ અવસ્થાપણે દરેક સમયે ઊપજે છે, જૂની અવસ્થાનો વ્યય થાય છે. અને સાદિ અનંત સિદ્ધ દશામાં આત્મા ધ્રુવપણે ટકી રહે છે. સિદ્ધ ભગવાન રાગાદિ વિકાર રહિત અને શરીરાદિ સંયોગ રહિત પૂર્ણ જ્ઞાન–સુખ વગેરે સ્વભાવરૂપે પરિણમે છે એમ જે જીવે પોતાના જ્ઞાનમાં જાણ્યું તે જ્ઞાનમાં અનંત સામર્થ્ય છે; 'એક સમયમાં સિદ્ધ ભગવાન પૂર્ણ છે' એમ જે જ્ઞાન નક્કી કરે છે તે જ્ઞાન 'હું પણ એક સમયમાં સિદ્ધસમાન પૂર્ણસ્વરૂપી છું એમ પ્રતીત કરે છે.

(૫) પુણ્ય–પાપથી રહિત અને જ્ઞાનાદિ અનંત ગુણોના પિંડરૂપ એકલો આત્મ સ્વભાવ તેની એક શુદ્ધ પર્યાયના પરિપૂર્ણ સામર્થ્યને જેણે પ્રતિતમાં લીધું તેણે, વર્તમાન પર્યાયમાં ભગવાન તરફના વિકલ્પનો રાગ હોવા છતાં પોતાના જ્ઞાનને તેનાથી અધિક રાખીને (જ્ઞાનને રાગથી જુદું પાડીને), પોતાની પર્યાયના અનંત સામર્થ્યનું જ્ઞાન કર્યુ. આજે પ્રભાતે પ્રભુશ્રીનો આત્મા પરમ પવિત્ર મુક્તદશાને પામ્યો– ભગવાન તરફના લક્ષનો આવો જે વિકલ્પ છે તો રાગ છે પરંતુ સિદ્ધ સ્વભાવની એક સમયની પર્યાયનું સામર્થ્ય પોતાની અસંખ્ય સમયના ઉપયોગવાળી પર્યાયમાં સ્વીકારનારું જીવનું જ્ઞાન અને તે જ્ઞાનના સામર્થ્યની એક સમયમાં પ્રતીત તે વિકલ્પથી અધિક થયાં છે; જ્ઞાન અને પ્રતીતરૂપ તે પર્યાયે સ્વભાવ તરફ એકતા કરી છે અને વિકારથી અધિકતા (ભિન્નતા) કરી છે.

(૬) તે અધિક થયેલા જ્ઞાને શરીરાદિ સર્વે પર દ્રવ્યોનો તો પોતામાં અભાવ જ બનાવ્યો છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થાત્ એ કોઈ પરવસ્તુને તો પોતાનું સ્વરૂપ માનતું જ નથી અને સ્વભાવના જોરે ને વિકારને તૂચ્છ બનાવ્યા છે અર્થાત્ અસ્થિરતામાં વિકલ્પ થાય છતાં 'આ મને લાભદાયક છે જ નહીં' એવી પ્રતીતથી તે તરફનું જોર તોડી નાખ્યું છે. આ રીતે પરથી છૂટું અને વિકારથી અધિક થયેલું જેનું જ્ઞાન છે એવો જીવ અલ્પકાળમાં વિકારનો સંબંધ સર્વથા તોડીને સિદ્ધ થયા જ –એમાં ફેર પડે નહીં જ. પોતાની પર્યાયના જ્ઞાન સાર્મથ્યના જોરે વિકલ્પથી અધિક થઈને જે જ્ઞાન આગળ વધ્યું તે વિકલ્પને તોડીને સિદ્ધ થઈ જ જાય છે. વિકલ્પ અને રાગનો દ્રષ્ટિમાં તો પહેલેથી અભાવ છે જ, પણ અસ્થિરતામાં ય વિકારને તૂચ્છ કર્યો. વિકારનો વસ્તુમાં અભાવ અને અવસ્થામાં તૂચ્છતા જેને પહેલેથી છે તે જીવ સ્થિરતા દ્વારા અવસ્થામાં પણ વિકારનો અભાવ કરીને સિદ્ધ થઈ જાય છે. જેના જ્ઞાનમાં સિદ્ધ ભગવાનના અનંત જ્ઞાન સાર્મથ્યની કબુલાત આવી તેને આત્મ સ્વભાવની કબુલાત આવી છે, અને જેને આત્મસ્વભાવની કબુલાત આવી તેને પોતાની સિદ્ધ દશાની કબુલાત આવી છે; કહ્યું છે કે જીવ તે જિનવર અને જિનવર તે જીવ.

આત્માનો સ્વભાવ જાણવારૂપ છે, જેમ છે તેમ આત્મા જાણે, જાણનાર છે તે બધાને જાણે છે. ચૈતન્ય ચોપડામાં 'ન જાણવું' એવું ચિહ્ન જ નથી. એકલું જાણવું તેમાં વિકલ્પ ક્યાં રહ્યો ? જાણવામાં વિકલ્પ કરીને અટકવાનું ચૈતન્યનું સ્વરૂપ નથી; આમ વિકલ્પને તૂચ્છ કરીને પોતાના જ્ઞાન સામર્થ્યને જેણે અધિક કર્યું તેણે સિદ્ધદશાના પૂરા સામર્થ્યનો ખ્યાલ કર્યો.

( ૭ ) સિદ્ધ ભગવાન ખરેખર પરને જાણતા નથી પણ પોતાના જ્ઞાનની અવસ્થામાં જાણવાની પૂર્ણ શક્તિ પ્રગટી ગઈ છે તે પોતાના જ્ઞાન સામર્થ્યને જ જાણે છે. તેવી જ રીતે, સિદ્ધ ભગવાનની પવિત્રતાના સામર્થ્યનો જેણે ખ્યાલ કર્યો તે જીવ પણ ખરેખર તો સિદ્ધભગવાનના અનંત સામર્થ્યને નક્કી કરનાર પોતાની નિર્મળ પર્યાયના સામર્થ્યને જ' જાણે છે. પોતાની નિર્મળ દશાને વર્તમાનરૂપ કરીને જાણતાં સામે નિમિત્તરૂપ જ્ઞેય તરીકે અનંત સિદ્ધ ભગવંતો અને તીર્થંકર ભગવંતોને તેમ જ સંતો–મુનિઓને વર્તમાનરૂપ હાજર કરીને જાણે છે. સામું જ્ઞેય વર્તમાન થયા વગર વર્તમાન જ્ઞાનપર્યાય તેને જાણે શી રીતે ?

( ૮ ) જુઓ તો ખરા આ નિર્વાણ કલ્યાણકનો મહિમા ! ભગવાન મહાવીર વગેરે ભૂતકાળમાં સિદ્ધ થયા એમ હું નથી જાણતો પણ વર્તમાન જ થયા એમ જાણું છું એટલે કે જાણે – અત્યારે જ સાક્ષાત્ પોતાની સન્મુખપણે જ તેઓશ્રી સિદ્ધ થતા હોય– એવી શૈલીથી કથન કર્યું છે. પ્રભુશ્રી આજ મોક્ષ પધાર્યા –એવા વિકલ્પમાં જો કે પર સન્મુખ વલણ છે પરંતુ જો તે વલણને તોડીને જ્ઞાન સામર્થ્ય આગળ વધતું જાય તો જ તે જ્ઞાને સિદ્ધ પર્યાયને જોઈ છે અને પ્રતીતમાં લીધી છે. સિદ્ધદશાને નક્કી કરનાર જીવ ખરી રીતે પોતાની પર્યાયના સામર્થ્યને જ જુએ છે. સિદ્ધનો આત્મા પરિપૂર્ણ શુદ્ધ શક્તિપણે ઉત્પાદ અને વ્યયથી ટકી રહ્યો છે, તેનો નિર્ણય કરનાર કોણ છે ? જો સૂક્ષ્મતાથી જોઈએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તો જેણે સિદ્ધનો નિર્ણય કર્યો છે તેણે પોતાની સિદ્ધદશાનો જ નિર્ણય કર્યો છે અને તે સિદ્ધ થવાનો જ....

(૯) શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શરૂઆતમાં શ્રી કુંદકુંદ ભગવાન માંગલિકરૂપે નમસ્કાર કરતાં કહે છે કે–

**"તે સર્વને સાથે તથાં પ્રત્યેકને, વંદુ વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને."**

આ મારી મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો મહોત્સવ છે, તે સ્વયંવર મંડપમાં અનંત સિદ્ધો –અરિહંતો– આચાર્યો આદિ પંચ પરમેષ્ઠીને વર્તમાનરૂપ કરું છું, એટલે કે અધૂરી અને પૂરી દશા વચ્ચેનું અંતર કાઢી નાખીને હું તેમને પ્રણમું છું.

**અહા ! કેટલું અપૂર્વ જોર છે. જાણે કે પંચ પરમેષ્ઠી ભગવંતો સામે સાક્ષાત્ બિરાજે છે અને પોતે તેમની હાજરીમાં મોક્ષદશાને પામે છે-એવા ભાવો ઊતાર્યા છે.**

(૧૦) પૂર્વે થઈ ગયા તે સર્વેને વર્તમાન હાજર કરું છું એમાં ખરેખર તો **પર્યાય અને દ્રવ્ય વચ્ચેનો આંતરો કાઢી નાખીને સામાન્ય-વિશેષને એક કર્યા છે**–એમાં સ્વભાવિક દૃષ્ટિનું જોર છે; ભૂતમાં થયા તે સિદ્ધોને વર્તમાન કરું છું એમાં પણ ખરેખર પરના સામર્થ્યને જાણતા નથી પણ પોતાની પર્યાયના પૂર્ણ સામર્થ્યને વર્તમાનરૂપ કરીને પ્રતીતિમાં લ્યે છે. મહાવીર ભગવંતને પારિણામિક સ્વભાવભાવ–તદ્દ્ન શુદ્ધદશા (મુક્ત) ક્યાંય બહારમાં થઈ ન હતી પરંતુ આત્મામાં જ થઈ હતી. "પાવાપુરીમાં ભગવાન નિર્વાણ પામ્યા અને ઉર્ધ્વ શ્રેણી કરીને મોક્ષમાં ગયા" એ તો બહારનું વ્યવહાર કથન છે, **ઊંચા** ક્ષેત્રે ગયા પછી આત્માની મુક્તિ થઈ–એમ નથી. પરંતુ આત્મા પોતે જ મુક્ત દશા–સ્વરૂપ થઈ ગયો છે.

(૧૧) આ, આત્માની સિદ્ધદશાના સામર્થ્યનો મહિમા થાય છે, પરંતુ તે દશાના સામર્થ્યને કોણ કબુલે છે ? કોણ તેની પ્રતીત કરે છે ? પુણ્ય–પાપ રહિત, ક્રમ રહિત, એકેક, સમયમાં પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવરૂપે અનંતાનંત કાળ સુધી ઉત્પાદ થયા કરે એવી જે સિદ્ધદશા તેની જે આત્માએ પ્રતીતિ અને મહિમા કર્યો તે આત્મા પોતાના નિર્મળ સ્વભાવ જ્ઞાન સિવાય કોનો આદર કરશે ? કોને માનશે ? જો પોતાના સિદ્ધ સમાન સ્વભાવ સામર્થ્યનો વિશ્વાસ કરે તો જ તેને સિદ્ધ ભગવાનને જોતાં આવડયું છે. સિદ્ધ ભગવાનને જોનાર અને તેનો મહિમા કરનાર ખરેખર પોતાના સિદ્ધ ભગવાનના સામર્થ્યને જાણવારૂપ–પર્યાયના સામર્થ્યને જ જુએ છે અને તેનો જ મહિમા કરે છે. પરમાર્થે કોઈ જીવ પરને જાણતો નથી કે પરનો મહિમા કરતો નથી.

(૧૨) "ધ્યાન રાખજો !! **આજનું ધૂંટણ જુદી જ જાતનું આવે છે. આ ભાવોને વિચારીને તેનું ખૂબ ધોલન કરવા જેવું છે, આજે વિષય સારો આવી ગયો છે, અંદરનું ધૂંટણ બહાર આવે છે. આ દિવાળીના મંગળિક ગવાય છે."**

(૧૩) સ્વકાળને (પોતાની અવસ્થાને) સ્વતરફ વાળવો તે જ સાચી 'દિવાળી' છે. 'દિ' =દિવસ–કાળ; તેને પોતાના સ્વભાવ સન્મુખ વાળે ત્યારે સાચી દિવાળી કહેવાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એટલે કે પોતાની અવસ્થાને સ્વભાવ તરફ વાળીને કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટયું તે જ મહા-મહોત્સવ છે. ભગવાન શ્રી મોક્ષપધાર્યા તેમાં આ આત્માને શું ? તેમ જ દેવોએ રત્ન દીપકો વગેરેથી મોટા મહોત્સવ કર્યા તેમાં આ આત્માને શું ? પરના કારણે આ આત્માને લાભ નથી; પરંતુ સિદ્ધ ભગવાનના સામર્થ્યને પ્રતીતમાં લઈને જેણે તેનો જ અંતરથી મહિમા કર્યો તે 'સિદ્ધનો લઘુનંદન' થઈ ગયો તે અલ્પકાળમાં સિદ્ધ થાય જ.

( ૧૪ ) જેણે પોતાના જ્ઞાનમાં સિદ્ધ ભગવાનનો નિર્ણય કર્યો તેને સિદ્ધ દશાના નિર્ણય અને તે રૂપ સ્થિરતા વચ્ચે ( શ્રદ્ધા અને ચારિત્ર વચ્ચે ) ભલે આંતરો તો પડે છે; અને તે આંતરાને, એકદમ સ્વભાવ સન્મુખ થતું જ્ઞાન કબુલ પણ કરે છે-પરંતુ પોતે જે નિર્ણય કર્યો છે તે નિર્ણય- 'કબુલાત' અને 'સ્થિરતા' એવા બે અવસ્થાભેદને ભૂલીને- વર્તમાન પૂર્ણ દ્રવ્યને જ પ્રતીતમાં લે છે. **દ્રવ્ય સ્વભાવની કબુલાતનો નિર્ણય તે બે-દશા વચ્ચેના અંતરને કે ઊણપને સ્વીકારતો નથી,** – 'ભવિષ્યમાં સિદ્ધ પર્યાય પ્રગટ થશે' એમ ભૂત ભવિષ્યને યાદ કરતો નથી પણ દૃષ્ટિના જોરથી પર્યાયને દ્રવ્ય સાથે અભેદ કરીને ( ભૂત-ભવિષ્યની પર્યાયને દ્રવ્યમાં વર્તમાન સમાવીને ) સિદ્ધદશાને વર્તમાનરૂપ જ કરે છે.

( ૧૫ ) આ અપૂર્વભાવો કહેવાયા છે, આ ભાવોને આત્મા સાથે પરિણમાવવા જેવા છે, આત્માના ભાવ સાથે આ ભાવોને ગોઠવી દેવા. જેને સિદ્ધ ભગવાનની બધા ભવિષ્યકાળની પર્યાયના સામર્થ્યની કબુલાત આવી તેને સ્વપર્યાયના સ્વસન્મુખપણા વડે વિકલ્પ તૂટયા વગર રહે નહીં. મહોત્સવ કરતાં પ્રથમ સ્વભાવનો મહિમા આવવો જોઈએ. સ્વભાવને ભૂલીને એકલો બહારનો મહિમા કરે તે આત્માને લાભનું કારણ નથી. પણ સ્વભાવના મહિમા સહિત બહારમાં પણ મહોત્સવ ઊજવે એમાં તો ઉપાદાન-નિમિત્તનો મેળ છે. પોતાના સ્વભાવનો મહિમા કરે ત્યાં બહારમાં પણ ભગવાનના નિર્વાણ કલ્યાણક મહોત્સવ વગેરે નિમિત્તો હોય છે. એક પોતાના સિદ્ધ સ્વભાવને કબુલતાં અનંત સિદ્ધોની કબુલાત તેમાં આવી ગઈ છે; આ સામર્થ્ય જ્ઞાનની કળાનું છે, બહારના ઠાઠ-માઠનું નથી.

( ૧૬ ) લાખો-કરોડો મનુષ્યો આજના દિવસનો મહિમા કરે છે, અને 'અહો ! આ જ પ્રભુજી મુક્ત થયા' એમ ઘણાંને પરનો મહિમા આવે છે, પરંતુ તે સર્વેને જાણનાર એવા પોતાના જ્ઞાન સામર્થ્યનું મહાત્મ્ય આવતું નથી. પોતાનું જ્ઞાન સામર્થ્ય પોતાના ખ્યાલમાં તો આવે છે પરંતુ અંતરમાં પોતે તેનો વિશ્વાસ કે રુચિ કરતો નથી, પરિણતિને સ્વ સામર્થ્ય તરફ વાળતો નથી પણ પરનો મહિમા કરવામાં અટકે છે તેથી જ કેવળજ્ઞાનદશા પ્રગટતી નથી.

( ૧૭ ) ખરી રીતે દરેક વખતે જ્ઞાનની જ ક્રિયા થાય છે. જ્યાં-જ્યાં મન-વચન-કાયાની ક્રિયા થાય છે, ત્યાં ત્યાં સર્વત્ર જ્ઞાનની ક્રિયા થાય છે. મન-વચન-કાયા તો જડ છે. ભગવાન પ્રત્યે મનથી-વિકલ્પથી, વચનથી સ્તુતિ કે શરીરથી વંદન થાય છે તેમાં ક્યા ટાણે

જ્ઞાનનું કાર્ય નથી ? દરેક વખતે જ્ઞાન તો સર્વ આત્મપ્રદેશે પોતાનું જ કાર્ય કરે છે, જ્ઞાન સર્વ વ્યાપક છે, વિકલ્પ વખતે પણ તેનાથી જુદું રહીને તે પોતાનું કાર્ય કરે છે. ભગવાન તરફના લક્ષ વખતે જ્ઞાન ખરેખર તો ભગવાનને જાણતું નથી પણ ભગવાનનો નિર્ણય કરનાર જે જ્ઞાન સામર્થ્ય છે તે જ્ઞાન સામર્થ્યને જ પોતે જાણે છે. જે જ્ઞાનના ખ્યાલમાં ભગવાનનું સામર્થ્ય આવ્યું તે જ્ઞાનના સામર્થ્યનું જેને મહાત્મય ન આવે તે અંતર સન્મુખતા કરીને ભગવાન શી રીતે થાય ? સ્વરૂપ સન્મુખ થઈને જુએ તો દરેક વખતે પોતાનું જ્ઞાનનું જ પોતે મહાત્મય કરે છે, ક્યારેય પરનું મહાત્મ્ય કરતો નથી. પોતાના જ્ઞાનમાં સિદ્ધ પર્યાયની પ્રતીત કરીને તેને જ જે ધન્ય માને તે બીજા કોઈને પણ ધન્ય કેમ માને ? જેણે સિદ્ધદશા અને કેવળજ્ઞાનને ધન્ય માન્યા તે ઇન્દ્રની સામગ્રીને રતનના દીપકોને, પુણ્યના વિકલ્પ વગેરે કોઈને પણ ધન્ય માને નહીં.

(૧૮) આજ તો પૂર્ણાનંદી સ્વરૂપ પ્રસન્ન થઈને કેવળજ્ઞાન પ્રગટે તે ધન્ય છે, પુણ્યથી સ્વભાવની મોટપ નથી. શું ધર્મનું ફળ પુણ્ય હોય ? જેમ છ ખંડનો ઘણી ચક્રવર્તી રાજા રીઝે અને પ્રસન્ન થઈને કહે કે–મારા સરખું કોઈ કામ બતાવ ! માગ, જેટલું જોઈએ તેટલું માંગ ! તું જે માગ તે હું આપવા સમર્થ છું માટે મારી પાસેથી માંગવું હોય તે માગ. આમ ચક્રવર્તી રાજા પ્રસન્ન થાય અને માગવાનું કહે ત્યારે તેને કહે કે "આ મારા આંગણાનું વાસીંદું કાઢી નાખ" – એ તે કંઈ માંગ્યું કહેવાય ? અરે... ભાઈ ! તે શું માગ્યું ? વાસીદા કાઢવાના કામ તે શું ચક્રવર્તી રાજા પાસેથી લેવાતા હશે ? તેમ અહીં આખો આત્મ સ્વભાવ પ્રસન્ન થાય છે; કોને પ્રસન્ન થાય છે ? જે જીવે સિદ્ધ ભગવાનનો નિર્ણય કર્યો અને પોતાના તેવા પરિપૂર્ણ સ્વભાવનો નિર્ણય કર્યો તે જીવને સ્વભાવ પ્રસન્ન થાય છે. **જ્યાં સ્વભાવને નિર્ણયમાં લીધો ત્યાં પૂર્ણ સ્વભાવ પ્રસન્ન થઈને કહે છે કે, માગ ! માગ !** જે દશા જોઈએ તે આપવા તૈયાર છું; **તારાથી થવાય એટલો થા**, જેટલી હદે થવું હોય તેટલી હદે થા, પૂરું સિદ્ધપદ માગ ! હું આજ ક્ષણે તે તને દઊં.... આ રીતે જે પર્યાયરૂપે પોતે થવા માગે તે પર્યાય સ્વભાવમાંથી પ્રગટી શકે છે. જ્યાં આખો સ્વભાવ રીઝયો છે ત્યાં કેવળજ્ઞાન અને સિદ્ધપદ રૂપે થવાને બદલે "મારે તો પુણ્યરૂપે થવું છે" એમ જે કહે છે તેને માગતા જ નથી આવડયું. ચક્રવતીને વાસીદાનું કહે તેમ પૂર્ણ જ્ઞાન સ્વભાવ પાસેથી તે વિકારના ફોતરાની માગણી કરી ! ભાઈ રે ! તે શું માગ્યું ? પૂર્ણ સ્વભાવને જેણે નથી જાણ્યો તે પુણ્યની માગણી કરે છે, પૂર્વ સ્વભાવમાં તો એક સમયમાં કેવળજ્ઞાન અને સિદ્ધપદપણે થવાની તાકાત છે, તારાથી થવાય તેટલો થા, પુણ્યપણે થવું છે એમ ન માગ, સિદ્ધપણે થવાની ભાવના કર, અને જેટલો થઈ શકે તેટલો થા, અસ્થિરતા રહી જાય તેને જાણ, પણ તે રૂપે થવાની ભાવના ન કર..... !

(૧૯) પર્યાયનું સામર્થ્ય બેહદ છે તે અહીં બતાવવું છે. દ્રવ્ય–ગુણતો પૂરા છે જ પરંતુ તેની પૂર્ણતાને સ્વીકારનાર કોણ છે ? દ્રવ્ય–ગુણ પૂરા અને વર્તમાન પર્યાય પણ પૂરી છે તે પર્યાયનું જે અનંત સામર્થ્ય છે તે સામર્થ્ય ને તો જ્ઞાનની પર્યાય જ જાણે છે. જો કે જાણનાર જ્ઞાનનો ઉપયોગ તો અસંખ્ય સમયનો છે પરંતુ "અસંખ્ય સમયમાં પૂરું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામર્થ્ય છે" એમ તે નથી જાણતું, પણ "એકેક સમયની અવસ્થામાં પૂરેપૂરું સામર્થ્ય છે" એમ તે જાણે છે અને તેની એક સમયમાં પ્રતીતિ કરે છે. પૂર્ણને જ્ઞાનમાં લેતાં અસંખ્ય સમય લાગે છે પરંતુ તેની પ્રતીત તો એક સમયમાં જ થાય છે.

(૨૦) ભગવાનને પૂર્ણદશા પ્રગટી ગઈ, તે એક સમયમાં જ થાય છે. આનંદ સામર્થ્ય એક સમયમાં છે આમ જે પર્યાયે કબુલ્યું તેનું પણ અનંત મહાત્મ્ય છે, તો પછી દ્રવ્ય-ગુણનાં તો શું મહાત્મય કરવાં!! જે જીવે પોતાની પર્યાયમાં સિદ્ધની કબુલાત કરી તેણે સૂક્ષ્મતાથી તો પોતાના આત્મા સાથે સિદ્ધદશાની એકતા કરી છે, તેનામાં અને મહાવીરમાં ક્યાંય આંતરો રહે નહીં.

(૨૧) આ વાતની કોણ હા પાડે છે? કોનું જ્ઞાન આનો સ્વીકાર કરે છે? આ વાતને પ્રતીતમાં લેનાર કોણ છે? જેને પોતાના સત્‌માં આ વાત બેઠી તેને પરની ઓશિયાળી રહેતી નથી. **અહો! ભવરહિત થઈ ગયેલા ભગવાનને જેણે પોતાના નિર્ણયમાં બેસાડયા તેને ભવરહિત ભાવનો કેટલો પોરહ અને કેટલો ઉત્સાહ! એને તે હવે ભવ હોય? જો સિદ્ધ ભગવાનને ભવ હોય તેને (ભવરહિત ભગવાનને જેણે કબુલ્યા તેને) ભવ હોય? એટલે કે તેને ભવ હોય જ નહીં.** સિદ્ધદશાને વાર લાગે એ અહીં પાલવે તેમ નથી. પોતાની પર્યાયમાં સિદ્ધને સમાડયા અને હવે પોતાની સિદ્ધદશાને વાર લાગે એ કેમ ચાલે? ભાણાં તૈયાર કર્યા, ભાણે જમવા બેસાડયા અને હવે ખાલી ભાણા ખડખડ ખખડે અર્થાત્ પીરસતાં વાર લાગે તે પાલવે નહીં- તેમ પોતાની પર્યાયમાં સિદ્ધ ભગવાનને સ્વીકાર્યા, પોતાની પર્યાયરૂપી ભાણું તૈયાર કર્યું અને હવે સિદ્ધદશારૂપી પકવાન પીરસતાં વાર લાગે તે પાલવતું નથી. અહો! જુઓ તો ખરા! **આમાં તો નિર્ણય અને કેવળજ્ઞાન વચ્ચેના આંતરાને તોડી નાખે એટલું જોર છે.**

(૨૨) **જેના જ્ઞાનમાં કેવળજ્ઞાનનું પરિપૂર્ણ સામર્થ્ય જણાયું અને તેનો જ મહિમા થયો તેને નિર્ણયરૂપે કેવળજ્ઞાન પ્રગટી ગયું છે. કેવળજ્ઞાન ફરે તો તેનો નિર્ણય ફરે! ભલે હજુ વર્તમાન ઉઘાડ કેવળજ્ઞાન જેટલો નથી છતાં પણ વર્તમાન નિર્ણયમાં તો આખુંય કેવળજ્ઞાન આવી ગયું છે, તેથી કહ્યું કે-નિર્ણયરૂપે કેવળજ્ઞાન પ્રગટી ગયું છે." વિચાર દશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છા દશાએ કેવળજ્ઞાન થયું છે." એમ જ્યાં કહ્યું છે ત્યાં પણ આ જ આશય છે.** કેવળજ્ઞાનનો નિર્ણય કર્યો તેનું કેવળજ્ઞાન પાછું ફરે જ નહીં- એવી અપ્રતિહતભાવની વાત છે. 'આ તો પોતાના જ અંદરના ભાવો ધોળાય છે, પરનો કોઈ મહિમા કરતું નથી, સૌ પોતાના જ ભાવોને ઘોળી રહ્યા છે. '

(૨૩) આ સુખી કેમ થવાય તેની વાત ચાલે છે. જેઓ સિદ્ધ થઈ ગયા છે તેમના માટે આ વાત નથી, પરંતુ જેઓ સિદ્ધ થવાના છે તેમને સિદ્ધ થવા માટેની આ વાત છે. સિદ્ધદશામાં ભગવાનને અગુરુલઘુગુણના કારણે ઉત્પાદ -વ્યય થાય છે, તેમને તો દરેક સમયે પૂર્ણ આનંદ છે, છતાં પર્યાય તો બદલ્યા જ કરે છે એટલે કે પહેલી પર્યાયમાં જે આનંદ છે તે બીજી પર્યાયમાં નથી, પરંતુ તેના જેવો જ બીજી પર્યાયનો બીજો આનંદ છે. આ રીતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિદ્ધદશામાં આનંદની જાત બદલતી નથી પરંતુ કાળ બદલી જાય છે.

(૨૪) અહીં કોઈને એમ થાય કે–સિદ્ધ ભગવાનને આનંદ છે તેમાં આ આત્માને શું ? તેને કહે છે કે–ભાઈ ? સિદ્ધને આનંદ છે એમ નક્કી કોણ કરે છે ? નક્કી કરનાર પોતે છે કે બીજો ? નક્કી કરનારે પોતાના જ્ઞાનનો જ મહિમા કર્યો છે અને તેમાં સિદ્ધ અને કેવળજ્ઞાની એ તો બધા નિમિત્ત તરીકે આવ્યા છે.

(૨૫) કોના જ્ઞાનમાં આ વાત સમજાય છે ? કોનું જ્ઞાન આ વાત કબુલે છે ? ભગવાનનું જ્ઞાન કબુલે છે કે પોતાનું જ્ઞાન કબુલે છે ? પોતાનું જ જ્ઞાન કબુલે છે. પુણ્ય–પાપના ભાવમાં અટકનારું જ્ઞાન આ આ કબુલતું નથી પરંતુ પુણ્ય–પાપ રહિત સિદ્ધદશા તરફ વળેલું જ્ઞાન આ કબુલે છે. અરૂપી ચૈતન્ય તેજના મહાત્મ્ય પાસે જગતમાં કોઈનું મહાત્મ્ય નથી. આત્માનું ચૈતન્ય તેજ કેવળજ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે તો ચાર ક્ષાયોપશમિક જ્ઞાનોનું મહાત્મ્ય પણ રહેતું નથી; આવો ચૈતન્ય સ્વરૂપી ભગવાન આત્મા પોતે જ સ્વતંત્રપણે પરિપૂર્ણ જ્ઞાન અને સુખરૂપે થાય છે તેથી તે જ 'સ્વયંભૂ' છે. 'સ્વયંભૂ' એટલે સ્વતંત્રપણે આત્માનું જ્ઞાન–સૌખ્યરૂપનું પરિણમન તે જ મહિમાવંત માંગલિક છે.

(૨૬) જેણે એક આત્માની પરિપૂર્ણદશા જ્ઞાનમાં કબુલી તેણે પોતાના જ્ઞાનમાં અનંતા સિદ્ધ આત્માઓનો સ્વીકાર કર્યો અને પોતાનું પણ તેવું જ સ્વરૂપ છે એમ કબુલ્યું એટલે તેણે ભંગ–ભેદનો નકાર કર્યો. "જેવી મારા જ્ઞાનમાં જણાણી છે તેવી તેવી જ સિદ્ધદશા સ્વરૂપે પરિણમવું તે જ મારો સ્વભાવ છે, ઊણી દશા કે ભંગ–ભેદરૂપે પરિણમવું તે મારું સ્વરૂપ નથી; સિદ્ધોને હું જાણું છું એમ બોલાય છે પણ ખરેખર તો હું મારી જ પર્યાયને જાણું છું તેમાં તેઓ જણાય જાય છે– એવું મારું સામર્થ્ય છે" આમ સ્વનું બહુમાન આવવું જોઈએ.

(૨૭) દરેક જીવ જો કે પોતાની જ પર્યાયના સામર્થ્યને જાણે છે પરંતુ તેને પોતાના જ્ઞાનનો ભરોસો આવતો નથી તેથી તે પરનું બહુમાન કરવામાં રોકાય છે અને સ્વને ભૂલી જાય છે; પરંતુ "હું મારા જ્ઞાન સામર્થ્યને જાણું છું, પરને ખરેખર હું જાણતો નથી, અને મારું જ્ઞાન સામર્થ્ય તો પરિપૂર્ણ છે" એમ સ્વનો મહિમા આવે તો કોઈ પરનો મહિમા આવે નહીં. આત્મા પોતે અસંખ્ય પ્રદેશે અનંતગુણોનો પિંડ છે, તેને સંભારતા તે આખો પિંડ પર્યાયમાં આવી જાય છે. એક સમયની અવસ્થામાં અનંતગુણોનો પિંડ વર્તમાનરૂપ આવી જાય છે. અને તેનો એક સમયમાં ખ્યાલ કરનાર મારી પર્યાય છે. આ રીતે જ્ઞાનની પોતાની અવસ્થાના સામર્થ્યના ગાણાં ગવાણાં છે.

(૨૮) **અહો ! આજ તો અપૂર્વ ભાવો આવ્યા છે, આત્મામાં આ ભાવોને ઓગાળવા જેવા છે, પોણી કલાક એકધારી અપૂર્વ વ્યાખ્યા આવી છે, આવી સરસ વાત કોઈ વખતે થઈ નથી. આજે તો કોઈ જુદી જ જાતથી ધૂંટાણું છે..... અલૌકિક અમૃત નીકળ્યું છે... આ રીતે અપૂર્વ માંગલિક થયું.**

**(આત્મધર્મ અંક ૨૬, પેઈજ નં. -૫૨ થી ૫૭)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પરિશિષ્ટ વિભાગ-૩

# જ્ઞાન સ્વભાવ

**લેખકઃ શ્રી યુગલકિશોરજી. 'યુગલ'**

એમ. એ. સાહિત્યરત્ન કોટા-

**જ્ઞાન આત્માનો સાર્વકાલિક સ્વભાવ છે, તે આત્માની એક અસાધારણ શક્તિ તથા લક્ષણ પણ છે. અનંત જડ - ચેતન - તત્ત્વોના સમુદાય સ્વરૂપ એવા આ વિશ્વમાં જ્ઞાનથી જ ચેતનની ભિન્ન ઓળખાણ થાય છે. તે આત્માનો એક મુખ્ય ગુણ છે જે વિશ્વનું સવિશેષ સાર્વકાલિક પ્રતિભાસન કરે છે. આત્માના અનંત ગુણ તથા ધર્મ પણ જ્ઞાનમાં જ પ્રતિબિંબિત થાય છે, જાણે કે જ્ઞાનમાં જ આત્માનું સર્વસ્વ સમાઈ રહ્યું હોય.**

શ્રી સમયસાર પરમાગમમાં આત્માને જ્ઞાન માત્ર જ કહ્યો છે. લોકમાં પણ કોઈ એક એવી વિશેષતાની અપેક્ષાએ કોઈ વ્યક્તિને સંબોધિત કરવાની પદ્ધતિ છે કે જે તેનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરી શકે. જેમ કોઇ વ્યક્તિને ન્યાયધીશના નામથી સંબોધવામાં આવે છે. ન્યાયધીશપણું તેની એક એવી વિશેષતા છે કે જેથી તે બધા મનુષ્યોથી ભિન્ન ઓળખાઈ આવે છે. જો કે તેનામાં અન્ય સામાન્ય મનુષ્યો જેવી તથા વ્યક્તિગત પોતાની અનેક વિશેષતાઓ પણ છે. તે કેવળ ન્યાયાધીશ જ નથી પરંતુ ન્યાયાધીશ સંજ્ઞામાં તેનું સંપૂર્ણ સામાન્ય – વિશેષ વ્યક્તિત્વ ગર્ભિતપણે આવી જાય છે. તેથી ન્યાયધીશ શબ્દ તેનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરે છે. અર્થાત્ તે વ્યક્તિ જે કાંઈ છે તે બધું ન્યાયાધીશપણામાં સમાઈ ગયું છે. એ જ રીતે જ્ઞાન આત્માના અનંત ગુણ ધર્મો સમાન જો કે આત્માનો એક વિશેષ ગુણ જ છે. પરંતુ તેના વિના આત્મા ઓળખાતો જ નથી. જ્ઞાનનો વ્યાપાર પ્રગટ અનુભવમાં આવે છે. અન્ય શક્તિઓમાં એ વિશેષતા નથી. તેથી 'उपयोगो लक्षणम्' ની છાયામાં અનંત પદાર્થોના સમુદાયરૂપ એવા આ મિશ્રિત વિશ્વમાં જ્ઞાનથી જ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ અને વ્યક્તિત્વ સિદ્ધ થાય છે. કેવળ આત્માના જ નહિ પરંતુ જગતના અસ્તિત્વની સિદ્ધિ પણ જ્ઞાન જ કરે છે. જ્ઞાન જગતના નિગૂઢતમ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરે છે. તેથી જ્ઞાન જ આત્માનું સર્વસ્વ છે અને તેના વિના વિશ્વમાં આત્મા સંજ્ઞાવાળા કોઈ ચેતનતત્ત્વની કલ્પના જ વ્યર્થ છે. જ્ઞાનનો સ્વભાવ હૃદયંગમ કરી લેતાં સંપૂર્ણ આત્મસ્વભાવની સમજણ જ સુલભ થઈ જાય છે. તેથી પ્રજ્ઞાવંત આચાર્ય કુંદકુંદે પોતાના સમયસાર પરમાગમમાં જ્ઞાન–માત્ર જ કહ્યો છે. જ્ઞાન–માત્ર કહેવામાં આત્માના માત્ર જ્ઞાન–ગુણની જ નહીં, પરંતુ અનંત ગુણ ધર્મોના સમુદાયરૂપ એક અખંડ જ્ઞાયક આત્માની જ પ્રતીતિ થાય છે. જ્ઞાનની સ્મૃતિ – માત્રમાં જ અખંડ ચેતનતત્ત્વ પોતાની અનંત વિભૂતિઓ સાથે દૃષ્ટિમાં આવે છે. જ્ઞાનના એક સમયના પરિણમનને જુઓ ! તેમાં આત્માનું સર્વસ્વ જ પરિણમેલું છે, તેથી આત્મા જાણે કે જ્ઞાન જ છે, અન્ય કાંઈ નહિ. આ રીતે ગુણ–ગુણીની અભેદદૃષ્ટિમાં જ્ઞાન આત્મા જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ જ્ઞાન આત્માનો ત્રૈકાલિક સ્વભાવ છે. જે સ્વભાવ ત્રૈકાલિક હોય છે તેનો વસ્તુથી કદી અભાવ નથી થતો. અને વસ્તુની જેમ તે સદા પૂર્ણ, અખંડ અને શુદ્ધ હોય છે. વસ્તુ તે સ્વભાવની જ બનેલી હોય છે. તેથી સ્વભાવ કદી તેનાથી જુદો કરી શકાતો નથી. જેમ ઉષ્ણતા અગ્નિનો સ્વભાવ છે. ઉષ્ણતા રહિત અગ્નિ કોઈ વસ્તુ જ નથી, તેથી ઉષ્ણતા અગ્નિનું સર્વસ્વ જ છે.

જ્ઞાનનો સ્વભાવ જાણવું અર્થાત્ વસ્તુના સર્વાંગનું પ્રતિભાસન કરવું છે. કેમ કે સ્વભાવ અસહાય, અકૃત્રિમ અને નિરપેક્ષ હોય છે. તેથી જ્ઞાન પણ જગતથી પૂર્ણ નિરપેક્ષ અને અસહાય રહીને પોતાનો અનાદિ અનંત જાણવાનો વ્યાપાર કર્યા કરે છે. પોતાના જાણવાના કાર્યનું સંપાદન કરવા માટે જ્ઞાનને જગતથી કાંઈ પણ આદાન – પ્રદાન નથી કરવું પડતું. દર્પણ સમાન જ્ઞાનની વસ્તુને જાણવાની રીત એ છે કે તે સદા પોતાના એકરૂપ અખંડ સ્વરૂપને સુરક્ષિત રાખીને જ્ઞેયાકારે પરિણમ્યા કરે છે. જ્ઞેયાકાર પરિણતિ જ્ઞાનનો વિશેષ ભાવ છે અને તે જ્ઞેયાકાર પરિણતિમાં જ્ઞાનત્વનો અન્વય તેનો સામાન્ય ભાવ છે. જેમ દર્પણ પોતાના સ્વચ્છ સ્વભાવથી વસ્તુઓને પોતાનામાં પ્રતિબિંબિત કરે છે. દર્પણમાં વસ્તુઓના અનેક આકાર રચાયા–ભુંસાયા કરે છે પરંતુ દર્પણ પ્રત્યેક પરિવર્તનમાં અક્ષુણ્ણ રહે છે. વસ્તુઓના અનેક આકાર – પ્રકારના સંગઠન અને વિધાન ( રચના ) માં દર્પણની એકરૂપતા અપ્રભાવિત રહે છે. સાથોસાથ તે આકાર – પ્રકારોથી દર્પણની સ્વચ્છતાને આંચ આવતી નથી. જેમ દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થાય છે પરંતુ દર્પણમાં અગ્નિમાં પ્રતિબિંબથી ન તો દર્પણ તૂટે છે કે ન ગરમ થાય છે. કેમ કે દર્પણમાં જે અગ્નિ દેખાય છે, તે સાક્ષાત્ અગ્નિ નથી પરંતુ તે તો દર્પણની પોતાની અગ્નિ છે. તે દર્પણની પોતાની પર્યાય છે. તેથી વાસ્તવમાં તે દર્પણ જ છે. દર્પણમાં પ્રતિબિંબિત અગ્નિની રચનાનું નિયામક ઉપાદાન દર્પણનું પોતાનું સ્વતંત્ર છે. પોતાની અગ્નિની રચનામાં દર્પણે બહારની અગ્નિથી કાંઈ પણ સહયોગ લીધો નથી. આ અગ્નિ દર્પણની પોતાની સ્વતંત્ર સૃષ્ટિ અને સંપત્તિ છે. દર્પણની અગ્નિનો આકાર બહારની અગ્નિ જેવો હોવા છતાં પણ બહારની અગ્નિ તેમાં રંચમાત્ર કારણ નથી. તથા બહાર અગ્નિ બળી રહી છે તેથી દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થઈ રહી છે એ પણ નિતાંત અસત્ય છે. જો એમ માની લેવામાં આવે તો વસ્તુઓને પ્રતિબિંબિત કરવાનો દર્પણનો સ્વભાવ નહીં રહે. અગ્નિનો સ્વભાવ અગ્નિ સાપેક્ષ હોઈને 'સ્વભાવ' એવી સંજ્ઞા જ ખોઈ બેસશે. વાસ્તવમાં દર્પણના સ્વચ્છ સ્વભાવમાં જો અગ્નિ–આકારના પરિણમનની શક્તિ અને યોગ્યતા ન હોય તો આખું વિશ્વ એકત્ર થઈને પણ તેને અગ્નિના આકારે કરી શકે નહિં. અને જો સ્વયં દર્પણમાં અગ્નિ–આકારે થવાની શક્તિ અને યોગ્યતા છે તો પછી તેને અગ્નિની શી અપેક્ષા છે ? જે શક્તિ શૂન્ય છે તેને શક્તિ આપી શકાતી નથી અને જે શક્તિમયી છે તેને પોતાની શક્તિના પ્રયોગમાં કોઈ બીજાની અપેક્ષા હોતી નથી. જગતની કોઈ પણ વસ્તુ પર સાપેક્ષ રહીને પોતાનું અસ્તિત્વ રાખી શકતી નથી. જો દર્પણમાં પ્રતિબિંબિત અગ્નિનું કારણ બહારની અગ્નિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હોય તો પાષાણમાં પણ અગ્નિ પ્રતિબિંબિત થવી જોઈએ, પરંતુ એમ થતું નથી. તેથી પોતાની અગ્નિની રચનાની સંપૂર્ણ સામગ્રી દર્પણના પોતાના અક્ષયકોષમાં જ પડી છે, તેને કોઈ પાસેથી કાંઈ ઉધાર નથી લેવું પડતું.

આ ચર્ચામાં એવો તર્ક પણ રજૂ કરવામાં આવે છે કે જો બહારની અગ્નિ દર્પણની અગ્નિનું કારણ ન હોય અને દર્પણમાં તે સમયે અગ્નિ–આકાર પરિણમનની સ્વતંત્ર યોગ્યતા છે તો પછી જ્યારે અગ્નિ ન હોય ત્યારે પણ દર્પણના અગ્નિ – આકાર પરિણામ થવા જોઈએ અથવા અગ્નિ સામે હોવા છતાં પણ દર્પણમાં અગ્નિ પ્રતિભાસિત ન થતાં બીજું કાંઈક પ્રતિભાસન થવું જોઈએ. વિચિત્ર તર્ક છે – જે દર્પણના સ્વભાવની સ્વતંત્રતા ઉપર એક સીધો પ્રહાર છે. જો દર્પણની સમક્ષ અગ્નિ હોય અને તે તેવી ને તેવી દર્પણમાં પ્રતિબિંબિત ન થાય તો પછી આપણે દર્પણ કઈ વસ્તુને કહીશું ? વસ્તુ જેવી હોય તેવી જ તેને પ્રતિબિંબિત કરે તેને જ તો દર્પણ કહે છે. વળી જો અગ્નિના અભાવમાં પણ દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થાય તો અથવા અગ્નિની સમક્ષતામાં દર્પણમાં અગ્નિના સ્થાને ઘટ પ્રતિબિંબિત થાય તો દર્પણની પ્રામાણિકતા જ શું કહેવાશે ? તેથી અગ્નિનું પણ હોવું અને દર્પણમાં પણ સાંગોપાંગ તે જ પ્રતિબિંબિત થવું એ જ વસ્તુ સ્થિતિ છે અને એ જ વસ્તુ સ્વભાવગત અનાદિનિધન નિયમ પણ છે. એમાં પારસ્પરિક કારણ– કાર્ય ભાવથી ઉત્પન્ન કોઈ પરતંત્રતા અથવા સાપેક્ષતાને માટે રંચમાત્ર અવકાશ નથી. આ રીતે દર્પણ અને તેનો અગ્નિ – આકાર અગ્નિથી સર્વથા જુદો તથા નિર્લિપ્ત જ રહી જાય છે.

દર્પણની જેમ જ્ઞાન પણ જ્ઞેયથી અત્યંત નિરપેક્ષ રહીને પોતાના જ્ઞેયાકારના ઉત્પાદ– વ્યય કરે છે. જ્ઞાનના આ જ્ઞેયાકારને જ્ઞાનનો 'અતત્' સ્વભાવ કહે છે. બીજા અનેક જ્ઞેયોના આકારે પરિણમીને પણ પ્રત્યેક જ્ઞેયાકારમાં જ્ઞાનત્વની ધારાવાહિકતાનો કદી ભંગ થતો નથી. અર્થાત્ જ્ઞાનનો પ્રત્યેક જ્ઞેયાકાર પરિણામ જ્ઞાન – સામાન્યનો અન્વય અખંડ તથા અપરિવર્તિત છે. જ્ઞાનના પ્રત્યેક જ્ઞેયાકારમાં જ્ઞાન જ પ્રતિધ્વનિત થાય છે, તેને આગમમાં જ્ઞાનનો 'તત્' સ્વભાવ કહ્યો છે. પોતામાં અનંત લોકાલોકરૂપ ચિત્ર – વિચિત્ર જ્ઞેયાકાર નિયત સમયમાં ઉત્પન્ન કરવામાં જ્ઞાન અત્યંત સ્વતંત્ર છે. આમાં તેને લોકાલોકની કોઈ અપેક્ષા નથી. ન તેને લોકમાંથી કાંઈ લેવું પડે છે કે ન કાંઈ દેવું પડે છે. જ્ઞાનમાં જે લોકાલોક પ્રતિબિંબિત થાય છે, જ્ઞાનના તે જ્ઞેયાકારની રચના જ્ઞાનની ઉપાદાન સામગ્રીથી થાય છે, લોકાલોકરૂપ નિમિત્તનું તેમાં જરાય કારણપણું નથી. તેથી જ્ઞાન લોકાલોકને જાણે છે એ કથન વ્યવહાર જ છે. વાસ્તવમાં જ્ઞાન જ્ઞેયોન્મુખ ન હોતાં સ્વતંત્રરૂપે પોતાના જ્ઞેયાકારોને જ જાણે છે. જેમ આપણે કોઈ મહેલની કલ્પના કરીએ છીએ. મહેલ તો પાષાણનો બનેલો હોય છે પરંતુ આપણી કલ્પનાનો મહેલ તો આપણી કલ્પનાથી જ બનેલો છે, પાષાણથી નહિ.

એ જ રીતે જ્ઞાનના જ્ઞેયાકાર સર્વ જ્ઞાનની જ સૃષ્ટિ છે અને તે જ્ઞેયથી અત્યંત ભિન્ન જ રહે છે તથા જગતમાં જ્ઞેય છે તેથી જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે એ તર્ક જ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભ્રમમૂલક છે. જે જ્ઞાનની અપ્રતિહત શક્તિની અવહેલના કરીને જ્ઞાનના નપુંસકપણાની ઘોષણા કરે છે. જ્ઞેય જેવો આકાર જ્ઞાનમાં જાણવાનો એવો અર્થ તો કદાપિ થઈ શકતો નથી કે જ્ઞાનનું તે કાર્ય જ્ઞેયની કૃપાથી નિષ્પન્ન થયું છે. એ તો જ્ઞાનની સ્વચ્છતા તથા પ્રમાણિકતાનું જ પ્રતીક છે. જગતમાં સદ્દશ કાર્ય તો અનેક થાય છે પરંતુ કોઈની કૃપાની તેમાં કોઈ અપેક્ષા નથી હોતી. જેમ કે આપણા પાડોશીને ઘેર ભાત બનાવવામાં આવે અને આપણે ત્યાં પણ ભાત બનાવવામાં આવે તો આપણે પાડોશીનું અનુકરણ કરીને અથવા પાડોશી પાસેથી કાંઈ લઈને તો આપણા ભાત બનાવ્યા નથી, આપણા ભાત સ્વતંત્રરૂપે પોતાના નિયત સમયે આપણી સંપત્તિથી બન્યા છે અને એ જ રીતે પાડોશીના પણ બન્નેમાં કોઈ સંબંધ જ બનતો નથી. હા, સાદ્દશ્ય તો બન્નેમાં છે, પરંતુ સંબંધ કાંઈ પણ નથી. એ જ રીતે જ્ઞાનમાં કોઈ જ્ઞેય અથવા ઘટ પ્રતિબિંબિત થાય છે તો જ્ઞાનનો ઘટાકાર તો જ્ઞાનની પોતાની શક્તિથી પોતાના નિયત સમયે ઉત્પન્ન થયો છે, માટીના ઘટના કારણે નહિ; કારણ કે માટીનો ઘટ તો પહેલાં પણ વિદ્યમાન હતો પરંતુ જ્ઞાનનો ઘટ પહેલાં ન હતો. જ્ઞાને પોતાના ક્રમબદ્ધ પ્રવાહમાં પોતાનો ઘટ હવે બનાવ્યો છે અને તે ઘટાકારની રચનામાં જ્ઞાને માટીમય ઘટનું અનુકરણ નથી કર્યું પણ જ્ઞાનનો ઘટાકાર માટીમય ઘટાકારથી નિતાંત પૃથક જ્ઞાનનો પોતાના સમયનો સ્વતંત્ર નિરપેક્ષ ઉત્પાદ છે.

જ્ઞાનમાં ઘટાકારની રચના, જ્ઞાનના અનાદિ અનંત પ્રવાહક્રમમાં નિયત ક્ષણમાં જ થઈ છે. એની એક ક્ષણ પણ આગળ પાછળની કલ્પના એકાંત મિથ્યા છે. 'જ્ઞાનની સામે ઘડો છે' તેથી ઘડો જ પ્રતિબિંબિત થયો – એ વાત તર્ક અને સિદ્ધાંતની કસોટીએ પણ સિદ્ધ નથી. જો એને સિદ્ધાંતથી સ્વીકારી લેવામાં આવે તો પછી લોકાલોક તો સદાય વિદ્યમાન છે, કેવળજ્ઞાન કેમ નથી થતું ? વળી જો પદાર્થ જ્ઞાનનું કારણ હોય તો પછી છીપને જોતાં ચાંદીની ભ્રાંતિ કેમ થઈ જાય છે ? અથવા વસ્તુ ન હોવા છતાં પણ વાળ મચ્છરાદિનું જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થઈ જાય છે ? તથા ભૂત અને ભાવી પર્યાયો તો વર્તમાનમાં વિદ્યમાન નથી તેમનું જ્ઞાન કેવી રીતે થઈ જાય છે ? તેથી જ્ઞેયથી જ્ઞાનની સર્વાંગી નિરપેક્ષતા નિર્વિવાદ છે.

આ લોકમાં જ્ઞાનનો એવો અદ્‌ભુત સ્વભાવ છે. અને આ નિરપેક્ષ, નિર્લિપ્ત, નિરાવરણ જ્ઞાનસ્વભાવની પ્રતીતિ અને અનુભૂતિ ભવ-વિનાશિની છે. જ્ઞાની જાણે છે કે જે સમયે જે જ્ઞેય મારા જ્ઞાનમાં પ્રતિબિંબિત દેખાય છે તે બધો જ્ઞાનનો જ આકાર છે. તે બધું હું જ છું અને તે પ્રતિબિંબ મારો જ સ્વભાવ છે. જ્ઞાનનો તે આકાર જ્ઞેયથી તદ્દન ખાલી છે. તેમાં જ્ઞેયનો એક અવિભાગ પ્રતિચ્છેદ પણ પ્રવેશેલો નથી. અને તે આકાર મારા જ્ઞાનના નિયત સ્વકાળે મારા જ્ઞાનથી જ ઉત્પન્ન થયો છે અને તે જ ઉત્પન્ન થવા યોગ્ય પણ છે. અન્ય પરિણામને તે સમયે મારા જ્ઞાનના પ્રવાહમાં ઉત્પન્ન થવાનો અવકાશ અને અધિકાર નથી. આમાં 'આ કેમ' આવ્યું અને અન્ય 'કેમ નહીં' એ પ્રશ્ન જ રહેતો નથી. જ્ઞાનમાં પ્રતિબિંબિત જ્ઞેયાકારના સંબંધમાં જેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'કેમ' એવો વિષમભાવ ઉત્પન્ન થાય છે તે વાસ્તવમાં જ્ઞાનના જ્ઞેયાકાર, જ્ઞાનસ્વભાવ અને આત્માનો જ અભાવ ચાહે છે. જ્ઞાન –સ્વભાવની આ પ્રતીતિ નિર્ભયતા અને નિઃશંકતાને જન્મ આપે છે. જ્ઞાની આ પ્રતીતિમાં સદાય નિશ્ચત જ છે કે મારી જ્ઞાન–પરિધિમાં જગતનો પ્રવેશ જ નિષિધ છે. તેથી અનેકાકાર થઈને પણ જ્ઞાન નિર્મળ જ રહે છે અને તે અનેકાકાર પણ જ્ઞાનના જ વિશેષો હોવાને કારણે જ્ઞાન જ છે. જ્ઞાનના આ વિશેષો કોઈ વ્યવસ્થાની વસ્તુ નથી પરંતુ સહજ જ પોતાના નિયત સમયે જ્ઞાનસામાન્યમાંથી ઉત્પન્ન થયા કરે છે તેથી જ્ઞાની આ વિશેષોનો પણ તિરોભાવ કરીને જ્ઞાનસામાન્ય પર જ પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરે છે આથી નિરંતર શુદ્ધ જ્ઞાન જે તેની અનુભૂતિમાં અવતરે છે.

આનાથી વિપરીત અજ્ઞાની સદાય જ્ઞાનમાં જ્ઞેયાકારોના પ્રવેશની ભ્રાંતિથી આકુલિત રહે છે. તેને એવું લાગે છે કે આ ઇન્દ્રિયોના વિષય મારી અંદર જ આવી રહ્યા છે. વાસ્તવમાં તો ઇન્દ્રિયવિષય જ્ઞાનમાં પ્રતિબિંબિત માત્ર થાય છે. જ્ઞાનના પ્રતિબિંબને અજ્ઞાની સાક્ષાત્ જ્ઞેય જ સમજે છે. તેથી તેને સદા જ્ઞેયમિશ્રિત જ્ઞાનની અશુદ્ધ અનુભૂતિ જ થાય છે. શ્રી સમયસાર પરમાગમની ૧૫ મી ગાથાની ટીકામાં આચાર્ય શ્રી અમૃતચંદ્ર એનું અત્યંત માર્મિક વિવેચન કરે છેઃ–

'અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું ( વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેયલુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પરંતુ અન્ય જ્ઞેયાકારના સંયોગ રહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ અને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો – તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી, અન્ય દ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે તેમાં આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે. '

વાસ્તવમાં જ્ઞાનસામાન્યની વિસ્મૃતિ કરી દેવાથી જ્ઞાનના અનેકાકારની સૃષ્ટિ ન બનતાં જ્ઞેયની સૃષ્ટિ બની જાય છે અને શાક તથા લવણના મિશ્રણની જેમ, અજ્ઞાનીને સદાય 'આ દેહ હું જ છું, આ જવર મને જ છે, ' એવો મિશ્ર સ્વાદ આવે છે; પરંતુ જ્ઞાનીને તો સદાય જ્ઞાનસામાન્યની જ સ્મૃતિ છે. 'મારું જ્ઞાન જ જવર તથા દેહાદાર પરિણમવા છતાં પણ હું દેહ તથા જ્વરથી ભિન્ન જ્ઞાન જ છું. જ્ઞાનને દેહ નથી અને જ્ઞાનને કદી જ્વર ચડતો જ નથી' તેથી જ્ઞાનના જવરાકાર અને દેહાકાર પરિણામ પણ જ્ઞાનીને દેખાતા નથી. આમાં એ તર્ક પણ અપેક્ષિત નથી કે જો નિરંતર જ્ઞાનસામાન્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ દૃષ્ટિ રહે તો પછી જ્ઞાનના વિશેષોનું શું છે? વાસ્તવમાં જ્ઞાન તો સહજ જ જ્ઞેય – નિરપેક્ષ રહીને અનેકાકાર પરિણમ્યા કરે છે કોઈપણ પ્રબંધ વિના જ તે અનેકાકાર જ્ઞાનમાં થયા કરે છે. જેમ આપણા ઘરમાં ઝૂલતા દર્પણમાં પાડોશીનાં મકાન, મનુષ્ય આદિ સહજ મૌનભાવે પ્રતિબિંબિત થયા કરે છે, આપણે તેમની વ્યવસ્થા નથી કરતા અને દર્પણના તે ખંડભાવ ( પ્રતિબિંબ ) આપણા પ્રયોજનની વસ્તુ પણ નથી. જો કે તે આપણા જાણવામાં અવશ્ય આવે છે પરંતુ આપણી અવિરલ દૃષ્ટિ તો આપણા અખંડ દર્પણ પર જ કેન્દ્રિત રહે છે. જો આપણી દૃષ્ટિ તે ખંડભાવો અને પ્રતિબિંબો ઉપર કેન્દ્રિત થઈ જાય અને આપણે દર્પણની અખંડતાને વિસ્મૃત કરી દઈએ તો આપણને લાગશે કે આપણા દર્પણમાં તો કોઈ મનુષ્ય અથવા મકાન પ્રવેશી ગયું, અને તેથી આપણે વિહ્વળ થઈ જઈશું; પરંતુ આ અનેકાકારોમાં પણ દર્પણ તો જેમનું તેમ વિદ્યમાન છે. આ દૃષ્ટિ અને પ્રતીત નિરાકુળતાને જન્મ દે છે.

અજ્ઞાની માને છે કે 'મને ધન મળ્યું. ' પરંતુ વાસ્તવમાં અજ્ઞાનીના જ્ઞાનને પણ ધનનો એક આકાર માત્ર મળ્યો છે, ધન તો મળ્યું નથી જ. અજ્ઞાની ધન મળવાની કલ્પનાથી જ હર્ષિત થયા કરે છે. એ જ રીતે અગ્નિના સંયોગમાં અજ્ઞાની માને છે કે 'હું બળી રહ્યો છું, ' પરંતુ વાસ્તવમાં અગ્નિની જ્વાળા જ્ઞાનમાં બિંબિતમાત્ર થઈ રહી છે, જ્ઞાન તો બળી રહ્યું નથી. જો અગ્નિથી જ્ઞાન બળવા માંડે તો અગ્નિની ઉષ્ણતાને કોણ જાણશે ? પરંતુ અજ્ઞાની 'હું બળી રહ્યો છું.' આ કલ્પનાથી જ વિહ્વળ થઈ જાય છે. વાસ્તવમાં જ્ઞાનને જ્ઞેય પાસેથી તો કાંઈપણ મળતું નથી, તે તો પોતાના તે જ્ઞેયાકારોમાં પણ એટલું ને એટલું રહે છે. આપણા દર્પણમાં પ્રતિબિંબિત કોઈ મહેલથી આપણે આપણને લાભ મળ્યો હોવાનું માનતા નથી અને તે મહેલ દર્પણમાંથી અદૃશ્ય થઈ જતાં આપણે શોકાતુર પણ ક્યાં થઈએ છીએ ? આ પરિસ્થિતિમાં હર્ષ કે શોક તો કોઈ બાળક ( અજ્ઞાની ) નું જ કાર્ય હોઈ શકે, પરંતુ આ દૃષ્ટિ તો આપણને નિરંતર જ વર્તે છે. આપણા ઘરમાં સ્વચ્છ દર્પણ ઝૂલી રહ્યું છે અને આપણે એ પણ જાણીએ છીએ કે તે દર્પણમાં જગતના અનેક પદાર્થ પણ પ્રતિબિંબિત થાય છે. પરંતુ આપણા દર્પણમાં શું શું પ્રતિબિંબિત થાય છે એ આપણી દૃષ્ટિનો વિષય નથી હોતો. પરંતુ તે પ્રતિબિંબો પ્રત્યે સદા આપણો ઉદાસીન ભાવ જ પ્રવર્તે છે. જે કાંઈ પ્રતિબિંબિત થતું હોય, તે દર્પણનો સ્વભાવ જ છે. દર્પણના સ્વચ્છ સ્વભાવનો વિશ્વાસ આપણને એ વિકલ્પ પણ ઊઠવા દેતો નથી કે તેમાં શું શું પ્રતિબિંબિત થાય છે ? કેમ કે તે આપણા વિકલ્પ અથવા વ્યવસ્થાનો વિષય ન હોતાં દર્પણનો અકૃત્રિમ સ્વભાવ જ છે. તેમાં જે કાંઈ પ્રતિબિંબિત થાય છે તે બધું વ્યવસ્થિત જ છે, વ્યવસ્થા યોગ્ય નથી. તથા તે પ્રતિબિંબ મમતા કરવા યોગ્ય પણ નથી, કારણકે તે પ્રતિબિંબોની મમતા કલેશકારિણી છે. દર્પણમાં તે પ્રતિબિંબોના આગમનથી જેવા આપણે હર્ષિત થઈશું, તેવા જ તેમનો દર્પણમાંથી વિલય આપણને શોક–સાગરમાં ડૂબાડી દેશે.

તેથી દર્પણ વિશેષની દૃષ્ટિથી ઉત્પન્ન કલ્પિત હર્ષ – શોકનો અંત દર્પણ– સામાન્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દૃષ્ટિથી જ સંભવ છે, અન્ય કોઈ રસ્તો નથી. આ જ પ્રમાણે જ્ઞાનમાં પ્રતિબિંબિત અનેક જ્ઞેયાકારરૂપ જ્ઞાનના વિશેષોમાં જો કે જ્ઞાન–સામાન્યની જ વ્યાપ્તિ છે, જ્ઞેયની વ્યાપ્તિ નથી; પરંતુ જ્ઞાનના તે વિશેષ વાસ્તવમાં આત્માને માટે જાણવા માત્ર સિવાય, અન્ય કોઈપણ પ્રયોજનની વસ્તુ નથી. જ્ઞાનમાં તે સ્વતઃ સહજ ભાવે નિર્મિત થયા કરે છે. જેમ કે જ્ઞાનમાં જે ઘડો પરિણમ્યો તે ઘટાકાર સ્વયં જ્ઞાન જ છે પરંતુ આત્મા તે ઘટાકાર જ્ઞાનનું શું કરે ? તેથી નિરંતર 'હું તો જ્ઞાનજ છું, ઘટ નથી ' –આ સામાન્યની દૃષ્ટિ અને અનુભૂતિ જ શાંતિ આપનાર છે.

જ્ઞાન સ્વભાવની પ્રતીતિ અનંત પ્રશ્નો, અગણિત ઘટના – ચક્રો તથા અસંખ્ય પરિસ્થિતિઓનું એક માત્ર સમાધાન છે. તે દૃષ્ટિમાં શુદ્ધ અખંડ એકરૂપ જ્ઞાન સિવાય આત્મામાં કાંઈ ભાસતું જ નથી. 'હું તો જ્ઞાનનો ધ્રુવ તારો છું. ' આમાં આત્માની સાથે દેહ, કર્મ અને રાગનો સંબંધ પણ કયાં રહ્યો ? રાગ તો આત્મા અને કર્મની સંયોગી દૃષ્ટિમાં ભાસિત થાય છે. જેમ જળ ને કાદવ સહિત દેખતાં મલિનપણું અનુભવમાં આવે છે પરંતુ શુદ્ધ જળ સ્વભાવની સમીપ જઈને જોઈએ તો જળમાં કાદવ કયાં છે ? જળ તો કાદવ સાથે પણ જળ જ છે. આ રીતે કર્મ અને આત્માની સંયોગી દૃષ્ટિમાં આત્મામાં રાગ–દ્વેષ, પુણ્ય–પાપ દૃષ્ટિગોચર થાય છે પરંતુ શુદ્ધ જ્ઞાનસ્વભાવની સમીપતામાં જ્ઞાનમાં ન રાગ છે, ન દ્વેષ છે, ન પુણ્ય છે, ન પાપ છે, ન દેહ છે કે ન મન વાણી છે. કર્મ અને દેહના વિવિધ અણધાર્યા ( –અપ્રત્યાશિત ) પરિણામ જ્ઞાનનો સ્પર્શ પણ કરી શકતા નથી. પ્રલયકાળના ભયંકર વિનાશ વચ્ચે જ્ઞાની તો અનુભવ કરે છે કે મારા જ્ઞાનમાં પ્રલય થયો નથી. હું તો પ્રલયનો પણ જ્ઞાતા છું, પ્રલયનાં દ્રવ્ય જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે પરંતુ જ્ઞાન પ્રલયાકાર હોવા છતાં પણ જ્ઞાનમાં પ્રલયનો પ્રવેશ થતો નથી. જેમ સાગરને સમર્પણ કરાયેલો પુષ્પ–હાર અથવા પ્રહાર સાગરની છાતી ઉપર ચિત્રિત માત્ર થઈને રહી જાય છે અને સાગર રોષ અથવા તોષની વિષમ અનુભૂતિઓથી શૂન્ય એકરૂપ જ રહે છે. એ જ રીતે વિશ્વનું સર્વસ્વ જ્ઞાનમાં પ્રતિબિંબિત થવા છતાં પણ જ્ઞાની તે સંપૂર્ણ વિશેષોનો તિરોભાવ કરીને 'હું ત્રિકાળ જ્ઞાન જ છું; વિશ્વ નથી ' આ શુદ્ધ જ્ઞાનનું જ ચિરંતન સંચેતન કરે છે. જગતની ભયંકર પ્રતિકૂળતાઓ અને સાતમી નરકની યાતનાઓમાં પણ જ્ઞાનીને શુદ્ધ જ્ઞાનનું આ સંચેતન અબાધિત રહે છે. જ્યાં જ્ઞાનને દેહ જ નથી ત્યાં પ્રતિકૂળતાનું અસ્તિત્વ જ્ઞાનીની દુનિયામાં કયાં રહ્યું ? પ્રતિકૂળતા અને નરકની યાતનાનો જ્ઞાનમાં પ્રવેશ જ નથી, તો પ્રતિકૂળતા અને યાતના જ્ઞાનને કેવી ? આ રીતે જ્ઞાનના વજ્ર કપાટોનું ભેદન કરીને કોઈ ( પદાર્થ ) જ્ઞાનસ્વભાવમાં પ્રવેશી જ નથી શકતો. તેથી જ્ઞાન ત્રિકાળ શુદ્ધ, એકરૂપ જ રહે છે. આ જ જ્ઞાનના શુદ્ધ એકત્વમાં પ્રતિષ્ઠિત થઈને જ્ઞાની શુદ્ધ અનુભૂતિના બળથી વિકાર અને કર્મોનો ક્ષય કરતો થકો મુક્તિના પાવન પથ પર આગળ વધતો જાય છે અને અંતે મુક્તિ તેને વરી લે છે.

વાસ્તવમાં જ્ઞાનીને મુક્તિની પણ ચાહ નથી. જ્ઞાન તો ત્રિકાળ મુક્ત જ છે. તેને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નવી મુક્તિ અથવા સિદ્ધદશાની પણ અપેક્ષા નથી. જ્ઞાન તો જગતનાં દ્રવ્ય – ક્ષેત્રના સ્વ ભાવથી સદાયમુક્ત પડયું છે. જ્ઞાન તો નરકમાં પણ મુક્ત જ છે. તે સદા જ્ઞાયક જ તો છે. તેના સિવાય અન્ય કાંઈપણ કલ્પના તેના પ્રત્યે કરવી વ્યર્થ છે. તેને આસ્રવ અને બંધ પણ નથી, પરિણામે સંવર, નિર્જરા અને મોક્ષ પણ તેને નથી; કારણકે જે પહેલાં બંધાયો હોય, તેને જ તો છૂટવાનો પ્રસંગ બની શકે છે. જે કદી બંધાયો જ નથી, તેની મુક્તિની વાત જ વ્યર્થ છે. જ્ઞાનને બાંધવાનો પ્રયાસ કરનાર સ્વયં જ્ઞાનસાગરમાં ડૂબી જાય છે તે અવિલંબ જ્ઞાનમાં પ્રગટ થાય છે ( – જણાય છે ) પણ જ્ઞાન તો સંપૂર્ણપણે અપ્રભાવિત જ રહે છે. લોકની દરેક પરિસ્થિતિમાં 'હું તો જ્ઞાન જ છું' એ દૃષ્ટિ તથા જ્ઞાનનું આ શુદ્ધ સંચેતન ભવના દ્વારોનું ભેદન કરીને મુક્તિના પાવન દ્વારનું ઉદ્ઘાટન કરે છે. આ જ દૃષ્ટિ લોકમાંગલ્યની અધિષ્ઠાત્રી છે જેમાં પર્યાયદૃષ્ટિનાં સંપૂર્ણ કલેશનો અંત આવી જાય છે. વિષમતમ પરિસ્થિતિમાં પણ આનંદના મોતી વેરતો, ભવથી ઉત્પન્ન થયેલ ચિર–દારિદ્રયનો અંત કરીને, શાંતિનો ખજાનો ખોલી દેનારી શુદ્ધ જ્ઞાનની આ પ્રતીતિ અને અનુભૂતિ ચિર જયવંત વર્તો, ચિર જયવંત વર્તો !

## સાચો નિર્ણય

**જ્ઞાનવડે જ્ઞાનસ્વભાવના નિર્ણયથી સમ્યગ્દર્શન થાય છે. વિકલ્પથી નિર્ણય તે સાચો નિર્ણય નથી; જ્ઞાનમાં વસ્તુ આવીને જે નિર્ણય થાય - તે નિર્ણય સાચો છે. તે નિર્ણય ક્યારે થાય ? કહે છે જ્ઞાનપર્યાય રાગથી જુદી થઈને એટલે કે અંતર્મુખ થઈને પોતાના સ્વભાવને અખંડસ્વરૂપે લક્ષમાં લ્યે, ત્યારે જ આત્મસ્વરૂપનો સાચો નિર્ણય થાય; આવા નિર્ણયપૂર્વક જ્ઞાનનો ઝુકાવ શુદ્ધાત્મા તરફ વળે તેને 'શુદ્ધનયનો અપૂર્વ પક્ષ' 'કહેવાય છે; ને તે જીવને મોક્ષનો માર્ગ ખુલે છે. ( આત્મધર્મ અંક નં-૩૪૫, પેઈજ નં-૧૮ )**

પહેલાંને જાણવા જતાં પછી બીજાને જાણવા જતા; ત્યાં પહેલાંનું જાણવું નષ્ટ થઈ ગયું. જ્ઞાન ત્રીજું જાણવા ગયું તો પહેલાંનું ( જ્ઞાન ) નષ્ટ થયું; તેથી એ જ્ઞાન નિત્ય ન રહ્યું પણ અનિત્ય થયું.

શ્રોતા– ગઈકાલે જે વાત કરી હતી તે અમને યાદ છે !!

સમાધાન– યાદ છે, પણ ત્યાં વર્તમાન ઉપયોગ ક્યાં છે ? એ યાદ તો ધારણામાં છે, ઉપયોગમાં નથી. ઉપયોગમાં એકઠું થયું નથી પરંતુ ઉઘાડમાં એકઠું થયું છે. ઉપયોગ ક્રમે થાય છે ને એ અહીં કહેવું છે.

**( પ્રવચન સુધા ભાગ-૨, પેઈજ નં-૪૩૨ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શુદ્ધિ પત્રક



| પેઈજ નંબર | લીટી નંબર | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| 5 | ૨ | સૂક્ષ્મ | સ્થૂળ |
| 5 | ૨ | વ્યવહારનય છે | વ્યવહારનય છે અને તેમાં અટક્યો છે. |
| 5 | ૨ | અનાદિનું | અનાદિનું સૂક્ષ્મ |
| 5 | ૩ | પક્ષ | પક્ષ છે તેને |
| 5 | ૧૧ | રહેલો છે. | રહેલા છે. |
| 19 | ૧૭ | Ý`t | Ýi`t |
| 23 | ૧૪ | પ્રતિભાસ થાય છે | પ્રતિભાસ થાય છે |
| 24 | ૩ | કહ્યું છે | કહ્યું છે; |
| 24 | ૨૪/૨૫ | આ લોકમાં | આ–લોકમાં |
| 25 | ૭ | ન્ન | – |
| 26 | ૩ | ન રહેતાં | ન રહેતાં, |
| 26 | ૧૯ | ‘સ્વ–પર પ્રકાશક | ‘સ્વ–પર પ્રકાશક’ |
| 26 | ૬ | હું પરને જાણું છું. | હું પરને જાણું છું, |
| 27 | ૧૩ | જાણે છે | જાણે છે, |
| 27 | ૨૬ | પ્રમાણ છે | પ્રમાણ છે, |
| 28 | ૨ | જાય છે | જાય છે, |
| 28 | ૧૧ | થતો | થતું |
| 28 | ૨૪ | અનુભવે છે | અનુભવે છે. |
| 29 | ૬ | તો | તેવો |
| 29 | ૨૪ | ગુણસત્” | ગુણસત્ |
| 29 | ૨૪/૨૫ | વિસ્તાર છે | વિસ્તાર છે.” |
| 30 | ૨૮ | ઉપચરિત્ | ઉપચરિત્ સદ્ભૂત |
| 31 | ૮ | જ્ઞેય છે | જ્ઞેય છે” |
| 31 | ૨૮ | જાણે છે | જાણે છે, |
| 32 | ૨૫ | જ્ઞાન” | જ્ઞાન.” |

| પેઈજ નંબર | લીટી નંબર | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| 33 | ૭ | રહેલી છે | રહેલી છે. |
| 35 | ૨૪ | વિષય | વિષય ના |
| 38 | ૫ | નિમિત્તની | નિમિત્તની- |
| 38 | ૧૪ | કરવા | કરવા, |
| 39 | ૧૧ | થયેલો છે | થયેલો છે, |
| 39 | ૧૨ | નહીં તેવો | નહીં, તેવો |
| 39 | ૨૧ | આ તો | આત્મા તો |
| 40 | ૧૨ | લક્ષણ છે. ? | લક્ષણ છે. |
| 40 | ૧૫ | જ્ઞાન | જ્ઞાન- |
| 40 | ૧૭ | થાય | થાય. |
| 41 | ૨ | તેવું | તેનું |
| 42 | ૨૭ | હુંછું | હુંછું. |
| ૭૧ | ૬ | શુદ્ધન ય | શુદ્ધનય |
| ૭૪ | ૧૦ | ૭ જ્ઞાનમહેલમાં | જ્ઞાનમહેલમાં |
| ૮૭ | ૧૭ | માપ | માત્ર |
| ૯૫ | ૩૧ | પર્થાત્ | અર્થાત્ |
| ૧૦૦ | ૧ | અદ્વેતરૂપ | અદ્વૈતરૂપ |
| ૧૦૨ | ૨૫ | અનંતાનંત્ત | અનંતાનંત |
| ૧૧૦ | ૧૬ | તેજ | તે જ |
| ૧૩૯ | ૪ | ચાદનીમાં | ચાંદનીમાં |
| ૧૪૪ | કોટેશનમાં હતી | એવી | એથી |
| ૧૪૮ | ૨૨ | સમજાય | સમજાય તો |
| ૧૫૦ | ૪ | વ્યવહરને | વ્યવહારને |
| ૧૫૫ | ૧૨ | પ્રત્યક્ષ | પરને પ્રત્યક્ષ |
| ૧૬૭ | ૬ | માણવા | જાણવા |

| પેઈજ નંબર | લીટી નંબર | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૧૬૯ | ૨૪ | આવવા | જણાવવા |
| ૧૮૦ | ૧૦ | પપુદ્‌ગલની | પુદ્‌ગલની |
| ૨૦૩ | ૭ | — | જુઓ ! આ બંધ સ્વરૂપને સિધ્ધ કરે છે. એ |
| ૨૦૯ | ૧ | ( જ્ઞાનના | ( જ્ઞાનનો |
| ૨૧૭ | ૧ | જોઈએ | જોઈએ, |
| ૨૩૩ | ૧૫ | – સાંપ્રકિતપણું ) | – સાંપ્રતિકપણું ) |
| ૨૪૦ | ૮ | પંચપરમેષ્ઠી પણ જ્ઞેયમાં જ્ઞય છે. | પંચપરમેષ્ઠી પણ જ્ઞેયમાં જાય છે. |
| ૨૪૭ | ૧૨ | વૈદ્યક | વેદક |
| ૨૪૯ | ૩૨ | લાજિકથી | લોજિકથી |
| ૨૫૧ | ૧૭ | અને આત્મા જ્ઞાયક | — |
| ૨૫૫ | ૫ | જ્ઞાનરૂપી | જ્ઞાન રૂપી |
| ૨૬૪ | ૮ | પરને જાણે છે. એમ નહીં,– | પરને જાણે છે. એમ નહીં. |
| ૨૯૫ | ૩૧ | સો | સાથે |
| ૨૯૭ | છેલ્લી | પૂ | પૂરુ |
| ૨૯૯ | ૮ | જાણતા | — |
| ૩૧૦ | ૩૦ | શ્રોતાઃ– અમને | શ્રોતાઃ– એમને |
| ૩૧૧ | ૧૬ | સ્વરૂપે | સ્વ રૂપે |
| ૩૨૯ | ૭ | સમસ્ય | સમસ્ત |
| ૩૩૦ | ૧૩ | ચંદન ને | ચંદનને |
| ૩૩૧ | ૧૬ | અરીત | એ રીતે |
| ૩૩૧ | ૧૬ | ટળણું | ટળતું |
| ૩૩૨ | ૧૨ | જ | જે |
| ૩૩૨ | ૨૫ | પૌદગલિક | પૌદ્‌ગલિક |

| પેઈજ નંબર | લીટી નંબર | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૩૩૪ | ૧ | સમ્યકતા | સમ્યક્તા |
| ૩૩૪ | ૭ | તેનું | તે |
| ૩૩૫ | ૧ | ઈદ્મસ્થ | છદ્મસ્થ |
| ૩૪૮ | ૧૭ | જાણવાના | જાણવાનો |
| ૩૬૪ | ૨૭ | દ્વેતપણું | દ્વૈતપણું |
| ૩૭૧ | ૫ | પ્રવાહળરું | પ્રવાહમાં |
| ૩૯૬ | ૧૩ | જ્ઞા | જ્ઞાન |
| ૪૦૪ | ૧૮ | અગ્નિમાં | અગ્નિના |

# –: વાંચકોની નોંધ માટે :–